સંશોધન ગ્રંથમાળા, ગ્રંથાંક ૪૪
શ્રી ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન

ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ

ઇસ્લામ યુગ

ખંડ ૨

[અહમદશાહ થી મહમૂદ બેગડા સુધી]

લેખક
સ્વ શ્રી રત્નમણિરાવ ભીમરાવ જોટે, બી એ

ગુજરાત વિદ્યાસભા અમદાવાદ

સંશોધન ગ્રંથમાળા, ગ્રંથાંક ૪૪
શ્રી ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન

ગૂજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ

ઈસ્લામ યુગ

ખંડ ૨

[અહમદશાહ થી મહમૂ૰ બેગડા સુધી]

લેખક
સ્વ શ્રી રત્નમણિરાવ ભીમરાવ જોટે, બી એ

ગુજરાત વિદ્યાસભા અમદાવાદ

પ્રકાશક :
રસિકલાલ છો. પરીખ, શ્રી ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન,
ગુજરાત વિદ્યાસભા, ભદ્ર, અમદાવાદ

દ્વિતીય સંપાદન
પ્રત, ૧૧૦૦

***

વિ. સ. ૨૦૨૦
ઈ. સં. ૧૯૬૪

કી. ૭ રૂપિયા

મુદ્રક :
મણિભાઈ પુ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ

નિવેદન

ગુજરાત વિદ્યાસભાએ સંશોધન ક્ષેત્રમાં વ્યવસ્થિત પ્રયત્ન વર્ષોથી આદર્યો છે, જેના ફલસ્વરૂપે સ્વતંત્ર રીતે તેમજ શ્રી ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન દ્વારા અનેક મહત્ત્વના ગ્રંથ પ્રસિદ્ધ કર્યા છે. એના દ્વારા પ્રસિદ્ધ થયેલા ગુજરાતના ઇતિહાસ-સંશોધનના વિષયમાં સ્વ. દુર્ગાશંકર કે. શાસ્ત્રીનો "ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ" અને શ્રી રત્નમણિરાવ ભી. જોટેનો "ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ-ઇસ્લામયુગ-ખંડ ૧ થી ૪" એ મહત્ત્વના ગ્રંથ પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે. પ્રસ્તુત ગ્રંથ (ખંડ ૨ જો) અહમદશાહ સુલતાનથી લઈ મહમૂદ બેગડાના સમય સુધીના સાંસ્કૃતિક વિવિધ ખળોને આવરી લેતા ગ્રંથનું પુનર્મુદ્રણ છે.

ગુજરાત વિદ્યાસભા
અમદાવાદ-૧
તા. ૧-૩-૧૯૬૪

રસિકલાલ છો. પરીખ
અધ્યક્ષ
શ્રી ભો. જે. વિદ્યાભવન

પ્રસ્તાવના

(પ્રથમ સપાદન વખતે)

ગૂજરાતના સાસ્કૃતિક ઇતિહાસનો પહેલો ખડ બહાર પડયો ત્યારે બાળીના ખડ બહાર પડતા વિલબ નહિ થાય એવી આશા રાખી હતી, એટલે પ્રસ્તાવના છેવટના ભાગમા આપવા ધાર્યું હતુ, પરતુ તબિયત અને સજોગોના વિઘ્નો એવા આ યા કે એનો આ બીજો ખડ બહાર પાડતા જ ઘણો સમય વીતી ગયો આ ભાગમા મુસ્લિમ સમયના ઇતિહાસમા ગૂજરાત સલ્તનતનો ઇતિહાસ પણ સપૂર્ણ થઈ શકયો નથી ત્રીજા ખડમા એ વિભાગ સપૂર્ણ કરવાની આશા છે આ કારણથી રીતસરની પ્રસ્તાવના હવે પછીના ભાગ માટે રાખી સજોગોની સમજૂતી આપતી આ ટૂકી પ્રસ્તાવના આ ભાગમાં આપી છે

આજના ઇતિહાસ–વિજ્ઞાનના સિદ્ધાન્તો પ્રમાણે રાજાઓ અને લશ્કરની દોડાદોડ અને વિજયોનુ વર્ણન કે નારીખો એ સાસ્કૃતિક ઇતિહાસ નથી પરતુ આપણા દેશની ઇતિહાસ–સામગ્રી, આપણા સામાજિક બધારણના વિશિષ્ટ સજોગો, અને આપણા પ્રાચીન સાહિત્યની ઇતિહાસને નોધવાની વિશિષ્ટ પણ વિચિત્ર રીત, આપણા સાહિત્યની માનસિક ભૂમિકા, વગેરેને ધ્યાનમા લેતાં, આપણા દેશમા ઇતિહાસનેખન બીજા દેશો કરતાં કાઈક ભિન્ન પરિસ્થિતિ ઉત્પન્ન કરે છે રાજ્ય અને રાજાઓ માટેની આપણી પ્રાચીન ભાવનાને પણ ઇતિહાસ લખતી વખતે દૂર રાખી શકાતી નથી અને રાજકીય ઇતિહાસે સાંસ્કૃતિક ઇતિહાસ ઘડવામાં જે ફાળો આપ્યો તે જોતા એ ઇતિહાસ પણ સસ્કૃતિની દષ્ટિએ દૂર મૂકી શકાય એમ નથી આ દષ્ટિએ સાસ્કૃતિક ઇતિહાસની એક ટૂકી મીમાસા હવે પછીના

ખંડની પ્રસ્તાવનામાં કરવા ધાર્યું છે. બે ખંડ બહાર પડ્યા છે તેમાં સાંસ્કૃતિક દૃષ્ટિએ જ્યાં ધ્યાન દોરવાનું હોય ત્યાં પ્રયત્ન કર્યો છે. એટલે પ્રકરણોને મથાળે સુલતાનોનાં નામો જોઈ "આ તો જૂની રીત પ્રમાણે રાજાઓનો ઇતિહાસ છે" એમ ન મનાય એવી વિનંતિ છે. હવે પછીના ભાગમાં આ વાત વધારે સ્પષ્ટ થશે અને શુદ્ધ સાંસ્કૃતિક પ્રકરણો પણ આવશે

ઇતિહાસના લખાણમાં આધાર માટે નીચે નોંધો આપવી જ પડે છે. એમા બે રીતો જોવામા આવે છે: એક માત્ર આધાર-ગ્રંથનુ નામ અને પાનુ, બીજું એ સાથે થોડી ચર્ચા અને લેખકનો અભિપ્રાય. આ ગ્રંથમા એવી નોંધો કોઈને કદાચ લાંબી કે કંટાળો આપે એવી લાગે; પરંતુ આધાર ઉપરાંત ચર્ચા, સરખામણીઓ, ઇતિહાસમાં સ્થાન આપી શકાય એવી રસમય લોકકથાઓ તથા કહેવતો, વગેરે આપવાથી લંબાણ થયું હોય ત્યાં પણ કંટાળો આવે એવું તો નહિ લાગે એવી આશા છે. સાંસ્કૃતિક દૃષ્ટિએ કોઈ ઐતિહાસિક બાબત માટે ધ્યાન ખેંચવાનું હોય તે પણ નોંધમા ઉલ્લેખ્યુ છે, મતભેદ પણ એમા બતાવ્યા છે, એ દૃષ્ટિએ નોંધો તરફ જોવાની વિનતિ છે

૧૯૫૪ **રત્નમણિરાવ ભીમરાવ**

અનુક્રમણિકા

પ્રકરણ

૧૯ મુ   અહમદશાહ ૧ લો અમદાવાદ-ગુજરાતનુ પાટનગર   પૃ ૩૨૫–૩૪૫

સ્વતંત્ર ગુર્જર મુસ્લિમ સલ્તનતની સ્થાપના – અહમદશાહના પિતરાઈઓ અને અમીરોનો બળવો – અમદાવાદ વસ્યુ – એ વસ્યાનો સમય – એ વસાવવાનું કારણ – એના પાયામા પવિત્ર પુરુષોનો હાથ – અમદાવાદનું સૌથી જૂનું ખાનદાન – ભદ્રનો કિલ્લો – માણેકનાથ અને માણેકચોક – સાબરમતીના પ્રવાહની દંતકથા – આશાવલ અગર કર્ણાવતીનગર – આશાવલનું સ્થળ – હુસ્વી શિરાઝીએ કરેલુ અમદાવાદનું વર્ણન – જૈન કવિનું વર્ણન – અમદાવાદની વસ્તી

૨૦ મુ   અહમદશાહનો અમલ અને લડાઈઓ   પૃ ૩૪૬–૩૬૮

અહમદશાહનું જીવન લડાઈઓ લડવામા ગયુ – લડાઈઓ અને બળવાના કારણો – ફરી બળવો – મોગાસાની લડાઈ – બળવાખોરોનો ફગાવો – મોડાસા સર કર્યું – ફરી મુસલમાન અમીરો અને હિંદુ રાજાઓનો બીજો બળવો – ખાનદેશ ઉપર ચડાઈ અને હિંદુ રાજાઓએ ફરી ભેગા થઈ માળવાના સુલતાનને બોલાવી એકસાથે બળવાની તૈયારીઓ – અહમદશાહ આવતા બળવાખોરોનું વિખેરાઈ જવુ – ખાનદેશ સાથે સલાહ – આ એકસપી બળવાનું પરિણામ – માળવાને તાબે કરવાનો નિશ્ચય – માળવા સાથે લડાઈ – તેમા વિજય – ચાંપાનેર ઉપર ચડાઈ – કારણ વગર સંખેડાની લૂંટ અને લોકોને ત્રાસ

૨૧ મુ   અહમદશાહનો અમલ અને લડાઈઓ (ચાલુ)   પૃ ૩૬૯–૩૮૭

કિલ્લાઓ બંધાવ્યા – માળવાની મોટી લડાઈની શરૂઆત – સુલતાન હોશંગની ગેરહાજરી – હોશંગનું કપટ અને રાતની લડાઈ – અહમદશાહનો વિજય – ઈડર સાથે યુદ્ધ અને અહમદનગર વસાવવુ – રાવ પૂંજાનું મરણ – દક્ષિણના બહમની રાજ્ય સામે લડાઈ અને ઝાલાવાડના રાજાનું દક્ષિણમાં જવુ – માહીમ ઉપર બહમની અમીરની ચડાઈ અને ગુજરાતના નૌકાસૈન્યનુ ત્યાં જવુ – જમીન અને દરિયાઈ લડાઈમા દક્ષિણના સુલતાનની હાર – બહમની સુલતાનની ખાનદેશ ઉપર ચડાઈ પાછી હઠાવી – બહમની સુલતાનની છેવટની હાર – તબકાતે અકબરીનો લેખક ખરા ઇતિહાસકારની દૃષ્ટિએ આ લડાઈ વર્ણવે છે – કારણ

વિનાની લડાઈઓ – માળવામાં ખટપટ અને લશ્કરમાં ફેર – અહમદશાહના અમલમાં શત્રુ કદી પાટનગર સુધી આવ્યા નથી – ઇડરગઢ – ઇડર પ્રાચીન જૈન તીર્થ – વજ્રમાતા અને બીજાં સ્થળો – અહમદનગર – હિંમતનગર – વડાલી અને ખેડબ્રહ્મા

૨૨ મું : અહમદશાહનો સમય (ચાલુ) પૃ. ૩૯૯–૪૨૩

રાજ્યવહીવટ – અહમદશાહની ધાર્મિક સહિષ્ણુતા – હિંદુઓને વહીવટી હોદ્દાઓ – લશ્કરના પગારની ઉત્તમ યોજના – મહેસૂલ અને નાણાંખાતું – અહમદશાહનો ન્યાય – વાંટા – ગૂજરાત સલતનત પછી વાંટાનો ઇતિહાસ – ટંકશાળ – અહમદશાહ અને હિંદુ ઠાકોરો – અકબરની પેઠે રાજનીતિનું એક પગલું – અહમદશાહનું ચારિત્ર્ય – 'બાની અહમદાબાદ' – અહમદશાહ – પીર બાદશાહ – એના સમયના સંત પુરુષો – સરખેજના સંત અહમદ ખટ્ટુ ગંજબક્ષ – કુતુબે આલમ સાહેબ અને બુખારી સૈયદો – સૈયદ ઉસમાન શમે બુરહાની

૨૩ મું : ગૂજરાતનું મુસલમાન સમયનું સ્થાપત્ય પૃ. ૪૨૪–૪૬૬

સ્થાપત્યના ક્ષેત્રમાં વિજેતાઓ જીત મેળવી ગયા નહિ – હિંદુ મુસલમાન સંસ્કૃતિઓના મૌલિક ભેદ – એ ભેદો ગૂજરાતમાં એક થયા – સ્થાપત્યમાં રમની જમાવટ – મુસલમાનો સૂકા દેશમાંથી ઉચ્ચ સ્થાપત્ય ને સંસ્કાર ધરાવતા દેશોમાં આવ્યા હતા – હિંદુ અને મુસલમાન ધાર્મિક સ્થાનોના ભેદ અને સામ્ય – મુસલમાન સત્તા દિલ્હીમાં કાયમ થઈ – ગૂજરાતના સ્થાપત્ય માટે અંગ્રેજ કલાવિવેચકોનાં પ્રમાણપત્રો – હિંદુ અને મુસલમાન સિદ્ધાન્તોમાં મળેલું સ્થાપત્ય વધારે આકર્ષક બન્યું – થાંભલા, પાટડા અને કમાનો – મસ્જિદની રચના અને નકશો plan – મસ્જિદની બાંધણીમા પ્રગતિ – હિંદુ સ્થાપત્યની મેઘનાદમંડપની વિશેષતા મસ્જિદોના સ્થાપત્યમાં ઘટાવી - મસ્જિદમાં માળ કરી તેજ લાવવાની કહેવાતી કલાની ચર્ચા – મસ્જિદમા માળ કરવાનું કારણ અને હેવલના મતની ચર્ચા – મિનારા – મિનારાની બાંધણીનો ઇતિહાસ – મિનારા માટે પ્રેરણા ક્યાથી મળી ? મિનારાની બાંધણી ઉપર યુરોપીય વિવેચકો – એ માટે સર જૉન માર્શલનો મત અગત જ કહી શકાય – મિનારો : ગૂજરાતના મુસલમાન સ્થાપત્યની ખાસ વિશેષતા – હાલતા મિનારા – ૧૪૦ વર્ષ પહેલાં મોનિયર વિલિયમ્સે નોંધેલી ઘટના – આ આશ્ચર્યકારક ઘટનાના

અજવાસાની ચર્ચા – ગોખ–જાળીઓ – ઝરૂખા – થાંભલા – અલંકારોમાં સંયમ – કંદોરા વગેરે અલંકારો – ઘૂમટ – ગુજરાતના અને બીજા પ્રાંતોના ઘૂમટોની સરખામણી – રોજા – વાવ ગુજરાતની ખાસ વિશેષતા – તળાવ – વિચિત્ર કૂવા – ગુજરાતની પરબડી – ગુજરાતી ઘર – વરંડિકા વરંગ – ગુજરાતના રાગ – ગુજરાતના કિલ્લા – દુર્ગ – મુસલમાન સમયના ગુજરાતનું મૂર્તિવિધાન–નગરરચના – શિલ્પશાસ્ત્ર પ્રમાણે નગરરચના

—૨—

સુલતાન અહમદશાહના બાંધકામ પૃ ૪૭૬–૪૮૨

ભદ્રનો કિલ્લો – અમદાવાદમાં અહમદશાહે બાંધેલા મકાનોનું કલ્પનાચિત્ર – અહમદશાહની મસ્જિદ – હૈબતખાનની મસ્જિદ – ત્રણ દરવાજા – જુમા મસ્જિદ – બાદશાહ અને રાણીના રોજા

—૩—

ગુજરાતની મુસલમાન સ્થાપત્ય માટે પાશ્ચાત્ય કલાવિવેચકોના અભિપ્રાયો પૃ ૪૯૨–૫૦૨

ફર્ગ્યુસન – બર્જેસ અને કઝીન્સ – હેવલ – વિન્સેન્ટ સ્મિથ – એલ્ફિન્સ્ટન – જે ફોર્બ્સ – એડ્વિન આર્નોલ્ડ – બીગ્ઝ – ડબલ્યુ ફોરેસ્ટ – જેમ્સ ડગ્લાસ – બેનિસ્ટર ફ્લેચર – પર્સી બ્રાઉન

૨૪ મું ગિયાસુદ્દીન મુહમ્મદશાહ અને કુતુબુદ્દીન અહમદશાહ (બીજો) પૃ ૫૦૩–૫૪૧

ઈડર અને વાગડ ઉપર ચડાઈ – શેખઅહમદ ખટ્ટુનું મરણ – શેખકમાલ માળવી – મુહમ્મદશાહનું મરણ – સુલતાન કુતુબુદ્દીન અહમદશાહ (બીજો) – કપડવંજની લડાઈ – અમદાવાદના બુખારી સંતોએ આ લડાઈમાં લીધેલો ભાગ – મેવાડના કુંભા રાણા સાથે લડાઈ – કુતુબુદ્દીનની મેવાડની ચડાઈ અને મલીક શાબાનની હાર – ગુજરાત–માળવાના મેવાડ સામે ભેગા કરાર – રાણા ઉપર ફરી ચડાઈ – મેવાડ સાથેની લડાઈઓનો સાર – કુતુબુદ્દીનનું ચારિત્ર્ય – સુલતાન દાઉદખાન – પીરાણાનો સતપંથ – નૂરમુહમ્મદશાહ – કાકાઓ – બીબી મીરકી અને બીબી મુગલી – રાણી રૂપમંજરી – મલીક શાબાન – મલીક શાબાનનો રોજો અને મસ્જિદ – બાગે શાબાન અને એનું તળાવ – હોજે કુતુબ અથવા કાંકરિયું તળાવ – કાંકરિયાની તારીફ – કાંકરિયું નામ શાથી ? – કાંકરિયું કહેવત–

ધરામંડળના મહેલ – આ સમયના બીજા મકાનો – કુતુબુદ્દીનની મસ્જિદ – સારંગપુરની મસ્જિદ – રાજપુરની મસ્જિદ – ગુજરાતની હિંદુ મુસલમાન સત્તાઓની સરખામણી

૨૫ મું : નાસીરુદ્દીન મહમૂદશાહ (પહેલો) માહમૂદ બેગડો– ગૂજરાતની મુસલમાની સલ્તનતનો સુવર્ણયુગ–એનાં સિદ્ધિઓ અને ચારિત્ર્ય પૃ. ૫૮૨-૫૯૭

અમીરોની ખટપટ – બળવો સમાવી દીધો – લશ્કર – ખાનગી અને વ્યવસ્થા – ન્યાય – લોકસ્થિતિ – ફળાઉપજ અને બગીચાનો શોખ – બાગે ફિરદોસ – શહેરો વસાવ્યા – એના શક્તિ – બેગડો ઉપનામના અર્થ – પરદેશીઓની વિચિત્ર વાતો – સુલતાનનો વિચિત્ર ખોરાક – મહમૂદી સિક્કા

૨૬ મું : સુલતાન માહમૂદ બેગડો (ચાલુ) : સૌરાષ્ટ્રમાં લડાઈઓ : જૂનાગઢ, ઐતિહાસિક ગૂજરાતનું પહેલું પાટનગર. પૃ. ૫૯૮-૬૦૬

દક્ષિણના નિઝામશાહને મદદ – સિકંદરીએ કરેલું સૌરાષ્ટ્રનું વર્ણન – ઐતિહાસિક યુગનુ પહેલુ પાટનગર – પુરાણોમા ગિરનાર – પ્રાચીન ગિરિનગર – જૂનાગઢ નામ પાડવાનુ કારણ – જૂનાગઢ પર પહેલી ચડાઈ – બીજી ચડાઈ – ગિરનારની ચડાઈનુ ખરુ કારણ – સૈયદ કુત્બુદ્દીનના પત્રનો સાર – માંગરોળના સૈયદ રાજૂનો પત્ર – હજરત શાહઆલમ સાહેબના પત્રનો સાર – અમદાવાદના શાહઆલમનો ઉત્તર – રા'મંડલિકની પડતીના કારણો – જૂનાગઢ જીત્યુ – જૂનાગઢનુ નામ મુસ્તફાબાદ – સોરઠનો મુસલમાન થાણદાર – મંડલિકના વંશના રાયજાદા – જૂનાગઢ અને ગિરનારના બે જુદા કિલ્લા – ગિરનારના ઉપરકોટનાં જૈન મંદિરો – મુહાફિઝખાનની અમદાવાદમાં નિમણૂક – કચ્છ અને સિંધ ઉપર ચડાઈ – દ્વારકાની ચડાઈનું કારણ – દ્વારકા અને બેટની લડાઈ – બેટની જીત અને દ્વારકાના રાજાનું નાસી જવુ – રાજા જીવતો રહ્યો અને દ્વારકા પાછુ જીતી લીધુ – દ્વારકા આપણુ પહેલુ પાટનગર – શ્રીકૃષ્ણની દ્વારકા કયાં? – આજની દ્વારકા – ખુદાવંદખાનનું કાવતરુ – ઝાલાવાડ ઉપર ચડાઈ – પાલણપુરના ઝાલોરી નવાબો – પ્રાચીન પાલણપુર – સોનગીર – રાણપુરના ગોહેલ સાથે લડાઈ – દક્ષિણ ગૂજરાત ઉપર ચડાઈ અને પારસીઓ સાથે લડાઈ

૨૭ મું સુલતાનના વિજયો પાવાગઢ–ચાંપાનેર (ગૂજરાતનું – કામચલાઉ પાટનગર) પૃ ૬૦૭–૬૪૪

સુલતાને કરેલી કાવતરાની તપાસ – ચાંપાનેર ઉપર ચઢાઈ કરવા શોધાયેલા કારણો – પાવાગઢના સ્થળની કાવ્યમય મનોહરતા – એનો પ્રાચીન ઇતિહાસ પૌરાણિક સમય નામ પડવાના કારણો – શિવ અને શક્તિનું સ્થાન અને પ્રાચીન ભૂગોળ – આચાર્ય આનંદશંકરભાઈનું સૂચન – ચંદ કવિનો ઉલ્લેખ – ઐતિહાસિક દૃષ્ટિએ સ્થાન બહુ પ્રાચીન નથી – જૈન સાહિત્યના ઉલ્લેખો – પાવાગઢના જૈન અને હિંદુ અવશેષો – પાવાગઢનો કિલ્લો – હિંદુ ચાંપાનેર – જયસિંહ પતાઇ રાવળ અને એના બાપદાદાઓ – સુલતાન મહમૂદની ચઢાઇ અને ઘેરો – પતાઈ રાવળે માગેલી માળવાની સહાય – છેવટની લડાઇ અને જયસિંહની હાર – પાવાગઢનું પતન અને ખુવારી – દેવગઢબારિયા અને છોટાઉદેપુર રાજ્યોના સ્થાપકો – મુહમ્મદાબાદની સ્થાપના અને ચાંપાનેર ગૂજરાતનું કામચલાઉ પાટનગર – સિકંદરીમાં આપેલું ચાંપાનેરની ચડતીપડતીનું વર્ણન – મોગલાઇના જૈન ઉલ્લેખો – લોકકથા પ્રમાણે પતાઈ રાવળની પડતીનું કારણ – મેના ગુર્જરીનો ગરબો એના રસિક તત્ત્વો – શિનાઈના રાજાએ કરેલી લૂંટ – દક્ષિણના બહાદુર ગિલાનીનો બળવો – ચાંચિયાનો ત્રાસ – ફિરંગીઓ સામે નૌકાસૈન્ય – ખાનદેશ ગૂજરાતનો ભાગ

૨૮ મું મહમૂદ બેગડાના સમયના નામાંકિત પુરુષો પૃ ૬૪૫–૬૬૬

શાહઆલમ સાહેબ – એમને માટે કહેવાતા ચમત્કારો – એમનો પરિવાર – મહમૂદના આશ્રિતો દરિયાખાન અને અલફખાન – મલીક દાવર ઉલ્મુલ્ક મશહૂર દાવલશાહ – ગૂજરાતનો નૌકાસેનાધિપતિ મલીક અયાઝ – મુહાફિઝખાન – હુસમખાન તારીખે બહાદુરશાહીનો લેખક – મલીક સારંગ – ખુદાવંદખાન મલીક અલીમ – મલીક બહાઉદ્દીન વઝીર – હિંદુ અમીર રાયરાયાં – મલીક કાલુ – ઇસનપુર મલીક અસસ (ઇસન) – તાજખાન સલાર – મહેદવી પંથની સ્થાપના

૨૯ મું મહમૂદ બેગડાના સમયના બાંધકામ અરબી મદીમાં સ્થાપત્યની પ્રગતિ પૃ ૬૬૭–૭૦૨

મકાનોના સમૂહો – સુલતાન મહમૂદ બેગડાની કબર – સરખેજની મસ્જિદ – બીજા રોજાઓ – રસૂલાબાદના મકાનોનો સમૂહ–શાહઆલમનો રોજો – એ રોજાનો

તાજખાનનો લેખ – મસ્જિદ અને બીજાં મકાનો – ઈમનપુરની મસ્જિદ – વટવા-માં કુતુબે આલમ સાહેબની દરગાહ – જૂના અમદાવાદનાં સૌંદર્યધામો – મલીક આલમની મસ્જિદ – રાણી રૂપવતીની મસ્જિદ – સૈયદ ઉસમાનની મસ્જિદ – બીબી અચુત કુકીની મસ્જિદ – આ સમયની બીજી કેટલીક મસ્જિદો – મુહાફિઝખાનની મસ્જિદ – દરિયાખાનનો ઘૂમટ – સ્ટેશનના મિનારા – અમદા-વાદની વાવો – દાદા હરિની વાવ – અડાલજની વાવ – એના લેખ – રૂદાદે અને વીરસિંહ વાઘેલા – બીજી વાવો – ધોળકાની મસ્જિદો – અલફખાનની મસ્જિદ – ચાંપાનેરનાં મકાનો – ચાંપાનેરની જુમામસ્જિદ – એને માટે યુરોપીય વિવેચકોની ટીકા – પાવાગઢના કિલ્લાનાં મુસલમાન મકાનો – ગોળિયા અને પાવાગઢની ઉપરનો ભાગ

પરિશિષ્ટ-અ-ગુજરાતના ઇતિહાસનાં સાધનોમાં મુસલમાન તવારીખોનું સ્થાન અને એનું મૂલ્યાંકન ૭૦૩-૭૨૪

પ્રો. બ. ક. ઠાકોરનું મુસલમાન ઇતિહાસ માટેનું મંતવ્ય – પ્રો. ઠાકોરના મતની ચર્ચા – પંદરમી અને સોળમી સદીમાં બીજા દેશોનું વાતાવરણ – ગુજરાતને લગતી મુસલમાન તવારીખો – ખાસ ગુજરાતને લગતા ત્રણ મહત્ત્વના ઇતિ-હાસગ્રંથો – મિરાતે સિકંદરી – સિકંદરીનો લેખક ઇતિહાસકારની જોખમદારી સમજે છે – સાંસ્કૃતિક દૃષ્ટિએ સિકંદરીનું મહત્ત્વ – હાજી દબીરનો અરબી ઇતિહાસ – અલી મુહમ્મદખાનની મિરાતે અહમદી – મિરાતે અહમદી માટે સર જદુનાથ સરકારનો મત – હિંદના સળંગ ઇતિહાસો અને તબકાતે અકબરી

પરિશિષ્ટ-આ-અમદાવાદની સ્થાપનાની કુંડળી ૭૨૫-૭૩૬

સ્થાપનાનાં વર્ષ અને સમયના મતભેદ – શ્રી હરિહરભાઈએ કાઢેલી ખરી કુંડળી – ફલજ્યોતિષ શું છે? – ફલજ્યોતિષમાં ભવિષ્યકથન – નવી કુંડળી અને નક્ષત્રજ્યોતિષ પ્રમાણે અમદાવાદ – નવી સાયન કુંડળી પ્રમાણે શ્રી કણસેના મતની ચર્ચા – કોઈ પણ પદ્ધતિ પૂરેપૂરી લાગુ પડી શકતી નથી – અમદા-વાદની નિરયન કુંડળી – નક્ષત્ર ચરણો અને દશા બાકી – સ્થાપનાથી આજ સુધીનાં પાંચ દશાચક્રો – સ્પષ્ટ ગ્રહો (નિરયન)

પ્રકરણ ૧૯ મું

અહમદશાહ ૧ લો

અમદાવાદ ગૂજરાતનું પાટનગર

સ્વતંત્ર મુસ્લિમ ગુર્જર મહારાજ્યની સ્થાપના

સ્વતંત્ર ગૂજરાતી બાદશાહતનો મૂળપુરુષ અને સ્થાપક મુઝફ્ફરશાહ હતો પહેલો સ્વતંત્ર બાદશાહ—નામનો પણ—તેનો પુત્ર મુહમ્મદશાહ થયો હતો આમ છતાં પણ ગૂજરાતની સ્વતંત્ર બાદશાહતનો વંશકર્તા તો અહમદશાહ[1] જ કહેવાય ઓગણીસ વર્ષ પૂરાં કરી, કાચી યુવાવસ્થામાં ઈ સ ૧૪૧૧ ના જાન્યુઆરી માસની ૧૦મી તારીખે એ ગાદીએ આવ્યો

અહમદશાહના પિતરાઈઓ અને બીજા અમીરોનો બળવો

અહમદ શાહ ગાદીએ આવતાંની સાથે જ તેના પિતરાઈઓએ બળવો કર્યો મુઝફ્ફરશાહના તાતારખાન સિવાય ચાર પુત્રો, અહમદ શાહના કાકાઓ, ફિરોઝખાન હિંમતખાન, સઆદતખાન અને શેરખાન

---

૧ ગુજરાત સલ્તનતને અહમદશાહી વંશ કહેવાય છે મૂળપુરુષ કે સ્થાપક કરતા પણ વંશકર્તાનું મહત્ત્વ વધુ જ છે મૂળપુરુષ મુઝફ્ફરશાહ કહી શકાય વંશમાં સૌથી નામાંકિત કીર્તિ દિલ્હીની બહાર પણ થઈ હતી તેવો મહમૂદ બેગડો કહી શકાય પણ વંશકર્તા તો અહમદશાહ જ કહેવાય એક દાખલો લઈએ ભગવાન રામચંદ્ર ચિરકીર્તિવાળા થયા તેમના વંશનો મૂળપુરુષ વિવસ્વાન કહો કે ઇક્ષ્વાકુ કહો, પરંતુ વંશકર્તા તો રઘુ જ કહેવાય જેના ઉપરથી રામ પોતે રાઘવ કહેવાય

નામે હતા. ફિરોઝખાન અને તેના પુત્ર મોઇયુદ્દીન પાસે વડોદરાની સૂબાગીરી હતી. શેખમલીક ઉર્ફે મસ્તીખાન, ઉર્ફે હબીબ નામે એક મુઝફ્ફરનો પુત્ર સુરત અને રાંદેરનો સૂબો હતો એમ પણ તવારીખકાર લખે છે [૨] ખંભાતનો સૂબો અમીર મહમૂદ બરકી, મલીકશાહ, અને કરીમ બુશરૂ વગેરે મુસલમાન અમીરો મુઝફ્ફરશાહના પુત્રોને જઈ મળ્યા અને અહમદશાહ સામે બળવામાં સામેલ થયા. જીવણદાસ ખત્રી અને પ્રયાગદાસ નામે બે હિંદુ[૩] સરદારો પણ તેમને મળ્યા. ફિરોઝખાન આ બધામા મુખ્ય હતો અને એણે જીવણદાસ ખત્રીને પોતાનો વજીર બનાવ્યો ફિરોઝખાને ખંભાત લીધુ અને હૈબતખાન ત્યાં તેમને મળ્યો, સઆદતખાન અને શેરખાન તે પછી તેમને આવીને મળ્યા મલીક બદરખત્રી, હીસામ ઉલ્મુલ્ક ભંડારી અને એનો પુત્ર અહમદખાન પણ તેમને મળ્યા [૪] આ લોકોએ માળવાના સુલતાન હોશંગશાહને પણ પણ દર કૂચે મોટી રકમ ખર્ચ પેટે આપવાની કહીને પોતાની મદદે બોલાવ્યો અને ગૂજરાતના બીજા જમીનદારોને ઘોડા અને પોશાક ભેટ

---

૨. મુઝફ્ફરના પુત્રોનાં નામ મિરાતે સિકંદરી અને તબકાતે અકબરીમાં એકસરખાં આપેલા નથી. શેખમલીક મસ્તીખાનને બદલે તબકાત માત્ર હબીબ લખે છે. મોઇયુદ્દીનને બદલે સિકંદરી મોદૂદ લખે છે આ બધામાં હૈબતખાનનું નામ આજે જમાલપુર દરવાજા પાસે અમદાવાદમાં એની મસીદ ઊભી છે તે ઉપરથી જાણીતું છે. મુઝફ્ફરને કેટલા છોકરા હતા તે નક્કી થતુ નથી. તબકાતે અકબરીમાં હજી એક બીજા પુત્રનું નામ આગળ આવે છે.

૩. તબકાતે અકબરી' એમા જીવણદાસ ખત્રીનું નામ લખે છે. સિકંદરી ઉપરનાં બન્ને નામો લખે છે. જ્યારે ફિરસ્તા પ્રયાગદાસને બદલે વિનાયકદાસનું નામ લખે છે.

૪. મુસલમાન અમીરોનાં નામોમાં પણ તવારીખોમાં થોડો થોડો ફેર છે. ઉપરનું બધું વર્ણન સિકંદરીનો ફ્લાઈન બેલીનો તરજૂમો, આત્મારામનો ગૂજરાતી તરજૂમો અને તબકાતે અકબરીનો બ્રજેન્દ્રનાથ દેનો બિબ્લિઓથેકાનો તરજૂમો. (પૃ. ૧૮૯-૧૯૦) ઉપરથી લીધુ છે. પણ વધુ વજન તબકાતને આપ્યું છે.

મોકલાવી પોતાની સાથે જોડવાનું કહેણ મોકલ્યું નડિયાદ આગળ આ લોકો ભેગા થયા સુલતાન અહમદને આ ખબર મળતા તે લશ્કર લઈને નીકળ્યો જીવાપુરામ ખાનીનો વિચાર પ્રથમ પાટણ ઉપર ચડાઈ લઈ જવાનો હતો અને તે બાબતમા બીજા અમીરો સાથે મતભેદ થતા અંદર અંદરો લડાઈ થઈ તેમા જીવણદાસ ખત્રી માર્યો ગયો [5] અહમદ શાહના આવવાની ખબર સાંભળી બળવાખોરો પાછા પડવા માંડ્યા આ વખતે સુલતાન અહમદશાહે અમીરો અને બળવાખોરોને સંબોધીને એક એવો પત્ર લખ્યો [6] તેમા જણાવ્યું કે સદ્ગત સુલતાન મુઝફ્ફરે મને ગુજરાતની ગાદી આપી છે બગડવાનુ પરિણામ નાશ જ છે જો અમીરો પોતાની હદમા રહેશે તો સૌ સૌની જાગીર ભોગવશે આ સમાચાર સાંભળી કેટલાક અમીરો સુલતાનના કાકા ફિરોઝખાનને આગળ કરીને સુલતાનને શરણે ગયા મોઈદ્દીન અને શેખમની અગ્નીખાન ખંભાત તરફ નાસી ગયા અને ત્યાંથી ભરૂચ ગયા [7] સુલતાને ભરૂચ તરફ જઈ તે શહેરને ઘેરો ઘાલ્યો આખરે ભરૂચના બળવાખોરો તાબે થયા અને મસ્તીખાન સુલતાનને પગે પડ્યો સુલતાને બધા અમીરો અને પોતાના બળવાખોર સગાઓને માફ કરીને ફરી તેમનું સન્માન કર્યું [8]

અમદાવાદ વસ્યું ઈ સ ૧૪૧૧

આ બળવા શાંત કર્યા પછી અહમદશાહ આશાવલમાં આવ્યો

---

5 સિકંદરી અમદ પૃ ૮૮ ગુજરાતી પૃ ૨૩

6 આ પત્ર તબકાતે અકબરી (પૃ ૧૯૦)મા આપેલો છે પણ સિકંદરીમા નથી આપ્યો

7 સિકંદરી અમદ પૃ ૮૯ ગુજરાતી પૃ ૨૩

8 સિકંદરી પૃ ૮ ગુજરાતી પૃ ૨૪

અને ત્યાંનાં હવાપાણી એને પસંદ આવ્યાં[૯] હિ. સં. ૮૧૩, ઈ. સ ૧૪૧૧નુ વર્ષ હતું. એ વર્ષમાં અહમદશાહને હાથે પોતાનું નામ ચિરંજીવ રહે એવુ કાર્ય થયુ. ગૂજરાતના આજના પાટનગર અમદાવાદનો પાયો ન ખાયો. કર્ણદેવ સોલંકીએ નામ બદલીને કર્ણાવતી નામે પ્રસિદ્ધ કર્યા છતાં જૂનું આશાવલ જૂને નામે તો હતું જ. અહમદશાહે પણ નવુ શહેર નહોતુ વસાવ્યુ. આશાવલની ઉત્તરે સાબરમતીને કિનારે એક કિલ્લો માત્ર બાંધ્યો. પણ એ કિલ્લાની આસપાસ નવું શહેર વધીને જૂના આશાવલ સાથે મળી ગયુ; અને એ વખતની દુનિયામાં સર્વશ્રેષ્ઠ શહેરોની પંક્તિમાં બેસે તેવુ, પણ આજે આખી દુનિયામા નહિ તો ભારતવર્ષમાં મોટાં શહેરોની હરોળમા બેસે એવું—શહેર મુઆઝમ—મહાન શહેર—અહમદાબાદ, અહમદશાહના નામથી આબાદ થયુ ગૂજરાતના સાસ્કૃતિક ઇતિહાસમા આ એક મહત્ત્વની બીના હોવાથી, અહમદશાહનાં બીજા પરાક્રમોની હકીકત થોડો વખત બાજૂએ મૂકીને અમદાવાદની વિગતમાં જરા ઊતરીએ

---

૯. તબકાતે અકબરી (પૃ. ૧૯૧) લખે છે કે આશાવલનાં હવાપાણી પસદ આવ્યા, જ્યારે સિકદરી લખે છે કે આશાભીલનો નાશ કર્યો. સિકદરીની એક પ્રતમાં નાશ કરવાની યુક્તિ કરી એમ પણ છે. સિકદરીના અંગ્રેજી તરજૂમા (પૃ. ૮૯ ની ફૂટનોટમાં સર ક્લાઈવ બેલી આશાભીલને આસીરગઢનો સ્થાપક હોય એમ પણ માને છે. આ કેવળ ભ્રમ લાગે છે આશોભીલ રજપૂત સમયમાં હતો તે આ સમય સુધી કયાથી આવ્યો? આશાવલ તો મૂળથી સોલકી અને પછી રજપૂત સત્તા નીચે હતુ. આમાં સાચી વાત માત્ર એટલી જ કે આશાવલની આસપાસ ખાટ જાતના ભીલ લોકો લૂટફાટ કરતા અને તેઓનુ જોર હતુ તેઓનો કોઈ સરદાર આશો કહેવાતો હોય. પરતુ આસીરગઢનો સ્થાપક આશોભીલ એ તો ભ્રમ જ છે. ભીલોના ત્રાસનો બદોબસ્ત કરવાનો હેતુ હોય એટલું જ સ્પષ્ટ થાય છે, છતાં રાજધાની પાટણથી અમદાવાદ ખસેડવા માટે તો બીજું કારણ હોઈ શકે તે આગળ જોઈશુ. ગૂજરાતનું પાટનગર પ્ર. ૩ માં જુઓ.

અમદાવાદ વસ્યાનો સમય

અમદાવાદ વસ્યાની સાલ અને તારીખોમાં ઘણો જ મતભેદ છે મુસલમાન તવારીખો જે એ વખતના પ્રમાણમાં તારીખો આપવામાં બનતા સુધી સૌથી વધારે ચોક્કસ છે, તેમણે પણ સાન આપવામાં ભૂલો કરેલી છે પણ તવારીખકારોમાં મિરાતે સિકંદરી અને અહમદી અને તબકાતે અકબરીમાં હિ સ ૮૧૩ એટલે ઈ સ ૧૪૧૧ આપેલી છે તે સત્ય જણાય છે દેશી આધારોમાં વિ સંવત આપવામાં પણ ઘણો મતભેદ છે, પરંતુ શત્રુંજયતીર્થોદ્ધાર-પ્રબંધની વંશાવળીમાં વિ સ ૧૪૬૮ આપેલી છે તે ખરી છે આમ ખરું વર્ષ નક્કી થઈ શકે છે, પણ ખરી તારીખ કે તિથિ નક્કી થઈ શકતી નથી તવારીખકારો જુદા જુદા મહિના આપે છે, પણ જિલ્કાદ મહિનો ઠીક જણાય છે દેશી આધારો વૈશાખ મહિનો લખે છે, પણ વાર અને તિથિમાં ફેર જણાય છે તવારીખોના અંગ્રેજી તરજૂમો કરનારાઓ પણ જુદી જુદી તારીખો લખે છે પરંતુ એટલું નક્કી છે કે મેષ રાશિમાં સૂર્યનો પ્રવેશ થયા પછી અમદાવાદ શહેર વસેલું છે એટલે એપ્રિલની તા ૧૩ મીની આસપાસ કોઈ શુભ દિવસે અમદાવાદ વસ્યું એટલું નક્કી છે[10] ખાતમુહૂર્તમાં પહેલી ઈંટ મધ્યાહ્ને મુકાઈ હોય એમ જ્યોતિષ ઉપરથી સમજાય છે[11] આપણા જ્યોતિષના ગણિતમાં ભારતમાં સુપ્રસિદ્ધ થયેલા શ્રી હરિહર પ્રા ભટ્ટ જ્યોતિષશાસ્ત્રની ગણતરી ઉપરથી હિ સ ૮૧૩ના જિલ્કાદ માસની ૨ જી તારીખ અને ગુરુવારે શહેરની સ્થાપના સિદ્ધ કરે છે એટલે ૧૪૧૧ના

---

૧૦ આ બાબત વિસ્તૃત ચર્ચા બધા આધારો સાથે ગુજરાતના પાટનગર પ્ર ૩માં આપેલી છે

૧૧ આ બાબત જ્યોતિષના આધારથી નક્કી થઈ શકે તેમ છે તે આગળ જોઈશું અમદાવાદની કુંડળીમાં કર્ક લગ્ન અને મેષનો સૂર્ય હોવાથી મધ્યાહ્નના સૂર્ય વખતે પાયો નખાયો હતો

ફેબ્રુઆરીની ૨૬મી તારીખ આવે છે. પરંતુ ફલ જ્યોતિષની દષ્ટિએ એની ચર્ચા આગળ પરિશિષ્ટમાં કરીશું.

અમદાવાદ વસાવવાનું કારણ

અમદાવાદ વસાવવાના કારણો પણ જુદાં જુદાં આપવામા આવે છે કૂતરા ઉપર સસલું આવવાની વાત કેટલાક મોટા શહેરોને માટે કહેવામા આવે છે, પણ તેમાં કાંઈ સત્ય નથી. આશોભીલની પુત્રી તેજાં અગર ગુજરકુમારીના અહમદશાહ સાથેના પ્રેમની કથામા પણ સત્ય હોય એમ લાગતુ નથી; જો કે અહમદશાહને હિંદુ રાણીઓ હોય તેમાં શંકા લાવવાને કારણ નથી [૬૨]અમદાવાદ વસાવવા માટે ખરું કારણ એવુ હોઈ શકે કે અહમદશાહને દક્ષિણ ગૂજરાત અને માળવા સામે લડાઈઓ કરવી પાટણથી દૂર લાગતી હોય. અમદાવાદની જગ્યાએ આશાવલ સામાન્ય રીતે મોટુ શહેર તો હતુ જ એનું સ્થળ ગૂજરાતમા પાટણ કરતાં વધારે મધ્યમાં હતું, અને પાટણ કરતાં ગૂજરાતના બધા ભાગ, સૌરાષ્ટ્ર, માળવા, દક્ષિણ વગેરે સ્થળોનો વહીવટી અમલ પણ જલદી થઈ શકે તેવી સગવડવાળું હતું. તવારીખકાર હવાપાણી સારા હોવાનું લખે છે, પરંતુ હવામા તો પાટણ અને અમદાવાદમા બહુ ફેર ન હોય, પણ પાણીની સગવડ કદાચ મૂકી સરસ્વતી કરતાં સાબરમતીથી વધારે મળે. આમ છતાં લશ્કરી અને વહીવટી કેન્દ્ર તરીકે પાટણ કરતાં વધારે સગવડવાળુ સ્થળ હોવાથી આશાવલ રાજધાની તરીકે પસંદ થયુ; હિંદુ સમયમા પણ બીજી પંક્તિની રાજધાની તરીકે ગણાયુ હતું. અહમદશાહે આ સગવડ ધ્યાનમાં લઈ આશાવલની બાજૂમા પોતાની મરજી મુજબ કિલ્લો અને મોટી મસ્જિદ બાંધીને એ જગ્યાને નવુ નામ આપ્યું અને ત્યાં વસ્તી વધી,

---

૬૨. આ હકીકત પણ જ, પાટનગર પૃ. ૨૯-૩૦માં આપેલી છે તેમાં નોંધમાં ફાર્બસ સભાના હસ્તલિખિત ગ્રંથોની યાદીમાં આપેલી આશાભીલની દીકરીની લાવણીનો ઉતારો પણ મેં આપેલો છે. એ વાત ભાટ ચારણોમાં ચાલતી હોવી જોઈએ.

જો ગુજરાતનુ પાટનગર અમદાવાદ પાટણથી રાજધાની અમદાવાદ ખેસવાઈ

અમદાવાદના પાયામા પવિત્ર પુરુષોનો હાથ

એમ કહેવાય છે કે પાટણને બદલે આશાવલમા રાજધાની ખસેડવી અને તે જગ્યાને નવુ નામ આપવુ એમ નક્કી કર્યા પછી તે બાબત અહમદશાહે શેખ અહમદ ખટ્ટુ ગજબખ્શ સાહેબની સલાહ લીધી એ સતપુરુષે હઝરત પયગંબર ખ્વાજા—જેમના કેટલાક પેગંબર એવીઝ હે છે તેમની—દેરી પરના ટેકી માગવા જમા થયુ હઝરતે જવાબ વાળ્યો કે જેમણે દિવસની પાચ વખતની નિમાઝમા એક દિવસ પણ પાડ્યો ન હોય એવા ચાર પવિત્ર સાધુચરિત અહમદ-નામના માણસોને હાથે પાયો ન ખાય તો શહેર હમેશને માટે આબાદ થાય આ ઉપરથી એવા પુરુષોની શોધ કરવામા આવી બે જણા તો શેખ અહમદ ખટ્ટુ અને સુલતાન અહમદશાહ પોતે જ હતા[13] ત્રીજા પાટણના કાજી અહમદ જુડ અને ચોથા એક મલીક અહમદ મળી આવ્યા પાટણમાં કાજી અહમદ જુડની કબર ઉપર લખેલુ છે તેમા અમદાવાદ વસાવનાર ચાર અહમદમાંના એક હતા એમ લખ્યુ છે[14] ચોથા મલિક અહમદની કબર કાલુપુર દરવાજા પાસે અમદાવાદમા પઠાણવાડામા આવેલી છે[15] આ ચાર પવિત્ર અહમદ નામના પુરુષો ઉપરાત બાર બાવા—ફકીરોએ પણ અમદાવાદ શહેર વસાવવામા ભાગ લીધો છે એમ કહેવાય છે આ બધા વિગતો

---

૧૩ ગુજરાતનું પાટનગર પૃ ૩૧મા આ બાબત ચર્ચા કરી છે અહમદશાહે પણ પાચ વખતની નિમાઝ એક દિવસ પાડેલી નહોતી

૧૪ ગુ. પાટનગર પૃ ૩૧ અને પ્રો કોમીસેરિયટનો અંગ્રેજી ઇતિહાસ પૃ ૨-૯૩ એમા પાટણના લેખનો તરજૂમો આપેલો છે

૧૫ મિરાતે અહમદીની પુરવણી. ઝુ લા નિઝામુદ્દીન ચિસ્તીકૃત અને નવાબઅલી ને સીડનકૃત અંગ્રેજી તરજૂમો

સંત નિઝામુદ્દીન ઓલિયાના શિષ્યો હતા એમ કહેવાય છે.[૧૬] આમ અમદાવાદ વસાવવામાં પણ સંતપુરુષોનો પણ હાથ છે. બાર બાવાઓમાં કેટલાકની કબરો અમદાવાદમાં છે અને કેટલાકની અમદાવાદની બહાર છે.[૧૭] એમા બાવા અલીશેરનો રોજો ખાસ પ્રસિદ્ધ છે. એમની કબર સરખેજમાં શેખ અહમદ ખટ્ટુના રોજાની બાજૂમા છે. સરખેજનો રોજો જોવા જનારાઓએ પહેલા બાવા અલીશેરની કબરનાં દર્શન કર્યા પછી જ અહમદ ખટ્ટુના રોજામા જવું એવો રિવાજ છે. બાવા અલીશેર નગ્ન રહેતા, પણ અહમદ ખટ્ટુ આગળ નગ્ન દેખાતા નહિ. બાવા અલીશેરનુ માન આજે પણ ઘણું છે અને ત્યાં રાત્રે સૂઈ શકાતું નથી.[૧૮] બાવા લુલુઈ પણ અમદાવાદમાં ખાસ પ્રસિદ્ધ છે. એમની બાધા હિંદુ મુસલમાન બન્ને રાખે છે અને જમાલપુર દરવાજા બહાર સમર્પિને આજે એમની મસ્જિદ અમદાવાદની સુંદર મસ્જિદોમાંની એક ગણાય છે.[૧૯]

અમદાવાદનું સૌથી જૂનું ખાનદાન

અમદાવાદના લોકોને રસપ્રદ એવી એક વાતનો ઉલ્લેખ અહીં કરવો જોઈએ. અમદાવાદ વસાવનાર ચાર પવિત્ર અહમદમાં એક કાજી અહમદ જુડ છે અને એમના વંશમા આજે અમદાવાદના સુપ્રસિદ્ધ

---

૧૬. પ્રો. કોમીસેરિયટનો અંગ્રેજી ઇતિહાસ. પૃ. ૯૨.

૧૭. ગ્રં. પા. અમદાવાદ પૃ. ૩૨ની નોંધમાં બારે બાવાઓની વિગત આપેલી છે. ત્રણ બાવાઓની કબર ધોળકામાં, એકની વીરમગામમાં, બેની સરખેજમાં અને બાકીના બધાની અમદાવાદમાં છે. અમદાવાદ ગેઝેટિયર અને મિરાતે અહમદીએ આપેલાં બાર બાવાઓનાં નામોમાં જરા ફેર છે.

૧૮. બાવા અલીશેર રાત્રે વાઘ થાય છે એવી દંતકથા છે.

૧૯. બાવા લુલુઈ શહેર વસ્યું તે વખતના છતાં એમની મસ્જિદ ગુજરાત સલ્તનતની આખરના ભાગની બાંધણીની છે અને પાછળથી બંધાયેલી છે.

વાળી સરદાર શમ્સુદ્દીન સૈય મિયાં કાદરી અને સર મ'મૂસમિયાં કાદરીનું ખાનદાન છે આ રીતે એમનું ખાનદાન આજે હતા અમદાવાદમાં જૂનામાં જૂના ખાનદાનમાં ગણી શકાય [20]

ભદ્રનો કિલ્લો

ઉપર જોયું તેમ બાર પવિત્ર અહમદોએ અમદાવાદ શહેરના ભદ્રના કિલ્લાનો પાયો પ્રથમ નાખ્યો આ કિલ્લાના પૂર્વ તરફનો મોટો બુરજ આજે ઊભો છે અને અમદાવાદ શહેરનું એ ઘરેણું છે [21] કિલ્લાની અંદર એક પણ બાદશાહી મકાન આજે ઊભું નથી કિલ્લાએ ઘણા રંગ જોયા છે આજે પણ ભદ્રના મેદાનેશાહ નામે ઓળખાતા મેદાનમાં આ મોટા બુરજ અને દરવાજાની આગળ મોગલાઈમાં આઝમખાન ઉધાઈએ સરાઈ બાંધી છે એટલે કિલ્લાના પૂર્વ તરફના મુખ્ય ભાગની પ્રાચીન સ્થિતિનો બુરજ સિવાય કંઈ પણ ખ્યાલ આવી શકતો નથી મોગલાઈ અને મરાઠા અમલમાં એમાં ફેરફાર થયા કર્યા છે એનું યથાસ્થાને આગળ વર્ણન કરીશું આજે તો બાદશાહી મહેલોની અને બગીચાની જગ્યાએ મેદાનો છે અને તેમાં મેળા, પ્રદર્શનો અને ભાષણો યોજાય છે, અને એની એક બાજૂ અમદાવાદમાં અવરજવરના મુખ્ય સાધન જેવી સુધરાઈની મોટરબસનું મોટું થાણું છે ગઈ સદીની મધ્યમાં ભદ્રમાં [illegible]ખાનું હતું અને મરાઠા સમયમાં ભદ્રકાળીનું મંદિર થયું આપણા

---

૨૦ પ્રો કોમીસેરિયેટનો ઇતિહાસ પૃ ૮૩ સરદાર શમ્સુદ્દીન કાદરી અમદાવાદની ગુજરાત કોલેજના [illegible] છે અને મુસ્લિમ કોમમાં પહેલા કલેક્ટર નિમાયા હતા

૨૧ ભદ્રના કિલ્લાનો કોટ હિ. ૮૧૦ ઇ સ ૧૪૧૩માં પૂરો થયો એ ફારસીમાં ખીરદ શબ્દ ઉપરથી અબજદ પદ્ધતિ પ્રમાણે નીકળે છે આમ ભદ્રના કિલ્લાને બંધાતાં ૩ વર્ષ થયાં લાગે છે કિલ્લાનું વર્ણન આગળ કરીશું પ્રાચીન કિલ્લાનો નકશો દરવાજે અને બે બુરજો માત્ર [illegible]માં છે એ ઉપરથી વિચાર કરવાનો રહે છે

અમદાવાદી પ્રજાના પ્રતિનિધિ જેવા કવિ દલપતરામને એમના સમયમાં ભદ્રનો દેખાવ એ સમયના વાતાવરણને લીધે ભયંકર લાગેલો અને એમણે ગાયેલું કે "એ કારણ બાળકથી ભદ્ર દીસે ભયંકર." આજે ભદ્રને જોનારને એવો ભાસ નહિ થાય.

માણેકનાથ અને માણેકચોક

ભદ્રનો કિલ્લો અને અંદરની મસ્જિદ બાંધી તુરત જ સાથે સાથે જુમા મસ્જિદનું બાંધકામ શરૂ થયું અને અહમદશાહે પોતાની [illegible] જેવો પોતાનો રોજો પણ પોતાની હયાતીમાં બંધાવ્યો. આ સ્થળની આસપાસનો ભાગ માણેકચોક નામે પ્રસિદ્ધ છે અને શહેર વસ્યા પછી એની ચારે બાજુએ બજારો થયાં અને દરેક જાતના વેપારીઓને વસાવવામાં આવ્યા. આ માણેકચોક માટે એક દંતકથા ચાલે છે. એમ કહેવાય છે કે માણેકનાથ નામના એક નાથપંથી સાધુપુરુષ એ જગ્યાએ રહેતા હતા. અહમદશાહે કોટ બંધાવવો શરૂ કર્યો ત્યારે બાવાજી ગોદડી દોરાથી સીવતા અને સાંજે દોરી કાઢી લેતા ત્યારે બંધાયેલો કોટ પડી જતો. અહમદશાહને આ વાતની ખબર પડી ત્યારે એ બાવા પાસે આવ્યો અને કરામતોની વાતો થઈ. એમાં એક ઝારીમાંથી પેસી નાળચામાંથી નીકળવાની કરામત બાવાજી પાસેથી જોવાની બાદશાહે વિનંતી કરી. કહે છે કે બાવાજી ઝારીમા પેઠા ત્યારે અહમદશાહે ઝારીનું નાળચું અને મોઢું હાથથી બંધ કરી દીધું! અને શહેરના મુખ્ય બુરજનું નામ માણેક બુરજ અને મુખ્ય ચોકનું નામ માણેકચોક રાખવાની કબૂલાત લઈ માણેકનાથે ઝારીમાં સમાધિ લીધી. આજે માણેકચોક અને માણેક-બુરજ પ્રસિદ્ધ છે માણેકનાથની ગાદીનું મંદિર પણ આજે માણેક ચોકમા પ્રસિદ્ધ છે.[22] પરંતુ ૧૭૬૧મા મિરાતે અહમદીના લેખકે અમદાવાદ શહેરના હિંદુ સ્થળોનું વર્ણન પણ લખ્યું છે, અને એમાં

૨૨. જુઓ મારો અમદાવાદનો ઇતિહાસ. એમાં પ્રકરણ ૪થામાં આ બાબતની વિસ્તૃત ચર્ચા કરી છે.

આજે કેટલાક નાના ગોખ જેવા મંદિરની પણ નોંધ છે પણ માણેકનાથ કે એમના મંદિરનો ઉલ્લેખ નથી એને આ કથાને માટે કોઈ કહેવું મુશ્કેલ છે ર૩ રોજ કોટને તોડી પાડનાર સાધુપુરુષ બાદશાહના હાથને ધકેલીને બહાર કેમ ન આવી શક્યા એ એક પ્રશ્ન છે જેમ પાટણના ભ ઉપરથી અમદાવાદ, અહમદનગર અને ચાંપાનેરના કિલ્લાને ભદ્ર કહ્યા છે તેમ માણેકના ૧૮ જેવો ચોક અને બુરજ હોય તેથી નામ આપ્યું હોય એમ સંભવે ખંભાતમાં એવો એક માણેકચોક અને ત્રણ દરવાજા અમદાવાદની પેઠે જ છે પાટણમાં માણેકચોક હતો કે નહિ તેનો ઉલ્લેખ મળતો નથી

સાબરમતીના પ્રવાહની દંતકથા

આ જ પ્રમાણે સાબરમતી નદી પહેલાં માણેકચોકમાં વહેતી હતી અને અહમદશાહે શહેર વસાવતી વખતે એનો પ્રવાહ બદલ્યો એવી એક દંતકથા શહેરમાં ખૂબ પ્રચલિત છે હિ સ ૮૧૩માં ફાગણમાં ગાદી બેઠા પછી બહુ જ ટૂંકા સમયમાં અહમદશાહે અમદાવાદ વસાવ્યું છે એટલે નદીનો પ્રવાહ બદલવાનો વખત ત પહેલાં તો હતો જ નહિ અને નદીની બીજી બાજૂએ શહેરની સ્થાપના અને કિલ્લો કર્યા પછી પ્રવાહ બદલે એવો કોઈ વિચારહીન પુરુષ હોઈ શકે નહિ સાબરમતી જેવી પહોળી નદીનો પ્રવાહ બદલવાનું કાર્ય સહેલું નથી માણેકચોકમાં પ્રવાહ હતો એવી દંતકથા માટે ૧ મગનલાલ વખતચંદ પણ લખે છે, અને આજે માણેકચોકમાં સ્મશાનિયા હનુમાન છે તે એ સમયે નદીકાંઠે ત્યાં સ્મશાન હશે તેનું ચિહ્ન છે એમ માને છે, પણ અહમદશાહે ભદ્રના કિલ્લાનો પાયો નાખ્યો તે ત્યાં બીજા જ

---

૩ મિરાતે અહમદીની પુરવણી–ખાતિમામાં તથા નવાબઅલી અને ની નકલ અંગ્રેજીમાં અહમદીના લેખકે પૂરું અઢાર વગર શહેરોની અંદર અને બહારના જાણીતા (૧૭૬૧માં) સ્થળોનું વર્ણન કર્યું છે એમાં માણેકનાથ કે બાબાજીના મંદિરનું નામ નથી

વર્ષમાં માણેકચોકમાં જ જુમામસ્જિદ જેવી મોટી મસ્જિદ બાંધવી શરૂ કરી. એટલે જો માણેકચોકમાં નદીનો પ્રવાહ હોય તો મસ્જિદ પ્રવાહમાં બાંધી એમ માનવું પડે. આ વાત અશક્ય છે કોઈ પણ તવારીખ ગ્રંથમાં આવી મોટી બીનાનો ઉલ્લેખ નથી. આ દંતકથામાં કાંઈ સત્ય હોય તો માણેક નદી નામે જે વહેળો આજે પણ બતાવવામાં આવે છે તે પહેલાં કાળુપુરના વહેળાને રસ્તે થઈ માણેકચોકમાં થઈને જતો તેનો પ્રવાહ સહેજ બદલ્યો હોય અને અમદાવાદ મ્યુનિસિપાલિટી હજી પણ એ વહેળાનો પ્રવાહ [illegible] બદલવાનો પ્રયત્ન કરી રહી છે. એટલે આ દંતકથાને પણ મોટું રૂપ અપાયું હોય એમ લાગે છે [24]

આશાવલ અગર કર્ણાવતી નગર

અમદાવાદની સ્થાપનાને લગતું આટલું વર્ણન કરી એ શહેર વધ્યું ત્યારે કેવું થયું એનું વર્ણન કરતાં પહેલાં એના પૂર્વાવતાર આશાવલ—કર્ણાવતીનું ટૂંકું વર્ણન કરીએ. આશાવલ ક્યારે વસ્યું તેનો નિર્ણય થયો નથી. ઈ. સ. ની દસમી સદીમાં અલ્બીરૂની એનો ઉલ્લેખ કરે છે, એટલે એ પહેલા ઘણા લાંબા સમયથી એ શહેર આબાદ હશે. મધ્યકાલીન રાજપૂત સમયમાં પણ પાટણથી બીજી પંક્તિમાં એની રાજકીય ઉપયોગિતા ગણાતી હતી. ઉદયન મંત્રી, દેવચંદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય વગેરે મહાન વ્યક્તિઓનો ત્યાં નિવાસ થયો હતો. જૈન પટ્ટાવળીઓમાં પણ એના ઉલ્લેખો જોતાં ત્યાં જૈનોની સારી વસ્તી હશે અને જૈન મંદિરો પણ સારા પ્રમાણમાં હશે એમ સ્પષ્ટ થાય છે. અગિયારમી સદીમાં અલ ઇદ્રીસી એને સારી વસ્તીવાળું, સારા વેપારીઓ અને ઉદ્યોગી માણસોથી વસાયેલું,

---

૨૪. અમદાવાદના ઇતિહાસમાં પ્ર. ૪થામાં આ ચર્ચા પણ ખૂબ વિસ્તારથી કરી છે, અને માણેક નદીના વહેળાને ફેરવ્યો હોય એવો અભિપ્રાય દર્શાવ્યો છે. માણેક નદી સાબરમતીનું કોઈ લાંબુ વાંકુ હોઈ શકે.

પૈસાદાર શહેર કહે છે અને ત્યાં ઉપયોગી વસ્તુઓ બને છે એમ પણ લખે છે[25] પરદેશીઓ ગુજરાતના શહેરોમા બંદરો બા કરતા,[26] અન્યના શહેરોમા માત્ર પાટણ આશાવલ અને ધોળકાના નામો જ ગણાવે છે એ એનું મહત્ત્વ સૂચવે છે જૈન મંદિરોમા આશાવલમા શ્રીઅરિષ્ટનેમિ પ્રાસાદ હતો એમ પ્રબંધચિંતામણિ કહે છે જૈન અને બ્રાહ્મણ સંપ્રદાયના મંદિરો સારા પ્રમાણમા હશે એમ માની શકાય ઉલુઘખાનનું લશ્કર સૌરાષ્ટ્ર જતા, અને મુહમ્મદ તઘલખનું લશ્કર દક્ષિણમા તથા સૌરાષ્ટ્રમા જતા આશાવલ આવેલું એ જોતાં એ બંને બાજુના ધોરી માર્ગ ઉપર એ શહેર હતું અને ખંભાત તથા પાટણના વેપારી મહામાર્ગમા પણ હતું એ સ્પષ્ટ છે[27]

આશાવલનું સ્થળ

આ આશાપલ્લી અગર આશાવલ શહેરનું નામ જ કર્ણદેવ સોલંકીએ બદલીને કર્ણાવતી પાડ્યું અને એ બે શહેર એક જ છે એ પાછળ પહેલા ભાગમાં જોઈ ગયા કર્ણાવતી નામ થોડા લેખોમા કાયમ રહ્યું જેવું પડ્યું તેવું જ ભુલાઈ ગયું એમ સમજાય છે અમદાવાદ આશાવલને અડીને વસ્યું એમા ફેર માત્ર એટલો જ પડ્યો કે અહમદશાહે આશાવલની લગોલગ ઉત્તરે એક સપાટ ઊંચી ભૂમિ ઉપર માત્ર ભદ્રનો કિલ્લો બાંધ્યો એ કિલ્લાની આસપાસ નવું શહેર વસતા આશાવલનો ઉત્તર ભાગ નવા શહેરમા ભળી ગયો ગુજરાત સલ્તનતના પ્રારંભમા કેટલાક પ્રસિદ્ધ પુરુષોનો વાસ આશાવલમા જ

૨૫ ફિરિશ્તા ૪-૯૬-૯૭

૨૬ ઈ સ. ૧૦૩૦મા અલ્બીરૂની આશાવલનો ખંભાતથી બે દિવસનો રસ્તો છે એમ વર્ણવે છે જુઓ સચાઉનો અલ્બીરૂની ભા ૧ પૃ ૨૦૯

૨૭ અમદાવાદના ઇતિહાસમા આશાવલ એ જ કર્ણાવતી અને એનું સ્થળ અમદાવાદમા ક્યાં તેની ખૂબ વિસ્તૃત ચર્ચા એક આખા જુદા પ્રકરણમા (પ્ર ત્રીજુ) કરી છે જૈન ઉ રેખાઓ એમા આપ્યા છે

થયો હતો, કારણ કે અમદાવાદ એ સમયે બાજૂમાં તાજું જ વસતું હતું. હાલ જમાલપુર દરવાજાના કોટને અડીને આવેલી હૈબતખાનની મસ્જિદ કોટ બંધાતાં પહેલાં આશાવલમાં જ હતી અને હૈબતખાન અહમદશાહનો કાકો થતો. એટલે આશાવલ અમદાવાદની દક્ષિણે અમદાવાદ શહેરનો કોટ મહમૂદ બેગડાએ બાંધ્યો તે પછી પણ એક પરા તરીકે છેક મરાઠા સમય સુધી ઊભું હતું. ગઈ સદીના અંગ્રેજ લેખકોએ અસારવાને આશાવલ ધારવાની જે ભૂલ કરી હતી તે પાછળના બધા લેખકોએ ચાલુ રાખી હતી.[૨૮] અસારવા આજે ઊભું છે જ્યારે આશાવલનું આજે નામનિશાન રહ્યું નથી. મિરાતે અહમદી ઈ. સ. ૧૭૬૧મા અમદાવાદના પરા ગણાવતાં પૂર્વ તરફ અસારવા અને દક્ષિણ તરફ આશાવલ શહેર જમાલપુર તરફ અમદાવાદ શહેરમાં ભળી ગયું અને પછી જમાલપુર દરવાજા બહાર છેક અઢારમી સદીમા પણ હતું એ સ્પષ્ટ વાત છે. એનો મધ્ય ભાગ આજે કેલિકો મિલની નીચે દટાયેલો પડ્યો છે. મીર અબુતુરાબનો રોજો અને આશાભીલનો કેલિકો મિલની પાસે આવેલો ચોતરો તથા આસ્ટોડિયા આશાભીલનો ટેકરો એટલા ઉપરથી એનું સ્થળ સાબિત થાય છે આશાવલ પડું થઈ ગયા પછી મરાઠાઓની ચડાઈઓને લીધે એનો નાશ થયો છે.[૨૯]

આશાવલ અગર કર્ણાવતીની જગ્યાએ જ અગર તો અડોઅડ

૨૮. હોપ, ફર્ગ્યુસન, બર્જેસ અને એક પણ અપવાદ સિવાય બધા લેખકોએ અસારવાને જ આશાવલ કહેલું છે. પ્રો. કોમીસેરિયેટે મારો આશાવલનો લેખ 'વસંત' માસિકમા વાંચી It is conclusively proved એવો અભિપ્રાય મને કહેલો, પરંતુ એમના ઇતિહાસમાં અંગ્રેજ લેખકોના મતથી તણાઈને એમણે મારો સ્થળનિર્ણય જરા સંકોચથી કબૂલ રાખ્યો છે.

૨૯. મોગલાઇના અંતભાગમાં લખાયેલા જૈન રાસોમાં મરાઠા પહેલાંના આશાવલના ઉલ્લેખો મળી આવે છે. કેટલાક એવા ઉલ્લેખો ઉપર્યુક્ત પ્રકરણમાં મેં આપેલા છે.

અમદાવાદ શહેર વસ્યું અને છેવટે અમદાવાદમાં ભળી ગયેલું આશાવલ ઘણું પ્રાચીન સ્થળ છે એ ઉપર જોયું, એટલે અમદાવાદ વસ્યાનું વર્ષ ભલે ૧૪૧૧ હોય, પરંતુ એની વસ્તી ઘણી જ પ્રાચીન છે એમ માન્યા વગર ચાલે તેમ નથી. પાટણ, ખંભાત, સોમનાથ વગેરેની પેઠે આશાવલ પણ એક સમયે ગુજરાતની સંસ્કારિતાનું કેન્દ્ર હશે એમ માનવાને કારણ છે.[30] આ સંસ્કારિતાનો વારસો જુદા જુદા સ્વરૂપમાં સાડાપાંચસો વર્ષથી આજના મહાગુજરાતના પાટનગર અને સંસ્કારકેન્દ્ર અમદાવાદને મળ્યો છે. અમદાવાદ એની બાદશાહીના સમયમાં કેવું હતું અને બહારની દુનિયા એને કેવું માનતી હતી એ ટૂંકમાં જોઈએ. સરકારના કેન્દ્રને સાંસ્કૃતિક ઇતિહાસમાં કેન્દ્રસ્થાન મળવું જોઈએ. ખંભાત અને પાટણને નાનાં બે કુંડળ તરીકે ગણાવી અમદાવાદને ગુર્જરરાજ્યલક્ષ્મીનું સુંદર મુખ કહ્યું છે તે યથાર્થ છે.[31]

હુલ્વી શિરાઝીએ કરેલું અમદાવાદનું વર્ણન

કવિ હુલ્વી શિરાઝીએ અમદાવાદનું કવિત્વમય વર્ણન કર્યું છે.[32] એમાં કેટલાંક વાક્યો સૂચક છે. કવિ કહે છે કે અહીંની

---

૩૦ ચીની મુસાફર હ્યુ-એન-સંગ એક અતલી કે અચલી નામે સ્થળ લખે છે તે વર્ણન ઉપરથી આશાપલ્લી હોય એમ લાગે છે. ભૌગોલિક સ્થળો ઉપરથી આપેલા ઘણા રાગના નામો મળ્યા છે ને તે સ્થળો સંસ્કારના કેન્દ્ર હતા એમ આશાવરી રાગ કદાચ આશાવલ ઉપરથી હોય, પણ આ કેવળ અનુમાન જ છે અને હ્યુ-એન-સંગના સ્થળ કે આ રાગ માટે બીજો કોઈ આધાર મળ્યા નથી.

૩૧ જુઓ હીરસૌભાગ્ય મહાકાવ્ય. આ શ્લોક અમદાવાદના ઇતિહાસમાં પ્ર. ૧૨માને મથાળે મેં આપ્યો છે.

૩૨ હુલ્વી શિરાઝીએ કરેલું અમદાવાદની સ્થાપનાનું વર્ણન એક જુદા પ્રકરણમાં અમદાવાદના ઇતિહાસમાં આપ્યું છે. ત્યાં મૂળ ફારસી સાથે તરજૂમો પણ આપ્યો છે. વર્ણન લાંબું છે. અહીં એનો સાર માત્ર લીધો છે.

જમીન આનંદકારી છે અને "મહેનતની ધૂળથી પવિત્ર" થયેલી છે આ વાત ખરી છે. અમદાવાદ ધૂળિયુ શહેર છે, પણ એ શ્રમની ધૂળ છે, આળસની નહિ! કવિ આગળ કહે છે કે "આ બધુ જોઈને કોઈ અગમ્ય આદેશથી અલ્લાહના હુકમથી બાદશાહના દિલમાં એવુ સ્ફુર્યું કે અહીં એક મોટી ઇમારતોવાળું પાટનગર રચવુ." આ પણ સત્ય વાત જણાય છે. ગુજરાતમા અમદાવાદનું જે સ્થળ છે તે જોતાં અગમ્ય આદેશ સિવાય આ ભૂમિ ઉપર મોટુ પાટનગર કોઇ ન વસાવે. બાદશાહે કહ્યું કે અહીં એવુ શહેર બાંધો કે જેના રસ્તા ઉપરની ધૂળ ઇસ્પહાન (ઇરાનનુ પ્રખ્યાત શહેર)ના લોકો આખના સુરમા તરીકે વાપરે. જેને જોઈ ગૂજરાત ખુરાસાનની હરીફાઈ કરે અને એની ઇર્ષ્યાથી નિશાપૂરના પ્રાણ નીકળી જાય (નિશાપૂર ખુરાસનનુ પ્રસિદ્ધ શહેર છે.) આ હુલ્વી શિગઝી કવિ અહમદશાહનો ઇતિહાસકાર પણ છે. એ આગળ લખે છે કે શહેરનો પાયો નાંખવા માટે આકાશચક્રના ગુણધર્મને જાણનાર, ગણિતમા પારંગત અને સાતે આકાશના હિસાબ કાઢી જાણનાર જ્યોતિષીઓને બોલાવ્યા, અને એમણે કોષ્ટકો તથા સુતરલાબો (ઉન્નતાંશમાપક યંત્રો) જોઈ કુંડળી મૂકી અને શુભ મુહૂર્ત કાઢયું. આ વર્ણનથી જણાય છે કે અહમદશાહે જોશીઓની સલાહ લીધી હશે. કવિ છેવટે લખે છે કે જ્યારે આ શહેર તૈયાર થયુ ત્યારે પૃથ્વી સમખંડી હતી તે આઠખંડી થઈ નવું આબાદ થયેલું શહેર વસુધરા દેવીના સુદર મુખ ઉપરના શ્યામતલ જેવું શોભી ઊઠયું[૩૩]

બાદશાહી વખતના અમદાવાદનુ વર્ણન મુસલમાન અને યુરોપીય-મુસાફરો, તવારીખકારો તથા કવિઓએ કરેલુ છે મિરાતે સિકંદરી લખે છે કે દરિયાપારના મુસાફરો કહે છે કે આવું મનોહર શહેર

૩૩. ફારસી કવિઓ સુદર ગૌરવર્ણની સ્ત્રીના મુખ ઉપરના તલ ઉપર ખાસ કવિત્વ કરે છે.

દુનિયામાં કોઈ પણ ભાગમાં નથી બાંધણી અને દેખાવમાં એની બરાબરી કરી શકે એવું કોઈ શહેર નથી હફ્ત ઈકલીમ (સાતખંડ) નામના ગ્રંથમાં લખે છે કે "આખા એશિયામાં અમદાવાદ જેવું શહેર નથી હિંદુસ્તાનમાં એના જેવું સ્વચ્છ એકે શહેર નથી અને એના જેવાં સુંદર મકાનો બીજે ક્યાંય નથી અમદાવાદને આખી દુનિયામાં ભવ્ય અને સુંદર કહીએ તોપણ અતિશયોક્તિ નથી ત્યાંની જમીન ઘણી માળની અને ઉત્તમ છે ત્યાંનાં સ્ત્રી–પુરુષો લાવણ્યથી ભરેલાં અને કોમળ છે" મિરાતે અહમદી પણ ઉપરનું ઉતારીને ઉમેરે છે કે શહેરનું સૌંદર્ય એવું અનન્ય છે કે એને જન્નત ઉલ્ બિલાદ–શહેરોનું સૌંદર્ય કહે છે એને રાજ્યની રાણી પણ કહે છે સુલતાન મહમૂદ બીજાના સમયમાં બાર ગાઉ દૂર આવેલું મહમૂદાબાદ (મહેમદાવાદ) અને અમદાવાદ એક શહેર જ હોય એવું લાગતું હતું અને ગુજરાતના હુન્નરની કીર્તિ ઈરાન તુરાન રૂમ અને સીરિયા સુધી વ્યાપી હતી અકબરના પ્રસિદ્ધ ઇતિહાસકાર અબુલફઝલ કહે છે કે અમદાવાદ એક ઉમદા શહેર છે અને ત્યાં દુનિયાની સર્વથી ઉત્તમ વસ્તુઓ મળી શકે છે ફિરિશ્તા અમદાવાદને હિંદમાં અને કદાચ દુનિયાના સર્વથી સુંદર કહે છે એ સમયમાં આગ્રા અને દિલ્હીથી અમદાવાદ મોટું ને સુંદર હતું એની આસપાસ ૩૬૦ પરાં હતાં અને ચારે બાજુ સુંદર ઉદ્યાનો અને ઉપવનો હતા[૩૪]

યુરોપીય મુસાફરોમાં બાર્બોસા ગુજરાતનું સારું વર્ણન કરે છે એમાં અમદાવાદના સંપત્તિ, બાગબગીચા, રસ્તા ચોગાનો, અને પથ્થર તથા ઇંટચૂનાનાં ઘરો સારાં હતાં એમ લખે છે છાપરાં ઇટલી (Italy)ની જેમ છાયેલાં હતાં એમ પણ લખે છે જહાંગીરે તાપ અને ધૂળથી કંટાળી છતાં માળવાના માંડુગઢની સરખામણીમાં

---

૩૪ અમદાવાદના ઇતિહાસના પ્રકરણ ૧૨માંમાં આ અભિપ્રાયો વિસ્તારથી આપ્યા છે અહીં માત્ર ટૂંકો સાર લીધો છે

અમદાવાદમાં રહેવાનું પસંદ કર્યું હતું. એના સમયમાં ઇંગ્લેંડનો એલચી સર ટૉમસ રો આવ્યો હતો એને અને બીજા મુસાફરોને અમદાવાદ લંડન જેવું મોટું લાગ્યું હતું[૩૫] વિલિયમ ફીંચ અને વિટિંગ્ટન નામના મુસાફરો પણ એવું જ વર્ણન કરે છે, કહે છે કે "સુંદર નદીને કાંઠે સુંદર બુરજોવાળો મજબૂત દરવાજાઓવાળા કોટથી અમદાવાદ શોભે છે. રસ્તા મોટા છે અને એક કલાકમાં છ હજાર ઘોડેસ્વારો તૈયાર થઈ શકે છે અહીં દરેક જાતિના અને ખ્રિસ્તી વેપારીઓ પણ રહે છે." એડવર્ડ ટેરી લખે છે કે "મકાનો ઊંચાં ને અગાશીઓવાળાં છે અને ઉપર લોક હવા ખાય છે. ઝાડ પુષ્કળ છે તેથી તાપ ઓછો લાગે છે અને ઊંચી જગ્યાએથી જોતાં શહેર એક ઉપવન જેવું લાગે છે." સર ટૉમસ હર્બર્ટ (૧૬૨૬) અમદાવાદનાં બજારોનાં વખાણ કરે છે, અને અત્તર, તેજાના, રેશમી અને સુતરાઉ કાપડ અને છીંટની દુકાનોનાં વર્ણન કરી લખે છે કે "એ બધાના માલિકો વાણિયા છે, અને અહીં એમની મોટી વસ્તી છે" એ જ પ્રમાણે મુસાફર મેન્ડેલ્સ્લો પણ વેપારના વખાણ કરે છે ફ્રેન્ચ મુસાફર થેવેનોટ અમદાવાદના સ્થળો, પરાં, પોળો વગેરેનું વર્ણન કરે છે તે ઉપરથી શહેરની ભવ્યતા સમજાય છે. પરંતુ એના સ્થળોનો કેટલોક ગૂંચવાડો થયેલો જણાય છે. ટેવરનિયર અમદાવાદને હિંદનાં શહેરોમાં એક મોટામા મોટું શહેર કહે છે એના વર્ણનમાં કહે છે કે નદી ઊતરવાનો પુલ નથી, શહેરમા અગાશીઓ સારી છે, જીવદયા બહુ છે, અને વાંદરાનો ત્રાસ પણ બહુ છે." આ વર્ણન ખરેખર

---

૩૫. જે મુસાફરો અમદાવાદને તે સમયના લંડન સાથે સરખાવે છે તેમને અમદાવાદનો ખ્યાલ પૂરેપૂરો હોય એમ દેખાતુ નથી. એ સમયનું લંડન આશરે ત્રણેક લાખની વસ્તીવાળું હતુ અને અમદાવાદ જેટલાં સુંદર મકાનો ત્યાં હોય એમ મનાતુ નથી. સત્તરમી સદીની મોટી આગ પછી લંડન સુધર્યું છે.

•ોધપાન ઙ પુન સિવાય બીજુ વર્ણન આજે પણ સત્ય લાગે છે ૩૬ આ બધા વર્ણનોની સાથે ઈ સ ૧ ૬૨મા એક જૈન નામમાં કરેલુ ૩૭ અમદાવાદનુ વર્ણન આકૃતિક અને સામાજિક દૃષ્ટિએ રસમય છે એટલે એનો ઉતારો કરીને આ પ્રકરણ સમાપ્ત કરીએ

જે માતિ નગતે જયજયકાર જેમા સકલ વસ્તુ વિસ્તાર
જે દીઠ ઈનિપજઈ આનદ, એહવુ નગર શ્રી અહિમ્મદાવા
જેમા સરજન લોક િ ઘણા પહુચાડિ મ ા ની કામણા
જે ગીદિ નાસઇ વિખવાદ, એહવુ નગર શ્રી અહિમ્મદાવાદ
ચોરાસી ચઉટા જિહા ભલા વસ્તુવા ા જોઈઇ તેતલા
ઠામિઠામિ જિહા અન્ન મ વાદ એહવુ નગર શ્રી અહિમ્મદાવાદ
જિહા મ ગનતા મયગન ગમઈ ચઉગડિઆ નિતનિત્ય ગડગડિ
નિપો ાઇ નોબતિનો ના એહવુ નગર શ્રી અહિમ્મદાવાદ
ચતુર પુરુષ વસઈ કરિ, જિહાં ઘોડા ધારા ગતિ ધરઇ
ગાયન ગાઈ અરનાઈ સાદ, એહવુ ગર શ્રી અહિમ્મદાવાદ
ધજ તોરણ મ ડગ પૂતની, કોરાણીઈ બ શોભા ભિબિ
જેહમા મેવા જિનપ્રસાદ, એહવુ નગર શ્રી અહિમ્મદાવાદ
આપ રૂપથી અધિ ા ભણ્યા, નિરખી રૂપ જિહા નામા તગા
દ્રાબી મૂકઇ ઉનમાદ એહવુ નગર શ્રી અહિમ્મદાવાદ
જિહા નાદિની માદિની વસઇ જિહા લક્ષ્મી નિશ્ચિન થઈ રહી
જિહા પટ દરિ ા સ ા, એહવુ નગર શ્રી અહિમ્મદાવા

૩૬ અમદાવાદના ઇતિહાસમા પ્રકરણ ૧૨મા ઘણા યુરોપીય મુસાફરોના વર્ણનો આપ્યા છે અને અહિં તેની ટૂકી નોધ મા લીધી છે યુરોપીય મુસાફરોએ કેટલાકે સાભળેલી હકીકત ઉપરથી લખ્યુ છે અને તેથી વર્ણનમા નુકસાનો પણ કર્યો છે

૩૭ જુઓ જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સચયમા રાજસાગરસૂરિ નિર્વાણ રાસ. આમા નિર્દેશી છે તે અમદાવાદના ત્રણ દરવાજા નહિ છે નોબતખાને ભદ્રના દરવાજામા હતું એમ સમજાય છે

જિહાં દાની દાન દૈના હર્ષિ, દસાવત દસા અજમરા:
પુણ્યવંત પરિહરઇ પ્રમાદ, એહવું નગર શ્રી અહિમ્મદાવાદ

આ પ્રમાણે આપણા ગુજરાતના પાટનગરના ગાન કવિઓએ અને મુસાફરોએ ગાયાં છે. અતિશયોક્તિ એ કવિઓનો અને એ જમાનાનો ગુણ હતો. એટલે કેટલીક અતિશયોક્તિ બાદ કરતાં આ વર્ણનો સાચાં છે; અને એ જમાનામાં દુનિયાનું સર્વથી સુંદર શહેર ન ગણીએ તોપણ દુનિયાનાં સર્વથી મોટાં, સર્વથી સુંદર, અને ખૂબ સમૃદ્ધ થોડાં શહેરોની પંક્તિમાં બેસી શકે એવું અમદાવાદ હતું એટલું માન્યા વગર છૂટકો જ નથી.

અમદાવાદની વસ્તી

અમદાવાદની વસતી અતિશયોક્તિથી કોઈ ત્રીસ લાખ અને કોઈ વીસ લાખ કહે છે. એ સમયનાં વર્ણનો, રાજ્યનું મુખ્ય નગર, લશ્કરી મહત્ત્વનું સ્થાન, વેપારનું મોટું સ્થળ, એ બધાનો વિચાર કરતા અને એમાં મોટા સમૃદ્ધ પરાં અને ચારે બાજુ મોટા ઉદ્યાનોના વર્ણન વાંચીને વધારે નહિ તો આજના જેટલી આઠેક લાખની વસ્તી એના મધ્યાહ્ન સમયે હશે એમ માનીએ તો ખોટું નથી. અબુલ-ફઝલ અમદાવાદમાં એક હજાર મોટા બબ્બે મિનારાવાળી મસ્જિદો હતી એમ લખે છે અને મિરાતે અહમદી એના સમયની પરાની દશાના પણ પાચસો મસ્જિદો હતી એમ લખે છે એ મસ્જિદોના વિસ્તારનો વિચાર કરતા અને મહેમદાવાદ સુધી સુધી બધું એક શહેર જેવું લાગતુ હતુ એ વર્ણનનો વિચાર કરતાં શહેરનાં વસ્તી અને વિસ્તારનો ખ્યાલ સહજ આવી શકશે. જૈન રાસાઓમા અમદાવાદનાં પરાંમા શ્રીમંત જૈનો રહેતા હતા અને ત્યાં મંદિરો હતાં અને આચાર્યો એમાં વિહાર કરી ચોમાસું રહેતા હતા એવા ઘણા ઉલ્લેખો મળે છે તે પરથી પણ શહેરનાં એ સમયના સમૃદ્ધિ અને વિસ્તાર કલ્પી શકાય એ પરાંમાથી આજે ઘણા નથી. એનુ સ્થાન આજે માત્ર સહકારી સોસાયટી કહેવાતી સંસ્થાઓએ

લીનું છે આજે ગૂજરાત યુનિવર્સિટીનું કેન્દ્ર બનવાથી અમદાવાદ વિદ્યાસંસ્કારનું પણ કેન્દ્ર બનતું જાય છે પહેલાની સરખામણીમાં ફેર માત્ર એટલો જ છે કે, સેંકડો હાથીઓ, હજારો ઘોડા[37] અને હજારો પાયદળનું લશ્કર આજે દેખાતું નથી ઘોડાગાડીઓને બદલે હજારો મોટરગાડીઓ દોડે છે પુલ હતો જ નહિ[38] તેને બદલે ચાર પુલ થયા છે ધૂળ અને ધૂણી એની એ જ છે અને તાપ પણ એનો એ જ છે, લોકસ્વભાવ પણ એ જ રહ્યો છે, વેપાર પણ એવો જ છે પણ ચારે બાજૂ લીલાં વિશાળ ઉદ્યાનોને બદલે આજે તો આવનારનું મન ઠરે એવું એક પણ સ્થળ અમદાવાદની આસપાસ નથી મૈસૂરના એક મહારાજાએ અમદાવાદ ને જોઈને કહેલું કે આ તો પીળું શહેર છે, લીલું શહેર નથી This is not a green city, this is a yellow city, એ ટીકા સત્ય છે ગુજરાતના પાટનગરને માટે એ વારમભરેલું કહી શકાય છેવટે ઉર્ફી શિરાઝીના વચનથી ગૃજરાતના પાટનગરનું વર્ણન સમાપ્ત કરીએ —

ખુલાહી તુ ઉં શહરે આબી મીના
મદેતા બહસ્રશ ઝવાનો કુના

એ ખુદા ! આ આલીશાન બાગીવાળા શહેરને તું કયામતના દિવસ સુધી અવનતિ આપીશ નહિ

---

૩૭ ૭ હજાર ઘોડેસવાર એક કલાકમાં તૈયાર થતા એવો જે ઉલ્લેખ જોયો તે જોતાં એટલા ઘોડા માટે કેટલી જગ્યા જોઈએ અને એ પ્રમાણમાં પાયદળ લશ્કર અને હાથીખાનાઓ માટે પણ કેટલી જગ્યા જોઈએ તેનો ખ્યાલ કરવા જેવો છે

૩૮ સાબરમતી ઉપર એક પુલ હતો નહિ અને એ સમયે મોટી રેતીવાળી નદી માટે શક્ય પણ નથી છતાં નદીપાર મોટાં સમૃદ્ધ પરાં હતાં એટલે વ્યવહાર માટે ચોમાસામાં મુશ્કેલી પડે વગેરામાં વિશ્વામિત્રી જેવી નાની નદી ઉપર અહમદશાહે પુલ બંધાવ્યાનો ઉલ્લેખ છે નાની નદી ઉપર એ શક્ય છે

●

પ્રકરણ ૨૦

અહમદશાહનો અમલ અને લડાઈઓ

અહમદશાહનું જીવન લડાઈઓ લડવામાં ગયું

અહમદશાહના રાજ્યમાં સૌથી મહત્ત્વની બીના તે અમદાવાદ શહેરની સ્થાપના એ આગળ જોયું. આટલું બાજુએ મૂકતાં અહમદશાહના અમલનો લગભગ બધો સમય ગૂજરાતનાં રજપૂત રાજ્યો અને ગૂજરાત બહારના મુસલમાન રાજ્યો સાથે લડવામા ગયો છે. શરૂઆતમા તો એનાં પોતાના સગાંઓએ બળવા કર્યા તે આગળ જોઈ ગયા; પરંતુ અમદાવાદની સ્થાપના પછી પણ એકાદ વર્ષ ભાગ્યે જ એવુ ગયુ છે કે જે વર્ષમા સુલતાને શાંતિમા સમય ગાળ્યો હોય. તવારીખકારો તો ગર્વથી કહે છે કે આટલી બધી લડાઈઓ અહમદશાહ લડ્યો તેમાં એકેમાં એ હાર્યો નથી. પરંતુ એનું આખુ યે જીવન લડાઈઓમાં જ કેમ ગયુ એ મહત્ત્વનો પ્રશ્ન છે, અને એનો ખુલાસો તવારીખકારો કરતા નથી તે સાથે એટલું પણ કહેવુ જોઈએ કે આખું જીવન લડાઈઓ લડવામા અહમદશાહના ચારિત્ર્યનો દોષ નહોતો. મુહમ્મદ તઘલખ પણ એના જીવનનો ઘણો ભાગ લડાઈઓ લડ્યો હતો હતો અને એની સામે બળવા થયા હતા, પણ એમા એના અસ્થિર મગજનો, એના ચારિત્ર્યનો દોષ હતો. અહમદશાહ મુહમ્મદ તઘલખ જેવા અસ્થિર મનનો ન હતો. મુહમ્મદ તઘલખ કોઈની સલાહ સાંભળતો નહિ; અહમદશાહે સારી સલાહને હમેશાં માન આપ્યુ છે. તેથી જ એકને હાથે તઘલખ સામ્રાજ્ય ઓછું થતું ગયુ, જ્યારે બીજાને હાથે ગૂજરાતી મુસ્લીમ સામ્રાજ્ય વધતુ ગયુ. મુહમ્મદ તઘલખની સામે

બળવા થયા તેના કારણો અને અહમદશાહની સામે બળવા થયા તેના કારણોમાં ભેદ છે

લડાઈઓ અને બળવાના કારણો

આમ ચારે બાજુ બળવા અને લડાઈઓ થવાના કારણો તવારીખકારોએ સ્પષ્ટ રીતે આપેલા નથી, પરંતુ બધી તવારીખોના ઝીણા વર્ણનો તપાસતાં એમ લાગે છે કે અહમદશાહની સામે એના પિતરાઈઓએ જે બળવા કર્યા તેના કારણો તે સમયના બધી રાજ્યગાદીઓના ઝઘડા જેવા જ છે એમાં પણ અહમદશાહને મુઝફ્ફરશાહે પોતે ભલે ગાદી આપી પરંતુ અહમદશાહનો બાપ મુહમ્મદશાહ મુઝફ્ફરશાહના જીવતા જ ગુજરી ગયો હતો, મુઝફ્ફરશાહને બીજા ઘણા પુત્રો હતા તેમને મૂકીને પૌત્રને ગાદી મળે એ સ્વાભાવિક રીતે બીજા પુત્રો એ જમાનામાં સહન કરે નહિ [1] તેમાં પણ મુઝફ્ફરશાહ અને મુહમ્મદશાહ વચ્ચે છેવટના ભાગમાં સારો સંબંધ રહ્યો નહોતો એ વાત ખાસ નોંધવા જેવી છે આ બળવાઓમાં તેમજ બીજી લડાઈઓમાં તથા માળવાના સુલતાનને વારે વારે ચડાવીને ગુજરાત સામે લડાવવામાં હિંદુ રાજાઓએ પણ ઘણો ભાગ લીધો છે, અને ઈડર, ઝાલાવાડ, નાંદોદ તથા ચાંપાનેરના રાજાઓની સામે અહમદશાહને એના રાજ્યકાળ દરમ્યાન એક કરતા વધારે વાર લડવું પડ્યું છે આનું કારણ પણ ઐતિહાસિક દૃષ્ટિએ ખાસ મહત્ત્વનું છે જ્યારથી મુસલમાનો હિંદમાં આવ્યા ત્યારથી એમણે હિંદુ રાજાઓને એમણે દબાવી નથી દીધા જે તવારીખકારો કહે છે તેમ દરેક વખતે મુસલમાનોને વિજય જ મળ્યો છે એવું પણ નથી. હિંદુઓની હારના ઘણા કારણોમાં કુસંપ અને અવ્યવસ્થિત સામનાની ખામી એ મુખ્ય

૧ મુઝફ્ફરશાહે અહમદશાહને વારસ નીમ્યો એ સંબંધ આવો હતો તે જોતા એને પોતાના બીજા પુત્રોની વલણની ખબર હોવી જોઈએ અને અહમદશાહની લાયકાતની પણ ખબર હોવી જોઈએ

છે; પરંતુ સંપીને સામના કર્યાના દાખલા પણ કોઈ કોઈ વાર મળ્યા છે; નવા પરદેશીઓના રાજ્યઅમલને કેટલાંક વર્ષ જૂના દેશી રાજાઓ સાથે લડ્યા વગર સત્તાની જમાવટ કરવી અશક્ય હતી. રજપૂત રાજાઓ કુસુંપને લીધે અને વ્યવસ્થાના અભાવને લીધે હાર્યા ને વશ થયા તે કેવળ સાચી વાત છે, પરંતુ લાખો વખત સામનો કર્યા વગર વશ નથી થયા એ આ લડાઈઓનો ઇતિહાસ સિદ્ધ કરે છે. 'આ બધાં કારણો ઉપરાત અહમદશાહની ઉમર ગાદીએ આવ્યો ત્યારે નાની હતી એ કારણ પણ વિચારવા યોગ્ય છે, અને એના પિતરાઈઓ, રજપૂત રાજાઓ અને માળવા દક્ષિણના સુલતાનો, એ ત્રણે પક્ષોની લડાઈઓનું એ પણ એક કારણ હોઈ શકે. આમ આખો સમય લડ્યો છતાં આખરે અહમદશાહનો વિજય થયો અને એ બધાને વશ કરી શક્યો એમાં એના ચારિત્ર્યની વડાઈ અને એની રાજદ્વારી કુનેહને જ યશ ઘટે છે ન્યાય, ડાહી સલાહ સાંભળવી, અને ગુનેગારોને દંડ તથા દયા બન્ને બતાવવાં, એ સદ્ગુણોને લીધે અહમદશાહને વિજય સાંપડ્યો એમ માનવામાં વાંધો નથી. કોઈ પણ વંશકર્તામાં આ ગુણો હોય તો જ તે વંશકર્તા થાય

ફરી બળવો

અમદાવાદ સ્થપાયું એ જ વર્ષમાં સુલતાનના પિતરાઈઓ ફિરોઝખાન હૈબતખાને[૨] મલીક બદર આલાની શિખવણીથી ફરીથી બળવો કર્યો. આ બન્ને જણા ઈડરના રાણા રણમલને જઈ મળ્યા. 'સુલતાન અહમદને આ સમાચાર મળવાથી એણે લશ્કર તૈયાર કર્યું' અને

૨. તબકાતે અકબરી. અંગ્રેજી તરજૂમો. પૃ. ૧૯૨. સિકંદરીના બેલીના તરજૂમામાં ફિરોઝખાનના પુત્ર મોદુદ અને મસ્તીખાને બળવો કર્યો એમ મળે છે; સિકંદરીના ગૂજરાતી તરજૂમામાં મોદુદને બદલે મોઇદ્દીન લખ્યું છે અને 'બદરઉલ્લા લખ્યું છે એટલો ફેર છે.

પોતે પ્રાંતીજ[3] આવ્યો ત્યાંથી એણે મુઝફ્ફરખાનના દિકરા—પોતાના કાકા ફતેહખાનને[4] લશ્કર આપીને આગળ મોકલ્યો, પણ એ મોડાસાના જમીનદાર સૈયદ ઈબ્રાહીમ નિઝામની શિખવણીથી પોતાના બીજા ભાઈઓ સાથે મળી ગયો. આ સાંભળીને સુલતાન મોડાસા તરફ કૂચ કરીને ગયો. સૈયદ ઈબ્રાહીમ જેનું બીજું નામ રૂકનખાન હતું એણે અને મલીક બદર આલાએ મોડાસાની આસપાસ ઊંડી ખાઈ ખોદી રાખી હતી, અને સારા બચાવની તૈયારીઓ કરી હતી. બીજી બાજુથી ફિરોઝખાન અને હૈમતખાન ઈડરના રાણા રણમલને લઈને મોડાસાથી પાંચ ગાઉ દૂર આવેલા રણપુર[5] ગામ આગળ આવ્યા, અને મોડાસામાં ઘેરાયેલા લશ્કરને મદદ કરવા અને સુલતાન સાથે બીજી બાજુથી લડવા વિચાર કર્યો.

મોડાસાની લડાઈ
બળવાખોરોનો દગો

સુલતાનના મનમાં હજી પણ બળવાખોરો સમજે એવી આશા હતી, તેથી તેણે કેટલાક ડાહ્યા અને વિદ્વાન માણસોને તેઓને

---

૩ તબકાતે અકબરીનો બ્રજેન્દ્રનાથનો તરજૂમો (પૃ ૧૧૨) વાંટા (Wanta) ગામ લખે છે. સિકંદરીનો ગુજરાતીમાં તરજૂમો પુરહની નામ લખે છે, જેની મીરહની નામ લખે છે અને નોટમાં બરહની, પરહની, પરવી એવા પાઠાંતર આપે છે. બેલી તબકાતે અકબરીનો પાઠ પતની એવો લખે છે તે બ્રજેન્દ્રનાથના ઉપરના પાઠથી જુદો પડે છે. આ બધું જોતાં અમદાવાદથી ઈડર જતાં પ્રાંતીજ વચ્ચે આવે એ ઉપરથી મેં પ્રાંતીજ પાઠ નક્કી કર્યો છે.

૪ સિકંદરી એનું નામ દોરાજ છે. ફતેહખાન એનું આપે છે. ગુજરાતી સિકંદરી એને સુલતાનનો કાકો કહે છે પણ એને પણ સાથ હતો તે આગળ જોયું છે.

૫ તબકાતે અકબરી Ankhor લખે છે પણ સિકંદરીનું રણપુર ખરું છે.

સમજાવવા માટે મોકલ્યા, અને સુલતાન તેઓને માફી આપશે એવો સંદેશો કહેવડાવ્યો, પરંતુ બદર ઉલ્લા[૬] અને રુકનખાને આ સંદેશા ઉપર કાંઈ ધ્યાન આપ્યુ નહિ. આ ઉપરથી સુલતાને મોડાસા નજીક છાવણી નાંખીને કિલ્લાને ઘેરો ઘાલ્યો. આટલું કર્યા છતાં સુલતાને બળવાખોરોને ફરીથી સમજાવવા માટે કહેણ મોકલાવ્યું. આ વખતે બળવાખોરોએ કપટથી જવાબ વાળ્યો કે "અમને તાબે થવું સહીસલામત લાગતુ નથી. માટે જો નાયબ વઝીર નિઝામુલ્મુલ્ક, મલીક અહમદ અઝીઝ, સઈદુલ્મુલ્ક, અને નઝીર ઉસ્સૈફ અજદરખાન,[૭] એટલા અમીરોને જો કિલ્લામાં અમને બોલાવવા માટે મોકલવામાં આવે તો અમને ખાતરી પડે અને અમે આવીએ" સુલતાને આ આ વાત કબૂલ રાખી આ ઉમરાવોને મોકલ્યા અને સાવધાન રહેવાનુ પણ કહ્યું. અમીરોએ મોડાસાના કિલ્લાની બહાર રહી બદર ઉલ્લાને કહેવડાવ્યુ. બદર ઉલ્લાએ મીઠી વાતો કરી તેમનો વિશ્વાસ સંપાદન કર્યો અને ચાર અમીરોમાંથી બેને—નિઝામ ઉલ્મુલ્ક અને સઈદુલ્મુલ્કને ખાનગી વાત કરવા જુદા બોલાવીને સંતાડી રાખેલી ટુકડી પાસે હુમલો કરાવી કેદ કરી કિલ્લામાં લઈ ગયો. પકડાતી વખતે નિઝામુલ્મુલ્કે બીજાઓને કહ્યું કે દગો થયો છે અને સુલતાનને

---

૬. તબકાતે અકબરીમાં બદર આલા લખ્યું છે, પણ એક જગ્યાએ બદર ઉલ્લા લખ્યુ છે. સિકંદરી ગૂ. ભા.માં બદર ઉલ્લા લખ્યુ છે, બેલી બદર આલા લખે છે.

૭ સિકંદરીમાં સઆદુલ્મુલ્ક લખ્યું છે, અને તેને લશ્કરની ડાબી બાજુનો ઉપરી કહ્યો છે. અહમદ અઝીઝને તબકાતે અકબરીમાં 'કારગુઝાર' અને superintendent કહ્યો છે અને નાયબ વકીલ પણ કહ્યો છે, (પૃ. ૧૯૩) નઝીર સૈફને તબકાતમાં સૈફખાન કહ્યો છે. અજદરખાન એવો એનો ઇલ્કાબ હતો એમ સિકંદરી કહે છે.

ગઈ કિલ્લો સર કરવા મીનવો અને તેમ કરવામા મીન કરશો નહિ ૮
મ ઉલ્લાને ખાતરી હતી કે આ મોટા અમીરો કિલ્લામા છે
ત્યાંસુધી સુલતાન કિલ્લાને કોઈ પણ ઈજા કરી શકશે નહિ ૯

મોરાસા સર કર્યું

આ સમાચાર સાભળીને સુલતાને કિલ્લા ઉપર હુમલો કરવા હુકમ કર્યો હિ સ ૮૧૪ (ઈ સ ૧૪૧૧)ના જમાદી ઉલ અવ્વલ મહિનાની ૫ મી તારીખે સુલતાને જાતે કિલ્લાના દરવાજા ઉપર હુમલો કર્યો અને તે જોઈ બીજા અમીરો અને લશ્કરીઓ ચારે બાજુથી હુમલા કરી કિલ્લાની દીવાલ ઉપર ચડી ગયા જે યુદ્ધ થયું તેમા રોગપેનુ લશ્કર હાર્યું અને તાબે થયું ગદર ઉલ્લા અને રુકનુદ્દીન મોયડામા સતાયા, પણ આખર બને માર્યા ગયા નિઝામુલ્મુલ્ક અને સઈદુલ્મુલ્કને કેદમાથી છૂટા કરવામા આવ્યા આ વિજયના સમાચાર સાભળીને ફિરોઝખાન અને ઈડરનો રાવ નાસીને ઈડરના કિલ્લામા ભરાયા ૧૦

ઈડરના રાવ રણમલે સુલતાનનો આ વિજય જોઈને ફિરોઝખાન સાથે દગો કર્યો, અને એની માલમિલકત અને હાથીઓ કબજે કરીને સુલતાનને નજર કર્યો એટલે પોતે પણ ખંડણી આપવી શરૂ કરી

૮ સિકંદરી આ વર્ણન ગ્રામાં પ આપે છે પણ તબકાતમા જરા વિગતથી આપેલું છે તબકાત પ્રમાણે નિઝામુલ્મુલ્ક કેદમાથી વખતે મોટા પારો પાડીને બીજાઓને કહ્યુ કે અમારા નસીબમા જે તે થશે પણ કિલ્લો સર કરવા જલદી સુલતાનને કહો વળી બહાર ઉકળાએ આ અમીરોને અધારા ખાનામા પૂર્યા એમ પણ તબકાત કહે છે સિકંદરીમા એ વર્ણન નથી (પૃ ૧૯૩)

૯ તબકાતે અકબરી પૃ (૧૮૩)

૧૦ તબકાત ફિરોઝખાન લખે છે જ્યારે સિકંદરી મોઈઝુદ્દીન અને ઈડરનો રાવ લખે છે

આમ વિજય મળ્યાથી સુલતાન અમદાવાદ પાછો ફર્યો. ફિરોઝખાન પોતાના બળવાખોર ભાઈઓને લઈને શમ્સખાન દંદાણીની જાગીર નાગોર તરફ ગયો એ અરસામા નાગોર ઉપર મેવાડનો રાણો મોકલ ચડી આવ્યો હતો. નાગોરમાં એ વખતે શમ્સખાનનો પુત્ર ફિરોઝખાન રાજ્ય કરતો હતો[11] આ ફિરોઝખાન અને રાણા મોકલ વચ્ચેની લડાઈમા મોકલનો વિજય થયો અને આ શાહજાદો ફિરોઝખાન કામ આવ્યો[12] ઈડરના રાવની આ સમયસૂચકતાથી એને તાત્કાલિક ફાયદો થયો અને સુલતાને એનો ગુનો માફ કર્યો.

ફરી મુસલમાન અમીરો અને હિંદુ રાજાઓનો ભેગો બળવો

આ બળવો શાંત થયો, પણ શાંતિ લાંબો સમય ચાલી નહિ. હિ સ. ૮૧૬ માં (ઈ સ ૧૪૧૩) મલીક અહમદ સરખેજી, મલીક

---

૧૧. આ જગ્યાએ બે ફિરોઝખાન છે. તબકાતે અકબરી જે ફિરોઝખાન માર્યો ગયો તેને શાહજાદો કહે છે. એટલે કે તે મુજફ્ફરશાહનો પુત્ર અને અહમદશાહનો કાકો હતો. બીજો ફિરોઝખાન તે શમ્સખાન દંદાણીનો પુત્ર હતો. સિકંદરી આ બીજા ફિરોઝખાનને બદલે શમ્સખાન સાથે જ રાણા મોકલને યુદ્ધ થયુ એમ લખે છે. અને શાહજાદો ફિરોઝખાન મરાયો તેને બદલે મોઇયુદ્દીન મરાયો એમ લખે છે. સિકંદરી લખે છે કે શમ્સખાનના દાંત આગળ પડતા હતા તેથી અને દંદાણી કહેતા હતા.

૧૨. નાગોરની આ લડાઈ થોડાં વર્ષ પછી થઈ છે. સ્વ. ગૌરીશંકર ઓઝાજીએ એને મેવાડના લેખોના આધારે વિ સ. ૧૪૮૫ ઈ. સ. ૧૪૨૮ મા થઈ એમ કહ્યુ છે. આ લડાઈમાં રાણો મોકલ અગર મુકુલ જીત્યો એમ સ્વ. ઓઝાજીએ સમકાલીન લેખના આધારે લખેલું છે. ઉપર જોયુ તેમ અહમદશાહના વર્ણનમાં તવારીખકારો આ લડાઈનુ ખાસ વર્ણન કરતા નથી અને ફિરોઝખાન તેમાં મરાયો એટલુ જ કહે છે, પરતુ આગળ કુતુબુદ્દીનના વર્ણનમા રાણા કુંભાની નાગોરને લગતી વાતમાં રાણા મોકલને મુસલમાનોએ હરાવેલો અને ત્રણ હજાર રજપૂતો માર્યા ગયેલા એવી વાત તબકાતે અકબરી (પૃ. ૨૩૦) અને બીજી તવારીખો કહે છે. એટલે આ વાત તવારીખકારોએ મનથી ઉપજાવેલી લાગે છે. મોકલ નાગોરમાં હાર્યો નથી. જુઓ ઉદયપુર રાજ્યનો ઓઝાજીનો ઇતિહાસ, પૃ. ૨૭૩.

શાહ મલીક, શેર મલીકનો પુત્ર મલીક અહમદ, ભાણેજ આઝમખાન અફઘાન અને મલીક ઈસાસાનાએ ફરી પાછો બળવો જગાડ્યો[13] એ લોકોએ કેટલાક રાજાઓ અને જમીનદારોને પોતાના પક્ષમા લીધા અને કેટલોક મુલક તારાજ કર્યો એ જ વખતે માંડલ[14] અને નાદોદ[15]ના રાજાઓ પણ જાગ્યા અને એમણે ગુજરાત ઉપર ચડાઈ

૧૩ તબકાતે અકબરી પૃ ૧૯૮, સિકંદરી ગુ ભા અને બેલીના અંગ્રેજી તરજૂમામા ઉસમાન અહમદ સરખેજ અને શેર મલીકનો છોકરો શેખ મલીક એમ લખેલું છે આ બન્ને પાટણમા રસ્તાની બંદોબસ્તીના અધિકારીઓ હતા એમ સિકંદરી ગુ. ભા મા લખે છે બેલી લખે છે કે મૂળમા તર્ફદાર શબ્દ છે અને તરજુમામા તે માત્ર પાટણના અધિકારી એટલુ જ લખે છે તેમના બીજા મળતિયાઓમા સિકંદરી સુલેમાન અફઘાન જેને આઝમખાનનો ઇલકાબ હતો તે, અને ઇસાસાનાર એમ બે નામ લખે છે

૧૪ તબકાતે અકબરી પૃ ૧૯૮ સિકંદરીના ગુ ભા મા કાઠી અને ઝાલાવાડનો રાજા છત્રસાલ લખેલુ છે માંડલનું નામ નથી, જ્યારે બેલીના અંગ્રેજી તરજૂમામા કાન્હો છત્રસાલ અને ઝાલાવાડનો રાજા એમ લખ્યુ છે પણ કાન્હો છત્રસાલ તે કાઠી રાજા કે કોઈ બીજો રાજા કે ઝાલાવાડના જ રાજાનું નામ તે સ્પષ્ટ થતુ નથી કદાચ તે બે જુદા રાજાઓ હોય પરંતુ તબકાતે અકબરીમા માંડલના રાજાનું નામ છે તે સિકંદરીમા નથી મને લાગે છે કે માંડલનો રાજા તે જ ઝાલાવાડનો રાજા [illegible] કોમિસેરિયટ પૃ ૯૩ નોંધ ૩ મા લખે છે કે ઝાલાવાડનો રાજા તે રાજપુતાનાના અગ્નિ ભાગમા આવેલા ઝાલરાપાટણનો રાજા પરંતુ આ માન્યતાને આધાર નથી અને આ સમયે રાજપુતાનાના કોઈ રાજાએ અહમદશાહ સામે ભાગ લીધાનું બનેલું નથી ઝાલાવાડને બદલે તબકાત માંડલ લખે છે તે બરોબર છે અને માંડલ ઝાલાવાડમા જ આવ્યુ આ માંડલ તે ગુજરાતનું માંડલ તેને માંડવ સાથે મેળવવાની ભૂલ પણ કેટલાક કરે છે

૧૫ નાદોદ એટલે રાજપીપળાના રાજાએ આ બળવામા ભાગ લીધાનુ તબકાતે અકબરીમાં (પૃ ૧૯૮) લખ્યુ છે પણ સિકંદરીમા એનું નામ લખેલુ નથી છત્રસાલનું નામ સિકંદરીમા છે તે તબકાતે અકબરીમા નથી મજકુર તબકાતમા વધારામા એક બંડખોર Badhuનું નામ આવે છે તે કયુ તે નક્કી થતુ નથી.

કરવા માળવાના સુલતાન હોશંગને લલચાવીને ઉશ્કેર્યો. આ બળવા-ખોરોએ હોશંગશાહને લખ્યું કે તમે જો ગુજરાત ઉપર હુમલો કરશો તો આ બધા મદદમાં છે તેથી અહમદશાહને ઉઠાડીને ગાદી તમને અપાવીશું

સુલતાન અહમદશાહને આ વાતની ખબર પડતા એણે ગત સુલતાન મુહમ્મદશાહના પુત્ર અને પોતાના ભાઈ લતીફખાનને નાયબ વઝીર નિઝામુલ્મુલ્કની સાથે લશ્કર આપીને શાહમલીકને સજા કરવા મોકલ્યો રાજા કાન્હો છત્રસાલ જે શાહમલીકની સાથે મળેલો હતો તેને પકડી લાવવા પણ સુલતાને લતીફખાનને હુકમ કર્યો[૧૬] આમ એક બાજૂ પાટણ તરફ આ બળવાખોરોને હરાવવા લશ્કર મોકલીને પોતે માળવા તરફ હોશગશાહના લશ્કરને મળવા ઊપડ્યો અને ચાંપાનેરથી દસ કોશ ઉપર આવેલા સાવલી પરગણાના પાડુ[૧૭] ગામ આગળ આવીને પડાવ નાંખ્યો, અને ઇમાદુલ્મુલ્ક સમરકંદીને મોટુ લશ્કર આપીને હોશગશાહની સામે લડવા આગળ મોકલ્યો. આ ઇમાદુલ્મુલ્ક અહમદશાહનો ગુલામ હતો, તેથી સુલતાન હોશંગને લાગ્યુ કે જો પોતે ઇમાદુલ્મુલ્કને હરાવે તો અહમદશાહના એક માત્ર ગુલામને હરાવ્યો એમ કહેવાય અને જો પોતે ઇમાદુલ્મુલકને હાથે હારે તો એક ગુલામે મોટા બાદશાહને હરાવ્યો એવુ બદનામ થાય. આમ બન્ને રીતે લડવામાં હોશંગશાહને માનહાનિ જેવું લાગ્યુ અને તેથી લડાઈ કર્યા વગર જ માળવાને રસ્તે પાછો ચાલ્યો ગયો. આમ પાછા ચાલ્યા

---

૧૬. છત્રસાલ પાટણ બાજૂ શાહમલીકની સાથે હતો એમ સિકંદરી લખેછે. તબકાતમા લખ્યુ નથી.

૧૭. તબકાતમાં "બાવુ" એવુ નામ લખ્યું છે. બેલી-પાડુ લખે છે અને સાવલીને સનૌલી લખે છે. ગુ ભા. માં સાવલી અને પાડુ લખેલું છે તે જ ખરુ છે.

૧૮. તબકાતે અકબરીમાં ઇમાદુલ્મુલ્ક સમરકંદી લખ્યુ છે. સિકંદરી ઇમાદુલ્મુલ્ક ખાસખેલ એમ લખે છે

જવાક હોશંગશાહે માન બહાનું જ બતાવ્યું હોય એમ લાગે છે, કારણ કે અહમદશાહના ગુલામ સામે લડવા એ પોતાનો ગુલામ મોકલી શક્યો હોત અગર એ પોતે જ અહમદશાહની સામે લડવા જઈ શક્યો હોત[19] ઇમાદુલ્મુલ્કે માળવાના કેટલાક મુલકને તારાજ કર્યો અને હોશંગશાહને ચડાવનારાઓમાંથી કેટલાકને પકડીને અહમદશાહ પાસે હાજર કર્યા બીજી બાજૂ શાહમલીક અને એના મળતિયાઓએ શાહજાદા લતીફખાનના લશ્કર ઉપર મળો કરી લડવા પ્રયત્ન કર્યો, પણ તેમા ફાવ્યા નહિ લતીફખાન અને નિઝામુલ્મુલ્કે શાહમલીક અને રાજા જાસાલને હરાવી સોરઠ તરફ નસાડ્યા અને એ લોકો ગિરનાર તરફ રા'માંડલિકના મુલકમા નાસી ગયા આ વિજય પછી અહમદશાહ અમદાવાદમા પાછો ફર્યો[20].

બીજે વર્ષે હિ સ ૮૧૭ (ઈ સ ૧૪૧૪)માં જૂનાગઢના મંડલિક રાજાએ શાહમલીક વગેરે બળવાખોરોને આશ્રય આપ્યો તેથી સજા કરવા સુલતાન અહમદશાહ સોરઠ તરફ ચડાઈ લઈ ગયો અને ગિરનારનો કિલ્લો લેવા નિશ્ચય કર્યો રાજા મંડલિકે લડાઈ કરી પણ તેમાં તેને ભારે ખુવારી ખમવી પડી અને તે ગિરનારના કિલ્લામા ભરાયો અહમદશાહે કિલ્લાને ઘેરો ઘાલ્યો અને આસપાસનો મુલક તારાજ કરવા માંડ્યો આખરે ઘેરાયેલું લશ્કર કિલ્લો ટકાવી શક્યું નહિ અને જૂનાગઢના રાજાએ ખંડણી આપવાની કબૂલ કરીને સુલતાન સાથે સલાહ કરી બીજા બળવાખોરો પણ તાબે થયા સોરઠના બીજા કેટલાક જમીનદારો અને રાજાઓએ પણ સુલતાનને ખંડણી આપવા કબૂલ કર્યું સુલતાને સોરઠમા ખંડણી વસૂલ કરવા

---

૧૯ તબકાતે અકબરી પૃ ૧૮૫ ઉપરનું બહાનું કાઢવાનું કારણ તબકાતમા આપ્યું છે; ફિરિશ્તામા કારણ જ બતાવ્યું છે

૨૦ આમા તબકાત અને ફિરિશ્તા એકમત છે તબકાત [illegible]નું નામ નથી લખતી

માટે શાહ અબ્દુલ ખેર અને સૈયદ કાસમને ત્યાં મૂક્યા અને પોતે અમદાવાદ પાછો આવ્યો.[૨૧]

ખાનદેશ ઉપર ચડાઈ

હિંદુ રાજાઓએ ફરી ભેગા થઈ માળવાના સુલતાનને બોલાવવો અને ચારે બાજૂથી એકસાથે બળવાની તૈયારીઓ

ખાનદેશનો નંદરબાર અને સુલતાનપુરનો ભાગ આટલા જૂના સમયમાં પણ ગૂજરાતને તાબે હતો. હિ. સ. ૮૧૯ની[૨૨] સાલ (ઈ. સ ૧૪૧૬–૧૭)મા અસીર બુરહાનપુરના સુલતાન આદીલખાનના પુત્ર નસીરે પોતાના બળના ગર્વમાં નંદરબાર તરફ ચડાઈ કરી આ સમાચાર મળતા અહમદશાહે ધાર[૨૩] અને નંદરબાર તરફ કુચ કરી અને બાગલાણની પાસે આવેલો તબોલનો કિલ્લો લેવા આગળ લશ્કર મોકલ્યું એક બાજુ તબોલનો કિલ્લો સર થયો અને બીજી બાજુ સુલતાન નંદરબાર પહોંચ્યાના સમાચાર મળ્યા એટલે નસીર[૨૪] આસીરગઢ નાસી ગયો આ સમયે ચોમાસાની મોસમ હોવાથી

---

૨૧ તબકાતે અકબરી પૃ. ૧૯૬, સિકંદરી ગુ ભા.મા અબ્દુલ ખેરને બદલે સૈયદ અબ્દુલ ખેર લખ્યું છે. બેલીના અંગ્રેજી તરજૂમામાં સૈયદ અબ્દુલખાન લખ્યુ છે. (પ. ૯૮).

૨૨. સિકંદરી ગુ. ભા. અને અંગ્રેજી તરજૂમામા હિ. સ. ૮૧૯ આપી છે જ્યારે તબકાતે અકબરી (પૃ. ૧૯૬)માં હિ. સ. ૮૨૧ આપી છે. ઘણી બાબતોમા તબકાતને અનુસરવું મને ઠીક લાગ્યુ છે, છતા આ સાલની બાબતમા તબકાત કરતા સિકંદરી સાચી લાગે છે.

૨૩. તબકાતમાં ધારનું નામ લખેલું નથી, સિકંદરીમાં લખેલું છે.

૨૪. સિકંદરીએ બન્ને તરજૂમામાં નસીરને આદીલશાહના છોકરાને બદલે ઐનુલમુલ્કનો છોકરો કહ્યો છે. તબકાત એને આદીલશાહનો છોકરો કહે છે તે ખરૂ લાગે છે. તબકાત એક જગ્યાએ નસીર લડવા આવ્યો એમ લખી બીજી જગ્યાએ આદીલશાહ નાસી ગયો એમ લખે છે તે માત્ર સરતચૂક થઈ હોય એમ જણાય છે. (પૃ ૧૯૭).

ગૂજરાતના લશ્કરને પણ સરજામની હિલચાલમાં તકલીફ પડી તે કારણથી લડાઈ આગળ લંબાવવાને બદલે અહમદશાહે અમદાવાદ પાછા જવાનો વિચાર કર્યો, પણ એ જ વખતે ગુજરાતથી નવ દિવસમાં તાકીદના સમાચાર સાંઢણીસવાર મારફતે આવ્યા કે સુલતાન હોશંગ ફરી પાછો ગુજરાત જીતી લેવા માટે મોડાસા નજીક આવી પહોંચ્યો છે.[25] આ સમાચાર શમ્સખાન દંદાણીના પુત્ર ફિરોઝખાન તરફથી પણ આવ્યા. ફિરોઝખાનને હોશંગશાહે પત્ર લખ્યો હતો કે જો તમે આ વખતે મદદ કરશો તો પાટણની આસપાસનો મુલક તમને આપવામાં આવશે.[26] વળી સુલતાન હોશંગને આ ચડાઈ લાવવામાં ગૂજરાતના હિંદુ રાજાઓએ પણ એકસંપ કર્યો હતો. ઈડરનો રાવ પૂંજો, ચાંપાનેરનો રાજા ત્રયંબકદાસ, ઝાલાવાડનો રાજા છત્રસાલ, અને નાંદોદનો રાજા એટલા આ બળવામાં મુખ્ય હતા.[27] ફિરોઝખાને આ વખતે પોતે બળવો ન કરતાં અહમદશાહ તરફ વફાદારી બતાવી હતી એ એક આશ્ચર્યની વાત હતી. આજ સુધી પોતાના સગા અહમદશાહ સામે—બળવામાં ભાગ લઈ નાગોરના ફિરોઝખાને છેવટે આ વખતે વફાદારી બતાવી.

અહમદશાહ આવતાં બળવાખોરોનું વિખેરાઈ જવું

સુલતાન અહમદશાહ આ સમાચાર સાંભળતાં તુરત જ સખત

---

૨૫. આ વર્ણન આ પ્રમાણે તબકાત (પૃ. ૧૯૭)માં જરા વિગતવાર આપેલું છે. મિરાતે સિકંદરીમાં આ વિગત નથી.

૨૬. તબકાતે અકબરી પૃ. ૧૯૭; સિકંદરી ગુ. ભા. પૃ. ૩૦; અ. ભા. પૃ. ૧૦૦.

૨૭. સિકંદરી અહીં ઝાલાવાડનો રાજ છત્રસાલ એમ સ્પષ્ટ લખે છે અને આગળની પેઠે શંકાવાળું લખાણ નથી. તબકાત તેને બદલે મંડલનો રાજા લખે છે. એ ઉપરથી ઝાલાવાડનું માંડલ એ સિદ્ધ થાય છે. રાજપૂતાનાનું નહિ અને મલાવાડ પણ માંડલપરગણું નહિ! આ રાજાઓનાં નામ સિકંદરીએ આપ્યાં છે. તબકાતે નથી આપ્યાં.

વરસાદ પડતો હતો તેની દરકાર કર્યા વગર ઝડપી કૂચ કરીને ગુજરાત તરફ ઊપડ્યો અને નર્મદા નદી ઓળંગીને મહી નદીને કિનારે પડાવ નાખ્યો અને ત્યાંથી સાત જ દિવસમાં મોડાસાની નજીક આવી પહોંચ્યો. આ સમાચાર પોતાના ગુપ્તચરોની પાસેથી સાંભળીને સુલતાન હોશંગ માથું ખંજવાળવા લાગ્યો[28] અને જે રાજાઓએ બોલાવેલો તેમને કહેવા લાગ્યો કે 'અહમદશાહ આવે તે પહેલાં તો અમદાવાદ પહોંચી જવા તમે કહેતા હતા. પણ અહમદશાહ તો અહીં પાંચ કોશ દૂર જ આવી લાગ્યો છે તેની તમે મને ખબર પણ આપી નથી, માટે આ વાતમાં કાંઈ કપટ હોય એમ લાગે છે અને તમે ખરા મિત્રો હો એમ લાગતુ નથી.'[29] આ સાંભળીને અને અહમદશાહ એકાએક આવી ચડવાથી સુલતાન હોશંગ માળવા પાછો નાસી ગયો અને રાજાઓ વિખેરાઈ ગયા. આ બનાવ હિ સ ૮૧૯ ના રજબ માસની ૧૬ મી તારીખે બન્યો.[30]

પરંતુ આ વખતનો બળવો સામાન્ય નહોતો. એણે મોટું અને ગંભીર સ્વરૂપ ન પકડ્યું તેનું કારણ સુલતાન અહમદશાહની ઝડપી કૂચ અને તાત્કાલિક નિર્ણય. એટલે મોડાસા આગળ બળવાખોરો વિખેરાયા એટલામાં તો સોરઠથી ખબર આવી કે આ બધી અવ્યવસ્થાનો લાભ લઈને ત્યાંના રાજાએ ખંડણી આપવી બંધ કરી છે અને બળવો ઉઠાવ્યો છે. એ જ વખતે બીજી બાજૂથી સમાચાર

---

૨૮. તબકાતે અકબરી, પૃ. ૧૯૭.

૨૯. મિરાતે સિકંદરી, ગૂ. ભા. પૃ ૩૧. ઇ ભા. પૃ. ૧૦૧. અં. ભાષાંતરમાં અમદાવાદ લઈ જવાનું નથી લખ્યું પણ ગુજરાત અપાવવાનું લખ્યું છે. તબકાતમાં હોશંગશાહનુ આ વાકય લખ્યુ નથી, પણ રાજાઓને બોલાવી ધમકાવ્યા અને માથુ ખંજવાળ્યું અને પછી નાસી ગયો, એટલું લખ્યું છે.

૩૦. તબકાતમાં આ તારીખ નથી આપી. અ. ભાષાંતરમા સિકંદરીમાં તારીખ અને ૮૧૯નું વર્ષ આપ્યું છે, જ્યારે ગૂ ભા.માં તારીખ એ જ પણ વર્ષ ૮૨૦ આપ્યુ છે. તે ભૂલ જણાય છે.

આવ્યા કે આદીનખાનના પુત્ર નસીરે સુલતાન હોશંગના પુત્ર ગઝનીખાનની મદદથી તાલનેરના કિલ્લા ઉપર હુમલો કર્યો છે અને તે કિલ્લો લઈ લીધો છે અને નાંદોદના રાજાની સલાહથી સુલતાનપુર નંદરબાર—ખાનદેશના ગુજરાત તાબેના ભાગ—ઉપર ચડાઈ કરી છે નસીરખાનના ભાઈ ઇફ્તીખાર ઉલ્મુલ્કની ખટપટથી તાલનેરનો કિલ્લો પડ્યો છે[31] અને આસપાસના પ્રદેશમા લૂંટફાટ શરૂ કરી છે આ બધા સમાચાર સાંભળીને સુલતાન અહમદે ખાનઆઝમ મહમૂદખાનને મોટું લશ્કર આપીને સોરઠ ઉપર મોકલ્યો, અને એણે ખંડણી વસૂલ કરવાનું કાર્ય પાર ઉતાર્યું બીજી બાજૂ તુરત જ સુલતાને મલીક મહમૂદ બરકી અને મુખ્લીસ ઉલ્મુલ્ક નેકર[32] બીજુ લશ્કર આપીને નસીરની સામે ખાનદેશ તરફ મોકલ્યા આ લોકોએ રસ્તામાં પહેલો નાંદોદના રાજાના મુલકને તારાજ કર્યો, કારણ કે એ રાજાએ નસીરને આ તરફ ઉશ્કેર્યો હતો નાંદોદનો રાજા નબળો હોવાથી એણે તાબે થઈ તુરત જ ખંડણી આપવી શરૂ કરી

ખાનદેશ સાથે સઘર્ષ

આ બાજૂ મહમૂદ બરકી અને મુખ્લીસ ઉલ્મુલ્ક ખાનદેશ તરફ આગળ વધ્યા એટલે ગઝનીખાન નાસી ગયો અને નસીર તાલનેરના કિલ્લામા ભરાઈને લડવા તૈયાર થયો આ વેળા લશ્કરો

31 તબકાતે અકબરી પૃ ૧૯૭–૧૯૯ સિકંદરી ૬ આ ૩૧ અ આ પૃ ૧૦૧ સિકંદરીમા નસીરને આદીલખાનના પુત્રને બદલે રાજા મલીકનો પુત્ર કહ્યો છે। એ ખાનદેશના ફારૂકી વંશનો પહેલો સુલતાન હતો ૬ આ મા તાલનેરને બન્ને થાનેશ્વર લખ્યુ છે તે ભૂલ છે

32 સોરઠ અને ખાનદેશ બાજૂ મોકલેલા સરદારોના નામોમા તબકાતે અકબરી અને સિકંદરીનો ૬ તરજુમો એ બન્ને મળે છે જ્યારે બેલીનો અમેજી તરજુમો આ નામો આપતો બે છે એ લખે કે ખાનઆઝમ મહમૂદખાનને ખાનદેશ મોકલ્યો, બીજા બેને સોરઠ મોકલ્યા એમ લખે છે બેલીની આ ભૂલ લાગે છે

ચાલવાથી આખરે નસીર કંટાળ્યો અને મલીક મહમૂદ બરકીની સિફારશથી છેવટે અહમદશાહે એની સાથે સલાહ કરી અને થાલનેર એને નસીરખાનનો ઇલકાબ આપ્યો.[૩૩] ખાનદેશનો રાજા આ રીતે ગૂજરાતનો તાબેદાર થયો.

આ એકસંપી બળવાનું પરિણામ

અહમદશાહની જિંદગીમાં આખો વખત જે લડાઈઓ થયા કરી છે તેમાં આ વર્ણન કરી એ લડાઈઓ સૌથી મહત્ત્વની હતી. તવારીખકારોએ એનુ વર્ણન બરાબર વિગતથી કર્યું હોય એમ લાગતુ નથી. ગૂજરાતના રાજાઓએ સંપ કરીને સુલતાન હોશંગને ગુજરાત ઉપર ચડાઈ કરવા બોલાવવો, મોગદમા બળવો જગવો અને નાદોદના રાજાએ નસીરને બોલાવવો, આ બધું આ એક જ મુખ્ય બળવાનું પહેલાંથી વિચારપૂર્વક ગોઠવાયેલુ અને યોજાયેલુ કાર્ય હતું. આ યોજનામાં આ બધી બાજૂના બળવા એક સાથે થાય એવી પણ યોજના હોય એમ જણાય છે, અને તે બધા લગભગ એક સાથે જ થયા છે. આમાં સુલતાત અહમદશાહને ઉખાડી નાંખવા માટે એક-સંપથી મોટો પ્રયત્ન કોઈ મોટા અક્કલવાળાએ યોજેલો છે. સુલતાન અહમદનો આ ભારે આફતમાંથી વિજય થાય છે એનાં માત્ર બે જ કારણો જણાય છે: એક તો એનાં સગાઓએ બળવામાં પહેલાંની પેઠે ભાગ લેવાને બદલે એને મદદ કરી; બીજું એણે ઝડપી નિર્ણયો કરી જગપણ વિલંબ કર્યા વગર ચારે બાજૂએ લશ્કરો મોકલી હોશિયારીથી બળવા દબાવી દીધા. સુલતાન હોશગ અસ્થિર મનનો અને દગાખોર હોવાથી જ આટલી મદદ મળવા છતા જીતી શક્યો નહિ આ બળવામા ગૂજરાતના લગભગ બધા મોટા રાજાઓએ પણ સંપથી ભાગ લીધો એ નોધવા જેવી વાત છે, અને સમયસૂચકતાથી

૩૩. તમકાતે અકબરી. પૃ ૧૯૯. સિકંદરી. ગૂ. ભા. ૩૧–૩૨. અ. ભા. પૃ. ૧૦૨.

બધા તાબે થયા એ પણ વિચિત્ર ઘટના છે આ બળવો શાંત થવાથી ગુજરાતની હદની અંદર અહમદશાહને ખાસ મોટા દુશ્મનો રહ્યા નહિ, અને ગુજરાતના હિંદુ રાજાઓને પણ આ બળવાથી છેવટનુ સમજાયું કે ગુજરાતમા હવે મુસલમાન મહારાજ્ય સ્થિર થયુ છે અને એમનો પોતાનો પ્રયત્ન વ્યર્થ ગયો છે [34]

માળવાને તાબે કરવાનો નિશ્ચય

બળવાઓના ઝંઝાવાતમાથી મુક્ત થઈ શાંતિમા શ્વાસ ખાવાને બદલે સુલતાન અહમદે આ બધા બળવાઓમા હમેશ તૈયાર થઈ તોફાન મચાવનાર મુખ્ય પુરુષ માળવાના સુલતાન હોશંગશાહને બરાબર શિક્ષા કરીને ઠેકાણે લાવવાનો નિશ્ચય કર્યો અને હિ સ ૮૧૭ ના સફર માસમા માળવા તરફ ઉપડવાની તૈયારી કરી [35] આ વખતે પહેલાંના બળવો ઉઠાવનારા હિંદુ રાજાઓ, ઈડરના રણમલનો

34 તબકાતે અકબરી પૃ ૧૯૮ નો ૧ તબકાતે અકબરીનો અંગ્રેજી તરજૂમો કરનાર બ્રિજેન્દ્રનાથ દે ફિરિશ્તા વગેરે ઉપરથી આ પ્રમાણે જ મત ધરાવે છે અને અહમદશાહ સામે થયેલા આ એક સાથેના બળવાને ઘણુ મહત્ત્વ આપે છે કેમ્બ્રિજ હિસ્ટ્રી ઓફ ઈંડિયા પૃ ૨૯૬–૨૯૭મા પણ આ વાતને ટેકો મળે છે પરંતુ એમા મલીક રાજા ઉર્ફે આદીલશાહને રાજા અહમદ કહ્યો છે અને ઇફ્તીખાર ઉલ્મુલ્કને હસન કહ્યો છે મલીક રાજાએ પોતાના મુલકનો પૂર્વનો ભાગ નસીરને આપ્યો અને પશ્ચિમનો ભાગ હસનને આપ્યો નસીરે ઈ સ ૧૪૦૦ મા બુરહાનપુર વસાવ્યું અને આસીરગઢનો કિલ્લો હિંદુ રાજા પાસેથી લઈ લીધો હસને તાલનેરમા નિવાસ કર્યો નસીરે હોશંગશાહ જે એનો બનેવી થતો હતો તેની મદદથી તાલનેર લીધુ (ઇ સ ૧૩૧૭મા) અને હસનને કેદ કર્યો તે પછી સુલતાન અહમદે તાલનેર ઉપર ચડાઈ કરી ને નસીરને હરાવ્યો ને સલાહ કરી હસન તે પછી ગુજરાતમા આવી રાજકુટુંબ સાથે લગ્નસબંધથી જોડાઈ ગુજરાતમા જ રહ્યો નસીરની અહમદશાહ સાથેની તકરારને લીધે માળવા સાથે ખાનદેશનો સબંધ બગાડ્યો

35 તબકાતે અકબરી પૃ ૧૯૯

પુત્ર રાવ પૂંજા, ચાંપાનેરનો ત્ર્યંબકદાસ, અને નાંદોદના રાજાએ,[૩૬] સુલતાનને પોતાની વફાદારી બતાવવા પોતાના વકીલોને મોકલ્યા અને બેવડી ખંડણી[૩૭] આપી. સુલતાન અહમદશાહે પણ વખત વિચારીને, રાજનીતિને અનુસરીને,[૩૮] આ લોકોની વાત કબૂલ રાખી. માત્ર માંડલ–ઝાલાવાડ–ના રાજાએ આ વખતે સુલતાનને વફાદારી બતાવી નહિ.[૩૯] અહમદશાહે વઝીર નિઝામુલ્મુલ્ક[૪૦] ને પાટનગર અમદાવાદમાં કુલ સત્તા સાથે મૂક્યો અને ઝાલાવાડના રાજાને સજા કરવાનું કામ એને સોંપી પોતે માળવા તરફ ઊપડ્યો.

માળવા સાથે લડાઈ

સુલતાન અહમદનું લશ્કર કૂચ ઉપર કૂચ કરીને માળવામાં ઉજ્જનના પ્રદેશમાં કાલિયાદેહ[૪૧] નદીને કિનારે આવી પહોંચ્યું. ત્યાં

---

૩૬. તબકાતમાં આ રાજાઓએ સુલતાનને વફાદારી બતાવી એમ લખે છે, જ્યારે સિકંદરી બન્ને તરજૂમામાં પોતાના પ્રતિનિધિઓ મોકલ્યા એમ લખે છે અને વધારામાં તેમના નામ આપે છે. ઈડરના રાજા તરીકે રણમલને બદલે પૂંજાનું નામ આપે છે તેથી રણમલ આ વખત પહેલાં મરણ પામ્યો હશે.

૩૭. સિકંદરી માત્ર ખંડણી મોકલી એમ લખે છે, જ્યારે તબકાત બેવડી ખંડણી મોકલ્યાનું લખે છે.

૩૮. સિકંદરી બન્ને ભાષાંતરોમાં આમ લખે છે; તે ઉપરથી સુલતાને વખત વિચારીને આ સલાહ કરી લાગે છે, ખરા અંતઃકરણથી નહિ. બેલીના અંગ્રેજી તરજૂમામાં from motives of policy એમ સ્પષ્ટ લખે છે, તબકાત આ બાબતમાં સ્પષ્ટ નથી.

૩૯. માંડલના રાજાની આ વાત માત્ર તબકાત લખે છે અને સિકંદરીમાં તેનો ઉલ્લેખ નથી.

૪૦. સિકંદરી મલીક ઝિયાઉદ્દીન નિઝામુલ્મુલ્ક એવું નામ લખે છે. માંડલના રાજાને સજા કરવાની વાત માત્ર તબકાતમાં જ લખી છે,

૪૧. તબકાતે અકબરી કાલિયાદેહ ગામ કહે છે. પૃ. ૧૯૯ની નોંધમાં ભાષાંતરકાર લખે છે કે સિકંદરીમાં બેલી ઉજ્જન કાલિયાદેહ નદી ઉપર આવેલું છે એમ લખે છે. આ ભૂલ છે. બેલી ઉપર પ્રમાણે કાલિયાદેહ નદી ઉજ્જનના પ્રદેશમાં છે એટલું જ લખે છે, ગુ. ભા. પણ એમ જ લખે છે.

સુલતાન હોશંગ ખાડા ટેકરાવાળી જમીનમાં પોતાની લશ્કરની આસપાસ ઊંડી ખાઈ ખોદીને પડયો હતો અને મોટાં મોટાં ઝાડ કાપીને તેના થડનો કોટ પણ કર્યો હતો. સુલતાન અહમદની વ્યૂહરચનામાં અમીર મહમૂદ બરકી જમણી પાંખ સાચવતો હતો અને ઇમાદુલ્મુલ્કના પુત્ર ફરીદને ડાબી પાંખની નેતાગીરી સોંપી હતી. લશ્કરનો વચલો ભાગ નસીરુદ્દીન અદુદ્દૌલાના હાથમાં હતો. સુલતાને આ વ્યૂહરચનાનું નિરીક્ષણ કર્યું ત્યારે ફરીદ ડાબી પાંખ તરફ પોતાની જગ્યાએ જણાયો. તેથી સુલતાને તેને તેડું મોકલ્યું અને તેના બાપનો ઇમાદુલ્મુલ્કનો ખિતાબ લેવા અને તેનો પોશાક ધારણ કરવા તુરત બોલાવ્યો. ફરીદ આ વખતે તેલમર્દન કરાવતો હતો તેથી એણે થોડી વાર રહીને આવવા જણાવ્યું. સુલતાનને આથી ખોટું તો લાગ્યું, પણ વખત વિચારી એણે ફરીદ નગર જ બાપના લશ્કરને માળવાના લશ્કર ઉપર હુમલો કરવાનો હુકમ આપ્યો. આ લડાઈમાં બંને દેશના બાદશાહો જોડાયા હતા અને લડાઈ જોરમાં ચાલતી હતી એવામાં ગુજરાતી લશ્કરનો એક હાથી માળવી લશ્કર ઉપર ધસ્યો અને એણે માળવાના હયદળને ગભરાવીને છિન્નભિન્ન કરી નાખ્યું. આ વખતે હોશંગશાહના પુત્ર ગઝનીખાને બહાદુરી બતાવી આ ગુજરાતી હાથીને મારી નાખ્યો, એટલે માળવાનું લશ્કર ચારે બાજૂથી ભેગું થઈ ગુજરાતના લશ્કર ઉપર તૂટી પડ્યું અને ગુજરાતના લશ્કરની ભારે ખુવારી થઈ. આ કટોકટીના વખતે ફરીદ પોતાની ટુકડી લઈને લડાઈમાં પડવાનો રસ્તો શોધતો હતો, પણ તેને જડતો ન હોતો.[૪૨]

૪૨. તબકાતે અકબરી પૃ. ૧૯૯-૨૦૧. મિરાતે સિકંદરી બંને બાબાતેરોમાં આ લડાઈનું વર્ણન જરા ટૂંકામાં આપ્યું છે. અહમદશાહના લશ્કરમાં માત્ર ફરીદ ઇમાદુલ્મુલ્કનું જ નામ આપ્યું છે, ઉપર આપેલાં બીજાં નામો તબકાતે જ આપ્યાં છે. ગુજરાતના હાથીની વાત પણ તબકાતમાં જ આપી છે.

તેમાં વિજય

છેવટે તપાસ કરતાં એક માણસે એને સુલતાન હોશંગના લશ્કરની પાછળથી રસ્તો છે એમ કહ્યું અને ફરીદને એ વાત પસંદ પણ આવી. એ રસ્તે જઈને ફરીદ માળવાના લશ્કર ઉપર પાછળથી એકાએક તૂટી પડ્યો અને લશ્કર ગભરાઈ જતા નાસભાગ થઈ અને હોશંગ પોતે પણ માંડુ તરફ નાસી ગયો. આમ ફરીદે બાજી એકાએક બદલી નાંખી અને ગૂજરાતના લશ્કરનો વિજય થયો. ઘણો સરંજામ ગૂજરાતના હાથમા આવ્યો અને ગૂજરાતીઓ માળવાના નાસતા લશ્કરની પાછળ પણ પડયા. આ વખતે વર્ષાઋતુની શરૂઆત નજીક આવવાથી સુલતાન અહમદે આ લડાઈ વધારે ન લંબાવતાં ગૂજરાત પાછા જવાનું નક્કી કર્યું. એ લોકોએ માંડુની આસપાસનો મુલક તારાજ કરી લૂંટયો અને ફૂલફળાદિ વગેરેના ઘણાં ઝાડ કાપી નાખ્યા. પાછા ફરતાં રસ્તામાં ખેતરોના પાકને પણ કચરી નાખી ઘણુ નુકસાન કર્યું. ગૂજરાતની હદમાં પેસતાં ચાંપાનેર અને નાંદોદના મુલકને પણ આ પ્રમાણે નુકસાન કર્યું.[૪૩] આ ઉપરથી એમ લાગે છે કે આ રાજાઓ સાથે સુલતાન અહમદે જે સલાહ માળવાની લડાઈ લડતા પહેલા કરેલી તે માત્ર નામની જ હતી. વિરોધીના મુલકને લૂંટવો, તારાજ કરવો અને તેની પ્રજાને રંજાડવી એ જાણે એ જમાનામાં લશ્કરી કૂચનો સામાન્ય નિયમ હોય એમ જણાય છે આ વિજય પછી અહમદશાહે અમદાવાદમાં ભારે ખુશાલીથી પ્રવેશ કર્યો આ વિજય માળવાના સૈન્ય ઉપર મેળવેલો માત્ર તાત્કાલિક વિજય હતો, માળવા દેશ ઉપરનો વિજય ન હોતો.

---

૪૩. તબકાતે અકબરી, પૃ. ૨૦૧. માળવાથી પાછા ફરતાં માળવા અને ગૂજરાતના રાજાઓના પ્રદેશમાં કરેલુ આ નુકસાન સિકંદરીમાં આપ્યુ નથી, માત્ર તબકાતમાં જ આપ્યુ છે. સિકંદરી માળવાનો મુલક ઉજ્જડ કર્યાનો સહેજ ઉલ્લેખ કરે છે.

ચાંપાનેર ઉપર ચડાઈ

થોડા જ વખત પછી હિ સ ૮૨૧ (ઈ સ ૧૪૧૮) માં અહમદશાહે ચાંપાનેર-પાવાગઢના કિલ્લાને ઘેરો ઘાલ્યો ત્યાંનો રાજા ત્ર્યંબકદાસ થોડા વખતમા જ શરણે આવ્યો અને ખંડણી ઉપરાંત ચડાઈનું ખર્ચ આપવાનું કબૂલ્યું તવારીખકારો આ ચડાઈ ટૂંકેથી પતી ગઈ એનું કારણ એવું આપે છે કે સુલતાનના મનમા હજી માળવાના માંડુગઢનો સંપૂર્ણ વિજય કરવાનો વિચાર હતો[44] તેથી તેણે ચાંપાનેર ઉપર પોતાનું બળ વાપરવાનું ઠીક ધાર્યું નહિ માળવા અને ગુજરાતની સરહદ ઉપર આ મજબૂત કિલ્લો હિંદુ રાજાના હાથમાં હતો અને માળવા સાથેના હમેશના અણબનાવ અને રાજાની વલણની અસ્થિરતાને લીધે ગુજરાતના સુલતાને આ કિલ્લો લેવા હમેશ ધાર્યું હોય તે બનવાજોગ છે પણ તે કાર્ય અહમદશાહના વખતમા પાર પડ્યું નહિ, એ તો છેક મહમૂદ બેગડાના સમયમા પાર પડ્યું આ નાની અને સામાન્ય લડાઈમા પણ સુલતાનના લશ્કરે આસપાસના મુલકમા લૂટફાટ ચલાવી એ સમયનો આ એક વિચિત્ર ક્રમ જ હતો

કારણ વગરની સંખેડાની લૂટ અને લોકોને ત્રાસ

હિ સ ૮૨૨ના સફર માસની ૧૯ મી તારીખે[45] (ઈ સ ૧૪૧૯ અહમદશાહે સંખેડા બહાદુરપુર ઉપર ચડાઈ કરી એ પ્રદેશને તારાજ કરી ત્યા ભારે લૂટ ચલાવી અને જુમા મસ્જિદ બંધાવવા

---

૪૪ તબકાતે અકબરી પૃ ૨૦૧-૨૦૨ સિકંદરી, ગૂ ભા પૃ ૩૩ અ ભા બેલી પૃ ૧૦૪ સિકંદરીમા આ ચડાઈની તારીખ પહેલી જમાદ હિ સ ૮૨૧ આપી છે

૪૫ સિકંદરીમા આ તારીખ આપેલી છે જ્યારે તબકાતે અકબરીમા સફર માસની શરૂઆતમા એટલું જ લખ્યું છે

માંડી[૪૬] આ લડાઈ સુલતાને શા ઉદ્દેશથી કરી હતી તે તવારીખોમાં જણાવ્યુ નથી પરંતુ ત્યાં કોઈ રાજાને હરાવવાનો હોય એવું કારણ નથી. ખરી રીતે આ ચડાઈમાં કાંઈ લડાઈ થઈ જ નથી અને વગર લડાઈએ લોકો તાબે થયા છે એમ કહેવાય છે કે આ ચડાઈમાં લશ્કરને ઘણી ભારે લૂંટ મળી. કોઈએ હીરાની કોથળીઓ ભરી લીધી તો કોઈએ ભારે કાપડથી ઘોડાને તંગ કરી લીધા. ઘણા લોકોને ગુલામ તરીકે પણ પકડયા[૪૭] અહમદશાહના અમલની બધી ચડાઈઓમાં આ ચડાઈ એના ચારિત્ર્યને નામોશી લગાડે તેવી છે અને એનુ ખાસ કારણ કાંઈ જણાતું નથી ખાસ કારણ શોધવા જઈએ તો માત્ર એટલું જડે કે સંખેડાનો ભાગ માળવા તરફ જવાના રસ્તા ઉપર અને તે સમયે ચાપાનેર કે નાંદોદના રાજાની હદમાં હોય અને એ રાજાઓ ઘણી વાર બળવા કરતા હોવાથી એનો મુલક તારાજ કર્યો હોય; જો કે આ અનુમાનને આધાર નથી. સામે ન લડનારા લોકોને લૂંટવાનું કાર્ય મોટા રાજ્યકર્તાની આબરૂ વધારતું નથી સંખેડામાં સુલતાને કિલ્લો બંધાવ્યો. તે પછી તુરત રબી ઉલ અવલ માસની ૧૧ મી તારીખે સંખેડાથી માંકણી ગામ પાસે પડાવ

૪૬. તબકાત અને સિકંદરીના અંગ્રેજી ભાષાંતર બન્નેમાં ૨૭ મી સફરે એટલે ઉપરની તારીખથી ચોથે દિવસે મસ્જિદનો પાયો નાંખવાનું લખે છે. ગૂ. સા માં આ તારીખ નથી આપી, આ ચડાઈમાં કોઈ સામે થયું નથી તેથી બે ત્રણ દિવસની લૂંટ માત્ર થઈ હોય એમ જ સમજાય છે.

૪૭. તબકાતે અકબરી પૃ. ૨૦૨ માં માત્ર લૂંટ કરી એટલું લખ્યુ છે. સિકંદરી અં. ભા. માં બેલીએ પણ બીજી વિગત નથી આપી, પણ ફૂટનોટમાં લખે છે કે આ વર્ણન હુસ્ની શિરાઝીની અહમદશાહીમાં છે તેથી બીજા ભાગમાં આપીશું. પરતુ ગૂ. સા. માં ભારે લૂંટનું વર્ણન ઉપર મુજબનું આપ્યું છે. લશ્કરના દરેક જણને ભારે લૂટ મળી. વધારામાં ગૂ. સા.માં (પૃ. ૩૩) લખ્યું છે કે ગુલામ પકડાય તેમાં 'મોરનાં પીછા જેવી ઘણી ખૂબસૂરત સ્ત્રીઓને પણ પકડીને લઈ ગયા.' અહીં કોઇ સત્તા સામી ન થયાથી આ ત્રાસ લોકોને જ ખમવો પડયો હોવો જોઈએ.

નાંખ્યો અને માકણીનો કિલ્લો લશ્કરી થાણા માટે બાંધવાનો હુકમ કર્યો[૪૮] આ કિલ્લો લશ્કરી મહત્ત્વને લીધે, માળવા તરફના આક્રમણથી ગુજરાતનું રક્ષણ કરવા માટે બંધાયો લાગે છે સખેડા અને માકણીમાં સુલતાને કાજી વગેરે ધર્માધિકારીઓ પણ નીમ્યા માળવાના રસ્તામાં પણ કેટલાક હિંદુઓને સજા કર્યાનું તવારીખકાર લખે છે[૪૯]

આગળ ચાલતાં સુલતાન હોશંગે મોકલેલા એલચીઓ મોલાના મુસા અને અલી હમીદ મળ્યા આ લોકોએ સુલતાન હોશંગનાં કાર્યો માટે માફી માગી અહમદશાહના વજીર નિઝામુલ્મુલ્ક, અને બીજા અમીર મલીક મહમૂદ અને મલીક હાજિમુદ્દીનને[૫૦] પણ આ એલચીઓએ એલચીઓને ટેકો આપીને મધ્યસ્થી કરી આ લોકોએ બાદશાહને એમ સમજાવ્યું કે એક ઇસ્લામી રાજાએ બીજા ઇસ્લામી રાજા ઉપર વિનાકારણ ચઢાઈ ન કરવી જોઈએ[૫૧] અહમદશાહે આ ઉપરથી

૪૮ તા. ૧૧ મીએ માકણી ગામમાં કિલ્લાનો પાયો નાખ્યો અને તા. ૧૨ મીએ એટલે બીજે જ દિવસે માળવામાં માંડુ તરફ સુલતાન ઊપડ્યો માકણી ગામમાં આજે પણ મસ્જિદ જોવામાં આવે છે એમ કહેવાય છે સખેડા એ મેવાસનો ભાગ છે માળવાની લશ્કરની સાથ આ પ્રદેશની લૂંટનો કાંઈ સંબંધ હોવો જોઈએ નહિ તો ખાલી પ્રજાને લૂંટે એવું કાર્ય અહમદશાહના અમલમાં બને એ જરા વિચિત્ર લાગે છે

૪૯ તબકાત કાંડુ Kantu નામે ટેકાના લોકો લખે છે નોંધમાં સાત પૂ. ૧ લખે છે સિકંદરીમાં આ માટે કાંઈ નથી

૫૦ તબકાતે અકબરી પૃ. ૨૩ મલીક મહમૂદ તુર્ક લખે છે જ્યારે સિકંદરીમાં આ નામો જુદાં જ આપ્યાં છે તેમાં મૌલાના મુસા અને અલી જમેદાર એવાં નામ આપ્યાં છે જમેદાર એટલે ખજાનચી એવો અર્થ બેલીએ કર્યો છે (પૃ. ૧૦૫)

૫૧ આ કારણ તબકાતે અકબરીમાં (પૃ. ૨૦૩)માં આપ્યું છે સિકંદરીમાં બીજા વખતે આવું કારણ આપેલું હતું આ વખતે આપ્યું નથી એ સૂચક છે તબકાત બધા વર્ણનમાં નીરસ રંગે છે પણ કોઈ વાર બુદ્ધિમાં ન ઊતરે એવું કારણ આપે છે અહમદશાહે હવે પછીનો મોટો હુમલો માળવા ઉપર કર્યો છે એટલે કારણ જાય છે ખરું કારણ કદાચ તૈયારી બરાબર ન હોય એવું લાગે છે

તાત્કાલિક તો માળવા ઉપર ચડાઈ કરવાનો વિચાર માંડી વાળીને હોશંગશાહને મીઠો પત્ર લખ્યો અને અમદાવાદ તરફ પાછા ફરતાં રસ્તામાં ચાંપાનેર પાસે થોડો વખત પડાવ નાખીને રસ્તામાં આવતાં મૂર્તિઓનાં મંદિરો તોડતો[૫૨] અમદાવાદ આવી પહોંચ્યો.[૫૩]

---

૫૨. તબકાતમાં ચાંપાનેર પાસે પડાવ નાંખ્યો એમ લખે છે અને જતી વખતે રસ્તામા મંદિર તોડયાં એમ લખે છે. તબકાતમાં અહમદશાહે મંદિરો તોડયાનો આ એક જ ઉલ્લેખ નજરે પડે છે. સિકંદરીમાં બીજી જગ્યાએ આવા ઉલ્લેખો છે તે આગળ જોઈશું, પણ આ વખતે મંદિરો તોડયાનો ઉલ્લેખ નથી; તેને બદલે ચાંપાનેરનો જ મુલક તારાજ કરવા હુકમ કર્યો એમ બન્ને ભાષાંતરો લખે છે.

૫૩. સિકંદરી મજકૂર સાલના રબી ઉલ આખર માસમાં સુલતાન અમદાવાદમાં આવ્યો એમ લખે છે.

પ્રકરણ ૨૧ મુ

અહમદશાહનો અમલ અને લડાઈઓ (ચાલુ)

અહમદશાહના અમલની લડાઈઓનો હજી અંત આવ્યો નહોતો. અને બળવાઓ અને લડાઈઓને લીધે એને પૂર્વની સરહદ ઉપર રક્ષણના કિલ્લાઓની જરૂર જણાઈ હતી જે જે બાજુથી એને અશાંતિ અને બળવાની શંકા હતી તે બાજુએ કિલ્લા બાંધી રાજધાની અમદાવાદને સુરક્ષિત કરવું એ એનું મુખ્ય કર્તવ્ય લાગ્યું હતું માળવા સાથેના વિચિત્ર સંબંધને લીધે અને મેવાસી ભીલ લોકોના તોફાનોને લીધે પૂર્વ તરફના ભાગોમાં આવા કિલ્લાઓની વધારે જરૂર લાગી હતી એટલે હિ સ ૮૨૩ થી ૮૨૫ સુધીનાં આશરે ત્રણ વર્ષ એણે દેશમાં બંદોબસ્ત માટે કિલ્લાઓ બંધાવવામાં ગાળ્યાં આ કાર્ય પોતાના જ દેશમાં બંદોબસ્ત માટેનું હોવા છતાં લશ્કરી હિલચાલને લીધે કોઈ કોઈ જગાએ લોકોને ત્રાસ વેઠવો પડ્યો[1]

કિલ્લાઓ બંધાવ્યા

પહેલો કિલ્લો મહી નદીને કિનારે જિતૂરનો બંધાવ્યો[2] તે પછી

---

[1] આ ત્રાસની બાબત તબકાતમાં નથી લખી સિકંદરીમાં બન્ને ભાષાંતરોમાં લખ્યું છે કે જ્યાં જ્યાં લોકો સામા થયા ત્યાં તેમને દબાવી દીધા અને મૂર્તિઓ અને મંદિરો તોડીને ત્યાં મસ્જિદો બંધાવી સિકંદરી ગૂ ભા પૃ ૩૪ અં ભા બેલી પૃ ૧૦૫

[2] તબકાતે અકબરી પૃ ૨૦૩ સિકંદરીના ગૂ ભા મા મહી નદીને બદલે સિનોર પરગણામાં સિનોરમાં કિલ્લો બાંધ્યો એમ લખે છે અં ભા મા બારા સનવાડ પરગણામાં જતૂરનો કિલ્લો બાંધ્યો એમ લખે છે રાસમાળામાં બારિયા પરગણામાં જિતૂર એમ લખે છે અને એક શિવપુરનું નામ પણ લખે છે

ડુંગરી પ્રદેશમાં ધામોદ[3] ગામ વસાવી ત્યાં કિલ્લો બંધાવ્યો. કારઠા[4] ગામમાં અલ્લાઉદ્દીનના વખતમાં અલપખાન સંજરે બંધાવેલો કિલ્લો જીર્ણ થઈ ગયો હતો તેની મરામત કરાવી મજબૂત કર્યો અને તેનું નામ સુલતાનાબાદ રાખ્યું.[5] આ બધા કિલ્લાઓમાં થાણાં મૂકીને સુલતાન રાજધાની તરફ ઊપડ્યો. રસ્તામાં ચાંપાનેર પાસે આવીને હિ. સ. ૮૨૪ ની આખરે (૧૪૨૧) માં ત્યાંના રાજા પાસેથી ખંડણી વસૂલ કરીને હિ. સ. ૮૨૫ ના સફર માસની ૧૯ મી તારીખે સંખેડા આવ્યો અને ત્યાં બીજી જુમામસ્જિદનો પાયો નાંખ્યો.[6]

માળવાની મોટી લડાઈની શરૂઆત

આ વખતે માળવાથી એવા સમાચાર આવ્યા કે સુલતાન હોશંગ રાજધાનીમાં કે દેશમાં નથી, અને એ ક્યાં ગયો છે તેની પણ કોઈને ખબર નથી આમ માળવા નધણિયાતુ છે એવા સમાચારથી લલચાઈને સુલતાન અહમદે માળવા ઉપર ચડાઈ કરવાનો સારો લાગ

---

૩. તબકાત અને સિકંદરીના અં. ભા. માં ધામોદ લખ્યુ છે. ગૂ. ભા.માં ધામોધ લખીને કૌસમાં દાહોદ લખ્યું છે. પરંતુ દાહોદ વસાવ્યુ હોય એમ બને નહિ. દાહોદમાં કિલ્લો બધાવે તે શક્ય છે. દાહોદ સરહદ ઉપર પણ છે. છતાં નવું વસાવ્યું હોય તો ધામોદ કોઈ બીજુ સ્થળ હોવું જોઇએ.

૪. તબકાત 'કારીઠ' Karitha લખે છે. સિકંદરી અ. ભા. Kareth લખે છે. ગૂ. ભા. કારઠા લખે છે. રાસમાળા Karieh લખીને ખેડા કે કડી હોવાનો તર્ક કૌંસમાં કરે છે. આ સ્થળ નક્કી થતુ નથી.

૫. તબકાત અને સિકંદરીમાં આ બાબત એકમત છે.

૬. તબકાતે અકબરી પૃ. ૨૦૪. સિકંદરીમાં અમદાવાદ આવ્યા પછી માળવા ઉપર ફરી ચડાઈ કરતી વખતે ચાંપાનેર ગયો એમ લખે છે.

છે⁷ એમ જાણી હિ સ ૮૨૫ ના રબી ઉલ અવ્વલ માસમા (ઈ સ ૧૪૨૨) કૂચ કરીને ચોળ મહેશ્વર પાસે આવીને પડાવ નાખ્યો અને એ કિલ્લાને ઘેરો ઘાલ્યો આ કિલ્લો માળવાની રાજધાની માંડુગઢ જવાના રસ્તામા આવતો હતો એટલે એને વહેલો લેવા નિશ્ચય કર્યો⁸ આ કિલ્લાનો થાણુદાર રક્ષણ કરી શકે તેમ ન હોવાથી એણે અહમદ શાહને શરણે જઈને કિલ્લાની ચાવી સોંપી દીધી અહમદશાહે કિલ્લાના રક્ષણ માટે થોડુ લશ્કર રાખીને રબી ઉલ આખર માસની ૧૭ મી તારીખે માંડુગઢની તળેટીમા પડાવ નાખ્યો, અને લશ્કરની ટુકડીઓ ચાર તરફ મોકલીને દેશને તારાજ કરવા માડ્યો વર્ષાઋતુ આવી પહોંચતા માળવાના મોટા મથક ઉજ્જન તરફ જઈને અહમદશાહે એ તરફનો ભાગ પણ કબજે કર્યો અહમદશાહે દીપાલપુરનો વિભાગ મલીક મુખલીસ ઉલ મુલ્કને, કાશ તરફનો ભાગ મલીક ઇમાદુલ્મુલ્ક ફરીદને, અને મહીદપુર જેનુ બીજુ નામ મુહમ્મદપુર હતુ તે વિભાગ મલીક ઇફ્તીખાર ઉલ્મુલ્કને એમ માળવાના વિભાગો પોતાના

---

૭ તબકાતે અકબરી ૫ ૨૦૪-૫ તારીખે અલફીમા આ ચડાઈ પહેલા ઝાલાવાડના રાજા ઉપર અહમદશાહે ચડાઈ કરી એમ લખેલુ છે, પરંતુ તેને સિકંદરી કે બીજા ગ્રંથોનો ટેકો નથી. ઝાલાવાડના રાજાએ મોટી ખંડણી આપી સલાહ કરી એમ લખ્યુ છે તબકાતે અકબરીમા માળવાની ચડાઈનુ કારણ સુલતાન હોશંગનુ શું થયુ હતુ તેની કોઈને ખબર નહોતી અને માળવાના અમીરોએ પ્રદેશ વહેંચી લીધો હતો એમ લખ્યુ છે સર ક્લાઇવ બેલી સિકંદરીના ભાષાંતરની નોંધમા (પૃ ૧૦૬) લખે છે કે અહમદશાહની ચડાઈનુ કારણ સ્પષ્ટ નથી કારણ કે વિનાકારણ એક મુસલમાન દેશ ઉપર અહમદશાહ લડાઈ કરે નહિ પરંતુ બેલી ભૂલી જાય છે કે સુલતાન હોશંગે અહમદશાહને કનડવામા બાકી રાખી નહોતી અને એ વેર અહમદશાહ ભૂલે એમ નહોતુ અહમદશાહની દક્ષિણની લડાઈ વખતે ગુજરાતમા તેની ગેરહાજરીનો લાભ હોશંગે લીધો હતો તો હોશંગની ગેરહાજરીનો લાભ અહમદશાહ શા માટે ચૂકે ?

૮ સિકંદરીમા ચોળી મહેશ્વર લખ્યુ છે તબકાતમા મહિસ્ર Mahisra લખ્યુ છે

અમીરોને વહેંચી આપ્યા.[૯] ખરીફ પાકનું મહેસૂલ પણ વસૂલ કર્યું. માંડુગઢનો ઘેરો ચાલુ હતો તે એક મહિનો અને અઢાર દિવસ ચાલ્યો.[૧૦]

સુલતાન હોશંગની ગેરહાજરી

આ બધો વખત સુલતાન હોશંગ માળવામાં નહોતો; એ ઓરીસામાં—જાજનગરમાં—હાથી પકડવા માટે ગયો હતો.[૧૧] એને ખાતરી હતી કે માંડુગઢનો કિલ્લો કોઈ હુમલો કરનારથી લેવાય એવો નથી. સુલતાન હોશંગ જાજનગરથી હાથીઓ લઈને એકાએક આવ્યો અને તારાપુર દરવાજેથી માંડુગઢમાં પેસી પણ ગયો. સુલતાન અહમદ-

---

૯. તબકાતે અકબરી, પૃ. ૨૦૫. તબકાત અને સિકંદરી માળવાનો ઘણો ભાગ અહમદશાહે કબજે કર્યાનું લખે છે, પરંતુ ઉપરના વિભાગો અમુક અમીરોને વહેંચી આપ્યા તે વિગત માત્ર તબકાતમાં જ છે, સિકંદરીમાં તે બાબત કાંઈ ઉલ્લેખ નથી. વળી જે વિભાગના નામો આપ્યાં છે તેના સ્થળનિર્ણય થયા નથી. કાંઠા Kantba એ કયો ભાગ તે સમજાતું નથી.

૧૦. ખરીફનું મહેસૂલ વસૂલ કર્યાનું તબકાત લખે છે, સિકંદરીમાં નથી. પરંતુ માંડુના ઘેરાની મુદ્દત સિકંદરીમાં છે તે તબકાતમાં નથી

૧૧. આ બાબતમાં તવારીખકારોમાં મતભેદ છે. તબકાતે અકબરી જાજ-નગર હાથી ખરીદવા ગયો હતો એમ લખે છે, સિકંદરી માત્ર હાથી લઈને જાજનગરથી આવ્યો એમ લખે છે. પરંતુ ફિરિશ્તા લખે છે કે ઘેરો ચાલુ હતો તે વખતે જ હોશંગશાહ નાગોરી દરવાજેથી છ હજાર સવારો સાથે નીકળી ગયો અને અહમદશાહની આંખ આગળથી નાસી જવામા એણે પોતાની બહા-દુરી બતાવવા ધાર્યું હતું. તારીખે અલ્ફી હોશંગ સોદાગરનો વેશ લઈ જાજ-નગરથી હાથી લૂંટી લાવ્યો એમ કહે છે ફિરિશ્તા કહે છે કે હોશંગ ગયો અને આવ્યો તેની અહમદશાહને ખબર પણ ન પડી, આવ્યો ત્યારે ખુશાલીનાં વાજા કિલ્લામાં વાગ્યાં ત્યારે એને ખબર પડી.

જાજનગર મહાનદીને કિનારે છે એમ લખે છે. પણ ઓરીસામાં એક જાજપુર છે તે મહાનદીને કિનારે નથી. જાજનગર આજે નથી ઉત્તર ઓરીસાને જાજનગર કહેતા હતા.

શાહ તે વખતે દિલ્હી રાજાની સામે હતો[12] આમ ગૂજરાતી લશ્કરનો ઘેરો છતાં પણ હોશંગશાહ પોતાના કિલ્લામાં પેસી ગયો એટલું તો નક્કી છે કે અહમદ શાહથી માંડુનો કિલ્લો લઈ શકાયો નહિ અને એણે અમદાવાદ મલીક અહમદ અયાઝ ઉપર ફરમાન મોકલીને નાણાં અને સામગ્રી લઈ આવવા કહેવડાવ્યું આ બધા પ્રયત્ન છતાં માંડુનો કિલ્લો લઈ શકાયો નહિ અને અહમદ શાહે સારંગપુર કે જે માળવાની મધ્યમાં હતું ત્યાં જઈ પડાવ નાખી લડાઈ કરવાનો વિચાર કર્યો આ વખતે માળવાનો ઘણો ભાગ અહમદ શાહના અમીરોના હાથમાં તો હતો જ એટલે સુલતાન હોશંગને પણ લાગ્યું કે કિલ્લામાં ભરાઈ રહેવા કરતાં લડાઈ કરવી એ જ ઠીક છે, તેથી એ પણ સારંગપુર આગળ લશ્કર લઈને બીજે રસ્તે આવ્યો[13]

હોશંગનું શરતની અને કપટ લડાઈ

હવે હોશંગે કપટની જાળ પાથરવા માંડી એણે અહમદ શાહ પાસે એલચીઓ મોકલીને નમ્રતાથી સંદેશા મોકલ્યા, અને તાબે થઈ ખંડણી આપવા પણ કબૂલ કર્યું[14] અહમદશાહના સરદારો પણ આમાં છેતરાયા અને હોશંગને માફી આપવા સલાહ આપી આથી નિરાંતે અહમદશાહે પાછા જવાના ઈરાદાથી પોતાના લશ્કરના રક્ષણ માટે ખાઈઓ વગેરે કાંઈ ગોઠવણ કરી નહિ[15] લશ્કરને

---

૧૨ આ દરવાજાઓનાં નામ માંડુના દરવાજાઓનાં છે અને તેમાં પણ તવારીખો એકમત નથી

૧૩ તબકાતે અકબરી પૃ ૨૦૧ તારીખે ફરિશ્તા કહે છે કે ગુજરાતી લશ્કર સારંગપુર આવી પહોંચે તે અગાઉ હોશંગનું લશ્કર આવી પહોંચ્યું હતું

૧૪ ઉપર મુજબ પૃ ૨૦૧ સિકંદરીમાં આ વર્ણન જરા લંબાણથી આપ્યું છે ગુ. આ. પૃ ૩૫-૩૬ અને ના ૧૦૭

૧૫ તબકાતે અકબરી પૃ ૨૦૧ છાવણીની આસપાસ ખાઈ બનાવી નહિ એમ પણ લખે છે સિકંદરીમાં એ લખાણ નથી

ગૂજરાત પાછા ફરવાનો હુકમ કર્યો.[૧૬]

પરંતુ આ સુલેહ થઈ તે જ રાત્રે હોશંગશાહે કપટથી ગૂજરાતના લશ્કર ઉપર હુમલો કર્યો. ગૂજરાતી લશ્કર ગાફેલ હતું. રાત્રે ભયંકર કતલ ચાલી. ગૂજરાતના સૈન્યમાં હાહાકાર થઈ રહ્યો. ગાંડો હાથી છૂટ્યો છે એમ પણ કેટલાકે ધાર્યું. અહમદશાહના લશ્કરનાં ઘણા માણસો મરાયાં, દંડવાણના રાજા ગરાસિયા સામંતરાયની સૌથી ભારે ખુવારી થઈ અને એ પોતે પાંચસો રજપૂતો સહિત માર્યો ગયો[૧૭] સુલતાન અહમદ ઊંઘમાથી જાગ્યો ત્યારે એના તંબૂમાં કોઈ માણસ નહોતા, માત્ર બે ઘોડા બહાર બાંધેલા હતા. એણે પોતાના રિકાબદાર (પેંગડાં ઝાલનાર) મલીક જુના[૧૮]ને એક ઘોડો આપી પોતે બીજા ઉપર સવાર થયો. મલીક મુકર્રબ અહમદ અયાઝ અને મલીક ફરીદની તપાસ કરવાનો એનો ઇરાદો હતો; પણ એટલામા એ બન્ને અમીરો પોતાની ટુકડીઓ સાથે સજ્જ થઈને આવતા દેખાયા. સુલતાને પુરતાં કપડાં પણ પહેર્યાં નહોતાં. મલીક મુકર્રબે પોતાનાં બખતર વગેરે આપી સુલતાનને સજ્જ કર્યો[૧૯] હવે ગૂજરાતના થોડા રહેલા પણ વીર સૈનિકો

---

૧૬. તબકાતમાં પાછા ફરવા માટે કાંઈ લખાણ નથી. સિકંદરીના બન્ને તરજૂમામા પાછા ફરવા હુકમ આપ્યાનુ લખે છે,

૧૭. તબકાતે અકબરી, પૃ. ૨૦૬. સિકંદરી, ગ્ર. ભા. માં દંડારેનો સામત લખે છે. અ. ભા. માં દંડાનો સામંત રાય નામ લખે છે.

૧૮. તબકાતે અકબરી. પૃ. ૨૦૭. સિકંદરીમાં ગૂ. ભા. માં આ નામ મલીક ખુઆન લખ્યું છે. જમાલે અં. ભા. માં જૈનાન નામ લખ્યુ છે. વધારામાં સુલતાનને ઊંઘમાથી મલીક મુનીરે જગાડયો એમ લખ્યું છે. એ નામ તબકાતમા નથી.

૧૯. તબકાતે અકબરી, પૃ. ૨૦૭. આ વાત સિકંદરીમા નથી. પરંતુ સિકંદરીમા સુલતાન આ બન્ને અમીરો ઉપર જરા ગુસ્સે થયો અને બોલ્યો કે "તમારી હોશિયારી ઉપર આધાર રાખીને હુ ગાફેલ રહ્યો, પણ તમે તો મારા કરતા પણ વધારે ગાફેલ છો" તબકાતમાં આ શબ્દો નથી.

લડવાને તૈયાર થઈ રહ્યા આ બનાવ તા ૧૨ મી મોહરમ ૮૨૬, ૨૬ ડિસેમ્બર ૧૪૨૨ ને રોજ બન્યો

અહમદશાહનો વિજય

હવે પરોઢ થવાને થોડી જ વાર હતી તેથી સુલતાને થોડો સમય ગાઢ જોના કહ્યુ અને મલીક જુનાને હોશંગની તપાસ કરવા મોકલ્યો એની તપાસમા એવી ખબર આવી કે હોશંગ અહમદશાહના તબૂ નજીક આવ્યો છે અને હાથીઓ તથા ઘોડા સાથે તૈયાર થયેલો છે એનુ લશ્કર અહમદશાહની છાવણી લૂટવામા મશગૂલ બનેલુ છે આ સમાચાર સાભળીને અહમદશાહે માળવાના સુલતાન ઉપર હુમલો કરવાનો હુકમ આપ્યો અને મલીક મુકર્રબ અને ફરીદના ખાસ માણસો સાથે પોતે હોશંગશાહની સામે લડવા ઊતર્યો બને બાદશાહો સામસામા આવીને બહાદૂરીથી લડ્યા અહમદશાહે પણ ખૂબ શૌર્ય બતાવ્યુ અને પોતે જરા ઘાયલ પણ થયો, અને હોશંગને ઘાયલ કર્યો આ વખતે સવાર થતા અહમદ શાહના માણસોએ પોતાના સુલતાનને ઓળખ્યો અને તેઓ માળવાના સુલતાન ઉપર ધસી ગયા આ બધો સામટો ધસારો જોઈ માળવાનુ લશ્કર લૂટનો માલ રહેવા દઈને નાઠુ અને હોશંગશાહ પોતે સારંગપુર તરફ નાઠો માળવાના લૂટ કરતા લશ્કરનો ઘણો ભાગ માર્યો ગયો, અને ઊલટો તેમનો ઘણો સરજામ ગૂજરાતીઓના હાથમાં આવ્યો હોશંગે જાજનગરથી આણેલા સાત મોટા હાથીઓ પણ અહમદ શાહના હાથમા આવ્યા [20] આમ અહમદશાહનો વિજય થયો બીજે દિવસે ઘાસ લેવા એક ગૂજરાતી ટુકડી ફતેહખાન ઉમ્મરક અને અફ્દરખાન સુલતાની સાથે ગયેલી તેને હોશંગની ટુકડી સાથે લડાઈ

---

૨૦ આ બધુ વર્ણન શબ્દોના જરા ઓછા વધતા પ્રમાણમા પણ બરોબર રીતે તબકાત અને સિકંદરીમા આપ્યુ છે તબકાત પૃ ૨૦૭–૨૦૮ ગૂ ભા ૩૬–૩૮, અ ભા ૧૦૮–૧૦

ગઈ ગઈ તેમા પણ ગુજરાતનો ફરી વિજય કરીને પાછો ફરી.[21] હિ. સં. ૮૨૬ (૧૪૨૩) ના રબી ઉલ આખરની ૨૮ મી તારીખે ગુજરાતની સેના માળવામાં ને પ્રવેશ કરવા ચેપડી, પરંતુ હોશંગે સારંગપુર તરફથી પાછા આવી પાછી વળતી આ સેના ઉપર ફરી હુમલો કર્યો આ વખતે પણ અહમદનગરથી આણેલા કેટલાક હાથીઓ ગુજરાતની સેનાના લાભમા આ તારીખે જમાદી ઉલ આખર માસની ૪થી તારીખે વિજયી લશ્કર અમદાવાદ શહેરમાં આવી પહોંચ્યું અને શહેરમાં ઉત્સવ થઈ ગયો આ બાબતના આગા યુદ્ધની વિગતો ઉપરથી લાગે છે કે આ વિજય નિર્ણાયક વિજય નહોતો. હોશંગનુ લશ્કર ફરી ઊભું થાય નહિ એવું કાર્યું નહોતુ, અને યુદ્ધનુ પરિણામ ટૂંક વખત માટે જ હતુ, અહમદશાહના લશ્કરની ખુવારી પણ આ યુદ્ધમાં ભારે થઈ હતી. અમદાવાદ આવ્યા પછી બાદશાહે ત્રણ વર્ષ સુધી બીજી લડાઈ કરી નહિ; અને ન્યાય, રાજ્યવહીવટ તથા ખેતીના સુધારામા ધ્યાન આપ્યું[23]

ફરી ઈડર સાથે યુદ્ધ અને અહમદનગર વસાવ્યું

અહમદશાહે ત્રણ વર્ષ પોતાના લશ્કરને આરામ આપ્યો, પણ લાંબો વખત શાંતિમાં રહેવાનુ એના નસીબમા હતુ નહિ. ઈડરના

---

૨૧. આ નાની લડાઈનુ વર્ણન માત્ર તબકાતમા જ છે, સિકંદરીમાં નથી.

૨૨ તબકાતે અકબરી, પૃ. ૨૦૮. પાછા જતાં લશ્કર ઉપર હોશંગનો આ હલ્લો સિકંદરીમા નથી લખ્યો. પણ સિકંદરીના બન્ને તરજૂમા (ગુ. ભા. પૃ. ૩૮ અને અં. ભા. પૃ. ૧૧૦)માં વધારામાં એમ લખ્યુ છે કે આ વિજય પહેલા બે મહિના અગાઉ અહમદશાહે શેખ અહમદ ખટ્ટને અમદાવાદ પત્ર લખીને પુછાવ્યુ કે આ લડાઈ માટે અહી હજી ક્યા સુધી રોકાવું પડશે? ત્યારે એ સંત પુરુષે જવાબ આપ્યો કે હિ સ. ૮૨૬ માં વિજય કરી પાછા ફરશો; અને તેમ જ બન્યુ આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે અહમદશાહ આ લડાઈની ખુવારીથી કંટાળી ગયો હતો.

૨૩. તબકાતે અકબરી, પૃ. ૨૦૮–૨૦૯ સિકંદરી આ બાબત ટૂંકામાં જ પતાવે છે કે અમદાવાદ આવીને સુખચેનમાં વખત ગાળ્યો વહીવટ વગેરે બાબત તેમાં કાંઈ લખ્યુ નથી.

રાવ રણમલના પુત્ર રાવ પૂંજાએ ખંડણી ભરવામાં ઢીલ કરી હતી અને સુલતાન માળવા સાથે યુદ્ધમાં હતો ત્યારે હોશંગ સાથે એણે છૂપી ખટપટ પણ કરી હતી એનું એને જાણવામાં આવ્યું હતું[24] એટલે ઈડર ઉપર એક વાર આખરનું યુદ્ધ કરી હમેશની ખટપટ અને ઉપાધિનો અંત લાવવા અહમદશાહે આ વખત નિશ્ચય કર્યો હિ સ ૮૨૯ (૧૪૨૬)માં સુલતાને ઈડર તરફ સુસજ્જ લશ્કર મોકલ્યું અને લશ્કર ઈડરની આસપાસનો મુલક તારાજ કરવા માંડ્યો રાવ પૂંજો પણ પોતાના પિતા રણમલની અમદાવાદના સુલતાનો સાથે લડાઈઓ અને છેલ્લી વાર મળેલા વિજયો ભૂલી ગયો નહોતો, એટલે પોતાના મુલકને તારાજ થતો જોઈ રહે તેમ નહોતું ઈડરના લશ્કરે અમદાવાદના લશ્કરનો સારી રીતે સામનો કર્યો, અને લડાઈ જરા ધાર્યા કરતાં લાંબી ચાલી એટલે અહમદશાહે પોતે ઈડર તરફ પ્રયાણ કર્યું

ઈડર તરફથી અહમદશાહને અને એના પિતામહ મુઝફ્ફરશાહને ઘણી વાર તકલીફ પડી હતી એટલે એ દિશાએથી અમદાવાદ શહેરનું રક્ષણ કરવા અને ઈડરના રાજાને હમેશ ભયમાં રાખવા હાથમતી નદીને કિનારે અહમદશાહે પોતાના નામ ઉપરથી અહમદનગર[25] ગામ

---

૨૪ તબકાતે અકબરી પૃ ૨૦૮ ફિરિશ્તામાં આ ખટપટનું કારણ આપ્યું નથી તેમાં માત્ર ઈડર તરફ ચડાઈ કરી રાજાને ડુંગરોમાં કાઢી મૂક્યો એટલું જ લખ્યું છે ઈડરની આ લડાઈનું વર્ણન ફિરિશ્તાએ બહુ જ ટૂંકામાં પતાવ્યું છે તબકાતમાં તે બરોબર રીતે આપેલું છે

૨૫ હાથમતીને કિનારે અહમદનગર વસેલું છે તે આજે હિંમતનગર નામે પ્રસિદ્ધ છે તે અગાઉ લોકો એને અહમનગર કહેતા આજે તે ઈડર રાજ્યનું બીજું મુખ્ય નગર છે ફિરિશ્તા અને તબકાતની પ્રતોમાં હાથમતી સ્પષ્ટ છતાં તબકાતની એક પ્રતમાં સાબરમતી નામ ભૂલથી હોવાને લીધે તબકાતના અંગ્રેજી અનુવાદકાર બ્રજેન્દ્રનાથ દે પૃ ૭૨૯ની નોંધમાં આ બાબત ચર્ચા કરે છે અને લખે છે કે અહમદનગર નકશામાં સાબરમતીને મળતા એક વહેળા (ઉપર આવેલું છે જે વહેળો Cairab (?) આગળ સાબરમતીને મળે છે પરંતુ ગુજરાતની ભૂગોળના નાના નકશામાં ભૂલ થવા સંભવ છે એનો આ દાખલો છે

વસાવી ત્યાં મજબૂત પથ્થરનો કિલ્લો બાંધવો શરૂ કર્યો. ગુજરાતમાં લશ્કરી મહત્ત્વનાં સ્થળે કિલ્લાઓ બાંધવાની અહમદશાહની નીતિ જાણીતી હતી તે આગળ જોઈ ગયા છીએ, અને અહમદનગરનો કિલ્લો પણ તે નીતિનો જ એક ભાગ હતો. હિ. સ. ૮૩૦ માં આ કિલ્લાનો પાયો નંખાયો, અને સુલતાને પોતે ત્યાં નિવાસ કરીને બાંધકામ ઝડપથી પૂરું કરવા ખાસ ધ્યાન રાખ્યું. અહમદનગરમાં નિવાસ કરી સુલતાને ઈડર તરફ ટુકડીઓ મોકલીને આસપાસનાં ગામો અને ખેતરના પાકનો નાશ કરવા માંડ્યો.[૨૬અ] રાવ પૂંજાએ[૨૬] પણ આ બધો ત્રાસ જોઈને લડાઈ જોરમાં ચાલુ જ રાખી અને ઘાસ વગેરે લેવા આવનારી સુલતાનની ટુકડીઓ ઉપર ઓચિંતો તૂટી પડી બદલો વાળવો પણ ચાલુ રાખ્યો.

રાવ પૂંજાનું મરણ

આમ લડાઈ લંબાવાથી કંટાળીને ઈડરના રાજાએ મોટી ખંડણી આપવાનું કબૂલ કરીને સુલેહ કરવા કહેવડાવ્યું, પરંતુ ઈડર

૨૬અ તબકાત, પૃ. ૨૧૦. Tar-o-khushk-લીલું ને સૂકું-પાક અને ઘરને બાળી કતલ કરવાનો હુકમ આપ્યો.

૨૬. પરપ્રાંતીની બીજી ભૂલનો દાખલો આ રહ્યો તે જોવા જેવો છે: રાવ પૂંજા ઉપર એ જ પૃષ્ઠ ઉપર નોંધમાં બ્રજેન્દ્રનાથ લખે છે કે પૂંજો 'Poonja' એ ક્યા સંસ્કૃત શબ્દ ઉપરથી નીકળ્યો હશે તે કહેવું મુશ્કેલ છે. કદાચ ખરું સંસ્કૃત નામ 'પૂજ્ય' 'Pujya' હોય. પૂંજાના બાપ રણમલ માટે શ્રીયુત દે લખે છે કે Ranmal નું ખરું નામ Rana Mall (રાણા મલ્લ) એટલે an athlete in war એવું હોવું જોઈએ. આમ અર્થ ખરો કરવા જતાં અંગ્રેજીમાં લખ્યું છે તે પ્રમાણે રાણા મલ્લ કરવાની શી જરૂર? પૂંજો શબ્દ તો ચોખ્ખો ગુજરાતી જ છે. રાણા ને 'રણ' સમજીને લડાઈ અર્થ કર્યો. 'રણ' ને રાણા સમજવા એ વિચિત્રતા! આમ દેશી તળપદી બાબતોમાં પરપ્રાંતીઓ ઘણીવાર ભૂલો કરે છે તેનો આ દાખલો નોંધવાલાયક છે. બીજી રીતે તબકાતનું એમનું ભાષાંતર ઉત્તમ છે.

તરફથી આવી રીતે ઘણી વાર સુલેહ થયા છતા સુલેહનો ભગ થવાથી અહમદશાહને વિશ્વાસ પડયો નહિ અને એણે છેવટ સુધી લડીને ઈડરને તાબે કરવાનો નિશ્ચય કર્યો એક વખત સુલતાન પોતે ઈડરગઢ ઉપર ચડાઈ લઈ ગયો અને આસપાસના ત્રણ કિલ્લા લીધા ઈડરનો રાજા આ વખતે નજીકના ટેકરાઓમા[૨૭] સતાઈ ગયો સુલતાન ઈડર શહેર લૂટીને અહમદનગર પાછો આવ્યો આ વખતે હિ સ ૮૩૦ મા અહમદનગરના કિલ્લાનુ બાધકામ સપૂર્ણ થયું સુલતાને હજી ઈડરના મુલકને હેરાન કરવાનુ ચાલુ જ રાખ્યું હતુ રાવ પૂજાએ ફરી પોતાના વકીલો મોકલીને સુલેહ માટે વિનતિ કરી પણ સુલતાને તેના ઉપર ધ્યાન ન આપતા ઈડરની સત્તાનો સપૂર્ણ નાશ કરવા નક્કી કર્યું હતુ, એટલે પૂજાને નાસભાગ કરતા ફરતા અને સતાતા સતાતા પણ લડાઈ ચાલુ રાખ્યા વગર છૂટકો નહોતો એક વખત ટેકરાઓમા સુલતાનની એક ટુકડી ઘાસ લેવા ગઈ હતી તેની સાથે પૂજાને અથડામણ થઈ ગઈ પૂજાએ બહાદુરીથી સામનો કર્યો એ ટુકડીનો એક હાથી છૂટો પડેલો તેને પૂજાએ ઘાયલ કર્યો અને ભગાડયો આ વખતે પૂજાની પાછળ અહમદશાહના સિપાઈઓ પણ પડેલા હતા પૂજો નાસતા નાસતા એક કરાડ ઉપર આવી ચડયો તે જ વખતે એનો ઘોડો હાથીને જોઈને ભડક્યો અને કરાડ ઉપરથી બાજૂની ઊડી ખોમા પડી ગયો આમ થવાથી પૂજાનુ તત્કાળ મરણ

---

૨૭ તબકાતે અકબરીમા પૃ ૨૧૦-૨૧૧ મા આ વર્ણન આપેલુ છે સિકંદરીમા કાઈ જ આપ્યુ નથી તબકાતમા લખે છે કે સુલતાન ઈડર તરફ ચાલ્યો ત્યારે રાવ પૂજા બીજાનગરની ટેકરીઓમા ભરાઈ બેઠો બ્રજેન્દ્રનાથ દે આ બીજાનગરને ભૂલ સમજી વિસલનગર પાઠ કબૂલ રાખે છે સિકંદરીમા પણ બીજાનગર છે એમ એ લખે છે પરતુ સિકંદરીમા કોઈ નામ લેવામા આવતુ નથી વિસલનગરની પેઠે વિજાપુર પણ ઈડરથી પાસે પડે પણ આ કામ કયુ તે નક્કી કરવુ મુશ્કેલ છે ડુંગરાનો પ્રદેશ ઈડરની ઉત્તર તરફ છે વિસલનગર અને વિજાપુર પશ્ચિમ દક્ષિણે આવે એ બાજૂ તો સાબરમતીના કોતરો હોવાનો સભવ હોય.

થયું. અહમદશાહના સિપાઈઓએ હાથીને પકડી લીધો. પણ પૂંજાની બાબતમાં કાંઈ ખબર તેમને પડી નહિ. છેવટે એક કઠિયારાને પૂંજાનું શરીર હાથ લાગતાં તેનું માથું કાપી લઈને સુલતાનની પાસે જઈને ધર્યું. સુલતાને તેની ઓળખાણ માંગી ત્યારે પૂંજાના લશ્કરમાંથી સુલતાનના લશ્કરમાં જોડાયેલો એક માણસ આવ્યો અને માથું 'રાવજી'નું છે એવી ઓળખાણ આપી. રાવ પૂંજાને આ માનવાચક શબ્દ લગાડવાથી કેટલાક અમીરો ગુસ્સે થયા, પણ એ માણસ પ્રથમ ઈડરનો સેવક હતો તેથી એનું કાર્ય યોગ્ય હતું એમ કહીને અહમદશાહે એની પ્રશંસા કરી.[૨૮] આ રીતે ઈડરના રાજાને અહમદશાહ વશ કરી શક્યો નહિ, પણ એનું અકાળ મૃત્યુ થયું અને માત્ર ઈડરના મુલકને હેરાન કર્યો. અહમદશાહના લશ્કરે આ વખતે ઈડર થોડા વખત માટે તાબે કર્યું હતું. રાવ પૂંજાના પુત્ર હરરાયે છેવટે ખાનજહાન સુલતાનીને વચ્ચે નાંખીને ત્રણ લાખ રૂપેરી ટકા ખંડણી તરીકે દર વર્ષે આપવાના કબૂલ કરીને સલાહ કરી.[૨૯]

ઈડર સાથે સલાહ કરીને પાછા ફરતાં પહેલાં મલીક હસનને અકદરઉલ્મુલ્કનો ઈલ્કાબ આપીને એક લશ્કર સાથે અહમદનગરના કિલ્લામાં મૂક્યો અને અમદાવાદ આવતા પહેલાં ગુડવાડાનો[૩૦] મુલક લૂંટ્યો. થોડા વખત પછી મલીક મુકર્રબને ઈડરના હરરાય સાથે

૨૮. આ વર્ણન તબકાત અને સિકંદરીનાં બન્ને ભાષાંતરોમાં વિગતવાર આપ્યું છે. તબકાત, પૃ. ૨૧૧, સિકંદરી, ગૂ. ભા. પૃ. ૩૯, અ. ભા. ૧૧૧. લોકોને દેશાભિમાન કેટલું ઓછું છે તેનો પણ આ દાખલો છે.

૨૯. તબકાતે અકબરીમાં રાવ પૂંજાના પુત્ર હરરાય સાથેની સલાહનું આ વર્ણન આપ્યું છે. સિકંદરીમાં એ માટે એક અક્ષરે લખ્યો નથી; બેલી પોતાની નોંધમાં તબકાતનો ઉતારો આપે છે તેમાં હરરાયને બદલે બીરરાય નામ લખે છે, પણ શ્રી. દેનું હરરાય કે હરિરાય નામ ખરું લાગે છે.

૩૦. તબકાતે અકબરી, પૃ. ૨૧૨, એમાં ઝીલવારા નામ છે. બીજી તવારીખોમાં કકવાર અને ઝીલવારા નામ લખે છે. ઉપરનો પાઠ રાસમાળામાં આપેલો છે. આ નામનો પત્તો લાગ્યો નથી.

નોકરોના પગારની બાબતમાં તકરાર પડી અને હરરાયે પૈસા ચૂક વવામા આનાકાની કરી એવા સમાચાર મળતા સુલતાને ઈડર તરફ જવા તૈયારી કરી હરરાય કોઈ જગ્યાએ નાસી ગયો છે એવી ખબર પણ મળી હિ સ ૮૨૨ ના સફર માસની ૪ થી તારીખે સુલતાને ઈડર ઉપર ઝડપી કૂચ કરી અને દૂર્ગે સરે કિરનામા પહોચી ગયો [૩૧]

દક્ષિણના બહમની રાજ્ય સામે લડાઈ અને ઝાલાવાડના રાજાનું દક્ષિણમાં જવું

હિ સ ૮૨૩ (ઈ સ ૧૮૩૦) ઝાલાવાડના રાજા કાન્હાને લાગ્યુ કે ઈડરની લડાઈ પતા પછી એનો પોતાનો વારો આવશે અને અહમ શાહ વેર લીધા વગર રહેશે નહિ આ ઉપરથી એ રાજા દક્ષિણ તરફ નાસી ગયો [૩૨] અહમદશાહે એની પાછળ લશ્કર મોકલ્યુ એટલે એ આસીરના સુલતાન નસીરખાનને શરણે ગયો નસીરખાનને કાન્હા રાજાએ એ થોડા હાથીઓ ભેટ આપેલા એના ખાતર અહમદશાહનો સબધ એ ભૂલી ગયો અને રાજાને આશરો આપ્યો આસીરગઢમા થોડો વખત રહી રાજા ગુલબર્ગા જઈને સુલતાન અહમદ બહમની પાસેથી પોતાને મદદ કરવાને લશ્કર મેળવ્યુ અને ખાનદેશનો નદરબાર પાસેનો મુલક લૂટવા માડયો આ સમાચાર અહમદશાહને મળ્યા ત્યારે એણે પોતાના શાહજાદા મુહમ્મદખાનને, સૈયદ અબુલખૈર [૩૩]

---

૩૧ તબકાતે અકબરી, પૃ ૨૧૨

૩૨ ઉપર મુજબ પૃ ૨૧૨-૨૧૩ આ બધુ વર્ણન માત્ર તબકાતમા છે સિકદરીમા અહમદશાહના પાછલા વર્ષોનો અહેવાલ આપેલો નથી ફ માં પતાવેલો છે ઝાલાવાડના રાજાનુ નામ માત્ર તબકાતમા આપેલુ છે સિકદરી પહેલાની લડાઈમા એને રણમલ કહે છે એટલે કાન્હો જુદો રાજા કે રણમલ પછીનો રાજા તે નક્કી કરવુ મુશ્કેલ છે

૩૩ ઉપર મુજબ પૃ ૨૧૩ સિકદરીના અગ્રેજી ભાષાતરમા એવી આ બનાવો માત્ર તબકાતમાથી ઉતારે છે પણ એલીની તબકાતની નકલમા અબુલખાન છે જ્યારે બ્રીગ્ઝ અબુલ ખૈર લખે છે નદરબારનો ભાગ ગુજરાતનો હતો એ જણાશે

સૈયદ આલમનો પુત્ર સૈયદ કાસીમ, મલીક મુકર્રબ અહમદ અયાઝ, અને મલીક ઇફ્તીખાર–ઉલ્મુલ્ક વગેરે મોટા અમીરોને પણ શાહજાદાની સાથે મોકલ્યા આ ગુજરાતી લશ્કરે બહમની લશ્કરને હરાવ્યું અને ઘણા દક્ષિણીઓ માર્યાં ગયા. જે બચ્યા તે દોલતાબાદ તરફ નાસી ગયા.

જ્યારે આ સમાચાર બહમની સુલતાનને મળ્યા ત્યારે એણે પોતાના વડા શાહજાદા સુલતાન અલાઉદ્દીન અને બીજા શાહજાદા ખાનજહાનને કાદરખાન નામના મોટા દક્ષિણી અમીર સાથે ગુજરાતના શાહજાદાની સામે લડવા મોકલ્યા, અને એ બધા દોલતાબાદ આવી પહોંચ્યા. ત્યાં આસીરનો નસીરખાન અને ઝાલાવાડનો કાન્હા રાજા પણ એ લોકોને આવીને મળ્યા. ગુજરાતનો શાહજાદો મુહમ્મદખાન પોતાના લશ્કરને લઈ દોલતાબાદ તરફ ગયો અને મોટી લડાઈ શરૂ થઈ તેમા ગુજરાતનો સેનાપતિ મલીક મુકર્રબ અહમદ અયાઝ અને કાદરખાન વચ્ચે હાથોહાથની ઝપાઝપી થઈ અને કાદરખાન માર્યો ગયો અને ઇફ્તીખાર–ઉલ્મુલ્કના હાથમાં પણ દુશ્મનના હાથી વગેરે આવ્યા આમ થવાથી સુલતાન અલાઉદ્દીન નાસી ગયો અને દોલતાબાદના કિલ્લામાં ભરાયો[૩૪] નસીરખાન પણ ખાનદેશ તરફ નાસી ગયો. આ તરફ શાહજાદા મુહમ્મદખાનને દોલતાબાદનો કિલ્લો લેવો અશક્ય લાગ્યો એટલે એ આસીર બુરહાનપુરના મુલકને લૂંટતો નંદરબારમા આવીને રહ્યો, અને બધી હકીકત પોતાના પિતા અહમદશાહને લખી જણાવી. જવાબમા અહમદશાહે એને બંદોબસ્ત માટે થોડો વખત નંદરબારમાં વધારે રોકાવા ફરમાવ્યું.[૩૫]

માહીમ ઉપર બહમની અમીરની ચઢાઈ અને ગુજરાતના નૌકાસૈન્યનું ત્યાં જવું

---

૩૪. તબકાતે અકબરી, પૃ. ૨૧૩.
૩૫. ઉપર મુજબ, પૃ. ૨૧૪.

હિ સ ૮૩૪ મા માહીમના અધિકારી કુતુબખાન[36] અને બીજા રહેવાસીઓ તરફથી અહમદશાહ ઉપર એવી અરજી આવી કે અહમદશાહ બહમની તરફથી મલીક હસન ઉર્ફે મલીક ઉત્તુજારે આવીને માહીમનો કબજો લીધો છે અને લોકોને કેદ[37] કરીને લઈ ગયો છે આ સમાચાર મળતાં અહમદશાહે શાહજાદા ઝફરખાનને બીજા મોટા અમીરો સાથે મલીક ઉત્તુજારને સજા કરવા મોકલ્યો બીજી તરફ દીવ બંદરના કોટવાળ મુખલીસ-ઉલ્મુલ્ક ઉપર હુકમ મોકલ્યો કે એણે દરેક બંદરમાંથી વહાણો ભેગા કરીને નૌકાસૈન્ય લઈ શાહજાદા ઝફરખાનની મદદે ઊપડવું આ હુકમને અનુસરીને મલીક મુખલીસ-ઉલ્મુલ્ક પાટણ સોમનાથ દીવબંદર, ઘોઘા અને ખંભાત તાબેના બંદરોમાં થઈને નાના મોટા સાતસો[38] વહાણો તૈયાર કરી મોટા કાફલા સાથે દરિયાઈ રસ્તે માહીમની નજીકમાં જઈ શાહજાદાના

---

૩૬ તબકાતે અકબરી પૃ ૨૧૪ ફિરિશ્તામાં આ હકીકત જુદી રીતે આપેલી છે એમાં કુતુબખાનના મરણ પછી મલીક ઉત્તુજારને બહમની સુલતાને મોકલ્યો એમ લખે છે તારીખે અલ્ફીનો હવાલો બ્રજેન્દ્રનાથ દેએ આપ્યો છે તેમાં આ કુતુબને રાય કહ્યો છે બેલી એમ ધારે છે કે શાહજાદા ફતેહખાનને પોતાની પુત્રી પરણાવી તે આ માહીમનો રાય રાસમાળામાં એને હિંદુ રાજા કહ્યો છે અને એણે અહમદશાહના પુત્રને પોતાની પુત્રી આપી એમ લખે છે કદાચ કોઈ નાનો હિંદુ રાજા મુસલમાન થઈ ગયો હોય અને કુતુબખાન નામ રાખ્યું હોય એમ બને

૩૭ ઉપર મુજબ, પૃ ૨૧૫ એમાં મુસલમાનોને પકડીને લઈ ગયો એમ લખે છે પણ સામાન્ય વેપારીઓને લઈ ગયો હશે એમાં મુસલમાનો પણ હશે એવો અર્થ છે માહીમ ગુજરાતને તાબે હતું એ મહત્ત્વની વાત છે

૩૮ ફિરિશ્તા અને રાસમાળા સત્તર વહાણો ફક્ત લખે છે પણ સત્તર વહાણોમાં કેટલું લશ્કર જઈ શકે? તે સમયના વહાણો પચાસ ટનના મોટામાં મોટા થતા હતા સાતસો હોય એ કાંઈ અસંભવિત નથી ગુજરાતના બધા બંદરોએ થઈને સાતસો મળી શકે સાતસોનો આંકડો તબકાત (પૃ ૨૧૫) નો છે અને તે બરાબર લાગે છે

લશ્કરને મળ્યો. આ વહાણોના કાફલાને થાણા તરફ મોકલી પોતે શાહજાદા સાથે ગયો. હવે શાહજાદા ઝફરખાને ઇફતીખાર–ઉલ્મુલ્કને અને મલીક સુહરાબ સુલતાનીને એક બાજૂથી થાણા ઉપર લશ્કર લઈને આગળ મોકલ્યા. તે જ વખતે દરિયાઈ માર્ગે ગૂજરાતનો કાફલો ત્યાં આવી પહોચ્યો અને થાણાની ચારે બાજૂ ઘેરા જેવી સ્થિતિ થઈ. થાણાનો અધિકારી કિલ્લામાંથી બહાર આવીને બહાદુરીથી લડ્યો પણ ગૂજરાતના તરી અને ખુશ્કીના હુમલા આગળ ફાવ્યો નહિ અને નાસી ગયો શાહજાદાએ થોડું લશ્કર ત્યાં મૂક્યું અને માહીમ ઉપર ચડાઈ કરી. મલીક ઉત્તુજારે મોટા ઝાડનાં થડની વાડ કરી માહીમને ફરતો કોટ કરી લીધો હતો. મલીક ઉત્તુજાર બહાર આવીને ગૂજરાતના લશ્કર સાથે લડ્યો પણ ફાવ્યો નહિ અને લાકડાના કોટમાં ભરાયો. બીજી બાજૂથી ગૂજરાતનો કાફલો પણ આવી પહોંચ્યો અને જમીન તથા દરિયામાર્ગે ગૂજરાતનો હુમલો સહન ન કરી શકવાથી મલીકે બહમની સુલતાનને મદદ માટે અરજી કરી, અને એ સુલતાને પોતાના તરફથી દશ હજાર સવાર અને સાઠ મોટા હાથી સાથે પોતાના બે શાહજાદા અને ખાનજહાન વઝીરને મોકલ્યા. એ બંનેને

જમીન અને દરિયાઇ લડાઇમાં દક્ષિણના સુલતાનની હાર

આવેલા જોઈ હિંમત આવવાથી મલીક ઉત્તુજાર માહીમની બહાર નીકળીને મળ્યો અને મંત્રણા કરી પહેલું થાણા પાછું લેવા નક્કી કર્યું. આ બાજૂ ગૂજરાતના શાહજાદાને આ ખબર પડવાથી એ થાણા તરફ ગયો અને દક્ષિણી લશ્કર હાર્યું, અને મલીક ઉત્તુજાર નાસી ગયો, અને એનુ લશ્કર પણ છિન્નભિન્ન થઈ ગયુ. કેટલાક વહાણોમાં નાઠા તેમને ગૂજરાતના દરિયાઈ કાફલાએ પકડ્યા શાહજાદો ઝફરખાન માહીમમાં આવ્યો અને આખો મુલક કબજે કર્યો એણે કેટલુક કીમતી કાપડ અને નાણાંનો ખજાનો વહાણોમા ભરીને પોતાના પિતા અહમદશાહને ભેટ તરીકે મોકલાવ્યો.[૩૯]

૩૯. તબકાતે અકબરી, પૃ. ૧૧૬–૧૭.

બહમની સુલતાનની ખાનદેશ ઉપર ચડાઈ પાછી હઠાવી

આ હારની ખબર બહમની સુલતાનને પડી એટલે એણે વેર વાળવાને મોટી તૈયારી કરવા માંડી અને મોટું લશ્કર તૈયાર કરી ખાનદેશના મુલક બાગલાણની તરફ આવી ગુજરાતની સરહદ સુધી આવી પહોંચ્યો આ બાજૂ નદરબારથી શાહજાદા મુહમ્મદખાને અહમદશાહને અરજ કરી કે ચાર ચાર વર્ષથી પોતે દૂર દેશાવરમાં ગયો છે અને અમાગેની ટુકડીઓ પણ પોતપોતાના સ્થાને જવાથી લશ્કર ઓછું થઈ ગયું છે અને બહમની સુલતાન નદરબાર તરફ આવવા નીકળ્યો છે આ સમાચાર સાભળીને સુલતાન અહમદશાહ ચાપાનેર ઉપર ચડાઈ કરવાનો વિચાર કરતો હતો તે મુલતવી રાખીને નદરબાર તરફ ઊપડ્યો અને રસ્તામા નાદોતનો મુલક લૂટતો[૪૦] હિ સ ૮૨૫ મા ખાનદેશની હદ નજીક આવી પહોચ્યો મહમ બહમનીના ગુપ્તચરોએ આ સમાચાર એને પહોચાડ્યા એટલે એક લશ્કરી ટુકડી મૂકીને પોતે ગુલબર્ગ પાછો ગયો આ સમાચાર સાભળીને અહમદશાહ ગૂજરાત તરફ પાછો વળ્યો[૪૧]

પણ ગૂજરાતી લશ્કર પાછુ જાય છે એવુ સાભળીને બહમની સુલતાને ખાનદેશમાં ગૂજરાતને તાબેના તબોનના[૪૨] કિલ્લા ઉપર ચડાઈ કરી એ કિલ્લો મલીક સઆદત સુલતાનીના હાથમા હતો

---

૪૦ તબકાતે અકબરી પૃ ૨૧૭ આ ઉપરથી લાગે છે કે હિંદુ રાજાઓને દાબીને બેસતા દેવાનો અહમદશાહનો વિચાર હતો જ નહિ અને ધીમે ધીમે બધાને ખાલસા કરવાનો ઈરાદો પણ હોવો જોઈએ લૂટવાનુ તો જાણે સામાન્ય નિયમ જ હોય એમ લાગે છે હિંદુ રાજાઓ પણ લાગ મળતા ખડણી ભરવાનું કે ખડણી બધ કરવાનું ચૂકતા નહોતા

૪૧ ઉપર મુજબ પૃ ૨૧૭

૪૨. ઉપર મુજબ પૃ ૨૧૮ કેમ્બ્રિજના ઇતિહાસમા બતનોલનો કિલ્લો લખે છે

બહમની સુલતાને મોટી મદદ આવે છે એવું કહીને નાયકા[43] લોકોને કિલ્લો ગમે તેમ કરીને લેવા કહ્યું અને ભારે ઇનામો આપવા પણ કહ્યું અને એ લોકો કિલ્લા ઉપર રાતોરાત ચડી ગયા, પણ મલીક સઆદત તૈયાર હોવાથી એણે ઘણા હુમલો કરનાર નાયકાઓને મારી નાખ્યા અને બહાર આવીને બાકીના લશ્કર ઉપર તૂટી પડ્યો અને તેમને હરાવ્યા. ખાઈઓમાં ઊંઘતા ઘણા માણસો ઘવાયા અને માર્યા ગયા.

બહમની સુલતાનની છેવટની હાર

હવે ગૂજરાતનું લશ્કર નજીક આવી પહોંચ્યું હતું અને અહમદશાહ પોતે તેમા હતો. સુલતાન અહમદ બહમનીને પોતાનાં લશ્કરની વારંવાર હાર થવાથી ઘણી શરમ આવી હતી અને એ પોતાના અમીરોને આ વખતે કહેવા લાગ્યો કે 'ગૂજરાતી લશ્કરે દક્ષિણી લશ્કરને વારંવાર હરાવ્યું છે. આમ જો ચાલ્યા કરે તો આખું દક્ષિણ ખોઈ બેસીએ.' આમ કહીને એ પોતે પણ અહમદશાહ ગૂજરાતી સામે લડાઈમાં ઊતર્યો અને ભારે લડાઈ શરૂ થઈ. દાઉદખાન નામના મોટા દક્ષિણી અમીરે ગૂજરાતી અમીરોને પડકાર દીધો, પણ તે અઝદ-ઉલ્મુલ્કને હાથે કેદ પકડાયો બન્ને લશ્કર બહાદુરીથી લડ્યાં, પણ આખરે દક્ષિણના લશ્કરની ભારે ખુવારી થવાથી અહમદ બહમની પાછો નાઠો. અહમદશાહ ગૂજરાતીએ તબોલના કિલ્લામાં જઈ સઆદત સુલતાની ઉપર તેની બહાદુરી માટે ઘણી મહેરબાની બતાવી ત્યાંથી એ તાલનેરના કિલ્લા તરફ આસપાસનો મુલક લૂંટતો

---

૪૩ તબકાતે અકબરી, પૃ. ૨૧૮. તબકાતના શ્રી. દેના તરજૂમામાં અને બ્રીગ્ઝના એલીએ સિકંદરીમાં વધારામાં આપેલા તરજૂમામાં (પૃ. ૧૧૯) 'પાઈક' જાતના લોક (Paiks) લખ્યા છે. શ્રી. દેના તરજૂમામાં નીચે નોંધમાં ફિરિશ્તાના લખાણ ઉપરથી તેનો તરજૂમો કરનાર કર્નલ બ્રીગ્ઝ 'નાઈગ' Naigs લખે છે; આ કઈ જાત તે સમજાતું નથી. નાયકા નામના ભીલની જાત હોય, તેથી અહી 'નાયકા' પાઠ સ્વીકાર્યો છે.

ગયો અને કિલ્લાની મરામત કરાવી મલીક તાજઉદ્દીનને મુખ્તઉલ્મુલ્કનો ઇલ્કાબ આપીને તેને તાલનેર બંદોબસ્ત માટે મૂક્યો અને નંદરબારને રસ્તે અમદાવાદ પાછો આવ્યો.[૪૪] અમદાવાદ આવ્યા પછી માહીમના રાજાની પુત્રીનો વિવાહ એણે શાહજાદા ફતહખાન સાથે કર્યો.[૪૫]

તબકાતે અકબરીનો લેખક ખરા ઇતિહાસ લેખકની દૃષ્ટિએ આ લડાઈ જુએ છે

દક્ષિણના બહમની સુલતાન સાથે ગૂજરાતના અહમદશાહની આ લડાઈ માટે તબકાતે અકબરીનો કર્તા નિઝામુદ્દીન અહમદ એક સાચા ઇતિહાસકારને શોભે એવી ટીકા કરે છે. એ લખે છે કે તારીખે બહમનીમાં તબોલના કિલ્લાની આ લડાઈની હકીકત જુદી રીતે આપી છે પરંતુ ખરી વાત એ છે કે આ લડાઈ બે વર્ષ ચાલી અને અહમદશાહે એ કિલ્લો પોતાને તાબે રહેવા દેવા માટે બહમની સુલતાનને સમજાવવા માટે એલચી મોકલ્યો હતો પણ જ્યારે બહમની સુલતાને ન માન્યું ત્યારે અહમદશાહ ગૂજરાતીએ લડાઈ ચાલુ રાખી અને પ્રદેશને લૂટવા પણ માંડ્યો આખરે બહમની સુલતાનનું કાંઈ ચાલ્યું નહિ અને હાર્યો. કર્તા લખે છે કે તારીખે બહમનીના કર્તાએ સત્ય હકીકત પોતાના ઇતિહાસમાં લખી નથી, પણ ગૂજરાતના ઇતિહાસમાં પોતે આ જે હકીકત લખી છે તે લગભગ સત્ય છે. તારીખે ફિરિશ્તાએ તારીખે બહમનીનું નામ 'સિરાજુત્તવારીખે દખ્ખણ'

૪૪ તબકાતે અકબરી શ્રી દેનો તરજૂમો પૃ ૨૧૮-૧૯ બેલીએ પોતાના સિકંદરીના તરજૂમામાં તબકાતના આ ભાગનો તરજૂમો ઉમેર્યો છે (પૃ ૧૧૯-૨૦) ફિરિશ્તા લખે છે કે અમદાવાદ પાછા ફરતાં સુલતાન નાંદોદ આવ્યો અને ત્યાં ઐન ઉલ્મુલ્કને બંદોબસ્ત માટે મૂક્યો. નાંદોદનો રાજા તો હતો જ એટલે આ નિમણૂકનો અર્થ સમજાતો નથી. તબકાત આ વાતને ટેકો નથી આપતી.

૪૫ આ લગ્નની તારીખ તબકાતમાં નથી આપી પણ ફિરિશ્તા હિ સ ૮૩૬ લખે છે.

એવું આપેલું છે અને એના લખાણ પ્રમાણે આમાં કોઈ જૂઠ્ઠું નથી એમ કહે છે. તબકાતના લેખકને પક્ષપાતનું કારણ નથી જ્યારે બહમની તવારીખ–લેખકને તેના સુલતાનની શરમ પડે.[૪૬]

સુલતાન અહમદ બહમની સાથેની આ લડાઈઓ પહેલાં એના બાપ ફિરોઝ બહમનીના વખતમાં દક્ષિણનાં મુસલમાન રાજ્યોએ વિજયનગરના હિંદુ સામ્રાજ્ય ઉપર ચડાઈ કરીને તેનો નાશ કર્યો તે વખતે ગૂજરાતથી અહમદશાહે પણ લશ્કર મદદ માટે મોકલેલુ, પરંતુ આ વાત સિકંદરીમાં લખેલી છે છતા તબકાતે અકબરીમા તેને ટેકો મળતો નથી સિકંદરી કહે છે કે અહમદ બહમનીએ લશ્કરને પાછુ મોકલી આપ્યુ હતું.

કારણ વિનાની લડાઈઓ

દક્ષિણની લડાઈમાંથી પરવાર્યા પછી અહમદશાહ મેવાડ બાજૂ નાગોર તરફ ગયો.[૪૭] હિ. સ. ૮૪૬ ના રજબ માસમા (ઈ. સ. ૧૪૩૨) આ લશ્કરી હિલચાલનુ કાઈ ખાસ કારણ જણાતુ નથી. રસ્તામા શહેરો અને ગામડા લૂંટતો અને મૂર્તિના મંદિરો તોડતો સિદ્ધપુર ગામ આગળ ગયો, અને થોડે ત્હાડે ડુંગરપુર પાસે પડાવ

---

૪૬. તબકાતે અકબરી, બ્રજેન્દ્રનાથ દેનો તરજૂમો–પૃ. ૨૧૯-૨૦. બેલીએ પોતાના સિકંદરીના તરજૂમામા ઉમેરેલો તરજૂમો પૃ. ૧૨૦.

૪૭. તબકાતે અકબરી, પૃ. ૨૨૦–૨૨૧ (શ્રી. દેનું ભાષાંતર), પરંતુ બેલીએ (પૃ. ૧૨૦) તબકાતનું જે ભાષાતર આપેલુ છે તેમાં મેવાડ, નાગોર ઉપરાંત કોલીવાડા એવું ત્રીજું સ્થળ પણ આપેલું છે. શ્રી. દેએ અહમદશાહ હરપુર આવ્યો એમ લખ્યુ છે અને બરપુર, સબ્ઝપુર એવાં પાઠાતરો આપ્યાં છે. પરંતુ બેલી તબકાતના જ ભાષાંતરમાં સિદ્ધપુર આપે છે અને તે શંકાવાળું લાગે છે છતાં એ પાઠ અમે સ્વીકાર્યો છે. તબકાતના આ આખા વર્ણનમાં કાંઈ ગોટાળો લાગે છે. નાગોરમાં પોતાનો સગો જ હતો તો ફરી તેના ઉપર ચડાઈ કરવાનું કારણ સ્પષ્ટ નથી થતુ, તેમજ મેવાડ અને પાછળથી મેવાસ બન્ને લખવાથી ગૂંચવણ ઊભી કરી છે.

નાખ્યો ત્યાંનો રાજા ગણેશ પહેલાં તો નાસી ગયો, પણ પાછળથી સુલતાનને આવીને નમ્યો અને ખંડણી આપી ત્યાંથી અહમદશાહે કોનીવાડા[48] અને મેવાડના રાજા મોકલના તાબાનું દેલવાડા લૂંટીને ત્યાંના મહેલો તોડી પાડ્યા અને મૂર્તિઓનો નાશ કર્યો, પણ મેવાડમાં એ ફર્યો હોય એમ લાગતું નથી[49] જે જે લોક સામા થયા તેમને હાથીના પગ તળે કચરી નાખ્યા આ વિભાગમાં ખંડણી વસૂલ કરવા મલીક સુલતાનીને નીમીને પોતે રાઠોડ રાજાઓને[50] વશ કરવા ગયો, પણ રાઠોડો શરણે થયા અને ખંડણી આપી ગજસખાન દંતાણીનો પુત્ર ફિરોઝખાન પણ લાખો ટકાની ખંડણી લઈ સુલતાનને શરણે ધરવા આવ્યો, પણ સુલતાને એની ખંડણી લીધી નહિ[51] આમ ગુજરાતના ઈશાન વિભાગમાં ખાસ કારણ વગર લશ્કર ફેરવી લોકોને ત્રાસ આપી, સુલતાન મેવાસના મહાલોમાં[52] બંદોબસ્ત માટે

---

૪૮ તારીખે અલ્ફી દેલવાડા લખે છે, મેવાડ તાબેનું દેવકુલપાટક હશે મંદિરો તોડ્યાની વાત ઉપરથી તે જ હોવું જોઈએ

૪૯ ગૌરીશંકર ઓઝાજીના ઉદયપુરના ઇતિહાસ પૃ ૨૭૮મા રાણા મોકલના વખતના શૃંગી ઋષિના લેખમાં ફિરોઝશાહ નાઠો તે સાથે બાદશાહ અહમદ રણખેત છોડીને નાઠો એમ લખે છે એને મેવાડની આ લડાઈ થઈ તો હોવી જોઈએ ઓઝાજી પણ આ બાબત સ્પષ્ટ લખાણ નથી કરતા પરંતુ આ અને ઓઝાજીના ઉલ્લેખને સરખાવતાં એટલું લાગે છે કે મેવાડમાં અહમદશાહ ફાવ્યો નથી, અને તેથી મેવાડની હદ ઉપર જરા તોફાન કરી દેવકુલપાટક—દેલવાડા—ને નુકસાન કરી ડુંગરપુર તરફ ગયો લાગે છે

૫૦ આ મારવાડના કોઈ રાઠોડ રાજાઓ કે રતલામ બાજુના રાજાઓ હોય એમ લાગે છે ફિરિશ્તા અને રાસમાળામાં બૂંદી અને કોટાના રાજા ઉપર ચડાઈ કરી એમ લખે છે તે સંભવિત નથી મેવાડને વટાવ્યા વગર ત્યાં જવું શક્ય નથી

૫૧ આ કથનથી એમ લાગે છે કે નાગોર સાથે સુલતાનને કંઈ તકરાર પહોંચી કે જેથી ચડાઈ કરી તે સ્પષ્ટ નથી ખંડણી ન લીધી તેથી બીજા કારણસર નાગોર ઉપર ચડાઈ કરી હોવી જોઈએ

૫૨ પૂર્વ ગુજરાતના કોળીઓની વસ્તીવાળો ભાગ સંખેડા પણ મેવાસમાં જ ગણાય છે, પાછું પણ ગણાય છે

ગુ ૫

લશ્કરની ગોઠવણ કરીને અમદાવાદ આવ્યો. જ્યારે જ્યારે વિજય કરી અહમદશાહ અમદાવાદ પાછો ફરતો ત્યારે મોટો ઉત્સવ થઈ રહેતો. ઘણા લોકોને ઇનામો અને ખુશાલીના પોશાકો મળતા, ઘણાના પગારોમાં વધારા થતા, ઘણાની પદવીઓ ચડતી, અને વિદ્વાન[53] લોકોને પણ ઇનામો મળતાં.[54]

માળવામાં ખટપટ અને લશ્કરમાં રોગ

હિ. સ. ૮૩૯ માં માળવાના વઝીર મલીક મધીથનો પુત્ર મહમૂદખાન સુલતાન હોશંગના પુત્ર ગઝનીખાનને મારી નાંખી, પોતે મહમૂદશાહ નામ ધારણ કરી માળવાની ગાદીએ બેઠો. બીજો શાહજાદો મસૌદખાન નાસીને ગૂજરાતમાં સુલતાન અહમદશાહને શરણે આવ્યો. અહમદશાહ શાહજાદાને મદદ કરીને લશ્કર લઈ માળવા ગયો અને માળવાનો ઘણો ભાગ તાબે કરીને મસૌદખાનને પોતાના બાપની ગાદીએ બેસાડયો. મહમૂદશાહ પણ સામે બરોબર લડયો. આ વખતે ગૂજરાતના લશ્કરની ઘણી ખરાબી થઈ, દુકાળ નડયો અને લશ્કરમાં ભારે રોગ ફાટી નીકળવાથી અસંખ્ય માણસો મરી ગયાં. કહે છે કે સુલતાન પોતે પણ માંદો પડયો હતો.[55]

અહમદશાહના અમલમાં શત્રુ કદી પાટનગર સુધી આવ્યો નથી

આમ સુલતાન અહમદશાહની આખી જિંદગી લડાઈઓ

---

૫૩. શેખ લોકોને આપ્યાનું લખે છે. આમાં અમદાવાદના રહેવાસીઓને ઈનામો આપ્યાની વાત ભેદભાવ વગર લખે છે તે નવાઈ જેવું છે. પૈસા ઉછાળવાની જૂની રીતને લીધે આ પ્રમાણે કહ્યુ હશે.

૫૪. તબકાતે અકબરી પૃ. ૨૨૧; બેલીનો તરજૂમો પૃ. ૧૨૧.

૫૫. તબકાતે અકબરી, પૃ. ૨૨૧–૨૨૨. તારીખે ફિરિશ્તા કહે છે કે અહમદશાહને આ વખતે બહુ સહન કરવું પડયું. તબકાત આ વિજયનું જે વર્ણન કરે છે તેવું ફિરિશ્તાનો લેખક નથી કરતો. હોશંગના પુત્રનું નામ એમાં ઉમરખાન આપેલ છે. ફિરિશ્તાના લખાણ ઉપરથી આ રોગ પ્લેગ હતો એમ સમજાય છે, જોકે સ્પષ્ટ થતું નથી.

લડવામા પૂરી થઈ કેટલીક લડાઈઓ કારણ વગર માત્ર વિજયના ગૌરવને લઈને પણ લડવામાં આવી છે એમ લાગે છે કેટલીકમા વિજય માત્ર નામનો જ મળ્યો છે, પરતુ ગૂજરાતની વ્યવસ્થા માટે અને રાજ્યને મજબૂત કરવા માટે પણ આ લડાઈઓ કરવામા આવી છે અને મહત્ત્વની વાત એ છે કે અહમદશાહના લાબા અમલ દરમ્યાન આસપાસ હિંદુ રાજાઓની ખટપટ, પોતાના જ સગાઓની ખટપટ પાડોશી મોટા રાજ્યો સાથેના ઝગડા, અને આ બધાએ ભેગા મળીને અહમદશાહને ઉથલાવી નાખવાના કરેલા પ્રયત્નો છતા પણ, નવા ગૂજરાત ઉપર બહારની એક પણ ચડાઈ આવી શકી નથી, જૂનુ પાટનગર પાટણ અને નવુ પાટનગર અમદાવાદ, એ બન્નેના દરવાજા સુધી એક પણ શત્રુ આવી શક્યો નથી અહમદશાહના વિજયો એની લશ્કરી વ્યવસ્થાને આભારી છે

ઈડરગઢ

ગૂજરાતના સુલતાનોએ ગૂજરાત સોરાષ્ટ્રના પ્રાચીન રાજ્યશ્રીને હરાવી એમના રાજ્યો ખાલસા કરવા પ્રયત્નો કર્યા છે મુસલમાન તવારીખોએ એને ધર્મયુદ્ધોનુ નામ પણ આપ્યુ છે જૂનાગઢ અને ચાંપાનેર જેવા બળવાન રાજ્યોના નામ નાશ પામ્યા છે, જ્યારે કેટલાંક રાજ્યો આજ સુધી ઊભા છે એવાં રાજ્યોએ સમય વિચારી બળવાન વિધર્મી રાજ્યને ખડણી વગેરેથી સતુષ્ટ રાખ્યા એમ જ માનવુ પડે વખતોવખત એની નબળાઈના સમયમાં લડાઈઓ કરી બનતો લાભ પણ લીધો છે ઉત્તર ગૂજરાતમા ઈડર એવુ એક રાજ્ય છે એના રાજાઓએ ગૂજરાતના સુલતાનોની સામે ખૂબ વીરતાથી લડાઈઓ કરી છે એ પાછળ જોઈ ગયા ઈડરના કિલ્લાનો ઉલ્લેખ પણ યથાસ્થાને કર્યો છે ઈડરનો કિલ્લો નાનો છતા જિતાવો મુશ્કેલ હતો અને એ કારણથી કોઈ મુશ્કેલ કામ પાર પડે તો ગૂજરાતીમા "ઈડરિયો ગઢ જીત્યો" એમ કહેવાય છે અને ગૂજરાતના પાટનગર

અમદાવાદનો ઉત્તરનો દરવાજો મોગલાઈમાં 'દિલ્હી દરવાજો' કહેવાતો તે સાથે 'ઇડરિયો દરવાજો' પણ કહેવાતો હતો; અને સામાન્ય લોકો એને ગઈ કાલ સુધી 'ઇડરિયો દરવાજો' જ કહેતા હતા એટલે ઇડરનુ મહત્ત્વ ગૂજરાતના ઇતિહાસમા સારું ગણી શકાય, અને એનુ ટૂંકું વર્ણન અસ્થાને નહિ ગણાય.

ઇડર પ્રાચીન નગરી છે અને એની સ્થાપના ક્યારે થઈ તે ચોક્કસ કહી શકાય એવું નથી એનાં ઇલ્વતદુર્ગ, ઇલાદુર્ગ, ઇતતપદ એવા નામો મળે છે. એમાં સંપ્રતિ રાજાનુ બંધાવેલુ જૈન મંદિર છે એમ કહેવાય છે એ ઉપરથી એની પ્રાચીનતાનો કંઈક ખ્યાલ આવી શકે.[૫૬] રજપૂતોની પહેલા ભીલ ઠાકોરોએ એનો કિલ્લો પ્રથમ બંધાવ્યો હશે એમ મનાય છે. ઉત્તર ગૂજરાતના ડુંગર વગરના પ્રદેશમા અહીંથી જ કાંઈક નાના ડુંગરા શરૂ થાય છે, અને એ નાની ટેકરીઓની માળામાં ઇડરનો પાંચસો ફૂટ ઊંચો ડુંગર પણ ઊંચામાં ઊંચો કહેવાય છે અને એના ઉપરથી આસપાસના મેદાનોનો સારો દેખાવ નજરે પડે છે. ડુગરનો ખડક એવો સીધો અને ઊંચો છે કે એના ઉપર ચડવાના રસ્તાનું બરોબર રક્ષણ કરવાથી બીજી કોઈ બાજૂએથી શત્રુ ચડી શકે એવું નથી. આ કારણથી પણ ગૂજરાતના સુલતાનો અને મોગલ સૂબાઓની સામે ઇડરે લડાઈઓ કરી છે અને શત્રુઓને હઠાવ્યા છે. કિલ્લાને પહેલા પાચ દરવાજા હતા, પણ હાલ તે પડી ગયેલા છે ડુંગરને બે શિખર છે. એમા એકના ઉપર રણમલ ચોકી નામે કહેવાતુ એક પ્રાચીન જૈન મંદિર છે અને બીજા ઉપર ઇડરના રાવ ભાણજીએ બંધાવેલુ 'રૂઠી રાણીનો મહેલ' કહેવાતું એક

---

૫૬. જૈનોમાં કોઈ પ્રાચીન મંદિરની સ્થાપના કોણે કરી તે નક્કી ન થાય ત્યારે સંપ્રતિ રાજાએ બંધાવ્યુ એમ કહે છે. બ્રાહ્મણોમાં અજાણી ગુફાને પાંડવોનું કે ભરથરી–ભર્તૃહરિનુ નામ અપાય છે. મંદિરના ખંડેરની ખબર ન હોય ત્યારે એના રંગમંડપને સીતાજીની ચોરી કહે છે. ગૂજરાતમાં આ પ્રમાણે લોકમત છે.

મંદિર છે[૫૭] એ વિ સં ૧૪૯૧ (ઈ સ ૧૮૪૮) માં બંધાયું એમ કહેવાય છે એના ઉપર જવાનો રસ્તો વિકટ છે અને ત્યાં ગિરનારના ભૈરવજપની યાદ આપે એવી ઊંડી ખીણ છે પર્વત ઉપર ચડતાં એક રાજમહેલ આવે છે

ઈડર પ્રાચીન જૈનતીર્થ

ઈડર એક પ્રાચીન જૈન તીર્થ છે ઉપર જતાં સંપ્રતિ રાજાએ મૂળ બંધાવેલું કહેવાતું એવું વિશાળ અને સુંદર બાવન જિનાલયો વાળું મંદિર છે જગ્યા ખૂબ સુંદર લાગે છે મંદિરમાં મૂળનાયક શ્રીશાંતિનાથ ભગવાનની પ્રાચીન પ્રતિમા છે જૈનોમાં મનાય છે કે મૂળ સંપ્રતિ રાજાએ બંધાવ્યા પછી વત્સરાજે જીર્ણોદ્ધાર કરેલો તે પછી મહારાજા કુમારપાળે જીર્ણોદ્ધાર કરાવીને બાજૂમાં પોતે આદીશ્વર ભગવાનનું બીજું મંદિર બંધાવ્યું, એવા ઉલ્લેખ જૈન સાહિત્યમાં મળે છે કુમારપાલ પછી એ મંદિરનો જીર્ણોદ્ધાર ઈડરના શેઠ ગોવિંદ સંઘવીએ કરાવ્યો અને તે પછી ચંપકશાહે કરાવ્યો[૫૮] હાલ સંઘ તરફથી ફરી જીર્ણોદ્ધાર કાર્ય ચાલી રહ્યું છે અહીંથી ઉપર જતાં શિખર ઉપર રણમલ ચોકી નામે કહેવાતું જૈન મંદિર આવે છે જૈનોમાં મનાય છે કે એ સ્થળ ઈડરમાં ગિરનારના રૂપક તરીકે યોજ્યું અને શ્રીવિજયદેવસૂરિના ઉપદેશથી રાજા કલ્યાણમલ્લે એ મંદિર બંધાવેલું મંદિર નાનું છે પણ ભવ્ય છે અને એમાં આજે મૂર્તિઓ નથી અહીંથી પહાડ અને નીચે ઈડર શહેરનો દેખાવ જોવાજોગ લાગે છે ઈડરમાં પાંચ જૈન મંદિર છે

ઈડરમાં પ્રસિદ્ધ જૈન સંઘપતિઓ અને આચાર્યોના વાસ થયા હશે એમ સાહિત્ય ઉપરથી જણાય છે એમાં ઓસવાળ વંશના

---

૫૮ જૈન તીર્થોનો ઇતિહાસ પૃ ૨ ટીપ
૫૯ પ્રો કોમિસેરિયટનો ઇતિહાસ પૃ ૯૮-૯૭

ગોવિંદ સંઘપતિનું નામ મુખ્ય છે. એણે શત્રુંજય અને સોપારક આદિ તીર્થોના સંઘ કાઢ્યા હતા અને તારંગાના મંદિરનો જીર્ણોદ્ધાર કરી શ્રીસોમસુંદરસૂરિને હાથે પ્રતિષ્ઠા કરાવી હતી એમ સોમસૌભાગ્ય નામના કાવ્ય ઉપરથી સમજાય છે. વિ. સં ૧૪૬૬માં શ્રીગુણરત્નસૂરિએ ઈડરમાં ક્રિયારત્નસમુચ્ચય નામે ગ્રંથ રચ્યો છે. પંદરમી સદીમાં સુમતિસાધુસૂરિને ઈડરમાં આચાર્યપદ મળ્યું હતું અને શ્રીઆનંદવિમલસૂરિનો જન્મ ઈડરમાં વિ. સં. ૧૪૪૭માં થયો હતો. સોમવિમલસૂરિને પણ આચાર્યપદ અહીં જ મળેલું. ઈડરના રાણા નારાયણરાવના સમયમાં શ્વેતામ્બર દિગંબરનો વાદવિવાદ થયો હતો અને એમાં શ્વેતાંબર સંપ્રદાયના શ્રીશાંતિચંદ્રે જય મેળવ્યો હતો. આ ઉપરથી દિગંબર સંપ્રદાયનું સ્થાન પણ ઈડરમાં હતું એમ લાગે છે. આજે ઈડરના પ્રદેશમાં દિગંબર જૈનોની પણ વસ્તી છે. મેવાડના દેલવાડા (દેવકુલપાટક) અને ચિતોડમાં મંદિરો બંધાવનાર વિમલ શેઠ પણ ઈડરના વતની હતા. વિ. સં. ૧૬૫૬ મા મહાપ્રભાવક આચાર્ય વિજયદેવસૂરિનો જન્મ ઈડરમા થયો હતો અને આચાર્યે ત્રણ પ્રતિષ્ઠાઓ કરાવી હતી રણમલ ચોરી નામના મંદિર માટે ઉલ્લેખ કર્યો તે જ આ વિજયદેવસૂરિ એમના સમયમા જૈનો અને બ્રાહ્મણોના વાદવિવાદ પણ થયા હતા એમ ઉલ્લેખ છે વિ. સ. ૧૬૮૧ મા એ સૂરિએ શ્રીકનકવિજયજીને આચાર્યપદ આપી વિજયસિંહસૂરિ નામ આપી પોતાની પાટ ઉપર બેસાડ્યા હતા આ બધું જોતાં ઈડર જૈનોનું મોટું ધામ હોય એમ લાગે છે[૫૯] ઈડરમા જૈન ભંડાર પણ છે. એટલે બધો વિચાર કરતાં સાંસ્કૃતિક દૃષ્ટિએ ઈડરનું મહત્ત્વ ઓછું નથી.

વજમાતા અને બીજાં સ્થળો

ઈડરના ડુંગર ઉપર પશ્ચિમ તરફ વજમાતાનું પ્રાચીન સ્થળ છે

૫૯. જૈન તીર્થોનો ઇતિહાસ. જૈન સંસ્કૃતિનું સારું ધામ હોય ત્યાં આચાર્યપદ મળે એમ કહેવાય છે.

અને લોકોની દંતકથા એને ઈ સ પૂર્વેનું વેણીવચ્છરાજના સમયનું માને છે ત્યાં પ્રાચીન કુંડ પણ છે અને બધી જાતના હિંદુઓ માતાજીને માને છે ઈડરથી નવ માઈલ દૂર રિબોડી ગામ પાસે એક સારી વાવ છે, પણ એની દરકાર બરોબર લેવાતી નથી એટલે સારી સ્થિતિમાં નથી વાવની પાસે ટેકરી ઉપર કામનાથ મહાદેવનું મંદિર છે ઈડર શહેરની ઈશાને રાણી તળાવ નામનું મોટું તળાવ છે, એનો વિસ્તાર ૯૪ એકરનો છે, અને ઈ સ ૧૮૮૮ માં ઈડરના રાવ ભાણજીની રાણીએ બંધાવ્યું છે[10]

અહમદનગર-હિંમતનગર

ઈડરથી અમદાવાદ તરફ આવતાં હિંમતનગર શહેર આવે છે જેની સ્થાપના અહમદ શાહે કરેલી તેથી અહમદનગર કહેવાતું હતું એનો ઉલ્લેખ કર્યો અને એના કિલ્લાનો ઉલ્લેખ પણ કર્યો છે ઈડરના પાછળના રાજાઓએ રાજધાની ઈડરથી ખસેડી અને હિંમતસિંહના નામ ઉપરથી એ સ્થાનને નામ આપી એ હિંમતનગરમાં સ્થાપી કિલ્લાને પથ્થરનો કોટ હતો તેના પથ્થર મહેલો બાંધવામાં વપરાયા છે હાથમતી નદીને કાંઠે આ સ્થળ પણ સારું ગણાય એવું છે એમાં એક પથ્થરની બાંધેલી વાવ છે અને તેની બાંધણી અમદાવાદની વાવો કરતાં જુદી છે એ વાવમાં એક અરબીમાં લખેલો ઈ સ. ૧૪૧૭નો લેખ અને દેવનાગરીમાં લખેલો ઈ સ ૧૫૨૨ નો લેખ છે હાથમતીને કિનારે એક મોટો ૫૦૦ ફૂટ લાંબો અને ૧૦૦ ફૂટ પહોળો કુંડ જોવામાં આવે છે એમ કહેવાય છે કે કિલ્લાના મહેલમાંથી બેગમો એ કુંડમાં ભોંયરાને રસ્તે નાહવા આવતી અહમદશાહના વખતમાં એ સ્થાન સારી [illegible] નદી ઉપર અહમદશાહના ભાઈ કે દીકરાએ બંધાવેલી નાની પણ સારી મસ્જિદ છે[11]

---

૧૦ પ્રો કોમિસેરિયટનો ઇતિહાસ પૃ ૯૧-૯૩

૧૧ ઉપર મુજબ પૃ ૯૩-૯૪

વડાલી અને ખેડબ્રહ્મા

ઈડરથી ઉત્તર તરફ જતા વડાલી નામે પ્રાચીન ગામ છે એનું એનું નામ વટપલ્લી છે અને ત્યાં જૈન મંદિર છે. આ વડાલી ગામની આસપાસ વિસ્તૃત શહેરનાં ખંડેરો દટાઈ ગયેલાં હોય એમ જણાય છે. શેઠ ગોવિંદ મૂળ વડાલીના હોય અને ઈડર આવી વસ્યા હોય એવો ઉલ્લેખ મળે છે.[૬૨] ત્યાથી આગળ જતાં પ્રાંતીજ રેલ્વેનું છેલ્લું સ્ટેશન ખેડબ્રહ્મા આવે છે. એની આસપાસ પણ વિસ્તૃત ખંડેરોની ભૂમિ જેવુ દેખાય છે. ખેડબ્રહ્મામાં પ્રાચીન બ્રહ્માજીનું મંદિર છે, અને હિંદમા બ્રહ્માની મૂર્તિ જે બે સ્થળે પૂજાય છે તેમાંની એક અહીં છે. બ્રહ્માની પૂજા શાથી અને કેવા સંજોગોમાં બંધ થઈ, અને ગુજરાતમાં એનો પ્રચાર હતો અને હજી પણ થોડો રહ્યો છે, એ સાસ્કૃતિક દૃષ્ટિએ રસમય વિષય છે. આ દૃષ્ટિએ ખેડબ્રહ્માના સ્થળનુ મહત્ત્વ ખૂબ

---

૬૨. વડાલીનાં નામો વટપલ્લી, વટવલ્લી, વરાવલી એવા મળે છે. ઈડરના વડાલીને રાયખડી વડાલી કહે છે એમ તપાગચ્છની જિનવિજયજી સંપાદિત આવૃત્તિ ઉપરથી જણાય છે. એ જ પટ્ટાવલીની બીજી આવૃતિમાં વડાવલીના ઉલ્લેખો આવે છે તે પાટણ પાસે બીજું વડાવલી હોય એમ લાગે છે. જિન-વિજયજી-સંપાદિત પટ્ટાવલીમા સંઘપતિ ગોવિંદ શેઠને વડાલીને વતની કહ્યો છે. જ્યારે બીજા બધા ઉલ્લેખો એને ઈડરનો વતની કહે છે. વડાલી ઈડરની પાસે જ છે, એટલે વડાલી ગામનો મૂળ રહેવાસી હોય અને ઈડર નજીકમાં જ મોટુ શહેર હોવાથી પછી ઈડરમાં વસી ગોવિદ સઘપતિ ત્યાં જ પ્રસિદ્ધ થયો હોય એમ જણાય છે. એ ગોવિંદ શેઠને શ્રીવસ્ત નામે ભાઈ હતો અને એની વિનતિથી શ્રીસોમસુંદરસૂરિએ જયસુંદર અથવા શ્રીજયચંદ્રસૂરિ નામના વિદ્વાન સાધુને આચાર્યપદ આપ્યુ હતુ. આ જયચદ્રસૂરિએ કેટલાક વિદ્વતા-ભરેલા ગ્રંથો રચ્યા છે અને જ્ઞાનકોશ-ભંડારો લખાવ્યા છે એ ઉપરથી એમને કૃષ્ણ સરસ્વતી અથવા કૃષ્ણવાગ્દેવતા એવું બિરુદ પ્રાપ્ત થયેલું. વિગત માટે શ્રી કલ્યાણવિજયજી-સંપાદિત ગુજરાતી ટીકાવાળી તપાગચ્છ પટ્ટાવલી પૃ. ૧૯૩ જુઓ.

જ છે ખેડબ્રહ્મામાં એક શ્રી અંબાજી માતાનું મંદિર છે એમનાં દર્શને અંબાજી કરતાં વધારે લોકો આવે છે[૬૩]*

---

૬૩ વડાલી અને ખેડબ્રહ્મા ઉપરાંત [illegible] ઇ'સ્વી દશમા સૈ, પરંતુ વિસ્તારના [illegible] નથી [illegible] મંદિર પણ પ્રાચીન છે [illegible] [illegible] [illegible] મંદિરના [illegible]

* [illegible] પરદીપમાં [illegible] [illegible] વિજયનગર નામનું [illegible] છે અને એને 'પોળો' નામથી પણ [illegible]

પ્રકરણ ૨૨ મું

અહમદશાહનો સમય (ચાલુ)

રાજ્યવહીવટ

અહમદશાહના અમલમા ઘણો વખત લડાઈઓ ચાલ્યા કરી છે તે જોયુ હવે એ વહીવટની બીજી બાજૂ જોઈએ. પરંતુ પહેલાં અહમદશાહની ગૂજરાતની સ્વતંત્ર બાદશાહીના વંશકર્તા તરીકેની જ્વલંત કીર્તિને જરા ઝાંખી પાડે એવી એક વાતની ચર્ચા કરવી જોઈએ. અહમદશાહની સામે ગૂજરાતના હિંદુ રાજાઓ, હિંદુઓમાં સ્વાભાવિક નહિ એવો સંપ રાખીને, અને કેટલીક વાર પરપ્રાતના મુસલમાન રાજ્યકર્તાઓની મદદ પણ લઈને, અહમદશાહ સામે અનેક વાર લડયા છે તે જોયુ મોટું રાજકીય સગઠ્ઠન કરીને, એકસાથે ચારે બાજૂ બળવો કરીને ગૂજરાતની સ્વતત્ર બાદશાહીને ઊગતી જ કાપી નાખવાનો જે પ્રયત્ન થયો તે ભારતવર્ષના ઇતિહાસમાં અજોડ છે. પરંતુ આ સંગઠ્ઠન અને બળવો કોઈ ધાર્મિક વૃત્તિથી પ્રેરાયલાં હોય એમ માનવાને સબળ આધાર મળતા નથી, એનાં કારણો કેવળ રાજકીય જ છે.

અહમદશાહની ધાર્મિક અસહિષ્ણુતા

અહમદશાહ જેવો રાજ્યનો મુખ્ય સ્થાપક પોતાની પ્રજાની ધાર્મિક લાગણીને ઉશ્કેરીને શરૂઆતથી જ અસતોષના બીજ વાવે એ વાત એના ચારિત્ર્યની બીજી બાબતો જોતા શકય લાગતી નથી. મહારાજ્યની જમાવટ થયા પછી કોઈ અવિચારી રાજ્યકર્તા એવાં કાર્યો કરે એવા દાખલા મળે છે, પરંતુ રાજ્યની પહેલી જ જમાવટ કરી, રીતસરના વહીવટનો પાયો નાખવાની ઇચ્છા રાખનાર કુશળ

રાજ્યકર્તા શરૂઆતમા પ્રજાને દુશ્મન બનાવે એવા દાખલા આપવા રૂપ જ છે અહમદ શાહે પોતાના રાજ્યવહીવટની જે વ્યવસ્થા કરી તે જોતા અહમદ શાહે પોતાની પ્રજાની ધર્મની લાગણી ઉશ્કેરવાનુ પોતાનુ ધાર્મિક કર્તવ્ય માન્યું હોય એમ માનવાને સબળ આધારની જરૂર છે

આમ છતા મુસ્લિમ તવારીખ-ગ્રથો કોઈ કોઈ વાર એવા ઉલ્લેખો કરે છે કે સુલતાન અલાઉદ્દીન ખલજીએ દિલ્હીથી ભરૂચ સુધી ધર્મનો ફેલાવો કર્યો અને તળ ગૂજરાતની આસપાસના સૌરાષ્ટ્ર જેવા પ્રાતોમા ધર્મનુ અધારુ હતુ[1] તેમા અહમદ શાહે ઇસ્લામી ધર્મનો પ્રકાશ ફેલાવ્યો હિ સ ૮૧૮ જમાદ અવ્વલ માસ (ઈ સ ૧૪૧૫) મા એણે સિદ્ધપુરના મદિરનો નાશ કર્યો અને એમાની સોનારૂપાની મૂર્તિઓ તોડી અને ત્યા મસ્જિદ બનાવી[2] એ વર્ષમા અહમદશાહે મલીક તુહફ નામના અમલદારને તાજઉલ મુલ્કનો ઇલ્કાબ આપીને આ કાર્ય માટે નિમણૂક કરી એણે જિજયા અને ખગાજનો વેરો બિનમુસલમાન પ્રજામા જે જે સામા થયા તેમના ઉપર નાખ્યો અને કેટલાકે ઇસ્લામ ધર્મનો સ્વીકાર કર્યો એણે એવી સખતાઈ

---

૧ મિરાતે સિકદરી ગુ ભા પૃ ૨૯ રાજકીય લડાઈઓને ધાર્મિક સ્વરૂપ આપવાનું ઘણા મુસલમાન તવારીખકારોને પસદ હતુ એના ઘણા દાખલા મળે છે મિરાતે સિકદરીમા તો એવા દાખલા ઘણા જ છે અહમદ શાહના રાજ્યમા ધાર્મિક બાબતોના ઉલ્લેખ તબકાતે અકબરીમા નહિ જેવા જ છે એ સૂચક છે ધાર્મિક વાતો તો તારીખે ફિરિશ્તા સિવાય બીજા ગ્રથોમા મળતી નથી અને ફિરિશ્તાનું કથન બીજા આધારો ન મળે તો માનવા યોગ્ય મને લાગતુ નથી

૨ આ સિદ્ધપુરનું મદિર તે રુદ્રમહાલયનુ સુપ્રસિદ્ધ મદિર હોવુ જોઈએ આ ઉલ્લેખ સિકદરી ગુ ભા પૃ ૨૮ અને બેલીના અ ભા પૃ ૯૯ મા છે પણ તબકાતમા નથી દિલ્હીના સુલતાનોના સમયમા તૂટ્યા પછી રુદ્રમહાલયમા ફરી પૂજા ક્યારે શરૂ થઈ અને અહમદ શાહે ફરી તોડ્યુ એવુ મદિર ક્યારે થયુ એ એક પ્રશ્ન છે

વાપરી કે ગૂજરાતમાં ગ્રાસ[3] અને મે'વાસનું[4] નામ ન રહ્યું. આગળ લખેલો સિદ્ધપુરના મંદિરનો ઉલ્લેખ મિરાતે સિકંદરીમાં છે, પણ તેને બીજા ગ્રંથોનો આધાર નથી અને તાજઉલ્મુલ્કની નિમણૂકનો ઉલ્લેખ

---

૩. ગ્રાસ શબ્દનો શબ્દાર્થ કોળિયો અગર તો એક સાથે ખાઈ શકાય તેટલો ખોરાકનો ભાગ એવો થાય છે. પરંતુ રજપૂતોમાં ભાયાતોને જમીનનો જે ભાગ મળતો તેને ગ્રાસ કહેવાનો પરાપૂર્વથી રિવાજ હતો. એવા જમીનના ગ્રાસ મળવાથી રજપૂતોને સામાન્ય રીતે ગૂજરાત સૌરાષ્ટ્રમાં ગરાસિયા કહે છે. "ગામ ગરાસ" એ શબ્દ ગૂજરાતમાં સામાન્ય રીતે સાથે પણ વપરાય છે. આ પ્રમાણે ગરાસિયાના ગ્રાસ વંશપરંપરાથી પણ હોય છે. મોગલાઈ નબળી પડયા પછી મરાઠાઓના વખતમાં લૂંટારા સરદારો ગામને લૂંટે નહિ અને બીજાથી તે ગામનું રક્ષણ કરે તે માટે દમ ભરાવીને ગામ પાસે પૈસા પડાવે તેને "તોડાગ્રાસ" કહેતા. રાસમાળામાં ફાર્બસ સાહેબ લખે છે કે એક વખત આ શબ્દ માનવાચક હતો, તે કાળે કરીને ચોર લૂંટારાઓને માટે વપરાતો થઈ ગયો. ગરાસિયા એક વખત લૂટવાનો ધંધો કરતા એ વાત ખરી છે. પરંતુ ફાર્બસ સાહેબનું આ માનવું તદ્દન બરાબર નથી તળ ગૂજરાતમાં તો આબરૂદાર રજપૂતો પણ પોતાને ગરાસિયા કહે છે અને તેમાં નાનમ ગણતા નથી, પરતુ ઈડર બાજુ રજપૂતને ગરાસિયો કહીએ તો અપમાન લાગે છે. ગરાસિયા શબ્દ ગૂજરાતના જુદાજુદા ભાગમાં માન અને અપમાનવાચક ગણાય છે.

૪. મેવાસ અગર મ્હેવાસ શબ્દને માટે કેટલીક ચર્ચા થયેલી છે. પણ તેમાં ઊતરવાનું આ સ્થળ નથી. મ્હેવાસ ગજરાતના પૂર્વ તરફના જિલ્લાઓના કેટલાક ભાગને કહે છે અને હાલ તે શબ્દ વપરાતો બંધ થયો છે, પણ વીસમી સદીની શરૂઆતમાં પાંડુ મે'વાસ, સખેડા મે'વાસ વગેરે શબ્દો જાણીતા હતા, પૂર્વ તરફના ભીલ લોકોને ઘણે ભાગે ગઇ સદીના અત સુધી મ્હેવાસી લોકો કહેવામાં આવતા. છેક મરાઠા સમય સુધી આ ભીલ લોકો અર્ધ સ્વતત્ર જેવા અને લૂંટ કરીને નિર્વાહ કરનારા હતા એક વખત પૂર્વ ગજરાતના આવા ભીલ લોકોથી વસાયેલા બધા ભાગને 'મ્હેવાસ' કહેવાનો રિવાજ પણ હતો. આ શબ્દ મહી નદીના કિનારાની આસપાસના પ્રદેશમાં વસનારા એટલે 'મ્હેવાસી' ઉપરથી મ્હેવાસ, અને મ્હેવાસી એ ઉપરથી નીકળ્યો છે, એમ

માત્ર ફિરિશ્તામાં જ છે. સિકંદરી માત્ર ઇસ્લામનો પ્રચાર આખા ગુજરાતમાં કર્યો એટલું જ કહે છે. તબકાતે અકબરીમાં ધાર્મિક અસહિષ્ણુતાના ઉલ્લેખ નહિ જેવા જ છે. એટલે પૂરતા સબળ આધાર વગર એટલું જ માનવું શક્ય છે કે અહમદશાહે પોતે કરેલી લડાઈઓમાં રસ્તામાં વચ્ચે આવતાં કોઈ મંદિર તોડ્યાં હશે. જજિયા વેરો દિલ્હીના સુલતાનોના સમયથી ચાલુ હતો તેને વસૂલ કરવા માટે કોઈ અમલદાર નીમ્યો હોય તે બનવાજોગ છે, અને એ વેરામાંથી બચવા ઇચ્છતી ગરીબ પ્રજાના કોઈ ભાગે ઇસ્લામ ધર્મ સ્વીકાર્યો પણ હોય. પરંતુ કેટલાક મુસ્લિમ રાજ્યકર્તાઓની પેઠે મંદિરો તોડવાં અને વિધર્મીઓને વટલાવવા એ એક ધાર્મિક કર્તવ્ય તરીકે સ્વીકારી આખા દેશમાં કડક રીતે તેનો અમલ થયો હોય એવું અહમદશાહના રાજ્યમાં બન્યું હોય એમ આટલા થોડા આધાર ઉપરથી ચોક્કસ કહી શકાય નહિ.[5]

હિંદુઓને વહીવટી હોદ્દાઓ

ગુજરાતમાં મુસલમાન રાજ્યઅમલમાં જે વલણ હતો તે

વોટ્સન સાહેબ ઇન્ડિયન ઍન્ટિક્વેરીમાં એક લેખમાં લખે છે તે ખરું છે. પ્રો. કમિસેરિયટે પણ આ અર્થ સ્વીકાર્યો છે અને મેહવાસી શબ્દની આ વ્યુત્પત્તિ ખરી લાગે છે. બૃહત્સંહિતા વગેરે પ્રાચીન ગ્રંથોમાં આપેલી ભૂગોળમાં મહીતટનિવાસિન એવો મહી નદીના તટપ્રદેશમાં વસનારા લોકો માટે જુદો શબ્દપ્રયોગ વાપરેલો છે તે ઉપરથી મહી નદીની આસપાસના લોકો પ્રાચીન સમયથી કોઈ રીતે જુદા પડી જાય તેવા હોવા જોઈએ અને મેહવાસી તરીકે તેમને જુદા ગણવાનો રિવાજ પણ પ્રાચીન હોવો જોઈએ. આ ઉપરથી પણ વોટ્સન સાહેબની વ્યુત્પત્તિ ખરી લાગે છે.

૫ બનતાં સુધી લડાઈઓને ધર્મયુદ્ધ કહેવું એવી મુસલમાન તવારીખકારોની ઘણે ભાગે ટેવ છે. પણ દરેક સુલતાનના સમયમાં એવી લડાઈઓ થઈ નથી, મોટે ભાગે રાજકીય લડાઈઓ થઈ છે. એટલે સુલતાનના ચારિત્ર્ય ઉપરથી આ વાત નક્કી કરવી ઘટે છે.

જાણવાનાં સંપૂર્ણ સાધનો નથી જે થોડા ઉલ્લેખો મળે છે તેમાં આપખુદી સત્તાઓમાં બને છે તેથી વધારે જાણવા જેવું મળતું નથી. સામાન્ય કાયદા હોવા છતાં તેનો અમલ સુલતાન અને એના મોટા અમલદારોના અંગત ચારિત્ર્ય ઉપર આધાર રાખતો. મુખ્ય ધાર્મિક નીતિ અને મોટા હોદ્દાઓની બાબતમાં મુસલમાન અમલમાં ફેરફાર થયો છે, પણ સામાન્ય વહીવટી બાબતોમાં ગૂજરાત સુલતાનના સમયમા હિંદુ સત્તાના વખતના કેટલાક રિવાજો ચાલુ રહ્યા છે એમ સમજાય છે.[૬] એની વિગતમાં અહીં ન ઊતરતાં અહમદશાહે ખાસ કરેલા ફેરફારો જોઈએ

મુખ્ય પ્રધાન જેવા છેક ટોચ ઉપરના હોદ્દાઓ સિવાય બીજી પંક્તિના મોટા હોદ્દાઓ હિંદુઓને આપવામાં આવતા હતા, અને મહેસૂલખાતું, હિસાબીખાતુ વગેરેમાં મોટે ભાગે હિંદુઓ જ હતા. અહમદશાહના રાજ્યકાળમા હિંદુ પ્રધાનો હતા એવા ઉલ્લેખો મળે છે, પણ તેમના નામ તવારીખોમા મળતાં નથી[૭] લશ્કરમાં પણ હિંદુ મુસલમાન બન્ને લડતા તેના દાખલા આગળ જોયા છે.[૮]

લશ્કરના પગારની ઉત્તમ યોજના

લશ્કરના પગાર માટે અહમદશાહે ખાસ યોજના ઘડી. ઈ. સ. ૧૪૨૮ માં ઈડિર સાથેની લડાઈથી પરવાર્યા પછી બે ત્રણ વર્ષ એણે

૬. આ બાબત છૂટક ઉલ્લેખો સિવાય કાંઈ વિગત મળતી નથી. તેની ચર્ચા આગળ કરીશું.

૭, અહમદશાહના મુખ્ય વઝીરના હાથ નીચે હિંદુ પ્રધાનો હતા એવા ઉલ્લેખો સૈયદ અબુઝફર નદવી સાહેબને મળેલા છે, પણ તેવા અમલદારોનાં નામ મળ્યાં નથી. જૈન સાહિત્યમાં અહમદશાહના દરબારમાં ગુણરાજ સંઘવી, ગદા મંત્રી, કર્મણ મંત્રી એવાં નામો મળી આવે છે.

૮. અહમદશાહની સાથે રહી લડેલા રજપૂત સરદારનો ઉલ્લેખ આગળ આવી ગયો છે.

વહીવટી સુધારાઓ કરવામા આવ્યા તેમાં લશ્કર અને નાણાને લગતા સુધારા મુખ્ય હતા લશ્કરના સિપાઈઓને પગાર પેટે અરધી રોકડ રકમ મળતી અને અરધા પગાર પેટે જમીન મળતી આનુ કારણ એમ હતુ કે જો પગારની આખીયે રકમ રોકડી આપી દેવામાં આવે તો લશ્કરીઓ તેને ગમે તેમ વાપરી નાખે અને વખત આવ્યે સાધન સરજામની પૂ પૂરી તૈયારી ન રાખે, અને તેથી દેશનો બચાવ તેમનાથી વખતસર થઈ શકે નહિ અરધો પગાર જમીનજાગીરના રૂપમા મળવાથી એ લોકો નવરાશના વખતમા ખેતી કરે ઘર બાંધે અને ઢોર ઉછેરે જેથી તેમને દૂધ દહીં વગેરે પણ મળી શકે, અને જમીન સાથે સબધ થવાથી દેશના રક્ષણમાં અતઃકરણપૂર્વક રસ લઈ શકે પગારનો રોકડ રકમનો ભાગ દર મહિને સરકારી તિજોરીમાથી નિયમિત આપવામા આવતો અને તે લેવા માટે તેમને પગારકચેરીના સ્થાને જવુ પડતુ પરતુ દૂર દેશાવરમા લડાઈ ચાલતી હોય તો તેમને ત્યા પગાર પહોચાડવામા આવતો જેથી એ લોકો દેવુ કરે નહિ અને જરૂરિયાતની ચીજો મેળવી શકે તે સાથે એમને જાગીરની કાયમની આવક હોવાથી ઘર અને કુટુબના પોષણની ચિંતા પણ રહેતી નહિ ૯

મહેસૂલ અને નાણાખાતું

નાણા અને મહેસૂલી ખાતા ઉપર બરાબર કાબૂ રહી શકે તે માટે એમા પણ સુધારો કરવામા આવ્યો નાણાખાતાના અમલદારો બે જુદા જુદા વર્ગોમાથી લેવામાં આવતા એક અમલદાર સુલતાનના

૯ મિરાતે સિકદરી, ગુજરાતી અનુવાદ પૃ ૨૨-૨૩ હિંદની હિદુ સમયની કે મુસ્લિમ સમયની કોઈ પણ લશ્કરી નીતિમા દેશના રક્ષણ માટે લડનારને અભિમાન રહે એવુ તો ખાસ જોવામા આવતુ નથી ગમે તે માણસ ગમે તેની સાથે માત્ર પૈસાની ખાતર જ લડતો છે એવા જ દાખલા મળે છે દેશાભિમાન માત્ર અપવાદ જ છે અહમદશાહે આ ઉદ્દેશથી અરધો પગાર જમીનરૂપે આપવા ઠરાવ્યું હોય તો તેના ચારિત્ર્યની ઉત્તમતા ઉપર વધુ પ્રકાશ નાખે છે

આશ્રિતોમાંથી રહેતા અને બીજો કોઈ સારા ખાનદાન[૧૦] કુટુંબમાંથી નિમાતો. બન્ને સારા કુટુંબના અમલદારો હોય તો વખતે એકબીજા સાથે ભળી જઈ ખટપટ કરે અને ખાઈ જાય, તેમજ બન્ને સુલતાનના આશ્રિત હોય તો વળી વધારે ભયના પ્રસગો આવે; આ કારણોથી આમ બે જુદા જ વર્ગોમાથી આ અમલદારો લેવામાં આવતા. પરગણાના મહેસૂલી અધિકારીઓ પણ આ જ ધોરણને અનુસરીને નીમવામાં આવતા. આ રિવાજ સુલતાન મહમૂદ બેગડાના પુત્ર મુઝફ્ફર બીજાના અમલ સુધી ચાલુ રહ્યો, પરતુ સુલતાન બહાદુરશાહના અમલના ભારે લશ્કરી ખર્ચને પહોંચી વળવા માટે અનેક ફેરફારો થયા અને આ ગોઠવણ કાઢી નાંખવામાં આવી. એ ફેરફારો પછી દેશમા ફાટફૂટ અને બખેડા પણ બહુ ઊભા થયા.[૧૧]

અહમદશાહનો ન્યાય

સુલતાન અહમદશાહનો ન્યાય એના ચારિત્ર્યને શોભાવે એવો શુદ્ધ હતો તેના બે દાખલા મિરાતે સિકંદરીમા આપ્યા છે. એક વખત સુલતાનના જમાઈએ જુવાનીના તોરથી અને સુલતાન સાથેના પોતાના સગપણના અભિમાનથી પ્રેરાઈને એક નિર્દોષ માણસનુ ખૂન કર્યું. સુલતાને તેને પકડીને કાજી પાસે ન્યાય માટે મોકલાવ્યો. કાજીએ

---

૧૦. મિરાતે સિકંદરી, ગૂ. ભા. પૃ. ૪૦. બેલીકૃત, અં. ભા. પૃ. ૧૧૩. સિકદરીના બન્ને તરજૂમાઓમા સારા ખાનદાનમાથી આ નિમણૂક થતી એમ લખ્યુ છે; અને તેમા હિંદુ મુસલમાનનો ભેદ હોય એવો કાઈ પણ અર્થ નીકળતો નથી. અગ્રેજી ભાષાંતરમા પણ 'a man of good family' એવા શબ્દો છે. પ્રો. કૉમિસેરિયેટ પૃ. ૧૨૫ માં 'from the local nobility' એવા શબ્દો એ જ અ. ભાષાંતરને આધારે લખે છે તે સમન્વય તેવું નથી. 'લોકલ નોબિલિટી' શબ્દમાથી કદાચ મુસલમાન અમલદાર હોવાનો અર્થ નીકળવાનો સભવ છે, કારણ કે નોબિલિટીમાં કોઈ અપવાદ સિવાય મોટે ભાગે મુસલમાન જ ગણાતા હતા.

૧૧. ઉપર મુજબ, પૃ. ૪૦–૪૧, અ. ભા. પૃ. ૧૧૩–૧૧૪.

મરનારના વારસને ચાલીસ ઊંટ[૧૨] બદલામાં આપવાનું ઠરાવી પતાવટ કરવા માટે કબૂલાવ્યું અને બાદશાહ પાસે બંને પક્ષને હાજર કર્યાં અહમદશાહે કહ્યું કે મરનારના વારસને બદલો તો મળે છે પણ આ ન્યાય બરોબર નથી આવો દાખલો મળવાથી મારી કૃપા ધરાવતો કોઈ પણ માણસ ગમે તેવું ખરાબ કાર્ય કરતા ગભરાશે નહિ, માટે ખૂનનો બદલો ખૂનથી લેવાવો જોઈએ એમ કહી એણે પોતાના જમાઈને બજાર વચ્ચે શૂળી ઉપર ચડાવી એક દિવસ ત્યા રાખી પછી જ તેને દફન કરવાનો હુકમ કર્યો આ દાખલો બન્યા પછી કોઈ અમીરે કે કોઈ લશ્કરીએ કોઈ નિરપરાધીનું અહમદશાહના રાજ્યકાળમા કદી ખૂન કર્યું નથી

એક વખત સુલતાન ભદ્રમા બાદશાહી મહેલના ઝરૂખામાં બેઠો હતો ત્યારે સાબરમતી નદીમા પૂર આવ્યું હતુ અને એમા એક કાળી વસ્તુ એણે તણાતી જોઈ એટલે એણે એ ચીજને બહાર લાવવા હુકમ કર્યો તે ઉપરથી માલુમ પડ્યું કે તે એક કોઠી હતી અને તેમા એક મડદુ મૂકીને તેનુ મોં બંધ કરવામાં આવ્યું હતુ આ જોઈને બાદશાહે અમદાવાદ શહેરના કુભારોને એકઠા કરીને હુકમ કર્યો કે આ કોઠી કોની છે તે શોધી કાઢો જેણે કોઠી બનાવી હતી તે કુભારે આવીને કહ્યું કે કોઠી મે બનાવી હતી અને ફલાણા પુરુષને વેચી હતી તે ઉપરથી તે પુરુષને પકડાવી મગાવી તેના ઉપર કામ ચલાવતાં માલૂમ પડ્યું કે એણે એક વાણિયાને મારી નાખીને કોઠીમા મૂકીને કોઠી નદીમા વહેતી મૂકી દીધી હતી સુલતાને એ પુરુષને મારી નાખવા હુકમ કર્યો તવારીખકાર લખે છે કે અહમદશાહના અમલમાં આ બે

૧૨ ઉપર મુજબ પૃ ૪૨-૪૩ અ બા પૃ ૧૨૬ ગુ. ભાષાતરમા બસો ઊંટ આપવા બાબત લખ્યુ છે જ્યારે બેઇલીકૃત અંગ્રેજી તરજૂમામા ૪૦ ઊંટ લખ્યા છે ૪૦ની સખ્યા બરાબર લાગે છે

જ નિરપરાધી માણસોનાં ખૂન થયાં છે. સુલતાનના ભયથી પછી કોઈએ એવું ખૂન કર્યું નથી.[13] આ વાતમાં થોડી અતિશયોક્તિ હોય તોપણ અહમદશાહે લડાઈઓ લડવા કરી તેમ ન્યાય અને વહીવટ ઉપર પણ પૂરતું ધ્યાન આપ્યું છે એટલું તો માન્યા વગર છૂટકો નથી. મહારાજ્યનો પાયો નાખનાર પુરુષ ન્યાયમાં બેદરકાર રહે તો તે મહારાજ્યનો પાયો જ કાચો રહે.

વાંટા

વાટાની[14] જમીન એ અહમદશાહના વખતમાં શરૂ થયેલી જમીનની વહેંચણીની આપણા પ્રાંતની એક વિશેષતા છે. એની થોડી ચર્ચા કરવાની અહીં જરૂર છે. જમીનનો માલિક રાજા ગણાય એ તો ભારતવર્ષના અર્થશાસ્ત્રનો પ્રાચીન નિયમ છે, અને ગૂજરાતમાં પણ ઘણે અંશે એ જ રીત ચાલુ હતી. આમ નાના મોટા રાજાઓ અને જમીનદારો વંશપરંપરાથી પોતાની જમીન ભોગવતા હતા.[15] જ્યારે ગૂજરાતમાં સ્વતંત્ર બાદશાહી સ્થપાઈ ત્યારે નાના મોટા રાજાઓ પોતાની સ્વતંત્રતા માટે બને તેટલું લડયા તે આગળ જોઈ ગયા, પરંતુ નાના નાના કોળી અને રજપૂત જમીનદારો પણ ઘણા હતા અને એમણે પણ નવી સત્તા સામે બંડ

---

૧૩. મિરાતે સિકંદરી ગૂ. ભા. પૃ. ૧૨૬.

૧૪. તવારીખકારો 'વાંટો' શબ્દ ગૂજરાતી છે એમ લખે છે. વાટો શબ્દ વાંટવું અગર બાંટવું એટલે વહેંચણી કરવી એ ઉપરથી નીકળ્યો છે.

૧૫. પ્રાચીન સમયમાં ભારતવર્ષમાં બીજા પ્રાંતોની પેઠે ગૂજરાતમાં પણ સ્મૃતિ ધર્મશાસ્ત્ર પ્રમાણે જમીન મહેસૂલના રિવાજ હતા. માલિક તો રાજા જ કહેવાતો. પરંતુ આ બાબતમાં હાલના કાયદાશાસ્ત્ર પરિભાષામાં કાંઈ પણ ચોક્કસ કહેવું મુશ્કેલ છે, અને આ એક રસિક ચર્ચાનો વિષય છે.

ઉઠાવ્યા[૧૬] સુલતાન અહમદશાહે આવા નાના જાગીરદારો સાથે પણ લડવામાં પોતાના અમલનો ઘણો ભાગ ગાળ્યો છે અને વ્યવસ્થિત લશ્કર સામે ન ટકી શકવાથી અને પોતાની જાગીર-જમીનો બાદશાહે તાબે કર્યાથી, આવા જમીનદારોએ બહારવટાં લઈને ખાલસા ગામોને કનડવાનું ચાલુ રાખ્યું આમ થવાથી લોકોની શાંતિનો ભંગ થયો અને ખેતીવાડી ઓછી થવા લાગી, અને રૈયત દુઃખી થવા લાગી સુલતાન અહમદશાહની ખાસ ઇચ્છા દેશમાં શાંતિ અને વ્યવસ્થા જાળવીને આબાદી લાવવાની હતી, તેથી તેણે આ બાબતમાં ડાહ્યા માણસોની સલાહ લઈ ગુજરાતમાં જમીનમહેસૂલના રિવાજમાં વાંટાની રીત દાખલ કરી એમાં એવો ઠરાવ કરવામાં આવ્યો કે દરેક ગામની જમીનમાં ચાર ભાગ કરી તેમાંના ત્રણ ભાગ બાદશાહના ગણાય અને તેને 'તળપદ' કહેવામાં આવ્યું અને ચોથો ભાગ જમીનદારનો ગણાયો તેનું નામ 'વાંટો' પાડ્યું બાદશાહને તાબે થવા

૧૬ મિરાતે અહમદીની પુરવણી (ગુ. ભા પૃ ૨૩૦ નવાબઅલીકૃત અં ભા પૃ ૨૨૦)માં કોળી અને રજપૂત જમીનદારો એમ લખે છે પ્રો કોમિસેરિયેટ નાના રજપૂત જમીનદારો એમ લખે છે આ ઉપરથી જૂના રિવાજની વિરુદ્ધ અહમદશાહે જમીનદારોના ગામો ખાલસા કરવા માંડ્યા હશે અને તે સામે ચારે તરફ બંડ અને બહારવટાં ઊઠયાં હશે એમ સમજાય છે મુંબઈ સરકારના રેકર્ડમાં સિલેક્શન નં ૨૦માં ૧ ભાગમાં મિરાતે અહમદીના વાંટા વિશેના ભાગનો મીનવડે તરજૂમો કરેલો તે આપેલો છે આ તરજૂમામાં લખ્યું છે કે કોળીની ન્યાતના મુખી આશાએ બીજા જમીનદારો સાથે મળીને બંડ ઉઠાવ્યું પ્રો નવાબઅલી અને નિઝામુદ્દીન ચિસ્તી સાહેબના તરજૂમાથી આ બાબતમાં મીનવુનો તરજૂમો જુદો પડે છે અને અહમદીની આ ત્રણે તરજૂમાની પ્રતો જુદી જુદી હશે એમ સમજાય છે કર્ણદેવે આશાભીલને હરાવ્યો અહમદશાહે પણ એને હરાવ્યો એ બધી હકીકતમાં કાંઈક ઐતિહાસિક સૂચન છે અને ઉપરના કથનથી સમજાય છે કે આ જાતના કોળીઓ ભીલ ટોળીઓની જાતોમાં મુખ્ય હતા અને આશાભીલનું નામ એ જાતના મુખ્ય પુરુષને વંશપરંપરા મળ્યું હોય એમ માની શકાય આશાપલ્લી અગર આશાવલનો સંબંધ આ પ્રસિદ્ધ ભીલ કુટુંબ સાથે હોય

વગર છેવટે છૂટકો નથી એમ લાગવાથી આ ગોઠવણ જમીનદારોએ કબૂલ રાખી; અને એમણે પોતપોતાનાં ગામનું રક્ષણ કરવું એવો

ગૂજરાત સલ્તનત પછી વાંટાનો ઇતિહાસ

ઠરાવ થયો. વળી જ્યારે બાદશાહને નોકરીની જરૂર જણાય ત્યારે તેમણે તૈયાર રહેવું પડતું. ગામની જમીનદારી એમની ગણાતી અને તે બદલ તેમણે સલામીની રકમ બાદશાહને ભરવી પડતી. જમીનદારીના બદલામાં નોકરીના ધારામાંથી જ્યારે તેઓ છૂટા થયા ત્યારે પણ સલામીની રકમ પેશકશી તરીકે ચાલુ રહી.[૧૭] ગૂજરાત સલ્તનત પછી મોગલાઈમાં આ પેશકશીની રકમો સૂબાઓ લઈને વસૂલ કરતા. હિંદુ જમીનદારોનો વાંટાનો હક ઈ. સ. ૧૫૪૫ સુધી કાયમ રહ્યો અને તે પછી સુલતાન મહમૂદ ત્રીજાના સમયમાં બળજબરીથી વાંટા લઈ લેવામાં આવ્યા તેમજ હિંદુઓ તરફ બીજી રીતે ક્રૂર વર્તાવ શરૂ થયો, તેથી દેશમાં ભારે અસંતોષ ફેલાયો. ઈ. સ. ૧૫૮૭માં અકબર બાદશાહે વાંટાનો ચોથો ભાગ કરી ચાલુ કર્યો અને તે આજ સુધી થોડા ફેરફાર સાથે ચાલુ છે. આ પ્રમાણે જમીનના બદલામાં લશ્કરી કે બીજી નોકરી લેવાનું આ જમાનામાં વિચિત્ર લાગે; પરંતુ મધ્યકાલીન જમાનામાં કેન્દ્રસ્થ સરકારને નોકરીની મદદ મળે અને જમીનદારોને પોતાના પ્રદેશનુ રક્ષણ કરવાનું મન કાયમ રહે તેવી રીતનો

૧૭. મિરાતે અહમદી, ગૂ ભા. પૃ. ૨૩૦, અં. ભા. પૃ. ૨૨૦, અને મુંબાઈ સરકારના રેકર્ડનો તરજૂમો પૃ. ૪૨૨. મિરાતે અહમદીમાં દરેક ગામના વાંટા, પેશકશીની રકમ તથા રૈયત તરફથી હક્કની રકમ તથા કેફિયત તરીકે બળદ કે ઘોડા લેવામાં આવતા તે બધાની વિગતવાર યાદી લંબાણથી આપેલી છે, જે વિગતની અહીં જરૂર નથી, પરંતુ વાંટાની જમીન અને પેશકશી તથા સલામતીનો પૂરો ખ્યાલ આપવાને જોવા જેવી છે. વાંટાની જમીન ચાકરીની જમીન ગણાતી. ગૂજરાત સલ્તનતના વખતમાં જમીનદારો પાસેથી ઘણે ભાગે લશ્કરી નોકરી લેવામાં આવતી, પણ મોગલાઈમાં પેશકશી ઉઘરાવવા બાદશાહના સૂબાનું લશ્કર નીકળતુ.

વિચાર કરતા અહમદશાહે દાખલ કરેલો આ રિવાજ દાખલ થયા પછી હિંદુ રાજાઓ અને જમીનદારો લડાઈઓ અને બહારવટા છોડીને ફરીકામ થયા, અને છેક બહાદુરશાહના અંત સમય સુધી ગૂજરાતના સુલતાનોને વફા ર રહ્યા[૧૮]

ટંકશાળ

મુસલમાન સમય પહેલાના રજપૂત સમયમા ગૂજરાતમા ટંકશાળનો રીતસરનો ઇતિહાસ મળતો નથી મોલમી સમયના સિક્કા માટે તો લગભગ અંધકાર જ છે એમ કહીએ તો ચાલે એટલે અહમદશાહના અમલમા અમદાવાદમા ગૂજરાતની પહેલી પદ્ધતિસરની ટંકશાળ થઈ એ એક મહત્ત્વની ઐતિહાસિક બીના ગણી શકાય આમ છતા અમદાવાદનું નામ ધારણ કરનારા બહુ જ થોડા સિક્કાઓ એ સમયના મળ્યા છે આ બાબતમા પ્રમાણભૂત ગણાતા ડૉ ટેલરનો મત એવો છે કે જે સિક્કાઓ કોઈ પણ ટંકશાળના નામ વિનાના મળેલા છે તે બહુ મોટા પ્રમાણમા છે, અને બીજા શહેરોની ટંકશાળના નામવાળા મળેલા સિક્કાઓ પ્રમાણમા થોડા છે, તેથી નામ વગરના સિક્કા અમદાવાદના જ હોવા જોઈએ, કારણ કે અમદાવાદમા મુખ્ય અને પહેલી ટંકશાળ હોવાથી તેનું નામ આપવાનું યોગ્ય ન જણાયું હોય આ અનુમાન કેવળ યથાર્થ જ લાગે છે અહમદશાહના સમયના બીજા સિક્કા એણે ઈડર જીત્યા પછી વસાવેલા અહમદનગરના નામના મળ્યા છે અહમદશાહના વખતમા ગૂજરાતમાં બે ટંકશાળ માત્ર હોય એમ સમજાય છે અને અહમદનગરના સિક્કા ઉપર એ સ્થળનું નામ હોવાથી નામ વગરના સિક્કા અમદાવાદના જ

---

૧૮ બહાદુરશાહને, હુમાયૂ બાદશાહના લશ્કરને અમદાવાદમાથી હાંકી કાઢ્યા, મોટું લશ્કર મળ્યુ તેનું કારણ પણ આ જ હોઈ શકે મહમૂદ ત્રીજાના સમયમા આસફખાને આવક વધારવા બાદશાહને અવળી સલાહ આપી આ રીતનો અંત આણ્યો

છે એમ માનવામાં વાંધો નથી. અહમદશાહના સિક્કા ઉપર આગલી બાજૂ "અહમદશાહ અસ્સુલતાન" એવા શબ્દો છે અને પાછળની બાજૂ "નાસીરુદ્દુનિયાવુદ્દીન અબુલફતહ" એવા શબ્દો છે. એનો અર્થ "દુનિયા તથા દીનનો પાલક, ફતેહનો પિતા, તે સુલતાન અહમદશાહ" એવો થાય છે.[૧૯]

અહમદશાહ અને હિંદુ હાકેમો

અહમદશાહે હિંદુ મંદિરોનો નાશ કર્યો હતો એમ જે કેટલાક ગ્રંથકારો કહે છે તેની ચર્ચા આગળ કરી. હવે કેટલીક લોકકથાઓ એવી પણ છે કે અહમદશાહે હિંદુઓને વટલાવ્યા પણ હતા અને જોરજુલમથી તેમની પુત્રીઓને જનાનખાનામાં દાખલ કરી હતી. આવા દાખલાઓ ચારણોની વાતો ઉપરથી રાસમાળામાં આપવામાં આવ્યા છે અને હિંદુઓ ઉપર જુલમ કર્યાના દાખલા તરીકે કેટલાક લેખકો એ દાખલાનો ઉપયોગ કરે છે, એની ચર્ચા કરવી જરૂરની છે.[૨૦]

એમ કહેવાય છે કે બેહોલ[૨૧] (બહિયલ?)ના ઠાકોરને સુંદર કન્યા હતી અને અહમદશાહની ઇચ્છા એને પરણવાની હતી. ઠાકોરે

---

૧૯. જુઓ ર. પાઠકજી–અમદાવાદમાં સિક્કાનું પ્રકરણ. વાઘેલા અને સોલંકી સમયના સિક્કાઓની બાબતમાં લગભગ શૂન્ય જેવું જ છે, એટલે તે પછી મુસલમાન સમયના નિયમિત સિક્કાઓથી ગુજરાતના સિક્કાના ઇતિહાસમાં એક નવું પાનું ઊઘડે છે. એટલે ગુજરાતની રીતસરની પહેલી ટંકશાળ અમદાવાદમાં થઈ એમ માનવામાં વાંધો નથી

૨૦. વરહા અને જેતાની દીકરી લાલાંની વાત અહમદશાહને લગાડાય છે તે ભૂલ છે. તે મહમૂદ બેગડાના વખતની છે. જુઓ, અમદાવાદ, પૃ. ૭૭૨.

૨૧. આ બીનાઓ ખરી હોય તો અમદાવાદની આસપાસના નાના ઠાકોરોમાં બની હોય એમ લાગે છે. રાસમાળામાં Behol બેહોલ લખ્યું છે. અને પ્રો. કોમિસેરિયેટ પણ એની આગળ પ્રશ્નાર્થ મૂકે છે. માતર જેમ અમદાવાદ નજીક છે તેમ આ બેહોલ પણ હોવું જોઈએ અને તે દસક્રોઈ તાલુકાનું બહિયલ કે બળિયલ ગામ હોય એમ લાગે છે.

બાદશાહની માગણીથી ખુશી થવાનો ડોળ કરીને એને પોતાના ગામમાં નોતર્યો, અને છેતરીને એની સાથે લડાઈ શરૂ કરી. અહમદશાહને લાંબો સમય આ લડાઈ કરવી પડી અને ઠાકોરની કન્યા ઈડરના રાવ સાથે પરણી ગઈ. બીજો દાખલો એવો કહેવાય છે કે માંતરના ઠાકોરને રાણીબા નામની સુંદર કન્યા હતી. અહમદશાહે એની માગણી કરી. તેનો સ્વીકાર ન થવાથી ઠાકોરને પકડીને એણે કેદ કર્યો, પરંતુ ઠાકોરની સ્ત્રીએ પોતાના પતીને છોડાવવાના હેતુથી કન્યાને બાદશાહ સાથે પરણાવી અને ઠાકોરને છોડાવ્યો. પોતાની ઇચ્છા વિરુદ્ધ પુત્રીને મુસલમાન સાથે પરણાવવાથી ઠાકોરને બહુ લાગી આવ્યું અને એણે અન્નજળનો ત્યાગ કર્યો. ઠાકોરની સ્ત્રીએ એને ઘણો સમજાવ્યો અને પતિના છુટકારા માટે એણે આ કૃત્ય કર્યું હતું એમ કહી ઘણું સાંત્વન કર્યું, પરંતુ એનું કાંઈ ચાલ્યું નહિ અને એણે પેટમાં કટાર ખોસીને પોતાના જીવનનો અંત આણ્યો.[22]

અહમદની પછી રાજનીતિનું એક પગલું

આ દાખલાઓને ચારણોની કથા સિવાય બીજો કોઈ ઐતિહાસિક પુરાવો નથી, છતાં હિંદુ ઠાકોરોની કન્યાઓ મુસલમાન બાદશાહો ન પરણ્યા હોય એમ માનવાને કારણ નથી. પરંતુ આ કાર્યોને હિંદુઓ સામે જુલમ તરીકે ગણવાં એ યોગ્ય નથી. એને

22. રાસમાળા, ઑક્સફર્ડ પ્રેસ, ભા. ૧, પૃ. ૩૨૦-૩૨૫. અમદાવાદ પૃ. ૯૩૭ નો કૉમિસેરિયેટનો ઇતિહાસ પૃ. ૧૨૬-૧૨૭. નો કૉમિસેરિયેટ પણ આ બનાવોની ચર્ચા હિંદુઓ ઉપરના ધાર્મિક જુલમ તરીકે કરી છે, પરંતુ વિચાર કરતાં આ બાબતને જુલમને બદલે રાજનીતિ policy તરીકે માનવું એ જ યોગ્ય લાગે છે. સુરત ઈ. બેઠીએ policy તરીકે સમજવાનો પોતાનો મત દર્શાવ્યો છે તે વાજબી લાગે છે. (પ્રાગનગર-અમદાવાદમાં પૃ. ૬૬થી ૭૩માં અહમદશાહના ચારિત્ર્યનું વિવેચન કરતાં એના ઉપર મુકાયેલા આક્ષેપોની જે ચર્ચા કરી છે તે જોવા વિનંતિ છે.)

બદલે જે પ્રજા ઉપર વિજેતાને રાજ્ય કરવું છે તેમની સાથે લોહીનો સંબંધ બંધાય તો રાજનીતિનું એ એક સારુ પગલું છે એમ કેમ ન ગણવું? એ જમાનામાં અને રૂઢિચુસ્ત લોકોને એમાં જુલમ દેખાય તે વાજબી છે. તેમજ રજપૂત અને કોળી ઠાકોરોમાં જ્ઞાતિભેદ તીવ્ર ન હોવાથી આવે પ્રસંગે કુટુંબમા જ મતભેદ થયા હોય, અને પુરુષ કે સ્ત્રી બેમાંથી એકની ઇચ્છા આવાં લગ્ન કરવાની હોય અને બીજાની ઇચ્છા ન હોય એ પણ બનવા જોગ છે. આ પ્રસંગે લડાઈઓ પણ થઈ હોય અકબરે હિંદુ રાજકુમારીઓ સાથે લગ્ન કર્યાં એને જો આપણે રાજનીતિનું ડહાપણ માનીએ તો અહમદશાહના કૃત્યને જુલમ માનવાની શી જરૂર? આવાં લગ્નોથી ગૂજરાતમાં મુસ્લિમ અને હિંદુ રિવાજના મિશ્રણવાળી મોલેસલામ ગરાસિયાની એક જ્ઞાતિ થઈ એ આપણા સામાજિક ઇતિહાસની એક વિચિત્ર ઘટના છે. એ લોકોએ પોતાના મૃતદેહને દાહ દેવાને બદલે દફન કરવા જેવી કેટલીક મુસ્લિમ રીતો ગ્રહણ કરીને બાકીની રીતો હિંદુની રાખી. ચુસ્ત હિંદુ સમાજે એમને ન સંઘર્યા એ વાત આ ઉપરથી સમજાય છે. પરતુ રાજ્યકર્તાઓના જુલમને બદલે એમની સાથે સામાજિક સંબંધની ઇચ્છા થઈ હોય એ પણ એક કારણ માની શકાય એમાં પહેલ રાજ્યકર્તાઓએ કરી એટલી વાતને જુલમ ગણવો હોય તો ગણી શકાય[૨૩]

'બાની અહમદાબાદ' અહમદશાહ અને એનું ચરિત્ર

અહમદશાહનો જન્મ હિ. સ. ૭૯૩ ના જીલકાદ માસની ૧૯ તારીખે ઇ. સ ૧૩૦૧ ના નવેંબર માસની ૧૮ મી તારીખે દિલ્હીમાં

૨૩. મોલેસલામ ગરાસિયાઓ આજે પણ ગૂજરાતમાં છે. તેઓ હિંદુ અને મુસલમાન બન્નેના રિવાજો પાળે છે અને બન્ને નામ રાખે છે. ગૂજરાત સલ્તનતમા રાજ્યકર્તાઓ સાથેના સામાજિક સંબંધથી આ જ્ઞાતિ ઊભી થઈ છે એમ લાગે છે. શરૂઆતમાં એમાં અંદરઅંદર વિરોધ પણ થયો હોય.

એના પિતા તાતારખાન (મુહમ્મદશાહ પહેલો)ને ઘેર થયો એનુ જીવન એના સગા અને પછીથી દેશના હિંદુ રાજાઓ અને આસપાસ મુસલમાન સુલતાનો સાથે લડાઈઓ લડવામા ગયું એ બધી ચર્ચા વિગતવાર આગળ કરી ગયા છીએ ગૂજરાતમા જૂના હિંદુ રાજાઓ સાથે જે લડાઈઓ થઈ તે નવી રાજ્યવ્યવસ્થા સ્થાપવાને અંગે થઈ અને જેમણે નવા રાજ્યકર્તાનુ ઉપરીપણુ સ્વીકાર્યું તે ટકયા એટલે એ લડાઈઓને ધાર્મિક યુદ્ધોનુ સ્વરૂપ આપવાનો જે પ્રયત્ન કેટલાક લેખકોએ કર્યો છે તે યોગ્ય નથી એ પણુ આગળ જોયું અહમદશાહ પોતાના રાજ્યની મજબૂતી અને સલામતી માટે હિંદુ રાજાઓની પેઠે સરહદ ઉપરના મુસલમાન રાજાઓ સાથે પણુ યુદ્ધો કર્યા છે તે ભૂલવા જેવુ નથી અહમદશાહે ગૂજરાત સલ્તનતનો પાયો નાખ્યો અને તેને મજબૂત કરવા માટે હિંદુ ઠાકોરો અને જમીનદારો, પોતાના સગા, અને પાડોશના મુસલમાન રાજ્યો એ બધાની સાથે એને યુદ્ધો કરવાં પડ્યા છે આ પ્રકારની લડાઈઓમા જેમ બધી લડાઈઓમા નાશ થાય છે તેમ-જાનમાલનો નાશ પણુ કેટલીક જગ્યાએ થયો છે, પરંતુ તે મહારાજ્યનો પાયો નાખી તેને મજબૂત કરી વ્યવસ્થા સ્થાપવા માટેના પ્રયત્નમા થયો છે એને ધાર્મિક સ્વરૂપ આપવુ એમા ઐતિહાસિક સત્ય ઓછુ છે [૨૪]

અહમદશાહ દયાળુ હતો એણે એના બળવાખોર સગાં તેમજ બીજા બળવાખોરોને અનેક વાર માફી આપેલી છે વિદ્વાનો અને સંતોનો એ પૂજક હતો વટવાના કુતુબે આલમ સાહેબ અને સરખેજના હજરત અહમદ ખટ્ટુ ગંજબક્ષ સાહેબની સલાહને એ હમેશ માન

૨૪ હિંદુઓને ત્રાસ આપવા માટે અહમદશાહે ખાસ અધિકારી નીમેલો એ વાત બીજી રીતે સમજીને હિંદુઓ ઉપરના જુલમની વાત ઘણા લેખકો કહે છે, પરંતુ હિંદુ જમીનદારો પાસે પેશકશી ઉઘરાવી કડક વસૂલ એવું કર્યું હોય તેમા જુલમ થવાનો સંભવ ખરો જુલમને માટે એની નિમણૂક થયેલી એમ કહેવાય નહિ

આપતો. એણે ઘણી લડાઈઓ કર્યાં છતાં એને સ્વભાવથી શાંતિ અને સુલેહ જ પસંદ હતાં. મુહમ્મદ તઘલખથી ઊલટું, વેર લેવાને બદલે ક્ષમા કરવી એને વધારે પસંદ હતી એની ન્યાયપ્રિયતાના દાખલા આગળ જોયા. હિંદુઓ તરફ એ જુલમી હતો એ વાતને શુદ્ધ ઐતિહાસિક આધાર નથી એ પણ આગળ જોયું. તેથી ઊલટું હિંદુઓને એના રાજ્યમાં મોટા હોદ્દા મળેલા છે[૨૫] એવા ઉલ્લેખો મળે છે. હિંદુઓને લશ્કરમા લેવાની પહેલી વ્યવસ્થિત યોજના એણે કરી. લશ્કરી અને વહીવટી સુધારા એણે કર્યા તે પણ આ પૂર્વે જોયું. ધર્માદામાં એ ઘણું ખર્ચ કરતો. એણે મુસાફરખાના અને મદ્રેસા બંધાવ્યા છે. બાગબગીચા એણે ઘણા બંધાવ્યા હતા, અને અમદાવાદમાં તો બગીચા બનાવે પણ ખંભાતમાં બગીચો બનાવ્યાનો ઉલ્લેખ પણ મળે છે[૨૬]

અહમદશાહ પીરમાદશાહ

અહમદશાહનું જીવન પવિત્ર હતુ. એણે એના પિતામહ મુઝફ્ફરશાહને ઝેર આપ્યુ તેથી એને મૂળરાજની પેઠે પશ્ચાત્તાપ થયો અને એનુ જીવન એ કારણથી પવિત્ર બની ગયુ એમ કેટલાક લેખકો માને છે, પરંતુ આ વાત સત્ય નથી એની ચર્ચા આગળ કરી છે. મુઝફ્ફરશાહે પોતે અહમદશાહને ગાદી આપી હતી અને એ કુદરતી મરણથી ગુજરી ગયો હતો એ વાત આગળ જોઈ ગયા છીએ. એના મરણ પછી અહમદશાહને "ખુદાય ગાને મઘફુર" એવુ ઉપનામ આપેલુ

---

૨૫. આ ઉલ્લેખ સૈયદ અબુઝફર નદવી સાહેબને મળેલો છે. એનો ઉલ્લેખ આગળ પણ આવી ગયો છે. એમાં મુખ્ય વજીર સિવાય બીજા મોટા હોદ્દા હિંદુઓને મળતા, પણ કોઈનાં નામ આપેલાં જડયાં નથી. જૈન સાહિત્યના નામો આગળ જોયાં છે.

૨૬ આ બધી હકીકત પણ અબુઝફર નદવી સાહેબે આપેલી છે. તેઓ પોતે એક ફારસી તવારીખનું સપાદન કરી રહ્યા હતા તેમાં આ વિગત વિસ્તારથી હતી

છે એનો અર્થ "જેના પાપ માફ થયાં છે એવો મોટો બાદશાહ" એવો થાય છે આ ઉપરથી કેટલાક લેખકો એણે પાપ કરેલું અને તે પાપ માફ કરેલું એમ માને છે, પરંતુ એ વાતને કોઈ આધાર નથી એની જિંદગી પવિત્ર થઈ હતી તે પાપના પશ્ચાત્તાપને લીધે એમ પણ ઉપરના કારણથી મનાય કે તે ભૂલભરેલું છે સામાન્ય રીતે 'ખુદાયગાને મગફુર" અગર "ખુદાયે ગાને કરીમ" એવા ઉપનામ મરણ પછી ગૂજરાતના બાદશાહોને લગાડ્યા છે એના પવિત્ર જીવનને લીધે એના પાપ ખુદાએ માફ કર્યા—જેમ કે સંસારી પાપી હોય એમ ગણાય છે અને તેના પાપ માફ થાય કે તેમ—એ જ અર્થ યોગ્ય છે[૨૭]

અહમદશાહનું અવસાન તા ૪ થી રબીઉલ આખર હિ સ ૮૪૬ માં થયું એમ તબકાતે અકબરી લખે છે તારીખે અલ્ફી પણ એ જ વર્ષ કહે છે ફિરિશ્તા તા ૪ થી રબીઉલ અવ્વલ ૮૪૭ દે છે, જ્યારે મિરાતે સિકંદરી હિ સ ૮૪૫ લખે છે અહમદશાહના સિક્કા હિ સ ૮૪૬ સુધીના જડેલા છે, એટલે હિ સ ૮૪૬નું વર્ષ ખરું માનીએ તો વાંધો નથી[૨૮]

અહમદશાહનું સ્થાન હિંદુસ્તાનના મુસ્લિમ બાદશાહોમાં અનેરું છે અમદાવાદ શહેરની સ્થાપનાને લીધે એનું નામ ભારતવર્ષના ઇતિહાસમાં સદાકાળ અમર છે અમદાવાદના સ્થાપનાર તરીકે એને 'બાની અહમદાબાદ' કહેવામાં આવે છે થોડા મોગલ શહેનશાહો બાદ કરતાં, હિંદના કે હિંદના કોઈ પ્રાંતના, કોઈ પણ મુસલમાન બાદશાહનું નામ અહમદશાહ જેટલું ચિરંજીવ નથી, અને એટલું માન પણ એક બે અપવાદ સિવાય કોઈને આજે મળતું નથી અહમદશાહ એના જીવનની પવિત્રતાને લીધે આજે પણ પીર બાદશાહ ગણાય

૨૭ ગુ પાટનગર પૃ ૭૩૦ જેમાં આ ચર્ચા વિસ્તારથી કરી છે
૨૮ ઉપર મુજબ પૃ ૭૩૧

છે અને એનો ઉરસ આજે પણ દર વર્ષે ઊજવાય છે. અહમદશાહની દરગાહને આજે પણ જે બાદશાહી માન મળે છે તેવું મોગલ સમ્રાટોના થોડાક જ અપવાદો બાદ કરતાં કોઈ મુસલમાન બાદશાહને આજે મળતું જોવામાં આવતું નથી. ગૂજરાત સલ્તનત પછી ત્રણ ત્રણ સરકારો બદલાઈ ગઈ છતાં એ માન આજ સુધી હજી ચાલુ છે. આજે બ્રિટિશ સરકારથી માંડી બાર મહિને રૂા. ૨૬૦૧) આપવામાં આવે છે,[૨૯] અને તે રકમ ગૂજરાતના પાટનગરના સ્થાપક અને ગૂજરાતી સ્વતંત્ર બાદશાહીના વંશકર્તાના નામથી ગરીબોને અન્ન આપવામાં ખર્ચવામાં આવે છે. બાદશાહીના ચિહ્ન તરીકે અહમદશાહની દરગાહ આગળ આજે પણ દિવસના ચારે પહોર વખતે નોબત ગડગડે છે અમદાવાદ શહેર—ગૂજરાતનું પાટનગર-જ્યાસુધી આબાદ રહેશે ત્યાં સુધી એના સ્થાપક બાદશાહનું નામ પણ અમર રહેશે એમ કહેવાય છે કે અહમદશાહ કવિતા પણ બનાવી જાણતો વટવાવાળા કુતુબે આલમ સાહેબ માટે એણે નીચે મુજબ કવિતા બનાવી હતી :—

કુતુબે ઝમાન એમા બુરહા બસરત મારા
બુરહાન ઓ હમેશા ચુનામશ આશકારા

આ કવિતામાં બુરહાન શબ્દ ઉપર શ્લેષ છે "અમારા સમયના ધ્રુવ તરીકે બુરહાન અમને જોઈએ તેવા છે એમનુ નામ છે, તે પ્રમાણે એ હમેશાં અમને બુરહાન (સિદ્ધ કરનારા) રહે" એવો એનો અર્થ થાય છે કુતુબે આલમ સાહેબનું નામ બુરહાનુદ્દીન હતું[૩૦]

અહમદશાહના સમયના સંત પુરુષો

કોઈ પણ દેશના સાંસ્કૃતિક ઇતિહાસમાં એના સંતપુરુષો અને સાહિત્યકારોનું સ્થાન એક રીતે તો એના રાજપુરુષો કરતાં પણ ઊંચું છે.

---

૨૯. ગૂ પાટનગર–અમદાવાદ, પૃ. ૭૦૩.

૩૦. ઉપર મુજબ. પૃ. ૭૦૪.

અને એમની કીર્તિ રાજપુરુષો કરતા વધારે ચિરંજીવ છે રાજપુરુષોને એમની તાત્કાલિક સત્તાને લીધે માન મળે છે, પણ એમના જમાના પછી ભાગ્યે જ કોઈ સંભારે છે, જ્યારે સંતોને એમના તપ અને શુદ્ધ જીવનને લીધે પ્રસરેલી સનાતન શાંતિને લીધે, અને સાહિત્યકારોને એમણે સર્જેલાં વિદ્યાસંસ્મારના સાધનોને લીધે એમના જમાના પછી પણ અનંત કાળ સુધી લોકો સંભારે છે છતા દરેક જમાનો ચાલતો હોય ત્યારે તો રાજપુરુષો પૂજાય છે અને સંતોને ગાંડા તરીકે તેમજ સાહિત્યકારોને ભાટ તરીકે અવગણવામા આવે છે એ મનુષ્યસ્વભાવની એક વિચિત્રતા છે એટલે અહમદશાહના સમયના સંતપુરુષોની નોંધ લીધા વગર સંસ્કૃતિક ઇતિહાસ અધૂરો જ ગણાય

સંતપુરુષો બે જાતના હોય છે એક જાતના સંતો દુનિયાથી તદ્દન વિરક્ત અને અલગ રહીને પોતાનુ ધ્યેય સાધે છે બીજા દુનિયામા રહીને વ્યવહારમાં રહેવા છતા અંતરથી વિરક્ત રહીને પોતાનુ અને બીજાનુ કલ્યાણ સાધવાનો યત્ન કરે છે, અને મોટે ભાગે કર્મયોગી જેવા હોય છે એ બધી ઝીણી ચર્ચામા ઊતરવાનુ અહીં સ્થાન નથી, પરંતુ આ બીજી જાતના સંતપુરુષો દરેક ધર્મમા અને દરેક દેશમા દરેક જમાનામાં થયા છે આવા સંતપુરુષોએ દેશના રાજપુરુષો ઉપર પણ અસર કરી છે અને રાજનીતિને આડી જતી અટકાવવા અને ધર્મને માર્ગે દોરવા પણ પ્રયત્ન કરેલા છે આ કાર્ય પૂરતો એમને રાજકારણમા પણ રસ લેવો પડયો છે એવા દાખલા ભારતવર્ષના ઇતિહાસમાં ઘણા મળે છે હેમચંદ્રાચાર્ય અને વિદ્યારણ્ય સ્વામીના દાખલા ઇતિહાસપ્રસિદ્ધ છે ગુજરાતના મુસલમાન મહારાજાના ઇતિહાસમા પણ એવો જ ભાગ ભજવનારા સુપ્રસિદ્ધ સંત હઝરત કુતુબે આલમ સાહેબ મુખ્ય છે, અને સરખેજના શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષ સાહેબનુ નામ સૌથી અગ્ર પંક્તિમાં આવે છે એ બન્ને સંતોએ ગૂજરાત સલ્તનતનો પાયો નાંખવામા ભાગ લીધો છે અને એમા આધ્યાત્મિક બળ રેડ્યું છે

સરખેજના સંત અહમદ ખટ્ટુ ગંજબક્ષ સાહેબ

ગૂજરાતના પાટનગર અમદાવાદની સ્થાપનામા એક અહમદ તરીકે મુખ્ય ભાગ લેનાર, અને આજે પણ હિંદના સૌથી વિખ્યાત ૭ મોટા સંત પુરુષોની પંક્તિમાં ગણાનાર, અમદાવાદની નૈર્ઋત્યે ૭ માઈલ ઉપર સાબરમતી નદીને કિનારે નિવાસ કરી રહેલા, શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષ સાહેબનું ચરિત્ર અહી ટૂંકમાં જોઈએ. એમને કોઈ નાગોર પાસેના ખટ્ટુ ગામના કહે છે અને કોઈ પાટણના કહે છે. એમનુ મૂળ વતન કયું તે નક્કી થતું નથી પરતુ આપણે એમને દરેક રીતે 'ગૂજરાતી' કહીએ તો હરકત નથી. એમનો જન્મ તો દિલ્હીમાં થયો હતો એમ મનાય છે. એમના પિતા મલીક ઇખ્તી-ખારુદ્દીન સુલતાન ફિરોઝશાહના દૂરના સગા થતા હતા. એમનો જન્મ ઈ. સ. ૧૩૩૮ માં થયો હતો, અને એમનુ નામ વજીહુદ્દીન હતુ. પિતાના મરણ પછી મોટી મિલકત એમના હાથમાં આવી અને તે એમણે મોજશોખમાં ઉડાવી, પરતુ એમ કરતા એમને સાચો વિરાગ ઉત્પન્ન થયો અને ખટ્ટુ ગામમાં શેખ બાવા ઇશાક મઘરબી પાસે આવીને એમના શિષ્ય બન્યા ધીમે ધીમે એમનામાં એવી સિદ્ધિ આવી કે બધા એમને 'પ્રકાશ' અગર 'દીપક' તરીકે ઓળખવા લાગ્યા. એમના ગુરુ મઘરબી સીલસીલહ–પંથ–ના હતા તેથી એ પણ મઘરબી પંથના કહેવાયા.

મનતુખબુત્તવારીખમાં કહે છે કે અમીર તૈમૂરે જ્યારે દિલ્હી લીધું ત્યારે ત્યાંના લોકો સામા થવાથી એણે મોટી કતલ ચલાવવાનો હુકમ કર્યો અને ઘણાને કેદ કરી સાથે લીધા શેખસાહેબને આ ખબર પડવાથી એક સાધુપુરુષ તરીકે તૈમૂરના દરબારના વિદ્વાનો સાથે ચર્ચા કરીને એમણે કેદીઓને મુક્તિ અપાવી હતી. તૈમૂરની એમના ઉપર શ્રદ્ધા થઈ હતી. બદૌની લખે છે કે એમણે હિંદુસ્તાનની આ એક સાચી સેવા બજાવી હતી ઈ. સ. ૧૩૭૪ માં એમના ગુરુના મરણ પછી મક્કાની યાત્રા કરવા એ ખંભાત આવ્યા. એ વખતે

ગૂજરાતના સૂબા ફરહત ઉલ્મુલ્ક રાસ્તીખાને એમની ઘણી સેવા કરી મક્કાથી પાછા આવ્યા પછી નગરઠઠ્ઠા થઈ, ગૂજરાત ઉપર એમનો મૂળથી સદ્ભાવ હોવાથી, એ પાટણ આવ્યા, અને આશાવલથી ત્રણ કોશ નદીની સામે પાર આવેલા સરખેજ ગામમા નિવાસ કર્યો એ વખતે એમની ઉમર ૬૦ વર્ષની હતી એ વખતે અમદાવાદ ન સ્થપાયુ હોવાથી મુઝફ્ફરશાહ અને એનો પુત્ર મુહમ્મદશાહ ઘણો વખત પાટણથી આવી આશાવલમા રહેતા, તેથી એમને આ સત પુરુષ સાથે ગુરુશિષ્યનો સબધ થઈ ગયો એમ કહેવાય છે કે પિતા સાથે તકરાર થવાથી વિરુદ્ધ પડી, સતના આશીર્વાદ માટે મુહમ્મદશાહે શેખઅહમદને નાણાંની મોટી રકમ ભેટ ધરી, પણ 'એ રકમ ઉપરનો તારા પિતાનો હક છે' એમ કહી એમણે એ રકમ મુહમ્મદશાહને પાછી મોકલી દીધી આ કારણથી અગર તો એમના જીવનની મૂળભૂત ઉદારતાથી એ ગજબક્ષ કહેવાય છે ગૂજરાતી સુલતાનો સાથે એમનો સબધ વધતો ગયો, અને અહમદશાહે જ્યારે અમદાવાદ શહેરનો પાયો નાખ્યો ત્યારે એમણે મુખ્ય ભાગ લીધો અમદાવાદ શહેર વસાવવા માટે એમણે ખાસ સલાહ આપી હતી એમ પણ કહેવાય છે શાહ તરફથી એમને ત્રણ કરોડ ગૂજરાતી ટકા એટલે આશરે સાડાસાત લાખ રૂપિયા નજર થતા એમના ચમત્કારો ઘણા છે માળવાની લડાઈમા જીતની તારીખ એમણે અગાઉથી અહમદશાહને કહેલી તે ઉલ્લેખ આગળ જોયો છે ઘણા લોકો એમના સાનિધ્યમા દટાવાનુ પસદ કરતા આજે ગૂજરાતના ત્રણ બાદશાહો એમની છાયામા સૂતેલા છે ગુજરાતનો સૌથી મોટો સુલતાન મહમૂદશાહ બેગડો, અને એનો પુત્ર મુઝફ્ફરશાહ એ બન્નેની કબરો શેખ અહમદની સામે જ છે ઘણા અમીરોની કબરો પણ ત્યા છે શેખ સાહેબ ઈસ ૧૪૪૬, હિ સ ૮૪૯ માં ગુરુવારતા ૧૪ માહે સવ્વાલને રોજ બપોર પહેલા મરણ પામ્યા એ વખતે એમની ઉમર ૧૧૧ ચાદ્ર વર્ષની હતી એટલે ૧૦૮ સૌર વર્ષો થાય એ જીવનભર બ્રહ્મચારી રહ્યા છે હિંદના મુસલમાનોમાં એમનુ માન ઘણું છે દર ગુરુવારે

એમની દરગાહના દર્શનાર્થે ઘણા લોકો જાય છે. દસક્રોઈ તાલુકાનું મકબરા ગામ આજે એમના તાબાનું ગણાય છે. એમનો રોજો અને એની આસપાસનાં મકાનો સ્થાપત્યકળાના ઉત્તમ નમૂના તરીકે મનાય છે અને એ મકાનોનો સમૂહ એક રમણીય સ્થળ છે. એનું વર્ણન આગળ જુદા પ્રકરણમાં કરીશું.[૩૧]

કુતુબેઆલમ સાહેબ અને બુખારી સૈયદો

શેખ અહમદ ખટ્ટુનું વ્યક્તિ તરીકે સ્થાન ગૂજરાતના મુસ્લિમ ઇતિહાસમા ઘણું ઊંચું છે છતા એક કુટુંબ તરીકે ગૂજરાતના મુસ્લિમ યુગના ઇતિહાસમાં બુખારી સૈયદોનું નામ ઘણું મશહૂર છે અને ગૂજરાત સલ્તનતના ઘણા બાદશાહોમાં એ કુટુંબનું માન કાયમ રહ્યું હતું જાહેર પ્રજામાં કુતુબેઆલમ સાહેબ તરીકે મશહૂર છતાં એમનું આખું નામ સૈયદ બુરહાનુદ્દીન અબુમુહમ્મદ અબ્દલ્લા બુખારી છે. એમના પિતા નસીરુદ્દીન મુહમ્મદ ઉચ્છના સુપ્રસિદ્ધ સંત શિરોમણિ સૈયદ જલાલુદ્દીન મખદુમ જહાનિયાં બુખારીના પુત્ર થાય. ગૂજરાતની સ્વતંત્ર ગાદી ગૂજરાતના સુલતાનોના મૂળ પુરુષને મખદુમ જહાનિયા સાહેબના આશીર્વાદથી પ્રાપ્ત થઈ છે એમ કહેવાય છે,[૩૨] એ કારણથી ગૂજરાતના સુલતાનો એ સાહેબના વંશ તરફ હમેશાં

૩૧. ગૂ. પાટનગર–અમદાવાદ, પૃ. ૬૭૪–૬૭૬. એમાં આ વર્ણન વિસ્તારથી આધારો સાથે આપેલું છે. ડૉ. ટેલર, ઉપર જણાવ્યા મુજબ, સુલતાન મુહમ્મદને રકમ પાછી આપી તેથી ગંજબક્ષ કહેવાય છે એમ માને છે. પરંતુ એઓ પોતાની સાદડી નીચેથી ગમે તે રકમ કાઢી આપતા એવી ચમત્કારિક વાત પણ કહે છે. એમની સ્વાભાવિક ઉદારતાને લીધે ગંજબક્ષ કહેવાતા એ વધારે સુસંગત છે.

૩૨. કહે છે કે મખદૂમ જહાનિયાં સાહેબે ઝફરખાંને મૂઠી ભરીને ખારેકો આપી અને એની સંખ્યા મુજબ એના વંશમાં ગૂજરાતના સુલતાનો થશે એમ કહ્યું. આ સંખ્યામાં શંકા હતી તેથી સુલતાનોની સંખ્યામાં પણ શંકા છે એમ તવારીખકારોનું માનવું છે.

પૂજ્ય બુદ્ધિ રાખતા આવ્યા છે હજરત કુતુબેઆલમ સાહેબનો જન્મ હિ સ ૭૯૦ ના રજબ માસની ૧૪ મી તારીખે થયો હતો અને એમના પિતા એ દશ વર્ષના હતા ત્યારે જ સ્વર્ગવાસી થવાથી એમના કાકાઓએ એમને ઉછેરીને જ્ઞાન આપ્યું અને ગૂજરાતમાં વસવા કહ્યુ તેથી તેઓ પાટણ આવ્યા, અને ત્યાંથી આશાવલમા આવીને વસ્યા સુલતાન અહમદ શાહે એમને માટે બનાવેલી કવિતાનો ઉલ્લેખ આ પૂર્વે જોયો સુલતાને એમની પાસે આશીર્વાદની યાચના કરી ત્યારે કુતુબેઆલમ સાહેબે કહ્યું કે મારા દાદાએ (મખદુમ જહાનિયાએ) તમારા કુટુંબને ગૂજરાતની ગાદી માટે આશીર્વાદ આપ્યો છે અહમદશાહે કહ્યુ કે ' એ તો કુટુંબને માટે આશીર્વાદ થયો આપ અમદાવાદ શહેર સુખી થાય એવો આશીર્વાદ આપો " એટલે કુતુબેઆલમ સાહેબે કહ્યુ કે " અહમદાબાદ અબ્દુલ આબાદ "— પરમેશ્વરની કૃપાથી અમદાવાદ હમેશ આબાદ રહેશે

એક વખત આ સાહેબ મધરાતે નિમાજ માટે ઊઠ્યા હતા એવામા અંધારામા એક ટેકુ એમના પગમા વાગવાથી એમને લોહી નીકળ્યું એ બોલી ઊઠ્યા ' ક્યા હૈ લોહા હૈ, કે લક્કડ હૈ, કે પથ્થર હૈ " સવારમા સૌને ખબર પડી કે એ ટેકામાં લોખંડ, લાકડું અને પથ્થર એ ત્રણે વસ્તુઓનો સમાવેશ થઈ ગયો હતો કુતુબેઆલમ સાહેબે આ જાણીને હુકમ કર્યો કે ' એ ટેકુ દાટી દો કોઈએ કાઢવુ નહિ અને જે કાઢશે તેનો વંશ રહેશે નહિ " ઉત્તરે એક મેદકે વંશ વિનાના રહેવાનુ પસંદ કરીને પણ એ ટેકુ કાઢ્યુ, ત્યારે લોકોને એ ચમત્કારની જાણ થઈ આ ટેકુ શાહેનશાહ અકબરે પણ નવાઈ સાથે જોયેલુ અને નવાઈની ચીજ તરીકે તો અરધુ કરીને આગ્રા લઈ જવા હુકમ કરેલો બાકીનું અર્ધું પણ વટવામા એમની દરગાહમા છે અને લોકો એને નવાઈથી જુએ છે કુતુબેઆલમ સાહેબ હિ સ ૮૫૦ ના ઝિલ્હજ માસની ૮ મી તારીખે ૬૮ વર્ષની ઉમર ગુજરી ગયા જીવનના પાછલા ભાગમા એ વટવામા રહેતા હતા એટલે ત્યાં

ગૂ ૭

એમનો રોજો છે. અને આજે પણ એમના ઉરસ વખતે ત્યાં હજારો લોકો જાય છે.[૩૩] રોજાનું વર્ણન આગળ કરીશું.

કુતુબેઆલમ સાહેબને બાર પુત્રો હતા. એમાં શાહઆલમ સાહેબ બહુ પ્રસિદ્ધ હતા. પહેલા પુત્ર નાસીરુદ્દીન અબુલ મહમૂદ ઉર્ફે શાહ બડા કહેવાતા હતા તે પણ મશહૂર હતા એમણે સુલતાન બહાદુરને ગૂજરાતની ગાદી મળવા માટેનો આશીર્વાદ આપેલો. બુખારી સૈયદોમાં બે ખાનદાન ચાલે છે. એમાં કુતુબેઆલમ સાહેબના વંશના કુતુબી સૈયદો કહેવાય છે અને એમના પુત્ર શાહઆલમ સાહેબના વંશના શાહી સૈયદો કહેવાય છે.[૩૪] શાહઆલમ સાહેબ ગૂજરાતના ઇતિહાસમા સુપ્રસિદ્ધ છે અને એમનુ વર્ણન યથાસ્થાને કરીશું.

સૈયદ ઉસમાન શમે બુરહાની

કુતુબેઆલમ સાહેબના પહેલા શિષ્ય સૈયદ ઉસમાન શમે બુરહાનીનો ટૂંકો અહેવાલ અહીં આપવો જરૂરનો છે. એમની ઘણી કરામતો કહેવાય છે. એ ખરા ત્યાગી પુરુષ હતા. કુતુબેઆલમ સાહેબના હુકમથી એઓ બહાવદીનપુરમા બોધ આપતા હતા પરંતુ સંતોને હમેશા જેમ બને છે તેમ, એમની પાસે ઘણાં માણસો ભેગાં થવા લાગ્યા તેથી તેમને ફાવ્યુ નહિ અને માલમિલકતનો ત્યાગ કરીને સાબરમતીને સામે પાર તબૂ નાંખીને રહ્યા. એ જગ્યાએ ઉસમાનપુર નામે પરુ વસ્યુ જે આજ સુધી કાયમ છે. બાદશાહી વખતમાં એ પરું અમદાવાદના સૌથી સમૃદ્ધ પરાઓમાંનું એક હતું. આજે ગૂજરાત રાષ્ટ્રીય વિદ્યાપીઠ ઉસમાનપુરામાં છે. સૈયદ ઉસમાનને 'શમે બુરહાની'

---

૩૩. ગ્ર. પાટનગર–અમદાવાદ, પૃ. ૬૭૬–૭૭. કુતુબેઆલમ સાહેબના રોજામાં અમદાવાદની પાસેના વટવા ગામમાં, આજે પણ આ મિશ્રણવાળો પથ્થર બતાવવામા આવે છે. અને અકબરની પેઠે કેટલાક મુસાફરોએ પણ એની નોંધ લીધેલી છે.

૩૪ આજે એ બન્ને વંશનાં ખાનદાન આબાદ છે અને હજારો લોકો એમને માને છે. શાહઆલમ સાહેબનું વર્ણન મહમૂદ બેગડાના સમયમા કરીશું.

—'દીવાનો પ્રકાશ' કહેતા ઉસ્માનપુરમા એ સાહેબનો રોજો અને ભવ્ય મસ્જિદ સુલતાન મહમૂદ બેગડાએ બંધાવી તે આજે પણ અમદાવાદના જોવાલાયક મકાનોમા ગણાય છે સૈયદ સાહેબનો ઉર્સ તા ૧૫ મી જમાદી ઉલ અવ્વલે થાય છે એમણે કેટલાક સૂફી ગ્રંથો લખ્યા છે, એમા 'મદારીજ ઉલ મઆરીજ' પ્રસિદ્ધ છે એમની એક પ્રસિદ્ધ ગઝલમાં કહ્યુ છે કે "રાજ્યાસન દરવેશોના આંગણાનુ પાથરણું છે દુઃખ એ ફકીરોનુ દ્રવ્ય છે યોગીની ધૂનીમાંથી ચિનગારી લ્ય (આત્મજ્ઞાન) મળે છે દરવેશોને કનડવાની દુઃખ આવે છે એમના આશીર્વાદ તિરસ્કારને ફેરવીને એમાથી પ્રેમ ઉત્પન્ન કરે છે"[૩૫]

આ પ્રમાણે જૂના પાટનગર પાટણમાં અને નવી રાજધાની અમદાવાદમાં આ સમયમા ઘણા સતો થઈ ગયા છે વિસ્તારના ભયથી બધાના વર્ણન અહી થઈ શકે તેમ નથી ભરૂચના સય્યદ સદ્રુદ્દીન મશહદી જે મખદૂમ જહાનિયાના સગા થતા હતા તે પણ આ સમયમાં થઈ ગયા એમની કબર ભરૂચથી એક ગાઉ ઉપર છે એમના વશજો આજે ભરૂચ તેમજ અમદાવાદમા પણ છે એ બધા સતોના વર્ણનો મિરાતે અહમદીમા આપેલા છે અહી તો જેમણે પોતે અગર જેમના વશજોએ ગુજરાતના મુસલમાન ઇતિહાસમા નામ રહે એવો ભાગ લીધો છે અગર તો જેમનુ સ્મરણચિહ્ન આજ સુધી પણ ઐતિહાસિક સ્મારક તરીકે ઊભુ છે તેમનુ જ ટૂકામાં વર્ણન કરેલુ છે[૩૬]

●

---

૩૫. ગુ. પાટનગર–અમદાવાદ પૃ ૬૮

૩૬ જેને આ બધા સતોની વિગત જાણવાની જિજ્ઞાસા હોય એમણે કાઝી નિઝામુદ્દીન ચિશ્તી સાહેબની મિરાતે અહમદીની પુરવણીના [illegible] ભાગ તથા અગર નવાબઅલી અને સી નડન અમેડ તરજૂમામાથી જોઈ લેવુ [illegible] પાટનગર અમદાવાદમા પણ કેટલાક સતોનું ટૂકુ વર્ણન આપેલ છે પણ અમદાવાદની બહારના સતોના વર્ણન માટે અહમદીના જ જોવુ

પ્રકરણ ૨૩

" Architecture is the printing press of all ages, and gives a history of the state of society in which it was erected in."—Morgan.

ગૂજરાતનું મુસલમાન સમયનું સ્થાપત્ય*

સ્થાપત્યના ક્ષેત્રમાં વિજેતાઓ જીત મેળવી શક્યા નહિ

મુસ્લિમ સમયના ગૂજરાતના સ્થાપત્યનું ખરું વ્યક્તિત્વ અહમદશાહના સમયથી શરૂ થાય છે, અને એનુ વર્ણન કરતાં પહેલાં મુસ્લિમ સ્થાપત્ય માટે સામાન્ય રીતે કેટલાક વિચાર કરવાની જરૂર છે. મુસલમાનોએ ભારતવર્ષ જીત્યું. અનેક ધર્મો અને સંસ્કૃતિઓ ઉપર નૈતિક જીત મેળવીને હિંદુઓએ પોતાની સંસ્કૃતિમાં સમાવી લીધાં, પણ મુસલમાનોની બાબતમાં મોટે ભાગે એમ ન બન્યું, એ આ પૂર્વે જોઈ ગયા. પરંતુ કેટલાક ક્ષેત્રોમાં મુસલમાનો પૂરેપૂરી જીત મેળવી શક્યા નહિ એવા દાખલા પણ મળે છે સ્થાપત્યમા એ લોકો સંપૂર્ણ જીત મેળવી શક્યા નહિ. એમા પણ ભારતવર્ષના દરેક પ્રાંતોમાં એ જીતનું પ્રમાણ ઓછું વધતું છે ગૂજરાતમા એ જીતનુ પ્રમાણ એટલું તો ઓછુ છે કે એને વિજય ન કહીએ તોપણ ચાલે જે ક્ષેત્રમાં જિતાયેલી પ્રજા જીતનારા કરતા વધારે સંસ્કારવાળી અને આગળ પડતી હોય છે તે ક્ષેત્રમાં વિજેતાઓ સહેલાઈથી વિજય મેળવી

* આ પ્રકરણ સામાન્ય વાંચનારને સાહિત્યની પેઠે સ્થાપત્યમાં રસ પડે અને ખાસ કરીને ગુજરાતની વિશિષ્ટ સંસ્કારિતાનું ઘડતર સ્થાપત્યમાં પણ દેખાઈ આવે એવી વિશેષતાઓ તરફ ધ્યાન ખેંચીને બતાવવાના ઈરાદાથી લખ્યું છે તેથી તેમાં સ્થાપત્યની પરિભાષા વાપરી નથી.

શકતા નથી સ્થાપત્યના ક્ષેત્રમા ગૂજરાત એ સમયના સૌથી આગળ વધેલા દેશોમાંનો એક હતો, એટલે એમા તો વિજેતાઓ જીતવા જતા પોતે જિતાઈ ગયા

હિંદુ-મુસલમાન સંસ્કૃતિઓના મૌલિક ભેદ

આ વિજય ગૂજરાતના સાંસ્કૃતિક ઇતિહાસનું એક મગરની પ્રકરણ છે જીતનાર મુસલમાનો અને જિતાયેલા હિંદુઓની સંસ્કૃતિમાં કેટલાક મૌલિક ભેદ અને વિરોધો હતા સ્થાપત્યના ક્ષેત્રમા આવા વિરુદ્ધ ગુણવાળી બે સંસ્કૃતિઓ એકત્ર થઈ એ મનુષ્યજાતિના ઇતિહાસમા ભાગ્યેજ બને એવો બનાવ છે આ એકતાથી ઉત્પન્ન થયેલું સ્થાપત્ય અદ્ભુત છે અને એનો ઇતિહાસ રસમય છે તીવ્ર મૌલિક વિરોધોને લીધે જ આ બન્ને સંસ્કૃતિઓ એકત્ર ન થઈ શકી પણ સ્થાપત્યમા શું થયું? એક પ્રમાણમા નવીન સંસ્કૃતિએ પ્રાચીન સંસ્કૃતિ ઉપર આક્રમણ કર્યું હતું એક પાર્થિવ હતી, એક બીજી વિરાટ પાયા ઉપર પણ સૂક્ષ્મ હતી એક સીધી ને સાદી હતી બીજી કર્મકાંડની અનેક ગૂંચવણવાળી અને વિધિનિષેધથી ભરપૂર હતી એક આધિભૌતિક હતી, બીજી આધ્યાત્મિક હતી એક જગતને વાસ્તવિક દૃષ્ટિએ જોતી, બીજી ઉચ્ચ આદર્શની દૃષ્ટિએ જોતી એક આ દુનિયાને જ પરમેશ્વરની સૃષ્ટિનો આદિ અને અંત માનતી, બીજી પુનર્જન્મ અને કર્મની અનંતતામાં માની તેનો અંત લાવવાના આ શમા માનતી

બે ભેગા ગૂજરાતમા એક થયા

આવા તીવ્ર વિરોધોવાળી સંસ્કૃતિઓ ગૂજરાતમા બહુ થોડા દેરફારથી એક બની એ તો જગતના દેશોના સ્થાપત્યના ઇતિહાસમાં એક ચમત્કાર[1] જ ગણી શકાય એનો યશ વિજેતા રાજકર્તાને આપવો કે જિતાયેલી પ્રજાના પ્રમાણ સંસ્કારને આપવો એ વિચારવાનું છે

---

1 Cam His Ind III સર જૉન માર્શલ પૃ ૫૧૮

ગુજરાતના સ્થાપત્યનો ઇતિહાસ એનો યશ પ્રજાની સંસ્કારિતાના મૂળમાં રહેલા ઉચ્ચ સંસ્કારના ઓજસને આપે છે

સ્થાપત્યમાં રસની જમાવટ

મુસલમાનો પાસે પોતાનું સ્થાપત્ય તો હતું માણસના હૃદયમાં ગાંભીર્યની ભાવના પેદા કરે એટલું વિશાળ હતું, પણ એમાં લાલિત્ય અને કોમલતા નહોતાં. સર્વ પ્રકારના રસનું દર્શન કરાવે એવું સ્થાપત્ય ભાગ્યે જ હોય છે. દુનિયાની ઘણી પ્રજાએ સારાં સ્થાપત્ય ઊભાં કર્યાં છે. કોઈમાં એક બે રસ ઉત્તમ વિકસ્યા છે તો બીજાની ઊણપ રહેલી છે. ભારતવર્ષના બીજા પ્રાંતોના સ્થાપત્યમાં રસની જમાવટ કાંઈક વધારે છૂટથી થઈ છે એ ખરું છે, પરંતુ ગુજરાતના સ્થાપત્યની કોમલતાના પ્રેરક રસો કાંઈક વધારે દેખાય છે. મુસલમાનોના આવતા પહેલાંના ગુજરાતના હિંદુ સ્થાપત્યમાં એવા રસોની વિપુલતા છે. મુસલમાનો આવ્યા પછી એમના સ્થાપત્યમાં રહેલા બુલંદપણું અને ગંભીર વિશાળતા ગુજરાતના હિંદુ સ્થાપત્યની સર્વદેશીય કોમલતા સાથે મળતાં એક સર્વાંગ સુંદર, સર્વ રસથી ભરપૂર સ્થાપત્ય ઊભું થયું ભારતવર્ષના મુસ્લિમ ગુજરાતના મુસ્લિમ સ્થાપત્યનું સ્થાન આજે પણ અનેરું છે તેનું આ કારણ છે. જીવનના અન્ય વ્યવસાયોમાં બે ભિન્ન સંસ્કૃતિઓનો મેળ ન ખાવા છતાં સ્થાપત્યમાં એ મેળ અદ્‌ભુત રીતે સધાયો છે.[૨] એથી જ આ સમયના સ્થાપત્યનું પ્રકરણ સાંસ્કૃતિક ઇતિહાસમાં મહત્ત્વનું છે.

---

૨. Cambridge History of India III. P. 570-71. આમાં સ્થાપત્યનું પ્રકરણ સર જોન માર્શલે લખ્યું છે. હિંદુ અને જૈન મંદિરોને મસ્જિદોમાં ફેરવવાની રીતને Remarkable in History of Architecture કહે છે ને લખે છે કે: "To create a successful building out of such alien materials, to reconcile two styles so characteristically opposed, without transgressing the standard formulas of Islamic Art might well have been deemed

મુસલમાનો સૂકા દેશમાંથી ઉચ્ચ સ્થાપત્યના સંસ્કાર ધરાવતા દેશોમાં આવ્યા હતા

મુસલમાનો હિંદની પશ્ચિમોત્તરના પ્રદેશોમાંથી હિંદમાં આવ્યા હતા અને દિલ્હીમાં કાયમનું થાણું નાખ્યા પછી હિંદના પ્રાંતો જીતી ગુજરાતને પણ ચૌદમી સદીની શરૂઆતથી જીતી, સાંસ્કૃતિક દૃષ્ટિએ અનેક ક્ષેત્રોમાં ભારતની પ્રાચીન પરંપરાથી કેવળ ભિન્ન અને નવીન સંસ્કૃતિના પંથો દેખાડવાનો પ્રયત્ન કરવા માંડયો એમાં એમને સફળતા મળતાં લાંબો સમય વીત્યો અને પૂરી સફળતા તો ન જ સાંપડી કેટલીક બાબતમાં ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં પણ સફળતાનું પ્રમાણ વધતું ઓછું જ રહ્યું મુસલમાનોએ લશ્કરી દૃષ્ટિએ બળવાન જમાવટ કરી હતી પરંતુ એમના દૃષ્ટિબિંદુનું કેન્દ્ર તો અરબસ્તાનમાં જ હતું અને સ્થાપત્યના ક્ષેત્રમાં એમને એ દેશમાંથી ખાસ કાંઈ આદર્શ મળે તેમ નહોતું [3] એ લોકો વિજેતા થઈ એવા દેશમાં આવ્યા હતા

---

an impossible task Sir T C Hope આ સ્થાપત્યોની મેળવણીને 'The varied offspring of this strange union કહે છે' કર્નલ ટૉડ Travels in Western India પૃ ૨૮ કહે છે કે — We must admire the perseverance and skill which have surmounted the difficulties of rearing Saracenic superstructures over a Hindu stylobate without shocking the eye A more powerful contrast could scarcely be furnished than exists between Mooslem and Hindu Architecture

૩ સર જૉન માર્શલ Cam Hi Ind III P 669 'The Arabs themselves possessed little or no genius for art of building આરબોના પ્રમાણમાં અફઘાનો અને તુર્ક લોકોને બાંધકામનો શોખ હતો એમ સર જૉન માને છે સર જૉન એમ પણ માને છે કે કેટલાક લેખકોએ મુસલમાનોને ઝનૂની, જંગલી અને પશુ જેવા ચીતર્યા છે અને એવા લોકો બહુ જ પ્રાચીન અને બહુ જ ઊંચી તરેની સંસ્કૃતિ ધરાવતા લોકો ઉપર ચડી આવ્યા એ વાત સત્ય નથી એ લોકો ક્રૂર લાગતા હતા અને રજપૂતો જેવી chivalry (=ઉદાર-શૌર્ય) એમનામાં નહોતી એટલું કબૂલ કરે છે

કે જ્યાં કલામય સ્થાપત્યની પરંપરા ખૂબ જ પ્રાચીન હતી, અને એમાં પણ ગુજરાત પ્રાંતમાં તો સર્વશ્રેષ્ઠ હતી.

હિંદુ અને મુસલમાન ધાર્મિકસ્થાનોના ભેદ અને સામ્ય

હિંદુ મંદિરો એક અગર બહુ જ થોડાં માણસો એક સાથે પૂજા કરી શકે એ રીતે બંધાતાં હતાં, જ્યારે ઇસ્લામની મસ્જિદો મોટા સમૂહમાં કોઈ પ્રકારના ભેદ વગર લોકો પ્રાર્થના કરી શકે એ રીતે બંધાતી હતી. ઇસ્લામમાં ખરી રીતે પ્રાર્થના કરનાર અને પરમેશ્વર વચ્ચે કોઈ જ ન જોઈએ એવો સિદ્ધાંત હોવાથી ખુલ્લા મેદાનમાં કે ગમે ત્યાં પ્રાર્થના થઈ શકતી. પરંતુ પ્રાર્થનાને માટે પવિત્ર વાતાવરણવાળું સ્થળ નિશ્ચિત થવું જોઈએ એ મનુષ્યસ્વભાવની પ્રકૃતિ હોવાથી આરબના સામાન્ય ઘરની રૂઢી મુજબ વચ્ચે ખુલ્લો ચોક રાખી ઓરડા અને પડાળીઓવાળા પ્રાર્થના સ્થળનો પ્રચાર થયો અને એ સિદ્ધાંત ઉપર મસ્જિદોની બાંધણીની પ્રગતિ ઉત્તરોત્તર થતી ગઈ.[૪] મુસ્લિમો હિંદમાં આવ્યા ત્યારે આરબો એમના પોતાનાથી વધારે સુધરેલા તુર્કો અને અફઘાનોના સંસર્ગમાં આવ્યાથી મુસલમાન સ્થાપત્ય તે સમયે ઠીક ઠીક વૃદ્ધિ પામ્યું હતું. હિંદમાં મંદિરોના સ્થાપત્યમાં મૂળભૂત ભેદ હતો છતાં કોઈ કોઈ પ્રાંતોમાં ચોક, ઓરડા અને પડાળીઓવાળા ઘરની બાંધણી કાંઈક અંશે આરબોના નિવાસસ્થાનોને મળતી આવતી હતી, અને એ રીત મંદિરોમાં પણ કેટલેક અંશે જણાતી હતી.[૫] મુસલમાનો હિંદમાં પગભર થયા ત્યારે ભારતની શિલ્પસ્થાપત્યની કળા તો ટોચ ઉપર હતી એ આ પૂર્વે

૪ Percy Brown, Indian Architecture : (Islamic) P. 3.

૫. પર્સી બ્રાઉન–ઇન્ડિયન આર્કિટેક્ચર–ઈસ્લામિક, પ્ર. ૧–માં આ પ્રમાણે લખે છે : આપણામાં દક્ષિણનાં મંદિરોમાં વચ્ચે મુખ્ય મંદિર અને વચ્ચે ચોક રાખી પડાળીઓનો રિવાજ દેખાય છે. જૈનોએ એ રીતે પડાળીઓમાં તીર્થંકરોનાં જિનાલયોની યોજના કરી. દક્ષિણના મંદિરોમાં ખાસ કરીને શિવમંદિરમાં શિવનાં પૌરાણિક સ્વરૂપોનાં નાના આલયો પડાળીમાં રહે છે.

જોઈ ગયા અહીં મંદિરો પણ ખૂબ સંખ્યામાં અને ખૂબ સમૃદ્ધ હતા, એટલે વિધર્મી વિજેતાને પોતાના ઉપયોગ માટે પુષ્કળ તૈયાર સામગ્રી પણ મળી શકે તેમ હતું તે સાથે દેશના કારીગરો અને સ્થપતિઓ વિશ્વના કોઈ પણ દેશના કારીગરોમાં પ્રથમ પંક્તિમાં બેસે એવા હતા,[૬] એટલે આ નવા વિજેતા એમના ઉપર કોઈ જાતનો મોટો પ્રભાવ પાડી શક્યા નહિ અને ઇસ્લામના મૂળ સિદ્ધાંતોને ખાસ વિરોધ વગર દેશી સ્થાપત્યના સિદ્ધાંતો સાથે એની રીતે ઘટાવવા એ કાર્ય એ કારીગરોને સરળ થઈ પડ્યું સ્થાપત્યમાં અલંકારોનો શોખ હિંદુઓ જેવો મુસલમાનોને પણ હતો, એટલે એ ક્ષેત્રમાં આ કારીગરોને માત્ર સ્વરૂપો જ બદલવાના હતા એ કારણથી પણ ખાસ વિરોધ નરમ પડી ગયો હતો

મુસલમાન સત્તા દિલ્હીમાં કાયમ થઈ

અગિયારમી સદીની શરૂઆતમાં મહમૂદ ગઝનવી તો માત્ર લૂંટ અને થોડી તોડફોડ કરીને જતો રહ્યો હતો તે પછી બે સદીઓ

---

૬ Percy Brown-Islamic Architecture, P 45 The Muslim rulers were fortunate in finding in the country of Gujarat some of the most accomplished artizans in the whole of India' આમ તેઓ લખે છે કે આ કારીગરોના મહાજનો હતા અને બ્રાહ્મણ તથા જૈનો મંદિરો બાંધતા હતા, અને એવાં ધર્મ દેશના અવિભાજ્ય અંગરૂપ બની ગયાં હતાં કે — So that architecture and the arts associated with it had become part of their racial consciousness આમ શુદ્ધ બાંધકામ એ ગુજરાતીઓનો સ્વભાવ થઈ પડ્યો હતો હિંદુ લોકો ઉપર મુસ્લિમોએ કેમ આક્રમણ કરી તે માટે ફર્ગ્યુસન કહે છે" — The truth of the matter is, that the Mahomedons had forced themselves upon the most civilized and most essentially building race at that time in India (His of Ind & Eastern Architecture P 527)

પછી દિલ્હીમાં મુસ્લિમ સલ્તનત પગભર થઈ હતી અને ઇસ્લામના સિદ્ધાંત પ્રમાણે એમને બાંધકામ કર્યા વગર ચાલે તેમ નહોતું. એ રીતે અજમેર અને દિલ્હીમાં મુસ્લિમ સ્થાપત્યની કળા વૃદ્ધિ પામતી ગઈ તે ખીલજી સુલતાનોના સમયમાં સારી રીતે ખીલી હતી, અને પ્રાંતોમાં એનાં અનુકરણો થવા માંડ્યાં હતાં.[૭] ગુજરાતમાં એ સમયે ભરૂચ, ધોળકા, ખંભાત વગેરે સ્થળોએ મસ્જિદો બંધાઈ હતી તે આ પૂર્વે જોઈ ગયા, પરંતુ ઇસ્લામના સિદ્ધાંતોને નવા સ્વરૂપમાં ધરાવી એક પ્રાંતિક વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવતું સ્થાપત્ય પાટણથી ગુજરાતનુ પાટનગર બદલાયા પછી અમદાવાદમાં શરૂ થયું એમ કહી શકાય.

ગુજરાતના સ્થાપત્ય માટે અંગ્રેજ કલાવિવેચકોનાં પ્રમાણપત્રો

અહીં એક બીજી વાત કરી દેવી જરૂરની છે. આપણા સ્થાપત્યના શાસ્ત્રીય ગ્રંથો છે અને વંશપરંપરાથી એના જાણકાર પણ દેશમા છે, પરંતુ આ બાબતનો તુલનાત્મક શાસ્ત્રીય અભ્યાસ તો અંગ્રેજોએ કર્યો એટલું કબૂલ કરતા આપણે સ્વાભિમાન ઓછુ કરવુ જોઈએ કોઈ દેશી સિદ્ધાંત ન સમજ્યા હોય તોપણ આ વિદેશીઓએ આપણા સ્થાપત્યનો સહૃદય અભ્યાસ કર્યો છે અને એમની ટીકાઓ તથા એમની અંજલિઓની આપણે અવગણના કરી શકીએ નહિ એવી મારી નમ્ર માન્યતા છે. એટલે ફર્ગ્યુસન, હેવલ, બર્જેસ, કઝિન્સ, માર્શલ અને બ્રાઉનનાં મંતવ્યો આપણે વિવેકબુદ્ધિથી જોવાં જોઈએ એ કારણે જ્યાં ઠીક જણાય ત્યાં

૭. દિલ્હીમા શરૂ થયેલું મુસલમાન સ્થાપત્ય ખીલજીઓના સમયમાં ઉત્તમ કક્ષાએ પહોંચ્યુ એમ કલાવિવેચકો માને છે. સર જોન માર્શલ અલ્લાઉદ્દીનની ક્રૂરતા માટે જાણે બચાવ કરતા હોય તેમ ઉત્તમ મકાનો એણે બાંધ્યાં એ માટે લખે છે અને એ ક્રૂર તેમ જ બાંધકામનો શોખીન બન્ને હતો એમ કહી મન વાળે છે, અને એને Imaginative કહે છે! Cam. His. III P. 567.

એમના પોતાના શબ્દોમાં ઉતારા આપવા પ્રયત્ન કર્યો છે અને જ્યાં મતભેદ જણાય ત્યાં તે બતાવવા પણ પ્રયત્ન કર્યો છે

હિંદુ અને મુસલમાન સિદ્ધાંતોમાં મળેલું સ્થાપત્ય વધારે આકર્ષક બન્યું

ગુજરાતી કારીગરોએ ઇસ્લામના ધાર્મિક નેતાઓના સૂચનોને મસ્જિદની રચનામાં અગત્યનું અને મુખ્ય સ્થાન આપી પોતાની પ્રાચીન પરંપરા પ્રમાણે બાંધકામના બીજા સિદ્ધાંતો અને અલંકારો પોતાના રિવાજ પ્રમાણે જ ચાલુ રાખ્યા શરૂઆતની મસ્જિદોમાં હિંદુ મંદિરોની સામગ્રી ફેરફાર વિના પણ વાપરેલી દેખાઈ આવે છે તે યથાસ્થાને જોઈશું, પરંતુ ઇસ્લામની સ્થાપના પછી દેશી કારીગરોને ઇસ્લામના સિદ્ધાંતો નજર આગળ રાખીને પોતાની રીતે બાંધકામ કરવાની જરા વધારે છૂટ મળી, અને હિંદભરમાં સર્વશ્રેષ્ઠ ગણાતા ગુજરાતી કારીગરની કુશળતાથી બાંધકામમાં જે મજબૂતાઈ સાથે મનોહરતા આવવા માંડી તેથી વિધર્મી વિજેતાઓને ફરિયાદ કરવાનું કંઈ પણ કારણ મળ્યું નહિ ૮ આ કારણથી ગુજરાતનું મુસ્લિમ સ્થાપત્ય નજીવા ફેરફાર સાથે જાણે પ્રાચીન દેશી સ્થાપત્ય જેવું જ દેખાવા લાગ્યું અને જે મિશ્રણ થયું તે ઉત્કૃ

૮ Sir T C Hope Ahmedabad Architecture, P 21
As to style it was the singular fortune of the Mahomedans to find themselves among a people, their equals in conception, their superiors in execution and whose tastes had been refined by centuries of cultivation While moulding them they were moulded by them, and though insisting on their own bold features of minarets and pointed arch they were fain to borrow the pillared hall the delicate traceries and rich surface ornaments of their despised and prostrate foe

એની શોભામાં અભિવૃદ્ધિ કરે તેવું નીપજ્યું.[૯] હિંદુ મંદિરોના સ્થાપત્યમાં જે અંધારાનો આભાસ, જે દિંગમૂઝાપણું હતું તે ઇસ્લામની પ્રકૃતિ પ્રમાણે હવા અને અજવાળાથી ભરપૂર અને બુલંદ બન્યું. આ રીતે ગુજરાતનું મુસ્લિમ સ્થાપત્ય કેવળ વિરોધી તત્ત્વોના મિશ્રણથી ઊલટું વધારે આકર્ષક અને મનોહર બન્યું, અને એ સિદ્ધિ જગતના સ્થાપત્યના ઇતિહાસમાં એક ચમત્કાર ગણી શકાય એવી થઈ. બુલંદ કોમળતાનો, લાલિત્યથી પૂર્ણ મહાકાવ્યનો, ભરપૂર અલંકાર સાથે જ સ્વચ્છ સાદાઈનો, મજબૂતાઈ સાથે લાવણ્યનો જે સુમેળ ગુજરાતના મુસ્લિમ સ્થાપત્યમાં સધાયો છે એવો હિંદના અન્ય પ્રાંતના કે હિંદ બહારના દેશોના સ્થાપત્યમાં જડવો મુશ્કેલ છે.[૧૦] ભારતમાં એક ખૂણે પડી જવાથી અને ગુજરાતી-ઓને વેપાર સિવાય બીજી કોઈ જાહેરાત કરવાની ટેવ ન હોવાથી રોમ, ગ્રીસ કે દિલ્હીના સ્થાપત્ય જેટલો રસ આપણા આ સ્થાપત્યમાં કોઈ બતાવતું નથી.

થાંભલા-પાટડા અને કમાનો

સ્થાપત્યની પરિભાષામાં ન ઊતરીએ તો હિંદુ સ્થાપત્ય થાંભલા અને પાટડા ઉપર ઊભેલું અને તે કારણથી નીચું હતું એમ કહી શકાય. થાંભલાને ઊંચા કરવા માટે પણ હિંદુ સ્થપતિ એક થાંભલા ઉપર કલાની ક્ષતિ ન થાય એવી રીતે એક બીજો નાનો થાંભલો ગોઠવીને ઊંચાઈ લાવવા પ્રયત્ન કરતો. કમાનોની રચના હિંદુઓ જાણતા હતા ખરા, પરંતુ એની બાંધણીથી એઓ ટેવાયેલા નહોતા. મુસ્લિમોના બાંધકામમાં કમાન મુખ્ય હતી અને તેથી એ ઇસ્લામી

૯. આ માટે લગભગ બધા જ કલાવિવેચકો એકમત છે તે તેમના અભિ-પ્રાયોના આ પૂર્વે અને પછી ઉતારા આપ્યા છે તે ઉપરથી સમજાશે.

૧૦. આ માટે સ્થાપત્યકલાના વિવેચકોના અભિપ્રાયો આ પ્રકરણને છેડે એક સાથે જ આપીશું.

બાંધકામના સિદ્ધાંત જેવી ગણાઈ હતી મુસલમાનોએ હિંદમાં કમાનોનો છૂટથી ઉપયોગ શરૂ કર્યો એથી એમનાં મકાનો ઊંચાં, બુલંદ અને વધારે મોટાં થવાથી વધારે હવા અજવાળાવાળાં થયાં ગૂજરાતી મસ્જિદોની બાંધણીમાં કમાનોનો વિકાસ ધીમે ધીમે પણ ઉત્તમ રીતે થયો છે [11] ગૂજરાતના ઘણા રોજાઓમાં અને મસ્જિદોમાં જૂની હિંદુ થાંભના પાટડાની રીત કાયમ પણ રહી છે, અને કારીગરોની કુશળતાને લીધે એ રીતમાં પણ લલિત મનોહરતા આવી છે, એના ઉદાહરણો યથાસ્થાને જોઈશું કમાનોની રચનામાં પણ ભારતવર્ષના દરેક પ્રાંતમાં કાંઈક કાંઈક ફેર છે ગૂજરાતની કમાનોનું સ્થાન એમાં જુદું તરી આવે તેનું છે કઈ કમાનની રચના સુંદર અને મનોહર લાગે એ મનસુબાનો વિષય છે, છતાં ગુજરાતની કમાનોમાં બીજી કમાનો કરતાં લાલિત્ય વધારે હોય એમ દેખાઈ આવે છે મોગલાઈ કમાનો કરતાં એ કાંઈ વધારે આકર્ષક લાગે છે [12]

---

૧૧ જુદી જુદી કમાનોની રચનાના ચિત્રો માટે પરસી બ્રાઉનના ઇન્ડિયન આર્કિટેક્ચર ઇસ્લામિક—એ ગ્રંથની પ્લેટ–૮ થી જુઓ એમાં સરખામણી માટે આખી દુનિયાભરની કમાનોના ચિત્રો છે અમદાવાદની જુમા મસ્જિદની કમાનનું ચિત્ર એમાં છે ગૂજરાતી મસ્જિદોની કમાનો દિલ્હીના ખીલજી સમયના સ્થાપત્યમાંથી આવી લાગે છે અને એમાં સુધારા થયેલા છે ગૂજરાતની શરૂઆતની મસ્જિદો કરતાં રોજમી સદીની મસ્જિદોની કમાનો વધારે સારી છે ગૂજરાતની કમાનોની ચર્ચા માટે જુઓ મારો અમદાવાદનો ઇતિહાસ પૃ ૩૦૩–૪

૧૨ ગૂજરાતમાં મોગલોના આવ્યા પછી મોગલ સમયની કમાનો બંધાતી થઈ આ કમાનો કેવી જુદી પડી જાય છે બાંધણીની દૃષ્ટિએ પશ્ચિમના દેશોની અને સમકાલીન કમાનો એક જ મધ્યબિંદુમાંથી થયેલા વર્તુલ જેવી છે ગોળ કમાન ઉપર ગૂજરાતી કમાનને અણી કરેલી છે જ્યારે મોગલ સમયની કમાનો બે મધ્યબિંદુઓથી કરેલા વર્તુલોના ભાગ ઉપર અણી કરેલી છે અમદાવાદમાં ભદ્રના કિલ્લાના મુખ્ય દરવાજામાં ભદ્રકાળીના મંદિરની જેના દરવાજાની કમાન મોગલાઈ છે જ્યારે તેની અંદરના બે દરવાજાઓની કમાનો ગૂજરાતી છે તે સાથે જોવાથી એ સમજાશે

મસ્જિદની રચના અને નકશો (Plan)

મક્કા શરીફ હિંદથી પશ્ચિમ દિશામાં છે એટલે મુસલમાન હમેશ પશ્ચિમ તરફ મુખ રાખીને પ્રાર્થના કરે છે એ કારણે મસ્જિદો હમેશાં પૂર્વાભિમુખી જ હોય છે. ઉપર જોયુ તેમ એની સામાન્ય રચના, એક પૂર્વાભિમુખી મોટો પ્રાર્થનાનો આચ્છાદિત ઓરડો, વચ્ચે ચોક અને આસપાસ પડાળીઓ, એ જાતની હોય છે. પ્રાર્થનાના ઓરડાને લિવાન કહે છે. હિંદુ મંદિરમાં આથી જુદી રચના હોય છે. એમાં સૌથી આગળ થાંભલા ઉપર નાના ઘૂમટવાળો મંડપ હોય છે અને એ પછી ગર્ભગૃહ હોય છે. આ બધુ થોડા ભક્તો એકી સાથે ભેગા થઈ શકે એટલું નાનુ હોય છે, અને દેવની પ્રતિમાવાળું ગર્ભગૃહ તો પ્રમાણમાં છેક જ નાનુ હોય છે. મસ્જિદમાં એક સાથે મોટો સામાન્ય જનસમુદાય ભાગ લઈ શકે એવો રિવાજ હોવાથી લિવાન, ખુલ્લો ચોક, વગેરે મંદિરના પ્રમાણમાં મોટા હોય છે. લિવાનમાં ન માઈ શકે તે ખુલ્લા ચોકમાં પણ નિમાઝ પઢી શકે છે. એટલે પૂર્વાભિમુખી મસ્જિદોના લિવાનની ઉત્તર દક્ષિણ લંબાઈ વધારે રાખવી પડે એ મંદિર અને મસ્જિદની રચનાનો મુખ્ય ભેદ છે ગૂજરાતના કારીગરો મંદિરના મંડપોની રચનામાં નિષ્ણાત હતા એટલે મસ્જિદોની રચનામાં એ જ રીત એમણે અજબ ખૂબીથી વાપરી. કમાનોની સારી આવડત ન હોવાથી મંડપોની થાંભલા પાટડાની રચના મસ્જિદોમા એમણે કાયમ રાખી, અને મંદિરની પૂર્વ–પશ્ચિમની લંબાઈને મસ્જિદના લિવાનની ઉત્તર–દક્ષિણ લંબાઈમા ફેરવી નાખી, અને એમ કરવામાં એમણે ઉત્તર–દક્ષિણ મંડપોની હાર ઊભી કરી લિવાન પૂર્વ–પશ્ચિમ પહોળું કરવુ પડયું ત્યાં એવી મંડપોની હાર એમણે ખેવડાવી. આનાં ઉદાહરણો આગળ જોઈશું.[૧૩] મંડપ એ હિંદુ સ્થાપત્યના સિદ્ધાંતનો મૂળ તત્ત્વરૂપ પાયો છે.

---

૧૩ જુમા મસ્જિદ જેવી મોટી મસ્જિદોમાં મંડપોની હાર બેવડાવી છે. જ્યારે નાની મસ્જિદોમા એક હાર છે. મંડપોના થાંભલાની રચનાથી આખાયે

મસ્જિદની બાંધણીમાં પ્રગતિ

આ પ્રમાણે મુખ્ય બાંધણી યોજ્યા પછી ગૂજરાતી કલાકારોએ એને આકર્ષક બનાવવા માટે પોતાની પરંપરાગત રીતો અજમાવવા માંડી, અને સ્વતંત્ર રાજ્યની ગૂજરાતમાં સ્થાપના થયા પછી એકથી દોઢ સદીમાં આ મિશ્રણમાં એ લોકોએ સંપૂર્ણ સફળતા અને ખ્યાતિ મેળવી. ઉચ્ચ શિખરે પહોંચેલી ગૂજરાતી કળાથી મુગ્ધ થયેલા મુસલમાન-બાંધકામ ઉપર દેખરેખ રાખનારા-અમલદારોને પણ ઇસ્લામના મૂળભૂત સિદ્ધાંતોનો ભંગ ન થાય ત્યાં સુધી કલાકારોને છૂટે હાથે કામ કરવા દેવામાં કાંઈ વાંધો નહોતો. એટલે ઉપર જોયું તેમ મંદિરોના મંડપની ગોઠવણ માત્રમાં ફેર કરી એની અંદરના અલંકારો તથા બહારના મહોરાના શણગાર માટે આ કલાકારોએ હિંદુ મંદિરોની રીતોને એમ ને એમ જ કાયમ રાખી, જોનારની આંખને ખટકે નહિ (?) ન લાગે, અને આકર્ષણમાં ઊલટો વધારો કરે એવી રીતે ગોઠવી દીધી. આ કાર્ય એ લોકોએ કેવી કુશળતાથી કર્યું તેની પ્રગતિ ટૂંકમાં જોઈ એની ઉત્તમતાનું વર્ણન તે તે ઉદાહરણોના વર્ણનમાં કરીશું. ભરૂચ, ધોળકા અને ખંભાતની મસ્જિદો બંધાયા પછી અમદાવાદમાં સર્વથી પહેલાં ભદ્રમાં આવેલી રાજગઢની મસ્જિદ પહેલી બંધાઈ, અને એમાં પ્રગતિ પામેલા બાંધણીના સુધારા ઓછા દેખાવા છતાં એ સાથે જ શરૂ થયેલી જુમા મસ્જિદની બાંધણીમાં હિંદુ કલાકારોની કલાને ખૂબ જ વેગ મળ્યો. જુમા મસ્જિદ પછી તો ગૂજરાત સલ્તનતના ધાર્મિક મકાનોમાં પ્રગતિ સધાઈ એ

વિતાનની થાંભલાની રચના જોનારને કંટાળો નથી આપતી, જ્યારે એક હારમાં થાંભલા હોય તેમાં વૈવિધ્ય નથી લાગતું. એ રીતે એક કલાવિવેચકે અમદાવાદની જુમા મસ્જિદના વિતાનના થાંભલાની રચનાને મદુરાના મીનાક્ષીના મંદિરના ભોગ દર્શન થાંભલાના સભામંડપના થાંભલાની રચના કરતાં ઉત્તમ પ્રકારની ગણી છે. મદુરાના થાંભલાની રચના જોનારની આંખને કંટાળો આપે તેવી છે.

ઉદાહરણોમાં જોઈશું.[૧૪]

હિંદુ સ્થાપત્યની મેઘનાદ-મંડપની વિશેષતા મસ્જિદોના સ્થાપત્યમાં ઘટાવી

મસ્જિદના દેખાવ અને બાંધણીમાં આકર્ષણ અને વિવિધતા લાવવા માટે ગૂજરાતી કારીગરોએ જે જે રીતો કુશળતાથી વાપરી તેમાં સર્વથી પહેલું અને મહત્ત્વનું સ્થાન લિવાનના મધ્ય ભાગને ઊંચો બનાવી એમા એક કે વધારે માળ બનાવ્યા એ રીતને આપી શકાય. મંદિરોમાં માળ બનાવવાની રીત હિંદુ કારીગરોને પ્રાચીન પરંપરાથી જાણીતી હતી અને એને મેઘનાદ મંડપ કહેતા હતા. આ મંડપની રચના ગૂજરાતી સ્થપતિઓની ખાસ વિશેષતા હતી મંદિર અને મસ્જિદની બાંધણીના મૌલિક ભેદ પાછળ ચર્ચ્યા છે તે જોતાં આ મંડપની બાંધણી મસ્જિદના લિવાનની સાદી સીધી રચનામા શી રીતે ગોઠવવી એ મોટી ગૂંચવણનો પ્રશ્ન કહી શકાય. મસ્જિદમાં આ મેઘનાદ-મંડપની રચના ગોઠવવામાં આપણા સ્થપતિઓને જે સફળતા મળી છે તે એક મહત્ત્વની સિદ્ધિ તરીકે ગણાવી શકાય. દિલ્હીમાં સુલતાનોના સમયમાં બંધાયેલા મુસલમાન સ્થાપત્યનું અનુકરણ કરી માત્ર વચલી કમાન કે વચલો ઘૂમટ બીજા ભાગ કરતા સહેજ ઊંચો લઈ દેખાવમા આકર્ષણ લાવવાની સાદી રીતથી આ ગૂજરાતી સ્થપતિઓને સંતોષ ન થયો, એટલે પ્રમાણમાં મોટા કદની મસ્જિદોમા લિવાનના કદને અનુરૂપ ઊંચાઈના મેઘનાદ-મંડપ એમણે લિવાનના વચલા ભાગમા દાખલ કર્યા. પંદરમી સદીમાં મારવાડમા સાદડી અને રાણકપુરના જૈન મંદિરોમાં આ મંડપો ઘણા આકર્ષક બનાવેલા છે. એ જ સમયની લગભગમા અમદાવાદમા જુમા મસ્જિદ બંધાઈ અને

૧૪. જુઓ મારા અમદાવાદના ઇતિહાસમાં સ્થાપત્યની બાંધણીનો ઇતિહાસ. અહમદશાહ અને હૈબતખાનની બાંધણીથી જુમા મસ્જિદ અને છેક છેલ્લી બંધાયેલી સીદીસઈદની મસ્જિદ સુધીની બાંધણીની પ્રગતિ આ વાત સિદ્ધ કરે છે.

એમાં આ રીતનું કુશળ અનુસરણ થયું. અગિયારમી અને તેરમી સદીમાં મેઘનાદ-મંડપના નામના મળે છે, એને આ દાખલાઓને આમાં કાંઈ નવું નથી. બીજા નાના મોટા અલંકારોને બાજુએ મૂકીએ તોપણ આ મંડપ ઘટાવવાની કુશળતાને લીધે પણ ગુજરાતનું મુસલમાન સ્થાપત્ય તત્ત્વત હિંદુ સ્થાપત્ય છે અને ગૂર્જ-રાતી જ છે એમ કહેવામાં વાંધો નથી. અમદાવાદની જુમા મસ્જિદમાં યોજેલી આ રીત ચાંપાનેરની જુમા મસ્જિદમાં સંપૂર્ણ કક્ષાએ પહોંચી તે યથાસ્થાને જોઈશું. યુરોપિયન લેખકો આ વાત સમજ્યા નથી તે આગળ જોઈશું.[15]

મસ્જિદમાં માળ કરી તેજ લાવવાની હિંદુઓની કળાની ચર્ચા

મસ્જિદોની બાંધણીમાં આ રીતે વચલો ઘૂમટ ઊંચો કરી વચ્ચેથી ઉજાસ લાવવાની રીતને યુરોપીય નિષ્ણાતો પ્રકાશ લાવવાની રીત કહે છે અને સ્થાપત્યના ઘણા લેખકોએ એ રીતનું વર્ણન કર્યું છે. આમાંના પૂર્વના દેશોના સ્થાપત્યના મર્મજ્ઞ અભ્યાસી શ્રી ફર્ગ્યુસન આ વાતની નોંધ લે છે અને સાદડીના જૈન મંદિરનો પણ

---

૧૫ યુરોપિયન લેખકોએ તેજ અંદર લાવવાની આ રીત છે એમ કહી એની ખૂબ ચર્ચા કરી છે. મેઘનાદ-મંડપના અનુકરણની વાત એ લેખકો સમજ્યા હોય એમ લાગતું નથી. આ મંડપની રચના આપણાં [illegible] શિલ્પશાસ્ત્રોમાં પ્રસિદ્ધ [illegible] "[illegible] આર્કિટેક્ચર" નામના મોટા ગ્રંથમાં મેઘનાદ-મંડપનું નામ દેખાતું નથી એ જરા નવાઈ જેવું છે. [illegible] નેમિનાથના મંદિરને મેઘનાદ-મંડપ [illegible] રાણકપુરના જૈન મંદિરનો પણ મેઘનાદ-મંડપ [illegible] ફર્ગ્યુસન [illegible] અમદાવાદનો ઈતિહાસ પૃ. ૨૧૮ થી ૨૩૩માં ચર્ચા કરી છે. [illegible] Use of Arm [illegible] પૃ. [illegible] અને [illegible] Indian Architecture પૃ. [illegible] જુઓ.

ઉલ્લેખ કરે છે. પરંતુ એમને એક શંકા ઊઠે છે કે મસ્જિદો હમેશાં પૂર્વાભિમુખી હોવાથી સવારથી બપોર સુધીનો સૂર્યનો તાપ તો સાંધો અંદર આવી શકે છે, અને સાંજના સૂર્યનું તેજ તો આ રચનાથી કોઈ રીતે આવતુ જ નથી. જો મસ્જિદો ઉત્તર કે દક્ષિણાભિમુખી બંધાતી હોત તો આ રચના અજવાળા માટે હોય એમ મનાત. ફર્ગ્યુસને આ રચના સાદડીના મંદિરમાં અવલોકી છે એટલે એમને એમ લાગે છે કે આનો અજવાળા સિવાય કોઈ બીજો હેતુ હોવો જોઈએ, અને પ્રથમ મહેલોની કોઈ પ્રકારની રચનામાંથી આનું અનુકરણ થયેલું હોવું જોઈએ. આ મંતવ્ય કાંઈક યથાર્થ છે. ફર્ગ્યુસનના આ મતની ટૅંક ટીકા હેવલે કરી છે અને એમાં આ રીત મૂળ હિંદુ હતી એવું ફર્ગ્યુસને ઉમેરવું જોઈએ એટલી માત્ર નિર્બળ ટીકા કરી ફર્ગ્યુસનના જ શબ્દોમાં હેવલે એનાં વખાણ કર્યા છે, અને પોતે કાંઈ નવો પ્રકાશ પાડયો નથી. બન્નેએ જુદા જુદા કોણથી સાદડીના જ મંદિરના આધાર સચિત્ર આપ્યા છે, એટલે ફર્ગ્યુસનની માન્યતામાં હેવલ કાંઈ નવું ઉમેરી શકતા નથી[૧૬]

આમાં એક જ અનુમાન શકય છે કે સામાન્ય રીતે મસ્જિદનું લિવાન અને એના મહોરામાં વૈવિધ્ય આવી શકે એવું કાંઈ બનવું શકય નહોતું. કમાન ઉપરાંત મિનારા એ મુસ્લિમ ધાર્મિક સ્થાપત્યનું બીજું ચિહ્ન છે. અને એકલા મિનારાથી મકાનનો ઉઠાવ બરોબર લાગતો નથી, એટલે ગૂજરાતના કારીગરોએ દેખાવની વિવિધતામાં સંગીન ઉમેરો કરવા અને મહોરાને ખૂબ જ આકર્ષક બનાવવા હિંદુ અને જૈન મંદિરોની આ રીત મસ્જિદોમાં અજમાવેલી હોવી જોઈએ. અને એમ કરવામાં એમને ઇસ્લામના કોઈ સિદ્ધાંતનો ભંગ કરવો પડે એમ હતું નહિ, અને આકર્ષણ ખૂબ વધવાથી બંધાવનારાઓનો તો ઊલટો ટેકો મળે તેમ હતું. હિંદુ મંદિરની મંડપો સાથેની લંબાઈ પૂર્વ-પશ્ચિમ હતી જ્યારે લિવાનની લંબાઈ ઉત્તર-દક્ષિણ હતી તે

૧૬. અમદાવાદનો ઇતિહાસ · પૃ. ૨૭૦.

ઉપર જોઈ ગયા તો આ લંબાઈમાં વૈવિધ્ય કેવી રીતે લાવવું એ એક પ્રશ્ન થઈ પડ્યો હોવો જોઈએ મંદિરમાં આગલા મંડપમાં આગલા મંડપના ઘૂમટ કરતાં વચલા મંડપનો ઘૂમટ જરા ઊંચો અને ગર્ભગૃહ ઉપરનું શિખર એનાથી પણ વધારે ઊંચું કરી ઉત્તરોત્તર ઊંચા દેખાતા ગિરિશૃંગોનો દેખાવ આપ્યો [17] એ જ રીતે મસ્જિદમાં આ કલાકારોએ લિવાનનો વચલો ભાગ ઘૂમટ ઊંચો કરીને એક અગર બે માળ ઉમેરીને કર્યો અને તેથી આખાયે સીધા લિવાન કરતાં આ કોણભંગથી દેખાવમાં ગિરિશૃંગો જેવું વૈવિધ્ય લાવવામાં સફળ થયા આમ કરવાથી હવા અજવાળું અને દેખાવ બંને આપોઆપ સચવાયાં હોય એમ બને પરંતુ દેખાવનું જ કારણ મુખ્ય હોય તો નવાઈ જેવું નથી હેવલ પોતે હિમાલય પર્વત ઉપરના પ્રેમના આવેશમાં હિંદુ મંદિરોના શિખરોની ગોઠવણ અને ઉત્તરોત્તર વધતો ગિરિશૃંગો જેવો દેખાવ હિમાલયના શૃંગો અને કૈલાસ શિખર ઉપરથી સ્થપતિઓએ કલ્પ્યાં હોય એમ માને છે કલ્પના ઘણી જ સુંદર અને ભવ્ય છે, અને એ ખાતર એને માનીએ તોપણ વાંધો નથી આ રચના ચાંપાનેરની જુમા મસ્જિદમાં ઉચ્ચ કક્ષાએ પહોંચી મોટી મસ્જિદોમાં જ આ શક્ય બને તેવું છે એમાં ઉપરાઉપરી માળ લઈ વચ્ચેનો ભાગ ખૂબ ઊંચો કર્યો છે, અને ત્રીજે માળ ઉપર મિનારાની સીડીમાંથી જઈ નીચે મસ્જિદમાં નજર કરી શકાય છે મહેરાબ પાસેનો મુખ્ય ઘૂમટ વાવના અષ્ટકોણ કૂવાની પેઠે સુંદર બનાવેલો

17 Havell Himalayas in Indian Art Plates VII અને VIII ઈ બી. હેવલ આપણી કલા અને સ્થાપત્યના એક સહૃદય વિવેચક છે માર્શલ ફર્ગ્યુસન બર્જેસ વગેરે પણ પ્રશંસકો છે પરંતુ એ લોકો ભૂલો લેવા પણ પ્રેરાયા છે જ્યારે હેવલને ખાસ ભૂલો જણાઈ નથી, અને પ્રશંસાનો વેગ એ વિવેકપુરઃસર ખાળી શકતા નથી એમની માન્યતા ગમે તેમ હોય પણ મંદિરોની રચનાનું મૂળ એ હિમાલયનાં ગિરિશૃંગોમાંથી આવ્યું છે એમ માને છે એ કલ્પના તો સુંદર છે અને મંદિરોની એ રચના મસ્જિદોમાં આવી એમાં પણ એમની એ કલ્પના છે

હોય એમ દેખાય છે એને છેક ઉપરથી નીચે જોઈ શકાય છે. આગળની મુખ્ય કમાન ઉપર, મિનારાના ભાગમાથી આ રચના તરફ નજર કરતાં વાવના આગલા ભાગમાંથી પાછલા ભાગ તરફ જોતા જે મનોહરતા જણાય છે તેની જ અહીં દેખાય છે. વાવ પણ ગૂજરાતી સ્થપતિઓની જ એક નવાઈ છે. એટલે એમ માની શકાય કે મસ્જિદના સાદા સીધા લિવાનના મહોરામાં વૈવિધ્ય લાવવા અને એકસરખી બાંધણીથી ઉત્પન્ન થતી નીરસતા (monotony of outline) કાઢી નાંખવા ગૂજરાતી કલાકારે યોજેલી આ એક અનેરી અને અપૂર્વ કુશળતાવાળી રચના છે હિંદના કોઈપણ ભાગમાં બનેલી જૂની કે નવી મસ્જિદોનો દેખાવ જુઓ જુવાનપુરની મસ્જિદોમા ત્યાંના સ્થાનિક સ્થાપત્યના અનુકરણમા મસ્જિદનો મુખ્ય દરવાજો ખૂબ ઊંચો—બૂરજના ઘાટનો ઊંચો લઈ કાંઈક વૈવિધ્ય લાવવા પ્રયત્ન કર્યો છે.[૧૮] બીજા ઘણા ભાગોમા માત્ર મુખ્ય કમાન અને વચ્ચેનો ઘુમટ માત્ર સહેજ ઊંચાઈમાં વધારી વિવિધતાના અનાકર્ષક પ્રયત્ન માત્ર કર્યા છે. મોગલાઈની સારી ગણાતી મસ્જિદોમાં પથ્થરોની સામગ્રી ઊંચી જાતની છે અને પ્રમાણમાં ઓછી જૂની હોવાથી દેખાવ ઠીક

---

૧૮. Ferguson ' Architecture of Ahmedabad ' "A most pleasing variety of design is obtained without any undue effort." . .. "One of the most pleasing peculiarities of these mosques, and so far as is known, it is found only at Ahmedabad." . .... . "is borrowed probably from some Jain form of which no examples have yet been found,"—આ છેલ્લી માન્યતામાં ફર્ગ્યુસનની ભૂલ જણાયે છે. જૈન મંદિરમાંથી રચના તો આવી છે, પરતુ તે સાદડીમાં આજે પણ છે. વળી જુઓ ' Havell : Indian Architecture, pp. 74 : " He (=ફર્ગ્યુસન) might have added that the arrangement was not a Saracenic invention, but a long-standing tradition in Indian temple-building of that part of India."

લાગે છે બાકી વૈવિધ્ય લાવવાની રીતમાં કાંઈ પણ નવીનતા નથી,[૧૯] જ્યારે અમદાવાદની મસ્જિદોમાં આ રચનાએ અપૂર્વ સ્વરૂપ લીધુ છે એ અમદાવાદની જુમા મસ્જિદ અને ચાપાનેરની જુમા મસ્જિદ જોતામા સહજ સમજાય તેવુ છે

મિનારા

હિંદુ સ્થાપત્યની આ અગત્યની મેળવણીથી ઉત્પન્ન થતી આ મુખ્ય મનોહરતા જોયા પછી હવે બીજા નાના વૈવિધ્ય અને મિશ્રણો જોઈએ મિનારા એ મસ્જિદનુ બીજુ આકર્ષણ છે અને મુસલમાનોની મા ન્યતા પ્રમાણે મસ્જિદોનુ એ એક મુખ્ય ચિહ્ન છે નિમાઝનો સમય બાંગ પોકારીને એના ઉપર ચડીને જાહેર કરવામા આવે છે ગૂજરાતના ઇતિહાસમાં એક સમય એવો પણ આવી ગયો કે જેમા હિંદુ મંદિર ભ્રષ્ટ કરી એમા બીજો કાંઈ ફેરફાર કરાયો હોય કે નહિ અગર એ મંદિરનો ઉપયોગ મસ્જિદ તરીકે થયો હોય કે નહિ, પરંતુ માત્ર એના આગના ભાગ ઉપર બે નાના મિનારા ચોટાડી દે એટલે એ મંદિર મસ્જિદમા ફેરવાઈ ગયું ગણાય[૨૦] ગૂજરાતની શરૂઆતની

---

૧૯ En yclopaedia Britanica 13th Edition Vol 14, P. 433 The elevations of the mosques have usually been studiously arranged with a view to express at once the structural arrangements, and to avoid monotony of outline by varied elevation of each division એ સાઈકેલો પીડિયાના લેખકની આ મા ન્યતા ખરી છે

૨૦ આવા ઘણા દાખલા છે ખંડેર થયેલા અને હવે કાઢી નાખેલા પ્રાચીન સોમનાથના મંદિર ઉપર એવા મિનારા હતા ઉપર જોયુ તેમ મસ્જિદ અને મંદિરની પ્રાર્થનાની દિશાના ભેદને લીધે બાધણીમા જે ભેદ છે તે જોતા મંદિરને મસ્જિદમા ફેરવીને ઉપયોગમા લેવા એ મને તો માનવા જેવુ લાગતું નથી પણ મંદિર ભ્રષ્ટ કરી ઉપર માત્ર ફેરવ્યાના ચિહ્નરૂપ મિનારા કરી પછી તેને ગમે તે ઉપયોગમા લેતા હશે તે શક્ય છે

મસ્જિદોમાં[21] મિનારા નાના બેડોળ અને જાણે જુદા ચોટાડયા હોય એવા ધુમાડિયાંના ભૂંગળા જેવા લાગી આવે છે, પરંતુ જેમ જેમ મસ્જિદનુ સ્થાપત્ય આગળ વધ્યુ તેમ તેમ એમા ગૂજરાતી સ્થપતિએ પોતાની વિશિષ્ટ કુશળતા દેખાડી, અને વખત જતાં મિનારા મસ્જિદના એક અગ જેના જ થઈ ગયા; પરંતુ આ પ્રગતિમાં યુરોપીય કલા-વિવેચકોમાં ખૂબ જ મતભેદ છે તેની ચર્ચા અહીં કરીશું.

મિનારાની બાંધણીનો ઇતિહાસ

મિનારાની બાંધણીની વૃદ્ધિનો ઇતિહાસ જરા રસમય છે. ઇજિપ્તથી હિંદ સુધીના બધા મુસ્લિમ દેશોમાં મિનારાની બાંધણીમાં ફેરફાર દેખાય છે. કોઈ કોઈ સ્થળની મસ્જિદોમા તો મિનારા બિલકુલ નથી.[22] ખુદ અમદાવાદની કેટલીક મસ્જિદોમાં મિનારા કરવામા આવ્યા નથી. ગૂજરાતની મિનારાની બાંધણીનો જ અભ્યાસ કરવામાં આવે તો સમજાય કે મુસલમાન સમયના સ્થાપત્યની રચનામા વિકાસ કેટલો બુદ્ધિપૂર્વક અને પદ્ધતિસર થયો છે ઇજિપ્તથી શરૂ કરીને આખાયે પૂર્વના સ્થાપત્યનો શ્રેષ્ઠ અભ્યાસી ફર્ગ્યુસન લખે છે કે કેરોથી શરૂ કરીને આખાયે પૂર્વના દેશોની મસ્જિદોના મિનારાઓની બાંધણી સરખાવતા ગૂજરાતની મસ્જિદોના મિનારા શ્રેષ્ઠ અને મનોહર બાંધણીના કહી શકાય.[24] ઇજિપ્તની મસ્જિદો અમદાવાદની મસ્જિદો

૨૧. જુઓ મારો અમદાવાદનો ઇતિહાસ, પૃ. ૨૭૮–૨૭૯.

૨૨. ઉપર મુજબ, પૃ. ૨૮૦ માં ફર્ગ્યુસનનો મત; એમાં હિંદનાં કેટલાંક સ્થળોની મસ્જિદોના મિનારાની વાત આપી છે.

૨૩. ઉપર મુજબ, ૨૭૯.

૨૪. અમદાવાદ ગેઝેટિયરમા આપેલો ફર્ગ્યુસનનો ઉતારો : "Their minarets, the only minarets that in beauty of outlins and richness of detail surpass those of Cairo are the chief glory of the Ahmedabad mosqes." વળી જુઓ : Douglas: Western India; P. 309 Had he wandered to Cairo he would have seen no more graceful minarets."

કરતા અઢીસો વર્ષ પ્રાચીન છે, અને એ સમયે ત્યા મિનારા સારા થતા હતા, પરતુ મસ્જિદેના સિવાનના એક ભાગ તરીકે નહોતા ગઝનીની સત્તામા અને દિલ્હીની પઠાણસત્તા (ઈ સ, ૯૭૫–૧૧૩૯ અને ઈ સ ૧૧૯૨–૧૫૫૮)મા પણ મિનારા કીર્તિસ્તભ પેઠે જુદા થતા પણ મસ્જિદના ભાગ તરીકે નહિ જુવાનપુર (જોનપુર)ના (૧૩૯૭–૧૪૭૮) સ્થાપત્યમાં મિનારા ભાગ્યે જ થતા હતા બગાળ–ગૌડના સ્થાપત્યમા (૧૨૦૭–૧૫૭૩) અને માળવાના માડુગઢમા (૧૪૦૧–૧૫૬૮), અને ગુલબર્ગા (દક્ષિણ હિંદમાં)મા (૧૩૪૭–૧૬૦૯) મસ્જિદોમા મિનારા નહોતા આ ઉપરથી ફર્ગ્યુસન એમ માને છે કે મિનારાનુ સૂચન અમદાવાદના બાદશાહોને પશ્ચિમના દેશોમાથી મળ્યું હોય [૨૫] દિલ્હીનો કુતુબમિનાર પણ જુદો અને અલગ છે આ બધુ જોતા એમ સમજાય છે કે મસ્જિદના જ એક ભાગ તરીકે મિનારા ગૂજરાતી સ્થપતિઓએ જ પહેલવહેલા યોજ્યા અને એની બાંધણી હિંદુ મદિરની બાંધણીને અનુસરીને કરી [૨૬]

મિનારા માટે પ્રેરણા ક્યાથી મળી ?

હિંદના સ્થાપત્યના આ બધા યુરોપીય વિવેચકો એમ માને છે કે ગૂજરાતમાં આ મિનારાની રચનામાં પણ સ્થપતિઓને ખૂબ મનોમથન થયેલુ હોવુ જોઈએ [૨૭] અમદાવાદનુ જ ઉદાહરણ લઈએ શરૂની કેટલીક મસ્જિદોમાં મિનારા નથી પહેલી મસ્જિદ ભદ્રમા થઈ તેમાં જુદા ચોટાડ્યા હોય એવા છે [૨૮] તે પછી ઉત્તરોત્તર

૨૫ જુઓ મારા અમદાવાદના ઇતિહાસમા આપેલો ફર્ગ્યુસનનો મત, પૃ ૨૮૦

૨૬ ઉપર મુજબ, પૃ ૨૮૦

૨૭ Sir John Marshall Cambridge His of India III, Pb 610 612 615

૨૮ મારો અમદાવાદનો ઇતિહાસ : અહમદશાહની ભદ્રની મસ્જિદનું વર્ણન એમા એ જાતના મિનારાવાળી બીજી મસ્જિદોના પણ વર્ણન આપેલા છે

મિનારા કોઈ મસ્જિદમાં વચલી કમાનની બન્ને બાજૂએ અને કોઈમાં લિવાનને બન્ને છેડે યોજાયા છે. હિંદના બીજા ભાગોમાં એની વૃદ્ધિ થઈ એ દરેક ઉદાહરણોમાં જોઈશું. ગુજરાતના મુસ્લિમ સ્થાપત્યમાં જ્યાં જ્યાં મિનારા દેખાય છે તે જુદા જ બાંધેલા છે.[29] ગુજરાતી સ્થપતિની કલાની ખરી ખૂબી એ મિનારાને લિવાનના એક ભાગ તરીકે યોજી મસ્જિદના મહોરામા વૈવિધ્ય અને આકર્ષણ લાવવામા સહાય કરવાની અપૂર્વ યોજનામા જ છે.[30] મિનારા મસ્જિદની અગાશી ઉપર ધુમાડિયાની પેઠે ન ગોઠવતાં એને જોયતળિયેથી લિવાનને અડોઅડ જ ઉઠાવ્યા. જોયતળિયેથી મસ્જિદની પહેલા માળની અગાશી સુધી એની બાંધણી હિંદુ મંદિરોના ગર્ભગૃહોની બાજૂઓ અને પછીતની બાંધણીની પેઠે ખૂણા પાડીને કરવામાં આવી, અને એ રીતે થયેલા ભાગની ભીંતના ખૂણાઓથી આખા મહોરાનું આકર્ષણ ખૂબ જ વધી ગયુ.[31] મંદિરમા ગર્ભગૃહની બહારના આ જાતના આકારમા વચ્ચે ગોખ કરીને પ્રધાન દેવની મૂર્તિ મૂકવાનો રિવાજ છે. એને બદલે આ કુશળ કલાકારોએ એવા જ ગોખ મિનારની મંદિરાકાર રચનામા બનાવી તેમાં મૂર્તિને બદલે સુદર કારીગરીવાળી ફૂલવેલની નકશી કરી. અગાશીની ઉપર જતાં આ મિનારાનો ઘાટ બદલી નંખાયો અને ભાગતી ખૂણાવાળી બાંધણીને બદલે એને ગોળ બનાવી ત્રણ ચાર માળ ઊચા લઈ જઈ વચ્ચે વચ્ચે દરેક માળે ગોળ કઠેરાવાળાં બહાર નીકળીને જોવાના છજાં બનાવીને છેક ટોચે શકુ જેવો આકાર કર્યો

૨૯ મારો અમદાવાદનો ઇતિહાસ, પૃ. ૨૮૦-૮૧.

૩૦. ઉપર મુજબ, પૃ. ૨૭૭-૭૮.

૩૧. ઉપર મુજબ, પૃ. ૨૭૮. વળી જુઓઃ Havell' Indian Architecture P. 70. The beautiful minarets which are so characteristic of this and other mosques in Gujarat, have none of the sarecanic feeling of the Qutub Minar, at Delhi, but are entirely Hindu in style, being only adaptations of the splendid Rajput Towers of Victory at Chitor.

અમદાવાદની જુમા મસ્જિદ, મુહાફિઝખાનની મસ્જિદ, રૂપમતીની મસ્જિદ વગેરે ઘણી મસ્જિદોમાં આ જાતના મિનારા વચલી કમાનની આસપાસ કર્યા છે અને ચાંપાનેરમાં પણ એ જ રીત રાખી છે, જ્યારે રાણી સીપરીની, શાહ આલમની, સૈયદ ઉસ્માનની, હસન મુહમ્મદ ચિશ્તીની અને સીદી સૈયદ વગેરેની મસ્જિદોમાં એને વિતાનને છેડે રાખવામાં આવ્યા છે, પણ બધી યે રીતે એ મસ્જિદના જ ભાગ તરીકે શોભે છે

મિનારાની બાંધણી ઉપર યુરોપીય વિવેચકો

બાંધણીના આ ફેરફારને યુરોપીય વિવેચકો સ્થપતિઓનું મનોમંથન અને ફેરફાર કરવાથી મિનારા સારા લાગશે તેનું ભાન એઓનું હોવાથી કલાની ખામી તરીકે ગણાવે છે, અને સર જૉન માર્શલ આ ટીકામાં સર્વથી વધારે કડક છે.[32] ગુજરાતી કારીગર છેવટ સુધી મિનારાની રચનામાં બરાબર સફળ નથી થયો એમ એઓ માને છે. વચલી કમાનની આસપાસ કરેલા મિનારા કરતાં વિતાનને છેડે કરેલા મિનારા કાંઈક ઠીક લાગે છે એમ માને છે અને બહુ ઊંચા મિનારા મસ્જિદની આખાયે શોભાને લઘુતામાં લાવી દે છે એમ પણ માને છે. આમ છતાંયે હિંદના બીજા ભાગોની મસ્જિદોના થોડા મિનારા કરતાં ગુજરાતી મિનારા વધુ આકર્ષક છે એમ તો લગભગ બધા વિવેચકો એકમત છે.[33] આ બધી માન્યતાઓ ધ્યાનમાં લેવા છતાં આપણે

---

32 ઉપર નોંધ ૨૭માં સર જૉન માર્શલનો મત આપ્યો છે. ગુજરાતની મસ્જિદોમાં મિનારાની ગોઠવણીમાં સ્થપતિ પૂરેપૂરો સફળ થયો નથી એ બાબત વિસ્તારથી લખ્યું છે. ચાંપાનેરની મસ્જિદના મિનારાની ટીકા કરતા એટલે સુધી માને છે કે ભૂકંપમાં પડી જતા પડેલા અમદાવાદની જુમા મસ્જિદના મિનારા પણ સારા દેખાતા નહીં હશે તે માટે રાહત બતાવે છે. માત્ર રાણી સીપરીની મસ્જિદના મિનારાને સારા કહે છે

33 Henry Cousins : Architecture of Western India. ફર્ગ્યુસન વગેરે બધા પણ એ મત ધરાવે છે. આદિલ દફ્તરીની તાજના મિનારાની ટીકા પણ જોવા જેવી છે

realpatidar.com

મતભેદ દર્શાવવો જોઈએ. મિનારાની બાંધણીનુ સૂચન પશ્ચિમના દેશોમાંથી થયું હતુ એમ પણ માની શકાય નહિ. એ સૂચન એટલા પૂરતું માની શકાય કે મસ્જિદને મિનારાની જરૂર છે એ સિદ્ધાંત પોતે જ પશ્ચિમથી આવ્યો પરંતુ બાંધણીનુ સૂચન ખાસ કરીને ગૂજરાતી કલાકારને તો બહારથી લેવાની જરૂર જ નહોતી, કારણ કે ગૂજરાતમાં કીર્તિસ્તંભોની પ્રણાલિકા પ્રાચીન સમયથી હતી. નાના નાના કીર્તિસ્તભો તો હિંદુ સમયના આજે પણ કેટલાંક સ્થળોએ જોવા મળે છે.[૩૪] મોટો કીર્તિસ્તંભ—મિનારાને મળતો—ચિતોડમાં ઊભો છે, અને મેવાડ જે સાંસ્કૃતિક દૃષ્ટિએ ગૂજરાતના જ વર્તુળમાં આવે છે તેનાં હિંદુ અને જૈન મકાનોમાંથી મુસ્લિમ સ્થાપત્યને ઘણી પ્રેરણા મળેલી છે એ તો જાણીતી વાત છે.

એ માટે સર જોન માર્શલનો મત અંગત જ કહી શકાય

મિનારાની ગોઠવણીમાં ગૂજરાતી કારીગર ગૂંચવાયેલો જ રહ્યો છે એવી માર્શલની માન્યતા પણ બરોબર લાગતી નથી. વિવેચકો અંગત અભિપ્રાય ધરાવી શકે છે અમદાવાદમાં ભદ્રમાં આવેલી અહમદશાહની પહેલી મસ્જિદના મિનારા અને તે પછી માત્ર દસકામા જ બધાયેલી જુમા મસ્જિદના સપૂર્ણ કલામય મિનારા બાધનારા સ્થપતિઓ આ બાંધણીમાં ગૂંચવાયા હતા એવું માની શકાય નહિ. મિનારાને મસ્જિદોનો એક ભાગ બનાવવાની કલાનો સ્વીકાર કર્યા પછી એને કેટલા ઊંચા કરવા કે મસ્જિદના કયા ભાગ સાથે જોડવા એ બંધાવનારાઓની વ્યક્તિગત ઇચ્છાની અને પસદગીની વાત હતી.

૩૪. આવા કીર્તિસ્તંભો વડનગર, કપડવજ, મોઢેરા વગેરે સ્થળોએ છે. ચિતોડનો કીતિસ્તભ તો ખાસ જુદો જ તરી આવે એવો છે અને મિનારો હિંદુ સ્થળ માટે કર્યો હોય તેનો દાખલો પૂરો પાડે છે. કીર્તિસ્તભ, ચિતોડનો મિનારો, મંદિરના ગર્ભગૃહની બાજૂઓ વગેરેના મિશ્રણમાંથી મસ્જિદના મિનારા ગૂજરાની કારીગરોએ યોજ્યા.

મસ્જિદના કદને પણ એમાં લક્ષ્યમાં લેવાતું અમદાવાદની જુમા મસ્જિદના મિનારા ઊભા હશે ત્યારે સારા નહિ લાગતા હોય અને ચાંપાનેરના આજે સારા ન ગણી શકાય એવી માર્શલની માન્યતા એમની અંગત જ ગણી શકાય એ બે મસ્જિદોના કદ અને એના વચલા ભાગને જે રીતે ઊંચા લેવાયા છે તે જોતાં એ મિનારા ખરાબ ન લાગે એવો મત પણ ઘણા જોનારાને લાગે છે[35]

મિનારા ગુજરાતના મુસલમાન સ્થાપત્યની ખાસ વિશેષતા

આ ઉપરથી જણાશે કે મિનારા એ ગૂજરાતના મુસ્લિમ સ્થાપત્યની એક ખાસ વિશેષતા છે, અને એની રચના કલા અને મસ્જિદ સાથેનો એનો સંબંધ જોતાં દુનિયાની કોઈ પણ મસ્જિદના મિનારા કરતાં એ ચડે તેવા છે અને મસ્જિદને વધારે આકર્ષક બનાવે છે, અને તેની સમગ્રતામાં જોતાં કોઈ પણ કીર્તિસ્તંભ કે ઘડિયાળના ટાવર કરતાં વધારે મનોહર છે હેન્રી કઝિન્સ લખે છે કે "સાધારણ રીતે લોકમાન્યતાની વિરુદ્ધ હિંમત કરવા જેવું લાગે, પણ મને તો તાજમહાલના જોડા મિનારા કરતાં અમદાવાદના મિનારા વધારે

35 માર્શલની કંઈક ટીકા છતાં બીજાના મત આ પ્રમાણે છે—અમદાવાદ ગેઝેટિયર પૃ ૨૬૬ અને નોંધ ૬માં ફર્ગ્યુસન અને ફોર્બ્સમાંથી આ પ્રમાણે ઉતારા લીધા છે —The bases of the Ahmedabad minarets are except for the change from images to tracery, elongated copies of the perpendicular parts of the basements of Hindu Temples' આ તદ્દન સત્ય છે વળી Forbes લખે છે કે 'The minarates of Ahmedabad mosques if for their arched foliated panels idol-sculptured alto-reliefs are substituted on a small scale perfect representatives of the two stories of a shrine tower to which the imagination can easily add a curvilinear spire

સુદર લાગે છે, અને ઘણુ કરીને આગ્રા હિંદમાં એ સર્વથી સુંદર છે.[36]

હાલતા મિનારા

હવે આ મિનારાઓની એક ચમત્કારિક વિશેષતા જોઈએ. મિનારાની છતાં એને ગૂજરાતના સ્થાપત્યની એક અપૂર્વ અને અલગ નવાઈ તરીકે પણ ગણાવી શકાય. આ નવાઈ તે અમદાવાદની મસ્જિદોના હાલતા મિનારા. ઘણાખરા કલાવિવેચકોએ આ આશ્ચર્યકારક ઘટના ઉપર કાંઈ જ પ્રકાશ પાડયો નથી. બર્જેસ જેવા સ્થાપત્યના ગ્રંથોના લેખકે પણ કાંઈ કહ્યું નથી, કોઈએ માત્ર નોંધ જ લીધી છે. આ હાલતા મિનારાની હકીકત આજથી પોણાબસો વર્ષ પહેલાં મિરાતે અહમદીના લેખકે લીધી છે[37] અને બેત્રણ મસ્જિદોના દાખલા આપી હાલવાના ચમત્કારનુ કાંઈ કારણ આપ્યુ નથી. તે પછી આજથી આશરે ૧૪૦ વર્ષ પહેલાં હિંદના સર્વેયર જનરલ કર્નલ મોનિયર વિલિયમ્સે બીજી નોંધ લીધી છે. એ ઈ. સ. ૧૮૦૯ ના મે માસની ૩૧ મી તારીખની પોતાની રોજનીશીમા આ નોંધ લે છે એનો ઉતારો ગ્રીન્ડલેએ [38]પશ્ચિમ હિંદનાં સ્થાપત્ય, પહેરવેશ અને સૃષ્ટિ-સૌંદર્યના ગ્રંથમાં લીધો છે અને બીજા કેટલાકોએ પણ એ ઉતારાની નોધ લીધી છે. અમદાવાદની લગભગ બધી પથ્થરની મસ્જિદોના

---

૩૬. H. Cousins · Arch. Antiquities of Wes. Ind. P. 87. વળી હિંદના બધા ભાગોના મસ્જિદોના અને બીજા મિનારાઓની સરખામણી માટે Percy Brown ના Islamic Architecture ના ગ્રંથમાં પૃ. ૫૧ ની સામે પ્લેટ XXXVI ના ચિત્રો જુઓ.

૩૭. મિરાતે અહમદી, અંગ્રેજી : નવાબઅલી અને સીડન, પૃ. ૧૦-૧૧, ગૂજરાતી નિઝામુદ્દીન ચીસ્તી સાહેબ.

૩૮. Grindlay : Scenery costume and Arichitecture of Western India. વળી આ માટે મારા અમદાવાદના ઇતિહાસમા પૃ. ૨૮૧ થી ૨૮૭ માં સવિસ્તાર ચર્ચા કરી છે.

મિનારા એ સમયે ઊભા હતા અને મોનિયર વિલિયમ્સ કહે છે કે એ બધા હાલતા હતા એ પછી આર્કિયોલોજિકલ સર્વેવાળા હેન્રી કઝિન્સે આ ઉતારો લઈ પોતાનો મત તેમાં ઉમેર્યો છે મોનિયર વિલિયમ્સ પોતાનો અનુભવ આ પ્રમાણે લખે છે —

૧૪૦ વર્ષ પહેલાં મોનિયર વિલિયમ્સે નોંધેલી ઘટના

પરંતુ આ મસ્જિદમાં (જુમા મસ્જિદમાં) ખાસ નવાઈની બીના એ છે કે મસ્જિદની વચમાં ઊભેલા મિનારાના ઉપલા છજામાં જરા હલાવતાં ગતિ પેદા થાય છે સ્થાપત્યની આ ચમત્કારિક બીના (architectural phenomenon) સમજાવવા માટે અનેક સિદ્ધાંતો કહેવામાં આવે છે, પરંતુ એકેથી મનનું સમાધાન થતું નથી અને એની કોઈ પણ અસર બ તેની વચ્ચે આવેલી અગાશી ઉપર જણાતી નથી તેથી શંકામાં વધારે ઉમેરો થાય છે " સર્વેયર જનરલ આગળ લખે છે કે "જુમા મસ્જિદના મિનારા હલાવતાં અમને લાગ્યું કે એના મિનારા બીજી મસ્જિદોના મિનારા કરતાં પણ વધારે હાલે છે અને બીબીજીની (રાજપુર) મસ્જિદની પેઠે એક મિનારામાંથી ગતિ બીજામાં જાય છે ખરેખર અમે શહેરમાં અને બહાર આખા મિનારાની જોડીઓમાં આ અખતરા કર્યા અને એ જ પરિણામ આવ્યું એમના હલાવવાથી ગતિ બીજા મિનારામાં જાય છે, તે વચ્ચેની અગાશીમાંથી જતી હશે એમ ધારીને હું બન્ને મિનારાની વચ્ચે સૂઈ રહ્યો અને બીજા માણસોએ મિનારા હલાવવા માંડ્યા, પણ મને કોઈ પણ ગતિ માલૂમ પડી નહિ અને મારી નીચેનો અગાશીનો ભાગ ગતિ વગરનો જ રહ્યો"

આ ઉતારો ટાંકીને હેન્રી કઝિન્સ પોતાનો અનુભવ આ પ્રમાણે લખે છે "હું જ્યારે ગઈ તા ૩૧ મી મે ને દિવસે (ઈ સ ૧૯૦૪–૫) અમદાવાદમાં હતો ત્યારે મોનિયર વિલિયમ્સની ઉપરની નોંધને આશરે એક સૈકો થઈ ગયો હતો એ વખતે મને કહેવામાં આવ્યું કે સ્ટેશન પાસે બીબી અચ્છતની મસ્જિદમાં પણ એ જ વિશેષતા

છે. હું એક મિનારાના છેક ઉપલા માળ ઉપર ચડયો, અને બીજા એત્રણ માણસો બીજા મિનારા ઉપર ચડયા. એ લોકો બીજા મિનારા ઉપર પોતાનું વજન નાંખીને હલાવવા માંડયા. થોડી ક્ષણ સુધી મને કાંઈ લાગ્યું નહિ. હું આ બધી કેવળ કલ્પના છે એમ માનવા જતો હતો એવામાં મારાવાળો મિનારો ધીમી, નરમ (resilient) ગતિથી હાલતો લાગ્યો, અને એ ગતિ ધીમે ધીમે વધતી ગઈ. છેવટે મારે ગતિ બંધ પાડી મિનાર ન ડોલાવવા કહેવું પડયું."૩૯

આ આશ્ચર્યકારક ઘટનાના ખુલાસાની ચર્ચા

હેન્રી કઝિન્સ આ બીનાના છેલ્લા પ્રમાણભૂત નોંધનારા ગણી શકાય એ પછી કોઈ કોઈ એની નોધ લે છે, પરંતુ હજી આ ચમત્કારમય બીનાની જોઈએ તેવી જાહેરાત થઈ નથી. પથ્થરનો મિનારો હાલે અને એક હલાવતાં ગતિ આપોઆપ બીજામાં જાય એ આશ્ચર્યકારક ઘટના તો જગતના સ્થાપત્યમાં નવાઈ તરીકે સ્થાન પામે તેવી છે, પરંતુ ખુદ ગુજરાતીઓને જ પોતાની પ્રસિદ્ધિની ન પડી હોય તો બીજાને શું? આટલી નોંધ પણ મિરાતે અહમદીના લેખકે લીધેલી તે કોઈએ પછીથી નોંધી નથી૪૦ અને આ પશ્ચિમના કલાકારોને ભાગે એની આટલી તપાસ કરવાનું માન જાય છે. ઈ.સ. ૧૯૨૯ ના જાન્યુઆરીમાં મદ્રાસના જાણીતા કલાવિવેચક એસ. વી. રામસ્વામી મુદલિયાર અમદાવાદમાં આવ્યા હતા ત્યારે હું એમને આ ઘટના બતાવવા ઘીકાંટે આવેલી મુહાફિઝખાનની મસ્જિદ જોવા લઈ ગયો અને ત્યાં પણ આ નવાઈ જોઈ એઓ આશ્ચર્યથી મુગ્ધ થઈ ગયા, અને મદ્રાસના સુપ્રસિદ્ધ દૈનિક 'હિંદુ' પત્રના સચિત્ર અઠવાડિકમાં એમણે આ વિશે એક લેખ લખેલો.

---

૩૯. H. Cousins : Archi. Antiquities of Western India. P. 63-64.

૪૦. મિરાતે અહમદીની નોંધ બીજે જોવામાં આવી નથી. મે અમદાવાદના ઇતિહાસમાં પૃ. ૨૮૩ નોંધ ૧૬ માં એ નોંધ લીધી છે.

પરતુ સ્થાપત્ય કે વિજ્ઞાન કે બીજી કોઈ દૃષ્ટિએ પણ આ ચમત્કારિક ઘટનાની સમજૂતી હજી સુધી કોઈ આપી શક્યુ નથી કોઈ કહે છે કે મિનારા જૂના થવાથી હાલે છે પરતુ આજથી બસો વર્ષ પહેલા પણ હાલતા હતા, અને એકના હાલવાની વાત બાજૂએ રાખતા પણ એકમાથી ગતિ આપોઆપ બીજામા જાય છે તેની શી સમજૂતી આપવી? ગૂજરાતમા પહેલા ખૂબ ભૂકપ થતા હતા અને એ કારણે અહીના સ્થપતિઓએ ભૂકપમા ન પડે માટે એવી કોઈ રચના શોધી હોય અને આપણા લોકોની રીત પ્રમાણે એ જ્ઞાન છાનુ રખાયુ હોય ને વખત જતા લુપ્ત થયું હોય એવુ પણ એક અનુમાન છે[41] આમ છતા પણ ૧૮૧૯ ના મોટા ભૂકપ વખતે ઘણી ખરી મસ્જિદોના મિનારા—જુમા મસ્જિદના પણ—પડી ગયા એટલે એ કારણથી કાઈ સમાધાન થતું નથી એ ભૂકપ બહુ ભારે હતો એમ ધારી મન વાળીએ ત્યારે એટલે અમદાવાદનુ આ એક આશ્ચર્ય હજી સુધી આશ્ચર્ય જ રહ્યું છે આ સાથે એક વાત કહેવી જોઈએ કે ગૂજરાતનાં બીજા સ્થળોની મસ્જિદો માટે આ જાતની કોઈ નોધ મળતી નથી બીજી મસ્જિદો અમદાવાદથી પહેલી બધાઈ હોય અને

૪૧ આ બધી ચર્ચા અમદાવાદના ઇતિહાસમા સવિસ્તર ઉપર લખ્યા તે પૃષ્ઠોમા કરી છે એમા ભૂકપ અને આબોહવાને લગતા હોપ અને ફર્ગ્યુસનના Architecture of Ahmedabad માથી અને બ્રીગ્સ સિટીઝ ઓફ ગુજરાતમાથી અભિપ્રાયોના ઉતારા નોધ ૧૮ મા આપ્યા છે તે રસ હોય તેમણે જોવા આ માટે મે ઘણા ઈજનેરો સાથે ચર્ચા પણ કરી છે, પરતુ કોઈએ ખુલાસો કર્યો નથી વલભીપુરના ખડેરોમાથી હાલતી ઈટો મળી હતી એવી વાત એક જણે કરેલી, પણ તે માટે આધાર મળ્યો નથી આ બાબતનું સશોધન થવાની જરૂર છે, આબુમા હાલતા પથ્થર મળે છે અને તે બનાવટી છે એક એવો ટુકડો મને બતાવવામા આવેલો પણ એવુ કાઈ મિનારાના પથ્થરમા જણાતુ નથી રાજપુરની મસ્જિદનો એક મિનારો ઉતરાવી તપાસ થયેલી એમ કહેવાય છે, પણ આ ઘટનાનો ખુલાસો થયો નથી અમદાવાદના ઇતિહાસમા પૃ ૨૮૫–૮૬ મા નોધ ૧૯, ૨૦ અને ૨૧ પણ જુઓ

મિનારાની પ્રગતિ ન થઈ હોય એમ માની શકાય, અને તે સાથે અમદાવાદની સ્થાપના પછીનાં બાંધકામોમાં મોટી અને સારા મિનારાવાળી મસ્જિદો ચાંપાનેર સિવાય મળતી નથી. ચાંપાનેરની મોટી જુમા મસ્જિદના મિનારા હાલના હોય એવી કોઈએ નોંધ કરી નથી. તેથી અમદાવાદની ભૂમિની કોઈ ખાસ ખાસિયતને લીધે ભૂકંપની સામે થવાની કોઈ કલા તે સમયના સ્થપતિઓના જાણવામાં હોય એવા અનુમાનને જરા ટેકો તો મળે છે પરંતુ આ માટે હજી વધારે આધાર અને સંશોધનની જરૂર છે.[૪૨]

ગોખ

હવે ગૂજરાતના સ્થાપત્યની બીજી વિશેષતાઓ જોઈએ ગૂજરાતના મંદિરોમા દેવમૂર્તિઓ માટે સુંદર કલામય ગોખ કરવાનો જૂનો રિવાજ હતો. જીવવાળી કોઈ પણ આકૃતિ કરવાનો ઇસ્લામમાં નિષેધ હોવાથી ગુજરાતી કલાકારોએ એ જ મૂર્તિઓના ગોખની એવી જ કારીગિરી કાયમ રાખી અંદર મૂર્તિને બદલે મનોહર ફૂલવેલની આકૃતિઓ કરી આ આકૃતિઓનુ કોતરકામ એટલું તો ઝીણવટથી કર્યું કે પથ્થરની અંદરની કોતરણી કાગળ ઉપર કલાકારની પીંછી જેવું કરી શકે એવી આકર્ષક થઈ. યથાસ્થાને ઉદાહરણોમાં એનુ વધારે વર્ણન કરીશુ.[૪૩]

જાળીઓ

એ જ પ્રમાણે આરપાર કોતરણીવાળી જાળીઓ ગૂજરાત, મારવાડ, મેવાડ, અને મથુરા આગ્રા સુધીના પ્રાંતોની વિશેષતા હતી. મંદિર અને મહેલો બન્નેમાં આવી જાળીઓ છૂટથી વપરાતી અને

---

૪૨. આ ઘટનાનો ખુલાસો મળતો નથી એ ઉપરથી સ્વ. સાક્ષર નવલરામ ભાઈની લીટી જ યાદ કરવી પડે કે 'અસલી ઈમારત હુન્નર આગળ ઈજનેરી લજવાય, રમિયે ગુજરાતે.''

૪૩. અમદાવાદનો ઇતિહાસ, પૃ. ૨૭૫–૨૭૭.

એને લીધે સૂર્યનો તાપ અને અજવાળુ સીધા આવતાને બ ને ગળાઈને આવવાથી ગરમ દેશમા ખાસ ઠંડક લાવવાની ગોઠવણુ સહેલાઈથી થઈ શકતી મુસલમાન સમયમા મૂર્તિવિધાન ઓછુ થવાથી શિલ્પીઓની કલા આવી જાળીઓમા કેન્દ્રિત થઈ, અને એથી ગૂજરાતના મુસ્લિમ સ્થાપત્યમા જે જાળીઓ થઈ છે તે આજે એકલા હિન્દનુ નહિ પણ આખી દુનિયાનુ આભૂષણ ગણી શકાય એવી બની[૪૪] આવી જાળીઓમાં ફૂલવેલ તથા ભૌમિતિક આકૃતિઓનો છૂટથી ઉપયોગ થયો છે, અને આ કારીગીરીની પ્રગતિ ગૂજરાતના પાટનગરમાં એટલી હદ સુધી વધી કે અમદાવાદની જાળીઓ જેવા નમૂના આજે કોઈ સ્થળે જડતા નથી અને એના જેવી બારીક નકશી પણ બીજે જડતી નથી ભૂમિતિની જાળીઓની અનેકવિધ વિવિધતા જોઈ એક અંગ્રેજ લેખક લખે છે કે અમદાવાદમા ભૂમિતિ ઉલ્લાસમા આવીને ઉન્માદથી નૃત્ય કરે છે[૪૫] ફૂલવેલની જાળીઓમાં અમદાવાદમા લાલ દરવાજે આવેલી સીદી સઈદની મસ્જિદની જાળીઓ તો આખી દુનિયાની જાળીઓમા શ્રેષ્ઠ ગણાય એવી છે અને જગતના બધાયે કલાવિવેચકોએ એની મુક્તકંઠે પ્રશંસા કરી છે[૪૬] ગૂજરાતના મુસ્લિમ સ્થાપત્યની કેટલીક વિશેષતાઓ આપણે જોઈ અને બીજી જોઈશુ પરંતુ યુરોપ અમેરિકા આદિ દેશોના કલારસિકો જો અમદાવાદ આવે તો આ જાળીઓના આકર્ષણથી જ આવે છે

૪૪ અમદાવાદનો ઇતિહાસ, પૃ ૨૭૩–૨૭૬ આગળ ટાંકેલાં અવતરણોથી એ સિદ્ધ થશે

૪૫ ઉપર મુજબ, પૃ ૨૭૬ સર જોન માર્શલ Cam Hı Ind III P 581 સર જોન દિલ્હીની કુતુબુદ્દીનની મસ્જિદના પડદાની કોતરણી માટે લખતા કહે છે કે Mathematically it was correct to the minutest detail but mathematical precision is not architecture and no amount of accuracy with compass and ruler can make up for lack of natural artistry

૪૬ સર જોનના ઉપરના મત વિરુદ્ધ એની અમદાવાદની જાળીઓની પ્રશંસા તેમજ બીજાના મતો આ પ્રકરણના છેડે જુદા ઉતારીશું તે જોવા વિનંતિ

ઝરૂખા

મુસલમાન સ્થાપત્યમાં મંદિરની પેઠે મૂર્તિઓની વિપુલતા બંધ થવાથી ગોખ અને જાળીઓની કારીગીરીની પેઠે બીજા અલંકારો પણ હિંદુ સ્થાપત્યમાંથી લેવા પડ્યા. મહેલોમાં ઝરૂખા એક સુંદર અંગ ગણાતુ હતું. ગૂજરાતના મુસલમાન સ્થાપત્યમા મસ્જિદોમાં લિવાનના મહોરાના આકર્ષણમાં વધારો કરવા જાળીઓ ગોખ વગેરે સાથે ઝરૂખાની પણ યોજના કરવામાં આવી. ગૂજરાતની મસ્જિદોમાં જે જાતના મનોહર ઝરૂખા કર્યા છે એવા હિંદની બીજી મસ્જિદોમાં દેખાતા નથી [૪૭]

થાંભલા

થાભલા અને તોરણો હિંદુ મંદિરોની ખાસ વિશેષતા હતી. થાંભલામા મૂર્તિઓ પુષ્કળ થતી હતી, તેને બદલે બીજી કારીગીરી કરીને હિંદુ મંદિરોના થાભલા થોડા ફેરફાર સાથે મસ્જિદોમા દાખલ થયા. ઘણી મસ્જિદોમાં હિંદુ મંદિરોના જ થાંભલા આખા ને આખા ઉપાડીને વપરાયેલા દેખાય છે. કેટલાકમાં તો મૂર્તિઓ સફાઈથી કાઢી નાંખેલી દેખાય છે.[૪૮] પરંતુ જુમા મસ્જિદ અને એવી બીજી ઉત્તમ મસ્જિદોમાં નવા થાભલા પણ થયેલા છે. એવા થાંભલામાં ખાસ ફેરફાર કર્યો હોય એમ દેખાય છે. મુસલમાન સ્થાપત્યની સાદાઈની ભાવના મસ્જિદની ભીંતો અને નવા કરાયેલા થાંભલાઓમાં ખાસ દેખાઈ આવે છે. કલાવિવેચકોનું માનવું છે કે અલંકારોની વિપુલતા હિંદુ મંદિરોમાં એટલી હદ સુધી વધી ગઈ હતી કે કેટલીક વાર

૪૭. મારો અમદાવાદનો ઇતિહાસ, પૃ. ૨૭૬ અને પૃ. ૨૯૩ ઉપરનું ચિત્ર.

૪૮. આ માટે અહમદશાહની મસ્જિદના વર્ણનમાં જોઈશું. અમદાવાદની જુમા મસ્જિદની દક્ષિણ બાજૂએ શાકબન્દર તરફથી પ્રવેશવાનો આખો મંડપ એ નતનો છે

આખુયે મકાન કે થાંભલો જાણે આખા અંગે કોતરેલા થયા હોય એવું લાગતું ૪૯

અલંકારોમાં સંયમ

મુસલમાનોની સાદાઈ જાળીઓ અને મિનારા જેવામાં પ્રતિબંધ મૂકવામાં સફળ ન થઈ પણ જીતો અને થાંભલામાં સફળ થઈ, અને એથી ભરચક નકશીની ગાડપણની હદ સુધી વધી ગયેલી હિંદુ રીત ઉપર ઠીક ઠીક સંયમ આવ્યો. હિંદુઓના જે જે અલંકારો મસ્જિદોમાં અપનાવવામાં આવ્યા તે જોતાં આપણને કંટાળો ન આવે અને ભવ્ય તથા ગુંબજ વાતાવરણની સાથે જ લાવણ્ય અને કોમળતાના ભાવો ઉત્પન્ન કરે. મીઠાઈ ખૂબ ભાવે એવી હોય છે છતાં એકલી મીઠાઈનો ટોપલો મૂકે તો ખાતાં કંટાળો આવે પરંતુ સાથે મોળાને ખારા ખાટા રસ હોય તો બધું ભેગું ખૂબ જ ભાવે. એવી રીતે હિંદુ શિલ્પ નકશીથી તસુએ તસુ ભરપુર હતું. મુસ્લિમ સ્થાપત્યમાં નકશી સંયમથી વપરાઈ તેથી ગલ્યા સાથે બીજા રસ મળે તેવું થવાથી તે શિલ્પ મનને આનંદ આપે તેવું થયું છેક આપણી સદીની શરૂઆત સુધી નાગરજ્ઞાતિમાં સીમંત સંસ્કાર વખતે યુવતીને એટલા ભરચક અલંકારો પહેરાવવામાં આવતા કે નાજુક છોકરી કદાચ એનો ભાર પણ સહન ન કરી શકે ને એને ગૂંગળામણ થાય. એ રિવાજને નાગરો ‘વાધ’ કહે છે પરંતુ એ જ નાગર યુવતીઓ સાદા અલંકાર અને સાદા પોશાકમાં એ ‘વાધ’ કરતાં વધારે રમ્ય લાગે છે. તેમ એક જ મૂળભૂત સિદ્ધાંતો ઉપર ઊપજેલા ‘ગુજરાતનું હિંદુ–મુસલમાન સ્થાપત્ય’ માટે પણ સમજવાનું છે. અલંકારોના

---

૪૯ હિંદુ મંદિરોના થાંભલા ઘણા સુંદર અને કારીગરીવાળા હતા એવા લાગે છે. કેટલાક તો ચારીસોનાના પગના કે હાથના કડાં–સાંકળાં જેવા કોતરણીથી ભરચક લાગે છે. દક્ષિણના ગોપુરો પણ એવા જ લાગે છે. જુઓ અમદાવાદનો ઇતિહાસ, પૃ. ૩૦૫

બાહુલ્ય કરતાં સંયમયુક્ત અલંકારની સાદાઈ વધારે ઉત્તમ લાગે છે. આ માટે પશ્ચિમના બધા જ કલાવિવેચકો એકમત છે.[૫૦]

કંદોરા વગેરે અલંકારો

હિંદુ મંદિરોમાં બહારના ભાગમા અશ્વથર, ગજથર, નરથર વગેરે કરવામાં આવતા. તેને બદલે ખૂબ સંયમપૂર્વક ફૂલવેલના કંદોરા મસ્જિદની બહારની ભીંતોમાં દાખલ થયા. છજાંના ટેકા વગેરે મંદિરો જેવા પણ મૂર્તિઓને બદલે બીજી નકશીવાળા થયા. મસ્જિદમા પ્રાર્થના માટે પશ્ચિમ તરફ મહેરાબ કરવાનો રિવાજ હતો. આ મહેરાબને માત્ર મૂર્તિ સિવાય હિંદુ મંદિરોના દ્વાર જેવા જ લગભગ કાયમ રાખ્યા. કોઈ જગ્યાએ એના દ્વાર એમ ને એમ જ લાવીને ગોઠવ્યાં હોય એવુ લાગે છે. આ મહેરાબ મસ્જિદની પશ્ચિમની ભીંતમાં માત્ર દેખાવ પૂરતા જ હોય છે. એમા વચ્ચે સાંકળોથી લટકતા ગૂજરાતના દીવા–ચિરાગની ખૂબ સુંદર આકૃતિ કોતરેલી હોય છે. મહેરાબની જોડે મીંબર (વ્યાસપીઠ) કરેલો હોય છે. એના ઉપરથી ધાર્મિક વ્યાખ્યાનો આપવામા આવે છે. દીવા મૂકવા માટે પથ્થરની સુંદર દીવીઓ પણ કેટલીક મસ્જિદોમાં કરેલી છે આ દીવી, મીંબર અને ચિરાગ ગૂજરાતની મસ્જિદોની ખાસ વિશેષતા છે,[૫૧] અને એમાં અલંકાર કોતર્યા છે આમ હિંદુ મદિરોના નાના શણગારોને પણ કુશળતાથી ફેરવીને મસ્જિદોમાં લીધા છે.

ઘૂમટ

અહી ઘૂમટની બાંધણી માટે કાંઈક લખવુ જોઈએ. હિંદુ મંદિરોમા શિખર કરવાની રીત પ્રાચીન હતી' અને સ્થાપત્યના ગ્રથોમાં 'નાગર' આદિ શિખરોનુ વર્ણન કરેલું છે તેને અહીં સ્થાન નથી. મંદિરોની રીત અજાણી નથી. થાંભલા ઉપર સમચોરસ પાટડા ગોઠવી દરેક ચોરસના મધ્યબિંદુથી બીજું ચોરસ, ત્રીજુ ચોરસ

૫૦. પ્રકરણને છેડે આપેલા અવતરણોમાંથી આ વાત સ્પષ્ટ થશે.
૫૧. જુઓ અમદાવાદના ઇતિહાસમાં પૃ. ૩૦૫ અને ચિત્ર.

એમ બનાવતા જઈ ઉંધા શંકુ જેવો આકાર કરતો અને એ જ પ્રમાણે ચોરસને બદલે અષ્ટકોણ ઉપર એવો આકાર યોજતો. આમ કરવાથી અંદરના ભાગમાં મંદિરોના રિવાજ મુજબ ટેકા, મૂર્તિઓ, અને થાંભલાની વચ્ચે તોરણોથી એ શિખરો કે ઘૂમટના અંદરના ભાગને ખૂબ જ અલંકૃત કરતા[52] ઉપરથી તો આવા ઘૂમટો સાદા જ થતા અને માત્ર ગર્ભગૃહ ઉપરના મુખ્ય ઊંચા શિખરને શણગાર કરવામાં આવતા. આવા શણગાર દક્ષિણનાં મંદિરોના ગોપુરોને ખૂબ જ જોવામાં આવે છે. કેટલાંક મંદિરોના મંડપો ઉપરના ઘૂમટો ઘણે ભાગે સાદા, વરસાદથી રક્ષણ થાય એ માટે થતા. એને ઉપરથી માત્ર ગોળાકાર કરી તેના ઉપર કમળની આકૃતિ કરી કળશ મૂકવાની યોજના થતી. ઘણીવાર તો આવા ઘુમટો તગારું ઊંધું પાડ્યું હોય એવા સાદા અને જોવા ન ગમે તેવા થયા છે. હિંદના બીજા ભાગોની મસ્જિદોના ઘુમટમાં કાંઈક વિવિધતા દેખાય છે પરંતુ ગુજરાતના ઘુમટ ખાસ આકર્ષક લાગતા નથી[53]

ગુજરાતના અને બીજા પ્રાંતોના ઘુમટોની સરખામણી

સ્થાપત્યના વિવેચકોમાં ઘુમટોની રચના માટે મતભેદ પ્રવર્તે

---

૫૨. અમદાવાદનો ઇતિહાસ પૃ ૩૦૬ થી ૩૦૭

૫૩ ઘુમટની રચનામાં પણ હેવલ અમદાવાદ ગુજરાતની પ્રશંસા કરે છે Havel Indian Architeture P 107 8 The germ of the idea of Bijapur dome can be seen in two Muhamadan buildings in Gujarat which Fergusson has left unnoticed in his history though structurally they are very important—the tombs of Darya Khan and the mosque of Alif Khan belonging to the middle of the fifteenth century " " even Fergusson does not deny the originality of Gujarat architecture અલીફની મસ્જિદ તે પીરા ની ખાનની મસ્જિદ છે ઘુમટ અને શિખર માટે વધુમાં જુઓ આનંદ કુમાર સ્વામીનું His of Indian and Indonesian Art P 107 અને 116 નાગર શિખર માટે એ જ પુસ્તક પૃ ૮૩ જુઓ

છે, અને કેટલાક માને છે કે હિંદુ સ્થપતિઓને ઘુમટોની રચનાની આવડત નહોતી. બીજો મત એની વિરુદ્ધ છે, પરંતુ અમદાવાદમાં દરિયાખાનનો ઘુમટ અને ધોળકાની અલફખાનની મસ્જિદના ઘુમટો એ રચનામાં ગૂજરાતી સ્થપતિઓ અજ્ઞાત નહોતા એમ સિદ્ધ કરે છે. આ ઘુમટો ઈંટોના બનાવેલા છે અને ખુલ્લા છે. એનુ વિગતવાર વર્ણન યથાસ્થાને કરીશું. પરંતુ બીજાપુરનો પ્રસિદ્ધ ઘુમટ સંપૂર્ણ કારીગરીવાળો ગણાય છે. એનું મૂળ દરિયાખાનના ઘુમટમાં છે એમ હેવલ માને છે એ કદાચ ખરું હોય. અમદાવાદના આ ઘુમટની બાંધણીમાં સુધારા કરી બીજાપુરમાં ગોળગુંબજનો ઘુમટ કર્યો એમ મનાય છે. એક વિવેચકને તાજમહાલનો ઘુમટ ગમતો નથી. એના કરતા બીજા ઘુમટો સ્થાપત્ય અને આકર્ષણની દષ્ટિએ વધારે સારા છે એમ આલ્ડ્સ હક્સ્લી જેવા માને છે. એ તાજમહાલના ઘુમટને ધોળી ડૂંગળી ઊંધી પાડી હોય એવો લાગે છે એમ કહે છે અને તાજના મિનારાને બેડા કહે છે. તાજમાથી આરસ બાદ કરો તો એની બાંધણીમાં કાંઈ નવુ નથી એમ એનો મત છે.[૫૪]

૫૪. સર જોન માર્શલ . Cam. His. Ind. III. P. 573 મા લખે છે કે કમાન અને ઘુમટ હિંદુ કારીગરને આવડવા છતાં બરોબર કરી શક્યા નથી, અને મુસલમાન સ્થાપત્યમાં એ key notes જેવા છે. ' It was the Arch and Dome that they always regarded a speculliarly their own and as symbolic of their faith." વધારામાં જુઓ Percy Brown : Indian Architecture - Islamic. P. 51. આમાં મિ. બ્રાઉન ગૂજરાતના આ બે ઘૂમટો માટે ચર્ચા કરે છે તે જોવા જેવી છે. આ બન્ને મકાનોના ઘૂમટો ઇંટોના છે અને એક જ હાથે બધાયા માને છે, અને એમાં ગૂજરાતની બહારની અસર હોય એમ પણ માને છે. મિ. બ્રાઉન એમ પણ માને છે કે કમાન ને ઘૂમટ ગૂજરાતી કારીગરોએ બાવ્યા છતાં એમનું મન એમની જૂની પાટડા થાંભલાની બાંધણીમાંથી જતુ નથી, એ માટે ગૂજરાતી સ્થપતિઓને એ કહે છે કે • " were too conservative and too closely attached to their own trabeate system to make any rapid change."

રોજા

મસ્જિદોની પેઠે રગાહ અગર રોજા ધાર્મિક મુસલમાન સ્થાપત્યનુ અગ ગણી શકાય આવા રોજા ગૂજરાતમા ઘણા છે અને એનુ વૈવિધ્ય અમદાવાદમા મળી આવે છે આ રોજા થાભના અને પાટડાની હિંદુ બાધણીથી જ ઘણે ભાગે બાધવામા આવ્યા છે થાંભનાની રચનામાં પણ વૈવિધ્ય કર્યું છે અહમદશાહનો ગજો એ રીતે બાધી ઉપર ઘુમટ કરી ફરતી સુદર જાળીઓ કરેલી છે એની જ સામે એની રાણીઓનો રોજો ઘુમટ વગરનો પણ ઊચી બેસણી ઉપર સુદર કારીગરીથી ભરેલો કરેલો છે ઉસમાનપુરના સૈયદ ઉસ માનનો ગેજો થાભના–પાટડાની રચનામા ઉત્તમ પ્રકારનો કહી શકાય સરખેજનો ગેજો બાધ ણીમાં મોટામા મોટો કહી શકાય એની અને પ્રસિદ્ધ શાહઆલમના રોજાની બાધણી અને જાળીઓ ખૂબ આકર્ષક છે એનુ વર્ણન જુઓ, ફરીશું રોજાઓની આ પાટડા–થાંભનાની બાધણીમા સલ્તનતના અતભાગ સમયે ફેર પડ્યો અને એની શરૂ આત હાલોલમાં સુલતાન સિકદરના રોજાની સુનર બાધણીથી થઈ અને મીર અબુતુરાબ વગેરના રોજાઓમા કમાનો વપરાઈ એ બાધણી વગવાના નવા રોજામા થઈ અને મહેમદાવા પાસે સૈયદ મુબારકના રોજામા ખૂબ ખીની એનુ વર્ણન યથાસ્થાને કરીશુ મોગલાઈની શરૂઆતમા બધાયેલો શાહ વજિઉદ્દીનનો રોજો અમદાવાદમાં ખાનપુરમા છે એમા બાંધણી જરા જુદી પડી દેખાઈ આવે છે (જુઓ અમદાવાદનો ઈતિહાસ પૃ ૨૯૭)

વાવ-ગૂજરાતની ખાસ વિશેષતા

આ તો મુસલમાન સ્થાપત્યના ધાર્મિક બાધકામનુ માત્ર વર્ણન થયુ બીજા વ્યવહારનાં બાધકામમા મહેલો અને ઘરોમા મુસલમાન સમયમા કાઈ જ ફેરફાર થયો હોય એમ લાગતું નથી એવા સ્થાપત્યમા ગૂજરાતની ખાસ વિશેષતા એ એના વાવ, કૂવા અને તળાવો ઉપર ગૂજરાતની બીજે ક્યાય ન જડે એવી કેટલીક વિશિષ્ટ વિશેષતાઓ

ગણાવી એવી જ વિશેષતા એ ગૂજરાતની વાવ છે. વાવ એટલે પગથિયાંવાળો કૂવો. દક્ષિણ હિંદમાં ઉપરથી પહોળા અને નીચે ઊતરતાં સાંકડા થતા, પગથિયાંવાળા કુંડ જેવા કૂવાને કલ્યાણવાપી કહે છે.[૫૫] વાવની પેઠે એમાં પણ ઘડા દોરડા વગર નીચે ઊતરીને પાણી લઈ શકાય છે; પરંતુ એને કિનારે એકાદ નાનો મંડપ હોય છે, તે સિવાય અંદર કે બહાર તાપથી કોઈ જાતનુ રક્ષણ મળતુ નથી. વાવમાં એથી ઊલટુ જ છે આપણા જેવા ગરમ દેશમાં વાવની યોજના એક અપૂર્વ યોજના કહી શકાય. આજના રેલ્વે ને મોટરોના જમાનામાં એની કીમત ન સમજાય, પરંતુ પહેલાંના જમાનામાં પગરસ્તે જનાર પ્રચંડ સૂર્યના તાપમા વાવમાં ઊતરી ઠંડું પાણી કાંઈપણ સાધન વગર પણ પી શકે અને ઠંડકમાં આરામ પણ લઈ શકે અને વાવના બંધાવનારને હૃદયથી આશીર્વાદ દે. એટલે જ વાવ બંધાવવી એ ગૂજરાતી શ્રીમંતોમાં મોટા પુણ્યનુ કાર્ય ગણાતું અને ખાસ કરીને સ્ત્રીઓ પોતાનું નામ અમર રાખવા વાવો બધાવતી એમ જણાય છે. મુસલમાન સમયમાં મુસલમાન સ્ત્રીઓ કે વટલેલી સ્ત્રીઓએ વાવ બંધાવી હોય એવો દાખલો છે તે ઉપરથી આવા પુણ્યકર્મમા ધાર્મિક બાધ ન આવતો હોય એમ જણાય છે.

કૂવો એ લોકોને પાણી પીવા માટેનુ એક સ્થાન છે અને એને મજબૂતી સિવાય બીજા અલંકારો કે આકર્ષણની શી જરૂર એમ પ્રશ્ન ઊઠશે. લોકની વધારે સગવડ માટે એમાં પગથિયાં થાય પણ એમાં શણગારની શી જરૂર? પરતુ અલકારો અને વસ્તુઓને આકર્ષક બનાવવી એ ગૂજરાતીઓનો સ્વભાવ થઈ ગયો હતો, એટલે વાવની બાંધણીમા એ સ્વભાવ ઉપરાંત, લોકની જરૂરિયાત સચવાય અને પુણ્યકાર્ય થાય, અને સાથે સાથે વાવના છેડે આવેલા કૂવામાંથી બગીચા કે ખેતરને પાણી પાઈ - સૌંદર્ય કે જરૂરિયાત બન્ને સચવાય એટલું ગૂજરાતી સ્વભાવની વ્યવહારકુશળતાએ વાવની બાંધણીથી

૫૫. જુઓ 'કુમાર' સળંગ અંક ૩૨૬, ફેબ્રુઆરી ૧૯૫૧ મા પૃ. ૪૩ ઉપર 'વાવનું સ્થાપત્ય' એ નામનો મારો લેખ.

સિદ્ધ કર્યું વાવ જોતાં એક સાત માળનો મહેલ ભૂગર્ભમાં ઊતરતો હોય એવું જણાઈ આવે છે એના સ્થાપત્યની વધારે વિગતો ઉદાહરણોમાં જોઈશું.[૫૬] વાવની બાંધણી ઉપર મુગ્ધ થતા હેવલ લખે છે કે "ગરીબ પાણી ભરવા આવનારને માટે સરખાઈનો આ કેવો ખજાનો કર્યો છે! આવા કારીગરો અને બાંધનારાઓને યુરોપીય બાંધણીનું હલકાપણું શીખવવું એ મૂર્ખાઈ નથી? બીજા દેશ કયા સારી મજબૂતાઈ જ ધ્યાનમાં રાખી કલા અને કારીગરી બિલકુલ નથી વાપરતા એવી જગાએ પણ અનુકરણથી ભરી દેનાર અમદાવાદ-ગુજરાતની પ્રજામાં કલા નહોતી એમ કહેવું એ આપણી જાતને મારા કહેવાની અતિશયોક્તિ કરતાં વધારે ખરાબ છે, અસત્ય છે"

- આવી વાવો ગુજરાતભરમાં ખૂબ હતી પાટણની રાણીવાવનો ઉલ્લેખ આગળ કર્યો છે ઘણી વાવો નાશ પામી છે આજે ગુજરાતમાં સારામાં સારી ગણાતી જે વાવો—દાદા હરીની વાવ અને અડાલજની વાવ બને મુસલમાન સમયમાં બંધાયેલી છે

રાજવલ્લભ નામના સ્થાપત્યના ગ્રંથના ચોથા અધ્યાયમાં લખ્યું છે કે એક મુખની ત્રણ કૂટની વાવને "નંદા" કહે છે, બે મુખની છ કૂટની વાવને "ભદ્રા" કહે છે, અને ત્રણ મુખની નવ કૂટવાળી વાવો 'જયા' કહે છે ચાર મુખની વાવને "વિજયા" કહે છે, પાટણની રાણીવાવ કઈ જાતની હતી તે જાણી શકાતું નથી અમદાવાદમાં માતા ભવાનીની વાવ "નંદા" જાતની છે સાધારણ જાતની વાવો એવી હોય છે દાદા હરીની વાવ 'ભદ્રા' જાતની છે અને અડાલજની વાવ જયા જાતની છે છતાં તેને નવ કૂટ નથી વાવના ખંડ ઉપરના થાંભલા ઉપરની દેરીને કૂટ કહે છે ચોથી 'વિજયા" જાતની વાવ હાલ જોવામાં આવતી નથી પણ કોઈ કાળે થતી હશે (અમદાવાદના ઇતિહાસમાં ઉપર્યુક્ત ગ્રંથમાંથી ઊતારો)

૫૬ કુમાર અંકમાં વાવ ઉપરનો લેખ સળંગ અંક ૩૨૬ ફેબ્રુઆરી ૧૯૫૧ પૃ ૪૩ ઉપર 'વાવનું સ્થાપત્ય' એ નામનો મારો લેખ

તળાવ

એ જ પ્રમાણે તળાવો પણ ગુજરાતનું એક આકર્ષણ છે; જો કે આનાં મોટાં તળાવો બીજા પ્રાંતોમાં દેખાય છે. ગુજરાતમાં પાટણનું સહસ્રલિંગ તળાવ અને વિરમગામ તથા ધોળકાનાં તળાવો છે. અમદાવાદમાં હોજે કુતુબ અથવા કાંકરિયું તળાવ ગુજરાતની તળાવનો ઉત્તમ નમૂનો છે. તળાવોમાં મધ્યમાં બેટ કરી એના ઉપર કાંઈ બાંધકામ કરવું એવી પ્રાચીન પ્રથા હતી એને "જલસ્થળ" કહેતા. દરેક મોટા તળાવમાં જલસ્થળ હોય છે. જ્યાં કોતરણીની જરૂર ન હોય ત્યાં પણ ગુજરાતમાં કલા ભરી છે. એટલે તળાવમાં પાણી લાવવાનું ગરનાળું અને ગરણી પણ ગુજરાતી શિલ્પીઓએ ખૂબ કારીગરીથી ભરેલાં બનાવ્યાં છે.[૫૭] કાંકરિયા તળાવના વર્ણનમાં એનું વર્ણન કરીશું. કાંકરિયું તળાવ એ અમદાવાદની એક ખૂબ મનોહર જગ્યા છે બાંધણીમાં હિંદ ભરમાં એનો જોટો નથી

વિચિત્ર કૂવા

વાવ અને તળાવની પેઠે પહોળા મોટા ગોળ કૂવા, એની આસપાસની ભીંતમાં પગથિયાં બનાવી અંદર બેસવાના મંડપ સાથે ગરમીની મોસમમાં આરામ મળે એ હેતુથી બનેલા છે એ પણ વાવની

---

૫૭. His. of Ind. & Eastern Arch. P. 537. Nowhere did the inhabitants of Ahmedabad (એટલે ગુજરાત) show how essentially they were an architectural people as in these utilitarian works. It was a necessity of their nature that every object should be made ornameutal, aud their success was as great in these as in their mosques or places. હેવલ Ind. Arch. P. 144માં આ પ્રમાણે લખે છે: "What a profenity and impertinence for Europens to transform their modern-secular vulgarity to India under the pretence of teaching principles or design to a school of craftmanship inheriting such traditions!" વધુ પ્રકરણને છેડે જુઓ.

પેઠે ગુજરાતની એક વિશેષતા છે અને એવા કૂવા બીજે જોવામા આવતા નથી મહેમદાવાદ પાસે એવો કૂવો 'ભમરિયો કૂવો' કહેવાય છે એમા બીજી તોમા ચળકતી લાદી (ગ્લેઝ્ડ ટાઈલ્સ) એ જમાનામા વાપરી હોય એવા ચિહ્ન દેખાય છે ચાંપાનેરના એક વખતના બગીચા અને પરા જેવા ગણાતા હાલોલ ગામ પાસે 'સાત કૂવા–નવ દેવડા' નામે એક અપૂર્વ બાંધણીનો કૂવો છે ભમરિયા કૂવામા વચ્ચે કૂવો અને આસપાસ મંડપો છે, જ્યારે હાલોલના કૂવામા આસપાસ કૂવા છે સાત મોટા કૂવા અને નવ ત્રિકોણાકાર કૂવા–દેવડા–કરેલા છે અને વચ્ચે એક મોટો મંડપ છે તેનો ઘૂમટ પડી ગયેલો છે અમદાવાદમા પણ આવા કૂવા હતા એમ જણાય છે આ કૂવા અને વાવમા એટલો ફેર છે કે વાવમા એક છેડે કૂવા ને બીજે છેડેથી પગથિયાંમા થઈ ઊતરવાનુ દ્વાર હોય છે એટલે તેની બાંધણી લાંબી છે, જ્યારે આ કૂવા ગોળ છે [૫૮]

ગુજરાતની પરબડી

હવે ગુજરાતી ઘરોની બાંધણીનુ વર્ણન કરતા પહેલા ગુજરાતની એક બીજી નાની વિશેષતા–પરબડી ઉપર નજર ન નાખીએ તો સ્થાપત્યનુ વર્ણન, ગુજરાતી સ્વભાવના એક ખાસ લક્ષણનુ વર્ણન અપૂર્ણ કહેવાય ગુજરાત જીવદયાને પ્રાધાન્ય આપતો દેશ છે મહારાજા કુમારપાળના સમયથી ગુજરાતી સ્વભાવ ઉપર આ વિશિષ્ટ લક્ષણની મહોરછાપ લાગેલી છે માણસ ખાય અને પશુપક્ષી ન ખાય એ ગુજરાતી સહન જ ન કરી શકે એટલે પંખીઓને માટે ગામ અને શહેરમા ઠેરઠેર પરબડીઓ કરેલી છે એના ઉપર બેસી પંખીઓ ભય વગર દાણા ચણી શકે છે અને લોકો તથા મહાજનો તરફથી આ

---

૫૮ આ જાતના કૂવા ગુજરાતની એક નવાઈ છે જે અવશેષો છે તેની આજ બરાબર સંભાળ લેવાતી નથી

બાબતની વ્યવસ્થા થયેલી હોય છે.[૫૯] ગૂજરાતની સાંસ્કારિતાનું આ એક ઉત્તમ દૃષ્ટાંત છે. દાણા સાથે પાણીની સગવડ પણ કરવામા આવે છે. આવી પરબડીઓ પણ સારી કોતરણી કરીને આકર્ષક બનાવવામાં આવે છે. અને પરબડી જેવું કાંઈ હિંદના બીજા ભાગોમાં જોવામા આવતું નથી. આ પ્રમાણે કૂવા આગળ ઢોર માટે સારી બાંધણીના હવાડાનો પણ રિવાજ છે. દરેક પોળમાં પંચના કૂવા પાસે ગાય અને કૂતરા માટે પથ્થરની ચાટ બનાવેલી હોય છે એમા બધાં લોકો ગાયકૂતરાને માટે કાઢેલો અન્નનો ભાગ નાંખી જાય છે.

ગૂજરાતી ઘર

ગૂજરાતનાં ઘરમાં વ્યવહારિક સગવડ ઉપરાંત ઉપર જોયેલાં બધાં બાંધકામમા જોઈ એવી સુંદર નકશી પણ કરેલી હોય છે. આ નકશી લાકડામા કરેલી હોય છે અને બારણા, પાટડા, ટેકા, છાજલી વગેરેમાં અપૂર્વ લાકડાકામની કોતરણી કરવાનો રિવાજ હતો પાટણ અને અમદાવાદમાં એવા જૂના નમૂના હજી પણ મળે છે અને લાકડકામની ગૂજરાતી કારીગરી એટલી તો પ્રસિદ્ધ છે કે એનો આખા ઘરના આગલા ભાગનો નમૂનો લંડનના મ્યુઝિયમમાં મુકાયેલો છે મસ્જિદોની કોતરણીના લાકડાના નમૂના પણ પશ્ચિમના દેશોના સંગ્રહસ્થાનમાં ગયેલા છે.[૬૦] પરંતુ હવે લાકડકામની કોતરણી અદૃશ્ય થતી જાય છે અને ઘરોની બાંધણીમા લોખંડ અને સિમેંટ પેઠેલાં છે તેથી જૂની બાંધણી નવી રીતે થાય છે ગૂજરાતનાં ઘરની પ્રાચીન રીત પાટણથી અમદાવાદ આવી છે. ઉત્તર ગૂજરાતમાં પાટણથી વડોદરા સુધી બાંધણીમા સામ્ય દેખાય છે. સુરત બાજૂ એમાં થોડો ફેર થયેલો

૫૯. હિંદના કોઈ પણ ભાગમાં પક્ષીઓ માટે આવી કલામય સગવડ રહેલી નથી. કોઈ જગ્યાએ માત્ર દાણા નાંખે છે, પણ આવું બાંધકામ નથી કરતા. દક્ષિણ હિંદમાં તો કોઈ જગ્યાએ આવું નથી. ગુજરાતીઓની જીવદયા સાથે બાંધણીની કલા મેળવવાનો આ એક ઉત્તમ નમૂનો છે.

૬૦. અમદાવાદનો ઈતિહાસ પૃ. ૩૦૮.

જણાય છે અને સૌરાષ્ટ્રમાં પણ ફેર છે સામાન્ય ગૂજરાતી ઘર આગળ ઓસરી, તે પછી ચોક, ચોકની આસપાસ પડાળીમાં એક બાજૂ રસોડુ, પછી પાણીયારુ અને ઘરનું નાનુ મંદિર હોય છે વચ્ચેનો ચોક ઉપરથી ખુલ્લો હોય છે તે હવા અજવાળુ પૂરુ પાડે છે અને હોમહવન માટે કામ લાગે છે પાછળના ભાગમાં પડસાળ હોય છે અને એની પાછળ જોખમ મૂકવા માટે ઓરડા હોય છે કોઈ ઘરોમાં ઓરડાની પાછળ ગજાર હોય છે, જેમાં અનેક કામની અને નકામી વસ્તુઓ ભરી મૂકવાની રીત છે આમ જૂના જમાનાના રિવાજ પ્રમાણે મનાજો સચવાય એ રીતની ગુજરાતી ઘરની બાંધણી છે મદ્રાસમાં ઘરોમાં વચ્ચે ચોકની રચના કરેલી હોય છે પણ તે ચોકની આસપાસ થાંભલાવાળી પડાળીઓ અને એક સરખી ઓરડીઓ જ માત્ર બનાવે છે મદ્રાસના ઘરોમાં પાણિયારાને સ્થાન જ નથી ઓરડો પડસાળ એક પાછળ એક કરવામાં જે વિશિષ્ટ સગવડ રહેલી છે તે ગૂજરાતના ઘરોમાં જ છે આમાં ઉપર કહ્યું તેમ લાકડકામના અલંકાર શોભામાં વૃદ્ધિ કરે છે ૬૧ મસ્જિદો ને મંદિરોમાં કંદોરા પેઠે ઘરોમાં પણ ભીંતોમાં લાકડાના નકશીવાળા ગંદોગનો રિવાજ છે, હવે એ જાતના ઘર બંધાતા નથી એટલે ગૂજરાતના પ્રાચીન કલાના શોખીનોએ એવા ઘરના નમૂના સચવાઈ રહે એવું કાંઈ કરવું જોઈએ

વરંડિકા-વરંડા

ગૂજરાતી ઘરના સ્થાપત્યનો વિચાર કરતી વખતે વરંડિકા શબ્દનો વિચાર ગૂજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં એક રસમય સૂચન કરે છે આજે અંગ્રેજ ઇજનેરોના જમાનામાં 'વરંડા" શબ્દ ઘેરઘેર

---

૬૧ ગૂજરાતનું લાકડકામ ખૂબ પ્રસિદ્ધ છે પાટણ વગેરે જગ્યાઓમાં મંદિરોના મોટા ઘૂમટો પણ લાકડાના મળી આવે છે એમાં મૂર્તિવિધાન ઉત્તમ છે પાટણ અને અમદાવાદના લાકડકામના નમૂના માટે અમદાવાદનો ઇતિહાસ અને જૈનચિત્રકલ્પદ્રુમના ચિત્રો જુઓ

જાણીતો થયો છે, અને ઓટલો શબ્દ હવે ભણેલા તો વાપરતા જ નથી. સંસ્કૃત કોશોમાં વરંડ, વરંડક, અને વરંડા શબ્દ મળે છે અને એના ભિન્ન ભિન્ન અર્થો આપેલા છે. એમાં એક અર્થ આંગણાની દીવાલ એવો પણ થાય છે. પરંતુ પંદરમી સદીમાં સંગ્રહાયેલા લેખો–દસ્તાવેજોમાં ઘર ઘરેણે મૂકવાનો લેખ છે. એવાં ઘરના વર્ણનમાં ચતુર્દિક્ષુ વરંડિકાવૃત્ત એવા શબ્દો છે. એનો અર્થ એ લેખસંગ્રહના વિદ્વાન સંપાદક સ્વ. શ્રી ચિમનલાલ દલાલ "Surrounded by a verndah" ચારે બાજૂ વરંડા–ઓટલાવાળું એવો કરે છે. કેટલાક વિદ્વાનો એનો અર્થ ચારે બાજૂ આંગણાની દીવાલ Compound-wall એવો પણ કરે છે. પ્રાકૃત કોશ અને હેમચંદ્રાચાર્ય પણ આ શબ્દ આપે છે. અને સસ્કૃત કોશોમા દાખલ થયેલા છતા એ દેશ્ય શબ્દ છે એમ માને છે. એવા ઘણા દેશ્ય શબ્દો સંસ્કૃતમાં દાખલ થયા છે. અગ્રેજી શબ્દકોષો વરંડા–Verandeh અગર Verandah શબ્દને સ્પેનમાંથી અંગ્રેજીમા આવ્યો એમ ગણીને મૂળ બહારથી, કદાચ હિંદથી આવ્યો હોય એમ ગણે છે આપણા પ્રાચીન સમયમાં ઓટલાના અર્થમાં એ શબ્દ વપરાયો હોય એવો સ્પષ્ટ આધાર જો કે મળતો નથી, પરંતુ લેખોમાં વરંડિકા શબ્દ આવે છે તેનો અર્થ શ્રી. દલાલ કરે છે તેવો ઓટલાના અર્થમાં લઈ શકાય. એ જ લેખમાં ઘરની ચારે બાજૂની દિશાઓના સ્થળોનુ વર્ણન રિવાજ મુજબ આપે છે તેમાં પૂર્વમાં એક "દેવમંદિરની વરંડિકામાં સીમા" એમ લખે છે. જ્યારે પશ્ચિમ દિશામાં રાજભવન "કોટડી"ની મર્યાદા એમ "કોટડી" શબ્દથી રાજભવનના કોટનો સ્પષ્ટ જુદો ઉલ્લેખ છે. એટલે વરંડિકાનો અર્થ ઓટલો કરવો કે મોટા કોટને માટે કોટડી અને નાનાને માટે વરડિકા એવો કરવો તે સ્પષ્ટ થતું નથી. આજે ગુજરાતીમા વડો શબ્દ કોટ વાળી લીધેલા આગણામાં આવેલા મકાનોના સમૂહ માટે વપરાય છે. કોટ કરી લેવાય તો વડો વાળી લીધો એમ પણ કહે છે. વંડો એટલે ઘરની બાજૂમાં કે આગળ ખુલ્લું પણ ઉપર છાયાવાળું નાનુ મકાન એવો અર્થ પણ

રૂઢ ભાષામાં ફલિત થાય છે આ શબ્દ દેશ્ય છે અને તે લેખમાં જે રીતે વપરાયો છે તે જોતાં કદાચ મૂળ ગુજરાતી હોય અને ફિરંગીઓની મારફતે યુરોપમાં ગયો હોય એમ લાગે છે અને છેવટે ઢંઢેરા ઓટલાના અર્થમાં વપરાવા લાગ્યો હોય એમ સંભવે આ ભાષાશાસ્ત્રનો વિષય છે અને જો વરંડિકા મૂળ આપણો શબ્દ ઠરે અને તે અંગ્રેજી મારફતે પાછો આપણે વાપરતા થયા હોઈએ તો ગુજરાતી સ્થાપત્યને માટે એક મહત્ત્વની વાત ગણાય

ગુજરાતના ટાંકા

ગુજરાતના ઘરની એક બીજે ક્યાય ન જડતી વિશેષતા એ ટાંકા છે કૂવા તળાવની શોખીન પ્રજા ટાંકામા પણ સગવડ અને સૌંદર્ય મેળવવામાં ચૂકી નથી પરંતુ ઘરના ટાંકા ઘરની નીચે પેટાળમા હોવાથી એમા કોઈ નક્શીને સ્થાન નથી માત્ર ઘરના આભૂષણરૂપ પાણિયારામા એક ખૂણે સુંદર ગોળ કે અષ્ટકોણ ટાકાનુ મુખ કોઈક નકશીવાળુ બનાવવામા આવે છે મોટાં ઘરમાં ભોયરાં હોય છે તે સંકટ સમયે જોખમ મૂકવા માટે બનાવે છે, પરંતુ એમાં હવા અજવાળુ લાવીને ગરમીની મોસમમા ઠંડક મેળવવાનો ઉપયોગ પણ કરાય છે આવા ભોયરા ને ટાકાં એક સાથે પણ બહુ મોટા મકાનોમા જૂના વખતમાં થતા હતાં મસ્જિદ, મંદિર, કે રોજા જેવી જાહેર જગ્યાઓમા તો આવાં વિશાળ ટાંકા હોય છે[૬૨] એમા અંદર અજવાળુ આવે અને આસપાસ બેઠકો હોય એવી સગવડ પણ કરાય છે અમદાવાદમાં આવાં મોટાં ટાંકા ઘણી જગ્યાઓએ છે એનુ વર્ણન યથાસ્થાને કરીશું મોટા કિલ્લાઓના કોઠારોમાં પણ ટાંકા થયેલાં હોય છે પાવાગઢ ઉપરના મકાઈ અને નવલખા કોઠારમા એવા ટાંકા છે ટાકાનો ઉપયોગ ભોયરા સાથે હોય તો ઠંડક મેળવવા ઉપરાંત ચોમાસાનુ મીઠું પાણી બારે માસ ઉપયોગમાં લેવાય તે માટે કરાય છે ઘરના ટાંકાં

૬૨ મો૰ અમદાવાદનો ઇતિહાસ પૃ ૩૦૪

તો ખાસ પાણી પૂરું પાડવા માટે જ હોય છે. પહેલાંના સમયમાં કોઈ જગ્યામા પાણી મોળું કે ખારું હોય ત્યાં ટાંકાં મીઠું પાણી આખું વર્ષ પૂરું પાડે છે. મોટાં શહેરોમાં ખાળકૂવાના રિવાજને લીધે મીઠું પાણી પણ ખારું થઈ જાય છે ત્યાં ટાંકાં એ જ મીઠા પાણીનું સાધન બની રહે છે. આમ ટાંકું પણ ગૂજરાતી સ્વભાવની એક વિશેષતા છે અને ઘરના સ્થાપત્યની પણ એક વિશિષ્ટતા છે. દુષ્કાળ યુદ્ધ કે સંકટ સમયે આકાશ સામુ ન જોવુ પડે અને દરેક ઘર પાણીની સગવડથી ને સંગ્રહથી પૂર્ણ રહે એ ગૂજરાતીની પ્રકૃતિનુ એક ઉદાહરણ ગણી શકાય, અને એ સ્વભાવના આવા નાનાં મોટાં લક્ષણો સાંસ્કૃતિક ઇતિહાસમાં અગત્યનું સ્થાન લઈ શકે.

ગૂજરાતના કિલ્લા–દુર્ગ

કિલ્લાનુ વર્ણન સ્થાપત્યના વર્ણનમા આવવુ જોઈએ. ગૂજરાતમાં કિલ્લાની ખાસ કાંઈ વિશેષતા હોય–ઉપર જોઈ એવી વિશેષતાઓ જેવી–એવુ જણાયું નથી ગૂજરાતમા મોટા ડુંગરો નથી અને પથ્થરો ઘણે દૂરથી લાવવા પડે છે, એટલે બહુ મોટા શહેરો ને રાજગઢ પૂરતા કિલ્લા બાંધવામાં આવતા અને શહેરના વસ્તીના બીજા ભાગોને સાદા કોટથી રક્ષણ કરાતુ. રાજધાનીઓમા નાનાં મોટાં શહેરોમાં નાના કિલ્લા થતા અને રાજ્યમાં જ્યાં જ્યાં મોટાં થાણા લશ્કરને માટે યોજાતા ત્યા પણ કિલ્લા થતા હતા પાટણ, અમદાવાદ વગેરે મોટા શહેરોને ઉપર કહ્યુ તેમ રાજગઢનો મજબૂત કિલ્લો ને શહેરને સાદો કોટ હતો. ચાંપાનેરને પણ એ જ પ્રમાણે હતુ. પરંતુ એ શહેરને પાવાગઢનો મજબૂત કિલ્લો બાજુમા જ હતો. ગૂજરાતમા આબુ ઉપર અચલગઢનો ડુંગરી કિલ્લો અને પાવાગઢ ઉપર ડુંગરી કિલ્લો હતો. સૌરાષ્ટ્રમાં ગિરનારનો ઉપરકોટ નામનો કિલ્લો પણ ડુંગરી કિલ્લો હતો. આપણા સ્થાપત્યમાં કિલ્લાની રચના માટે ત્રણ પ્રકાર કહેલા છે : જલદુર્ગ, સ્થલદુર્ગ અને ગિરિદુર્ગ. ગિરનાર, અચલગઢ અને

પાવાગઢ એ ગિરિદુર્ગના ઉદાહરણો છે^૬૩ ઈડરનો ગઢ નાના ડુંગરા ઉપર છે પણ ગૂજરાતીઓ કન્યા પરણી લાવવા જેવા કાર્યને મહાન (!!) કાર્ય સમજીને ' ઈડરિયો ગઢ જીત્યા રે " એવું ગાય છે એમાં કાંઈ મહત્ત્વ જેવું દેખાતું નથી ઈડરના ગઢ જેવા કિલ્લા કરતાં તો ઉપર કહ્યા તે કિલ્લા વધારે દુર્ગમ છે શું ગુજરાતીઓ કન્યા પરણવા જેવા કાર્યને ગઢ જીતવા જેવા કાર્ય સાથે સરખાવે એવા છે ? આ પણ ગૂજરાતી સ્વભાવની એક વિચિત્રતા કેમ ન ગણી શકાય ? ગિરિદુર્ગોમાં નાના ડુંગરાઓ ઉપર કેટલાક કિલ્લાઓ રજપુતાનામાં છે તેમાં ચિતોડગઢની ખ્યાતિ મોટી છે, પરંતુ ગૂજરાત સૌરાષ્ટ્ર અને મારવાડ–મેવાડ સાથે લેતાં પાવાગઢ જેવો મજબૂત કિલ્લો એકે નથી પાવાગઢના કિલ્લાનું વર્ણન જુદું કરીશું એ કિલ્લો હિંદુ રજપૂત સમયમાં હતો તેને મુસલમાનોએ સુધરાવ્યો અને વધારે મજબૂત બનાવ્યો તવારીખકારો કહે છે કે એ કિલ્લા ઉપરથી એક લોટી પથ્થર ગગડાવે તો સેંકડો માણસોને મારી શકે ગિરિદુર્ગ તો ગૂજરાતમાં આવા થોડા પણ છે, પણ જલદુર્ગ ખાસ નથી દીવસનો કિલ્લો મોટો જલદુર્ગ કહેવાતો હતો સ્થલદુર્ગ ગૂજરાતમાં ઘણા છે પાટણથી રાજધાની બદલાયા પછી અમદાવાદ અને ચાંપાનેર શહેરના કિલ્લા સારા હતા અમદાવાદનો ભદ્રનો કિલ્લો સારા કિલ્લાઓમાં ગણાતો હતો ચાંપાનેરનો રાજગઢ પણ ઉત્તમ બાંધણીનો છે આ સિવાય ગૂજરાતમાં અહમદશાહે અહમદનગરનો કિલ્લો બાંધેલો એ આજે હિંમતનગર કહેવાય છે કોટવાળી થાણા માટે નાના કિલ્લા પણ ગૂજરાતમાં ઘણા છે, પરંતુ કિલ્લાના સ્થાપત્યમાં ઉપરના બે ત્રણ ગિરિદુર્ગો સિવાય ગૂજરાતના કિલ્લાઓ ક્ષિણ હિંદના કિલ્લાઓ જેવા મજબૂત નથી અને ગૂજરાતમાં કિલ્લાની દીવાલની આસપાસ પાણીની ખાઈ કરવાનો રિવાજ ખાસ દેખાતો નથી કિલ્લાઓના

૬૩ રાજવહનસ આદિ સ્થાપત્યના ગ્રંથોમાં આ ભેદ આપેલા છે આજે મળતા દુર્ગોના અવશેષોમાં હિંદુમુસલમાન સ્થાપત્યનું મિશ્રણ થયેલું છે

દરવાજા સવ્ય અપસવ્ય રીતે બાંધવાનો રિવાજ છે. એટલે પહેલા દરવાજામાં પેસી પછી ડાબા અગર જમણા વળીને બીજા દરવાજામાંથી બહાર નીકળવાનું હોય છે. ગૂજરાતમા અમદાવાદના ભદ્રના કિલ્લાનો દરવાજો એ જાતનો છે. પણ એનો ખરો ખ્યાલ તો ચાંપાનેર અને પાવાગઢના દરવાજાઓને જોઈને જ આવે છે. એ રચનાથી ઘેરાયેલું લશ્કર બચાવ સારી રીતે કરી શકે છે. આમ કિલ્લાઓના સ્થાપત્યમાં પાવાગઢનો કિલ્લો બાદ કરતા ગૂજરાતની કોઈ ખાસ વિશેષતા દેખાઈ આવતી નથી [૬૪] હિંદુ અને મુસલમાન સમયના કિલ્લાના દરવાજામાં કમાન અને કોતરણી સિવાય બીજો બાંધણીનો ભેદ નથી.

મુસલમાન સમયના ગૂજરાતનું મૂર્તિવિધાન

હવે મૂર્તિવિધાન બાબત ટૂંકામાં જોઈએ. હિંદુ સ્થાપત્ય તો મૂર્તિઓની વિપુલતાવાળું જ હતું જૈન સ્થાપત્યમાં મૂર્તિઓને સ્થાન છે, પણ જૈનોની મૂર્તિઓમાં ખાસ વૈવિધ્ય ન હોવાથી જૈન સ્થાપત્યમાં મૂર્તિવિધાનની કલા ઉત્તમ કક્ષાએ ન પહોચી. હિંદુ પુરાણોમા અનેક દેવોની અનેક કથાઓ ખૂબ રસમય હોવાથી એ દરેકને મંદિરોમાં મૂર્તિમંત કરવામા શિલ્પીઓએ પોતાનો હાથ ઉત્તમ રીતે બતાવ્યો. એવી કેટલીક મૂર્તિઓ ગૂજરાતમાંથી તો ઘણે ભાગે નાશ પામી છે અને છૂટીછવાઈ મળી આવે છે મોઢેરા જેવા અવશેષોમાંથી એનો કાંઈક ખ્યાલ આવે છે. એટલે દક્ષિણ હિંદમાં બેલૂર, હલેબીડ, સોમનાથપુર જેવુ કે મદુરા રામેશ્વર જેવું મૂર્તિવિધાન ગૂજરાતમા આજે તો દેખાતું નથી. મુસલમાનોએ તો મૂર્તિને બદલે ફૂલવેલ જ અપનાવી એટલે મૂર્તિવિધાનની કલા ગૂજરાતમાં એ સમયમાં ફૂલી કે ફાલી નહિ. [૬૫]

---

૬૪. ભદ્રના કિલ્લાનાં વખાણ એક મુસાફર લખે છે, પણ આજનો કિલ્લો જોતાં એવું કાંઈ દેખાતું નથી.

૬૫. અમદાવાદનો ઇતિહાસ, પૃ. ૩૧૧–૧૨.

આમ ગૂજરાતનુ હિંદુ અને મુસલમાન સમયનુ સ્થાપત્ય ગૂજરાતીઓના સ્વભાવનુ અને સસ્કારિતાનુ ખરુ પ્રતિબિબ પાડે છે એના અગઉપાગ માટે કલાવિવેચકોમા મતભેદ હોય, કેટલીક વિશેષતાઓમાં લોકો એકમત છે એ ઉપર જોયું પ્રાશ્ચાત્ય વિવેચકોની કેટલીક ટીકાઓ તો એ લોકો હિંદી માનસ બરાબર ન સમજી શકે તેથી પણ થયેલી હોય છે એ ટીકાઓ કેટલીક તટસ્થ રીતે થયેલી અને સાચી પણ છે પણ એ લોકો આપણા કેટલાક સૂક્ષ્મભેદ ન સમજી શકે કે કોમળ લાગણી ન સમજી શકે તે બનવાજોગ છે કાળી મામી, માશી અને ફોઈ ને માટે એક જ શબ્દ "આન્ટ' (Aunt) વાપરનારા, અને સાળા તથા બનેવીને માટે એક જ શબ્દ Brother in Law (કાયદા પ્રમાણે ભાઈ ! દિલની લાગણી પ્રમાણે નહિ ?) વાપરનારા લોકો આપણા સામાજિક ભેદની પેઠે સ્થાપત્યના સૂક્ષ્મ ભેદ ન સમજી શકે એ બનવા જોગ છે

નગરરચના

હવે ગૂજરાતની નગરરચના ઉપર થોડો વિચાર કરીએ આપણા શિલ્પશાસ્ત્રોમાં નગરરચના માટે ખૂબ વિગતો આપેલી છે પરતુ ગૂજરાતમાં આજના નગરો જોતા શિલ્પશાસ્ત્રાનુસાર એ કઈ બાંધણીનું નગર હશે એ કહેવુ મુશ્કેલ છે એમા ઐતિહાસિક કારણોએ ભાગ ભજવ્યો એમ માની શકાય હિંદુ સમયમા શુદ્ધ નગરરચના શિલ્પશાસ્ત્ર પ્રમાણે થતી હશે મુસલમાન સમયમાં એવા વસવાટને લગતા કોઈ ફેરફાર થયા હોય એ સિવાય કાઈ વધુ બદલાયું હોય એમ લાગતું નથી ગૂજરાતના સ્વતત્ર સુલતાનોએ તો હિંદુ સમયની લગભગ બધી જ રીતિઓ કાયમી રાખી હોય એમ સમજાય છે વસવાટને લગતા ફેરફારમા શિલ્પશાસ્ત્ર પ્રમાણે જે જગ્યાએ હિંદુઓના અમુક ઉચ્ચ વર્ણોને વસાવવાનો આદેશ કર્યો હોય ત્યા એમણે ઉચ્ચ મુસલમાન અમીરોને વસાવ્યા હોય એમ બની શકે પરતુ મોગલાઈમા ગૂજરાતમાં તો નવાં

શહેરો વસાવાયાં નથી એટલે ખાસ ફેર જૂનાં શહેરોમાં નહિ પડ્યો હોય. તે પછી મરાઠા સમયમાં શહેરોની તોડફોડ અને વસતીની વધઘટ થયા કરી છે અને એ સમયમાં મોટાં શહેરોમાં કોઈ નિયમો ન રહેવાથી જૂની રચનાની ખૂબ અવગણના કરી ગમે તેમ નવાં બાંધકામો થવાથી જૂના શહેરોના દેદાર છેક જ બદલાઈ ગયા છે. આજનું પાટણ કે આજનું અમદાવાદ જોઈ એ જ શહેરો પ્રાચીન કાળમાં કેવાં હશે એમ કોઈ કહી શકે નહિ. [૬૬]

પરંતુ ગૂજરાતના સુલતાનોએ જે જે નવાં શહેરો વસાવ્યાં એમાં પાટણની નકલ કરી હોય એમ માનવાને કારણ છે. અહમદશાહ અને મહમૂદશાહ બેગડો એ બે ગૂજરાતના શહેરો બાંધનાર બાદશાહો કહેવાય છે. એકે અમદાવાદ અને અહમદનગર (ઇડર પાસેનું) વસાવ્યું અને બીજાએ મહમૂદાબાદ (મહેમદાવાદ) નવું વસાવ્યું અને પ્રાચીન જૂનાગઢ અને ચાંપાનેરની નજીક નવા કિલ્લા અને વસવાટ કરીને તેમના નામ બદલ્યા અહમદશાહે પણ ખરી રીતે તો અમદાવાદ આશાવલની ઉત્તરે અડોઅડ બાંધી નવા વસવાટનું નામ માત્ર બદલ્યું એમ કહી શકાય [૬૭]

મુસલમાન સમયના આ બાંધકામમાં નગરરચનાનું સ્વરૂપ ખાસ બદલાયું નહિ, પણ હિંદુની જગ્યાએ મુસલમાન અમીરોને વસાવ્યા. આજે હિંદુ નગરરચના પ્રમાણે ખરાં નગરો તો દક્ષિણમાં દ્રાવિડ

૬૬. જુઓ અમદાવાદના ઇતિહાસમાં નગરરચનાનું પ્રકરણ; વળી જુઓ: Havel ' History of Aryan Rule in India: P. 341. " Ahmed Shah, however, is more entitled to be remembered as a great Rajput City Builder than as a Musalman Sultan."

૬૭ મહેમદાવાદ અને અહમદનગર નવાં શહેરો વસાવ્યાં, જ્યારે અમદાવાદ અને ચાપાનેર જૂનાં શહેરો પાસે માત્ર કિલ્લા બાંધી પછી ધીમે ધીમે વધ્યાં.

દેશમાં જ દેખાય છે ત્યાં મધ્યમાં નગરના પ્રધાન દેવનું મંદિર, મંદિરની ચારે બાજુએ રસ્તાઓ અને બજારો, ચારે દિશાઓમાંથી મંદિર તરફ આવતા રસ્તા, મંદિરની નજીકમાં બ્રાહ્મણોનો અગ્રહાર, બીજા વર્ણો ક્રમવાર છેટે વસે આ રીતે રચના હતી રાજાનો મહેલ અને પાસે તળાવ કે સરોવર રહેતું, અને મંદિરની એક બાજુના રસ્તાથી મહેલ તરફ જવાતું આ નગરરચના હિંદમાં ઘણુંખરું દેખાતી અને દક્ષિણ હિંદમાં હિંદુ સંસ્કૃતિ, ખાસ પ્રહારો ન થવાથી, ચાલુ રહી, ઉત્તરમાં એવું ન રહ્યું [૬૮]

હિંદુ સ્થાપત્યના ગ્રંથોમાં રાજવલ્લભ ગુજરાતના હિંદુ શિલ્પ-સ્થાપત્ય માટે અગત્યનો ગ્રંથ છે, અને વેપાર એ ગુજરાતી સંસ્કારિતાનું મુખ્ય લક્ષણ હોવાથી એમાં સ્પષ્ટ આદેશ છે કે વેપારીઓને શહેરની મધ્યમાં વસાવવા બહારની ચડાઈઓને વખતે વેપારનું રક્ષણ થઈ શકે એ ઈરાદાથી આ ગોઠવણ કરાઈ હશે દક્ષિણમાં મંદિરની પાસે-મધ્યમાં રહી શકાય એવી રીતે-બ્રાહ્મણોને વસાવે છે એટલો ભેદ કહી શકાય [૬૯]

શિલ્પશાસ્ત્ર પ્રમાણે નગર-રચના

રાજવલ્લભમાં નગરોના માપ અને તેના પ્રકાર વર્ણવ્યા છે એમાં વિગતમાં ઊતરવાની અહીં જરૂર નથી એ જોતાં અમદાવાદ 'સર્વતોભદ્ર' જાતનું નગર હોય એમ જણાય છે એ પાટણની નકલ હોય તો પાટણ એવું નગર હશે 'સર્વતોભદ્ર' એ લંબચોરસ કોટ

૬૮ દ્રાવિડ દેશમાં મદ્રાસ અંગ્રેજોએ વસાવેલું છે પણ મદુરા વગેરે શહેરોમાં આ પ્રાચીન બાંધણી છે

૬૯ મારો અમદાવાદનો ઇતિહાસ, પૃ ૩૧૮-૩૨૦

વળી જુઓ E. B Havel : A Hand-Book of Indian Art P 120 ' Ahmedabad was planned after the ancient Indo-Aryan tradition of a Royal Capital

ખૂણાઓવાળું નગર છે, જો કે આજનું અમદાવાદ જોતાં એ રચનામાં થોડો વાંધો જણાઈ આવે. અહમદશાહે પોતે તો માત્ર ભદ્રનો કિલ્લો જ બાંધેલો અને એની બાંધણી આ જાતની થઈ શકે. શહેરની એક બાજૂએ રાજગઢ થાય તે ભદ્રનો કિલ્લો. ચાંપાનેરમાં પણ એ જાતની રચના મહમૂદ બેગડાએ કરી અને નામ મુહમ્મદાબાદ પાડ્યું. રાજગઢમાં રાજકુટુંબ માટે મંદિરની પેઠે મુસલમાન બાદશાહોએ જુદી મસ્જિદ કરી. રાજગઢ પછી મોટું મેદાન અને એ પછી શહેરની મધ્યમાં ગણાઈ શકે એવું સાર્વજનિક મંદિર થતું એ મુજબ મુસલમાન અમદાવાદમાં ભદ્રની આગળ મેદાનેશાહની પછી ત્રણ દરવાજા મૂકીને શહેરની મધ્યમાં ગણી શકાય એવી જુમા મસ્જિદ જુમામસ્જિદની પૂર્વે સ્થાપક અહમદશાહનો પોતાનો રોજો. આ રોજો એ અમદાવાદ શહેરનું મધ્યબિંદુ છે. મસ્જિદ અને રોજાની આસપાસ શહેરના મુખ્ય બજારો આવે અમદાવાદમાં માણેકચોક એ ચૌટું છે, અને નગરરચનાના નિયમ પ્રમાણે ચારે તરફથી રસ્તા મળતા હોય તે ચોવટું કહેવાતું. એવા મધ્ય ભાગમાં બજાર થાય એટલે એ ચૌટું કહેવાતુ. ગૂજરાતની પ્રાચીન પ્રણાલિકા પ્રમાણે નાણાવટાનો ધંધો મુખ્ય ગણાતો અને એનું બજાર તે ચૌટું કહેવાતું. એટલે નગરના મધ્યમા ચૌટું હોય અને માણેકચોક અમદાવાદમાં એવો છે એ સિદ્ધ છે અને નગરરચનાના સિદ્ધાંત પ્રમાણે છે.[૭૦] આ રીત મુજબ જો માણેકચોકમાં

૭૦, જુઓ મારો અમદાવાદનો ઇતિહાસ. નગરરચનાનું પ્રકરણ. પૃ. ૩૧૩–૨૧. એમાં પૃ. ૩૧૬ માં રાજવલ્લભ પ્રમાણે નગરોની ચર્ચા કરી છે. પૃ. ૩૧૪ માં હેવલનો મત આપ્યો છે. કેટલાક વિવેચકો અમદાવાદને સર્વતોભદ્ર જાતનું ગણવા ના પાડે છે. એક વાત સાચી છે કે આજના અમદાવાદ ઉપરથી એને સ્વસ્તિક કે સર્વતોભદ્ર કહેવું તે બરોબર તો નથી જ. એ માટે પ્રાચીન અમદાવાદની કલ્પના માત્ર જ કરવી પડે, ઉપર્યુક્ત પ્રકરણમાં એવી કલ્પના પણ કરી છે, અને સારંગપુર જે અમદાવાદનો પૂર્વ તરફનો મુખ્ય દરવાજો છે અને જ્યાંથી મલિક શાબાનના બાગ સુધી ઝાડની ઘટાવાળો મોટો

આવેની મહૂરત (મુહૂર્ત) પોળ પહેલી પોળ હોય તો વેપારીને અહમદશાહે મધ્યમાં વસાવ્યા એમ કહી શકાય[૭૧] આ રીતે અહમદીનો લેખક સ્પષ્ટ લખે છે કે પાટણના કિલ્લાને ભદ્ર કહેતા હતા એ મુજબ અહમદનગર, અમદાવાદ અને ચાંપાનેરના મુસલમાન કિલ્લાને પણ ભદ્ર જ કહે છે એટલે આ બધા નગરો પાટણની નકલ છે એમ સમજાય છે[૭૨]

આમ અમદાવાદ "સર્વતોભદ્ર" જાતનું શહેર લાગે છે, પરંતુ હેવલ અમદાવાદનું જે વર્ણન કરે છે તે ઉપરથી એ "સ્વસ્તિક" જાતનું નગર હોય એમ સમજાય છે હેવલે પોતે હિંદુ નગરોના

સીધો રસ્તો રખિયાલ જતો હતો એ દરવાજાથી શહેરના મધ્યભાગ માણેકચોકમા આવવાનો સીધો મોટો રસ્તો હતો આજે એ ક્યા હશે તે પણ જાણી શકાઈ નથી એ રસ્તાનો નિર્ણય કરવાની ચર્ચા પણ ઉપર્યુક્ત પ્રકરણમા કરી છે અહીં એક બીજી વાત પણ ધ્યાનમા લેવાની છે, તે એ કે અહમદશાહે શહેર વસાવી કિલ્લો અને જુમા મસ્જિદ બાંધ્યા એ પછી એના પૌત્ર મહમૂદ બેગડાએ ચોરીનો ઉપદ્રવ વધવાથી આજનો શહેરકોટ બાંધ્યો અને દરવાજાઓને પોતાના અમીરોના નામો આપ્યા એટલે પહેલેથી યોજના પ્રમાણે તો બહારનું શહેર નહિ વસ્યું હોય પરંતુ ચાર દિશાના ચાર મુખ્ય રસ્તાઓ થયા હશે અને પછી દરેક દરવાજાના ચકલાને મધ્યમા રાખીને એક નાના ગામની પેઠે લત્તાઓ વસ્યા હશે એ રીતે દરેક ચકલું નાની નગરરચનાના સિદ્ધાંત મુજબ વસ્યું હશે અને પછી શહેર સાથે જોડાઈ ગયુ હશે શહેરનો કોઈ નિયમથી બંધાયો નથી એ પણ સૂચક છે એટલે મહમૂદ બેગડાના સમયનું અમદાવાદ—હિંદુ બાંધણીના નાના નાના ગામોના સમૂહ જેવુ મુખ્ય કેન્દ્ર માણેકચોકની સાથે જોડાઈને હિંદુ સિદ્ધાંતને ધ્યાનમા રાખી આખુ શહેર થયુ લાગે છે એને સ્થાપત્ય પ્રમાણે એક ખાસ નામ આપવુ તે યોગ્ય લાગતુ નથી

૭૧ માણેકચોકમા મુહૂર્ત–મહૂરત–પોળ પહેલી સ્થાપી હશે એ સયુક્તિક લાગે છે, પરંતુ મગનલાલ વખતચંદના ઇતિહાસ ઉપરથી શકાને સ્થાન છે અમદાવાદના ઇતિહાસમા એ બાબત ઉલ્લેખ કર્યો છે

૭૨ મિરાતે અકબરી ગુ ભા

પ્રકારો કહ્યા છે, પણ અમદાવાદ હિંદુ બાંધણીનુ છે એટલું માત્ર કહી તેનો પ્રકાર કયો ને કેવો ગણવો તે લખ્યુ નથી.[૭૩] અમદાવાદ મહમૂદ બેગડાના સમયમાં વધ્યુ તે જોતાં એને મિશ્ર બાધણીનું કહેવું તે ઠીક છે.

૨

સુલતાન અહમદશાહના સમયનાં બાંધકામ

સ્થાપત્ય એ પ્રજાની પ્રકૃતિનું પ્રતિબિબ છે અને હિંદુની પેઠે મુસલમાન સમયનું ગૂજરાતનું સ્થાપત્ય પણ ગૂજરાતનાં સંસ્કારિતા અને સ્વભાવનું પ્રતિબિબ પાડે એવું છે એની સામાન્ય અને અપારિભાષિક રીતે પાછળ ચર્ચા કરી. હવે ગૂજરાતના પાટનગર અને ગૂજરાતી સ્થાપત્યના કેન્દ્રરૂપ અમદાવાદ વગેરે સ્થળોમા એના સ્થાપક અહમદશાહના સમયમા જે સ્થાપત્યની રચના થઈ તે ટૂંકામા જોઈએ.

ભદ્રનો કિલ્લો

અહમદશાહે આશાવલ અગર કર્ણાવતી શહેરને અડોઅડ સાબરમતી અગર શ્વભ્રવતી નદીને કાંઠે ઊંચી અને સપાટ ભૂમિ પસંદ કરી ત્યા સર્વથી પહેલો ભદ્રના કિલ્લાનો પાયો નાંખ્યો. મુસલમાન તવારીખો એને અરકનો કિલ્લો કહે છે, અને પાટણના ભદ્રની એ નકલ છે એમ કબૂલ કરે છે એ કિલ્લાનો પાયો ઇસ્લામની પરંપરા પ્રમાણે જેમનાં જીવન પવિત્ર હોય એવા ચાર અહમદ નામના પુરુષોને હાથે નંખાયો અને કિલ્લાની નૈઋત્યે માણેક બુરજમાં પહેલી ઈંટ મુકાઈ.

---

૭૩. અમદાવાદના ઇતિહાસમાં ઉપર્યુક્ત પ્રકરણમાં ચર્ચા કરી છે. સર્વતોભદ્ર એ સ્થાપત્યમાં એવી જાતનાં મકાનો માટે વપરાય છે કે જેને ચારે બાજૂથી જોતાં સરખું દેખાય. જૈનોમાં જેને ચોમુખજી કહે છે તે કેટલેક અંશે આ જાતનું મંદિર ગણાય છે. (જુઓ એન્સાઇક્લોપીડિયા ઑફ આર્કિટેક્ચર–સર્વતોભદ્ર શબ્દ).

એ ચાર પવિત્ર અહમદમાં એક બાદશાહ પોતે જ હતો.[1]

આ કિલ્લો અહમદશાહે બાંધ્યો ત્યારે એના રૂપરંગ કેવા હશે એની કલ્પના કરવી પણ આજે તો મુશ્કેલ છે. આજના ભદ્રની સામે ઊભા રહીએ ત્યારે જે બે મોટા બુરજો અને એની વચ્ચે ઘડિયાળનો ટાવર દેખાય છે એટલું જ માત્ર પ્રાચીન હોવાનો સંભવ છે. અંદરનાં મકાનોમાં રાજદ્રુમની મસ્જિદ સિવાય આજે તો કાંઈ રહ્યું નથી, પરંતુ ગુજરાત સલ્તનતના અંત સમયે મોગલ રાજ્યની શરૂઆત થઈ ત્યારે પણ અંદરનું ઘણુંખરું બાંધકામ જીર્ણ થઈ પડી ભાંગ્યું હતું એવા ઉલ્લેખો મળે છે.[2] મોગલાઈમાં આવેલા યુરોપીય મુસાફરો, ઓગિલ્બી, મેન્ડેલ્સ્લો અને થેવેનોટ એનાં જે વખાણ કરે છે એમાંનું આજે કાંઈ કલ્પી પણ શકાતું નથી. ઓગિલ્બી (૧ ૮૦) ભદ્રના કિલ્લાને મોગલ આખા રાજ્યમાં માત્ર કાબુલ અને કંદહારના કિલ્લાથી ઊતરતો કહે છે, અને એના ઉપર ૧૮ તોપો રહેતી હતી એમ લખે છે. મેન્ડેલ્સ્લો એ કિલ્લો પથ્થરનો હતો એમ લખે છે. થેવેનોટ કહે છે કે કિલ્લો એક નાના શહેર જેવો હતો.[3] આ બધાં વર્ણન જૂનો બાદશાહી કિલ્લો બંધાયા પછી બસો વર્ષ પછીનાં છે, એટલે એ સમયે મહેલો જ પડી ગયા હતા તો કિલ્લાની રચનામાં પણ ફેરફાર થયા હોવા જોઈએ, અને એવા ઉલ્લેખો પણ મળે છે. મોગલાઈ પછી પેશ્વાઈમાં મરાઠા સૂબાની હવેલીના ઉલ્લેખો મળે છે તેની એક ઈંટ પણ દેખાતી નથી. એકસો વર્ષમાં પેશ્વાઈનાં ચિહ્નો નાશ પામ્યાં ને અદૃશ્ય થયાં તો બસો વર્ષમાં સુલતાનોનું કેટલું રહ્યું હશે તે કલ્પી

---

૧ જુઓ મારો અમદાવાદનો ઇતિહાસ, પ્ર ૩–પૃ ૩૦

૨. ઉપર મુજબ, પૃ ૫૦૯–૫૭૧

૩ ઉપર મુજબ પૃ ૫૬૯ અને પ્રો. કોમિસેરિયેટનો અંગ્રેજીમાં લખાયેલો ગુજરાતનો ઇતિહાસ પૃ ૯૩–૯૬ ભદ્રના કિલ્લા માટે વિગતવાર માહિતીની જરૂર હોય તેમને આ બે ગ્રંથો જોવા વિનંતિ છે

શકાય. અને જહાંગીરના સમયમા જ નવો મહેલ કરવો પડ્યો અને જૂનાની મરામત થઈ એવો ઉલ્લેખ છે.[૪]

આજે ભદ્રકાળીના મંદિર આગળ ઊભા રહી કિલ્લા તરફ નજર કરીશું તો ઊંચા ટાવર સિવાય આગલો દરવાજો તથા એક વાર પોસ્ટ ઑફિસ અને હાલ કચેરી થઈ છે એ ભાગ મોગલાઈમા આજમખાન સૂબાના સમયમાં કિલ્લાની દીવાલનો એક ભાગ તોડીને થયેલો છે અને એની મોગલાઈ બાંધણી જુદી પડે છે. કિલ્લાને જૂના બુરજો અને દરવાજા હતા તેમાં પણ મોગલાઈમાં ફેરફાર થયેલા છે, એટલે સુલતાન અહમદશાહે બાંધેલા કિલ્લાનું એ સમયનું બાંધકામ તો એનો પૂર્વાભિમુખી મોટો બુરજ જોઈને સંતોષ માનવો પડે.

આ કિલ્લાની પૂર્વે મોટું મેદાન છે એ કારંજને નામે ઓળખાય છે. એને પહેલાં "મૈદાને શાહ" કહેતા હતા. આ મેદાનની પણ પહેલાંની સ્થિતિ કલ્પવી આજે તો મુશ્કેલ છે એનુ માપ કોઈ ૧૬૦૦×૮૦૦ ફૂટ કહે છે, ત્યારે કોઈ ૨૧૦૦×૧૨૦૦ ફૂટ કહે છે. આર્કિયોલૉજિકલ સર્વે વખતે એનું માપ ઉત્તર દક્ષિણ ૬૨૦ વાર અને પૂર્વ પશ્ચિમ ૩૩૦ વાર નક્કી થયું હતુ એ મેદાનની ચારે બાજૂ દરવાજા હતા એમાં પશ્ચિમનો દરવાજો તો ભદ્રનો મુખ્ય દરવાજો અને પૂર્વનો તે ત્રણ દરવાજાવાળો ગણાતો. ઉત્તર દક્ષિણના દરવાજા ક્યા હતા તે કલ્પના કરવાનું કાંઈ સાધન નથી એટલે આજે કારંજમાં જે જે મકાનો દેખાય છે તે કાંઈ પણ નહિ હોય અને વચ્ચે માત્ર એક ફુવારો હશે એવું માની શકાય આ મેદાનમાં "મૈદાન" (Polo) નામની રમત રમાતી અને લશ્કર તથા હાથી-

૪. અહમદશાહથી અકબર સુધીનાં પોણા બસો વર્ષમા મહેલો જીર્ણ થઈ ગયા હતા. જહાંગીરના સમયમા છેક ખરાબ થયા હોય કે જેથી શાહજહાએ ખાનપુરમાં મહેલ બાંધ્યો જેના અવશેષ આજે ચાંદા સૂરજના મહેલમાં છે. શાહજહાંએ શાહીબાગમાં બીજો મહેલ પણ બાંધ્યો પેશ્વાસમયની હવેલી વગેરેના વર્ણન માટે અમદાવાદનો મારો ઇતિહાસ જુઓ.

ઓની સલામી લેવાતી એવા ઉલ્લેખો છે એ ઉપરથી એની વિશાળતાનો ખ્યાલ આવશે.[૫]

અમદાવાદમાં અહમદશાહે બાંધેલાં મકાનોનું કલ્પના ચિત્ર

અહીં ગૂજરાતના પાટનગરના રાજગઢથી એના સ્થાપકની દરગાહ, જે શહેરનું મધ્યબિંદુ છે, ત્યાંસુધીની તે સમયની ભવ્યતાની જરા કલ્પના કરી લઈએ, કારણ આજે બેચાર હાડકાં ઉપરથી શરીરની કલ્પના કરીએ એવું જ રહ્યું છે. ભદ્રનો ઊંચો બુલંદ બુરજ અને એ સમયે કાંગરાવાળો પથ્થરનો કિલ્લો તથા દીવાનો હશે. ભદ્રકાળીમાતા અને એ જ રેખામાં આવેલો મોગલાઈ દરવાજો તથા મહેલ તથા ડિસ્ટ્રિક્ટ કોર્ટનું મોગલાઈનું મકાન હતું નહિ એમ કલ્પવાનું. એ પછી કિલ્લાના દરવાજા અને ત્રણ દરવાજા વચ્ચે ફુવારો કલ્પવાનો. ત્રણ દરવાજાની પૂર્વમાં અને જુમામસ્જિદની પશ્ચિમે કેવાં બાંધકામ હશે કે ખુલ્લું હશે તે કલ્પવું મુશ્કેલ છે, પરંતુ હાલ કરતાં વધારે પહોળો રસ્તો અને શોભે એવાં મકાનો હોઈ શકે. એ પછી દિલ્હી દરવાજાથી જમાલપુર જતો રસ્તો વટાવી તુરત જ જુમામસ્જિદનું ભવ્ય મકાન શરૂ થાય છે અને એની ચારે બાજૂ મોકળા પહોળા રસ્તા અને બજારો હોય એમ સમજાય છે. આજનો ગાંધીમાર્ગ (રીચીરોડ) તો અંગ્રેજોના સમયનો છે, પરંતુ એ પ્રાચીન સમયે બીજા દરવાજાઓથી માણેકચોકમાં રસ્તાઓ જુમામસ્જિદ આગળ આવીને મળતા હશે. જુમા મસ્જિદના માણેકચોક તરફના દરવાજાની પૂર્વે અહમદશાહનો પોતાનો રોજો અને વચ્ચે રસ્તો વટાવી પૂર્વે એની રાણીઓનો રોજો છે. આ બધું તે સમયના માણેકચોકમાં છે અને આજે પણ ગંદા ઘરોથી

---

૫ જુઓ મારો અમદાવાદનો ઇતિહાસ પૃ. ૫૭૧–૫૭૩. કારંજના ફુવારામાં ભદ્રના એક કિલ્લામાંથી પાણી આવતું. આ મેદાનમાં શુક્રવારે બજાર ભરાતું. એ જોવા બાદશાહ બેસતા. મેદાનેશાહમાં પોલો (ચોગાન)ની રમત રમતાં જુઝીરખાન હબસીને હાથે ચંગીસખાનનું ખૂન થયું હતું. આ બન્ને ગૂજરાતમાં એક સમયે ખૂબ સત્તાધીશ અને મોટા અમીરો હતા.

ઘેરાઈ ગયેલા માણેકચોકમાં છે. આ બધાં બાદશાહી મકાનો આસપાસ ચાર મોટા રસ્તા અને ચાર દિશાઓમાંથી આવતા દરવાજાના રસ્તા કલ્પીને તેમાં મુખ્ય બજારોની દુકાનો કલ્પવાની. આટલું કિલ્લાની બહાર ધારીને તેના અંદરના ભાગમાં ગૂજરાત કૉલેજની સામે અહમદશાહની મસ્જિદ અને એની ઉત્તરે નદીકિનારે બાદશાહી મહેલો, હમામખાનાં, બગીચો વગેરે ધારી લેવાનું. આ કલ્પના કરવામાં ચાંપાનેરના હાલના ભગ્નાવશેષ કિલ્લામાં ભદ્રનો મોટો બુરજ અને બહાર ત્રણ દરવાજા ઉમેરીએ તો કેવું લાગે એ વિચાર કરવાથી કાંઈક ખ્યાલ આવશે, જો કે પૂર્વે રાણીના હજીરાથી પશ્ચિમે કિલ્લો અને અંદરના મહેલોને સરખાવતાં અમદાવાદનો આટલો ભાગ ચાંપાનેર કરતાં વધારે વિશાળ અને વધારે આકર્ષક હોવો જોઈએ એવું કોઈ રસિક કલ્પના કરનારને લાગ્યા વિના રહેશે નહિ. મોગલાઈમાં બંધાયેલા શાહજહાંઆબાદ–દિલ્હીને બસો વર્ષના સમયના ભેદે કરીને ન સરખાવીએ તો એ દિલ્હીના પૂર્વાવતાર–તઘલખાબાદ દિલ્હી કરતા અમદાવાદનો આટલો દેખાવ વધારે આકર્ષક હશે એટલું તો દિલ્હીના પુરાતન અવશેષો જોતાં સહેજે જણાઈ આવે છે, અને એ સમયે કદાચ હિંદના મુસ્લિમ અમલ નીચેનાં પાટનગરોમાં અહમદશાહનું અમદાવાદ વધારે મનોહર કહી શકાય એવું હશે એમાં શંકા નથી.[૬]

૬. પ્રો. કોમિસેરિયેટે એમના ગૂજરાતના ઇતિહાસમાં પૃ. ૧૦૧–૧૦૩માં હફ્ત ઈકલીમ નામના ભૌગોલિક અને ચરિત્રોના ફારસી પુસ્તકમાંથી (ઇ. સ ૧૯૫૩) અમદાવાદની તારીફનો ઉતારો આપ્યો છે અને અબુલ ફઝલનો અભિપ્રાય પણ આપ્યો છે. આ બન્ને અભિપ્રાયો ગૂજરાત સલ્તનતના સમયના અમદાવાદના છે એટલે ઉપલું વર્ણન યથાર્થ છે એમ એ વાચીને લાગે તેવું છે. હફ્ત ઈકલીમ અમદાવાદને એ સમયનાં આખી દુનિયાનાં શહેરોમાં સર્વથી સુંદર કહે છે અને એના બજારો ને દુકાનોની બાંધણીના વખાણ કરે છે. અબુલ ફઝલના વર્ણનમાં કાંઈક અતિશયોક્તિ દેખાય છે, પરંતુ એ સમયનાં દિલ્હી આગ્રા કરતાં અમદાવાદ ઘણું સુંદર હતું એ ખરી વાત છે. તે સાથે દિલ્હી આગ્રા મોગલાઈમાં વધ્યાં એ પણ ભૂલવું ન જોઈએ.

અહમદશાહની મસ્જિદ

હવે મકાનોના આ સમૂહમાં આવેલા બાંધકામનું વર્ણન ટૂંકામાં કરીએ અહમદશાહે સર્વથી પહેલો કિલ્લો બાંધવો શરૂ કર્યો અને તે સાથે જ રાજકુટુંબની મસ્જિદ શરૂ કરી તે પછી ત્રણ દરવાજા અને જુમા મસ્જિદનું કામ તુરત શરૂ કર્યું એટલે પહેલી અહમદશાહની મસ્જિદનું વર્ણન કરીએ અમદાવાદ શહેરનો પાયો ઈ સ ૧૪૧૧ માં નખાયો એ સાથે આ મસ્જિદ શરૂ થઈ અને ઈ સ ૧૪૧૪ના ડિસેમ્બરમાં એનું કામ પૂરું થઈ ગયું આ મસ્જિદમાં ખાસ મહત્ત્વનું બાંધણીની દૃષ્ટિએ કાંઈ નથી, પરંતુ ઇતિહાસની દૃષ્ટિએ એનું ખાસ મહત્ત્વ છે અહમદશાહે ગુજરાતના પાટનગરમાં સર્વથી પહેલું બાંધેલું આ મકાન એના મિનારા સિવાય લગભગ આજે પણ અણીશુદ્ધ ઊભું છે ઉપર મસ્જિદની બાંધણીનું જે સામાન્ય વર્ણન કર્યું તેવી જ આની બાંધણી છે પહેલી મસ્જિદ હોવાથી હિંદુ મંદિરોની સામગ્રી ખાસ સુધાર્યા વગર જ કામમાં લીધેલી જણાય છે થાંભલા એકસરખા નથી પણ જુદી જુદી જાતના છે અને કેટલાક ઉપર હિંદુ દેવોની મૂર્તિઓ સ્પષ્ટ જોઈ શકાય છે એક ઉપર તો શિવલિંગ પણ દેખાય છે, અને બીજા એક થાંભલા ઉપર વિ સ ૧૩૦૭ (ઈ સ ૧૨૫૦) નો મહારાજા વિશળદેવના સમયનો એક ખંડિત લેખ પણ છે અને એ સ્પષ્ટ વંચાય તેવો નથી લિવાનના વાયવ્ય ખૂણામાં બેગમોને પ્રાર્થના કરવા માટે ખાસ બાંધેલું મુલુકખાનું છે એની નીચેના થાંભલા એકસરખા એક જ સ્થળેથી લીધા હોય તેવા છે એટલે આ મસ્જિદ આશાવલના જ કોઈ મંદિરની સામગ્રીથી બંધાઈ હોય એમ લાગે છે એમાં એક સુંદર મહેરાબની પાસે એક સુંદર જાળીવાળી જરા ઊંચી વેદી જેવી બેઠક છે એના ઉપર અહમદશાહ પોતે નિમાઝ પઢવા આવતા એમ કહેવાય છે જાળી પાછળથી કોઈએ કાઢી નાખેલી છે આ મસ્જિદમાં મરાઠા સમયમાં ઘાસ અને લાકડાની વખાર તરીકે ઉપયોગ થયો હતો આ મસ્જિદની

કમાનો અમદાવાદની બીજી મસ્જિદોની કમાનો કરતાં જરા વધારે અણીવાળી છે, એટલે એમાં દિલ્હીના ખીલજી સ્થાપત્યની તાજી અસર હોય એમ લાગે છે. મસ્જિદમાં આ પ્રમાણે અરબીમાં લેખ છે: "આ મોટું મકાન–વિશાળ મસ્જિદ–અલ્લાહની દયાનું શરણ લેનાર નોકરે–જે અલ્લાહને મસ્જિદમાં ભજવામાં આવે છે–અને કુરાને શરીફ પ્રમાણે 'મસ્જિદ અલ્લાહની છે અને એની સાથે બીજા કોઈને ભજશો નહિ'–એ અલ્લાહની મદદમાં વિશ્વાસ રાખનાર નોકરે–મુઝફ્ફરશાહના પુત્ર મુહમ્મદશાહના પુત્ર અહમદશાહ–સુલતાને બંધાવી છે. એ પૂરી થયાની તારીખ ૪ શવાલ. હિ. સં. ૮૧૭ છે." (૧૭–ડિસેંબર ૧૪૧૪)[૭]

હૈબતખાનની મસ્જિદ

અહમદશાહના સમયનું બીજું મકાન જમાલપુર દરવાજે આવેલી હૈબતખાનની મસ્જિદ છે. હૈબતખાન ઉર્ફે મસ્તીખાન અહમદશાહનો કાકો હતો અને એની દરગાહ કાળુપુર દરવાજા બહાર સરસપુરને રસ્તે એણે વસાવેલા હૈબતપુરમાં છે.[૮] ત્યા પણ એક મસ્જિદ હતી. એટલે આ મસ્જિદ હૈબતખાને કોને માટે અને શા કારણે બાંધેલી તે લેખનો પત્તો ન લાગવાથી નક્કી થઈ શકતું નથી. સામાન્ય રીત પ્રમાણે તો મસ્જિદ પાસે જ તેના બાંધનારનો રોજો હોય છે એવું અહીં નથી. આ મસ્જિદ કોઈ આખાયે હિંદુ મંદિરને ફેરવીને કરી હોય એમ જણાય છે. થાંભલા જુદી જુદી જાતના છે અને કોતરણીવાળો આખોયે ઘુમટ કોઈ જૈન મંદિરમાંથી ઉપાડેલો લાગી આવે છે. બાંધણીના ઇતિહાસના ક્રમમાં આ મકાનનું મહત્ત્વ છે.

---

૭. આ મસ્જિદનું સવિસ્તર વર્ણન અમદાવાદના ઇતિહાસમાં પૃ. ૫૭૪–૭૬ માં આપ્યું છે.

૮. હૈબતપુર બે છે. બીજું અમદાવાદથી પાંચેક માઈલ છેટુ છે. આ બીજુ કોણે વસાવેલુ તે નક્કી થતું નથી.

ત્રણ દરવાજા

અહમદશાહના સમયનું ત્રીજું બાંધકામ એ ત્રણ દરવાજા છે આ ધાર્મિક બાંધકામ ન હોવાથી અને મોટા મેદાનની વચ્ચે એક વીંટીમાં નગ હોય એવું હોવાથી એની મનોહરતા ખૂબ જ છે પાછળ જે કલ્પના ચિત્ર દોર્યું તેમાં એનું સ્થાન કલ્પવાથી આ વાત સમજાશે ત્રણ દરવાજા એ પહેલાંની પેઠે આજના અમદાવાદની પણ શોભા છે એની કમાનો ઘાટીલી અને સુંદર છે ઉપર અગાશીમાં ઝરૂખા કરેલા છે અને વચલા દરવાજાની બન્ને બાજૂ મિનારાની બાંધણી જેવા સુંદર ગોખવાળા બુરજો છે પરસી બ્રાઉન ગૂજરાતની મસ્જિદોની કમાનોની પ્રશંસા કરતાં ત્રણ દરવાજાની કમાનો અને એની બાંધણી સૌથી સારી છે એમ કહીને યુરોપની કૉન્સ્ટન્ટાઇન વગેરેની કમાનોની ઊંચાઈ આગળ ત્રણ દરવાજાની ભૂલ કાઢે છે એ ટીકા જરા વિચિત્ર લાગે છે આ કલાવિવેચકને ખબર નથી કે હિંદમાં કમાનો ને દરવાજાની ઊંચાઈનો આધાર મોટામાં મોટો દરબારી હાથી અંબાડી સાથે જઈ શકે એ ઉપર જ છે એટલે એમની સરખામણી યૂરોપની ૮૦ ફીટ ઊંચી કમાનો સાથે યોગ્ય નથી[૯]

અહમદશાહના સમયનું ચોથું મકાન તે ખાનપુરમાં આવેલી

---

૯ Percy Brown Indian Architecture Islamic P 50 'The chief attraction of this structure as a whole are the bold yet graceful shapes of its arche, the skilful arrangement of its parapet relieved by the three elegant oriel windows on brackets and the form and rich carving of the buttresses But it owes much of its refined aesthetic appearance to the contours of its arches, there being few pointed arches throughout the whole range of Indian Architecture equal to those in the buildings of Gujarat and in Tin Daraza these are seen at their best"

સૈયદ આલમની મસ્જિદ છે. અહમદશાહની મસ્જિદ કરતાં એની બાંધણી સહેજ સુધારેલી જણાય છે. મસ્જિદમાં હિ. સ. ૮૧૫ ની રજબ માસની પૂર્ણિમાનો લેખ છે.[૧૦]

જુમા મસ્જિદ

હવે ગૂજરાતના પાટનગરની શોભારૂપ અને હિંદુસ્તાનના મુસલમાન સ્થાપત્યમાં પ્રથમ પંક્તિમાં બેસી શકે એવી અમદાવાદની જુમા મસ્જિદનુ ટૂંકું વર્ણન કરીએ. પા૭ળ આપેલા કલ્પનાચિત્રમાં આનું સ્થાન સમજી શકાય તેવું છે. આ સુંદર મસ્જિદની આસપાસ આજે ગંદાં નાનાં જેવાં ન ગમે તેવાં ઘરો ને દુકાનો આવી ગઈ છે. એનું મુખ્ય દ્વાર દક્ષિણ તરફ શાકબજારમા હોય એમ લાગે છે કારણ કે એ પ્રવેશ બીજાં બે પ્રવેશદ્વારો કરતાં વધારે ભવ્ય છે. આ દક્ષિણના પ્રવેશદ્વારમાં પેસવાનો એક સુંદર મંડપ છે અને જુમા મસ્જિદની બધી સામગ્રી નવી બનાવેલી હોવા છતાં આ મંડપ કોઈ હિંદુ મંદિરમાંથી આખેય ઉઠાવી લાવીને ગોઠવી દીધો છે એ એના થાંભલામાંથી ઘસીને સાફ કરેલી મૂર્તિઓ ઉપરથી જણાઈ આવે છે. એનુ ઉત્તર તરફનુ દ્વાર આજના અમદાવાદના મુખ્ય મહામાર્ગમાં હોવાથી આજે મુખ્ય હોય એવું લાગે છે પરંતુ એ ગૌણ છે. બીજું પ્રવેશદ્વાર મસ્જિદના વિશાળ ચોકની પૂર્વે અહમદશાહના રોજાના આગણામાં પડે છે અને એ પણ સાદું જ છે. રિવાજ પ્રમાણે એને મુખ્ય દ્વાર કહી શકાય.

ગમે તે બાજૂથી પ્રવેશતાં મસ્જિદના ભવ્ય અને વિશાળ ચોકમાં આવીએ છીએ. એની પશ્ચિમે લિવાનનો ભવ્ય અને સુંદર મ્હોરો આવેલો છે. દિલ્હીની જુમા મસ્જિદનો બહારનો દેખાવ સુંદર અને ભવ્ય છે. પણ એ મસ્જિદ અમદાવાદની જુમા મસ્જિદ કરતાં બસો વર્ષ પછી બંધાયેલી છે, એટલે એની સરખામણી કરવા યોગ્ય નથી. પરંતુ મુસલમાન સ્થાપત્યની ઐતિહાસિક પ્રગતિની દૃષ્ટિએ અમદાવાદની

૧૦. જુઓ મારો અમદાવાદનો ઇતિહાસ, પૃ. ૫૭૭-૭૮.

જુમા મસ્જિદનું મહત્ત્વ વધારે છે બહારથી આજે એને નીહાળી શકવાનું બને તેમ નથી એના કોચળામાં ધાનેના રત્ન જેવી આજે એની સ્થિતિ છે એના મિનારા ઈ સ ૧૮૧૯ ના મોટા ભૂકંપમાં પડી ગયા એટલે શાકમાર્કેટ સિવાય બીજી કોઈ બાજૂથી જોતા મુસ્લીમ હિંદનું એક ભવ્ય અને સુંદર મકાન અહીં છે,[૧૧] એમ પણ ખબર ન પડે માણેકચોકમાં બાદશાહ અને રાણીના હજીરાના આકર્ષક દૃશ્ય આગળ પણ મસ્જિદ ઢંકાયેલી લાગે છે

આ મસ્જિદની બાંધણી એટલું તો સિદ્ધ કરે છે કે ગુજરાતીઓ ટૂંકા સમયમાં જ મસ્જિદની બાંધણીના મુસલમાન સ્થાપત્યમાં નિપુણ બની ગયા હતા, અને અહમદ શાહની પછીના બાંધકામોમાં એની ઉત્તરોત્તર પ્રગતિ થયેલી હતી, અમદાવાદની જુમા મસ્જિદમાં અંદર અને બહારના દેખાવમાં મુસલમાન બાંધણીના સિદ્ધાંતોને હિંદુ મંદિરની બાંધણીની કલા સાથે એવી તો સુંદર રીતે મેળવી દીધી હતી કે અંદર જાણે મંદિરોના મંડપોની માત્ર પુનર્રચના જ કરી હોય અને બહાર કમાનો અને મિનારા માત્ર ગોઠવ્યા હોય એવું લાગે મ્હોરાની મુખ્ય કમાન પાછળ ચણી એ રીતની કલાથી ઊંચી લઈ ઉપર માળ કરવાથી વૈવિધ્ય ઉપજ્યું જ તે સાથે થાંભલા બેવડાવીને રચના કમાનની મધ્યના થાંભલા ઉપર હિંદુ મંદિરનું તોરણ મુખ્ય શોભામાં ખૂબ જ આકર્ષણ ઉમેર્યું છે કમાનોના વર્તુળો આકર્ષક બનાવ્યા અને ઊંચે થાંભલાની રચના મધુરતાના મંદિના અંદર થાંભલાના મંડપ કરતા વધારે રમ્ય અને જોવી ગમે તેવી થઈ છે સર જૉન માર્શલ જેવા કડક ટીકાકાર પણ, મિનારાની રચનાનો અણગમો નોંધતા છતા કહે છે કે એકંદરે આ મસ્જિદ એ જાતના આખી

11 The Jami Masjid of Ahmedabad is generally considered the high water-mark of mosque in Western India" Percy Brown Indian Arch Islamic—P 48

દુનિયાના મકાનોની સરખામણીમાં ઉત્તમ કહી શકાય,[૧૨] અને બંગાળની અદીના મસ્જિદની બાંધણીની પેઠે Dull monotomy નીરસ એકસરખાપણાની ભાવના આને જોઈને ઉત્પન્ન થતી નથી.[૧૩] માળ બાંધીને વૈવિધ્ય લાવવાની, પાછળ ચર્ચેલી રીતને, પણ સર જાન ઉત્તમ કહે છે અને પાછળ જોયું તેમ, પરસી બ્રાઉન પણ આ મસ્જિદમાં મુસલમાન બાંધણીની સુધારેલી સુંદર કમાનો, માળ કરવાની રીતથી આવતું વૈવિધ્ય, વાવ-મંદિર અને મસ્જિદની બાંધણીઓનો સુમેળ થવાથી આ જાતનાં મકાનોમાં અપૂર્વ કહે છે. દિલ્હીની જુમા મસ્જિદ આપણને સારાં કપડાં પહેરાવેલી પરદેશી સ્ત્રી જેવી લાગે છે, જ્યારે અમદાવાદની જુમા મસ્જીદ. એની આજની સ્થિતિમાં પણ કપડાંની સાદાઈમાં રીતસરના અલંકારથી જેના લાવણ્યમાં ઉમેરો થયો છે એવી સુંદર હિંદી સ્ત્રી જેવી શોભે છે.[૧૪] આખા હિંદભરની જુમા મસ્જિદોમાં આટલું વૈવિધ્ય નથી, અને સાચા હિંદી કલાકારને તો આ સત્ય તરત સમજાય એવું છે. જોતાં એમ લાગે છે કે આ એક પથ્થરોનો ઢગલો માત્ર નથી પણ એ પથ્થરોમાં, એની ગોઠવણીમાં, એની કોતરણીમા એને બાધનાર અને બંધાવનારની સ્વભાવગત રસિકતા, અને જીવતા હૃદયના ધબકારા આજે પણ

---

૧૨. Marshall : Cambridge His. India III. P. 610. "As it now stands, it is one of the most superb, as it is also one of the most imposing structures of its class in the World." પ્રકાશ બદલાવવાની રીતને સર જોન ગુજરાતની વિશેષતા છે એમ કહી બીજે એ કેમ નથી એવો પ્રશ્ન પૂછે છે. પરંતુ એ તો મેઘનાદ મંડપની નકલ છે તે જોયુ છે.

૧૩. ઉપર મુજબ પૃ. ૬૧૦.

૧૪. મારો અમદાવાદનો ઇતિહાસ, પૃ. ૫૭૮.

જણાઈ આવે છે[૧૫]

આ મસ્જિદ અહમદશાહે અમદાવાદ વસાવ્યું તેના બીજા વર્ષમાં એટલે ૧૪૧૨ મા બંધાવાની શરૂ કરી અને ૧૪૨૪ મા પૂરી થઈ એને બંધાતાં ૧૨ વર્ષ થયાં એની લંબાઈ પહોળાઈ વગેરે સ્થાપત્યની વિગતમાં અહીં ઊતરવાની જરૂર નથી એના મિનારા હાલતા હતા એનુ સવિસ્તર વર્ણન પાછળ કર્યું છે, લિવાનના વાયવ્ય ખૂણામા સ્ત્રીઓને માટે નાના થાંભલા ઉપર માળ જેવું કરી જાળીવાળુ મુલુકખાનું, અહમ શાહની મસ્જિદની પેઠે કર્યું છે જે મસ્જિદો રાજકુટુંબ બંધાવે તેમા જ મુલુકખાનુ કરવાનો રિવાજ હતો અને ગૂજરાતની મસ્જિદોની એ એક વિશેષતા છે[૧૬] વચના મહેરાબ ઉપર અરબીમા આ પ્રમાણે લેખ છે

આ મોટી મસ્જિદ ખુદામા અને એની મદદમા વિશ્વાસ રાખનાર સેવક, નસીરુદ્દુનિયા વદ્દીન અબુલ્ફતહ અહમદશાહ, બીન

---

૧૫ Percy Brown — Indian Archi Islamic P 48–50

As proved by this fine monument the building art takes a decisive step forward, it rises to a higher plain from experiment to something approaching a complete and perfect realization of the ideal His (architectural genius) work developed into something more than an orderly pile of moulded masonry and became a thing of the spirit For this building speaks of that 'silent flowering in stone of souls of men whose ways of life and thought had flowed into things made by their hands" રવેશાને માટે લખે છે કે 'As a composition of solids and voids this facade is superb with its three main openings well balanced and in excellent proportions

૧૬ મારો અમદાવાદનો ઈતિહાસ.

મુહમ્મદશાહ, મુઝફ્ફરશાહ, સુલતાને બંધાવી. બંધાયાની તારીખ પયગંબર સાહેબની (એમના ઉપર અલ્લાહના આશીર્વાદ હો) હીજરી સંવત ૮૨૭ના સફર માસ (એ મહિનો વિજયી અને સફળ નીવડો) નો પહેલો દિવસ છે. (તા ૪ જાન્યુઆરી ઈ સ. ૧૪૨૪) આ લેખમા પહેલાનાં વાક્યો અહમદશાહની મસ્જિદના લેખ જેવા છે એટલે છોડી દીધા છે. આમાં સુલતાન અહમદશાહનો પૂરો બાદશાહી ઇલ્કાબ આપેલો છે.[૧૭]

બાદશાહ અને રાણીના રોજા

અહમદશાહે બંધાવેલાં મકાનોમા એનો પોતાનો રોજો અને તેની સામે એની રાણીઓનો રોજો મુખ્ય ગણાવી શકાય. મુસલમાનોની સામાન્ય રીત પ્રમાણે બાદશાહો પોતાની પસંદગી પ્રમાણે મરણ પછી પોતાને સૂવાની જગ્યા પોતાની હયાતી દરમ્યાન બંધાવે છે, જ્યારે સંતો એવી વાતમા પોતાની ઇચ્છા વ્યક્ત કરતા નથી, પરંતુ એમના શિષ્યો એમના મરણ પછી ભવ્ય દરગાહો બાંધે છે. આ બન્ને રીતોમાં મરણ પછીની ભાવનાઓ અને માણસના હૃદયની ઊંચી લાગણીઓ સમાયેલી છે. એક મરણથી ડર્યા વગર મરણ પછીનુ સ્થાન નક્કી કરવામા આનંદ માને છે, બીજું મરણની કે એના સ્થાનની દરકાર જ કરતું નથી. ગૂજરાતના મુસલમાન અમીરો અને બાદશાહોએ ઘણે ભાગે મસ્જિદોની પાસે જ પોતાની જગ્યા રાખવાનો રિવાજ રાખ્યે છે. અહમદશાહે એ પ્રમાણે શહેરની મુખ્ય મસ્જિદની સામે જ પોતાની જગ્યા નક્કી કરી. જુમા મસ્જિદના પૂર્વના દ્વારની બહાર સુલતાનનો રોજો આવેલો છે. એક વિશાળ ઘુમટમા વચ્ચે આરસની સુંદર કોતરણીવાળી સુલતાનની પોતાની કબર છે. અને બીજી એના પુત્ર મુહમ્મદશાહની અને ત્રીજી એના પૌત્ર કુતુબુદ્દીન અહમદશાહની

૧૭ માગે અમદાવાદનો ઇતિહાસ જુમા મસ્જિદનું વર્ણન. બર્જેસ, મુસલમાન આર્કિટેક્ચર—અમદાવાદ–૧

કમરો છે આમ આ રોજામા ગુજરાતના ત્રણ સુલતાનો સૂતેલા છે ઓટલા ઉપર એના સગાની કબરો છે સુલતાન અહમદ બીજો પણ આ રોજામા દટાયો છે એવું તવારીખ કહે છે પણ એની કબર કયી તે કહેવુ મુશ્કેલ છે આ રોજો એની જાળીઓને લીધે સુંદર લાગે છે પરંતુ અહમ શાહે પોતે બાંધ્યો હશે ત્યારે કર્યો હશે એ આજે કહેવુ મુશ્કેલ છે કારણ કે એના મુખ્ય દ્વાર ઉપર જે લેખ છે એમા તો ઈ સ ૧૫૩૭–૩૮માં ફરહત ઉલ્મુલ્કે એ રોજાની મરામત કરાવી અને અહમદ ભજ્જુએ લેખ લખ્યો એમ લખેલું છે લેખની તારીખ “ રહત ઉલ્મુલ્ક” એ શબ્દો ઉપરથી અબ્જદ પદ્ધતિ પ્રમાણે નીકળે છે એટલે આજે ઊભેલા રોજાની બાંધણી ગુજરાત સલ્તનતના છેવટના ભાગના મકાનો જેવી ગણી શકાય રોજાની બહાર ભવ્ય દરવાજો છે તે માણેકચોકમા પડે છે એના ઉપર ચાર પહોરનું ટકોરખાનુ આજ સુધી વાગે છે, અને એની બાજૂમા લંગરખાનુ છે એમા રોજ ગરીબોને ખીચડી અપાય છે અહમ શાહ એક પવિત્ર–પીર–ના શાહ ગણાય છે અને એનો ઉરસ ઉજવાય છે આજ ચાર ચાર રાજસત્તાઓ બદલાયા છતા ટકોરખાના અને ગરીબોને અપાતું દાન હિંદભરના બાદશાહોમા માત્ર ગુજરાતના પાટનગરના સ્થાપક અહમદશાહને મળે છે અને ઔરંગાબાદમા ઔરંગઝેબને મળે છે પરંતુ એની દરગાહ નિઝામના રાજ્યમા હોવાથી એમા નવાઈ નથી પણ અહમદશાહને મળતુ માન સરકારી તીજોરીમા આજ સુધી અપાય છે તે ચાર ભિન્ન સરકારો બદલાયા છતાં ચાલુ છે એ વાત ખરેખર ગર્વ કરવા જેવી છે[૧૮]

માણેકચોકમા આ રોજો જે બાદશાહના હજીરાને[૧૯] નામે

---

૧૮ મારો અમદાવાદનો ઇતિહાસ પૃ ૫૮૩–૮૪

૧૯ ગુજરાતમા કબર માટેના મકાનને હજીરો કહે છે ત્યા ગરીબોને ખાવાનુ અપાય છે તેથી હાજરી શબ્દ ઉપરથી એ શબ્દ આવ્યો હશે એમ મનાય છે અને પ્રો કોમિસેરિયેટ એમના ઇતિહાસમા (પૃ ૧૧૧) એ જ અર્થ

વિખ્યાત છે તેની સામે સુલતાનના જમાનાની સ્ત્રીઓનો રોજો છે તે રાણીના હજીરાને નામે ઓળખાય છે. આ રોજાની બાંધણી સામાન્ય કરતાં જુદી જાતની છે. દસ ફૂટ ઊંચા એક વિશાળ સમચોરસ ઓટલા ઉપર સુંદર ભીંતો અને મનોહર કોતરણીવાળા દારોની વચ્ચે ખુલ્લા ચોકમાં આ કબરો કરેલી છે. કબરો ધોળા અને કાળા આરસમાં ખૂબ જ સુંદર કારીગીરીથી બનાવી છે. આ કબરો કોની રાણીઓની છે હજી એ સ્પષ્ટ થયું નથી ડૉ. બર્જેસ એને મહમૂદ બેગડાની મા મુગલાઈ બીબી અને એની બહેન–શાહઆલમ સાહેબની સ્ત્રી મુરકી બીબીની છે એમ કહે છે. એમની આ માન્યતાને હજી વધારે આધારની જરૂર છે. મિરાતે અહમદી લખે છે કે મુરકી બીબીની કબર એમના પુત્ર શાહ ભીખનની દરગાહમાં જમાલપુર દરવાજા બહાર છે. ડૉ, બર્જેસની માન્યતાની ચર્ચામા અહીં ઊતરવાની જરૂર નથી. પરંતુ રોજાનુ સ્થળ, જોતા રોજો અહમદશાહે બાંધ્યો છે એમ સમજાય છે એટલે એમાં એની રાણીઓની કબરો જ હોવાનો સંભવ છે. જો બર્જેસનો મત ખરો હોય તો એ રોજો અહમદશાહના પૌત્ર કુતુબુદ્દીને કે મહમૂદ બેગડાએ બંધાવ્યો એમ માનવું પડે. એટલું તો ખરું જ કે રાણીઓનો રોજો ગૂજરાતના રોજાઓની બાંધણીમા એક જુદી જ ભાત પાડે એવો છે અને સુંદર કારીગિરીવાળો હોવાથી ગૂજરાતના પાટનગરનુ આકર્ષણ કહી શકાય એવો છે.[૨૦]

આમ સુલતાન અહમદશાહે બંધાવેલાં મકાનોના સમુહનું વર્ણન

આપે છે, પરતુ પરસી બ્રાઉન (પૃ. ૪)માં લખે છે કે કબરના ઓરડાને હુઝરા Huzrab કહે છે તે ઉપરથી કદાચ હજીરો શબ્દ આવ્યો હોય એ મને તો ઠીક જણાય છે. આંગણા સાથે આખાયે મકાનને મદીનાના બગીચા સાથેના મકાનને અરરોઝા કહે છે તે ઉપરથી રોજો કહે છે એમ પરસી બ્રાઉન માને છે. (ar-rauza). આ અર્થ ખરો લાગે છે.

૨૦. આ બધુ વર્ણન અને કબરોની બર્જેસ અને પ્રો. કોમિસેરિયેટના લખાણની ચર્ચા અમદાવાદના ઇતિહાસમાં પૃ. ૫૮૪-૮૭ માં વિસ્તારથી કરેલી છે.

એના સ્થાપત્યની પરિભાષામા ઊતર્યા વગર કલાની દૃષ્ટિએ જોયું -રી યાદ કરવાનુ કે ભદ્રના કિલ્લાથી માણેકચાકમા આવેના આ બે સુદર રોજાઓ સાથે આખાયે સ્થાપત્યના સમુહનુ કલ્પનાચિત્ર અપૂર્વ મનોહરતાવાળુ થઈ શકે આજના ગદા મમનો નથી એમ ધારી લઈ વિમાનમાથી જોઈએ એની કલ્પના ઘણી જ સુદર લાગે

ઉપર જોયા એટલાં મકાનોનો સમુહ આજે કાઈક સારી કહી શકાય એવી સ્થિતિમાં ગુજરાતના પાટનગર અમદાવાદમા આજે ઊભો છે એ સિવાય બીજા હશે એનો પત્તો આજે નથી લાગતો પરતુ અમદાવાદ પહેલાના ગુજરાતના પાટનગર અણહિલવાડ પાટણ જેને મુસલમાનો નહરવાલા નામથી ઓળખે છે, એ શહેરમા ઈ સ ૧૪૧૯નો એક લેખ જડ્યો છે એમા પાટણના કોટવાલ અબ્દુલ્લા સુલતાનીએ એ શહેરમા એક કૂવો બધાવ્યો એવો ઉલ્લેખ મળ્યો છે એ લેખમા અહમદશાહને માટે રિવાજ મુજબ વિશેષણો લગાડી પછી લખે છે કે "એ કચેરીનો નિમકહલાલ ગુલામ અબ્દુલ્લા ઉસ્સુલતાની નહરવાલા શહેરનો કોટવાલ, એણે આ બાંધણી (કુવો)નો પાયો નાખ્યો જેથી પરમેશ્વર કે જેને બલ અને કીર્તિ વરેલી છે, અને કુરાનના વાક્ય પ્રમાણે" પાણી આપવા માટે જિદગીનુ સર્વસ્વ અપાય છે'–એના (ખુદાના) નોકરો આ જગ્યાનો લાભ લઈ શકે, સુખ મેળવી શકે અને આ બાધનારને પ્રાર્થના સાથે યાદ કરે, કે જેથી એને માફી (પાપની) મળે અને એની શ્રદ્ધા દૃઢ રહે બધી પ્રશસા આ સૃષ્ટિના નાથ અલ્લાહની જ છે હિજરી ૮૨૧ ના ઝીલહિજ માસનો બીજો શુક્રવાર (તા ૬ જાનુઆરી ૧૪૧૯)[૨૧]

આ લેખ ઉપરથી વાવ કુવા બધાવાની પ્રણાલિકા અને પુણ્યની ભાવના જે હિદુઓમાં હતી તેવી જ મુસલમાનોમા પણ હતી એમ જણાય છે, એ મહત્ત્વની વાત છે

---

૨૧ આ લેખ પ્રો કોમિસેરિયટે એમના ગુજરાતના અગ્રેજી ઇતિહાસમા પૃ ૧૨૨ મા આપેલો છે

અહમદશાહના સમયમાં સૌરાષ્ટ્રમાં મહુઆ ગામમાં મલીક અસર ઉલ મુલ્ક બીન મલીક જૌહરે ઈ સ. ૧૪૨૫ માં એક મસ્જિદ બંધાવી હતી એવો અરબી લેખ મળ્યો છે. સૌરાષ્ટ્રમાં વટવાણમાં બે ફારસી લેખ મળ્યા છે એમાં ઈ. સ. ૧૪૩૯ માં કોઈ મલીક મુહમ્મદ બીન મલીક મુસાએ મસ્જિદ બંધાવ્યાનો ઉલ્લેખ છે. બીજા લેખમાં મસ્જિદ અહમદશાહના રાજ્યકાળમાં બંધાવી એટલું જ લખે છે. ત્યાં જ એક ત્રીજો લેખ ઈ. સ. ૧૪૪૮ નો સુલતાન મુહમ્મદશાહ બીજાના સમયનો (અહમદશાહનો પુત્ર) છે [૨૨] આ લેખો વિશે વધારે માહિતી મળી નથી. બંધાવનારનાં નામ છે પણ એ કોણ અધિકારી હતો તે પણ સમજી શકાય એવું નથી. સૌરાષ્ટ્રના પૂર્વ ભાગમાં સુલતાનોની સત્તા હતી એટલું આ ઉપરથી સમજાય છે. પશ્ચિમનો ભાગ મહમૂદ બેગડાએ જીત્યો હતો.

૩

ગૂજરાતના મુસલમાન સ્થાપત્ય માટે પાશ્ચાત્ય કલાવિવેચકોના અભિપ્રાયો

Ferguson : Architecture of Ahmedabad (P. 69)

" Their architecture so far as we know it, was always singularly chaste and elegant." જૈનોએ સ્થાપત્ય કલાને ખૂબ ઉત્તેજન આપ્યું છે તે માટે લખતાં ફરગ્યુસન આ પ્રમાણે લખે છે : "Of the Indian forms of religion it is, (જૈનધર્મ), on the whole, perhaps the purest and the best. It is quite free from the gross and degrading superstition. It is not overlaid by a monstrous priestly asceticism as Buddism. It

૨૨. પ્રો. કૉમિસેરિયેટનો ગૂજરાતનો અંગ્રેજી ઇતિહાસ, પૃ. ૧૨૩.

cannot, of course compare with the Vedantic Brahmanism but of indigenous growths there seems none other so elegant or so pure" પછી લખે છે કે "The Mahomedan architecture of Ahmedabd is so essentially derived from the local Jain forms which it replaced " ગુજરાતના પાટનગર માટેનું આ લખાણ આખાએ ગુજરાતના સ્થાપત્ય માટે ખરું છે ધર્મને માટે તો પરદેશીનો અભિપ્રાય ગાળીને જ લેવાનો સ્થાપત્યને માટે ખરો છે એ જ ગ્રંથના પૃ ૬૯ મા હોય અને ફર્ગ્યુસન લખે છે કે 'While the elements of which it (ગુજરાતનું સ્થાપત્ય) is composed are of even a better and a higher class than are to be found in any part of the Bengal presidency" એ જ ગ્રંથના પૃ ૭૬-૭૭ મા ફર્ગ્યુસન આ પ્રમાણે લખે છે 'The problem which the Mahomedan dynasty and its newly converted adherants set themselves to solve was extremely similar to that presented to the Christians in Italy some ten centuries earlier In both cases the object was to convert a Pagan style of architecture to the purposes of a religion abominatingly idolatry Perhaps the essential differences between the Jain and Moslem forms were even greater than between those of Pagan and Christian Rome ** Though, therefore, the Indian problem may in its condition have been the more difficult of the two it was far more satisfactorily solved in so far as Ahmedabad (અહીં ગુજરાત) was concerned, and in

a far shorter time. It was undertaken in 1412 (અમદાવાદની સ્થાપના પછી) and completed before the death of Ahmed Shah in 1443" ફરગ્યુસન: History of Indian and Eastern Architectuae P. 229 માં આ પ્રમાણે લખે છે; Of the various forms which the Saracenic Architecture assumed in India, that of Ahmedabad (અહીં ગૂજરાત) may probably be considered as the most characteristic of all. No other form is so essentially Indian, and no one tells its tale with the same unmistakable distinctness." એ જ ગ્રંથમાં પૃ. પ૨૭ મા લખે છે કે: In Ahmedabad (ગૂજરાત) itself, however, the Hindu influence continued to be felt throughout. Even the mosques are Hindu or Jaina in every detail; only here and there an arch is inserted, not because it was wanted, constructively, but because it was a symbol of faith; while in their tombs and palaces even this is generally wanting." પછી ગુજરાતીઓને મકાન બાંધનારી પ્રજા કહીને કહે છે કે: The Chalukyas (અહીં ગુજરાતીઓ) conquered their conquerors, and forced them to adopt forms and ornaments, which were superior to any the invader could have introduced. આ પ્રમાણે ફરગ્યુસનના અભિપ્રાયો છે. ફરગ્યુસન હિંદના સમગ્ર સ્થાપત્યને માટે લગભગ પહેલો પદ્ધતિસરનો અભ્યાસી છે. એણે આખાયે પૂર્વના સ્થાપત્યનો ઇતિહાસ લખ્યો છે અને સ્થાપત્ય વિવેચકમાં એનું સ્થાન બહુ ઊંચું ગણાય છે.

બર્જેસ અને કઝિન્સ હિંદ સરકારના આર્કિટેક્ચર અને

આર્કિયૉલૉજીના મોટા અધિકારીઓ હતા અને એમણે સ્થાપત્ય ઉપર પ્રમાણભૂત ગણાય એવા ગ્રંથો લખ્યા છે એમના મત સુપ્રસિદ્ધ છે એટલે એમાંથી અવતરણો લઈ લંબાણ કરવાની જરૂર નથી બનતા સુધી અપ્રાપ્ય જેવા ગણાતા ગ્રંથોના અભિપ્રાયો અહીં જોઈશું ઈ બી હેવલના ગ્રંથો અપ્રાપ્ય નથી, પરંતુ એ એક સહૃદય વિવેચક છે એમને હિંદનું બધું જ સારું લાગે છે એ બધી કૃતાઓના પણ વિવેચક છે એટલે એમના કેટલાક અભિપ્રાય જોઈશું —

E B Havell —A Handbook of Indian Art P 70 and 150 'The Muhammadan Architecture of Gujarat is "Saracanic" *only in the sense* that it is Indo-Aryan architeture adopted to the rituals of Islam" "The Muhammadan Architecure of Gujarat is in every detail even more distinctly than in other places derived from the local building traditions" "This purely Indian school of building which originated some of the most beautiful mos ques and tombs of India" મિ હેવલને તો ગૂજરાતના સ્થાપત્યને માટે ફરગ્યુસન "મુસલમાન સ્થાપત્ય" એવો શબ્દ માત્ર વાપરે છે તે પણ ખૂંચે છે (જુઓ Haveli's Indian Architecture P 69 અને His of Aryan rule in India P 341-42)

ઇતિહાસના લેખકોમાં દુનિયામાં અગ્ર પંક્તિમાં ગણાતા, ઑક્સફર્ડ હિસ્ટ્રી આફ ઇંડિયાના લેખક Vincent A Smith Oxford History of India P 271 મા લખે છે કે Ahmedabad (અહીં ગૂજરાત) is particuarly rich in noble buildings; and during the time of its glory, extending from its foundation to the eighteenth century—a period

about three centuries—undoubtedly was one of the handsomest cities in the world."

Elphinston : History of India P. 675: Ahemdabad is still one of the greatest cities in India both from the number of the inhabitants and the magnificence of the buildings."

J. Forbes : Oriental Memoirs Vol. II P. 199. આ યુરોપીય ગૃહસ્થ અઢારમી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાતમાં આવેલા. અમદાવાદનાં મકાનો જોઈ એમને એમ લાગેલું કે અરેબિયન નાઈટ્સની વાતોમાં લખેલા વૈભવો ખરા હશે. ફોર્બ્સ મોગલાઈની પડતી પછી મરાઠા યુગમાં થયેલી ભગ્નદશા વખતે આવેલા છતાં આવી લાગણી થઈ એ નોંધપાત્ર છે.

અંગ્રેજ કવિ–Light of Asia નો કર્તા Edwin Arnold: India Revisited : P. 117–124 માં અમદાવાદ માટે આ પ્રમાણે લખે છે : Lovliest little buildings in the world. Briefly, words fail to describe the dainty loveliness of many among these Muhammadan memorials, dusty and decayed as they are at present. (1886)

Briggs:—Cities of Gurjarashtra. " The spirit which characterised the French lady who could not read her prayers unless the volume was handsomely bound was doubtless the spirit of early Muhammadans, they could not pray but in temples worthy of the deity of their worship. " " Here is the land for poets' conju-

gations and painter's canvas here too should the youthful student linger a while, and draw from such resources that contemplation which should leave him a wiser if not a better man' ખ્રિ-સે ગુજરાતની મુસાફરી મરાઠાઓની ચડાઈઓથી દેશ ઉજ્જડ થયા પછી કરેલી અને ગઈ સદીના પૂર્વાર્ધમાં એ સ્થિતિ હતી એ સમયના આ ઉદ્ગારો નોંધપાત્ર ગણી શકાય ખ્રિગ્સ અહીં ભૂલી જાય છે કે એની પ્રેરણા તો હિંદુ મકાનોમાંથી મળી હતી

G W Forrest -Cities of India, P 62 "To the traveller Ahmedabd the capital of Gujarat, will always be a city of interest as containing some of the most characteristic forms which Saracenic Architecture assumed in India'

John Griffiths In Journal of Indian Art No 46 Ahmedabad is one of the most interesting cities in India, and its architectural buildings both in stone and in wood, are as beautiful as they are picturesque'

James Dauglas Western India, P 508–513 આ લેખકે અમદાવાદનાં મકાનો જોઈ તેનાથી મોહિત થઈ એમ ધાર્યું કે શાહજહાં અમદાવાદમાં હતો ત્યારે એને શાહજહાંબાદ-દિલ્હીના મકાનો બાંધવાની પ્રેરણા થઈ હશે આ વાતને ઐતિહાસિક ટેકો નથી પણ એ સમયે અમદાવાદ આગ્રા, દિલ્હીથી સુંદર શહેર હતું એટલે શાહજહાંને પ્રેરણા મળી હોય તો નવાઈ જેવું નથી એ આ પ્રમાણે લખે છે "Shah Jahan! It is not for nothing thou art in Ahmedabad Thy God is

Architecture. For, as surr, as people say, the Devil is to be seen in Darya's Tomb (દરિયાખાનનો ઘૂમટ), Shah Jhan is up, at each rising of the sun, golden glory, fretted windows, tracery and arabesqe watching the flecked light as it fell on pavement of marble or alabaster; alone and silent, observing measuring, comparing, digesting, perhaps coping, drinking in all wisdom, deftness of hand, cunning craft and workmanship, beauty of colour, harmony of form. For the city had already a history for a hundred and fifty years Ten of her mosquse which we can see even to-day, were built before Columbus discovered America. They existed before Mahmud's vast dome at Bijapur, long before Babar swam the Ganges. Is it too much to suppose, that it was here the master-builder drank in the elements of his taste, which was to display such glorious results elsewhere—the bud was laid here: the blossom and fruit to be in Agra? Everything has a beginning, Greece before Rome, Damasces before Cairo, Agra follows Ahmedabad." કેટલુંક છોડી દીધા છતાં અવતરણ લાંબું છે પણ તે કવિત્વથી પ્રેરાયેલું છે.

Banister Fletcher નામના લંડનના સ્થાપત્યના પ્રોફેસર એમના History of Architecture on Comparative Methods નામના પુસ્તકમાં લખે છે કે મુસલમાનો અરબસ્તાનની સખત સાદાઈવાળા વાતાવરણમાંથી જે જે દેશમાં ગયા ત્યાંના રંગ અને ગુણો એમના સ્થાપત્યમાં ભળ્યા.

Percy Brown Indian Architecture (Islamic Period) પરસી બ્રાઉન કલકત્તાના જાણીતા કલાવિવેચક અને ત્યાની કલાશાલા–સ્કૂલ ઑફ આર્ટના અધ્યક્ષ હતા એમણે હિન્દના સ્થાપત્ય કલાના બે ઉપયોગી ગ્રંથો નવી પદ્ધતિનાં ચિત્રો સાથે બહાર પાડયા છે ગુજરાતના મુસ્લમાન મકાન માટે એ આ પ્રમાણે લખે છે ' By far the largest and most important of the Provincial styles was that of Gujarat " આમ થવાના બે કારણો આપે છે તેમા એક કારણ સુલતાનોનો શોખ, અને બીજુ કારણ આપતા આ પ્રમાણે લખે છે "and the other to the profund artistic traditions of the inhabitants " એ પછી સુલતાનો ખાસ સંસ્કારવાળા નહોતા તેમ વિદ્યાવાળા પણ નહોતા પણ પોતાની સમૃદ્ધિ બતાવવાના શોખવાળા હતા એમ લખે છે પરસી બ્રાઉન એમ માને છે કે મુસલમાનોથી જિતાઈને પરતંત્ર થયા તોપણ ગૂજરાતના કારીગરો સ્વતંત્ર હતા ત્યારે પોતાના શાસ્ત્રોની પરંપરાથી બંધાયેના હોવાથી ઉત્તમ કલા બતાવી શક્યા નહોતા તે પરતંત્રતામાં બતાવી શક્યા "In such circumstances it is not remarkable that of all the provincial styles which emerged under Islamic rule that which flourished in Gujarat is the most indigenously Indian Although in every intension strictly Islamic, the pattern of these building or what may be called the undertones, are in the idiom of the country પછી ઇસ્લામે જીતેલા બીજા દેશો સાથે સરખાવતા કારીગરો માટે લખે છે કે The artizans were probably more resourceful more fertile, and more vitally artistic than elsewhere " એ જ લેખક ચાંપાનેરની મસ્જિદનુ વર્ણન કરી છેવટે લખે

છે કે : Those who designed such buildings were not only accomplished architects but students of human nature as well." P. 56.

આ પ્રમાણે ગુજરાતના મુસલમાન સ્થાપત્યને માટે યુરોપીય કલાસ્થાપત્યના વિદ્વાન વિવેચકોના અભિપ્રાય છે. ગુજરાતના આ સમયના સ્થાપત્યનું ખરું કેન્દ્રસ્થાન અમદાવાદ છે અને ગુજરાતનું પાટનગર હોવાથી ગુજરાતી કલાનું પ્રતિનિધિત્વ પણ ધરાવે છે એટલે અમદાવાદ માટેના આ ઉલ્લેખો ગુજરાતના જ સમજવાના છે.

હવે ગુજરાતનાં મકાનોની જાળીઓ ને ગોખની કારીગરીના ઉલ્લેખો જોઈએ.

Fergusson : Ahmedabad Architecture p 88.

" We in Europe are proud of the walls of glass that enclose the naves of our cathedrals. Are they more beautiful than the wall of trallis-work, which enclose the tomb of the Saint ? Considering the enormous variety of design involved in such a screen as this, the beauty of the patterns, and the effect of the subdued light which they shed internally there is something in all this which it would not be easy to match in any part of the world."

Havell : Indian Architecture P. 140 : " In this class of window tracery India stands alone. it is purely Indian development, of sculptor's craft having its origin in the Hindu temple tradition. It owed nothing to Hersian Art "

Douglas Western India, P 389 "For as Michael Angelo said of Ghibertis Gates some of the screens and windows of Ahmedabad were worthy to adorn the Gates of Paradise" –

Forrest Cities of India, P 72 : The windows and tracery of the minarets show how the Hindu sculptor could use his chisel with as free and delicate hand as Raphaeal could his pencil"

અમદાવાદની જગપ્રસિદ્ધ સીદી સઇદની જાળીઓની ખૂબ તારીફ થયેલી છે તે એના વર્ણનમા દૂકમા આગળ જોઈશુ વાવ તળાવ જેવી લોકાપયોગી વસ્તુઓમાં કલા છૂટે હાથે વેરનાર ગૂજરાતી શિલ્પીઓ ઉપર પ્રસન્ન થયેલા વિવેચકોના કેટલાક મત આગળ જોયા પરસી બ્રાઉનનો મત ખાસ ઉપયોગી હોવાથી અહી જોઈએ —

Percy Brown Ind Arch (Islamic), P 57, "During a period of such universal aestheti appreciation as appears to have existed in Guj arat, it is only in nature of things that the most utilitarin object should be treated artisticallay"

એ પછી કાંકરિયા તળાવની ગળણી અને પાણી લાવવાના ગરનાળાંનો ઉલ્લેખ કરી લખે છે કે "Such accessories, ordinarily relegated to the background and regarded merely as a means to an end, in the hands of Gujarat Craftmen were made into attractive works of Art taking their place as an integral part of their economic environment" વાવ માટે હવે આ પ્રમાણે લખે છે — "No ulitarian

structure in Gujarat, however, illustrates more expressively the artistic atmosphere of the period than the architectural treatment accorded to the step-wells or Vavs, a common feature in the towns of Western India."

મિ. બ્રાઉન કહે છે કે વાવને કલામય બનાવવાની રીત હિંદુ સમયની હતી છતાં મુસલમાન સમયમાં એની પ્રગતિ થઈ. આ અભિપ્રાય મને ખરો લાગતો નથી. વાવના સ્થાપત્યમાં ખાસ ફેર પડ્યો નથી; માત્ર મૂર્તિઓને બદલે ફૂલવેલ થઈ એટલો જ ફેર છે. મિ. બ્રાઉન લખે છે કે આવી રોજની ઉપયોગી વસ્તુઓને સુંદર કલાના નમૂના બનાવવાની રીત હિંદના બીજા કોઈ ભાગમાં તો નથી ખીલી પણ દુનિયાના બીજા કોઈ દેશમાં પણ ખીલી નથી. માત્ર ઈટાલીમાં ફ્લોરેન્ટાઈન કૂવામાં દેખાય છે—પરંતુ; "But even the Florentine well-heads, although conceptions of rare elegance, are comparatively insignificant by the side of Vavs of Gujarat." આટલુ વર્ણન કરી ગૂજરાતની શિલ્પકલા બાજૂના પ્રાંત મારવાડમાં ગઈ એ માટે લખે છે. આપણે તો જાણીએ છીએ કે સંસ્કારિતામાં ગૂજરાત મારવાડ એક જ પ્રાંત છે, છતાં આ શબ્દો જોવા જેવા છે: 'Such a virile manifesation of an architectural style as that which flourished in Gujarrt, naturally penetrated into the surrounding territory...No feature of Gujarati style was more distinctive than these stone lattices." આટલું લખીને ગૂજરાતને artistic province કહે છે અને એના સંબંધમાં આવનાર પ્રાંત ઉપર એણે અસર કરી એમ માને છે.

પ્રકરણ ૨૪ મુ

ગિયાસુદ્દીન મુહમ્મદશાહ અને કુતુબુદ્દીન અહમદશાહ (બીજો)

અહમદશાહના મરણનો શોક ત્રણ દિવસ પાળ્યા પછી અમીરો અને શહેરના આગેવાન લોકોએ, એના પુત્ર મુહમ્મદખાનને 'ગિયાસુદુનિયા વ ઉદ્દીન મુહમ્મ શાહ' એ નામથી ગૂજરાતની ગાદીએ હિ સ ૮૪૬ ના રબી ઉલ આખર માસની સાતમી તારીખે બેસાડયો[1] (૧૨ ઑગસ્ટ ૧૪૪૨) રાજ્યના શિરસ્તા પ્રમાણે અમીરોને માન ઇકરામ અપાયા અને ધાર્મિક ક્રિયાઓ થઈ, યોગ્ય પુરુષોને ભેટ વગેરે પણ આપવામા આવ્યા આમ થોડો વખત ગયા પછી હિ સ ૮૪૯ ના રમઝાન માસની ૨૦ મી તારીખે (ઈ સ ૧૪૪૫) સુલતાન મુહમ્મ ને ત્યા એક પ્રતાપી પુત્રનો જન્મ થયો અને એનુ નામ ફતેહખાન રાખવામા આવ્યું એ આગળ ઉપર ગૂજરાતનો સર્વથી પ્રસિદ્ધ બાદશાહ મહમૂ બેગડો થયો[2]

ઈડર અને વાગડ ઉપર ચઢાઈ

પુત્રજન્મની ખુશાલી થઈ રહ્યા પછી, એ જ વર્ષમા ઈડર તરફ

૧ 'તબકાતે અકબરી બ્રિજેન્દ્રનાથ દેનો તરજૂમો પૃ ૨૩૩ મિરાતે સિકંદરીમા હિ સ ૮૪૫ નુ વર્ષ આપેલુ છે તે ભૂલ જણાય છે, કારણ ૮૪૬ સુધી અહમદશાહના સિક્કા મળે છે અને બીજી રબી ઉલ આખાની તારીખ આપેલી છે ત્રણ દિવસ શોકના ઉમેરી તબકાતે તારીખ આપેલી જણાય છે સર હેલાઇવ બેલી આ તારીખની અંગ્રેજી તારીખ ૧૧ ઑગસ્ટ ઈ સ ૧૪૪૨ આપે છે જ્યારે બ્રિજેન્દ્રનાથ દે ૭ જુલાઈ ૧૪૪૩ લખે છે બેલીની તારીખ ખરી લાગે છે

૨ તબકાતમા મહમૂદખાન નામ આપેલુ છે સિકંદરીમા ફતેહખાન નામ છે અને એ તેનું નાનપણનું ખરુ નામ છે

ચડાઇ કરી એ મુલકને તારાજ કરવા માંડયો. ઇડરના રાજા રાયપૂંજાનો પુત્ર હરરાય તાબે થઈ શરણે આવ્યો અને પોતાની પુત્રી સુલતાનના જનાનામાં અર્પણ કરવાની ઇચ્છા જણાવી. ઇડરની આ કન્યાના અપૂર્વ સૌંદર્યથી સુલતાન એને વશ થયો, અને એ કન્યાએ સુલતાનને સમજાવીને પોતાના બાપનું રાજ્ય પાછું અપાવ્યું.[૩] ઇડરથી સુલતાને વાગડના પ્રદેશ ઉપર ચડાઈ કરી. ડુંગરપુરનો રાજા ગણેશ એ જોઈને નાસી ગયો, પણ પોતાના મુલકને તારાજ થતો જોઈ સુલતાનને તાબે થયો, અને ખંડણી આપી. ખાનજહાન મલીક મીર સુલતાનીની લાગવગથી પોતાનો મુલક પાછો મેળવી શક્યો.[૪] એ પછી સુલતાન અમદાવાદ પાછો ફર્યો.

ચાંપાનેર ઉપર ચડાઇ.

હિ. સ. ૮૫૪ (ઈ. સ. ૧૪૪૯) માં મુહમ્મદશાહે ચાંપાનેર ઉપર ચડાઈ કરી. ચાંપાનેરનો રાજા ગંગાદાસ બહાદુરીથી લડ્યો,[૫] પણ ફાવ્યો નહિ તેથી પાવાગઢના કિલ્લામાં ભરાયો, અને અમદાવાદના લશ્કરે કિલ્લાને ઘેરો ઘાલ્યો. આ વખતે રાજા ગંગાદાસે માળવાના સુલતાન મહમૂદ ખલજીને કહેવડાવ્યું કે જો આ યુદ્ધમાં તમે મદદે

૩. કેમ્બ્રિજ હિસ્ટ્રીમાં રાજા બીર અને હરિરાય નામ આપ્યું છે તે ભૂલ છે. ઈડરના રાજાએ પોતાની પુત્રી આપી તે માટે કોઈ હિંદુ આધાર જડયો નથી; અહમદશાહ સાથે જીવનભર લડનાર રાજ્ય પુત્રી આપે એ વિચિત્રતા લાગે છે.

૪. સિકંદરીમાં વાગડની ચડાઈનું લખ્યુ છે, પણ ડુંગરપુરનું નામ નથી. એ નામ માત્ર તબકાતમાં જ છે. કેમ્બ્રિજ હિસ્ટ્રીમાં ડુંગરપુરના ગણેશને રાણા કુંભા સાથે ગૂંચવીને ગોટાળો કરેલો છે.

૫. સિકંદરી હિ. સ ૮૫૫ લખે છે. પણ તબકાત ૮૫૩ લખે છે જ્યારે ફિરિસ્તા ૮૫૮ લખે છે તે ખરી લાગે છે. તબકાતના ફારસી લખાણના ગંગાદાસને બદલે કંકદાસ લખેલુ છે તેથી બ્રિજેન્દ્રનાથ કે કકદાસ અને ગંગાદાસ ઉપર ખાલી શંકા કરી ચર્ચા કરે છે.

આવશે તો દરરોજની મજૂરના એક લાખ ટકા ખર્ચના આપવામાં આવશે મહમૂદ ખલજી આથી લોભાઈને મોટું લશ્કર[6] લઈને ગૂજરાત ઉપર ચડ્યો અને દાહોદ આવીને પડાવ નાખ્યો આ સમાચાર સાભળીને સુલતાને ઘેરો ઉઠાવી લેવાનો વિચાર કર્યો એના લશ્કરના ભાર ઉપાડનારાં ઘોડાં પોઠો વગેરે મરી જવાથી એણે પોતાના તબુઓ વગેરે સરજામને બાળી મૂક્યો ચાંપાનેરથી સુલતાને પાછા હઠીને સાવલી પરગણામાં આવેલા કોઠડા ગામ[7] પાસે આવીને મુકામ કર્યો, અને આખરે એક વાણિયાની સલાહથી અમદાવાદ જઈને ત્યાંથી દીવ તરફ જઈ સહીસલામત જગ્યાએ રહેવાનો વિચાર કર્યો પરતુ અમીરોને આ વધુ મદદ નહોતી આખરે હિ સ ૮૫૫ ના મુહર્રમ માસની દસમી તારીખ (૧૨ ફેબ્રુઆરી ૧૪૫૧) ને રોજ રસ્તામાં એનુ મરણ થયુ એને અમદાવાદમાં એના બાપના રોજામાં

૬ ફિરિસ્તા એક લાખનું લશ્કર કહે છે તે અતિશયોક્તિ લાગે છે

૭ સિકદરીના બેલીના અગ્રેજી તરજૂમામા Kotbrah કોથ્રા નામ લખેલુ છે ક્રેમ્બ્રિજ હિસ્ટ્રી એને ગોધ્રા કહે છે અને સુલતાન માંદો માદો પણ ગોધરા સુધી આગળ વધ્યો એમ લખે છે સિકદરી અંગ્રેજી તરજૂમામાં સાનૌની પરગણાનું કોથરા એમ લખે છે જ્યારે ગુજરાતી તરજૂમામા સાવલી પરગણાનું કોઠરા ગામ લખે છે દાહોદમા રહેલા માળવી સુલતાનની સામે થવા જાય તો જ ગોધરા બાજૂ જઈ શકે પણ સુલતાન અમદાવાદ બાજૂ પાછો હઠતો હતો એટલે ચાપાનેરથી ઉત્તરે ગોધરા જાય એ સભવતું નથી બન્ને ગ્રંથો એને ગામડુ કહે છે તેથી તે ગોધરા તો નથી જ આ કોઠડા ગામ એને બળતા અવાજવાળુ સાવલી પાસેનું ગામ હોય અગર તો મહી નદીને કાઠે સરનાલને સામે કિનારે કોયરા ગામ છે તે હોય અમદાવાદથી ચાપાનેરનો જૂનો રસ્તો કાસરા–સરનાલ થઈને જતો હતો એટલે એ કોયરા ગામ હોવાનો સભવ વધારે છે

૮ આ વાત માત્ર સિકદરીના બન્ને તરજૂમામાં છે, બીજા ગ્રથોમા નથી વાણિયાએ સુલતાનને નાસીને સમુદ્રમા જઈને વહાણ ઉપર મોજ કરવાની સલાહ આપી અને અમીરોને એ રુચી નહિ તેથી સુલતાનને ઝેર આપ્યું એમ સિકદરી કહે છે, તે આગળ જોઈશું આ વાતને ખાસ આધાર નથી

દફન કરવામાં આવ્યો.[૯]

શેખ અહમદ ખટ્ટુનું મરણ

જે વર્ષમાં સુલતાન મુહમ્મદે ઈડર ઉપર ચડાઈ કરી અને જે વર્ષમાં શાહજાદા ફતેહખાન (મહમૂદ બેગડો) નો જન્મ થયો તે વર્ષમાં અમદાવાદની સ્થાપનામાં મુખ્ય ભાગ લેનાર શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષ સાહેબ સ્વર્ગવાસ પામ્યા. એમનું ચારિત્ર આગળ જોઈ ગયા છીએ. એમની દરગાહ અને એની આસપાસનાં મકાનો અમદાવાદ પાસે સરખેજ ગામમાં આવેલા છે તેનું વર્ણન આગળ કરીશું.[૧૦]

સુલતાન મુહમ્મદ મોજીલો અને બેદરકાર રાજ્યકર્તા હતો. એના મહાન પિતા અહમદશાહ જેવું એનુ જીવન શુદ્ધ નહોતું અને એનું મન દૃઢ નહોતું. રાજ્યકર્તાને લાયક ગુણ એનામાં નહોતા, અને રાજ્ય ચલાવવાની કુનેહ, હોશિયારી અને આવડત પણ એનામાં નહોતાં. રાજ્યકાર્ય ઉપર ધ્યાન આપવાને બદલે એણે મોજમજાહમાં સમય ગાળ્યો. એમ કહેવાય છે કે એ બહુ ઉદાર હતો તે એટલી હદ સુધી

૯. ચાપાનેર ઉપરની ચડાઈની સાલમાં મતભેદ છતાં મરણની સાલમાં મતભેદ નથી. એનુ મરણ અહીં રસ્તામાં થયું કે અમદાવાદ પહોંચીને થયું એમાં પણ મતભેદ છે, પણ રસ્તામાં માંદો પડ્યો એમ સિકંદરી સુદ્ધા બધા ગ્રંથો માને છે. જ્યારે સિકંદરીમાં ગુજરાતના લોકો કહે છે એમ કહી ઝેર આપ્યાનો મત પાછળથી લખ્યો છે. ફિરિસ્તા અમીરોએ રાણીઓને કહીને ઝેર અપાવ્યુ એમ લખી, ભાતને ટેકો આપે છે. તબકાત અને સિકંદરીમાં તારીખે બહાદુરશાહીનો મત માંદો પડવાનું લખે છે. ફિરિસ્તા દીવ જવાની વાત લખે છે, પણ વાણિયાની સલાહની વાત માત્ર સિકંદરી જ લખે છે. સુલતાન નાસી જવાની તૈયારીમા હતો, પણ અલાઉલ્લાહ નામના અમીરને આ વાતની ખબર પડતાં વાણિયાને ધમકાવ્યો અને શાહજાદા કુતુબુદ્દીનને ગાદી આપવાની ગોઠવણ કરી સુલતાનને ઝેર અપાવ્યું. કુતુબુદ્દીને દુશ્મન સામે લડવાનું વચન આપેલુ.

૧૦. મિરાતે સિકંદરી અ. તરજૂમો, પૃ. ૧૩૦

કે બહુ ખર્ચ કરવા માટે એને લોકો 'ઝરબક્ષ' કહેતા,[11] અને મરણ પછી એને ખુદાયગાને કરીમ' કહેતા એના સમયમા એક બાબા કમાલ માળવી નામે સત પુરુષ અમદાવાદમા રહેતા હતા એમની સાથે સુલતાનને ઝઘડો થયો, અને માળવાના સુલતાન મહમૂ ખલજીની ચડાઈનુ કારણુ કેટલેક અશે એ જ ઝઘડાથી ઊભુ થયુ હતું એમ સિકદરી કહે છે [12] શેખ કમાલ કુતુબુદ્દીનના વખતમા ગુજરી ગયા છતા તેમનુ જીવન મુહમ્મ ના રાજ્યને લગતુ હોવાથી અહી જોઈએ

શેખ કમાલ માળવી

સુલતાન મુહમ્મદને માળવાના સુલતાન મહમૂદ ખલજી સાથે લડાઈ થઈ તેનુ કારણુ મિરાતે સિકન્દરી પીર કમાલ માળવી સાથે ઝઘડાનુ માને છે સુલતાન મહમૂદ ખલજી માળવાના સુલતાન હોશગ શાહના વજીર અને સગા ખાનજહાન ખલજી (જેને મલીક મુધીસ અને આઝમ હુમાયૂ પણ કહેતા હતા) તેનો પુત્ર હતો એ હોશગ શાહના નગળા પુત્રને મારી નાખી ઈ સ ૧૪૩૬ માં માળવાની ગાદીએ બેઠો હતો એ ડાહ્યો રાજ્યકર્તા અને બહાદુર લડવૈયો હતો એના લાબા સમયના રાજ્યકાળમાં (૧૪૩૬ થી ૧૪૭૫) માળવાના રાજ્યનું જોર ઘણુ વધ્યુ, અને માળવાને ગૂજરાત સાથે હમેશ ઝઘડા થયા કર્યા એમ કહેવાય છે કે સુલતાન મહમૂ ખલજીને શેખ કમાલ સાથે જૂના વખતનો સારો સબધ હતો શેખ કમાલ આ વખતે અમદાવાદમાં રહેતા હતા, અને મહમૂદે એમને વિનતિ કરી કે આપ જો આપની પ્રાર્થના અને તપોબળ વડે ગૂજરાતની ગાદી મને અપાવશો તો શેખ અહમદ ખટ્ટુના રોજા પાછળ જે ત્રણ કરોડ ગૂજરાતી ટકાનો મોટો ખર્ચ થાય છે તે હું આપને આપીશ એવો પાયસો

11 મિરાતે સિકદરી પૃ ૧૨૦

12 ઉપર મુજબ પૃ ૧૩૧-૩૨ આ પીર કમાલના ઝઘડાની વાત માત્ર સિકદરી અને અહમની કહે છે તબકાત કે ફિરિશ્તામા નથી

કપડવણજની લડાઈ

ગાદીએ આવતાં જ કુતુબુદ્દીનને પોતાના પિતાએ અધૂરી મૂકેલી માળવાના મહમૂદ ખલજી સાથેની લડાઈમાં ઊતરવું પડ્યું. માળવી સુલતાન ગૂજરાતની સરહદ ઉપર સુલતાનપુરનો[૧૮] કિલ્લો લઈ ભરૂચ તરફ આવતો હતો. એણે ભરૂચના કિલ્લેદારને પોતાના પક્ષમાં આવી તાબે થવા અને ભરૂચના વેપારીઓ પણ સાથે લાવી સહકાર કરાવવા કહેવડાવ્યું પણ એમાં એ ફાવ્યો નહિ,[૧૯] અને એનું લશ્કર આગળ વધતું વડોદરા આવ્યું ને ત્યાં મુકામ કર્યો. મિરાતે સિંકદરી લખે છે કે ત્યાંથી એનો એક ગાંડો હાથી નાઠો અને નડિયાદના બ્રાહ્મણોએ એને ટુકડા કરીને મારી નાખ્યો. આ વાત મહમૂદના જાણવામાં આવી ત્યારે એને થયું કે ગૂજરાતની આબોહવાથી બ્રાહ્મણો પણ બહાદુરીનાં કાર્ય કરી શકે છે![૨૦] એ પછી એ વડોદરા શહેર તારાજ કરી અમદાવાદ તરફ આવવા આગળ વધ્યો ત્યારે એને ખબર પડી કે ગૂજરાતી સુલતાન કુતુબુદ્દીન લશ્કર લઈ આવે છે અને એણે મહી નદી ઉપર આવેલા ખાનપુર-વાંકાનેર ગામે પડાવ નાખ્યો છે. છેવટે બન્ને લશ્કરો કપડવંજ આગળ મળ્યાં અને મોટી લડાઈ થઈ, એમાં ગૂજરાતી લશ્કરની એક પાંખની ખુવારી થવા

૧૮. સિકંદરી સુલતાનપુર કહે છે, પણ કેમ્બ્રિજ હિસ્ટ્રીમાં નંદરબાર લખ્યું છે. નંદરબાર એ સમયે ગૂજરાતમા હતું. તબકાત સુલતાનપુર લખે છે. ત્યાંનો થાણદાર અલ્લાઉદ્દીન સોહરાબ સુલતાનને શરણે ગયો અને આ લડાઈમાં એને કપડવંજ સુધી લાવ્યો, પણ છેવટે કુતુબુદ્દીનને શરણે આવ્યો.

૧૯. મિરાતે સિકંદરી, પૃ. ૪૯-૫૦. કેમ્બ્રિજ હિસ્ટ્રીમાં આ વાત નોંધેલી છે અને ભરૂચના હાકેમનું નામ મરજા આપેલું છે. સિકંદરી મલીક મીરજા લખે છે.

૨૦. ઉપર મુજબ પૃ. ૫૦. આ બ્રાહ્મણો ખેડાવાળ હતા એમ મનાય છે. કોઈ એમને નાગર માને છે. સિકંદરી સિવાય કોઈ તવારીખમા આ વર્ણન નથી. બ્રાહ્મણો પરાક્રમી ન હોઈ શકે એવી માન્યતાની સામે સિકંદરીના લેખકનું આ લખાણ રસમય હોવાથી અહીં લીધુ છે.

છતાં છેવટે વિજય થયો અને માળવી સુલતાન પરાજય પામી પાછો જતાં એ તરફના કોળીઓએ એના લશ્કરને ખૂબ હેરાન કર્યું અને એને ભારે ખુવારી ખમવી પડી.[21] આ લડાઈમાં ચાંપાનેરનો રાજા ગંગાદાસ માળવી સુલતાનને સહાય કરતો હતો તે વડોદરા આવી લશ્કરને મળ્યો હતો.[22] એમ કહેવાય છે કે કુતુબુદ્દીને આ લડાઈ વખતે એક વાણિયાની સલાહ લીધેલી અને એણે ખજાનો લઈ સોરઠ તરફ જઈ દરિયાઈ સફરે જવાની સલાહ આપેલી. વસ્તુપાળ જેવા વાણિયાની સાથે સરખાવતાં આ સલાહ જરા વિચિત્ર અને વાણિયાની વ્યવહારબુદ્ધિને ન શોભે એવી છે.[23]

અમદાવાદના બુખારી સંતોએ આ લડાઈમાં લીધેલો ભાગ

આ લડાઈમાં ગુજરાતના સુલતાનને અમદાવાદના સુપ્રસિદ્ધ બુખારી સૈયદોના વડા સંત કુતુબે આલમ તથા એમના પુત્ર શાહ આલમ સાહેબની ખૂબ મદદ હતી અને મિરાતે સિકંદરીમાં આ ધાર્મિક પુરુષોએ લીધેલો ભાગ અને ચમત્કારોનું લંબાણથી વર્ણન કર્યું છે. એ વર્ણનને ઇતિહાસ સાથે સંબંધ ન હોઈ શકે, પરંતુ એ જમાનાની ધાર્મિક અને સામાજિક સ્થિતિ ધ્યાનમાં લેતાં બને

૨૧ તબકાતે અકબરી, પૃ. ૨૨૯

૨૨ મિરાતે સિકંદરી, ગૂ. ભા. પૃ. ૫૬. રાજા ગંગાદાસ માળવી સુલતાનનો ભોમિયો બન્યો હતો અને મહી નદી ઉપર ખાનપુર પાસે કુતુબુદ્દીને પડાવ નાખેલો તેથી કપડવંજ પાસેથી અમદાવાદ ઉપર ચડવા એણે સલાહ આપી હતી. કેમ્બ્રિજ હિસ્ટ્રીએ પણ આ વાત નોંધી છે.

૨૩ તબકાતે અકબરી, પૃ. ૨૨૭-૨૨૮. સિકંદરીએ આ વાત અન્ય સુલતાન મુહમ્મદની બાબતમાં નોંધી છે. તબકાત કહે છે કે આ સલાહ સાંભળી સુલતાનના અમીરો ગુસ્સે થયા ને વાણિયાને મારવા લીધો ત્યારે એણે વાણિયા જેવો જ ઉત્તર દીધો કે સુલતાનને જો લડવું હોત તો એ મારા જેવાની સલાહ શું કામ પૂછત? તમારી જ સલાહ લેત. સુલતાનની ઇચ્છા નાસી જવાની હતી તેથી એણે મને પૂછ્યું. આ હાજરજવાબીથી વાણિયો બચી ગયો.

એવું બનતું હતું. અને સિકંદરીના લેખકે એ બે સંતોના મુખમાં જે શબ્દો મૂક્યા છે તે સાધુપુરુષને શોભે એવા છે અને વર્ણન એ દૃષ્ટિએ રસિક છે.[૨૪]

૨૮. મિરાતે સિકંદરી ગુ. ભા. પૃ. ૫૦ થી ૬૦ સુધીમા આ બાબતમાં ઘણા ચમત્કારોનું અને લડાઈમાં દૈવી મદદ મળવાનું તથા મુહમ્મદશાહના વર્ણનમાં શેખ કમાલ માળવીના વર્ણનમાં જોયુ તે વર્ણનનું ખૂબ લંબાણથી વર્ણન કર્યું છે. સુલતાન કુતુબુદ્દીને આ લડાઈ જીતે તો મોટી રકમ ખેરાત કરવાની બાધા રાખેલી, પણ તે પ્રમાણે તેણે કર્યું નહિ. એનું પણ વર્ણન કર્યું છે. બુખારી સૈયદો માટે સિકંદરીના લેખકને ખૂબ માન અને પક્ષપાત છે. એણે તારીખે બહાદુરશાહીના લેખકની આ લડાઈ માટેની માન્યતા જે ઇતિહાસને શોભે એવી છે તે માન્ય નથી રાખી (પૃ. ૫૦) અને લડાઈ આ સંતોના આશીર્વાદો અને મદદથી જિતાઈ એમ લખ્યુ છે. આ બધું આજની દૃષ્ટિથી જોવાની જરૂર નથી. અંગ્રેજોના આવ્યા પહેલાં આપણે ત્યાં આવી શ્રદ્ધાએ દરેક મોટાં કાર્યોમાં ભાગ ભજવ્યો છે અને સંતો ઉપરથી શ્રદ્ધા એ આપણા સમાજજીવનનુ એક અંગ હતુ એ વાત સામાજિક ઇતિહાસમાં ભૂલવી ન જોઈએ બીજી તવારીખો આવા ચમત્કારોનું વર્ણન કરતી નથી.

તબકાતે અકબરી આ લડાઈમાં માળવી સુલતાનનું ખૂબ જોર હતુ એનું વર્ણન કરે છે અને એણે કુતુબુદ્દીનને લડાઈ માટે એક બેત લખીને મોકલી અને કુતુબુદ્દીને તેનો જવાબ લખીને મોકલ્યો તે આ પ્રમાણે છે : માળવી સુલતાન-ની બેત :

> "સાંભળ્યું છે કે તમે ચોગાન વગર તમારા ઘરમાં દડાથી રમો છો !
> જો તમે બીડું ઝડપો તો અહીં દડો યે છે ને મેદાન પણ છે."

કુતુબુદ્દીનનો જવાબ.

"જો હુ ચોગાન મારા હાથમાં લઉં તો તમારૂ માથું દડાની પેઠે રગડાવું, પણ હુ કેદીને એ પ્રમાણે હેરાન કરવામાં શરમ માનું છું."

આમાં માળવી સુલતાનના પહેલાંના સુલતાન અને મુરબ્બી સુલતાન હોશંગને ગુજરાતી સુલતાન મુઝફ્ફરશાહે કેદ કરેલો તેનો ઉલ્લેખ છે.

ચોગાન એ Polo ની રમત છે. અમદાવાદમાં મેદાને શાહમાં એ રમાતી હતી. તબકાતે અકબરી. પૃ. ૨૨૯.

મેવાડના કુંભારાણા સાથે લડાઈ

આ વખતે મેવાડમા સુપ્રસિદ્ધ રાણા કુંભકર્ણ–કુંભાની સત્તા હતી અને એ બળવાન પાડોશીથી ગૂજરાત અને માળવાના સુલતાનોને શાંતિ રહેતી નહોતી એ સમયે મારવાડના નાગોર પ્રદેશમાં મુસલમાન સત્તા હતી ત્યાં શમ્સખાન દદાણીનો પુત્ર ફિરોઝખાન ઈ સ. ૧૪૫૨માં મરણ પામ્યો ફિરોઝખાનને ગાદીએથી ઉઠાડી મૂકી એના કાકા મુંજાહીદખાને નાગોરની ગાદી પડાવી લીધી[૨૫] સમ્સખાન સુલતાન કુતુબુદ્દીનનો સગો થતો હતો અને એણે પોતાની પુત્રી સુલતાનને પરણાવી હતી આ વખતે શમ્સખાન મેવાડના રાણા કુંભાની સહાય માગવા ગયો અને રાણાએ એવી શરતે સહાય કરવાની હા પાડી કે નાગોરની ગાદી અપાવે તો શમ્સખાને નાગોરના કિલ્લાના ત્રણ બુરજો તોડી પાડી માત્ર એક બુરજ રાખવો[૨૬] આ વિચિત્ર શરતનુ કારણ એ હતું કે પહેલાં રાણાના પિતા રાણા મુકુલને ફિરોઝખાને હરાવેલો અને એ લડાઈમાં ઘણા રજપૂતો માર્યા ગયેલા રાણા કુંભાએ પિતાનુ વેર આ રીતે લઈને કીર્તિ મેળવવાની ઇચ્છા કરી[૨૭] શમ્સખાને એ વાત કબૂલ કરી અને નાગોરનો કિલ્લો મળ્યા પછી શરત પાળી નહિ[૨૮] આ કારણથી રાણા કુંભાએ ફરીથી નાગોર ઉપર ચડાઈ કરી અને શમ્સખાન કુતુબુદ્દીનને શરણે આવ્યો કુતુબુદ્દીને લશ્કર લઈને રાય રાયચંદ નાયક અને મલીક ગદાઈને

---

૨૫ મિરાતે સિકંદરી ગૂ ભા પૃ ૬૧

૨૬ તબકાતે અકબરી પૃ ૨૩૦ સિકંદરીએ આ ઉલ્લેખ કર્યો નથી

૨૭ ઉપર મુજબ પૃ ૨૩૦ ગૌ હી ઓઝા આ બાબત સામાન્ય ઉલ્લેખ કરે છે તબકાત રાણાના પિતાનુ નામ મુકુન લખે છે ઓઝાજી મોકલ લખે છે

૨૮ તબકાતે અકબરીમા આ માટે લખે છે કે શમ્સખાનના અમીરોએ એને શરમાવ્યો કે એના કરતા તો ફિરોઝખાનને છોકરી જન્મી હોત તો ઠીક હતુ જેથી એ આબરૂ ગુમાવત નહિ આ વચનથી શરમાઈને શમ્સખાને રાણા સાથે કરેલા કરાર પાળ્યા નહિ. બીજી તવારીખમા આ વાત નથી

નાગોર મોકલ્યા[૨૯] અને લડાઈ થઈ એમાં કુતુબુદ્દીનનું લશ્કર હાર્યું અને રાણો એ પ્રદેશ લૂંટીને ચિત્તોડ ગયો.

કુતુબુદ્દીનની મેવાડ-ચડાઈ અને મલીક શાબાનની હાર

આ સમાચાર મળ્યા પછી ઈ. સ. ૧૪૫૬માં વેર લેવાના ઇરાદાથી સુલતાન કુતુબુદ્દીને નાગોર ઉપર ચડાઇ કરી. અમદાવાદના પ્રસિદ્ધ ઇમાદુલ્મુલ્ક મલીક શાબાનને લશ્કર સાથે આગળ મોકલ્યો. રસ્તામાં શિરોહી પાસે ત્યાંનો દેવડા રાજા ખેતા સુલતાનને મળવા આવ્યો અને આબુનો કિલ્લો રાણા કુંભાએ લઈ લીધો છે તે પાછો અપાવવા અરજ કરી. પરંતુ પહાડી મુલકમાં લડવામા ન ટેવાયેલા મલીક શાબાનને આબુની નીચેના ભાગમાં મોટી ખુવારી સાથે હાર ખાવી પડી.[૩૦] આ વખતે રાણો કુંભો કુંભમેરના કિલ્લામાં હતો. સુલતાને આસપાસનો મુલક તારાજ કરવા માંડયો અને છેવટે રાણા કુંભાને હરાવવામા કે કુંભલમેરનો કિલ્લો લેવામાં સુલતાનને સફળતા ન

૨૯. સિકંદરી અને તબકાતે અકબરીમા આ નામોમા થોડો ફેર છે. તબકાત ઉપર મુજબ નામ આપે છે, જ્યારે સિકંદરી રાય અમીચંદ માણેક એવુ નામ આપે છે. ઓઝાજી રાય રામચંદ્ર નામ આપી કૌંસમા અમીચંદ નામ લખે છે કુતુબુદ્દીનના લશ્કરમા આ હિંદુ મોટી પદવી ઉપર હશે એ આ ઉપરથી સાબિત થાય છે.

૩૦. તબકાતે અકબરી, પૃ. ૨૩૧, સિકંદરી પૃ. ૬૨. બન્ને લેખકો આ હાર કબૂલ કરે છે. શિરોહીના દેવડા રાજાના નામ માટે મતભેદ છે. સિકંદરી, ગૂ ભા. કથદેવ લખે છે. દેવ તે દેવડાનુ ટૂંકુ કર્યું હોય એમ લાગે છે. તબકાત ગીતા દેવડા એવું નામ આપે છે, ઓઝાજી ખેતા નામ આપે છે, પણ આ બધાં નામો ભૂલવાળાં છે એમ પણ કહે છે.

૩૧. રાણાએ નાગોર (નાગપુર)માં મસ્જિદો તોડી, ગાયોને છોડાવીને શહેરને ગોચર કર્યું, યવનીઓને પકડી, યવનો પાસેથી દંડ લીધો વગેરે પ્રશસ્તિના કેટલાક શ્લોકો રસમય હોવાથી ઉપર આપ્યા છે. (જુઓ. ગૌ. હી. ઓઝાનો ઉદયપુર રાજ્યકા ઇતિહાસ પૃ. ૩૦૨-૩૦૩. ઓઝાજીએ પૃ. ૩૦૧ થી ૩૦૬ મા. આ બધી લડાઇઓની ચર્ચા ને વર્ણન કરેલા છે.)

આવવાથી એ પાછો ગયો નાગોર રાણાએ લઈ લીધુ અને ત્યાંની મસ્જિદો તોડી નાંખી

शकाधिपानां प्रगतामधस्तादद्दशयन्नागपुरस्य मार्गम् ।
प्रज्वाल्य पेरोजमशीतिमुख्यां निपात्य तन्नागपुरं प्रवीरः ॥
निपात्य दुर्गं परिखां प्रपूर्य गजान्गृहीत्वा यवनीश्च बध्वा ।
अदण्डयद्यो यवनान् तान् विडम्बयन्गुर्जरभूमिभर्तुः ॥
लक्षाणि च द्वादशयोमतल्लरमोचयद् दुर्यवनानशेष्य ॥
तं गोचरं नागपुरं विधाय चिराय यो ब्रह्मसादकार्षीत् ॥
अमन्दीदमिन्दरत्नसञ्चयं कोशतः समसखानभूपतेः ।
जाङ्गलस्थलमगाहमाहवे कुम्भकर्णधरणीपुरन्दरः ॥

પેરોજમશીતિમુખ્યાં=ફિરોઝશાહે બાંધેલી ૮૦ થી મસીદ નાગપુર=નાગોર પરિખા પ્રપૂર્ય=ખાઈ પૂરી નાખી સમસખાનભૂપતે=શમ્સખાનની કુમ્ભકર્ણ=કુંભોરાણો

બાકી શ્લોકો જોવાની ઈચ્છા હોય તેમણે ઓઝાજીનો ઇતિહાસ જોવો અહીં માત્ર જરૂરી શ્લોકો લીધા છે

ગુજરાત માળવાના મેવાડ સામે ભેગા કરાર

માળવાના સુલતાનને મેવાડ સાથે લડાઈઓ થયા કરતી હતી અને આ બળવાન હિંદુ રાજાનું તેજ ન ખમાવાથી છેવટે માળવાના સુલતાને ગૂજરાતના સુલતાનને મેવાડ ઉપર ભેગા ચડાઈ કરવાનુ તાજખાન નામના અમીર સાથે કહેવડાવ્યું ચાપાનેરમાં[૩૨] બ ને મુસલમાન રાજ્યો સાથે આ બાબતમાં કરાર થયા અને મેવાડના મુલક ઉપર દક્ષિણ પૂર્વમાથી માળવાનો સુલતાન અને દક્ષિણ–

૩૨ સિકંદરી તબકાત અને ઓઝાજી આ ઉલ્લેખ કરે છે ચાંપાનેરના હિંદુ રાજાએ એની હદમા આ કરાર કેમ થવા દીધા એ જરા નવાઈ જેવુ છે, માળવા અને ગુજરાતની હદ ઉપર આવેલા રાજ્યએ ડરથી એમ કર્યું હશે

પશ્ચિમમાંથી ગૂજરાતનો સુલતાન ચડાઈ કરે અને જીત્યા પછી મેવાડનું રાજ્ય બન્ને વચ્ચે વહેંચી લેવું એવા પણ કરાર થયા.[૩૩] આ કરાર પ્રમાણે બન્ને સુલતાનોએ એક સાથે મેવાડ ઉપર ચડાઈ કરી. ગૂજરાતનો સુલતાન પહેલો પહોંચવાથી રાણા કુંભાએ પહેલું એની સાથે લડવાનું ધાર્યું. આ લડાઈમાં કોઈ પણ પક્ષે ખાસ ભારે વિજય મેળવ્યો હોય એમ લાગતું નથી.

રાણા ઉપર ફરી ચડાઈ

આ લડાઈઓ પછી ત્રણ માસ પછી જ રાણાએ ફરી નાગોર ઉપર ચડાઈ કરી અને આ સમાચાર સુલતાનને આપવા મલીક શાબાન રાત્રે મહેલમા ગયો ત્યારે સુલતાન દારૂના નશામાં ચકચૂર હતો. શાબાનના મનમાં હતું કે સુલતાન લશ્કર લઈ ને આવે છે એમ સાંભળતાં જ રાણો ચડાઈ નહિ કરે. સુલતાનને નશામાં જ પાલખીમાં નાખીને શાબાને લશ્કરનો ડંકો વગાડાવી કૂચ કરી.[૩૪] અને તૈયારીમાં રસ્તામાં મહીનો ગાળ્યો. આ વખતે રાણો નાગોર ફરી જીતીને ચિતોડ ગયો હતો તેથી કુતુબુદ્દીન અમદાવાદ પાછો આવ્યો. વર્ષના અંતે (ઈ. સ. ૧૪૫૮) કુતુબુદ્દીને કુંભલમેર ઉપર ફરીથી ચડાઈ કરી એમાં પણ મુલક તારાજ કરવા સિવાય કાંઈ ખાસ પરિણામ ન આવ્યું.[૩૫]

મેવાડ સાથેની લડાઈઓનો સાર

આ લડાઈઓનું વર્ણન મુસલમાન તવારીખકારો, સિકંદરી ફિરિસ્તા અને તબકાતે અકબરી વિગતવાર કહે છે, અને દરેક વખતે

---

૩૩. બન્ને તવારીખ ગ્રંથોમાં અને ફિરિસ્તામાં આ ઉલ્લેખ છે. પશ્ચિમ દક્ષિણ મેવાડ ગૂજરાતમાં જાય અને પૂર્વ દક્ષિણ માળવામાં જાય એવી વહેંચણી કરારમાં કરેલી હતી, પણ એ વાત બની નહિ.

૩૪. મિરાતે સિકંદરી ગૂ. ભા. પૃ. ૬૩–૬૪. તબકાતે પણ આ ઉલ્લેખ કરેલો છે, પરતુ સિકંદરી જેટલું વર્ણન એમાં કરેલુ નથી.

૩૫. સિકંદરી ગૂ. ભા. પૃ. ૬૩–૬૪. તબકાતે અકબરી પૃ. ૨૩૩.

રાણાએ મુસલમાનોને ખુશી કરી પાછા મોકલ્યા તથા એક વાર તો ચૌદ મણ સોનુ આપ્યુ એવા ઉલ્લેખો કરે છે,[૩૬] જ્યારે પંડિત ગૌરીશંકર ઓઝાજી આ વાત સ્વીકારતા નથી રાણો હાર્યો નથી એમ એ લખે છે, પરંતુ પ્રશસ્તિ સિવાય બીજો આધાર એમણે આપ્યો નથી મુસલમાન તવારીખોનુ લખાણ જેમ મુસલમાનોના બળની અતિશયોક્તિ કરે છે તેમ પ્રશસ્તિઓ પણ રાજાઓ માટે અતિશયોક્તિ કરે છે, એટલે આ લડાઈઓમા શુ બનેલુ તે સમજવુ મુશ્કેલ છે આમ છતાં એટલુ તો સત્ય લાગે છે કે માળવા અને ગૂજરાતના બન્ને સુલતાનો મળીને પણ રાણાને હરાવી નહોતા શક્યા દિલ્હી અને ગૂજરાતના સુલતાનો તરફથી રાણાને 'હિંદુ સુરત્રાણ'નુ બિરુદ મળ્યું હતુ આ બધુ જોતા મુસલમાન તવારીખકારોમા અતિશયોક્તિનુ પ્રમાણ કાંઈ વધારે હોય એમ જણાય છે ઉત્તરમા દિલ્હીનુ મુસલમાન રાજ્ય અને દક્ષિણમાં ગૂજરાત માળવાનાં રાજ્યોની વચ્ચે રહેલુ મેવાડ મુસલમાનો લઈ નથી શકયા તે સાથે રાણો ઘણો બળવાન છતા ગૂજરાત કે માળવાના મુલકને કે દિલ્હીને જીતી નથી શક્યો એણે જે વિજયો કર્યાં છે તે રજપૂતાના અને વાગડના નાનાં રાજ્યો ઉપર કરેલા છે આ ઉપરથી આ બધા રાજ્યો એ સમયે સરખા

૩૬ આ વર્ણનોમા તવારીખકારો અતિશયોક્તિ કરે છે સિકંદરી કહે છે કે સુલતાને રાણાના મુલકને એટલો તારાજ કર્યો કે હિંદુઓના ઘરમા એક ઢોર રહ્યું નહિ અને અસંખ્ય ગુલામો પકડયા આગળ વળી લખે છે કે રાણાએ સુલતાનની હજાર વાર માફી માગી ખંડણી આપવા કબૂલ્યુ તબકાત ચૌદ મણ સોનાને બદલે ચાર મણ સોનુ લખે છે ઓઝાજી ફિરિસ્તાને આધારે ચૌદ મણ લખે છે પણ એ તો રાણો જ જીત્યો હતો એમ માને છે તબકાતના લખાણનો સાર એવો નીકળે છે કે લડાઈનું ખાસ પરિણામ આવ્યું નથી અને બન્ને પાછા ફર્યાં એ છે (પૃ ૨૩૩) ઓઝાજી વીરવિનોદ નામના ગ્રંથને આધારે લખે છે કે નાગોરના મુસલમાનોએ ફરી ગોવધ શરૂ કર્યાથી આ ફરી લડાઈ થઈ હતી અને એમા હજારો મુસલમાનો માર્યા ગયા હતા ઓઝાજી આ વાત માન્ય રાખે છે (ઉદયપુર રાજ્યકા ઇતિહાસ પૃ ૩૦૬)

બળવાળાં હતાં અને લડાઈઓ થવા છતાં કોઈ કોઈને છતી નથી શક્યું. માત્ર દિલ્હીનું રાજ્ય એ સમયે બહુ બળવાન નહોતું. કુંભલમેરનો કિલ્લો છતવા સુલતાન કુતુબુદ્દીને ખૂબ પ્રયત્ન કરવા છતાં એ એના હાથમા આવ્યો નથી. તેમ જ રાણો કુંભો પણ આબુની દક્ષિણે ગૂજરાતની હદમાં પેઠો નથી એ અગત્યની વાત છે. બન્ને પક્ષની ખુવારીઓ પણ ખૂબ થઈ છે એટલું તો તવારીખો ઉપરથી પણ સમજાય છે.

કુતુબુદ્દીનનું ચારિત્ર્ય

ઈ. સ. ૧૪૫૮માં સુલતાન માંદો પડ્યો અને તા. ૧૮ મી મેના રોજ (૨૩ રજબ હિ. સ. ૮૬૩) મરણ પામ્યો. સુલતાનને એની રાણી જે નાગોરના શમ્સખાનની પુત્રી થતી હતી તેણે ઝેર આપ્યુ હતું એવો વહેમ પડવાથી સુલતાનની માએ એ રાણીના પોતાની દાસીઓ પાસે ટુકડા કરાવી નંખાવ્યા.[૩૭] આમ આ સુલતાન

૩૭. સિકંદરી, ગૂ. ભા. પૃ. ૭૦. તબકાતે અકબરી, પૃ. ૨૩૪–૩૫. સિકંદરીએ આ હકીકત તારીખે બહાદુરશાહીમાંથી લીધી છે, અને તબકાતના લેખકે નોંધી તે પણ એ જ આધારે લીધી હશે. પરતુ સિકંદરીનો લેખક બહાદુરશાહીની ઇતિહાસમાન્ય હકીકત સ્વીકારતો નથી. સુલતાન કુતુબુદ્દીનના મરણ માટે પણ બુખારી સૈયદોના ચમત્કારની વાતો લખે છે. સત શાહઆલમ સાહેબ સાથે સુલતાને વેર બાંધ્યુ હતુ એ આગળ જોઈશું પરતુ સિકંદરીનો લેખક એ કારણ મુખ્ય માને છે. એ સંતે આપેલી તલવાર સુલતાનને પોતાને વાગી. કહે છે કે એક ઊંટને મારવા જતાં તલવાર પોતાની જાગમાં વાગી, કારણ એ ઊંટ નહોતુ પણ ફિરિસ્તો હતો. બીજું કારણ એવું આપે છે કે બેગમોને શહેર બતાવવા એ શેરીએ શેરીએ ફરવા નીકળ્યો ત્યારે પુરુષ જાતે બહાર ન આવવું એવો હુકમ કરેલો. એવામાં એક પુરુષને જોઈ એને તલવાર મારી તે પોતાને વાગી, અને માણસ અદૃશ્ય થઈ ગયો. આ વાતો કરતાં બહાદુરશાહીના લેખકનું કારણ ખરુ હોઈ શકે. તબકાત તો એ જ કારણ માત્ર લખે છે અને માંદગીનું કારણ પણ લખે છે.

ભરયુવાનીમા મરણ પામ્યો એ બહાદુર હતો, પણ દારૂના નશામા ભાન રહેતું નહિ અને ઘણા ક્રૂર કાર્યો કરતો હતો[૩૮] એને એના દાદા અહમદશાહના રોજામા દફનાવામા આવ્યો

સુલતાન દાઉદખાન

સુલતાન કુતબુદ્દીનના મરણ પછી અમીરોએ ગત સુલતાનના કાકા અને અહમદશાહ પહેલાના પુત્ર દાઉદ ખાનને ગાદીએ બેસાડ્યો તવારીખકારો કહે છે કે આ સુલતાને સત્તા પૂરેપૂરી મળ્યા પહેલા જ હલકી મનોવૃત્તિ બતાવવા માંડી અને ખર્ચમા અણઘટતી કાપકૂપ કરવા માંડી[૩૯] ગત સુલતાન મુઝફ્ફરશાહની બેગમોના ઘરેણા લઈ લીધા[૪૦] અને પોતાના જૂના પાડોશી એક ફરાસને ઇમાદુલમુલ્કનો મોટો ખિતાબ આપવાની ઇચ્છા જાહેર કરી[૪૧] સિકંદરીનો લેખક કહે છે કે દીવાબત્તીના તેલમા અને કબૂતરોને દાણા નખાતા તેમા પણ કરકસર કરવા માંડી[૪૧ક] આવાં કારણોથી અમીરોને લાગ્યુ કે

૩૮ તબકાતે અકબરી પૃ ૨૩૫

૩૯ મિરાતે સિકંદરી ગૂ ભા પૃ ૭૧-૭૨ તબકાતે અકબરી પૃ ૨૩૬

૪૦ આ હકીકત માત્ર સિકંદરીમા છે તબકાતમા નથી

૪૧ ઉપરમુજબ પૃ ૭૧ અને તબકાત પૃ ૨૩૬ સિકંદરી લખે છે કે ઇમાદુલ્મુલ્કનો ઇલકાબ ધરાવનાર તે વખતે હયાત હતો ફિરિશ્તા ઇલકાબ આપ્યો એમ લખે છે પણ એ ભૂલ છે ઉપરની બન્ને તવારીખોની વાત ખરી છે કેમ્બ્રિજ હિસ્ટ્રી માત્ર હલકા માણસોને મોટા ઇનામ આપ્યા એમ અદ્ધર લખે છે ફરાસ શબ્દનો તરજૂમો કરનાર બ્રીગ્ઝ એનો અર્થ ઝાડુ કાઢનાર એવો કરે છે તે પણ ભૂલ છે ગુજરાતમા ફરાસ લોકોની એક કોમ થઈ છે એ સામાજિક ઇતિહાસમા મહત્ત્વની વાત છે એ જાતિએ રાજાઓના મહેલોની ખટપટમાં મોટો ભાગ ભજવેલો છે

૪૧ક આ વાત માત્ર મિરાતે સિકંદરીએ નોંધી છે અને એ ગુજરાતની ખાસિયત હોવાથી ખરી લાગે છે રાજકીય કરતા સામાજિક ઇતિહાસ માટે સિકંદરીનો લેખક પોતે ગુજરાતી અને અમદાવાદનો વતની હોવાથી કેટલીક ઉપયોગી નોંધ કરે છે

આ બાદશાહ થવાને લાયક પુરુષ નથી. કબૂતરોને દાણા નાંખવાની ગૂજરાતી પ્રજાની પ્રસિદ્ધ રીત મુસલમાન બાદશાહોએ પણ ચાલુ રાખી હતી એ સાંસ્કૃતિક દૃષ્ટિએ ખૂબ સૂચક વાત ગણી શકાય.

અમીરોએ આ માણસને બાદશાહીને માટે નાલાયક ગણીને કુતુબુદ્દીનના નાના ભાઈ ફતેહખાનને ગાદી આપવાનો નિર્ણય કરી ઇમાદુલ્મુલ્કને એને લઈ આવવા મોકલ્યો. ફતેહખાન એ સમયે એની માતા મુગલીબીબી સાથે શાહઆલમ સાહેબને ત્યાં રહેતો હતો. અમીરે માને સમજાવી, પણ ફતેહખાનની વય એ વખતે માત્ર તેર વર્ષની હતી એટલે રાજ્યનો ભાર એ ન ઉપાડી શકે એમ કહી આનાકાની કરી. છેવટે ઇમાદુલ્મુલ્ક ખૂબ આગ્રહથી એને સમજાવીને ઘોડા ઉપર બેસાડી ભદ્રના મહેલમાં લઈ આવ્યો.[૪૨] અમીરોએ એ વખતે નોબત વગડાવી અને સુલતાન દાઉદખાન-એનો અવાજ સાંભળી કારણ જાણ્યા પછી સાબરમતીની બારીમાથી નાસી ગયો. તવારીખકાર કહે છે કે દાઉદખાન તે પછી શેખ આધન રૂમીનો શિષ્ય થઈને જ્ઞાનમાર્ગમાં વળ્યો અને થોડા સમય પછી મરણ પામ્યો. એણે માત્ર સાત જ દિવસ ગાદી ભોગવી.[૪૩]

પીરાણાનો સતપંથ

આ પંદરમી સદીની મધ્યમાં ગૂજરાતી હિંદુ–મુસલમાન સમાજના

---

૪૨. એક તવારીખ સોહરાબના પુત્ર અલાઉલ્લાને ગત સુલતાનની માને સમજાવવા મોકલ્યો એમ લખે છે. પણ ઇમાદુલ્મુલ્ક વધારે બંધ બેસે છે. એ સર્વશ્રેષ્ઠ અમીર હતો. તબકાત લખે છે કે એ બાઈ હિંદના સુલતાનની પુત્રી હતી અને મખદૂમ જહાનના મહેલમાં રહેતી હતી, એ ભૂલ છે. સિંધને બદલે હિંદ લખ્યું લાગે છે અને એ શાહઆલમ સાહેબના ઘરમાં રહેતી હતી. તબકાત લખે છે કે માએ ચોખ્ખી ના પાડયા છતાં અલાઉલ્લા ફતેહખાનને ઘોડા ઉપર નાંખી લઈ આવ્યો.

૪૩. સિકંદરી અને તબકાત સાત દિવસ લખે છે. કેમ્બ્રિજ હિસ્ટ્રી ૨૭ દિવસ લખે છે તે ભૂલ છે. દાઉદખાન નાસી ગયો અને જ્ઞાનમાર્ગમાં જોડાયો એ વાત સિકંદરીએ નોંધી છે.

ઇતિહાસમાં એક અગત્યનો ગણી શકાય એવો બનાવ બન્યો. ઈરાનમાં શિયાપંથી મુસલમાનોનો ઇસ્માઈલિ સંપ્રદાય ચાલતો હતો અને એના સંચાલકો ઇસ્માઈલી ઇમામ કહેવાતા હતા. એમણે તેરમી સદીથી એ સંપ્રદાયનો હિંદમાં પ્રચાર કરવા માંડ્યો હતો અને સિંધમાં ઊચમાં થાણું નાખ્યું હતું. હિંદમાં એ પંથને "સતપંથ" એવું નામ અપાયું હતું.[44] ઊચમાં એ સંપ્રદાયના મોટા પીર સદરુદ્દીન હતા અને ધાર્મિક પ્રચાર ત્યાંથી કરતા હતા. એમના વંશના પીર હસનકબીરુદ્દીનને ત્યાં ઊચ ગામમાં ઈ. સ. ૧૪૫૨ માં ઇમામશાહનો જન્મ થયો, અને પિતાના મરણ પછી એ ઈરાન જઈને પોતાના સંપ્રદાયના મુખ્ય સંચાલકોને મળી ગુજરાત બાજુ ધર્મનો પ્રચાર કરવાની પરવાનગી લઈ આવ્યા. ગુજરાતમાં આવીને અમદાવાદથી નવ માઈલ દૂર આવેલા ગિરમથા ગામમાં પોતાનો નિવાસ કરીને પ્રચાર કરવા માંડ્યો. આ પ્રચારની અસર ગામડાંની અભણ પ્રજા ઉપર ખૂબ થઈ અને ગુજરાતમાં 'પિરાણાના પંથ' તરીકે આજ સુધી એ સંપ્રદાય મશહૂર છે. ગામડાંની ખેડૂત પ્રજા અને ખાસ કરીને લેઉવા અને કડવા કણબીઓ એ પંથમાં જોડાયા. ગુજરાતના મોમના અને મતિયા લોકો એ પંથના પ્રચારથી થયા. કહે છે કે ઇમામશાહના ચમત્કારોથી લોકો એમના તરફ આકર્ષાયા અને સુલતાન મહમૂદ બેગડાના અમલમાં તો એમની અને એમના ચમત્કારોની ખ્યાતિ ખૂબ વધી ગઈ. ગિરમથા ગામ પાસે જ્યાં એ વસ્યા ત્યાં પિરાણા નામે એક સ્થળ પ્રસિદ્ધ થયું. પીરોનું સ્થાન એટલે પિરાણા. ઈ. સ. ૧૫૨૦ માં ઇમામશાહ એ જ સ્થળે મરણ

---

૪૪ પ્રો. કૉમિસેરિયેટે આ પંથનું લંબાણથી વર્ણન એમના ઇતિહાસમાં પૃ. ૧૩૩ થી ૧૪૦ માં કર્યું છે. અહીં ઇતિહાસને લગતી વાત નોંધી સમાજને લગતી બાબત છોડી છે. લેખક ગુજરાતમાં ઇમામશાહનું આગમન ઈ. સ. ૧૪૯૫માં માને છે, પરંતુ એમનો જન્મ ૧૪૫૨ માં થયો છે.

પામ્યા અને એક વિશાળ રોજામાં એમને દફન કરવામાં આવ્યા.[૪૫]

નૂરમુહમ્મદશાહ

એમના પુત્ર નૂરમુહમ્મદશાહ ઈ. સ. ૧૪૭૦ માં જન્મ્યા હતા અને પિતાના મરણ પછી સંપ્રદાયની ગાદીએ આવ્યા. એ ઇમામે ગૂજરાતના સતપંથમાં અગત્યના સુધારા કર્યા. દસોંદ અથવા આવકનો દસમો ભાગ જે એમના અનુયાયીઓ પાસેથી ભેગો થતો તે ઈરાનની મુખ્ય ગાદીએ મોકલવો બંધ કર્યો. એમના સમયથી ગૂજરાતનો પિરાણાનો પંથ બીજા ઇસ્માઈલી પંથોથી જુદો પડી ગયો.[૪૬] અહીં એ પંથના સ્થાપકો અને ખાસ વ્યક્તિઓનું વર્ણન કરી સંપ્રદાયની વિશેષતાઓ આગળ સમાજના પ્રકરણમાં વર્ણવીશું. નૂરમુહમ્મદશાહે એમના પંથનો એક ગ્રંથ સિંધી ભાષામાં લખ્યો છે. એનુ નામ "સત વેણી જી વેલ" (સાચા ધર્મની વેલ) છે. સંપ્રદાયના અને હિંદુ-મુસલમાન સમાજના ઇતિહાસ માટે એની અગત્ય છે. નૂરમુહમ્મદશાહ ઈ. સ. ૧૫૩૩–૩૪ માં ગુજરી ગયા એમ એ પંથના ફારસી ભાષામાં લખાયેલા ઇતિહાસ ઉપરથી સમજાય છે. એમને એમના પિતા ઇમામશાહની સાથે એ જ રોજામાં દફનાવવામા આવ્યા પિરાણાના મુખ્ય રોજાની પાસે એ પંથની બીજી મુખ્ય વ્યક્તિઓની દરગાહો પણ છે. નૂરશાહ,

---

૪૫. પ્રો. કૉમિસેરિયેટનો ઇતિહાસ. આ ઉપરાંત આ પંથની હકીકત અમદાવાદ ગેઝિટિયર, ગ્રં. ૯ ભાગ–૨ મુસલમાન વસ્તી તેમજ મિરાતે અહમદી-માં આપેલી છે. પરંતુ મિ. ઈવેનોએ મુંબઈની એશિયાટિક સોસાયટીના જર્નલમાં આ પંથનો એક અભ્યાસપૂર્ણ બૃહત્ નિબંધ લખ્યો છે. પ્રો. કૉમિ-સેરિયેટ એમાંથી ઘણી હકીકતો લીધી છે અને તે વિશ્વસનીય ગણી શકાય એવી છે. અહીં પ્રો. કૉમિસેરિયેટના ગ્રંથમાંથી સાર લીધો છે.

૪૬. પંથ જુદો પડવાથી ઈરાની સંસ્કૃતિની અસર રહી નહીં તેથી પંથને નુકસાન થયું એમ મિ. ઇવેનો માને છે. કૉમિસેરિયેટ એમના મતનો મોટો ઉતારો કર્યો છે. આ વિષય સામાજિક ઇતિહાસને લગતો છે તેથી આગળ જોઈશું.

સૂરભાઈ, બાલમુહમ્મદ, બાખીરઅલી વગેરેની દરગાહો ત્યાં છે અને વ્યક્તિઓના ખાસ અનુયાયીઓ મુખ્ય દરગાહ ઉપરાંત એમને ખાસ માને છે.[47]

કાકાઓ

આ સંપ્રદાયમાં ગુજરાતમાં કાકાઓની સંસ્થા ઊભી થઈ. પીર સૈયદોએ વટલાયેલા હિંદુઓના મુખ્ય પુરુષને અનુયાયીઓને અંદર અંદરના ઝઘડા પતવવા માટે તથા ભેટ ઉઘરાવવા માટે પોતાના પ્રતિનિધિ તરીકે નીમ્યા, એમને કાકા કહે છે. કાકાની નિમણૂક પીર કરે ત્યારે એમને જન્મભર અપરિણીત રહેવાનું અને ખાવાનું તથા કપડાં સિવાય કાંઈ ન લેવાનું વ્રત લેવું પડે છે. આ કાકાઓની સત્તા વખત જતાં એટલી વધી ગઈ કે પાછળથી એ લોકો ઇમામશાહના વંશજોની સત્તાને ગણકારતા નહિ. એમણે કેટલીક મિલકત પણ ભેગી કરી અને ઇમામોના અંદર અંદરના ઝઘડાઓમાં ખૂબ ભાગ લીધો અને નાણાંની વ્યવસ્થા પણ પોતાના હાથમાં લીધી.[48]

આ ઇમામશાહી પંથમાં આઠિયા, સાતિયા અને પાંચિયા એવા મોટા પંથો વખત જતાં પડી ગયા અને તે દરેક પંથના અનુયાયીઓ પણ થયા, તથા પંથમાં હરીફાઈ વધી. નરમુહમ્મદશાહના નાના પુત્ર સૈયદખાને મોટાભાઈથી જુદા પડીને પોતાના અનુયાયીઓને 'આઠિયા' કહ્યા, કારણ કે એમાં આઠ જ્ઞાતિઓ ભેગી થઈ હતી. એ પ્રમાણે પાછળથી સાતિયા અને પાંચિયા પણ થયા. જૂના પંથના અનુયાયીઓ પણ ખાસ નામ વગર ચાલુ રહ્યા હતા. આમ ગુજરાતની જ્ઞાતિઓમાં બન્યું છે એવું અહીં પણ બન્યું. આ સતપંથના અનુયાયીઓ મધ્ય ગુજરાત, ચરોતર અને દક્ષિણ ગુજરાત તથા ખાનદેશ સુધી છે, અને કચ્છ તથા સૌરાષ્ટ્રમાં પણ છે. નવસારીમાં એક સતગુરુ

47 પ્રો. કોમિસેરિયેટનો ગુજરાતનો ઇતિહાસ પૃ. ૧૩૬
48 ઉપર મુજબ પૃ. ૧૩૭

[illegible]

બીબી મુગલી અને બીબી મીરકી

[illegible]
માન ન ગમ્યો તેથી એમણે પોતાના પિતા સુપ્રસિદ્ધ સંત કુતુબે-આલમ આગળ તે ફરિયાદ કરી. એમણે જવાબ દીધો કે "બેટા, ફિકર કરીશ નહિ, બન્ને નાળાં નદીઓમાં જ છે." આ ભવિષ્યવાણી ખરી પડી અને સુલતાન મુહમ્મદશાહના મરણ પછી મુગલીબીબીને શાહ-આલમ સાહેબને પરણવાનો સમય આવ્યો. ગુજરાત સલ્તનતનો સર્વથી શ્રેષ્ઠ બાદશાહ મહમૂદ બેગડો, જેનું નામ ફતેહખાન હતું, એ મુહમ્મદશાહનો મુગલીબીબીને પેટે પુત્ર હતો. સુલતાન કુતુબુદ્દીનને આ વાત પસંદ નહોતી અને ફતેહખાનને પકડી હેરાન કરવાની ઇચ્છા હતી તેથી માતા પુત્ર બન્ને શાહઆલમ સાથે રહેતાં અને

૨૯. પ્રો. કોમિસેરિયેટનો ગુજરાતનો ઇતિહાસ, પૃ. ૧૩૮.

મુગલીબીબી સાથે ઉંવટે શાહઆલમ સાહેબે લગ્ન કર્યું એમ કહેવાય છે કે શાહઆલમને પહેલાંની સગાઈ થઈ તે સમયના પ્રસગો યાદ છતાં પરણવા માટે શિષ્ટાચાર ખાતર ના પાડતા હતા, પરંતુ મુગલી બીબીએ કહ્યુ કે મુહમ્મદશાહ સાથે પોતાની સાદી થઈ તે પહેલાં પોતે મનથી શાહઆલમ સાહેબને વરી ચૂકી હતી અને પિતા સિંધના જામની પણ એ જ ઇચ્છા હતી આ સાભળીને શાહઆલમે એની સાથે ફરી સાદી કરવા હા પાડી, અને મુગલીબીબીએ આ સતપુરુષની પુષ્કળ સેવા જિંદગી ભર કરી એમ તવારીખકાર લખે છે વળી એમ પણ કહેવાય છે કે એમની બહેન બીબીમીરકીબીબીનુ અવસાન પહેલુ થયેલુ ત્યારે સાદી પહેલા ફતેહખાન સાથે મુગલીબીબી સતના આશ્રમમા રહેતી હતી લોકાપવાદ દૂર કરવાના હેતુથી શાહઆલમે મુગલીબીબીને કહ્યુ કે સગાઈના હકથી તમે તમારા બહેનના ઘરમા રહેતાં હતા, હવે બહેન નથી એટલે અલગ રહેવાની વ્યવસ્થા કરો આ સાભળી મુગલીબીબીએ જૂની વાત યાદ આપી ફરી સાદી કરી મીરકીબીબી એમના પુત્ર શાહબીખનની કબર પાસે આશાવલમાં દફન થઈ, અને મુગલીબીબી માણેકચોકના પ્રસિદ્ધ રાણીના હજીરામા દફન થઈ શાહઆલમે પોતાની સાવકી મા મુગલીબીબી સાથે સાદી કરી અને એને તથા સાવકા ભાઈ ફતેહખાનને આશ્રય આપ્યો તે માટે સુલતાન કુતુબદ્દીન ઘણો ગુસ્સે થયો અને સતને હેરાન કરવા પ્રયત્ન કરવા લાગ્યો, એ બધી વાતોનુ ચમત્કારિક વર્ણન મિરાતે સિકંદરી એ કર્યું છે[૫૦]

---

૫૦ મિરાતે સિકંદરી જ આ વર્ણન અને શાહઆલમ સાહેબના ચમત્કારોની વાત ખૂબ ઝીણી વિગતથી આપે છે પ્રો. કોમિસેરિયેટ એમના ઇતિહાસના પૃ ૧૩૦ મા થોડી હકીકત લીધી છે પરંતુ આર્કિયોલોજિકલ સર્વેના અથના લખાણ ઉપરથી બ ને બીબીઓની કબરો રાણીના હજીરામા છે એમ લખે છે મને એ ભૂલ લાગે છે કારણ મીરકીબીબી શાહબીખનના રોજામા દટાઈ છે એમ તવારીખકાર કહે છે મુગલીબીબી પોતાની માતા હોવાથી મહમૂદ બેગડાએ રાણીના મુખ્ય હજીરામા એની કબર કરાવી હોય એ બનવાજોગ છે

રાણી રૂપમંજરી

હવે સુલતાન કુત્બુદ્દીનને પોતાને જે રાણીઓ હતી તેમાં એક નાગોરના શમ્સખાનની પુત્રી હતી અને એના જે બૂરા હાલ થયા તે આગળ જોઈ ગયા. બીજી એક રૂપમંજરી નામે રાણી હતી એનો ઇતિહાસ જરા રસમય છે. એ રાણી સ્વરૂપવાન અને હોશિયાર હતી. સિકંદરી લખે છે કે શાહજાદા ફતેહખાનને પકડી લાવવા માટે એને કુતુબુદ્દીને શાહઆલમને ત્યાં મોકલી ફતેહખાન જુદે જુદે વેશે એમના ઘરમાં રહેતો હતો. રૂપમંજરીએ એને ઓળખી કાઢ્યો અને દાસીઓ પાસે ઉપડાવીને લઈ જવા માટે એનો હાથ ખેંચવા માંડ્યો. આ ફરિયાદ શાહઆલમ પાસે ગઈ ત્યારે એમણે કહ્યું કે કાંઈ નહિ, આજ એ ફતેહખાનનો હાથ ખેંચે છે, પણ ભવિષ્યમાં ફતેહખાન એનો હાથ ખેંચશે. આ શબ્દો સાંભળી રૂપમંજરી શરમાઈ ગઈ. સિકંદરી લખે છે કે આ વાણી સત્ય થઈ અને રૂપમંજરી કુતુબુદ્દીનના મરણ પછી ફતેહખાન–સુલતાન મહમૂદ બેગડા–ને પરણી.[૫૧]

આ રાણી રૂપમંજરી એ કોણ? અમદાવાદમા આજે ઊભેલી સુંદર ગણાતી જે થોડી મસ્જિદો છે એમાંની એક મિરઝાપુરમાં આવેલી રાણી રૂપમતીની મસ્જિદને નામે ઓળખાતી મનોહર મસ્જિદની બાંધનાર? બંધાવનારના નામ જેવી જ મસ્જિદ સુંદર છે. મિરાતે અહમદીમા રૂપવતી અને રૂપમોહિની એવાં એનાં નામો આપેલાં છે. સિકંદરી રૂપમંજરી નામ આપે છે, પણ એની કબર માણેકચોકમાં મુખ્ય રોજામાં છે એમ લખે છે, જ્યારે રિવાજ મુજબ મસ્જિદની બાજૂના જ રોજામાં એની કબર હોવી જોઈએ. રા. મગનલાલ વખતચંદના વર્ણન ઉપરથી ગઈ સદીમાં એની મસ્જિદનું નામ "રૂપમંતજન્મતી" અગર "રૂપમહી" કહેવાતું હતું એમ સમજાય છે.

---

૫૧. મિરાતે સિકંદરીમાં આ વર્ણન આપેલુ છે. મારા અમદાવાદના ઇતિહાસમા પૃ. ૬૦૧ થી ૬૦૪ જુઓ. એમાં રૂપમતી માટે વિસ્તૃત ચર્ચા કરેલી છે.

તવારીખોમાં બીજી કોઈ આ જાતનાં નામોવાળી બાઈ નથી અને સિકંદરી સિવાય કોઈ પણ તવારીખ કે આધાર એની કબર માણેક ચોકમાં છે એમ પણ કહેતા નથી, એટલે આ રૂપમંજરી એ જ રૂપમતીની મસ્જિદવાળી રાણી હોવી જોઈએ એમ માનવામાં કોઈ વાંધો નથી સ્થાપત્યના વિવેચકોની આ મસ્જિદ અને રાણીની બાબત ની ચર્ચા મસ્જિદના વર્ણનમા આગળ કરીશું, પરંતુ હિંદ બહારની દુનિયાના કલારસિકોને જે સુંદર મસ્જિદનુ લાકડાનુ પ્રતીક કરાવી મ્યુઝિયમ માટે લઈ જવાનુ મન થાય એવુ મનોહર મકાન બંધાવનાર વ્યક્તિ માટે આટલી ઐતિહાસિક નોંધ અહીં કરવાની જરૂર છે[૫૨] કબર ઉપર અને મસ્જિદના મહેરાબ ઉપરનો લેખ ઊખડી જવાથી પત્તો લાગતો નથી એટલે રાણીની ચોક્કસ હકીકત મળી શકતી નથી સુલતાન મહમૂદ બેગડાની બેગમ તરીકે, અને એ સુલતાનના સમયમા બંધાયેલાં સુંદર મકાનોની સરખામણી કરતા રાણી રૂપમતી જ એવી મસ્જિદ બંધાવી શકે અને એ જ રૂપમંજરી છે એમ માનવાને કોઈ વાંધો નથી[૫૩]

મલીક શાબાન

સુલતાન મુહમ્મદશાહ અને કુતુબુદ્દીનના સમયમા ગુજરી ગયેલા પણ જેમના જીવનની મુખ્ય પ્રવૃત્તિ સુલતાન અહમદ શાહ પહેલાના સમયમા થયેલી એવા સંતો વિષે પણ એ સુલતાનના વર્ણનમા કહી ગયા હવે આ સમયમાં થયેલા અમીરોમા આજે પણ જેનુ સ્થાન પ્રસિદ્ધ

---

૫૨ જુઓ મારા અમદાવાદનો ઇતિહાસ પૃ ૬૦૧ થી ૬૦૪ એમા વિસ્તૃત ચર્ચા કરી છે અકબરની પેઠે એ પૂર્વે અહમદશાહ અને એના વંશજો એ હિંદુ રાણીઓ પરણવાનું રાખેલું એ સામાજિક દૃષ્ટિએ મહત્ત્વનું છે

૫૩ ઉપર મુજબ પૃ ૬૦૨ ૩ પ્રો કોમિસેરિયટે પોતાના ઇતિહાસ પૃ ૨ ૭મા આ મસ્જિદનું વર્ણન કર્યું છે આપણે તે આગળ કરીશું, પરંતુ આ રાણી કોણ તે માટે બર્જેસ આદિથી દોરવાઈ એમણે કોઈ પ્રકાશ પાડ્યો નથી

છે એવા મલીક શાબાનનું ટૂંકું વૃત્તાંત જોઈએ. મલીક શાબાન સુલતાન કુતુબુદ્દીનના સમયનો સર્વથી મોટો, વઝીરની પદવી ઉપર ચડેલો અમીર હતો. એ ડાહ્યો અને રાજદ્વારી કુનેહવાળો હતો. એમ કહેવાય છે કે એના શાંત સ્વભાવને લીધે લોકોને એના અમલથી સંતોષ હતો. કુતુબુદ્દીન પછી મહમૂદ બેગડાના સમયમાં એ વૃદ્ધ થયો હતો છતાં ઊંચી પાયરી ઉપર ચડ્યો હતો, અને સુલતાન મહમૂદનો ખૂબ આગ્રહ છતાં ઊંચી પદવી છોડી નિવૃત્ત થયો. વૃદ્ધાવસ્થાના દિવસો એણે એકાંત અને ખુદાની બંદગીમાં પસાર કર્યા હતા. એ લશ્કરનો સેનાપતિ પણ થયો હતો, પણ મેવાડ ઉપરની ચડાઈના વર્ણનમાં જોયું તેમ એ કુશળ લડવૈયો હોય એમ લાગતું નથી અને શિરોહી આગળ એના લશ્કરે ભારે હાર ખાધી હતી. ઈ. સ. ૧૪૬૧ માં નિવૃત્ત થઈને અમદાવાદની પૂર્વે રખિયાલ ગામ પાસે પોતે બંધાવેલા સુંદર બગીચામાં એનુ મરણ થયું. એનો ઉરસ તા ૨ જી જમાદીઉલ્ અવલ માસમાં ભરાય છે.[૫૪]

મલિક શાબાનનો રોજો અને મસ્જિદ

રખિયાલ ગામ પાસે મલીક શાબાને એક સુંદર તળાવ પણ બંધાવ્યું હતું અને બગીચો તથા મસ્જિદ બંધાવી પોતાને માટે રોજો પણ બંધાવ્યો હતો. રોજો આજે પણ સારી હાલતમા છે. એ રોજાને માટે સુલતાન કુતુબુદ્દીને છ હળ જમીન મલીકને આપેલી તેનું ફરમાન આરસમાં કોતરેલું અરબી શબ્દો મિશ્રિત ફારસી ભાષામાં લખેલું આજે પણ રોજામાં જડેલું મળે છે. એમાં કુતુબુદ્દીનના ઇલ્કાબો અને શાબાનના પૂરેપૂરા ઇલ્કાબો લખેલા છે. છ હળ જમીન મહાન અને પ્રસિદ્ધ શહેર અમદાવાદની પાસે આવેલા મોજે રખિયાલમાં રાજનું ખાસ હિત ચાહનાર અને નિમકહલાલ નોકર મલીક શાબાનને

૫૪. અમદાવાદનો ઇતિહાસ પૃ ૭૧૬-૧૭ અને પૃ. ૪૩૮—ઉરસ સંત જેવા પુરુષોનો જ થાય છે.

વંશપરંપરા ભોગવટાથી સુલતાને આપી અને તે ભોગવવામા કોઈએ હરકત કરવી નહિ એવુ ફરમાનમા લખેલુ છે મલીકના ઇલ્કાબો આ પ્રમાણે છે મલીક ઉશ્શર્ક ઇમાદુલ્મુલ્ક, અઝીઝઉલ્મુલ્ક, તાજઉલ્મુલ્ક, તે મલીક તુફા સુલતાનનીનો પુત્ર, એમ ફરમાનમા છે આ ફરમાનમા ફેર કરનારને માટે સારુ નહિ થાય એવુ કુરાન શરીફનું વાક્ય પણ લખેલુ છે ફરમાનની તારીખ જમાદીઉલ અવ્વલની તા ૨ જી હિ સ ૮૫૬ (તા ૨૧ મે ૧૪૫૨) છે મલીક શાબાને આ બગીચામાં રોજો અને મસ્જિદ બધાવેલાં તે ઉપરાંત ભદ્રના મેદાનેશાહમાં સહેજ ઉત્તર તરફ સનાપોસ રસ્તામાં પેસતા ડાબી બાજૂ એક મસ્જિ, ઉપરની મસ્જિદની તારીખે જ બધાવી છે આ જગ્યાએ ઉપરની મસ્જિ૰ બધાવવાનુ કારણ સમજાય એવુ નથી અને મોટી લાગવગવાળા અમીરોએ મેદાનની શોભા બગડે તોપણ મસ્જિદ બાધવાનુ ધાર્યું હોય અને બાદશાહોનુ એમાં ચાલ્યુ ન હોય એમ માની શકાય આ મસ્જિદ બીજી મસ્જિદો કરતા જુદી બાધણીની અને કોઈ હિંદુ મદિરનો મડપ ઊભો કર્યો હોય એવી દેખાય છે એ આજે હજૂરી-શાહની મસ્જિદને નામે ઓળખાય છે એમાં લેખ છે અને શાબાનના ઇલ્કાબોમાં ફક્ત ઇમાદુલ્મુલ્ક જ લખેલો છે લેખમા બીજુ બધુ એક સરખુ છે મસ્જિદ ખાસ જોવાલાયક ગણાય એવી નથી ૫૫

બાગેશાબાન અને એનું તળાવ

આજે અમદાવા મા રખિયાલ બાજૂ નૃસિહનુ મદિર છે તે 'મલીક શાબાનના નરસિહજી'ના નામથી ઓળખાય છે એણે બધાવેલો બાગ મોગલાઈના પહેલા ભાગ સુધી આબાદ હતો, પરતુ પાછળથી રખિયાલની જાગીરમા બાગની જમીન લેવાઈ ગઈ હતી તળાવ અષ્ટકોણ આકૃતિનુ પથ્થરથી બાંધેલુ કાકરિયાની નાની નકલ હોય એવુ હતું અને એનો વિસ્તાર ૩૫ એકર જેટલો હતો ગઈ સદીમાં એની સ્થિતિ

૫૫ અમદાવાદનો ઇતિહાસ અને પ્રો કોમિસેરિયેટનો ઇતિહાસ, પૃ ૧૫૦-૫૨

વેરાન થઈ ગઈ હતી અને પાણી ન રહેવાથી એમાં બાવળિયા ઊગ્યા હતા. સત્તરમી સદીમાં બાગે શાબાન અને તળાવનું વર્ણન યુરોપીય મુસાફરો ઓલ્જિયરી અને મેન્ડેલ્સ્લોએ કરેલું છે. એમાં બગીચનાં ઝાડ અને રસ્તાની સુંદરતાનું વર્ણન અને ઠંડકનાં વખાણ કરેલા છે, અને અમદાવાદ શહેરથી બાગેશાબાન સુધી બન્ને બાજૂ ઝાડની ઘટાવાળો ૭ લીગ લાંબો સુંદર રસ્તો હતો એમ એ મુસાફરો લખે છે. (૧૬૩૮ મા) અમદાવાદની પૂર્વમાં આ એક સુંદર સ્થળ છે અને આજની સરકારને ખર્ચવાના પૈસા મળશે ત્યારે આ તળાવ અને બાગ સુધરાવી ત્યાં ઉપવન જેવું કરવાનો સરકારનો ઇરાદો છે. તે થાય તો આજે ધૂળિયા અમદાવાદનું સદ્‌ભાગ્ય ગણાશે [૫૬]

હોજેકુતુબ અથવા કાંકરિયું તળાવ

હવે સુલતાન કુતુબુદ્દીનનું નામ અમર રાખનાર અને પાટણના સહસ્રલિંગ તળાવથી બીજી પંક્તિનું પણ આજે ગૂજરાતના અગર બાંધેલા તળાવોમા કહીએ તો હિંદના તળાવોમાં ઉત્તમ પંક્તિમાં બેસી શકે એવા હોજેકુતુબ અથવા અમદાવાદના શણગારરૂપ કાંકરિયા તળાવનું વર્ણન કરીએ. વાવની પેઠે તળાવો એ પણ ગૂજરાતની સંસ્કારિતાનુ એક વિશિષ્ટ લક્ષણ છે; અને ગૂજરાતી કારીગરોએ આ સામાન્ય બાંધકામમાં પણ ખૂબ સુદર કારીગરી વાપરી છે તે આગળ જોઈ ગયા. કાંકરિયું તળાવ એ આજે ગૂજરાતના પાટનગરનું આનંદનું ધામ છે. આજ ચાર સદીઓથી અમદાવાદના લોકોએ ત્યાં આનંદ કર્યો છે. સુલતાન કુતુબુદ્દીને એના પિતાના અમલ દરમ્યાન આ તળાવ બાંધવું શરૂ કરેલું અને ઈ. સ. ૧૪૫૧ મા એ પૂરું કર્યું. આ તળાવ એક સરખા ચોત્રીસ કોણનું છે અને દરેક બાજૂની લંબાઈ ૧૯૦ ફૂટની છે. એનો ઘેરાવો ૨૧૫૩ વાર એટલે આશરે સવા

૫૬. અમદાવાદનો ઇતિહાસ પૃ. ૨૩૫–૩૬, ૫૮૯, અને ૭૧૬–૧૭. પ્રો. કોમિસેરિયેટનો ઇતિહાસ, પૃ. ૧૫૩.

માઇલનો છે તળાવનુ ક્ષેત્રફળ ૭૬ એકર થાય છે એની બધી બાજૂઓ પથ્થરના પગથિયાથી સારી રીતે બનાવેલી છે, અને વચ્ચે વચ્ચે કિનારા ઉપર બાર થાભના ઉપર સુન્દર મડપો બનાવ્યા છે એ તળાવના કિનારાની શોભામા ખૂબ ઉમેરો કરે છે તળાવમાં પાણી લાવવાની ગળણી આગળ સ્થાપત્યના પ્રકરણમા જોયું તેમ, ખૂબ સુદર કારીગરી વાળી બનાવી છે અને એ ગળણીની બ ને બાજૂ મિનારાની પેઠે સુ દર કોતરણીવાળા બુરજ કરેલા છે ગળણી ૭ ફૂટની જાડાઈની અને નશુ મોટા કાણાવાળી છે બધી બાજૂએ બાધેલુ આ જાતનુ મોટુ તળાવ હિ દમા આ એક જ છે એમ કહેવાય છે [૫૭] આ તળાવમાં તળાવોના સ્થાપત્યમા કહેલુ બકસ્થળ છે એમા એક નાના મહેલ જેવુ મકાન સુલતાને બાધેલુ એની આસપાસ નાનો પણ સુ દર બગીચો કરેલો અને તળાવની એક બાજૂથી એ બગીચામા જવાનો પુલ કરેલો આ બગીચાનુ નામ બાગેનગીના છે આજે પણ એ નગીનાવાડીને નામે ઓળખાય છે એક વીંટીમાં જડેલા નગ જેવુ તળાવના ભૂરા પાણીની વચ્ચે સુદર નગ હોય એવુ આ બાગનુ મકાન શોભે છે બાદશાહ જહાંગીરના સમયમાં તળાવ અને બાગની મરામત થઈ હતી અને અમદાવાદને ગાળો દેતાં દેતા પણ આ તળાવમા ખૂબ આનદ કરી જહાંગીર બાદશાહે એની તારીફ કરેલી છે [૫૮] ઈ સ ૧૭૮૧ માં જેમ્સ ફોર્બ્સે તળાવ જોયું ત્યારે એ ઉજ્જડ જેવુ થયુ હતું બગીચો દરકાર લીધા વગરનો બગડી ગયો હતો અને પુલનો કેટલોક ભાગ પડી ગયો હતો ફોર્બ્સે આ બાગમા તાડનું ઝાડ જોયેલુ જે ખૂબ ઊંચુ

---

૫૭ અમદાવાદનો ઇતિહાસ પૃ ૫૮૯ થી ૫૯૨—અને નગીનાબાગ માટે પૃ ૨૩૨-૨૦૩ પ્રો કોમિસેરિયટે એમના ઇતિહાસના પૃ ૧૪૭ થી ૧૫૦ મા પણ વર્ણન કરેલુ છે

૫૮ તુઝુકે જહાંગીરીમા બાદશાહે પોતે કરેલા આનદની નોધ લીધી છે શાહીબાગ બધાતા પહેલાની આ નોધ છે શાહીબાગ બધાયા છતા પણ કાંકરિયુ અમદાવાદ નું આનદ ને સહેલગાહનું મુખ્ય સ્થાન જ રહ્યુ છે

વધ્યા પછી એનાં ચાળીસ જેટલાં ડાળાં ફૂટેલાં છે અને તે દરેકને છેડે ઝૂમખાં જેવાં પાંદડાં છે. ફ્રાયસની પેઠે દરેક મુસાફરોએ આવું વૃક્ષ કોઈ સ્થળે જોયું નથી એવું વર્ણન કરેલું છે. મરાઠા સમયમાં આ તળાવની એક વખત મરામત થયેલી અને એની છેલ્લી મરામત અંગ્રેજી અમલમાં બોરેડેલે કરેલી. આજની નગીનાવાડી એ સમયની છે. વચ્ચેનું મકાન પહેલાં કેવું હશે એનો ખ્યાલ એથી આવી શકતો નથી. મિરાતે સિકંદરીનો લેખક જહાંગીરના રાજ્યમાં સત્તરમી સદીની શરૂઆતમાં લખે છે કે આ તળાવ અને નગીનાબાગ તથા એને કિનારે બાંધેલા ઘટામંડળના મહેલો મેં નજરે જોયેલા તે સ્વર્ગના ઉદ્યાન જેવા હતા. પણ આજે (એના સમયમાં) માત્ર તળાવને બાગ છે, પણ મહેલો નાશ પામ્યા છે.

કાંકરિયાની તારીફ

યુરોપીય મુસાફરો આ તળાવનાં મુક્ત કંઠે વખાણ કરે છે. ડીલા વાલે (Della Valle) નામનો મુસાફર ઈ. સ. ૧૬૨૩ માં લખે છે કે "આ તળાવ દુનિયાનું એક સુંદર દૃશ્ય છે." ઈ. સ. ૧૬૩૮ માં મુસાફર મેન્ડેલ્સ્લોએ આ તળાવનું વર્ણન કરેલું છે, પરંતુ એ વર્ણનમાં શાહીબાગ સાથે મેળવી દઈને કાંઈક ગૂંચવાડો કર્યો હોય એમ લાગે છે અને વર્ણન તળાવને બંધબેસતું નથી.[૫૯] ઈ. સ. ૧૬૬૬ માં મુસાફર થેવેનોટે પણ તળાવની તારીફ કરેલી છે. બાદશાહ જહાંગીર પોતાની રોજનીશીમાં લખે છે: "આ સ્થળ ખૂબ આનંદદાયક અને મનોહર છે. મને એ ખૂબ જ ગમ્યું છે." આ શબ્દો અમદાવાદને નરક–જહાનમાબાદ કહેનારના છે તે ધ્યાનમાં લેવા

૫૯. અમદાવાદનો ઇતિહાસ પૃ. ૫૯૦. પ્રો. કોમિસેરિયેટે એમના ઇતિહાસના પૃ. ૧૪૮–૪૯ માં મેન્ડેલ્સ્લોના વર્ણનનો લાંબો ઉતારો લીધો છે જેનો કાંઈ અર્થ દેખાતો નથી. મુસાફરના વર્ણનનો ગોટાળો એ જોઈ શક્યા હોય એમ લાગતું નથી.

જેવી વાત છે બાદશાહી વખતમાં આ તળાવમાં અને એની આસપાસ દીવાની રોશની કરીને રાજપુરુષોએ આનંદ લૂટેલો છે બ્રિટિશના સમયમાં રશિયાના ઝાર અમદાવાદ આવેલા ત્યારે કાંકરિયા તળાવમાં રોશની થઈ હતી [૬૦]

કાંકરિયું નામ શાથી ?

આ કાંકરિયા તળાવનું ઐતિહાસિક નામ તો હોજેકુતુબ છે પરંતુ એ કાંકરિયા નામથી જ મશહૂર છે એ નામ શાથી પડ્યું એ માટે જુદી જુદી વાતો કહેવામાં આવે છે એક લોકવાયકા એવી છે કે કર્ણદેવ સોલંકીએ કર્ણાવતી અને કર્ણસાગરની સ્થાપના કરી તે તળાવ કાંકરિયું કહેવાયું આ દંતકથા ખોટી અને નિરાધાર છે કર્ણસાગર રુપેણ નદી વાળીને ઉત્તર ગુજરાતમાં બાંધેલું અને તે હાલ કર્ણસાગર નામના ગામ પાસે ઉજ્જડ સ્થિતિમાં છે કાંકરિયાને એ સાથે કોઈ સંબંધ નથી બીજી વાત એમ કહેવાય છે કે એમાં ચૂનો ઠરવાનો કાંકરો ખૂબ હતો તેથી એ નામ પડ્યું ત્રીજી વાત એવી છે કે સુલતાન કુતુબુદ્દીને સંત શાહઆલમ સાહેબને તળાવ માટે જગ્યા પસંદ કરવા વિનંતિ કરી ત્યારે એમણે એ જગ્યા લખોરીઓ નાખીને પસંદ કરેલી તેથી એ નામ પડ્યું વળી બીજી વાત એવી છે કે જ્યારે તળાવ ખોદાઈ રહ્યું હતું ત્યારે શાહઆલમ સાહેબ જોવા આવેલા અને એમના પગમાં એક કાંકરો વાગ્યો અને એ બોલી ઊઠ્યા કે "આ કેવો કાંકરો" તે ઉપરથી 'કાંકરિયા' નામ પડ્યુ આ એકે ખુલાસો બરાબર લાગતો નથી ચૂનાનો કાંકરો એ જગ્યાએ બહુ હોય એ ખુલાસો કાંઈક ઠીક દેખાય છે [૬૧]

---

૬૦ અમદાવાદનો ઇતિહાસ પૃ ૫૬૦ રશિયાના ઝારની હિંદની મુસાફરીનો મોટો ગ્રંથ છપાયેલો છે

૬૧ અમદાવાદનો ઇતિહાસ પૃ ૫૬૧ ગુજરાતના બીજા ભાગોમાં કાંકરાવાળી જમીનને કાંકરિયું કે કાંકરિયા જમીન આજે પણ કહે છે એટલે કાંકરાવાળી જમીનને લીધે એ નામ પડ્યુ એ માનવા જેવું છે

"કાંકરિયું" કહેવાય

અહીં એક વાતની નોંધ લેવી જોઈએ. ગૂજરાતીમાં કોઈ દેવું કરે તો કહેવત પડી ગઈ છે કે "કાંકરિયું કર્યું." આ કહેવત અમદાવાદની આસપાસના ભાગમાં ખાસ વપરાય છે. દેવાને માટે આ શબ્દ કેમ વપરાયો તે પણ સમજાય તેવુ નથી, પરંતુ સુલતાન કુતુબુદ્દીનને મકાનો બાંધવાનો શોખ જ હતો, અને એના ટૂંકા રાજ્યકાળના પ્રમાણમાં એણે વધારે મકાનો બંધાવ્યા છે જેનું વર્ણન ટૂંકામાં કરીશું. એના સમયમાં ગૂજરાતનું મુસલમાન રાજ્ય પણ એના ભાઈ મહમદના સમય જેટલું વધ્યુ નહોતું, એટલે આ તળાવ અને બીજાં મકાનો તથા મહેલોમાં ખૂબ ખર્ચ થયુ હોય અને તેથી સુલતાનની તિજોરીનું તળિયું દેખાયું હોય. આ કારણથી દેવું થાય તેને "કાંકરિયુ થયુ" એવી લોકોક્તિ થઈ હોય એ સંભવિત છે.[૬૨]

ઘટામંડળના મહેલ

સુલતાન કુતુબુદ્દીને કાંકરિયા તળાવના બકસ્થલમા નગીના બાગની અંદર મહેલ બાંધેલો તે મિજલસ કે સહેલગાહ માટે હોય એટલે નાનો હતો, પણ એણે તળાવની બાજૂમાં ઘટામંડળ નામે મહેલો બાંધ્યા એમ તવારીખકાર લખે છે. આ મહેલ, ઉપર જોયું તેમ, સત્તરમી સદીની શરૂઆતમાં નાશ પામ્યા હતા. એટલે ગૂજરાત સલ્તનતના અંતભાગમાં થયેલી અવ્યવસ્થામાં એનો નાશ થયો હશે એમ સમજાય છે. ઘણીવાર બાદશાહો ભદ્રના મહેલને બદલે આ મહેલમાં રહેવાનું પસંદ કરતા. તવારીખનાં વર્ણનો ઉપરથી કાંકરિયું તળાવ અને આ મહેલો એ બધુ એક રમણીય મહેલોના સમૂહ જેવું

૬૨ અમદાવાદનો ઇતિહાસ, પૃ. ૫૯૨ · આ નોંધ સામાજિક ઇતિહાસ માટે કામની છે.

અને વૃક્ષોની ઘટાથી લીનુ લાગતુ હતું એવુ સમજાય છે તવારીખોમા આ મહેલોને ઘટામડળ, ધાટમડળ, ખામદરોળ વગેરે નામ આપેલા છે સુધખામદરોલ નામના ગામ પાસે હોવાથી એને "ખામદરોલના મહેલો" પણ કહેતા છે ફારસી તવારીખમા ખામદરોલનુ કહમદ્રોન અને ઘટમંડળ નામ પણ લખ્યુ છે ખામદરોલ ગામ જાણીતુ છે અને એને આજે ણીતીમડા કહે છે એટને ઘટામડળ એ ખામ દ્રોનનુ ભ્રષ્ટ રૂપ થઈ એને સસ્કૃત જેવુ બતાવવાનો પ્રયત્ન થયો હોય એમ લાગે છે કાંકરિયા પાસે આવેલા ણીતીમડા ગામ પાસે આ મહેલો હતો એનુ આજે તો નામનિશાન નથી[૬૩]

આ સમયના બાજા મકાનો

મહેલો અને તળાવ ઉપરાત મસ્જિદોમાં પણ આ સુલતાનોએ ખૂબ પૈસા ખર્ચ્યા હોય એમ જણાય છે સરખેજનાં સુદર મકાનોના સમૂહની શરૂઆત આ સમયમાં થઈ જો કે આ બે સુલતાનોએ માત્ર શેખ અહમદખટ્ટુનો રોજો અને મસ્જિદ બધાવ્યાં, પરતુ એક મનોહર સમૂહ તરીકે સરખેજના મકાનોનુ મહત્ત્વ આ સમયને બદલે હવે પછી મહમુદ બેગડાના સમયમા ગણાવુ જોઈએ એટને એ આગળ જોઈશું એ જ પ્રમાણે સય્યદ ઉસમાનની મસ્જિદ અને વટવાના રોજાને પણ આ સમયમા ગણવામાં આવે છે તે પણ આગળ યથાસ્થાને જોઈશું એટલે અહી કુતુબુદ્દીનનુ નામ જે મકાનો સાથે જોડાયેનુ હોવા ઉપરાંત બાંધણીની પ્રગતિના ઇતિહાસની દૃષ્ટિએ પણ એના જ સમયમા આવી શકાય એવાં અને આજ સુધી

૬૩ અમદાવાદનો ઇતિહાસ પૃ ૫૬૧ ૫૬૨ આ મહેલો મોનટાઈ પહેલા અમદાવાદમા મહત્ત્વનું સ્થાન ધરાવતા હતા પ્રો કોમિસેરિયેટે આ બાબત કાંઇ ઉલ્લેખ કર્યો નથી સુલતાન મુઝફ્ફર બીજાને બદ કરવા આ મહેલો વધારે પ્રિય હતા

અમદાવાદમાં ઊભાં રહેલાં મકાનોનું વર્ણન ટૂંકમાં જોઈશું.[૬૪]

કુતુબુદ્દીનની મસ્જિદ

આમાં સૌથી પહેલી અમદાવાદમાં દિલ્હી ચકલામાં આવેલી કુતુબુદ્દીનની મસ્જિદના નામથી ઓળખાતી મસ્જિદ પહેલી આવી શકે. આ મસ્જિદ મોટી છે અને એની બાંધણી અહમદશાહનાં મકાનો પછી તુરતની અને જાડી તથા આંખને કોમળ ન લાગે એવી છે. સર જૉન માર્શલ આ મસ્જિદને છટા વગરની અને ખાસ જોવાનું મન ન થાય એવી ગણે છે. આ મસ્જિદ કુતુબુદ્દીનના પિતા મુહમ્મદ-શાહના અમલ વખતે બંધાઈ છે, અને એમાં લેખ છે તેમાં બંધાયાની સાલ ઑક્ટોબર ૧૪૪૯ આપેલી છે. સુલતાન મુહમ્મદ-શાહના સમયમાં કોઈ હિલાલ ઉસ્સુલતાનીના પુત્ર નિઝામે બંધાવી એમ લખેલું છે, પરંતુ આ લેખ એ જ મસ્જિદનો છે કે બીજેથી લાવીને નાખેલો છે એ નક્કી થતું નથી. કુતુબુદ્દીનને નામે આ મસ્જિદ મશહૂર છે એનું કારણ એ સુલતાને પૈસાની મદદ કરી હશે એટલું જ માની શકાય; પરંતુ બાંધણીની દૃષ્ટિએ એના સમયની જ છે એમાં શંકા નથી.

---

૬૪. આ કારણથી કુતુબુદ્દીન શાહજહાંની પેઠે ગૂજરાતના ઇતિહાસમાં મકાનો બાંધનાર અને મોટા સુલતાન તરીકે સુપ્રસિદ્ધ થયો છે. આ બધાં મકાનોના સમૂહને પ્રો. કૉમિસેરિયેટ કુતુબુદ્દીનના સમયમાં વર્ણવે છે એ એક રીતે ઠીક નથી. અહમદ ખટ્ટુ અહમદશાહના સમયમાં હતા, પણ મુહમ્મદ-શાહના સમયમાં માત્ર મરણ પામ્યા અને એમનો રોજો એ સુલતાને બંધાવવા માંડયો તે કુતુબુદ્દીને પૂરો કર્યો. પરંતુ સરખેજના સમૂહનું મહત્ત્વ એનાં તળાવ, મહેલ વગેરેની સમગ્રતામાં છે એટલે એ સમૂહને મહમૂદ બેગડાના સમયમાં વર્ણવી શકાય. એ જ રીતે વટવાના રોજાનું વર્ણન એની બાંધણીની દૃષ્ટિએ સલ્તનતના પાછલા ભાગમાં થઈ શકે. વટવાનો હાલ છે તે રોજો કુતુબુદ્દીનના સમયમાં બંધાયો નથી. કુતુબે આલમ સાહેબ એ સમયમાં મરણ પામ્યા, પણ એમનું જીવન અહમદશાહના સમયમાં ખાસ રીતે હતું.

૬૫. અમદાવાદનો ઇતિહાસ પૃ. ૫૮૮.

સારંગપુરની રાણીની મસ્જિદ

હવે એવી જ બાંધણીની બીજી મસ્જિદ સારંગપુર ચકલામાં આવેલી છે અને દિલ્હી ચકલાવાળી ઉપર જોઈ તે મસ્જિદ કરતાં એનું બાંધકામ ચડિયાતું છે. આ મસ્જિદમાં લેખ નથી અને આર્કિ-ઑલૉજિકલ સર્વેના લેખકોમાં એને બંધાવનાર માટે મતભેદ છે. ડૉ. બર્જેસ એની બાંધણી ભાગે છે છતાં સુલતાન મુઝફ્ફર બીજાના સમયમાં મલીક સારંગે બંધાવી એમ ધારે છે. એમાં એમની ભૂલ જ છે. એમ પચાસ વર્ષ ઉપર એને પાછી મૂકવામાં બાંધણીના ઇતિહાસનો બંધ બેસતો નથી. મુઝફ્ફરના પિતા મહમૂદ બેગડાના સમયની મસ્જિદોની બાંધણી પણ સાથે એનો મેળ બેસતો નથી. સારંગપુરની મધ્યમાં બંધાઈ માટે મલીક સારંગની હોય એ તો બર્જેસની ધારણા જણાય છે, પણ તે ભૂલભરેલી છે. આ મસ્જિદ લોકોમાં રાણી બીબીની મસ્જિદને ઓળખાય છે અને એ વાત પોતે નોંધી છે છતાં એ રાણી બીબીને ડૉ. બર્જેસ મલીક સારંગની સ્ત્રી કહે છે એ માટે કોઈ આધાર મળતો નથી. સુલતાન કુતુબુદ્દીનના સમયની એની બાંધણી હોવા ઉપરાંત એ સમયમાં બંધાયેલી રાજપુરની મસ્જિદ અને મોટી જુમા મસ્જિદની કેટલીક વિગતો આમાં પણ દેખાય છે. એટલે સુલતાન મુહમ્મદશાહ કે કુતુબુદ્દીનના જમાનાની કોઈ માનીતી સ્ત્રી માટે આ મસ્જિદ બંધાયેલી હોવાનો સંભવ છે.[૬૬]

રાજપુરની મસ્જિદ

હવે આ સમયની અને કુતુબુદ્દીનના નામવાળી સર્વથી સુંદર મસ્જિદ અમદાવાદની પૂર્વમાં આવેલા રાજપુર હીરપુર નામના પરામાં આવેલી છે અને બાંધણીના સ્થાપત્યના ઇતિહાસમાં મહત્ત્વની છે. આ મસ્જિદ ગઈ સદીમાં ખંડેરોમાં પડેલી હોવાથી મોટા કલાતત્ત્વ-

૬૬ અમદાવાદનો ઇતિહાસ, પૃ. ૫૨ થી ૫૯૪ —બાંધણીના ઇતિહાસમાં ઉપર કહેલી મસ્જિદ કરતાં આ વધારે મહત્ત્વની છે. આનો ઉલ્લેખ પ્રો. કોમિસેરિયેટ કર્યો નથી.

વિવેચકોની દૃષ્ટિએ ચડી હોય એમ લાગતું નથી, પરંતુ પાછળથી એનાં વર્ણનો મળી આવે છે. અમદાવાદમાં આજે એ "હાલતા મિનારાની મસ્જિદ"ના નામે પ્રસિદ્ધ છે. આ મસ્જિદ સુલતાન કુતુબુદ્દીનના નામથી બંધાઈ હોવાથી એમાં રાજ્યની મસ્જિદોના રિવાજ મુજબ એમમો માટે મુલુકખાનું બાંધેલું છે, અને લેખમાં એને જુમા મસ્જિદ કહેલી છે, લેખ આ પ્રમાણે છે: "ઉમદા જુમા મસ્જિદ દુનિયાની સ્ત્રી (મખદુમતજહાન) સુલતાન અબુલ મુજફ્ફર કુતુબુદ્દુનિયા વ ઉદ્દીન અહમદશાહે (બીજો) હિ. સ. ૮૫૮ના રબીઉલ આખર માસમા બાંધી (એપ્રિલ ૧૪૫૪)" ૬૭

આમ સુલતાને પોતાને ખર્ચે બંધાવી એટલે એનું નામ આપેલું છે, પરતુ ખરી રીતે એણે આ સુંદર મસ્જિદ બીજાને માટે બધાવેલી છે. ઈરાનના ઉરેઝી સૈયદોમા નામાંકિત એવા સૈયદ ખુદમીર બીન સૈયદ બડા બીન સૈયદ યાકૂબની માતાએ આ મસ્જિદ બંધાવી એમ તવારીખકાર કહે છે. સૈયદ ખુદમીર બાર વર્ષના હતા ત્યારે પાટણથી એમના માતા બીબીજી અમદાવાદમાં આવ્યાં અને વટવાના કુતુબે આલમ સાહેબ પાસે સૂફી જ્ઞાન મેળવવા પોતાના પુત્રને સોંપ્યો બીબીજી સંસ્કારી હતાં અને રોજ ઈશ્વરને પ્રાર્થના કરતા કે જો મારો પુત્ર જ્ઞાની થાય તો જ જિવાડજે. આ સૈયદ જ્ઞાની તરીકે નામાકિત થયા અને ઉપર જોયું તે કુતુબુદ્દીનનો વજીર મલીક શાબાન એમનો ભક્ત હતો મિરાતે અહમદી કહે છે કે મલીક શાબાનના પુત્ર (કે જમાઈ) મલીક ખુશબાશને એમણે સૈયદની તહેનાતમાં રાખેલા. બીબીજીએ એકવાર શાબાન પાસે એમના રખિયાલના બાગની પાસે

૬૭. અમદાવાદના ઇતિહાસમા પૃ. ૫૯૪ થી ૫૯૬ માં વર્ણન કરેલું છે. પ્રો. કોમિસેરિયેટે આ મસ્જિદનું વર્ણન કર્યું છે, પરતુ ડૉ. બર્જેસ વગેરેને આધારે સૈયદ ખુન્દમીરની માતાની મસ્જિદ છે એમ માને છે. અમદાવાદના ઇતિહાસમાં સૈયદ ખુન્દમીર અને બીબીજીની હકીકત મિરાતે અહમદીની પુરવણીના સંતોના પ્રકરણ ઉપરથી મે લીધેલી છે.

પોતાને માટે જમીન માગેલી ત્યારે મલીક ખુશબાશે પોતાને માટે બંધાવેલો રોજો એમને તથા સૈયદને આપવાની ઇચ્છા બતાવી કહે છે કે બીબીજીએ કહ્યુ કે 'આપણામાથી જે પહેલુ ગુજરી જાય તે એમા દફન થાય મલીક ખુશબાશ પહેલા ગુજરી ગયા એટલે ત્યા દટાયા અને બીબીજી તથા સૈયદ અસારવા પાસે બીબીપુરામા દફન થયાં છે બીબીજીએ અસારવા પાસે બીબીપુર વસાવેલુ એમા હિંદુ ઓની સારી વસ્તી હતી રોજામા વચની કબરની બાજૂમા આરસની એક મોટી કબર છે એના ઉપર હિ સ ૮૬૧ની સાલ અને ધુન ક દ, મરણ પામ્યા એમ લખ્યુ છે એટલે સૈયદ ખુદમીરના મરણ પહેલા રોજામા કબરો થઈ હશે એમ જણાય છે સુલતાન કુતુબુદ્દીને મલીક શાબાનની લાગવગથી મસ્જિદ બધાવી એમ માનવુ પડે [૬૮] આ રાજપુરની મસ્જિદ અમદાવાદ બહારનાં પરાઓમા આવેલી મસ્જિદોમાં મોટી અને સૌથી સુદર કહી શકાય એનો એક મિનારો વીજળી પડવાથી પડી ગયો હતો બન્ને મિનારા સ્થાપત્યના પ્રકરણમા જોયું તેમ હાલતા હતા

ગુજરાતની હિંદુ મુસલમાન સત્તાઓની સરખામણી

ગૂજરાતના હિંદુ સત્તાના સમયમા મૂળરાજથી કર્ણદેવ સોલકી સુધીનો સમય રાજ્યને વધારીને સ્થિર કરવામાં ગયો અને તે માટે કર્ણદેવે પાટણથી કામચલાઉ રાજધાની આશાવલમા કરેલી એ આગળ જોઈ ગયા તેવી જ રીતે મુસલમાન સલ્તનતમાં મુજફ્ફરશાહથી અહ મદશાહ અને કુતુબુદ્દીન સુધીનો સમય રાજ્યને વધારી, બળવા શમાવી, તે સ્થિર કરવામા ગયો હિંદુ સમયમા સિદ્ધરાજ અને કુમારપાળનો

---

૬૮ મલીક ખુશબાશ મલીક શાબાનનો પુત્ર કે જમાઈ એનો ખુલાસો મળતો નથી અને બાદશાહી મસ્જિદની બાધણીની આ મસ્જિદ ખુશબાશે કેમ બંધાવી એનો ખુલાસો તવારીખમાથી મળતો નથી પ્રો કોમિસેરિયેટ આ વિગતોનો ઉલ્લેખ કર્યો નથી

સમય મધ્યાહ્ન જેવો હતો અને દેશની સમૃદ્ધિ ખૂબ વધી. સલ્તનતમા કુતુબુદ્દીન પછી મહમૂદ બેગડો અને તેનો પુત્ર મુઝફ્ફર બીજો તથા કંઈક બહાદુરશાહના અમલ સુધી દેશની સમૃદ્ધિ ખૂબ વધી અને રાજ્યની હદ પણ ગુજરાતની સામાન્ય સરહદ કરતાં વધી, એટલે એ સમય સલ્તનતનો મધ્યાહ્ન હતો. કુમારપાલ પછી જેમ ધીમે ધીમે પડતી થઈ તેમ બહાદુરશાહના અમલના પાછલા ભાગમાં શરૂ થયેલી પડતી સલ્તનતના અંત સુધી ચાલી કર્ણદેવ વાઘેલાની પેઠે છેલ્લો સુલતાન મુઝફ્ફર ત્રીજો રખડીને મરણ પામ્યો. અલ્લાઉદ્દીનની સામે કર્ણદેવની પેઠે જ લાંબા સમય સુધી એણે અકબરની સામે લડાઈઓ કરી બન્નેનુ નગીબ સરખુ હતુ સિદ્ધરાજ કુમારપાલના સમયમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય જેવા સાધુપુરુષોનુ રાજદરબારમા જેવુ માન હતુ તેવું જ ગુજરાત સલ્તનતમાં બુખારી સૈયદોનુ માન હતું, અને શાહઆલમ સાહેબનું માન મહમૂદ બેગડાના દરબારમાં હેમચંદ્રાચાર્યનુ સિદ્ધરાજ કુમારપાલની પાસે હતું એવું જ માન હતું. આમ બળ, લડાઈઓ, સમૃદ્ધિ, ચડતી અને પડતી, સંત સમાગમ અને ધર્મ એ બધામાં આ હિંદુ મુસલમાન મહાસત્તાઓનું સામ્ય હતું. ફેર માત્ર એટલો જ હતો કે સિદ્ધરાજ કુમારપાલના સમયમાં હિંદુ ને જૈન ધર્મને ઉત્તેજન મળ્યું તે સાથે અન્ય વિધર્મીઓ—મુસલમાન પારસી વગેરેને કાંઈ પણ હેરાનગતિ થઈ નથી, જ્યારે મુસલમાન સત્તામા ઇસ્લામને ખૂબ ઉત્તેજન મળ્યુ તે સાથે હિંદુ અને જૈન ધર્મને હેરાનગતિ થઈ, અને પરિણામે સુંદર મંદિરોથી ઝળહળતો દેશ ધાર્મિક મકાનોની બાબતમાં અરધો ઉજ્જડ જેવો થયો. જે કાંઈ રહ્યું તે સત્તાધારીઓને પૈસા કે બીજી રીતે ખુશ રાખીને જ રહ્યુ. આ બાબતમા બ્રાહ્મણ ધર્મનાં મકાનો કરતાં જૈન કોમનાં મકાનો, એ લોકો વધારે સમૃદ્ધ હોવાથી, વધારે પ્રમાણમાં ટકી રહ્યાં એમ જણાય છે.

આ બન્ને સમયોમાં સામાન્ય જનસમુદાયની શી સ્થિતિ હતી તે જાણવાનાં ખાસ સાધનો નથી. છૂટાછવાયા સાહિત્યના ઉલ્લેખો-

ઉપરથી માત્ર તારવણી કરવી પડે પરંતુ આપણા પ્રાંતની સંસ્કારિતાનું મુખ્ય કેંદ્ર વેપાર છે અને એ પ્રવૃત્તિ આ બન્ને સત્તાઓમાં ચાલુ રહી હતી એટલા ઉપરથી સામાન્ય લોકમાં ખાસ મોટા ઉત્પાતો નહિ થયા હોય એમ લાગે છે આ બધી પ્રવૃત્તિઓનું સામાજિક પ્રકરણોમાં સવિસ્તર વર્ણન કરીશું ગુજરાતની મુસલમાન સલ્તનતના બાદશાહો, એક મુઝફ્ફર બીજાના અપવાદ સિવાય, અભણ જેવા જ હતા, અને બીજા ગણ્યો કે મોગલાઈની પેઠે મોટા કવિઓએ એમના દરબારને શોભાવ્યા હોય એમ જણાતું નથી મુસલમાન સમાજના નેતાઓ ધાર્મિક બાબતો અને લશ્કર તથા અમીરીમાં મગ્ન હતા હિંદુ સમાજના લોકો વેપાર અને ખેતીમાં હતા બ્રાહ્મણોએ પોતાનું જીવન સંકુચિત કરી આચારવિચાર જાળવવામાં બધી શક્તિ કેન્દ્રિત કરી એને સાહિત્યવૃદ્ધિમાં મન ઓછું રહ્યું જૈનોએ પૈસાથી વિદ્યાસંસ્કાર પોષ્યા વસંતવિલાસ જેવું શૃંગારનું સચિત્ર કાવ્ય આ સમયમાં રચાયું ૬૯ સાહિત્યના ક્ષેત્રમાં જૈન અને હિંદુઓની પ્રવૃત્તિઓ સાહિત્યના ખાસ પ્રકરણમાં જોઈશું સાંસ્કૃતિક ઇતિહાસમાં સ્થાપત્યના જેટલું જ મહત્ત્વનું સ્થાન સાહિત્યનું છે જો કે ગુજરાતી સમાજની મુખ્ય પ્રવૃત્તિ વેપાર હોઈ સાહિત્યને અગ્રસ્થાન મળ્યું નથી માત્ર પૈસાથી ઉત્તેજન મળ્યું છે

•

૬૯ સુલતાન કુતુબુદ્દીન અહમદશાહના રાજ્યકાળમાં લખાયેલું આ કાવ્ય સચિત્ર છે અને સ્વ કેશવલાલ હર્ષદરાય ધ્રુવે અને પછીથી પ્રો. કાંતિલાલ બ વ્યાસે એનું સંપાદન કર્યું છે સાહિત્ય અને ચિત્રકલાના પ્રકરણોમાં એનું યોગ્ય વર્ણન કરીશું

પ્રકરણ ૨૫ મું

નસીરુદ્દીન મહમૂદશાહ (પહેલો)—મશહૂર-બેગડો ગૂજરાતની મુસલમાન સલ્તનતનો સુવર્ણયુગ

એનાં સિદ્ધિઓ અને ચારિત્ર્ય

સુલતાન કુતુબુદ્દીનનો નાનો ભાઈ અને મુહમ્મદશાહનો પુત્ર ફતેહખાન નસીરુદ્દુનિયા વ ઉદ્દીન અબુલફતહ મહમૂદશાહ નામ ધારણ કરીને માત્ર તેર વર્ષ બે માસ અને ત્રણ દિવસની નાની કિશોરાવસ્થામાં ગૂજરાતની ગાદીએ આવ્યો. તે ઈ. સ. ૧૪૫૮ ના મે માસની ૨૫ મી તારીખે તખ્તનશીન થયો, અને ૫૪ વર્ષ સુધી—અડધી સદી સુધી નિર્વિઘ્ને રાજ્ય કર્યું, અને ગૂજરાત સલ્તનતની આબાદીએ એક સરખી પ્રગતિ કરી. હિંદુ રાજાઓની સરખામણીમા એને મુસલમાનોનો સિદ્ધરાજ કહે છે.[૧] અને કેટલાક મોગલાઈની સરખામણીમાં એને અકબર જેવો કહે છે. વિજયો મેળવવામાં કદાચ એ સરખામણી ખરી હશે, પરંતુ એ બન્ને મહાન રાજાઓએ ધાર્મિક સહિષ્ણુતા અને મોટુ મન બતાવ્યું હતું તે મહમૂદ બતાવી શક્યો નહિ, અને વિદ્યાસંસ્કારની અભિવૃદ્ધિમા એ બે રાજાઓ જેટલો એને રસ હોય એવુ તવારીખો ઉપરથી જણાતું નથી મહમૂદ અને અકબર બન્ને અભણ હતા, પરંતુ અકબરે વિદ્યાસંસ્કારને પુષ્કળ ઉત્તેજન આપ્યું છે. ઈસ્લામને મહમૂદના રાજ્યમાં સારું ઉત્તેજન મળ્યું છે એ ખરું છે અને તે પણ ધર્મના ચુસ્ત રિવાજો પ્રમાણે, પરંતુ ફારસી કે અરબીના કોઈ વિખ્યાત પંડિતો એના દરબારમા થયા હોય કે

૧. સિદ્ધરાજની પેઠે એના ચારિત્ર્ય માટે વિચિત્ર વાતો યોજાઈ છે, અને મકાનોના બાંધકામ માટે પણ બન્ને સરખા મશહૂર છે; પરંતુ સિદ્ધરાજ ધર્માંધ નહોતો: એણે મુસ્લિમોની ધાર્મિક પ્રવૃત્તિને પણ ન્યાય કર્યો છે.

તેમણે તેવા કોઈ ચિરંજીવ ગ્રંથો મૂક્યા હોય એવું જાણવામાં આવ્યું નથી સુરત ધાર્મિક દૃષ્ટિએ વિદ્વાન કહી શકાય એવા પુરુષો સંતો તથા દરવીશો એના રાજ્યમાં સારા પ્રમાણમાં થયા છે

અમીરોની ખટપટ

સુલતાન મહમૂદને નાની ઉમરમાં ગાદીએ આવતાની સાથે જ એક ભારે મુશ્કેલી આવી એ વખતે ગત સુલતાનનો વઝીર મલીક શાબાન જ પ્રધાન હતો [૨] એની સામે રાજ્યના ચાર મોટા અમીરોને વેર હતું એટલે એમણે સુલતાનને શાબાનની વિરુદ્ધ ચડાવ્યો, અને કહ્યું કે શાબાનની દાનત પોતાના પુત્ર શાહબુદ્દીનને ગાદીએ બેસાડવાની છે સુલતાને આ વાત પહેલા માની અને એ અમીરોને શાબાનને પકડી કેદ કરવાનો હુકમ આપ્યો અમીરોએ એને પકડીને બેડી નાખીને ભદ્રના દરવાજાના ઉપરના માળમા કેદ કરીને પોતાના પહેરેગીરો મૂક્યા [૩] આમ બન્યા પછી રાત્રે હાથી ખાનાનો ઉપરી અબ્દુલ્લા જે સુલતાનને વફાદાર હતો તે સુલતાન પાસે આવ્યો અને ખરી વાતની ખબર આપી કહ્યું કે આ અમીરોએ સુલતાનના કાકા હબીબખાનને નામનો સુલતાન બનાવવા પોતાના ઘરમા રાખી મૂક્યો છે અને બળવો કરી સત્તા લેવા માગે છે આ બનાવથી રાજ્યના મોટા અમીરો જે શાબાનના મિત્રો હતા તે દેશ છોડીને જવા ધારે છે સુલતાન મુઝાયો અને પોતાની મા સાથે આ

૨ મિરાતે સિકંદરી પૃ ૯૪ (ગુ ભા) તબકાતે અકબરી પૃ ૨૩૮

૩ સિકંદરી પૃ ૯૮ ૯૯ તબકાત પૃ ૨ ૮-૩૮ શાબાન જેવા વૃદ્ધ અને મુખ્ય સજ્જન હાથપગ ને ગળામા બેડી ને સાકળ નાખી એમ તવારીખ લખે છે

૪ સિકંદરી હબીબખાન લખે છે અને તબકાત તથા ફિરિસ્તા હસનખાન લખે છે આ બળવાના આખાયે વર્ણનમા બધી તવારીખોમા ખાસ ફેર નથી માત્ર નામ અને બીજી વિગતોમા કાંઈક ફેર છે પ્રો કોમિ૦ આ બધા નામોની વિગતમા ઊતર્યા નથી કેમ્બ્રિજ હિસ્ટ્રીએ હસનખાન નામ લખ્યું છે

બાબતની મસલત કરી.[૫] અબ્દુલ્લાએ પણ બધી વાત માને કહી. સુલતાને પોતાના ખાસ મિત્રો જેવા અમીરો, હાજી મલીક, મલીક કાલુ, અને મલીક ઇસાનીની સલાહ પણ લીધી[૬] અને ઇમાદુલ્મુલ્ક શાબાનને છોડવાનો નિર્ણય કર્યો, અને સરફુલ્મુલ્કને શાબાનને કેદમાંથી બહાર લાવવાનો હુકમ કર્યો. પરંતુ બળવાખોર અમીરોના પહેરેગીરોએ એને છોડ્યો નહિ આ સાંભળીને સુલતાન પોતે ભદ્રના કિલ્લા ઉપર ચડ્યો અને મોટા ઘાંટા કાઢીને બોલ્યો કે "શાબાનને બહાર લાવો એટલે હું એ હરામખોરને સજા કરું." આ શબ્દો સાંભળીને ચોકીદારોએ એને બહાર કાઢ્યો સુલતાને એની બેડીઓ કાઢી નંખાવી એટલે ચોકીદારોએ નાસીને એ વાત અમીરોને કહી અને કેટલાક સુલતાનને શરણે આવ્યા

બળવો શમાવી દીધો

બીજે દિવસે સવારે સુલતાને ભદ્રમાં દરબાર ભર્યો ત્યારે અમીરો

---

૫. સુલતાનની મા બીબીમુગલી ગત સુલતાનની અને પછી શાહઆલમની બેગમ હોવાથી રાજ્યની ખટપટથી જાણીતી હતી.

૬ હાજી મલીક અમદાવાદમાં ઉત્તરમાં હાજીપુર વસાવનાર અને કાલુ મલીક કાલુપુર વસાવનાર જે આજે પણ પ્રસિદ્ધ છે મલીક ઈસાનું નામ તબકાત ઐનુદ્દીન લખે છે અને સિકંદરી બીજી જગ્યાએ ઈમાદુલ્મુલ્ક અસસ લખે છે. આ અમીર અમદાવાદ અને વટવાની વચ્ચે આવેલા ઈસનપુર અને તેની સુપ્રસિદ્ધ મસ્જિદને માટે આજે પણ પ્રસિદ્ધ છે.

૭. સુલતાનની ઉમર જોતાં આ કુશળતા અને હિંમત માટે તવારીખોના તરજૂમા કરનાર વિદ્વાનો ચર્ચા કરે છે. તબકાતના પૃ. ૨૮૭ ની નોંધ ૧ જુઓ. એમાં કેમ્બ્રિજ હિસ્ટ્રીની ટીકા ખરી લાગે છે. એ લખે છે કે ઉમ્મર જોતાં સુલતાને બળવાખોરોનું પ્રથમ માન્યુ હોય અને પછી મા અને બીજા વિશ્વાસુઓની સલાહથી ઉપર મુજબ હિંમત બતાવી હોય.

૮. સિકંદરી સૌ સૌને ઘેર ગયા એમ લખે છે, બીજી તવારીખો શરણે આવ્યા એમ લખે છે.

લશ્કર લઈ લડવાના ઇરાદાથી આવ્યા સુલતાને હાથીઓ તૈયાર કરાવ્યા થોડા અમીરો ને જે માણસો હતા તેમને લઈને બહાર નીકળ્યો અને ત્રણ દરવાજામાંથી બહાર નીકળી હાથીઓના હુમલાથી નાસતા અમીરોની પાછળ પડ્યો અમીરો શહેરની ગલીઓ તરફ નાઠા અને છેવટે હારીને શહેર છોડીને નાસી ગયા બળવાખોર અમીરોમાંથી હિસામુલ્મુલ્ક પાટણ પોતાનો ભાઈ કોટવાલ હતો તેની પાસે નાઠો બીજો કમીરુદ્દીન અઝદુલ્મુલ્ક સાબરકાંઠાના ગરાસિયા પાસે ગયો ત્યાં એ- રજપૂતને એને મારી નાખેલો એના ભાઈએ એનું ખૂન કર્યું અને એનું માથું સુલતાનને ભેટ મોકલ્યું તે દરવાજા ઉપર લટકાવવામાં આવ્યું[૯] ત્રીજો બુરહાનુલ્મુલ્ક ખૂબ જાડો હતો તે દોડી શકતો નહોતો એ સરખેજ જતાં ફતેહપુર પાસે સંતાઈ રહેલો પકડાયો અને એને હાથીના પગ તળે મારી નાખવામાં આવ્યો[૧૦] ચોથા સફીઉલ્મુલ્કને દીવ મોકલી કેદ કરવાનો હુકમ કર્યો, પણ એ શાબાનનો મિત્ર હોવાથી પાછળથી છૂટી ગયો આમ નાની ઉંમરમાં મહમૂદે અસાધારણ હિંમત અને ચાલાકી બતાવી બળવો શમાવી દીધો[૧૧] આ બનાવ પછી સુલતાનને ઘરઆંગણે કોઈ મોટી મુશ્કેલી આવી નથી હવે પછીના વર્ષો એણે બહાર લડાઈઓ કરવામાં ગાળ્યા એનું વર્ણન આગળ કરીશું અહીં સુલતાનના અડધી સદીના રાજ્યકાળમાં દેશની ચડતી થઈ અને આબાદી વધી તે જોઈએ મલીક શાબાન આ પછી નિવૃત્ત થયો

---

૯ સિકંદરી ગુ ભા પૃ ૮૬

૧૦ સિકંદરી ગુ ભા પૃ ૭૬-૭૭ આ વર્ણન કર્યા પછી સિકંદરી બીજા અમીરોને નવા ઈનામો આપવાનું વર્ણન કરે છે (પૃ ૭૬) એમાં મલીક સારંગને મુખલીસુલ્મુલ્ક ઈસાને નિઝામુલ્મુલ્ક અને કાલુને ઇમાદુલ્મુલ્કનો ઈલકાબ આપ્યો અને સારંગને વધારામાં કિવામુલ્મુલ્કનો આપ્યો

૧૧ ઉપર મુજબ પૃ ૮૦-૮૧ અને ૮૯

લશ્કર

સુલતાન મહમૂદના સમયમાં ગૂજરાતનુ લશ્કર ખૂબ બળવાન હતુ અને કુતુબુદ્દીનના સમય કરતા બેવડું મોટુ હતું લશ્કરના સિપાઈઓને સંતુષ્ટ રાખવામાં સુલતાન ખૂબ જ કાળજી રાખતો. કોઈ અમીર કે સિપાઈ લડાઈમાં મરી જાય તો એની જાગીર કે મિલકત એને છોકરો હોય તો તેને તુરત મળતી અને છોકરો ન હોય તો છોકરીને અરધી મળતી. છોકરી પણ ન હોય તો એનાં સગાંને ભરણપોષણ મળતું આ કારણથી લશ્કરી નોકરી કરનારાઓમાં ભવિષ્ય માટે ચિંતા નહોતી અને સંતોષ હતો. સુલતાને લશ્કરી ધીરધાર માટે એક બેંક જેવું ખાતુ રાખ્યું હતું અને લશ્કરના સિપાઈને વ્યાજે પૈસા લેવાની મનાઈ કરી હતી મહેસૂલનો અમુક ભાગ લશ્કરી ધીરધાર માટે અલગ રાખી, ધીરેલી રકમ વસૂલ કરવા માટે પણ કાયદા કર્યા હતા. મિરાતે સિકંદરી લખે છે કે "આ કારણથી વ્યાજખોરિયા લોકો સંકટમાં આવી પડ્યા, અને લોકો તેમને કૂતરા જેવા ગણવા લાગ્યા. સુલતાન વારવાર કહેતો કે જો મુસલમાન વ્યાજે પૈસા લે તો તેમનાથી ધર્મસંગ્રામ કેવી રીતે લડી શકાય? આ કારણથી પરમેશ્વર એમને હમેશાં વિજય આપતો "[૧૧] સિકંદરી આગળ લખે છે કે સૌરાષ્ટ્રમાં જૂનાગઢ અને દ્વારકા જીત્યા પછી સુલતાન અમદાવાદ આવતાં પહેલાં સરખેજમાં ત્રણ દિવસ રોકાયો અને લડાઈમાં મરણ પામેલાઓનાં સગાં અને વિધવાઓને બોલાવીને ખૂબ આશ્વાસન આપતા એનુ હૃદય શોકથી ભરાઈ ગયુ ને આંખમાં આંસુ આવ્યાં. બીજા અમીરોએ એવો શોક ન કરવા સુલતાનને વિનંતી કરી ત્યારે એ બોલ્યો કે "લડાઈમાંથી પોતે સહીસલામત આવ્યો અને જેમણે પોતાનાં વહાલાં સગાં ખોયાં અને જેમણે પોતાના પતિ ખોયા એવી વિધવાઓને એ પોતે ન મળે તો એ રાજા કેવો માણસાઈથી હીન કહેવાય?" અમદાવાદનો કાજી નજમુદ્દીન સુલતાનને મુબારકબાદી આપવા આવ્યો ત્યારે એણે કાજીને કહ્યું કે

"મને તો ઠીક પણ જેમના છોકરા કે ભાઈઓના જીવ ગયા તેમનું શું? જો આ પાંચ વર્ષ બધા ઘેર જ રહ્યા હોત તો વસ્તી કેટલી વધત!"[૧૨] લશ્કરીઓને માટે આવી હમદર્દી બતાવનાર રાજાનું લશ્કર સારું હોય એમાં શંકા નથી. સિકંદરી આગળ એમ પણ લખે છે કે જ્યારે સુલતાન મહમૂદ દક્ષિણના નિઝામશાહની મદદે બુરહાનપુર તરફ મોટું લશ્કર લઈને ગયો ત્યારે એવું સુસજ્જ લશ્કર એ સમયના કોઈ પણ બાદશાહ પાસે નહોતું. સુલતાને પોતાના ખીસાખર્ચના અને પૂર્વના સુલતાનોએ સંગ્રહ કરેલા ખજાનાનો મોટો ભાગ લશ્કરને ઈનામો આપવામાં ખરચી નાખ્યો. લશ્કરની આ બધી વિગતો મુસલમાન તવારીખકારો આપે છે, પરંતુ એમાં હિંદુ સિપાઈઓની સ્થિતિ શી હતી તે માટે સ્પષ્ટ લખેલું નથી. અકબરના સમયની પેઠે મોટા હિંદુઓના નામ ભાગ્યે જ જણાય છે. પરંતુ જે ઉલ્લેખો મળે છે તે ઉપરથી હિંદુઓ લશ્કરમાં સામાન્ય નાની નોકરીઓ ઉપર તો નિમાતા અને કોઈ વાર હિંદુ અધિકારીઓનાં નામ પણ મળે છે, પરંતુ એમના ઉપરી તો મુસલમાન જ રહેતા. સલ્તનતના તવારીખકારો અકબરના તવારીખનવીસો જેટલા આ બાબતમાં સ્પષ્ટ નથી.

આબાદી અને વ્યવસ્થા

તવારીખકાર કહે છે કે આ સુલતાનના સમયમાં "ગૂજરાત દેશને નથી તેજી આવી એવી તેજી કોઈ પણ દિવસ આવી નથી." સિપાઈની સ્થિતિ સારી હતી અને રૈયતને કોઈ જાતનો ઉપદ્રવ નહોતો. સાધુ સંતો સ્થિર ચિત્તથી પ્રાર્થનામાં મશગૂલ રહેતા, વેપારી

૧૨. સિકંદરી પૃ. ૧૧૦. છોકરાઓને બાપની મનસબ પણ આપી. આમાં એમ લખે છે. સિકંદરી આ બાબતમાં એક કવિના લખે છે — "તું જો બીજા માણસના દુઃખથી ગમગીન ન થાય તો તને મનુષ્ય નામ આપવું લાયક નથી."

ઓ પોતાના નફાથી ખુશહાલ હતા, દેશમાં સહીસલામતી હતી તથા ચોરોનો ભય નહોતો. વેપારીઓના રસ્તા ભય વગરના હતા અને લૂંટારાઓનો ભય નાબૂદ કરવા માટે રસ્તાઓમાં સહીસલામતીનાં પગલાં લીધેલાં હતાં. પ્રવાસીઓ માટે મોટી મોટી ધર્મશાળાઓ બંધાવી હતી, તથા પાઠશાળાઓ-મદ્રેસા અને મસ્જિદો પણ બંધાવી હતી. મોટા ગુનાહ સિવાય કોઈની જાગીર પાછી લઈ લેવામા આવતી નહિ, સરકારનું મહેસૂલ જે ઠરાવેલું હોય તે જ લેવામાં આવતું. સુલતાન પોતે સાધુઓનો શિષ્ય હતો એટલે સંતોની જાગીરોમાં તો વધારો કરતો હતો.[૧૩] એમ કહેવાય છે કે એક અમીર મરણ પામ્યો ત્યારે એનો છોકરો જાગીરને લાયક નહોતો. અમીરોએ એને જાગીર ન આપવાની સલાહ આપી કહ્યું કે એ પદવીને લાયક નથી. ત્યારે સુલતાન બોલ્યો કે "એને જાગીર આપીશુ તો એને માથે પડેલી જોખમદારી એને પદવીને લાયક બનાવશે."[૧૪] સુલતાન મહમૂદના રાજ્યમા કોઈ પણ માણસ બીજાને ઈજા કરવાની શક્તિ ધરાવતો નહિ. સિકંદરીનો લેખક એ માટે એક બેત આ પ્રમાણે કહે છેઃ "જુલમગારોમાં તારા રોફને લીધે એવી તો બીક પેસી ગઈ છે કે એક કબૂતર પર પણ કોઈ બાજ પક્ષી છોડી શકતુ નથી."[૧૫] મિરાતે સિકંદરી લખે છે કે એના સમયમા અનાજ કદી મોઘું થયું નથી અને સોંઘવારી હંમેશ રહી છે

---

૧૩. મિરાતે સિકંદરી, ગુ ભા. પૃ. ૭૮

૧૪. ઉપર મુજબ, પૃ. ૭૮. ડો. બર્ડે ઈ. સ. ૧૮૪૬ માં મિરાતે અહમદીના ભાષાતર રૂપે ગૂજરાતનો ઇતિહાસ લખ્યો છે. એમાં મહમૂદના આ વાક્ય ઉપર લખે છે કે: This anecdote deserves the notice of our Indian legislators, who, to better the Indian character, must give the people more places of trust." એ સમયમાં (ગઈ સદીની મધ્યમાં) બ્રિટિશોને માટે આ લખવું એ નોંધપાત્ર ગણાય.

૧૫. સિકંદરી, ગુ. ભા. પૃ. ૭૯.

ન્યાય

સુલતાનના ન્યાય માટે પણ તવારીખકાર એવી જ તારીફ કરે છે એ લખે છે કે "નાના મોટા વર્ગના માણસો એકમતે કહે છે કે સુલતાન મહમૂદ જેવો ન્યાયી પાદશાહ ગૂજરાતમા એના પહેલા કે પછી કોઈ થયો નથી સિકંદરી લખે છે કે એકવાર બહાઉદ્દીન નામના લશ્કરી અમલદારે બીજા એકનુ ખૂન કરીને નાસી ગયો એ જ્યારે પકડાયો ત્યારે પોતાના લશ્કરના બે માણસોને ઊભા કરી પોતે ગુનો કર્યો છે એમ કબૂલ કરાવ્યુ અને પાછળથી બહાઉદ્દીન લાગવગ વાપરી એમને છોડાવશે આશા આપી સુલતાને એ બન્નેને મારી નખાવ્યા જ્યારે થોડા દિવસ પછી ખરી વાતની ખબર પડી ત્યારે સુલતાને બહાઉદ્દીન વગવાળો હોવા છતાં એને પણ મારી નખાવ્યો તવારીખકાર કહે છે કે "આ શિક્ષા થયા પછી સુલતાનના રાજ્યમા બીજુ નાહક ખૂન થયુ નથી" તવારીખોના આ કથનને સુલતાનના સમયના હિંદુ દસ્તાવેજો પણ ટેકો આપે છે અને બાદશાહને લગાડેલા વિશેષણોમા એને अन्याय वृक्षोन्मूलनमत्तद्विप अन्यायाधकार मार्तण्ड न्यायैक निजमंदिर, કહ્યો છે દસ્તાવેજમા રાજ્યકર્તાને એવા વિશેષણો લાગે એમાં જો કે નવાઈ જેવુ નથી દસ્તાવેજ અને પ્રશસ્તિઓ એ બાબતમા લગભગ સરખા જ ગણી શકાય પરંતુ આ એક જ દસ્તાવેજમા બીજા વિશેષણોની સાથે ન્યાયને લગતાં એક સાથે આટલા વિશેષણો ખાસ ધ્યાન ખેચે તેવાં ગણીએ તો વાંધો નહિ ગૂજરાત સલ્તનતના બીજા સુલતાનોના દસ્તાવેજોમા આટલા ન્યાય માટેના વિશેષણો દેખાતા નથી એ મહમૂદના ચારિત્ર્યનું એક ખાસ લક્ષણ ગણી શકાય [16]

---

૧૬ મિરાતે સિકંદરી પૃ ૭૮-૭૯ અને ૯૦ જુઓ મારો અમદાવાદનો ઇતિહાસ એમા મહમૂદના ચારિત્ર્યના વર્ણનમા આ દસ્તાવેજના ઉલ્લેખો આપેલા છે પૃ ૭૦.

ગૂ ૧૫

લોકસ્થિતિ

દેશની આબાદી માટે સુલતાન ખાસ કાળજી રાખતો. એ બહાર નીકળતો ત્યારે શહેર કે કસ્બામાં કોઈની દુકાન કે ઘર ખાલી દેખતો તો ત્યાંના અધિકારીઓને બોલાવી તેનું કારણ પૂછતો, અને એ માણસને કોઈ વાતની જરૂર હોય તો તે પૂરી પાડવા હુકમ કરતો. સિકંદર લખે છે કે "કુરાને શરીફની આયત છે કે જે દાખલ થાય છે તે સહીસલામત છે" એ પ્રમાણે ગુજરાતની સ્થિતિ છે,[૧૭] એટલે કે ગૂજરાતના લોકો સુખી છે. આ કથન જોતાં હિંદુ મુસલમાન પ્રજા સુખી હોવી જોઈએ. અમદાવાદના લોકોમાં એવુ કહેવાતું કે મુસલમાન સલ્તનતના સમયમાં હિંદુ લોકો પરાંમાં રહી શકતા, શહેરમાં એમને રહેવા દેવામાં આવતા નહિ. આ કથન દસ્તાવેજમાં હિંદુનાં ઘર શહેરની વચ્ચે હતાં એવો પુરાવો મળવાથી ખોટું ઠરે છે.[૧૮] એટલે ધાર્મિક બાબતો સિવાય પ્રજાને બીજું દુઃખ નહિ હોય એમ સમજાય છે. ધાર્મિક બાબતમા પણ નવા મંદિરો બાધવાનો પ્રતિબંધ હશે અને જાહેરમા તહેવારોની ઉજવણી નહિ થઈ શકતી હોય[૧૯] જો કે આવા ઉલ્લેખ પણ ગૂજરાત સલ્તનતના પાછલા ભાગમાં એક જ વખત દેખાય છે. દિલ્હીના સુલતાનોએ જજિયા વેરો નાંખેલો. એવો વેરો કે ઔરંગઝેબના સમયમાં વેપારી બાબતમાં હિંદુ મુસલમાનમાં ફેર ગણવામાં આવતો એવું કાંઈ સલ્તનતના સમયમાં થયું હોય એમ તવારીખો ઉપરથી તો લાગતું નથી. આવી જાતના જુલમ ગૂજરાત સલ્તનતના પાછલા ભાગમાં જ્યારે અમીરોનુ જોર સુલતાન મહમૂદ બીજા (શહીદ)ના વખતમા વધેલું ત્યારે દેખાય છે. વહીવટની બાબતમા પણ ગૂજરાત સલ્તનતમાં ખાસ ફેરફાર થયા હોય એમ

૧૯. મિરાતે સિકંદરી, ગૂ. ભા. પૃ. ૭૮, અને ૮૧.

૧૮. અમદાવાદમાં ઢીકવા લત્તામાં હાજાપટેલની પોળના એક હિંદુના ઘરનો દસ્તાવેજ છે. જુઓ લેખપદ્ધતિ.

૧૯. પ્રો. બેનીપ્રસાદનો "હિંદુ મુસ્લિમ પ્રશ્ન" નામનો અંગ્રેજી ગ્રંથ.

દેખાતુ નથી અને ગામડામા તો પ્રાચીન પ્રણાલિકાઓ દરેક ક્ષેત્રમા ચાલુ રહેલી હોય એમ સમજાય છે [૨૦] જે કોઈ ફેરફાર થયા તે મોટા શહેરોમા જ થયા હોય એમ લાગે છે કચેરીઓમા મોગલાઈની પેઠે ફારસી કે અગ્રેજોની પેઠે અગ્રેજી ભાષા ગૂજરાતના સુલતાનોએ દાખલ કરી હોય એવા પુરાવા મળતા નથી દસ્તાવેજો જૂની રીત પ્રમાણે અર્ધસસ્કૃત અર્ધગૂજરાતીમાં મળે છે ફારસીને કચેરીની ભાષા તરીકે અકબરના હિદુ પ્રધાન રાજા ટોડરમલે જ દાખલ કરી

વૃક્ષારોપણ અને બગીચાનો શોખ

સુલતાન મહમૂદને ઝાડો ઉછેરવાનો તથા બગીચાનો ખૂબ શોખ હતો સિકદર લખે છે કે આબા, દાડમ રાયણ જાબુ, નારિયેળ, બેર, મહુડા વગેરે ઝાડ જે ગૂજરાતમા ખૂબ ઊગે છે તે આ સુલતાનની મહેનતને લીધે છે રૈયતનો જે માણસ પોતાની જમીનમા ઝાડ વાવતો એને સુલતાન ઉત્તેજન આપતો એ કારણથી ઝાડ ઉછેરીને બાગ બગીચા બનાવવામા લોકોને ખૂબ રસ પડવા લાગ્યો કહે છે કે સુલતાન ફરવા નીકળતો ત્યારે કોઈ ગરીબની ઝૂપડી પાસે કોઈ ઝાડ ઉછેરતુ દેખાય તો ઘોડો ઊભો રાખીને પૂછતો કે પાણી ક્યાથી લાવીને પાય છે જો એ માણસ એમ કહેતો કે પાણી દૂરથી લાવવુ પડે છે અને રસ્તામાં મુશ્કેલી છે તો પાસે કૂવો ખોદાવી આપતો અમુક ઝાડ ઉછેરવા માટે ઇનામ આપવાનુ પણ કહેતો [૨૧]

બાગેફિરદોશ

અમદાવાદ શહેરના અગ્નિ ખૂણામા વસ્ત્રાલ ગામની પાસે બાગે ફિરદોશ નામે એક મોટો બાગ પાંચ કોસ લાબો અને એક કોસ પહોળો આ સુલતાને કરાવ્યો હતો એમા આંબા, હરડે વગેરે ઝાડ

૨૦ દસ્તાવેજોમા પચકુળની પ્રાચીન હિદુ પ્રણાલિકા માત્ર મુસલમાન અધિકારીઓના નામ સાથે ચાલુ રહી હોય એમ દેખાય છે

૨૧ મિરાતે સિક રી પૃ ૮૧

રોપાવેલાં. આ બાગમાં એટલાં બધાં ઝાડ હતાં કે એને નવલખો બાગ પણ કહેતા હતા. શહેરની પૂર્વમાં બાગેશાબાન આ સુલતાનના સમયમાં પૂરો થયો એમ કહી શકાય અને અગ્નિખૂણામાં આ મોટો બાગ થવાથી અને દક્ષિણમાં કાંકરિયું, નગીના બાગ તથા ઘટામંડળના મહેલો વગેરે હોવાથી અમદાવાદ શહેરની પૂર્વ અને દક્ષિણ દિશાઓ તળાવો અને ઉદ્યાનોથી છવાઈ ગઈ હશે અને શહેરમાં એને લીધે ઠંડક પણ રહેતી હશે બાગેફિરદોશ મિરાતે અહમદી લખાઈ (૧૭૬૦) ત્યારે નાશ પામ્યો હતો એને મહમૂદના સમયમાં બુરજોવાળો કોટ હતો તે અઢારમી સદીમાં પડી ગયો હતો અને માત્ર બુરજો તથા દરવાજો રહ્યા હતા. એ વખતે એને "રાણીનો બાગ" પણ કહેતા હતા. વખત જતાં બાગ નાશ પામ્યો અને "બાગફરદોસ" નામે ગામડું હવેલી પરગણા (દસક્રોઈ)મા ગણાવા લાગ્યું. બાગેફિરદોશ એટલે સ્વર્ગનો બાગ. મરાઠા સમયમા શહેર વેરાન થયું ત્યારે શહેર બહાર તો ખેતરો અને ખંડેરો જ હતાં બ્રિટિશ સમયમાં આ "સ્વર્ગ બાગ"માં અમદાવાદની શહેર સુધરાઈ શહેરનો મળ ઠાલવે છે.[૨૨]

અમદાવાદ ઉપરાંત સુલતાન મહમૂદે ચાંપાનેર જીતીને ત્યાં કામચલાઊ રાજધાની કરી ત્યારે ચાંપાનેરથી ત્રણ માઈલ દૂર આવેલા હાલોલ ગામ પાસે બાગેહાલુલ નામે એક નવી રીતનો બાગ કરાવેલો.[૨૩] એનુ વર્ણન યથાસ્થાને કરીશુ. આમ આ સુલતાન ગૂજરાતમા મકાનો બાંધનાર ઉપરાત બાગ બનાવી વનસ્પતિ વધારનાર તરીકે પ્રસિદ્ધ છે. આજે આખા દેશને ઝાડ ઉગાડવાની જરૂર માટે મધ્યસ્થ સરકારના અન્નસચિવને વનમહોત્સવ ઉજવવાની પ્રેરણા થઈ છે તે યોગ્ય જ છે,

૨૨. સિકંદરીમા પૃ. ૮૧ મા આ બાગનો સામાન્ય ઉલ્લેખ છે, પણ મિરાતે અહમદીની પુરવણીમાં બગીચાઓનાં વર્ણનમાં એની વિસ્તારથી હકીકત આપેલી છે. અમદાવાદના ઇતિહાસમા ઉદ્યાનોના પ્રકરણમા આ મેં આપેલી છે.

૨૩. ઉપર મુજબ, પૃ. ૧૧૭-૧૧૮. એ બાગ બનાવનારો ખુરાસાનનો બગીચાનિષ્ણાત હતો.

પરંતુ આશરે પાંચ સદીઓ પૂર્વે આ સુલતાનને પણ આ ખ્યાલ આવ્યો હતો હિંદમાં વૃક્ષો વધારવાની જરૂર બીજા કોઈ પણ પ્રાંત કરતાં ગુજરાતને વધારે છે એ વાત આજની પેઠે એ સમયે પણ સત્ય હતી એટલું સમજાય છે મહમૂદને મુખ્ય રસ્તાઓની બંને બાજૂ પગુ છાયાવાળાં ઘટાદાર વૃક્ષો રોપવાનો શોખ હતો સિકંદરી લખે છે કે આ સુલતાનના અમીર ખુદાવંદખાન મલીક અલીમે દક્ષિણથી અંજીર અને ખસખસના બી મગાવી ગુજરાતમાં એ વાવવાનું શરૂ કર્યું [૨૪] ગુજરાત સલ્તનતના છેવટના ભાગમાં લડાઈઓ અને અવ્યવસ્થાથી દેશ આખો વેરાન જેવો બન્યો હતો એવા સમયમાં પણ અકબરના સમયના ઇતિહાસકાર અબુલફઝલને ગુજરાત લીલો લાગ્યો હતો અને અમદાવાદથી પાટણ સુધીનો રસ્તો સુંદર વૃક્ષોથી ભરેલો હતો એવો એ ઉલ્લેખ કરે છે આજના સૂકા અને ધૂળિયા ગુજરાતને જોતાં આ વર્ણનો વાંચી સુલતાન મહમૂદના શોખ માટે તથા સામાન્ય લોકને સુખી કરવાના એના પ્રયત્નો માટે માન ઉપજે એવું છે

શહેરો વસાવ્યાં

સુલતાન મહમૂદે બગીચા, મકાનો અને મસ્જિદો બંધાવ્યાં એમ એણે શહેરો પણ વસાવ્યાં છે વાત્રક નદીનું પાણી એને ઉત્તમ લાગવાથી એને કાંઠે પોતાને નામે મહમુદાબાદ નામનું શહેર વસાવ્યું અને વાત્રકને કાંઠે મહેલો બંધાવ્યા એનાં ખંડેરો આજે પણ દેખાય છે [૨૫] સલ્તનતના સમયમાં અમદાવાદ શહેરના આ દક્ષિણ તરફના વિભાગોની આબાદી એટલી સારી હતી કે અમદાવાદથી મહેમદાવાદ સુધી જાણે વસ્તીમાં ફરતા હોઈએ એવું લાગતું હતું અહી એમ

૨૪ સિકંદરી પૃ ૧૪૬

૨૫. ૩૫૨ મુજબ પૃ ૧૧૨. સિકંદરીનો લેખક વાત્રકના પાણી અને હવાના ... ખૂબ અતિ ... બહુ વખાણ કરે છે તે સુલતાન મહમૂદ ... સમયના વર્ણનમાં આપ્યું છે

વાતની ખાસ નોંધ લેવાની જરૂર છે. ખુદ અમદાવાદ શહેરને ફરતો મોટો કોટ આ સુલતાને બાંધ્યો છે. અહમદશાહે તો શહેર વસાવી માત્ર ભદ્રનો કિલ્લો તથા મસ્જિદો બાંધી એ પાછળ જતાઈ ગયા. એ પછી શહેર વધ્યાથી મહમૂદને વધુ સલામતી માટે શહેરનો કોટ બાંધવાની ઇચ્છા થઈ અને ઈ.સ. ૧૪૮૬ (હિજરી ૮૯૨)માં શહેરનો કોટ તૈયાર થયો એનુ વર્ષ અબ્જદ પદ્ધતિ પ્રમાણે "મનદખલ હુ કાન આમેન—જે અંદર છે તે સહિસલામત છે," એ વાક્યના શબ્દો ઉપરથી નીકળે છે. અમદાવાદના દરવાજાનાં નામો દરિયાપુર, કાલુપુર, સારંગપુર, જમાલપુર, વગેરે સુલતાન મહમૂદના ખાસ મિત્ર જેવા અમીરોનાં નામ ઉપરથી પડેલાં છે. અમદાવાદમાં અહમદશાહનો બાંધેલો પવિત્ર કોટ ના પાડવો જોઈએ એ માટે જે વિરોધ થયેલો એ આ રીતે અર્થહીન હતો. કોટનો વિચિત્ર આકાર, બંધાવાની ચર્ચા અમદાવાદના ઇતિહાસમાં એક ખાસ પ્રકરણમાં મેં કરી છે. આ સુલતાને જૂનાગઢ છત્યું ત્યારે ત્યાં નવું શહેર બાંધ્યું તેનુ નામ મુસ્તફાબાદ રાખ્યું અને ચાંપાનેર છત્યુ ત્યા નવું શહેર બાંધ્યું તેનું નામ મુહમ્મદાબાદ રાખ્યું એના ઉલ્લેખ યથાસ્થાને કરીશું. આમ આ સુલતાન શહેરો વસાવવા માટે પણ પ્રસિદ્ધ છે

એની ભક્તિ

સુલતાન ઇસ્લામ ધર્મ પ્રમાણે ચુસ્ત અને નિષ્ઠાવાળો પુરુષ હતો. મિરાતે સિકંદરીનો લેખક એના ધાર્મિક વલણનુ વર્ણન કરતાં લખે છે કે વૃદ્ધાવસ્થામાં સુલતાન મહમૂદ ઈશ્વરભક્તિમા જ્યારે બેસતો ત્યારે એકાંતમાં એની આંખમાં અશ્રુ આવતા અને રુદન કરતો. મલીક સારંગે એને આ બાબતનુ કારણ પૂછ્યું ત્યારે એણે ઉત્તર દીધો કે, "મારા મુરબ્બી હજરત શાહઆલમ કહેતા કે મહમૂદ આખરે (જ્ઞાની) થશે, પરંતુ મારામાં એવુ કાંઈ દેખાતુ નથી, અને હું ઈશ્વરને ઓળખી શક્યો નથી તેથી મને શોક થાય છે." સિકંદર

લખે છે કે એવા જ્ઞાનની પ્રાપ્તિ માટે એણે હજરત કુતુબે આલમ સાહેબના શિષ્ય શેખ અલી ખતીબના શિષ્ય શેખ સિરાજુદ્દીનનો સેવક અને શિષ્ય થવાની ઇચ્છા કરેલી અને પોતાના એક મિત્ર અમીનુલ્મુલ્કની મારફતે એ સાધુપુરુષનો સત્સંગ સાધ્યો કહે છે કે સુલતાને મનની બધી વાત શેખને કહી અને શેખે દુનિયાની ઉપાધિનો ત્યાગ કરવાનું કહ્યું ત્યારે સુલતાને એ પણ કબૂલ કર્યું, પરંતુ બધાના આશ્ચર્યની વચ્ચે શેખે સુલતાનના હિસાબી ખાતામાં નોકરી માગી અને પોતાની ઝૂંપડી જે સાબરમતીને સામે કાંઠે હતી તે છોડી શહેરમાં રહેવા આવ્યા આ નોકરી દરમ્યાન શેખે સુલતાનને એવું બતાવ્યું કે સંસારમાં રહેવા છતાં જ્ઞાન અને વિરક્તિ સાધી શકાય છે અને સુલતાનને એ જ્ઞાનથી શાંતિ તથા સંતોષ થયો કે તુરત જ શેખ નોકરી ને સંસારી વેશ છોડી પાછા પોતાની ઝૂંપડીમાં ગયા શેખે જ્યારે નોકરી લીધેલી ત્યારે આશ્ચર્યથી એમના ઘણા જૂના શિષ્યોને એ ઢોંગી લાગેલા અને બધા એમને છોડી ચાલ્યા ગયેલા, પણ પાછળથી બધાને સત્ય સમજાયું એમ કહેવાય છે કે સુલતાને જ્યારે જ્ઞાનપ્રાપ્તિ માટે રાજ્ય છોડવા કહ્યું ત્યારે શેખે કહ્યું કે "પાદશાહી જો ન્યાયથી ચલાવવામાં આવે તો એમાં કાંઈ વાંધો નથી રાજા માટે તો ન્યાયની એક ક્ષણ પણ સો વર્ષની પવિત્રતા અને તપશ્ચર્યાની બરોબર છે સાધુની ટોપી પહેરવાથી કાંઈ સાધુતા દેખાતી નથી સાધુનું આચરણ રાખીને ભલે માણસ બાદશાહી ટોપી પહેરે" સિકંદર આ વાતમાં કવિ ખાકાનીની બેત ટાંકે છે—કે નીસ વર્ષે ખાકાનીને આ ધર્મ સમજાયો કે સાધુ રાજા છે અને રાજા સાધુ છે [૨૬] સિકંદર આગળ લખે છે કે સુલતાને દીક્ષા લીધું નહોતું છતાં

---

૨૬ સિકંદરી પૃ ૮૨ થી ૮૬ આ વર્ણન સિકંદરે ખૂબ લંબાણથી આપ્યું છે સુલતાનના ચારિત્ર્ય માટે ઉપયોગી હોવાથી અહીં એનો ટૂંક સાર આપ્યો છે

અનુભવથી કવિઓ, વિદ્વાનો અને પંડિતો સાથે સમય ગાળી શકતો ૨૭

બેગડો ઉપનામનો અર્થ

આ સુલતાન મહમૂદ બેગડાની કેટલીક અંગત વાતો પણ રસમય છે અને એને લીધે એ યુરોપના દેશોમા પ્રસિદ્ધ થયો હતો. એ દૃષ્ટિએ ગૂજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં એ વાતોને સ્થાન છે. ગૂજરાતના ઇતિહાસમાં આ સુલતાન "બેગડા"ના નામથી પ્રસિદ્ધ છે. આ બેગડા શબ્દ માટે ખરા અર્થનો નિર્ણય હજી થયો નથી. ઇ, સ ૧૬૧૧ માં લખાયેલી મિરાતે સિકંદરી પણ એ શબ્દને માટે બે જાતના અર્થ કરે છે. લોકવાયકામાં "બેગડો" એટલે બે ગઢ, જૂનાગઢ અને ચાંપાનેરના બે ગઢ કિલ્લાઓ–જીતનારો માટે "બેગઢો" અને તે ઉપરથી "બેગડો" કહેવાયો એમ લખે છે. આ ભાટ લોકોની રીત પ્રમાણે શબ્દોની રમત કરી ઉપજાવેલી રીત દેખાય છે સિકંદરી બીજા અર્થ માટે વળતાં કહે છે કે ગૂજરાતી ભાષામાં બે હાથ પહોળા કરીને ઊંચા કરીએ ને જે દેખાવ થાય એવા મોટાં પહોળાં વાંકોડિયાં શિંગડાંવાળા બળદને "વેગડો" કહે છે. સુલતાનની મૂછો મોટી અને એવા આકારની હતી તેથી એને 'બેગડો' કહેતા હશે ૨૮ સિકંદરીની આ માન્યતા ખરી હોય એમ લાગે છે. જૂની

૨૭. કવિઓ, પંડિતો અને એમની સાથેની વાતોમાં સુલતાન માર્મિક ખુલાસા પણ કરતો એના દાખલા સિકંદરીમા પૃ. ૮૬–૮૭ માં આપ્યા છે, પરંતુ એમા ખાસ મહત્ત્વ નથી દેખાતુ

૨૮. સિકંદરી ગૂ ભા. પૃ. ૭૩. શાહેનશાહ જહાંગીર પોતાની રોજનીશીમાં મહમૂદના "બેગડા" નામની બાબતમા લખે છે કે બેગડા શબ્દનો અર્થ ગૂજરાતી ભાષામાં 'વાંકડી મૂછો' એવો થાય છે. બે ગઢ જીત્યાની વાત જહાંગીરે નોંધી નથી, એટલે શિંગડાંના આકારની વાતને ટેકો મળે છે. ફિરિસ્તા બન્ને અર્થોની નોંધ લે છે. પણ બન્ને અર્થ લખીને ખરુંખોટું ઈશ્વર જાણે એમ લખે છે. સિકંદરીનો અને જહાંગીરના ઉલ્લેખનો સમય એક જ છે. 'વેગડો' અથવા 'બેગડો' શબ્દ બળદના અર્થમાં ગૂજરાતી સાહિત્યમાં પણ

ગુજરાતીમા વહાણના પ્રકારોમાં એક "વેગડો" નામનુ વહાણ છે અને એનો આકાર પણ વેગડા બળદના શિંગડા જેવો જ હોય છે[૨૯] એ જોતા એ અર્થ ખરો હોય એમ સમજાય છે ગુજરાતીઓને શારીરિક વિચિત્રતાઓ ઉપરથી ઉપનામો પાડવાની ટેવ હતી એવા ઘણા દાખલા મળી આવે છે[૩૦]

યુરોપના દેશોમા આપણા દેશના રાજાઓ અને બાદશાહોમા આ સુલતાન મહમૂ જેટલુ એ સમયમાં કોઈ પ્રસિદ્ધ નહોતું સોળમી સદીની શરૂઆતમાં હિંદમા આવેલા યુરોપીય મુસાફરો લ્યુડોવિકો ડી વરથેમા અને પોર્ચુગીઝ મુસાફર બારબોસા ગૂજરાતમાં આવેલા એ લોકોએ પોતાની મુસાફરીનાં વર્ણનો લખેલા છે એમાં મહમૂની ટેવો અને શરીરનુ વર્ણન વિચિત્ર રીતે કરેલુ છે વરથેમા લખે છે કે "સુલતાનની મૂછો એટલી તો લાંબી હતી કે જેમ અંબોડો વાળે

વપરાયેલો છે અને બીજાઓમા એનુ નામ પણ મળી આવે છે પ્રો કોમિસેરિયેટ એમના ઇતિહાસમા નોરમા ટાઇમ્સ ઓફ ઇન્ડિયામા આવેલા દુનિયામા લાંબામા લાંબી મૂછોવાળા માણસના એક લેખનો હવાલો આપે છે એમા લખેલુ છે કે સિંગાપુરમા રહેતા એક ભારત ની નામના મદ્રાસી ગૃહસ્થની મૂછો પાચ ફૂટ ચાર ઇંચ લાંબી હતી એટલે લાંબી મૂછો એ અતિશયોક્તિ ન હોય પરંતુ મહમૂ પોતાની મૂછોની આંકડા વાળતો બાંધતો હતો એ ખરુ હોય તો એને 'બેગડો' ઉપનામ યોગ્ય લાગે નહિ. એ ઉપનામ ઉપરથી તો લાંબી પાગ એના બેઉ મુખ ઉપર જ શિંગડાની જેમ વાળેલા દેખાય અને એવી મૂછોને તાલ દઈ શકાય એમ જ સમજાય છે મુસાફરોના વર્ણનમા આટલી લાંબી મૂછોનું વર્ણન તેઓએ ઊડતી બધી અતિશયોક્તિ જેવુ જ મને લાગે છે માત્ર શિંગડાંની કહે છે તેમ બળદનાં શિંગડાં જેવી વાંકી મૂછો હશે એટલું ખરુ લાગે છે

૨૯ જુઓ મારો વહાણવટાનો નિબંધ વસંત રજત મહોત્સવ સ્મારક ગ્રંથ. આ જાતના વહાણનો દેખાવ બીજના ચંદ્ર જેવો છે છેડા ઊંચા હોય એવો હોય છે વહાણવટાના પ્રકરણમા એનું વર્ણન કરીશું બળદના શિંગડાનો અર્ધ આ વહાણના આકારને બંધ બેસે છે

૩૦ જેવી રીતે જાડા માણસને બબ કે પીપ કહે છે

છે એમ એ બે છેડાને પાછળ લઈ ગાંઠ વાળી શકતો. એની દાઢી એની કમર સુધી પહોંચે એટલી લાંબી હતી, એ રોજ વિષ ખાતો એનો અર્થ એવો નથી કે એ ઝેરથી પેટ ભરતો પણ અમુક પ્રમાણમાં ખાતો. કોઈને મારી નાખવાની એની ઇચ્છા થાય ત્યારે એ પાન સાથે જાયફળ ચાવીને એ માણસના કપડાં કઢાવી નાંખીને એના ઉપર પાનની પિચકારી મારતો એટલે એના થૂંકના ઝેરથી એ બિચારો માણસ અરધા કલાકમા જ મરણને શરણ થતો. એ જ્યારે જ્યારે એવું પહેરણ કાઢતો ત્યારે એને કોઈ પણ અડી શકતુ નહિ. મારા એક સાથીએ પૂછ્યું કે સુલતાન આ ઝેર શી રીતે ખાઈ શકતો ? ઉત્તરમાં સુલતાનથી મોટી ઉમરના વેપારીઓએ કહ્યું કે સુલતાનના બાપે એને નાનપણથી ઝેર ખવડાવીને ઉછેર્યો હતો."[31]

પરદેશીઓની વિચિત્ર વાતો

બારબોસા પણ લખે છે કે "એ શાહજાદો હતો ત્યારે બચપણથી એને ઝેર આપીને ઉછેરવામાં આવેલો હતો. બચપણમાં બહુ થોડા પ્રમાણમાં ઝેર આપવામાં આવતું અને પાછળથી ધીમે ધીમે વધારતા જઈ મોટા પ્રમાણમાં અપાતું હતું. આ કારણથી એનું શરીર એટલું બધું ઝેરી થઈ ગયુ હતુ કે એના શરીર ઉપર માંખ બેસતી તો તે ફૂલીને મરણ પામતી. ઉમરલાયક થતાં આ ઝેર ખાવાનું એનાથી છોડી શકાતું નહિ, કારણ કે છોડી દે તો કદાચ પોતે મરી જાય એવી એને બીક હતી"[32] આ બન્ને મુસાફરોનાં વર્ણનોનાં

---

૩૧. પ્રો. કોમિસેરિયેટે પૃ. ૨૩૦ માં આ આખો ઉતારો આપેલો છે.

૩૨ માગે અમદાવાદનો ઇતિહાસ. પૃ ૯૨૮ પ્રો. કૅમિસેરિયેટે પણ આ વર્ણન કરેલુ છે, Nursery tales of the Blue Beard નામના વાર્તાના પુસ્તકમાં વર્ણન છે. બ્લુબીઅર્ડ—Bluebeard–એ અંગ્રેજીમાં અદ્‌ભુત વાર્તાઓનો નાયક છે, અને એ અનેક સ્ત્રીઓને મારી નાખવા માટે જાણીતો થયો હતો. મહમૂદને માટે વિદેશી મુસાફરોએ એવી વાતો ચલાવી હતી, તેથી એને હિંદના ઇતિહાસનો બ્લુબીઅર્ડ કહેતા હતા. પણ એ બધું ગપાટા જેવું જ હતું.

પુસ્તકોના ભાષાન્તરો યુરોપની ઘણીખરી ભાષાઓમા થયા અને એ કારણથી મહમૂદની આ જાતની ખ્યાતિ યુરોપમા એટલી વધી કે વાર્તાઓ અને સાહિત્યમા એને સ્થાન મળ્યું અને એને 'હિંદના ઇતિહાસનો ભૂરી દાઢીવાળો" કહેતા[૩૩] સત્તરમી સદીમાં થયેલા અંગ્રેજ હાસ્યલેખક કવિ સેમ્યુઅલ બટલરે હુડીબ્રાસમા આ સુલતાનને માટે આ પ્રમાણે લીટીઓ લખેલી છે એમાં સુલતાનને ખંભાતનો રાજા કહ્યો છે તે ચૂક છે,[૩૩]

> "The Prince of Cambay's daily food
> is asp and basilisk and toad"

એનો અર્થ એવો છે કે ખંભાતના રાજાનો નિત્યનો ખોરાક ઝેરી સાપ, ઘો અને ઝેરી મોટા દેડકા એવો હતો સુલતાનનો આહાર અસાધારણ હતો એ આગળ જોઈશું પરંતુ આ બધી વાતો ટાઢા પહોરના ગપાટા છે એટલું કહ્યા વગર ચાલે તેમ નથી ઝેરની ચર્ચા પણ આગળ કરીશું

સુલતાનનો વિચિત્ર ખોરાક

હવે સુલતાનના ખોરાકની વાત કરીએ મિરાતે સિકંદરીનો લેખક કહે છે કે મહમૂદનો ખોરાક રોજ એક ગૂજરાતી મણ જેટલો હતો જમી રહ્યા પછી એ પાંચ શેર મમરા ખાઈ જતો એ રાત્રે સૂઈ જતો ત્યારે પલંગની બંને બાજૂએ સામોસાની રકાબીઓ ભરીને મુકાવતો કે જેથી રાત્રે જે પડખે જાગી ઊઠે તે પડખેથી હાથ લંબાવીને ખાઈ શકે અને ફરી ઊંઘી જાય, પ્રભાતની નમાઝ પછી નાસ્તામા એ એક પ્યાલો મધનું મધ અને પ્યાલો ઘી પી

૩૩ સેમ્યુઅલ બટલરની આ લીટીઓ (ગમ્મત ખાતર) ઇતિહાસલેખક ટાંકે છે Basilisk ને અંગ્રેજીમા એક પ્રકારનું પૌરાણિક પ્રાણી જેનું ઝેરી પ્રાણ કહે છે આપણે જેને ઘો કહીએ છીએ તેને પણ અંગ્રેજીમા આ શબ્દ લગાડે છે આપણામા વિષકન્યાની પ્રથાને જાણીતો છે તે સૂચક છે

જતો, અને દોઢસો સોનેરી કેળાં ખાઈ જતો[૩૪] સુલતાન એમ બોલતો કે "ખુદાએ મને બાદશાહ ન બનાવ્યો હોત તો મારું પેટ કોણ ભરત?" એમ કહેવાય છે કે જૂનાગઢ અને ચાંપાનેર આગળ નવાં શહેરો બાંધ્યાં છતાં અને ગિરનાર અગર પાવાગઢ ઉપરના મહેલોમાં ગ્રીષ્મમાં ગરમી ઓછી લાગે એમ છતાં સુલતાન ઉનાળામાં અમદાવાદમાં રહેવા આવતો. એનું કારણ એ હતું કે એને અમદાવાદની રેટી અને તડબૂચ ખૂબ ભાવતાં હતાં.[૩૫]

હવે આ બધી વાતોની જરા ચર્ચા કરવી જરૂરની છે. સુલતાનના ઝેરના ખોરાકની વાતો અતિશયોક્તિવાળી જ કહી શકાય અને ઝેરી જનાવરો એ રોજ ખાતો એ વાતો મુસાફરોનાં વર્ણન ઉપરથી નાનાં છોકરાંઓને માટે યોજાયેલી વાતો તરીકે જ ગણવી પડે. આ વાતમાં એક જ સત્ય હોઈ શકે સુલતાન કુતુબુદ્દીન, મહમૂદ જ્યારે ફતેહખાન નામથી નાનો હતો, ત્યારે એને પકડીને મારી નાંખવાનો ખૂબ પ્રયત્નો કરતો હતો. મિરાતે સિકંદરીમાં એ જ્યારે એની મા સાથે શાહઆલમ સાહેબના આશ્રયે રહેતો હતો ત્યારે એને પકડવાના

---

૩૪ આ વર્ણનમાં કદાચ અતિશયોક્તિ હોય, પણ વાત છેક અશક્ય નથી. મથુરાના ચોબાઓમાં આટલો ખોરાક લેનારા હોય છે એમ કહેવાય છે. પૃથુરાજ રાસામાં ચામુંડરાયના ખોરાકનું આવું વર્ણન છે, પણ એ ચોખ્ખી અતિશયોક્તિ છે. દેશી વૈદકમાં વાજીકરણ પ્રયોગોમાં કાંઈક આવું જોવામાં આવે છે. સિકંદરી સ્પષ્ટ લખે છે કે મહમૂદનો કામ ખૂબ પ્રબળ હતો એ આ વાતને ટેકો આપે છે. કર્ણદેવનું વર્ણન કાન્હડદે પ્રબંધમાં આપેલુ છે એમાં પણ આવી જ વાત છે પ્રો કોમિસેરિયટને આ બધાં વર્ણનમાં અતિશયોક્તિ નથી લાગતી એ જરા નવાઈ જેવી વાત લાગે છે.

૩૫. પ્રો, કોમિસેરિયેટે પૃ ૨૩૨ માં સુલતાનને અમદાવાદ તરફ પક્ષપાત હતો એવા મથાળા નીચે આ ટેવ ઉપર ખાસ ટીકા કરી છે રેટી તડબૂચ માટે અમદાવાદમાં ઉનાળામા રહેવા આવે એવો આ સુલતાનને ગાંડો માનવા જેવું એના ચારિત્ર્યમા કાંઈ દેખાતુ નથી. એવુ હોત તો નવું ચાંપાનેર ન વસાવત.

કેટલાક કિસ્સા લખેલા છે અને શાહઆલમ સાહેબના ચમત્કારની અને ફતેહખાન કેવી રીતે બચી ગયો એ બધી વાતો લખેલી છે[36] એ વાતો પણ નાના છોકરાની વાતો જેવી જ લાગે છે પરંતુ રાજદરબારની ખટપટના જાણીતા લોકો કહે છે કે એવી ખટપટો ચાલતી હોય ત્યારે કુંવરને કોઈ ઝેર આપીને મારી ન નાખે એટલા માટે ખૂબ નાની માત્રામાં બચપણથી એને ઝેર આપવામા આવતુ[37] આમ કરવાથી એનુ શરીર ઝેરી થતું ગયું અને ઝેરની એના ઉપર અસર થતી નહિ આવા પ્રયોગોમા ખોરાક અને ઘી, દૂધ, મધ વગેરે ખૂબ ખાવુ પડે છે અને પ્રમાણમા પાચનશક્તિ પણ વધે છે એટલે અતિશયોક્તિ બાદ કરીએ તો સુલતાનનો ખોરાક વધારે હતો અને પાચનશક્તિ સારી હતી એટલુ માનવામાં વાંધો નથી અને ઝેરનો પ્રયોગ પણ ઉપર જોયું એ કારણથી થતો કર્ણદેવ વાઘેલાના વર્ણનમા એ નિત્ય વછનાગ ખાતો એ વાત જોઈ ગયા છીએ એ જ પ્રમાણે ટેટી ને તડબૂચ માટે સુલતાન અમદાવાદમાં ગરમીની મોસમ ગાળે એ પણ માનવા જેવું નથી કોઈ મોસમમાં રાજકાર્ય કે અકસ્માતથી ઉનાળો અમદાવાદમાં ગાળ્યો હોય એમ બને સમૃદ્ધ સુલતાન ટેટી અને તડબૂચ ચાંપાનેર બેઠે પણ મગાવી શકે એ સામાન્ય બુદ્ધિની વાત છે ઉપર લખેલી બધીયે અતિશયોક્તિ ભરેલી વાતોનુ એક જ નિરાકરણ થઈ શકે કે આપણા સમાજમા ભાટચારણોની વાતોને લીધે અને દરેક વ્યવહારની ભાષામા પણ અતિશયોક્તિ

---

36 મિરાતે સિકંદરીમા કુતુબુદ્દીનના વર્ણનમા ખૂબ ચમત્કારિક વાતો આ માટે લખેલી છે એમા એક વખત છોકરાની છોકરી થઈને દેખાયો અને એક વખત એના દાંતના પગ વાઘ જેવા દેખાયા એવી એવી વાતો લખી છે

37 સુલતાનના ખોરાકની વાત સિકંદરી લખે છે તબકાત લખતી નથી એ વાતો લોકો પાસેથી સાંભળીને માત્ર પરદેશીઓએ જ ફેલાવેલી છે અને લોકવાયકામા ઉપર જણાવ્યુ એમાં થોડું સત્ય કદાચ હોય, પણ વધારે ભાગ ગપાટા જ છે

કરવાની સામાન્ય ટેવને લીધે સમાજમા આવી વાતો પ્રસરેલી હોય છે અને પરદેશી મુસાફરો કોઈ સુલતાનના સંપર્કમાં જાતે આવી શકતા નથી એટલે વેપારીઓ પાસેથી સાંભળી રસ ઉમેરવા ખાતર પોતાનાં વર્ણનોમાં આવી વાતો લખે છે. આ જાતનાં ઉદાહરણો મળે છે.[૩૮]

"મહમૂદી" સિક્કા

સુલતાન મહમૂદની અનેક સિદ્ધિઓની પેઠે એના સમયના સિક્કાઓની વિશિષ્ટતા જરા જોવા જેવી છે ગૂજરાતના સોલંકી સમય જેવા સુવર્ણયુગના સિક્કા આપણને પ્રાપ્ત થતા નથી. એકાદ બે સામાન્ય ઉલ્લેખોથી એ સમયમાં સિક્કા હશે એટલું માત્ર અનુમાન થઈ શકે છે, પરંતુ મુસલમાન સલ્તનતના રીતસરના સિક્કાઓ મળે છે એનું વર્ણન આગળ કરીશું. પરંતુ મહમૂદના ચારિત્ર્યની જે મહત્તા અને એના લાબા રાજ્યકાળની જે સમૃદ્ધિ જોઈ તે પ્રમાણે એના સિક્કાની પણ લોકપ્રિયતા અને વિશેષતા છે ગૂજરાતમાં આ સુલતાનના સિક્કા વધુમાં વધુ મળી આવે છે, પરંતુ સિક્કાને રાજાનુ જ નામ મળે એવું ભાગ્યે જ બન્યું છે. ગમે તે રાજાના સિક્કા હોય, પણ તે બધા ટકા, દ્રમ્મ, કે રૂપિયા કહેવાય. પરંતુ મહમૂદના રૂપિયા "મહમૂદી" કહેવાય છે. અને મહમૂદીની લોકપ્રિયતા સુલતાનની પછી પણ રહી છે. નાણાંની લેવડ-દેવડના વ્યવહારમાં એનુ સ્થાન ઊચું રહ્યું છે. મિરાતે અહમદી પણ રાજ્યની આવકના ઉલ્લેખોમાં મહમૂદીનો ખાસ ઉલ્લેખ કરે છે. પ્રો કોમિસેરિયેટ લખે છે કે આવું રાજાનું નામ સિક્કાને મળ્યું હોય એવો એક જ દાખલો યુરોપમાં "નેપોલિયન"નો છે. પરતુ ગૂજરાતના હિંદુ સમયમાં મહારાજા વિસલદેવના સિક્કા એવા જ વ્યવહારમાં

---

૩૮. વીર વિક્રમ અને સિદ્ધરાજ માટે પણ વિચિત્ર વાતો યોજાયેલી છે. અને આજના વિજ્ઞાનના જમાનાના પણ છાપામા રોજ આવું કાંઈને કાંઈ દેખાય છે.

લોકપ્રિય ગણાતા અને એને માટે દસ્તાવેજોમા વિશ્વમલ્લપ્રિય દ્રમ્મ અને વિશલપ્રિય દ્રમ્મ એવા શબ્દો વપરાયેલા છે વિશ્વમલ્લ એ વિશલદેવનુ બિરુદ હતું[૩૮] એટલે સિક્કાની લોકપ્રિયતાની દૃષ્ટિએ પણ "મહમૂદી"નુ અને એને નામ આપનાર સુલતાન મહમૂદનુ મહત્ત્વ પણ ખૂબ જ છે

આમ ગૂજરાત ઉપર અર્ધી સદી સુધી સત્તા ભોગવી ગયેલા સુલતાન માટે વાર્તાસાહિત્યમા શોભે એવી વાતો ચાલે છે એ પરાક્રમી હતો, દાનો પણ હતો, શૂરવીર અને ન્યાયી પણ હતો,[૪૦] અને મુસલમાન માન્યતા પ્રમાણે ધાર્મિક પણ હતો એનો સમય ગૂજરાતનો સુવર્ણયુગ હતો સુલતાન બહાદુરશાહે ગૂજરાતની સીમાઓ મહમૂદના સમય કરતાં પણ આગળ વધારી, પરંતુ મહમૂદના જેટલો દેશ સુખી કે આબાદ નહોતો ગૂજરાતની મુસલમાન સલ્તનતનો એ આ રીતે સર્વથી મોટો અને મહાન બાદશાહ હતો

●

---

૩૯ લેખપદ્ધતિ પૃ ૨૦ અને પૃ ૪૨ નાણા અને સિક્કા તથા ટંકશાળોના વર્ણનમા આ બાબત વધારે માહિતી આપીશું

૪૦ તબકાતે અકબરી પૃ ૨૯૧ અમદાવાદનો ઇતિહાસ પૃ ૭૨૬-૭ James Douglas મહમૂદનું વર્ણન રસમય આપે છે 'He is the most ugly and interesting man in Gujarat History Like the sky terriers his beauty consists in his ugliness He is attractive and repulsive As was said of Lauderdale by his wife: The brute is an elephant, but it has an ivory tusk' This is Bigarah (અમદાવાદના ઇતિહાસમા પૃ ૭૭ની નોધ ૨ મા મે ગનામનો આ ઉલ્લેખ આપ્યો છે)

કરવાનો નિશ્ચય કરી જૂનાગઢનો વિજય કરવા માટે કૂચ કરી. એ સમયે ચુડાસમા વંશનો પ્રસિદ્ધ રા'મંડલિક જૂનાગઢનો રાજા હતો.

સિકંદરીએ કરેલું સૌરાષ્ટ્રનું વર્ણન

સૌરાષ્ટ્ર કે સુરાષ્ટ્ર એ એના નામ પ્રમાણે દરેક રીતે સુંદર પ્રદેશ હતો. સુલતાન મહમૂદ ગઝનવીએ સોમનાથના મહિમા અને અને સંપત્તિથી આકર્ષાઈને સૌરાષ્ટ્ર ઉપર ચડાઈ કરી હતી એ પાછળ જોઈ ગયા. દિલ્હીના સુલતાનોના સમયમાં પણ સોરઠ ઉપર ચડાઈ થયેલી અને મુહમ્મદ તઘલકે સોરઠમાં નિવાસ કરેલો એ પણ જોઈ ગયા. મિરાતે સિકંદરી સોરઠની પ્રશંસા કરે છે એ અહીં જોવા જેવી છે: "ગિરનારનો રાજા કોઈ બાદશાહની બીક રાખતો નહિ, કારણ એનો કિલ્લો આકાશ જેટલો ઊંચો હતો અને ત્યા સુધી કોઈનો પાશ પહોંચ્યો નથી. જૂનાગઢના કિલ્લામાં એનુ રહેઠાણ હતુ અને એ કિલ્લાની દીવાલો સિકંદરના કિલ્લા જેવી હતી સોરઠ જેવા દેશનો રાજા ધણી હતો. સોરઠ દેશ એવો સરસ છે કે જાણે પરમેશ્વરે પોતે માળવા, ખાનદેશ અને ગૂજરાતમાથી તત્ત્વ ચૂંટી કાટી દુનિયાના લોકોને બતાવવાને માટે બનાવ્યો હતો. અથવા તો જાણે કુદરતના નાણાવટીએ આ ત્રણે દેશોની કસોટીરૂપ બનાવ્યો હતો. એના બંદરો બીજા દેશનાં બંદરો કરતાં ચડિયાતાં હતા, કારણ કે આ ત્રણે દેશોમા જે અનાજ ફળ આવતા એ એ દેશનાં બંદરોમાં થઈને આવતા અને બીજો માલ પણ એ દેશનાં બંદરોમાં થઈને આવતો."[૫]

સોરઠના લૂંટારાઓ હમેશા ગૂજરાતની સીમ ઉપર લૂંટ ચલાવતા સુલતાન અહમદશાહે સોરઠ ઉપર ચડાઈ કરેલી, પણ એમાં એને ખાસ વિજય પ્રાપ્ત થયેલો નહિં, અને માત્ર મુલક તારાજ કરી

---

૫. મિરાતે સિકંદરી, ગૂ. ભા. પૃ. ૯૧. આ પછી સિકંદર પોતાના સમયમાં સોરઠનુ વર્ણન કરે છે. તે યથાસ્થાને જોઈશું.

સોમને ત્રાસ આપી પાછો ફર્યો સુલતાન મહમૂદને સોરઠ જીતવાનું મન ઘણા સમયથી હતું, પરંતુ સોરઠના કિલ્લાઓની મજબૂતી અને એ જીતવા માટે જે સામગ્રી જોઈએ એ બધી તૈયાર કરવાની મુશ્કેલીઓથી વિલંબ થતો હતો છેવટે હિ સ ૮૭૧ (ઈ સ ૧૪૬૭) માં તૈયારી કરી સુલતાને જૂનાગઢ ઉપર સવારી કરી [૬]

ઐતિહાસિક યુગનું પહેલું પાટનગર

ઐતિહાસિક યુગની શરૂઆતથી જ જૂનાગઢ સૌરાષ્ટ્રનું પાટનગર હતું આખા મહાગુજરાતનું પહેલું ઐતિહાસિક પાટનગર જૂનાગઢને ગણી શકાય એ પહેલાંનું આપણા પ્રદેશનું પાટનગર દ્વારકા હતું પરંતુ એ પ્રાગૈતિહાસિક યુગમાં ગણાય ભારતના સમ્રાટ અશોકના સમયના સુદર્શન સરોવરના લેખને લીધે જૂનાગઢનું ઐતિહાસિક મહત્ત્વ સમસ્ત ભારતના ઇતિહાસમાં બહુ જ છે એ વાતનો સામાન્ય ઉલ્લેખ પહેલા ભાગમાં આપણે કરી ગયા છીએ જૂનાગઢનું પ્રાચીન ઐતિહાસિક નામ ગિરિનગર છે આ શહેરે લગભગ સાતસો વર્ષ સુધી આપણા ભૂમિવિભાગના પાટનગરનું સ્થાન ભોગવ્યું છે એટલો લાંબો સમય અવિચ્છિન્ન પાટનગર રહ્યું હોય એવું બીજું કોઈ શહેર ભારતમાં ભાગ્યે જ જડશે [૭]

ગિરનારની આસપાસના સ્થળને પુરાણોમાં વસ્ત્રાપથ ક્ષેત્ર કહ્યું છે એને રૈવતક ક્ષેત્ર પણ કહે છે સ્કન્દપુરાણમાં એ ક્ષેત્રનું માહાત્મ્ય તથા ભૂગોળ આપેલાં છે મહાભારતમાં પણ એ ક્ષેત્રનો ઉલ્લેખ છે એમાં ઘણાં તીર્થો છે, પણ ત્રણ મુખ્ય છે [૮] 'વસ્ત્રાપથમાં દેવવર ભવ (શિવ)

૬ મિરાતે સિકંદરી પૃ ૯૨

૭ ચન્દ્રગુપ્ત મૌર્ય અને અશોકના સમયથી ગુપ્ત સમ્રાટોના સમય સુધી ગિરિનગર પાટનગર તરીકે રહ્યું છે

૮ સ્કન્દપુરાણ પ્રભાસખંડ વસ્ત્રાપથ માહાત્મ્ય વળી શ્રી ઉમાશંકરના 'પુરાણોમાં ગુજરાત' એ ગ્રંથમાં વસ્ત્રાપથ શબ્દ હેઠળ એમાં રૈવતક ઉજ્જયન્ત વગેરે શબ્દો માટે પણ ઉત્તમ ચર્ચા કરી છે

છે. રૈવતકમાં દામોદર–વિષ્ણુ છે, અને ગિરિની ઉપર શ્રીઅંબિકા છે.[૯] એટલે ગિરનાર–જૂનાગઢના આ ત્રણ મહાસ્થાનોથી એનો સ્થળનિર્ણય નિશ્ચિત છે. ભવ એ હાલના ભવનાથ મહાદેવ છે. દામોદર વિષ્ણુ ગિરિતળેટીમાં દામોદર કુંડ સાથે સુપ્રસિદ્ધ છે; અને ગિરનારને મસ્તકે શ્રીઅંબાજીનું સુંદર સ્થાન શોભી રહ્યું છે. ગિરનારનાં નામો ઉજ્જયંત, ઉર્જયંત વગેરે પુરાણોમા અને શિલાલેખોમાં જુદી જુદી રીતે લખેલા મળે છે. રૈવત કે રૈવતક એ પ્રાચીન ભૂગોળમા પર્વત અને પ્રદેશ બન્નેનાં નામ છે.[૧૦] ગિરનાર–ઉજ્જયંત અને રૈવત એ બન્ને નામો આપણા પૌરાણિક સાહિત્યમાં એવી રીતે વપરાયા છે કે એ બે પર્વતો એક જ કે ભિન્ન એ સમજવાનુ જરા મુશ્કેલ બન્યું છે અને વિદ્વાનોમાં ખૂબ મતભેદ ઉત્પન્ન કર્યો છે; ગિરનારની બાજૂના–એના ભાગ જેવા એક ડુંગરને રૈવત કહે છે એમ ઘણે ભાગે માનવું થાય છે. પુરાણોના ઉલ્લેખોની ચર્ચામાં પડવાનુ અહી સ્થાન નથી, પરંતુ બધા ઉલ્લેખો સાથે જોતાં એ બન્ને પર્વતોને એક માનવા કે રૈવતને બીજે સ્થળે ઘણે દૂર માનવો તેના કરતા બન્નેને ગિરનારના જ ભાગ માનવા એ વધારે સંગત લાગે છે.[૧૧]

---

૯. સ્કંદપુરાણ, પ્રભાસખંડ. વસ્ત્રાપથ માહાત્મ્ય : वस्त्रापथे देववरो भव, स्थितो दामोदरो रैवतके व्यवस्थितः। अत्रेति देवीगिरिमूर्ध्नि संस्थिता।

૧૦. વરાહમિહિર બૃહત્સંહિતામાં રૈવતકને પ્રદેશ તરીકે સૌરાષ્ટ્રની સાથે જ ગણાવે છે. પુરાણોમા એને પર્વત પણ ગણ્યો છે.

૧૧. રૈવતને માટે શ્રી. ઉમાશંકરે ખૂબ ચર્ચા કરી છે. દ્વારકાને હાલની દ્વારકાની જગ્યાએ સિદ્ધ કરવા માટે એમણે જે કારણો આપ્યાં છે તે અહી અસ્થાને છે. પરંતુ રૈવત દ્વારકાની પાસે જ હતો તે કારણથી રૈવત નામનો કોઈ નાનો ટેકરો દ્વારકાની સાથે સમુદ્રમાં ડૂબી ગયો એમ માનવા લલચાય છે. દુર્ગાશંકર જૂનાગઢને જ દ્વારકા માને છે એટલે ગિરનાર જ રૈવત ઠરે છે. એની વિરુદ્ધ શ્રી. ઉમાશંકર દલીલો કરે છે. ચર્ચા રસમય છે. પરંતુ રૈવત હાલની દ્વારકા પાસે હોય એ સિદ્ધ થઈ શકતુ નથી. આપણાં પુરાણોમાં

પ્રાચીન ગિરિનગર

આમ પુરાણો અને મહાભારતમા ઉજ્જયંત અને રૈવત એવાં નામો મળવા છતા જૂનાગઢ પાસેના પર્વતનુ નામ ગિરનાર પડ્યુ છે તે જોતાં ઐતિહાસિક નામ ગિરિનગર એ બહુ જ મહત્ત્વનુ છે મહાક્ષત્રપ રુદ્રદામાના લેખમાં પર્વતનુ નામ ઉર્જયંત છે અને સ્થળનુ નામ ગિરિનગર છે, એટલે જૂનાગઢની નજીકની જગ્યાએ જે નગર હશે તેનુ જ નામ ગિરિનગર છે આ નગર ઉજ્જયંત પર્વતમાંથી નીકળતી સુવર્ણરેખા (સોનરેખ) અને પલાશિની નામે નદીઓની પાસે હતું અને એ બન્ને નદીઓના પાણીને ત્રણે બાજૂ ફરતી દીવાલો જેવા ટેકરા હતા અને એક બાજૂ કૃત્રિમ બંધ બાંધી એક સરોવર બનાવ્યું હતું તેનુ નામ સુદર્શન તળાવ હતું એક વખત ખૂબ ભારે વરસાદ અને પવનના તોફાનમાં બન્ને નદીઓ અને બીજા નાળાંમાં મોટુ પૂર આવવાથી નગરના અને સરોવર કાંઠાના પર્વતશિખરો, ઝાડ, કાંઠાના બંધ, મેડા, અગાસીઓ, દરવાજા તથા વિસામાઓ તૂટી ગયા અને મોટો બંધ પણ તૂટી ગયો[૧૨] એ મહાક્ષત્રપ રુદ્રદામાના સૂબાએ સમરાવ્યો, એવુ એના લેખમાં વર્ણન છે આ ઉપરથી ગિરિનગર હાલના જૂનાગઢની પાસે પણ ગિરનાર પર્વતની જરા વધારે પાસે હોવુ જોઈએ એમ લાગે છે સમ્રાટ અશોક અને રુદ્રદામાના લેખો ગિરિનગર શહેરમાં જતા આવતા મુખ્ય માર્ગમાં બધાની નજરે ચડે એવી

ભૌગોલિક સ્થળોના નામો અને ક્રમમા ખૂબ ગૂંચવાડો છે અને ઘણીવાર એક જ વિભાગના નાના પેટાવિભાગોને એક સાથે જુદા જુદા ગણાવે છે એટલે સ્થળનિર્ણય બહુ મુશ્કેલ બને છે સ્થળોનું એકબીજાથી અંતર નક્કી કરવામા પણ ગૂંચવણ છે ઉજ્જયંત-ગિરનારને સોમનાથની પાસે મૂક્યો છે।

૧૨ રુદ્રદામાનો ગિરનારનો લેખ ' (ય) माणानुरूपप्रतीकारमपि गिरिशिखरतरुतटाट्टालकोपतल्पद्वारशरणोच्छ्रयविध्वंसिना युगनिधनसदृशपरम घोरवेगेन वायुना આ ઉપરથી ગિરિનગરના બાંધકામનો ખ્યાલ આવે છે

રીતે અને સુદર્શન તળાવને કાંઠે જ મોટા ખડક ઉપર કોતરેલા હોવા જોઈએ.[13] ગિરિનગર એટલે પર્વતની છેક પાસે વસેલું નગર અથવા તો હાલનાં પર્વતો ઉપર વસાવેલાં સ્થાનો "હિલસ્ટેશન" જેવું પર્વતના ચડાવ ઉપર ઊંચીનીચી જગ્યાઓમાં આવેલું નગર જ કહી શકાય. આ પ્રાચીન ગિરિનગરનો સ્થળનિર્ણય હજી ચોક્કસ રીતે થયો નથી. રુદ્રદામાના લેખ પછી વરાહમિહિરની બૃહત્સંહિતામાં અને કવિ રાજશેખરની કાવ્યમીમાંસામાં એ નામ મળે છે, એટલે ઈ. સ. ની પાંચમી સદી સુધી ગિરિનગર એ શહેરનું નામ રહ્યું હોય. અને દસમી સદીમાં રાજશેખરે એને પર્વતના નામ તરીકે ગણાવ્યું છે એટલે નગરનું નામ પાસેના ઉજ્જયંતને અપાયું અને તે સમયથી એ પર્વતનાં પૌરાણિક નામો પ્રશસ્તિઓ વગેરેમાં જ રહ્યાં, પણ લોકપ્રિય નામ તો "ગિરનાર" પડી ગયું, અને તે આજ સુધી ચાલુ છે.[14] સુદર્શન તળાવનો બંધ ત્રણ વખત તૂટ્યાના ઉલ્લેખ છે. છેલ્લો ક્યારે તૂટ્યો અને જંગલ ક્યારે વધ્યું તેનો સમય નક્કી થઈ શકતો નથી. આમ

---

૧૩. લેખ જે ખડક ઉપર કોતરેલો છે તે સ્થળ ગિરિનગરનું મુખ્ય સ્થળ હશે, જ્યાંથી પશ્ચિમમાં કાંઈક સીધી લીટી દોરવામાં આવે તો ઉત્તરનો નીચાણવાળો ભાગ સુદર્શન તળાવનો અને દક્ષિણનો ઊંચો ઢોળાવ લેતો ભાગ ગિરિનગરના વિસ્તારનો હોવા સંભવ છે, જે લગભગ કાળવા દરવાજા સુધી પહોંચે.

૧૪ વરાહમિહિર ગિરિનગર નામ દક્ષિણમાં મૂકીને ગોટાળો ઉત્પન્ન કરે છે. એ મહાન પંડિત સ્થળો આપવામાં પુરાણો કરતાં કાંઈક વધારે ચોક્કસ છે છતાં આવી દિશાની ભૂલો પણ એણે કેટલીક કરી છે. ગિરિનગર દક્ષિણમાં કોઈ બીજું હોય એમ ધારવાનું કાંઈ કારણ નથી. પાંચથી દસમી સદી સુધીમાં ખાસ ઉલ્લેખો મળતા નથી અને એટલા સમયમાં શહેરનું નામ પર્વતને મળ્યું એ ઇતિહાસમાં એક વિચિત્ર ઘટના પણ કહી શકાય. રાજશેખર પણ મોટા પર્વતો વગરના આપણા પ્રાંતના પર્વતોમાં ગોવર્ધન પછી ગિરિનગર અને પછી દેવસભ લખે છે. એ ઉપરથી આપણા પ્રાચીન લેખકોની ક્રમ અને દિશાની માન્યતા સમજાશે

એક સમયનુ મોટુ અને સુ ર શહેર ગિરિનગર પણ જ ગલ થઈ ગયુ અને વસ્ત્રાપથક્ષેત્ર ઉપર રાજ્ય કરનારા ચુડાસમાઓએ વ થળી–વામન સ્થલીમા રાજધાની કરી

જુનાગઢ નામ પાડવાનુ કારણ

આ પ્રાચીન મહાસ્થાનનુ નામ પાસેના પર્વતને મળી ગયું ત્યારે જૂનાગઢ નામ શી રીતે પડયુ તે જોઈએ મિરાતે સિકદરીમા એનુ સયુક્તિક ગણી શકાય એવુ કારણ આપેલુ છે, અને તે એના લેખકના સમયમા સોરઠના લોકોમા મનાતું હતું એ ઉપરથી લખેલુ છે એમ કહેવાય છે કે વ થળીમા રાજધાની હતી ત્યારે ગિરનાર અને વ થળીની વચ્ચે એક ગાઢ જ ગલ હતુ, અને એમા માણસ કે ઘોડો દાખલ થઈ શકતા નહિ એક વખત એક કઠિયારો જ ગલમાં ઊડો ચાલ્યો ગયો અને એની નજરે એક જૂનો કિલ્લો દેખાયો, તથા તેનો દરવાજો પણ નજરે પડયો કઠિયારાએ વ થળી આવીને રાજાને વાત કહી રાજાએ ઘણા કઠિયારાઓ મોકલી જ ગલ કપાવી નખાવ્યુ અને કિલ્લો ખુલ્લો થયો રાજાએ જૂનો ઇતિહાસ જાણનારા પુરુષોને આ કિલ્લો કોણે બાંધેલો અને કયારે બાંધ્યો વગેરે હકીકત પૂછી, પણ કોઈએ એ વાતનો ખુલાસો કર્યો નહિ એટલે જેના બાંધનારનુ નામ અને બ ધાયાના સમયનો પત્તો ન લાગ્યો એવા કિ લાનુ નામ જૂનો કિલ્લો એટલે ‘જૂનોગઢ’ પડયુ[૧૫] જીર્ણદુર્ગ વગેરે નામ “જૂના ગઢ” ઉપરથી થયેલા છે[૧૬] સુલતાન મહમૂદે જ્યારે જૂનાગઢ ઉપર ચડાઈ કરી ત્યારે રા'મ ડલિકની સત્તા નીચે કિલ્લો ઘણો મજબૂત ગણાતો હતો એ સમયે કિલ્લો કેવો ગણાતો હતો એનુ વર્ણન સિકદરીમા ફારસી કાવ્યોની અતિશયોક્તિથી કર્યું છે એમા લખે છે કે ‘આ કિલ્લો એવો છે કે એનુ મસ્તક આકાશ સુધી પહોચેલુ છે અને એનુ શિખર સૂર્યચદ્રને

૧૫ મિરાતે સિકદરી ગૂ ભા પૃ ૯૩ ૯૪

૧૬ જીર્ણદુર્ગ યવનગઢ વગેરે જૂનાગઢ ઉપરથી બનાવેલા નામો છે

મુકામ કરવાની જગ્યા છે. કિલ્લાનો રંગ નીલો છે અને એના રંગોવાળ શનિને ડરાવે એવા છે. એનો દેખાવ રાત્રિથી પણ વધારે અંધારો છે. અને એના રસ્તાઓ વાળથી પણ વધારે સાંકડા છે. આકાશના ચાર રાશિમંડળોની બરોબરી કરે એવો એનો એક બુરજ છે."[17] આ વર્ણન ગિરનારના ઉપરકોટનુ છે કે જૂનાગઢના ઉપરકોટનુ છે એ સમજાય નહિ એવું છે. સિકંદરી લખે છે કે ગિરનારની દક્ષિણ બાજૂ ડુંગરા બહુ મોટા નથી અને ઘાડું જંગલ છે તેમાં વનચર પ્રાણીઓ રહે છે. એ જંગલમા ખાનત નામની એક જંગલી પશુઓ જેવી હિંદુઓની જાતિ પહાડની તળેટીમાં ઘર બનાવીને રહે છે અને એમને પકડવા લશ્કર મોકલો તોપણ પકડાતા નથી[18] આ જંગલમા થતાં ઝાડનું વર્ણન પણ કર્યું છે અને કેટલાંક ઝાડ એવાં થાય છે કે જેમનાં નામ પણ કોઈ જાણતુ નથી મિરાતે અહમદી આવાં કેટલાંક ઝાડનું વર્ણન ચમત્કાર જેવું કરે છે.[19] સિકંદરી આગળ લખે છે કે એ પહાડની પશ્ચિમે ચાર તીરવા છેટે એક પથ્થરની ટેકરી છે અને તેના ઉપર એક કિલ્લો બાંધેલો છે તેનુ નામ 'જૂનાગઢ' છે એને ત્રણ દરવાજા છે. આ વર્ણન એ સમયના ઉપરકોટનું છે.[20] ઉપરકોટ કોણે બંધાવ્યો એનો સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી, પરંતુ ચુડાસમા ગ્રહરિપુએ બંધાવ્યો હોય એમ મનાય છે. જૂનાગઢનો આ કિલ્લો મજબૂત છે અને એની આસપાસ પથ્થરમાંથી ખોદી કાઢેલી ખાઈ છે. દસમી સદીમાં વંથળીથી ગ્રહરિપુ અને એના વંશજો જૂનાગઢને રાજધાની બનાવીને રહ્યા હોય એમ

---

૧૭ સિકંદરી, પૃ. ૯૨-૯૩.

૧૮. સિકંદરીના ભાષાંતરકાર 'ખાનત'ને કાઠી કહે છે, પરંતુ એ પથ્થર ફોડીને ખાણ ખોદનાર હોય.

૧૯ અહમદીની પુરવણી, પૃ. ૨૫૦-૫૨. એમાં ચમત્કારિક વર્ણન આપેલા છે.

૨૦. સિકંદરી. પૃ. ૯૩. તીરવા એટલે ચાર ધનુષ દૂર. પુરાણોમાં ધનુષથી અંતર માપેલાં છે.

લાગે છે આજનો ઉપરકોટ તો મુસલમાની સમયમાં સુધારાવધારા કરીને સમરાવ્યો હોય એવો છે, પરંતુ રજપૂત સમયના અવશેષો એમાં મળી આવે છે ચુડાસમાઓના પહેલાં ગિરિનગર શહેરને આ કિલ્લો હતો કે નહિ તે જાણવાનું આજે કોઈ સાધન નથી પરંતુ ગિરનાર ઉપર બૌદ્ધ વિહાર હતા[21] અને ચીનો મુસાફર હુએનસેન એના ઉલ્લેખ કરે છે તે ઉપરથી ત્યાં થોડી ઘણી પણ વસ્તી હશે એમ સમજાય છે ઉપરકોટમાં રા'નવઘણનો કૂવો ખાસ જોવાલાયક છે અને એમાં ઊતરવાના ૨૩૫ પગથિયાં છે[22] અડીકડીની વાવ પણ જોવાલાયક છે મુસલમાનોએ જીત્યા પછી એમાં રા'મંડલિકના મહેલ કહેવાતા કોઈ મકાનને જુમામસ્જિદમાં ફેરવી નાખેલી પણ જણાય છે અને ૧૬ મી સદીમાં ઇજિપ્તમાં ઢાળેલી એક મોટી તોપ છે, તેનો ઉલ્લેખ આગળ કરીશું બીજી રીતે ઉપરકોટ આજે વેરાન શામાં છે

જૂનાગઢ પર પહેલી ચડાઈ

સુલતાન મહમૂદે જૂનાગઢ ઉપર પહેલી ચડાઈ ઈ સ ૧૪૬૭ મા કરી એણે આ ચડાઈ કરતી વખતે કરેલી લશ્કરી તૈયારીનુ અને એ માટે ભેગાં કરેલાં કીમતી હથિયારોનુ વર્ણન તવારીખમા આપેલુ છે મહમૂદ જ્યારે જૂનાગઢના કિલ્લા પાસે પહોંચ્યો ત્યારે ત્યાંના હિંદુઓ

---

૨૧ જૂનાગઢ અને ગિરનાર તથા ઉપરકોટમા જેવી ગુફાઓ છે અને લોકો અજ્ઞાનથી ખાપરાકોડિયાની ગુફાઓ એવા નામો આપે છે

૨૨ આ માટે એક દોહરો પ્રસિદ્ધ છે

અડી કડી વાવ ને નવઘણ કૂવો
જેણે ન જોયો તે જીવતો મૂઓ

આ બે વડારણો હતી એમ કહેવાય છે

પોતાનાં મિલકત અને કુટુંબોને 'મહાબિલા'[૨૩] નામની એક પહાડી ખોમાં સલામતીની જગ્યાએ લઈ ગયા. એમ કહેવાય છે કે આ ખોમાં દુશ્મન જઈ શકે એવુ હતું નહિ અને એમા જવાનો રસ્તો સુરક્ષિત હતો. સિંધનો શાહજાદો અને સુલતાનનો મામો તઘલકશાહ આ બધી વિગતના સમાચાર લઈને સુલતાન પાસે આવ્યો, અને બીજે દિવસે એક નાની ટુકડી સાથે જઈને મહમૂદે હિંદુઓના સરંજામની લૂંટ ચલાવી. રક્ષકોએ બચાવ કર્યો પણ એમની ખુવારી થઈ. તવારીખકારો કહે છે રા'મંડલિકે તાબેદારી સ્વીકારી ને ખંડણી આપી એટલે ઘેરો ઉઠાવી લઈ સુલતાન અમદાવાદ ગયો. આ વર્ણનમાં તવારીખકારોના શબ્દો જોતા એમ લાગે છે કે ગિરનારનો કિલ્લો જીતવો સહેલો નથી એમ સુલતાનને લાગ્યું હોય અને ભવિ-ષ્યમા વધારે તૈયારી કરીને બીજી ચડાઈ કરવાનું મુલતવી રાખવું એમ સુલતાનને લાગ્યુ હોય અને ભવિષ્યમાં વધારે તૈયારી કરીને બીજી ચડાઈ કરવાનું ધારી પાછો ગયો હોય. "સમય જોતાં એ વર્ષને માટે કિલ્લો જીતવાનુ મુલતવી રાખવું એમ સુલતાનને લાગવાથી ખંડણી લઈ પાછો ગયો."[૨૪] એ શબ્દો જોતાં એમ સમજાય છે કે

---

૨૩ મિરાતે સિકન્દરીમા મહાબિલા ખો લખે છે, બીજી તવારીખોમાં મહાબિલા અને મહાબલા લખે છે. શબ્દ સસ્કૃત જેવો દેખાય છે, પરંતુ આ નામનો કાંઈ પણ પત્તો આજે લાગતો નથી. ફારસી તવારીખોએ આ શબ્દ ક્યાથી કાઢ્યો તે સમજાય તેવુ નથી. ભવનાથથી ગિરનાર ઉપર જવાના કોઈ સાકડા રસ્તાને એ જમાનામા એવું નામ આપવામા આવ્યુ હોય અને પાછળ-થી એ ભુલાઈ જવાયુ હોય એમ બને. આ લખતી વખતે પણ આ બાબત તપાસ કરાવેલી, પણ પત્તો લાગ્યો નથી. રાસમાળા મોહમીલ લખે છે, કેમ્બ્રિજ હિસ્ટ્રીમાં આ નામ નથી

૨૪ તબકાતે અકબરી, પૃ ૨૫૦. મિરાતે સિકંદરી, ગૂ ભા. પૃ ૯૬. તારીખે ફિરિસ્તા કહે છે કે ગરમીની મોસમને લીધે સુલતાનને લડવું ઠીક ન લાગ્યુ ગમે તેમ પણ મહમૂદ લડી શક્યા નહિ. મહાબિલા ખોના રક્ષકો જેને ફિરિસ્તા બરાઓ (Baraos) લખે છે તે સમજાય તેવુ નથી, જ્યારે તબકાત પ્રધાનો લખે છે.

પહેલી ચડાઈમાં સુલતાન ફાવ્યો નથી જો કે રા'મંડલિકે ખંડણી આપવાનું કહેવડાવ્યું હોય તોપણ મુસલમાન લશ્કર આસપાસની વસ્તીને લૂંટી મુલકને ઉજ્જડ કરતું હતું તે અટકાવવાના હેતુથી સમાધાન કર્યું હોય એમ જણાય છે

બીજી ચડાઈ

બીજે જ વર્ષે ઈ. સ. ૧૪૬૮ માં મહમૂદને સમાચાર મળ્યા કે રા'મંડલિક સોનેરી છત્ર ધારણ કરીને ભભકાથી મૂર્તિપૂજા કરવા જાય છે.[૨૫] આ સાંભળીને સુલતાનના મનમાં ઈર્ષ્યા પેદા થઈ એટલે ચાળીસ હજારનું લશ્કર મોકલીને જૂનાગઢના રાજાને તાબે કરી છત્ર ખૂંચવી લેવા ફરમાન કાઢ્યું અને છત્ર ન આપે તો દેશને લૂંટીને વેરાન કરવા ફરમાવ્યું. રા'મંડલિકે આ સમાચાર સાંભળ્યા ત્યારે છત્ર અને બીજી કીમતી ભેટો સુલતાનને મોકલી આપી યુદ્ધ થતું અટકાવ્યું. સુલતાને આ ભેટો અને દરબારી ગવૈયાઓને વહેંચી દીધી.[૨૬]

ગિરનારની ચડાઈનું ખરું કારણ

ગિરનારના રા'મંડલિક સાથેની લડાઈઓનું વર્ણન જોતાં એમ સમજાય છે કે રા'મંડલિક મહમૂદને ખંડણી આપીને તેના

---

૨૫ આ મૂર્તિપૂજાનો ઉલ્લેખ કયા મંદિરનો છે તે સ્પષ્ટ નથી. મહમૂદે લાંબો સમય જૂનાગઢ ગામ [illegible] સોરઠની લડાઈઓ કરી. એમાં તવારીખોમાં સોમનાથનો ઉલ્લેખ [illegible] નથી. [illegible] મુસલમાન સત્તામાં હતો અને [illegible] સોમનાથના ઉદ્ધારો એ સમયમાં [illegible] સોમનાથ આસપાસના [illegible] દેવાલયમાં મહમૂદના સમયમાં એક નાનું મંદિર [illegible] લખે છે. તવારીખોમાં તો એનો ઉલ્લેખ મળતો નથી. મંદિરની મૂર્તિપૂજાનો ઉલ્લેખ ગિરનાર જૂનાગઢ પ્રાંતોના કોઈ લેખમાં

૨૬ આ તારીખ આ બનાવને [illegible] ત્યારે બીજી [illegible] નાખીને વહેંચી દીધું' એમ લખે છે અને બીજી તવારીખોને વહેંચી દીધું એમ લખે છે

તાબેદાર તરીકે રહેત તો કદાચ એનું રાજ્ય કાયમને માટે જૂની સેવાનો મહમૂદ નિશ્ચય ન કરત. પરંતુ આમાં એક નોંધપાત્ર ઐતિહાસિક કારણ બન્યું તે જોઈએ.[૨૭]

સિંધના ઊચ ગામના મુસલમાન સંત અને ગુજરાત સલ્તનતના સ્થાપક ને ગુજરાતની ગાદી માટે આશીર્વાદ આપનાર, અને અમદાવાદ પાસે વટવાના સંતપુરુષ કુતુબેઆલમ સાહેબના દાદા, સૈયદ જલાલ બુખારી મખદૂમ જહાનિયાંના હુકમથી ઇસ્લામના પ્રચાર માટે સૈયદ સિકંદર માંગરોળમાં આવીને રહ્યા હતા.[૨૮] માંગરોળમાં વિ. સં. ૭૮૫ માં જુમા મસ્જિદ બંધાઈ હતી અને ઇસ્લામનો પ્રચાર થયો હતો. ત્યાં વેપાર અર્થે પણ મુસલમાનોની વસ્તી હતી. સુલતાન મહમૂદ બેગડાના સમયમાં સૈયદ રુક્નુદ્દીન સૈયદ રાજૂ સૈયદ સિકંદરની ગાદીએ હતા. એમણે અમદાવાદના સુપ્રસિદ્ધ સંત શાહઆલમ સાહેબ ઉપર માંગરોળથી એક પત્ર લખ્યો છે. એ પત્રમાં ગઢ ગિરનારનો હિંદુ રાજા મુસલમાનોને શાંતિથી રહેવા દેતો નથી અને ઇસ્લામનો પ્રચાર ભયમાં આવી પડ્યો છે તે માટે અમદાવાદના સુલતાનની મદદ માગી હતી. શાહઆલમ સાહેબે એ પત્રનો ઉત્તર પણ વાળ્યો હતો. પત્રો ઘણા જ વિશેષણોથી ભરેલા છે અને એ સમયના મુસલમાન પત્રોનો ઉત્તમ નમૂનો છે. એનો સાર માત્ર અહીં જોઈએ.

---

૨૭ અમદાવાદના આ બે ઐતિહાસિક પત્રો સૈયદ અબુ ઝફર નદવી સાહેબને અસલ હાલતમાં મળેલા. એના ફોટોગ્રાફ એમણે પુરાતત્ત્વ ત્રૈમાસિકમાં પુ. ૫ અંક ૩માં છપાવ્યા છે, અને એ માટે એક ઐતિહાસિક લેખ લખ્યો છે. મૂળ પત્રો અને તેના તરજુમા પણ આપ્યા છે. પત્રો સૈયદ રાજુ અને શાહઆલમ સાહેબના પોતાના જ હસ્તાક્ષરમાં છે એ ખૂબ મહત્ત્વની વાત છે. એ જમાનામાં મુસલમાન મહાપુરુષો કેવા પત્રો લખતા હતા તે જાણવાનું મળે છે.

૨૮. જનાબ નદવી સાહેબે આ આખી ઐતિહાસિક વિગત લંબાણથી ચર્ચી છે. (જુઓ ઉપર્યુક્ત લેખ.)

સૈયદ રુક્નુદ્દીનના પત્રનો સાર[29]

માગરોળના સૈયદ રાજૂનો પત્ર

"લાંબા સમયથી હું આપની ખિદમતમાં હાજર થઈને આપના પવિત્ર કદમો ચૂમું એવી ઇચ્છા મને હતી બદકિસ્મતને લીધે દુનિયાના વહેવારો અને પાપકર્મમાં હું એવો ડૂબેલો છું કે આપ નામદારની યાત્રા કરી હું ઉન્નત નથી થઈ શક્યો, મને તેથી દુઃખ થાય છે આપ કૃપા કરી પરવાનગી આપો તો સેવામાં હાજર થાઉં મારા દાદા સૈયદ સિકંદર મુહમ્મદને આપના પરદાદા હજરત મખદૂમ જહાનિયાએ સોરઠમાં વસવાનો હુકમ આપ્યો હતો એ પછી મારા મર્હૂમ પિતા એમને પગલે ચાલીને લોકસેવા કરતા રહ્યા પિતાના અવસાન પછી એ કાર્ય જારી રાખવા આ રંક સેવક તૈયાર થયો, પરંતુ મુશ્કેલીઓ એવા પ્રમાણમાં સામે આવીને ઊભી છે કે આગળ કદમ ભરવાનું મુશ્કેલ થઈ ગયું છે ખાસ કરીને ગઢ ગિરનારના રાજા અને વર્તમાન હાકેમો એટલા પ્રમાણમાં મુસલમાનોની વિરુદ્ધ છે કે હવે આ સ્થળે વસવું મુશ્કેલ થઈ પડ્યું છે આ વખત મદદનો છે આથી કરીને આપ દુઆ ફરમાવો કે ખુદા અમારી મુશ્કેલીઓ દફા કરે અને મદદ કરી અમને આ જુલ્મમાંથી બચાવે"

હજરત શાહઆલમ સાહેબના ઉત્તરનો સાર[30]

અમદાવાદના શાહઆલમનો ઉત્તર

"આપ જિનાબનો પત્ર મળ્યો આપની તકલીફોના સમા

---

૨૯ આ પત્રમાં શાહઆલમ સાહેબનું એ સમયનું લોકપ્રિય નામ મિયાં મંઝલા આપેલું છે સિકંદરી સિવાય બીજા ઇતિહાસોમાં એ નામ મળતું નથી અને જુદી જુદી રીતે સિકંદરીમાં પણ લખેલું છે આમાં ખરું નામ મળે છે

૩૦ આ પત્રમાં ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખવાનું અને મક્કમ બનવાનું લખ્યું છે તે નોંધપાત્ર છે જૂના જમાનામાં રાજ્ય ઉપર શાસન ધરાવતા સત્પુરુષો પણ શ્રદ્ધાને ઉત્તેજન આવી રીતે જ આપતા હતા અને હિંદુ સમાજમાં પણ આવી રીતો ખૂબ ચાલુ હતી

ચારથી ખુશી થઈ કે આપે અમારી મુલાકાતનો પ્રસંગ રાખ્યો તે મુબારક છે. આપ જરૂર જલદી પધારજો. આવવાથી મામલાનો તોડ જલદી આવશે. મુશ્કેલીઓના નિકાલ માટે નેક કરણીની રીત મુજબ ખુદા તરફની આપની મકબૂલતા વધારી દો વળી દર નિમાઝ પછી દશ વાર આ મંત્ર ભણજો:—"અલ્લાહુમ્મા નસીરૂઆ એક અલાતાઓતિક" (હે માગ પ્રભુ! તારી આજ્ઞા ઉઠાવતા રહીને અમે તારી મદદ માગીએ છીએ). હું આજે જ સુલતાનના દીવાનને મળીને અરજ કરીશ. મુલાકાતના વખત સુધીમા પરિણામ જાહેર થઈ જશે ગઢ ગિરનારના હાકેમની જે ફરિયાદ આપે લખી છે તે બાબત આપ બેફિકર રહો. મગરૂર હાકેમ ટૂંકા સમયમાં યોગ્ય શિક્ષાને પ્રાપ્ત થશે, દોસ્ત ખુશી થશે અને દુશ્મનનાં મોં કાળાં થશે. અદૃશ્યને હાજર સમજીને એ વાતની આપ ખાત્રી ગણશો આપ આપનાં બાળબચ્ચા અને મજલીસમાં હાજર હોય તે સર્વેને ખાસ કરીને મારી દુઆ જણાવજો, અને પત્રવહેવાર જારી રાખજો, કારણ કે કાગળપત્ર પણ મુલાકાતની બરાબર છે અંતમા એટલુ કહીશ કે ખુદા રહેમ કરે દુનિયાના સૌથી બહેતર આદમી મુહમ્મદ ઉપર, અને એમની તમામ ઓલાદ ઉપર".

આ પત્રો ઉપરથી એમ જણાય છે કે શાહઆલમ સાહેબે આ સૈયદ રાજૂની ફરિયાદ મહમૂદના દરબારમાં કરી મહમૂદ એ સંતના આશ્રયમા જ ઊછર્યો હતો અને ગૂજરાતના સુલતાનોના દરબારમા બુખારી સૈયદોનુ અને ખાસ કરીને શાહઆલમ સાહેબનુ ખૂબ માન તેમ જ ચલણ હતુ એ પાછળ જોઈ ગયા છીએ. એટલે ગિરનાર ઉપર છેવટની ચડાઈ કરી જૂનાગઢ હમેશને માટે જીતી લેવાનો નિશ્ચય કરવામાં આ એક મોટું અને વિશ્વસનીય કારણ ગણી શકાય.

રા'મંડલિકની પડતીનાં કારણો

કોઈ પણ વંશની પડતીના કારણભૂત થયેલા છેલ્લા રાજાને માટે આપણામાં અનેક વાતો યોજવાનો રિવાજ છે. એ વાતોમાં

સમય જતાં ખૂબ અતિશયોક્તિ થઈને લોકહૃદયમાં એવું તો સ્થાન પ્રાપ્ત થાય છે કે એમાં ખરું કેટલું અને ખોટું કેટલું એ સમજવું ખૂબ મુશ્કેલ બને છે. હિંદુ ગુજરાતના છેલ્લા રાજા કર્ણદેવ વાઘેલા માટે, પાવાગઢના છેલ્લા રાજા પતાઈ રાવળ માટે અને જૂનાગઢના છેલ્લા રાજા રા'મંડલિક માટે આપણામાં આવી વાતો યોજાઈ છે. એમ કહેવાય છે કે રા'મંડલિક મોઢ્ઢો અને ઉદ્ધત હતો અને સાધુસંતોનું સન્માન કરતો નહોતો. ગુજરાતના ચિરંજીવ સંત કવિ નરસિંહ મહેતાનું એણે અપમાન કર્યું હતું એમ કહેવાય છે.[31] સ્ત્રીઓનો પણ એ શોખીન હતો. એના એક વિશળ નામના વણિક પ્રધાનની મનમોહના નામની એક ખૂબ સુંદર સ્ત્રી હતી.[32] રાજાએ એના સ્વરૂપનાં વર્ણન સાંભળ્યાં ત્યારે પ્રધાનને રાજકાર્ય નિમિત્તે બહાર મોકલી પોતે એ સ્ત્રીની મુલાકાત કરવામાં સફળ થયો અને એના સતીત્વનો ભંગ કર્યો.[33] આ વાત જ્યારે એના પતિ પ્રધાનના જાણવામાં આવી ત્યારે એણે વેર લેવાનો નિશ્ચય કરી રાજાને કહ્યું કે 'કિલ્લાના ભંડારોમાં અનાજ ઘણું જૂનું થઈ ગયું છે એટલે કહો તો નવું લાવીએ.' રાજાએ હા પાડી ત્યારે એણે જૂનું અનાજ ખાલી કરાવી મહમૂદને છૂપી રીતે સંદેશો મોકલ્યો કે આ વખતે કિલ્લા ઉપર હુમલો કરશો તો કિલ્લો હાથમાં આવશે. સુલતાને ખુશી થઈને

---

૧ આ વાતમાં સત્ય કેટલું તે સમજાતું નથી. નવી સાહેબે ઉપર્યુક્ત લેખમાં આ વાતની નોંધ લીધી છે.

૩૨ આ નામો સોરઠમાં સારી રીતે પ્રચલિત છે, પણ સિકંદરી પ્રધાનનું નામ તહનન લખે છે અને એની સ્ત્રીનું નામ મોહિની લખે છે.

૩૩ સિકંદરીએ મોહિનીને માટે આ પ્રમાણે કવિત લખ્યું છે: (મોહિની) તારા સૂર્ય જેવા ચહેરાથી અને ગુલાબના ફૂલ જેવા શરીરથી ભલા માણસોની અક્કલને તું રમાડે છે. આશકોના હોઠમાં પણ બોળી તારી આંગળીઓ તે ઉનાળાના રંગ જેવી લાલ ચટકી છે. પૂ. ૮

એ પ્રમાણે કર્યું અને કિલ્લો છોડાવ્યો.[૩૪] તવારીખકાર સિકંદર લખે છે કે આ વાત એણે ગુજરાતના ભરોંસાપાત્ર લોકો પાસેથી સાંભળેલી છે. આ ઉપરથી આપણા લોકોને આવી વાતોનો ખાસ શોખ હોય એમ સમજાય છે. એ જ પ્રમાણે એક બીજી વાત પણ રા' મંડલિકને માટે લોકોમાં કહેવાય છે. જૂનાગઢ જિલ્લાના એક ગામમાં નાગબાઈ નામે એક સુંદર ચારણ સ્ત્રી હતી. એના સ્વરૂપનાં વર્ણન સાંભળી રાજા શિકારને બહાને એ ગામ પાસે જઈ ચારણ સ્ત્રીને મેળવવામાં સફળ થયો, અને એના સૌંદર્યથી ભાન ભૂલીને એની આબરૂ લીધી.[૩૫] એનો એને શાપ લાગ્યો. તારીખે સોરઠમાં લખે છે કે સોરઠમાં ઘણા મુસલમાનો આવીને વસ્યા હતા. એવા વિધર્મી વસવાટ કરનારાઓ પાસેથી એવી બાંયધરી માંગવી શરૂ કરી કે એમણે દાઢી મૂંડાવવી, ગાય ઝબ્બે નહિ કરવી, અને મસ્જિદના મહેરાબમાં શિવલિંગ કોતરાવવું.[૩૬] એમ કહેવાય છે કે સૈયદ રાજૂ જેવા ઓલિયા આવા

---

૩૪. સિકંદરી, પૃ. ૧૦૦. સિકંદર આ લખાણ પછી "ખરૂં ખોટું ઈશ્વર જાણે" એમ કહે છે. લડાઈનું અને હારનું ઇતિહાસને શોભે એવું વર્ણન તારીખે બહાદુરશાહીમાં આપેલું છે તે પણ સિકંદર વર્ણવે છે, પૃ. ૯૯.

૩૫. નદવી સાહેબનો લેખ. ચારણ સ્ત્રીનું નામ નાકી એવું લખ્યું છે. ગામનું નામ મોન્ટે મોહ એવું લખ્યુ છે. એમણે તારીખે સોરઠની હસ્તપ્રત ઉપરથી આ બધો હેવાલ લીધો છે.

૩૬. તારીખે સોરઠ, દીવાન રણછોડજી કૃત. આ ગ્રંથ હિંદુનો લખેલો છે અને બહુ પ્રાચીન કહેવાય એવો નથી. એમાં સૌરાષ્ટ્રની લોકવાયકાને આધારે આ વાતો લખી હોય એમ લાગે છે. એના ચારિત્ર્ય માટેની વાતો એની પડતી પછી, બધે બને છે એમ, જોડી કઢાઈ હોય એમ લાગે છે. તવારીખોમાં જે વર્ણન છે તે ગાળીને જોવાથી મંડલિક મહમૂદ સાથે હમેશાં રાજદ્વારી કુનેહથી વર્ત્યો છે. વળી કાઠિયાવાડ ગેઝેટિયર ઉપરથી સમજાય છે કે, મહમૂદ હિંદુ રાજાઓને તાબે કરવાનાં બહાનાં જ શોધતો હતો. અર્થિલાના દૂદા ગોહિલે સુલતાનની હદમા ધાડ પાડેલી ત્યારે એને શિક્ષા કરવાનું સુલતાને મંડલિકને કહ્યુ અને મંડલિકે એનો બરોબર અમલ કરેલો. કાઠિયાવાડ

જુનમોથી હટાવ્યા હતા તારીખે સોરઠના આ કથનમા કેટલુ સત્ય હશે એ કહેવુ મુશ્કેલ છે, પરતુ ઉપર જણાવ્યા તે ઐતિહાસિક પત્રો ઉપરથી એટલુ તો સમજાય છે કે એવી જાતની ખરી કે ખોટી ફરિયાદો અમદાવાદ પહોંચી હતી અને એ કારણથી સુલતાને જૂના ગઢને હમેશને માટે જીતી લેવાનો નિશ્ચય કર્યો

જૂનાગઢ જીત્યુ

ઈ સ ૧૪૬૯ મા માળવાના સુલતાન મહમૂદ ખલજીના અવસાનના સમાચાર આવ્યા આ સાંભળી ગુજરાતના અમીરોએ સુલતાનને કહ્યુ કે અહમદ શાહના વખતથી માળવા જીતી લેવાના પ્રયત્નો ચાલે છે, પણ તેમા સફળતા મળી નથી હાલ એ દેશ જીતી લેવાનો વખત છે અમીરોની આ સલાહ સુલતાનને ગળે ઊતરી નહિ અને એક મુસલમાન સુલતાન ગુજરી ગયો હોય તેનો લાભ લઈ એનો દેશ જીતી લેવો એ માણસાઈ નથી એવો ઉત્તર દીધો[૩૭] આ વખતે સોરઠ ઉપર ફરી ચડાઈ કરવાની તૈયારી કરી, બે હજાર તુર્કી ઘોડા અને અરબી ઘોડા, જેની દરેકની કીમત બાર હજાર ટકા હતી પાચ હજાર રત્નજડિત મૂઠની તલવારો, એક હજાર સોનેરી મૂઠના ખજરો, અને સાતસો રત્નજડિત કમરબધ ખાસ લશ્કરીઓમા

ગેઝેટિયર રા'મ લિક ચડેલો અને લાયક કહે છે, પણ એ રાજા હતો અને ધર્માત્મા પણ હતો એમ લખે છે એણે સમય વિતાવ્યો હતો અને તે પ્રમાણે ન્યાયબુદ્ધિથી વર્તતો હતો પરતુ સુલતાન ધર્માંધ અને ચડાઈખોર હતો એટલે એના બળ આગળ મડલિક ફાવ્યા નહિ. આ બધુ ઐતિહાસિક વર્ણન સિકદરીએ તારીખે બહાદુરશાહી ઉપરથી લીધુ છે તે યોગ્ય છે કારણ બીજી વાતો એ જ કથમા ચારણો પાસેથી સાંભળેલી લખી છે એમ કથામા નોંધ્યુ છે

૩૭ મિરાતે સિકદરી, ગૂ આ. પૃ ૬૬–૬૭ તબકાતે અકબરી, પૃ. ૨૫૧–૫૨.

વહેંચ્યાં.[૩૮] સોરઠમાં પ્રવેશ કરીને એણે ચારે તરફનો મુલક લૂંટવા માડયો અને દેશને વેરાન બનાવ્યો. રા'મંડલિકે આ બધું જોઈ તાબે થવાની ઇચ્છા બતાવી, પરંતુ સુલતાને ઉત્તર પાઠવ્યો કે આ વખતે સોરઠ દેશમા ઇસ્લામનો ધ્વજ ફરકાવી દેશને તાબે કરવો છે.[૩૯] આ ઉત્તર સાંભળીને મંડલિકે કિલ્લા મજબૂત બનાવ્યા અને સુલતાને જૂનાગઢ પાસે આવીને પડાવ નાંખ્યો. ચાર દિવસ સુધી કિલ્લામાંથી રજપૂતો નીચે ઊતરી આવીને મુસલમાન લશ્કર ઉપર તૂટી પડતા અને લડાઈ કરી પાછા કિલ્લામા જતા. ચોથે દિવસે સુલતાને ઘેરો મજબૂત બનાવ્યો, પરંતુ મુસલમાનોની ખુવારી ભારે થની હતી એક લડાઈમાં પ્રસિદ્ધ અમીર આલમ કારૂકી માર્યો ગયો આ વખતે ઘેરો કિલ્લાની એટલો તો નજીક હતો કે એના ઉપરથી પથ્થરો ફેંકાતા તે સુલતાનની છાવણીમાં પડતા હતા.[૪૦] મંડલિકે ફરી સુલેહનું કહેણ મોકલ્યું. પણ સુલતાને કિલ્લો જીત્યા સિવાય કાંઈ સાંભળવાની સ્પષ્ટ ના પાડી સિકંદરી લખે છે કે મંડલિકના લશ્કરે લડાઈ બંધ કરવાની શરતે કિલ્લો સોંપી દેવા કહેવડાવ્યું તે સુલતાને કબૂલ કર્યું; પરંતુ રજપૂતો નીચેના કિલ્લામાંથી નીકળીને ગિરનારના ઉપરના વધારે મજબૂત કિલ્લામાં જઈને ભરાયા. આ ખબર મળતા સુલતાને રજપૂતો ઉપર હુમલો કરવા લશ્કર મોકલ્યું, પણ એમા મુસલમાનોની ઘણી ખુવારી થઈ.[૪૧] હિંદુ લશ્કર ઉપરના કિલ્લામાંથી નીકળી રોજ લડાઈ કરી જતું છેવટે ખોરાકની તંગીથી ખરી મુશ્કેલી ઊભી થઈ અને

---

૩૮ સિકંદરી, પૃ. ૯૮–૯૫. તબકાત પૃ ૨૧૩ હથિયારોના વર્ણનમાં બન્ને આધારોમાં જરા જરા ફેર છે. ઘોડાની સંખ્યા બે હજારને બદલે બે હજાર પાંચ છે. તબકાતમાં કહે છે કે પાંચ કરોડ સોનાના સિક્કા લશ્કરીઓમા એક જ દિવસ અને રાતમાં થઈને વહેંચવામાં આવ્યા

૩૯ તબકાતે અકબરી, પૃ. ૨૫૩.

૪૦ ઉપર પ્રમાણે, પૃ. ૨૫૪. સિકંદરી, પૃ. ૯૮.

૪૧. તબકાતે અકબરી, પૃ. ૨૫૪.

રા'મંડલિક તાબે થઈને સુલતાન જે કહે તે પ્રમાણે કરવાનું વચન આપી દયા માટે વિનતી કરી[૪૨] મહમૂદે રા'ને મુસલમાન થવાનું કહ્યું અને એ પણ એણે છેવટે કબૂલ કર્યું એથી ખુશી થઈને સુલતાને રા'મંડલિકને "ખાનજહાન"નો ઈલ્કાબ આપ્યો રા જ્યારે મહમૂદની સાથે અમદાવાદ ગયો ત્યારે એને જ્યારે જ્યારે પોતાની અસલ સ્થિતિ અને ગિરનાર યાદ આવતો ત્યારે પોતે ખૂબ રોતો હતો[૪૩] રા' મંડલિકનું મરણ અમદાવાદમાં થયું અને આજે એની કબર અમદાવાદમાં માણેકચોક પાસે કંદોઈ ઓળમાં એક સામાન્ય દુકાનમાં છે[૪૪] જૂનાગઢના સ્વતંત્ર રાજાઓનો આ રીતે અંત આવ્યો ઈ સ ૧૪૭૦ ના ડિસેમ્બરની ૪ તારીખે કિલ્લો શરણે આવ્યો

જૂનાગઢનું નામ મુસ્તફાબાદ

જૂનાગઢ જીતીને સુલતાને ત્યાં નવું શહેર વસાવ્યું અને એનું નામ મુસ્તફાબાદ પાડ્યું અને અમીરોએ પણ મકાનો બંધાવ્યાં તેથી મુસ્તફાબાદ અમદાવાદની નકલ જેવું થઈ ગયું[૪૫] મોટા કાજીઓ અને સૈયદોને પણ વસાવ્યા સુલતાને પોતે પણ જૂનાગઢમાં રહેવાનું પસંદ કરી ત્યાં ટંકશાળ કરી મુસ્તફાબાદના સિક્કા પણ પડાવ્યા[૪૬]

---

૪૨ તબકાતે અકબરી, પૃ ૨૫૪-૫૫ સિકંદરી અને તબકાતે અકબરી લખે છે કે રા એ મુસલમાન થવાની હા પાડી ત્યારે કહ્યું કે ઘણા વખતથી શાહ શમ્સુદ્દીનના બોધથી એનું મન ઇસ્લામ તરફ આકર્ષાયું હતું સિકંદરી એમને બુખારી કહે છે અને તબકાત માત્ર દરવેશ કહે છે સિકંદરી આગળ એમ પણ લખે છે કે રા'ને અમદાવાદ લઈ ગયા અને ત્યાં શાહઆલમ સાહેબના વચનોથી એ મુસલમાન થયો (સિકંદરી પૃ ૧૦૦)

૪૩ સિકંદરી પૃ ૯૯

૪૪ સિકંદરી માણેકચોકથી માણેકપુર જવાના રસ્તામાં લખે છે હાલ આ કબર એ રસ્તા નજીક જ છે

૪૫ તબકાતે અકબરી પૃ ૨૫૫

૪૬ પ્રો કોમિસેરિયેટનો ગુજરાતનો ઇતિહાસ પૃ ૧૬૦

ત્યા રહી એણે સોરઠ દેશની નવી વ્યવસ્થા કરવા માંડી. આસપાસના હિંદુ રાજાઓએ આવીને સુલતાનની તાબેદારી સ્વીકારી તથા તકાદા વગર ખંડણી આપવી શરૂ કરી અને જૂનાગઢમાં ગૂજરાતના બાદશાહનો સૂબો હમેશ રહેવા લાગ્યો. આમ મુસ્તફાબાદ નામ પાડ્યા છતાં જેમ આશાવલનુ કર્ણાવતી નામ ભુલાઈ ગયું, ચાંપાનેરનું મુહમ્મદાબાદ ભુલાયું, તેમ જૂનાગઢનું નામ નવું ભુલાઈ લોકહૃદયમા વસેલુ જૂનાગઢ નામ જ ચાલુ રહ્યુ.

સોરઠનો મુસલમાન થાણદાર

સોરઠના વહીવટ માટે અમદાવાદથી જેની નિમણૂક થતી તેને થાણદાર કહેવામા આવતા હતા. સુલતાન મહમૂદનો પુત્ર ખલીલખાન જે પાછળથી મુજફ્ફર બીજા તરીકે ગાદીએ આવ્યો તે પણ જૂનાગઢના હાકેમ તરીકે નિમાયો હતો અને એણે વસાવેલુ ખલીલપુર આજે પણ જૂનાગઢના પરા તરીકે રહેલુ છે.[૪૭] મહમૂદના જ સમયમાં ગુજરાતને મીરે બહર—નૌકાસેનાધિપતિ—મલીક અયાઝ સુલતાની સોરઠનો હાકેમ થયો ત્યારે ફિરંગીઓનુ તોફાન સમુદ્રમા વધતુ જતુ હતુ. એ કારણથી મલીક અયાઝે દીવ બંદરમાં પોતાનુ મુખ્ય મથક રાખ્યું હતું અને પોતાના તરફથી એક તાતારખાન ઘોરી નામના અમીરને નાયબ તરીકે જૂનાગઢમા નીમ્યો હતો. આ તાતારખાન ઘોરી અને એનો પુત્ર અમીરખાન ઘોરી પાછળથી ગૂજરાત સલ્તનતની નબળાઈના વખતમાં અમદાવાદના સુલતાનોની નામની સત્તા માન્ય રાખીને અરધા સ્વતંત્ર જેવા થઈ ગયા હતા.[૪૮]

---

૪૭. કાઠિયાવાડ સર્વસંગ્રહ—કાઠિયાવાડ ગેઝેટિયરનો ગૂજરાતી સાર.

૪૮ ઉપર મુજબ પ્રો. કોમિસેરિયેટ કા. ગેઝે. માંથી આ હકીકતો લીધી છે અને કા. ગેઝે. કહે છે કે સલ્તનતના સમયના બક્ષિસનામાના દસ્તાવેજ મોગલાઈ જેટલા મળતા નથી એનું કારણ રાયજાદાની સત્તા હતી એ હોવુ જોઈ એ. રાયજાદા મહેસૂલ ઉઘરાવવામા સ્વતંત્ર જેવા હતા અને ઘણીવાર સુલતાનને ઈજારાની પેઠે ઠરાવેલી રકમ ભરતા એમ કાઠિયાવાડ સર્વસંગ્રહ લખે છે.

મંડલિકના વંશનો રાયજાદા

આમ મુસલમાન અધિકારી જૂનાગઢમાં રહેતા છતાં કેટલોક અગત્યનો વહીવટ રા'મંડલિકના પુત્ર ભૂપતના હાથમાં રહ્યો હતો સુલતાન મહમૂદે એને બગસરા ચોવીસીની જાગીર આપી હતી, અને વંશજોને બીજા ચુડાસમા રજપૂતોથી ભિન્ન ઓળખવા માટે "રાયજાદા"નો ઇલ્કાબ પણ આપ્યો હતો એ વંશના રજપૂતો આજે બગસરા અને કેશોદમાં રાયજાદા કહેવાય છે સોરઠના મુખ્ય રાજવીના વંશના હોવાને કારણે સોરઠની મહેસૂલની વસૂલાતનું કામ પણ એમને જ સોંપાયું હતું અને મુસલમાન થાણદાર માત્ર કિલ્લાના લશ્કરનો ઉપરી અને બાદશાહનો પ્રતિનિધિ જ ગણાતો[૪૯] સુલતાન મહમૂદે આ રીતે વહીવટી સત્તા રા'મંડલિકના વારસોના જ હાથમાં રાખી હતી એ ડહાપણ અને દૂરદેશીનું કાર્ય હતું

જૂનાગઢ અને ગિરનારના બે જુદા કિલ્લા

જૂનાગઢની આ લડાઈના વર્ણન ઉપરથી એટલું તો સમજાશે કે જૂનાગઢને બે કિલ્લા હતા—એક જૂનાગઢનો ઉપરકોટ અને બીજો ગિરનારનો ઉપરકોટ નીચેના ઉપરકોટની આસપાસ શહેરને ફરતો કોટ બાંધીને મહમૂદે એનું નામ મુસ્તફાબાદ રાખ્યું રજપૂત શહેર એ જ જગ્યાએ હતું કે બીજી જગ્યાએ એ આજે કહેવું મુશ્કેલ છે ઉપરકોટનો વિસ્તાર જોતાં રજપૂત સમયમાં પણ એમાં લશ્કરનું મથક અને કિલ્લો હશે અને રાજાના મહેલો હશે એમ જ જણાય છે તે

---

૪૯ પ્રો કોમિ નો ઇતિહાસ પૃ ૧૭૦ કા ૭૬ ને આધારે રા મંડલિક મુસલમાન થયો તે કારણથી એના પુત્રને જાગીર આપી હશે કે રાજદ્વારી કારણથી એ નક્કી થતું નથી પરંતુ મુસલમાનો જમીનમહેસૂલની આંતરવ્યવસ્થા કરી શકે એ શક્ય જ નહોતું એટલે મહમૂદે ડહાપણ વાપરીને એ સત્તા જૂના હિંદુ રાજાના વંશમાં રાખી હોવી જોઈએ કારણ કે એ બાબતમાં વાંધો પડે તો મુસલમાન થાણદાર સુધી વાત જતી

સાથે ગિરનારના ઉપરકોટમાં આજે જૈન મંદિરો છે ત્યાં કિલ્લો ગણી શકાય. પરંતુ રા'મંડલિકના વખતમાં આજે ઊભાં છે તે મંદિરો હતાં, એટલે લશ્કરી કિલ્લો ઉપરના ભાગમાં કઈ જગ્યાએ હશે તે આજે જાણવું મુશ્કેલ છે. જૈન મંદિરોના ભાગને પણ કોટથી સુરક્ષિત કરીને ત્યાંથી લડવામાં આવે તો એ ભાગ નીચે રહેલા દુશ્મનો માટે જીતવો મુશ્કેલ ગણી શકાય એવો છે અને એક ઊંચા વિશાળ ખડક ઉપર એ ભાગ આવેલો હોવાથી દુશ્મન લાંબો ઘેરો ઘાલીને અંદરના રક્ષકોને થકવે તો જ જીતી શકે એવી એની કુદરતી રચના છે પરંતુ એનો વિસ્તાર બહુ તો બે હજાર માણસોથી વધારે લશ્કરીઓને સમાવી ન શકે એટલો જ છે, એટલે લશ્કર સિવાય સામાન્ય વસ્તી એમાં સમાઈ શકે એ શક્ય લાગતું નથી.[૫૦]

ગિરનારનાં ઉપરકોટનાં જૈન મંદિરો

ગિરનાર ઉપરના આ ઉપરકોટમાં પ્રાચીન જૈન મંદિરો છે. જૈનોના તીર્થંકર શ્રી નેમીનાથ ભગવાન અહીં મોક્ષે ગયા હતા એટલે ગિરનાર જૈનોનું પવિત્ર યાત્રાનુ ધામ છે. એમાં બીજાં કેટલાંક મંદિરો છે પણ શ્રી નેમીનાથ ભગવાનનું મંદિર મુખ્ય છે. અહીં ઘણાંખરાં મંદિરો વિક્રમની બારમી સદીની આસપાસ બંધાયાં છે. મંદિરો તો ઘણાં પ્રાચીન હતાં, પરંતુ હાલના સ્વરૂપમાં એમના જીર્ણોદ્ધાર બારમી તેરમી સદીમાં થયા હોય એમ ઉલ્લેખો ઉપરથી જણાય છે. એ બધો ઇતિહાસ બહુ લાંબો હોવાથી અહીં એમાં ઊતરવાની જરૂર

૫૦. તવારીખોના વર્ણન ઉપરથી ગિરનારના ઉપરકોટના વિસ્તારમા મંદિરો ઉપરાંત કિલ્લો હોવો જોઈએ જો કે જુદા કિલ્લાના ચિહ્નો જણાતાં નથી. ઉપર બે હજારથી વધારે માણસો સમાય એવું દેખાતુ નથી, એટલે લશ્કરી ઉપયોગ માટે ખાસ સંજોગોમા જ એ વપરાતો હોય. એનું રક્ષણ બરોબર થાય તો કોઈ શત્રુ એને જીતી ન શકે એવું છે. મહમૂદની જૂનાગઢની ચડાઈ વખતે તોપ વપરાઈ નથી એટલે આ લડાઈ વધારે મુશ્કેલ હતી.

નથી. મહારાજા કુમારપાળે તથા વસ્તુપાલ તેજપાલે બંધાવેલાં મંદિરો પણ છે અને એક તો સંપ્રતિ રાજાએ બંધાવેલું મંદિર કહેવાય છે અને બીજાં પણ જૈન મંદિરો છે. આ મંદિરોના સમૂહથી ઉત્તરે જતાં હાથીપગલાંનું ઝરણું આવે છે ને ઉપર ગૌમુખી પછી શ્રી અંબાજી માતાનું ઊંચું શિખર અને મંદિર આવે છે. અંબાજી માતાનું મંદિર પણ પ્રાચીન છે અને એ દેવી શ્રીનેમીનાથ ભગવાનની શાસન-અધિષ્ઠાયિકા દેવી છે.[51] શ્રી અંબાજીના મંદિરમાંથી નીચેનાં જૈનમંદિરો અને આખા ગિરનારનાં જંગલ અને તળેટીનો દેખાવ ખૂબ જ રમણીય લાગે છે. અંબાજી માતાની ટૂંકથી આગળ ગોરખનાથ અને દત્તાત્રેય અને કાલિકાનાં શિખરો તરફ જવાય છે. મુસલમાન સમયમાં આ મંદિરોની શી દશા હશે તેના સ્પષ્ટ ઉલ્લેખો મળતા નથી, પરંતુ જૈનો જેવી રાજ્યમાં લાગવગ ધરાવતી કોમે[52] મંદિરોનો ધ્વંસ બહુ નહિ થવા દીધો હોય એમ સમજાય છે. જો કે એ સમયમાં નવાં મંદિરો નહિ થયાં હોય એટલું તો સ્પષ્ટ છે. સં. ૧ ૩૨ માં સંપ્રતિ રાજાના મંદિરમાંથી એક સુંદર કલાવાળું પરિકર નીકળ્યું છે અને તેના ઉપર વિ. સં. ૧૫૨૩ માં ઉદયવલ્લભસૂરિના ઉપદેશથી શ્રી સંઘે વિમલનાથ દેવ પરિકર સહિત બનાવ્યા અને જ્ઞાનસાગરસૂરિએ પ્રતિષ્ઠા કરી એવો લેખ પણ છે. આ વર્ષ જોતાં ઈ. સ. ૧૪૬૭ આવે છે એટલે મહમૂદ બેગડાએ ચડાઈ કરી ત્યારે આ પ્રતિષ્ઠા છેલ્લી થઈ હશે એવું સમજાય છે.[53] એ પછી સલ્તનતના

૫૧ ભગવાન નેમીનાથનો શ્રીકૃષ્ણ અને યાદવો સાથેનો સંબંધ વગેરે જૈન કથાઓ છે. શ્રીઅંબાજી ગિરનાર ઉપર પ્રાચીન ધામ છે. આ વર્ણન માટે જૈન તીર્થોનો ઇતિહાસ—ગિરનાર શબ્દ જુઓ.

૫૨ હિંદુ બ્રાહ્મણ મંદિરો કરતાં જૈન મંદિરોનો નાશ પ્રમાણમાં ઓછો થયો છે અને એના જીર્ણોદ્ધારની પરવાનગીઓ પણ ત્વરાથી મળી છે તેનું કારણ વાણિજ્ય છે એ વાત આગળ જોઈશું.

૫૩ જૈન તીર્થોનો ઇતિહાસ—ગિરનાર શબ્દ

સમયના ઉલ્લેખો મળતા નથી. એ જ મંદિરમાંથી વિ. સં. ૧૨૧૫ અને ૧૪૬૧ ના લેખો મળ્યા છે.

મુહાફિઝખાનની અમદાવાદમાં નિમણૂક

આ વખતે જ્યારે સુલતાન લાંબો વખત મુસ્તફાબાદ—જૂનાગઢમાં રહ્યો ત્યારે અમદાવાદની આસપાસ અવ્યવસ્થાને લીધે ચોરલૂંટારાઓનો ભય ખૂબ વધી પડયો અને ગુજરાતમાં લોકોને જવા આવવાના માર્ગો સહીસલામત રહ્યા નહિ. આ સમાચાર મળવાથી ઈ. સ. ૧૪૭૦-૭૧માં લશ્કરી સરંજામની વખારોના ઉપરી જલાલુદ્દીનને સુલતાને મુહાફિઝખાનનો ઇલ્કાબ આપીને અમદાવાદનો કોટવાલ નીમ્યો. આ અમીરે અમદાવાદમા એવો તો સારો બંદોબસ્ત કર્યો કે થોડા વખતમાં ચોર લુટારાઓનુ નામ પણ રહ્યું નહિ અને લોકો સુખથી નિદ્રા લેતા એવો શાંત સમય આવ્યો. એમ કહેવાય છે કે એણે ટૂંકા સમયમા પાંચસો ચોર લૂંટારાઓ પકડીને ફાંસીએ લટકાવ્યા. એની આવી કામગીરી જોઈ સુલતાને એને ઇરનીફા એ મમાલિકની જગ્યા આપી અને પાછળથી એને વજીરપદ પણ આપ્યું આ અમીરનુ વર્ણન આગળ કરીશુ. વ્યવસ્થા જાળવવા માટે એના તબેલામાં હોશિયાર સવારોના ૧૭૦૦ ઘોડા હતા, એને 'બરગીર ખાસ' કહેતા હતા. આ અમીર તારીખે બહાદુરશાહીના કર્તાનો દાદો થતો હતો. અમદાવાદમા એણે બધાવેલી સુંદર મસ્જિદ આજે અખડ ઊભી છે તેનુ વર્ણન પણ આગળ કરીશુ.[૫૪]

---

૫૪ મિરાતે સિકંદરી, ગુ ભા. પૃ. ૧૦૩, તબકાતે અકબરી, પૃ. ૨૫૫-૫૬. તબકાતમા ઉપર મુજબ ઇલ્કાબ લખ્યો છે, જ્યારે સિકંદરી મસતુફે મમાલિક લખે છે. મુહાફિઝખાનના તબેલા અને બીજી સત્તાનું વર્ણન સિકંદરી કરતા તબકાતમા વિગતથી આપ્યું છે. એના પુત્ર મલીક ખીદરની સત્તા એ વખતમાં બાપથી પણ વધી ગઈ હતી એમ તબકાત અને ફિરિશ્તા બન્ને લખે છે, સિકંદરી એ ઉલ્લેખ કરતી નથી.

કચ્છ અને સિંધ ઉપર ચડાઈ

ઈ સ ૧૪૭૨ માં કચ્છના સોઢા અને સુમરાઓએ મુસલમાનોને હેરાન કરવાના સમાચાર મળવાથી સુલતાન જૂનાગઢથી નીકળી ઉતાવળી કૂચે કચ્છ એક દિવસમા પહોંચ્યો કચ્છીઓ ચોવીસ હજાર હતા અને સુલતાનનુ લશ્કર ખૂબ નાનુ હતું છતા કચ્છીઓને હરાવી તાબે કરી એમના નેતાઓને મુસલમાન ધર્મનુ શિક્ષણ આપવા માટે જૂનાગઢ મોકલવામા આવ્યા એ પછી સિંધનો જામ નિઝામુદ્દીન જે સુલતાન મહમૂદનો માતામહ થતો હતો તેની સામે સિંધી સનુચીઓએ બળવો કર્યો હતો અને કચ્છ તથા ગુજરાતની સરહદને પણ ભય પેદા થયો હતો, તેથી સુલતાનોને સારુ લશ્કર લઈને સિંધ ઉપર ઝડપી સવારી કરી રણમા થઈને જવાનુ હતુ એટલે સરજામ તેમજ એક ઘોડેસવાર સાથે એક ખાલી ઘોડો પણ લીધો હતો બળવાખોરો સારા તીરંદાજ હતા, અને એમની સંખ્યા પણ મોટી હતી, પરંતુ સુલતાનના કેળવાયેલા લશ્કરે તેમને હરાવ્યા અને આ સમાચાર જાણ્યા પછી સિંધના જામે સુલતાનનો આભાર માન્યો[૫૫] સિંધ અને કચ્છ ઉપરની આ ચડાઈની વિગત તવારીખકારોએ એટલી ઓછી અને એટલી વિરોધવાળી લખેલી છે કે એ માટે શંકા ઉત્પન્ન થાય એવુ છે જૂનાગઢથી કચ્છ એક દિવસમા પહોંચવુ શક્ય નથી અને રણમા થઈ ઝડપી કૂચ કરવી પણ શક્ય નથી પરંતુ કચ્છી અને સિંધી બળવાખોરો કરતા સુલતાન પાસે વધારે કેળવાયેલુ લશ્કર હતુ અને આ બળવા સામાન્ય હોય એટલુ ખરુ એમ લાગે છે આમાં તવારીખકારોની અતિશયોક્તિ પણ કાંઈક અંશે હશે[૫૬]

---

૫૫ તબકાતે અકબરી પૃ ૨૪૩-૨૫૦ તમામ કચ્છ અને સિંધ બંને ઉપરની સવારીનુ વર્ણન કરે છે જ્યારે મિરાતે સિકંદરી માત્ર સિંધનું નામ લખે છે બંનેમા હકીકત એટલી અધૂરી છે કે લડાઈઓનું કાંઇ મુલ્યાંકન થઈ શકતુ નથી

૫૬ તબકાતે અકબરીનો તરજુમો કરનાર પણ તવારીખોના આ વર્ણન માટે શંકા દર્શાવે છે

દ્વારકાની ચડાઈનું કારણ

ઈ. સ ૧૪૭૩ મા સોરઠની લડાઈઓમાં મોટો બનાવ કહી શકાય એવો એક લશ્કરી વિજય સુલતાનને મળ્યો. મહમૂદ જૂનાગઢમા હતો ત્યા એક મૌલાના મુહમ્મદ સમરકંદી નામે મુસલમાન ધાર્મિક પુરુષ[૫૭] આવ્યા અને ખૂબ રોઈને સુલતાન પાસે પોતાની દુઃખની હકીકત કહી મૌલાના દક્ષિણથી વહાણને રસ્તે હોરમઝ થઈ સમરકંદ જતા હતા ત્યા દ્વારકા પાસે જગત બેટના લોકોએ એમને લૂટી લીધા અને એમના કુટુંબને કેદ કરી બે નાના છોકરા સાથે એમને રખડતા મૂક્યા. બે છોકરાઓને વારા ફરતી ખભા ઉપર ઊંચકી લાંબો પંથ કાપી મૌલાના જૂનાગઢ આવ્યા અને સુલતાનને અરજ કરી કે પોતાને આ દુઃખમા મદદ કરે. મહમૂદે આ સાભળીને મૌલાનાને સુખ સગવડ કરી આપીને દ્વારકા ઉપર ચડાઈ કરવાની તૈયારી કરી.[૫૮] એમ કહેવાય છે કે મહમૂદના પહેલા કોઈ મુસલમાન બાદશાહે દ્વારકા ઉપર કદી ચડાઈ કરી નહોતી[૫૯]

દ્વારકા અને બેટની લડાઈ

આ વખતે ઓખામંડળનો રાજા ભીમ નામે હતો, અને વાઘેરો પ્રસિદ્ધ ચાંચિયા ગણાતા હતા. એમ કહેવાય છે કે પ્રાચીન કાળથી છેક અઢારમી સદીના અંત સુધી જગત અને દ્વારકાના ચાંચિયાનું જોર ખૂબ હતું અને એ રસ્તે થઈને જતુ વહાણ સલામત રહેતુ નહિ. સુલતાન મહમૂદે દ્વારકા ઉપર ચડાઈ કરવાનો ઇરાદો કેટલાક વખતથી રાખેલો, પરતુ ત્યા પહોચતા રસ્તાની મુશ્કેલીઓનો વિચાર કરતા ચડાઈ મુલતવી રાખતો હતો આ મૌલાનાની અરજથી એ કાર્ય જલદી પતાવવા હવે સુલતાન તૈયાર થયો. અને ઈ સ. ૧૪૭૩ ના

૫૭. કેમ્બ્રિજ હિસ્ટ્રી મૌલાનાને વિદ્વાન કવિ અને વેપારી કહે છે.
૫૮. સિકંદરી, પૃ. ૧૦૫ ૧૦૬. તબકાતે અકબરી, પૃ. ૨૫૯-૬૦.
૫૯ સિકંદરી, પૃ. ૧૦૮. સિકંદરી આ કારણથી સુલતાનને ગાઝી કહે છે.

મે માસની ૧૮ મી તારીખે (૧૬ મી જીલહજ) જૂનાગઢથી કૂચ કરી સુલતાનના અમીરો એની દર વર્ષે આની એકાદ લશ્કરી હિલચાલ કરવાની ટેવને લીધે કંટાળી ગયા હતા, પણ એમનું કાંઈ ચાલ્યું નહિ[60] આખરે રસ્તાની ખૂબ મુશ્કેલીઓ સહન કરીને સુલતાન દ્વારકા પહોંચ્યો અને એ સમાચાર સાંભળતાં જ રાજા ભીમ અને એના લશ્કરીઓ શંખોદ્ધાર બેટના સુરક્ષિત કિલ્લામાં ભરાઈ ગયા એમ કહેવાય છે કે દેશના એ વિભાગમાં સાપ ખૂબ થતા હતા અને બીજા જંગલી જનાવરોનો ત્રાસ પણ ખૂબ હતો કહે છે કે એક પડાવમાં સુલતાનના પોતાના તંબુમાં સાતસો સાપ મારી નાખવામાં આવ્યા હતા, અને બીજા જંગલી જનાવરો પણ ઘણા મરાયા હતા[61] સુલતાને બેટની સામે આવેલા આરંભડા[62] ગામ પાસે પોતાની છાવણી નાખી હતી અને ત્યાં એને ચાર મહિના રહેવું પડ્યું હતું એના આ ઘેરા દરમ્યાન મહમૂદે દ્વારકાના સુપ્રસિદ્ધ રણછોડરાયના મંદિરનો અને બીજાં હિંદુ મંદિરોનો નાશ કર્યો[63]

બેટની જીત અને દ્વારકાના રાજાનું નાસી જવું

હવે શંખોદ્ધાર બેટને જીતવા માટે મોટા નૌકાસૈન્યની જરૂર હતી અને ગુજરાતના નૌકાસૈન્યનું મુખ્ય થાણું સોરઠમાં દીવ બંદરમાં જ હતું સુલતાને મોટી સંખ્યામાં વહાણો તૈયાર કરાવી સિપાઈઓથી તેમાં ભરી શંખોદ્ધાર બેટને ઘેરો ઘાલ્યો તવારીખકાર કહે છે કે હિંદુઓ પણ કિલ્લામાંથી તેમ જ બહાર આવીને વહાણમાં

૬ સિકંદરી ગુ. ભા. પૃ. ૧૦૬ તબકાતે અકબરી પૃ. ૨૬૦-૬૧

૬૧ સિકંદરી પૃ. ૧૦૬-૧૦૮ તબકાત પૃ. ૨૬૧ સિકંદરી માત્ર સાપ માર્યાનું લખે છે ત્યારે તબકાત સાપ ઉપરાંત વાઘ વરુ ને સિંહ પણ લખે છે

૬૨ આ નામ ફા. તવારીખમાં ફુટી તૂટી રીતે લખેલું છે. કાંઈ પાઠ આરંભડા ... નામ ... પ્રચલિત ઉપર મુજબ છે

૬૩ સિકંદરી પૃ. ૧૦૮

બેસીને પણ ખૂબ બહાદુરીથી લડ્યા, પરંતુ છેવટે હાર્યા.[૬૪] હાથો-હાથની લડાઈ પણ થઈ. મહમૂદે બેટનો વિજય કરી ત્યાંથી મોતી વગેરેની મોટી લૂંટ મેળવી અને ત્યાંનાં મંદિરોનો ધ્વંસ કરીને રાજા ભીમને પકડીને કેદ કર્યો, અને મૌલાનાના કેદ કરેલા કુટુંબને પણ છોડાવ્યું, તથા બીજા ઘણા મુસલમાન કેદીઓને છોડાવી હિંદુઓને કેદ કર્યા. ઓખામંડળ અને દ્વારકાના વહીવટ માટે મલીક તુઘાનને ફરહત ઉલ્મુલ્કનો ઇલ્કાબ આપીને ત્યાંનો થાણદાર નીમ્યો અને મહમૂદ ઈ. સ. ૧૪૭૩ ના ઓક્ટોબરની ૬ ઠ્ઠી તારીખે જૂનાગઢ પાછો આવ્યો.[૬૫] દ્વારકાના કેદી રાજા ભીમને મૌલાના સમરકંદીની પાસે મોકલ્યો, પરંતુ મૌલાનાએ સુલતાનનો આભાર માનીને ભીમને પાછો મોકલી આપ્યો. તે પછી મહમૂદે બેડીઓ સાથે રાજા ભીમને અમદાવાદ મુહાફિઝખાન પાસે મોકલ્યો અને હુકમ પાઠવ્યો કે એના અંગના ટૂકડા કરી અમદાવાદને દરેક દરવાજે એક એક ટૂકડો લટ-કાવવો. મુહાફિઝખાને રાજાને અમદાવાદની આસપાસ ઢસડીને ક્રૂર રીતે બાદશાહના હુકમનો અમલ કર્યો. આ હકીકત બધી તવારીખો આપે છે અને તેને આધારે ઘણાખરા ઇતિહાસગ્રંથોમા પણ આ વાત લખેલી છે.[૬૬] પરંતુ ઓખામંડળના ઇતિહાસમાં આનાથી ઊલટી વાત લખેલી છે. દ્વારકાના રાજા સાંગણે પોતાનુ રાજ્ય છેક ખંભાળિયા સુધી વધાર્યું હતું, સોરઠના આખા પશ્ચિમ કાંઠા ઉપર એ ચાંચિયા-વૃત્તિ કરતો હતો અને મુલકમા ધાડો પણ પાડતો હતો, અને મક્કા હજ કરતાં વહાણો પણ લૂટયાં હતા, એવામા આ મૌલાના સમરકંદી ફતેહમારી નામે વહાણમાં ઈરાનના અખાત તરફ (હોર્મઝ) જતો

---

૬૪ સિકંદરી, પૃ. ૧૦૮. તબકાત, પૃ. ૨૬૧.

૬૫ બન્ને તવારીખો પૃ. ઉપર પ્રમાણે

૬૬ સિકંદરી, પૃ. ૧૦૯. તબકાત, પૃ. ૨૬૧–૬૨. તબકાત લખે છે કે રાજા ભીમ વહાણમાં નાઠો, પણ સુલતાનના વહાણોએ એને પકડ્યો ને પાછળથી જૂનાગઢ બાંધીને લાવ્યા.

હતો તેને પણ લૂંટયો અને સ્ત્રી અને દાસીઓને આરંભડામાં ગુનામ તરીકે રાખ્યાં મૌલાના અને છોકરાઓને છૂટા મૂકયા

રાજા જીવતો રહ્યો અને દ્વારકા પાછું જીતી લીધું

આ બનાવ પછી સુલતાન મહમૂદ બેગડો દ્વારકા ઉપર ચડયો અને બેટ તથા દ્વારકા જીતીને પોતાનો હાકેમ ત્યાં મૂકયો તે ઉપર જોઈ ગયા, પરંતુ મુસલમાન સત્તા લાંબો સમય ટકી નહિ અને ભીમજી મોટી ફોજ લઈ ચડી આવ્યો અને દ્વારકા પોતાને હાથ કરી લીધું ભીમજીના રાજ્યના પાછલા ભાગમાં હમીરજીના વંશના માણેક અને ભીમજી વચ્ચે ઝઘડો થયો અને માણેક તથા વાઘેરોએ મળી દ્વારકા જીતી લીધું ભીમજીએ છેવટે સલાહ કરી વાઘેરોની સત્તાનો સ્વીકાર કરી બન્નેએ એકત્ર થઈ દ્વારકા ઉપર કોઈપણ પરદેશી હુમલો કરે તો સાથથી તેનો સામનો કરવો એવું નક્કી કર્યું દ્વારકામાં આ વાઘેરોની સત્તા લાંબો વખત ચાલી હોય એમ જણાય છે [૬૭] અને સુલતાન મહમૂદના મરણ પછી સોરઠના પશ્ચિમ તરફના આ છેડા સુધી મુસલમાનોની સત્તા જામી હોય એમ જણાતું નથી આ હકીકત સાચી હોય તો તવારીખોએ કહેલું ભીમજીના ટૂકડા કરીને લટકાવવાનું ખોટું ઠરે છે ગૂજરાત સલ્તનતના અંત સુધી દ્વારકામાં હિંદુસત્તા રહી હોય એમ જણાય છે

---

૬૭ આ હકીકત કાઠિયાવાડ ગેઝેટિયરમાં ઓખામંડળના ઇતિહાસમાં આપી છે ગેઝેટિયરના ગુજરાતી સારરૂપ સર્વસંગ્રહ સિકંદરી ઉપરથી રાજા ભીમની કતલની નોંધ લે છે છતાં દ્વારકા માટે આ હકીકત વિગતથી લખે છે તબકાતે અકબરીમાં સ્પષ્ટ લખ્યું છે કે રાજા વહાણમાં નાઠો અને તેને પાછળથી સુલતાન પાસે જૂનાગઢ મુકામે બાંધીને લાવ્યા આમાં એમ બન્યું હોય કે રાજા ભીમજી નાસી જ ગયો હોય અને હાથ ન આવ્યો હોય તવારીખોનું વર્ણન કાંતો મુસલમાનોનું ઊંચું રાખવા માટે હોય અગર તો સુલતાનના માણસો રાજાને બદલે કોઈને જ પકડીને લાવ્યા હોય એવું પણ ઘણીવાર બને છે

દ્વારકા ભારતનું પહેલું પાટનગર

હવે દ્વારકા અને એના અવશેષોનું ટૂંક વર્ણન કરીએ. પરંતુ એ કરતા પહેલાં આગળનો પ્રશ્ન દ્વારકાના સ્થળનિર્ણયનો છે. દ્વારકા એ આપણા ભૂમિવિભાગનું પ્રાગૈતિહાસિક સમયનું પાટનગર છે અને મહાગુજરાતના પાટનગરોની પંક્તિમાં એ સર્વથી પહેલું છે. આજે સામાન્ય ભારતવાસી દ્વારકાપુરીને લીધે આપણા પ્રાંતને ઓળખે છે, અને એનું સ્થાન ભારતખંડમાં સર્વથી પવિત્ર ગણાતી સાત નગરીઓમાં છે. ઈશ્વરના પૂર્ણાવતાર તરીકે ગણાતી એ પણ પ્રાગૈતિહાસિક સમયની, ધર્મમાં પરિવર્તન લાવનારી એક સર્વથી મહાન વ્યક્તિ તે ભગવાન શ્રીકૃષ્ણ દેવકીપુત્ર. એમની આગેવાની નીચે મથુરાથી નાસી આવેલા યાદવોએ આનર્ત દેશમાં આવીને કુશસ્થલીમાં જમાવટ કરી[૬૮] અને એ નગરીને કિલ્લા તથા દ્વારથી સુરક્ષિત કરીને એનું નામ બદલીને દ્વારવતી અગર દ્વારકા રાખ્યું. દ્વારકા સમુદ્રતટે હતું એમાં તો બધા પુરાણો એક મત છે, અને દ્વારકામાં આવીને વસ્યા પછી યાદવો જરાસંધથી સુરક્ષિત થયા હતા એમ પુરાણો કહે છે.

શ્રીકૃષ્ણની દ્વારકા ક્યાં ?

આ શ્રીકૃષ્ણની દ્વારકા કઈ? આ એક મોટી ચર્ચાનો વિષય થઈ પડ્યો છે, અને એના લંબાણમાં ઊતર્યા વગર એની થોડી વાત કરીએ. દ્વારકાને સમુદ્રતટે હાલના ઓખામંડળના દ્વારકાથી છેક કોડીનાર પાસેના મૂળ દ્વારકા સુધી ત્રણેક જગ્યાએ એને મૂકવાનો પ્રયત્ન થયો છે, અને દ્વારકા રૈવતક પર્વતની ખૂબ જ પાસે છે એવા પુરાણોના ઉલ્લેખથી એક મત એને જૂનાગઢને સ્થળે જ મૂકે છે.[૬૯]

૬૮. દ્વારકા માટે દ્વારાવતી, દ્વારવતી, કુશસ્થલી, આનર્તપુરી એવાં નામો પુરાણોમાં છે.

૬૯. સ્વ. દુર્ગાશંકર શાસ્ત્રીજી દ્વારકાને જૂનાગઢની જગ્યાએ જ મૂકે છે અને સમુદ્રના સાંનિધ્યને ગણતા નથી.

જ્યારે બીજો મત એને આજની દ્વારકાને ઠેકાણે જ ગણવાના ઉત્સાહમાં આખા રૈવતક પર્વતને ઉપાડીને ઓખામંડળમાં મૂકે છે અને એ સ્થળ સાથે પુરાણોનું વર્ણન બંધ ન બેસવાથી દ્વારકાની સાથે જ એ પર્વત સમુદ્રમાં ડૂબી ગયો એમ માને છે.[70] આ બંનેની વચ્ચે કેટલાક એવા માનનારા છે કે સોરઠને દક્ષિણ કિનારે દ્વારકા હોવું જોઈએ. આ ચર્ચા ખૂબ જ વાદગ્રસ્ત હોવાથી અહીં એને સ્થાન નથી. પરંતુ આજે આપણા દક્ષિણ સોરઠના માહાના એક સ્થળને મૂળદ્વારકા કહે છે એ નામ જ એટલું તો બતાવી આપે છે કે દ્વારકાના સ્થળને માટે પ્રાચીન કાળથી મતભેદ છે.[71] અને દ્વારકાની સાથે એના સ્થાનનું સ્મરણ પણ આપણા ઇતિહાસવિમુખ સમાજના માનસિક આગરમાં ડૂબી ગયું છે. આજનું દ્વારકા કોઈ આઠમી સદીમાં સ્થપાયેલું માને છે. પરંતુ ઈસ્વીસનની શરૂઆતમાં જ્યારે પૌરાણિક હિંદુ ધર્મનું ઘડતર ચાલતું હતું ત્યારે આપણા ધાર્મિક સંપ્રદાયોના ઇતિહાસમાં એવા બનાવો બન્યા જણાય છે કે જેથી કેટલાક મહત્ત્વના ફેરફારો થયા છે. સોરઠને કાંઠે થયેલા આવા કોઈ ફેરફારને લીધે અને

---

૭૦ શ્રી ઉમાશંકર જોશી એ પ્રમાણે માને છે. એમના 'પુરાણોમાં ગુજરાત' એ નામના ખૂબ અભ્યાસપૂર્ણ ગ્રંથમાં દ્વારકા માટે વિસ્તૃત ચર્ચા કરી છે અને હાલના દ્વારકાની જગ્યાએ પ્રાચીન નગરીને મૂકીને રૈવત પર્વતને એક નાના ડુંગર [illegible] જેવા બનાવી એ સમુદ્રમાં ડૂબેલો હોય એમ માને છે.

૭૧ મહામહોપાધ્યાય સ્વ. હાથીભાઈ શાસ્ત્રી મૂળ દ્વારકા [illegible] આગળ જ દ્વારકા માને છે. [illegible] દ્વારકાની જગ્યા પ્રાચીન દ્વારકા ન હોય એ બાબત દલીલ કરતા શ્રી ઉમાશંકર [illegible] કહે છે કે મહાભારતમાં અર્જુન દક્ષિણથી વહાણમાં પ્રભાસ આવીને દ્વારકા [illegible] એમ લખ્યું છે. એટલે જો મૂળ દ્વારકાની જગ્યાએ દ્વારકા હોય તો એ પ્રભાસની પૂર્વમાં હોવાથી [illegible] અને પ્રભાસ આવવાની [illegible] ન રહે. આ દલીલ વિચાર કરાવે તેવી છે ખરી, પણ એવી સમજૂતી મળી શકે તેવી [illegible] બાજુના [illegible] નહિ [illegible] દલીલ કરતાં [illegible] એવા તો મૂળ દ્વારકા નામનો જ પ્રયોગ છે.

અસલ દ્વારકા પણ સમુદ્રમાં લુપ્ત થવાને લીધે ઓખામંડળ જેવા દૂરના સ્થળે આજની દ્વારકા સ્થપાઈ હોય એમ જણાય છે, અને આ અનુમાન ઠીક હોય તો આજની દ્વારકાના સ્થળને આશરે બે હજાર વર્ષ જેટલું તો પ્રાચીન માનવું પડે.[૭૨] ઇતિહાસને બાજૂએ મૂકતાં પણ આજે દ્વારકાપુરીનું સ્થાન ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં મહત્ત્વનું જ ગણાય. દ્વારકાના પૂજ્ય દેવ શ્રીકૃષ્ણનું નામ "રણછોડરાય" કેમ પાડયું એ પણ રસમય સંશોધનનો વિષય છે.

આજની દ્વારકા

દ્વારકામાં શ્રીરણછોડરાયનુ મંદિર સાડાચારસો વર્ષ જૂનું ગણાય છે અને એ ભવ્ય દેખાવવાળું છે, અને એને ફરતો કોટ છે. દ્વારકામા શંખનારાયણનુ મંદિર પણ છે. શંખનારાયણનું મંદિર પ્રાચીન ગણાય છે, પરંતુ હાલનુ મંદિર ૧૩૦ વર્ષ પહેલાં કચ્છના રાવસાહેબે બંધાવેલુ. ત્યાં એક કચ્છી ગઢ નામે જગ્યા છે એટલા ભાગ ઉપર કચ્છની હકૂમત હતી એમ કહેવાય છે, બાકી દ્વારકા અને ઓખામંડળ ઉપર ગાયકવાડ સરકારની સત્તા હતી. અને આજે રાજ્યોના વિલિનીકરણ પછી પણ સૌરાષ્ટ્રમાં છેડા ઉપર હોવા છતાં એ મુંબઈ સરકારની સત્તામાં ગણાય છે. સાંસ્કૃતિક મહાગૂજરાતનું આ પહેલું પાટનગર ગૂજરાત અને સૌરાષ્ટ્રનું એકીકરણ થાય તો જ યોગ્ય સ્થાન પામે એ દિવસ ક્યારે આવશે? દ્વારકામાં એક હાજી કરમાણી

૭૨. મને તો લાગે છે કે ઈ.સ.ની શરૂઆતમાં ભારશિવ નાગ મહારાજ્યના સમયમા શૈવપંથનું જોર ખૂબ હતુ અને પાશુપાત સંપ્રદાયનો ઉદ્ભવ પણ ગૂજરાત સોરઠને કાંઠે થયો હતો. જૂની દ્વારકા સમુદ્રમાં જીર્ણ થઇ ડૂબી ગઈ હોય અને વૈષ્ણવોને એ જગ્યા સલામત ન લાગી હોય તો ઓખામંડળમાં નવી દ્વારકા સ્થાપી હોય અને મૂળ જગ્યાએ મૂળ દ્વારકા નામ રહ્યું હશે. ટૉલેમીના વર્ણનમાં આજની દ્વારકાનું જે શૂન્ય દેખાય છે તેનું કારણ એટલા પ્રાચીન સમયમાં ત્યાં વૈષ્ણવોનું થાણું જામ્યુ હોય એમ બની શકે.

નામના મુસલમાન પીરે સારી જગ્યા રોકી છે ઓખામંડળમાં રહેતા બ્રાહ્મણોને ગૂગળી બ્રાહ્મણો કહેવામા આવે છે

ખુદાવંદખાનનું કાવતરું

જૂનાગઢને જીતી સૌરાષ્ટ્રની વ્યવસ્થા કરી, દ્વારકાને જીતી પાચ વર્ષ સોરઠમા ગાળ્યા પછી સુલતાન અમદાવાદ આવ્યો અને ત્યાથી દર વર્ષે જૂનાગઢ જતો હતો ઈ સ ૧૪૮૦ માં એ મુસ્તફાબાદ–જૂનાગઢમા આવ્યો ત્યારે અમદાવાદથી એના અમીર ખુદાવંદખાને સુલતાનને ગાદીએથી ઉઠાડી એના શાહજાદા અહમદખાનને ગાદીએ બેસાડવાનું કાવતરુ રચ્યુ એ વર્ષની રમઝાન ઈદની સવારી વખતે આ કાવતરુ અમલમા મૂકવુ એવો ખુદાવંદખાનનો ઈરાદો હતો ખુદાવંદખાને રાયરાયાં[૭૩] નામના એક હિંદુ અમીરને ખાનગીમા પોતાનો ઈરાદો કહ્યો અને વજીર બહાઉદ્દીન ઈમાદુલ્મુલ્કને મારી નાખવાની પણ એને વાત કરી એમ કહેવાય છે કે સુલતાનની હમેશની લશ્કરી સ્વારીઓથી અમીરો ખૂબ કટાળી ગયા હતા અને સુલતાનને પદભ્રષ્ટ કરીને અહમદખાનને ગાદીએ બેસાડી સત્તા હાથ કરવા માગતા હતા બહાઉદ્દીન રાયરાયાનો ખાસ મિત્ર હતો, એટલે ખુદાવંદખાને બહાઉદ્દીનથી આ કાવતરાની વાત છાની રાખવાનુ કહ્યુ હતું પરતુ રાયરાયાંએ આખીયે વાત છાની રાખવા માટે બહાઉદ્દીન પાસે કુરાનના સોગદ લેવડાવી એને વાત કહી અને એ વજીરે મલીક સારંગ અને મુહાફિઝખાન જેવા વિશ્વાસુ અમીરોને ઈદને દહાડે લોકો કોઈ તોફાન ન કરે તેવો બદોબસ્ત રાખવાનુ કહી શાહજાદાની આસપાસ હાજર રહેવાનુ કહ્યુ આમ કરવાથી આખુયે કાવતરું નિષ્ફળ ગયું આ વાત લોકોને મોઢેથી સુલતાને જૂનાગઢમા

૭૩ આ કાવતરાની વિગત તબકાતે અકબરી લખાણથી આપી છે, સિકદરીમા બહુ ટૂકો ઉલ્લેખ છે રાયરાયા હિંદુ અમીર લાગે છે પણ એ ઉકકાબ છે એનું નામ આપ્યું નથી સિકદરી એ નામ નથી આપતી

ગૂ ૧૮

સાંભળી ત્યારે એ ચિંતાતુર થયો અને અમદાવાદ તરફ આવવા નીકળ્યો.[૭૪] મલબારના ચાંચિયા બંદરોએ આવનાં વહાણો લૂંટે છે એવા સમાચાર મળવાથી ગોઘા થઈ તેનો બંદોબસ્ત કરી ત્યાંથી વહાણમાં ખંભાત ગયો, ત્યાંથી અમદાવાદ પહોંચ્યો.

ઝાલાવાડ ઉપર ચડાઈ

આ સમય દરમ્યાન શાહજાદો ખલીલખાન જ્યારે જૂનાગઢમાં સોરઠનો સૂબો હતો ત્યારે કૂવાના ઝાલાઓએ મુસલમાન સત્તાનો વિરોધ કરી બળવો કર્યો અને શાહજાદો એમની સામે લશ્કર લઈને ગયો ત્યારે એને હરાવ્યો. આ સમાચાર મહમૂદને મળ્યા ત્યારે મોટું લશ્કર લઈ એણે ઝાલાવાડ ઉપર ચડાઈ કરી ત્યાંનો રાજા વાઘોજી સુલતાનના લશ્કરની સામે સેપટપુર પાસે ખૂબ બહાદુરીથી લડ્યો એમાં મુસલમાનોની સારી ખુવારી થઈ, પરંતુ આખરે વાઘોજી અને એના બધા સરદારો માર્યા ગયા અને સુલતાને મુલક તારાજ કરી કૂવાને ખેદાનમેદાન કરીને લૂંટ્યું.[૭૫] ઈ. સ. ૧૪૮૬ મા આ લડાઈમાં એવી તો ખુવારી થઈ કે ઝલાવાડમાં આજે પણ કોઈ મોટી આપત્તિને "કૂવાનો કેર" કહેવામા આવે છે કૂવા પછી ઝાલાવાડની રાજધાની હળવદમાં આવી અને તે પછી ઈ. સ ૧૭૩૦ મા ધ્રાગધ્રા વસ્યુ ત્યારે ત્યાં આવી

પાલણપુરના ઝાલોરી નવાબો

હવે મહમૂદના રાજ્યના કેટલાક બનાવોની ટૂંકી નોંધ લઈએ. જે સમયમા ગૂજરાત સલ્તનતના મૂળ પુરુષ ઝફરખાને ગૂજરાતમાં

૭૪. તબકાતે અકબરી, પૃ ૨૬૪-૬૭. સિકંદરી, પૃ. ૧૧૨-૧૩. ખુદાવંદખાને ઇમાદુલ્મુલ્કને મારી નાખ્યો છે અને શાહજાદા અહમદને ગાદીએ બેસાડચો છે એવી અફવા જૂનાગઢમાં ચાલી. કોઈ કહે છે શાહજાદો માંદો છે એવું સુલતાનને કહેવામાં આવ્યુ.

૭૫. કાઠિયાવાડ સર્વસંગ્રહ.

સ્વતંત્ર મુસલમાન સત્તા સ્થાપી તે જ સમયે પ્રસિદ્ધ કાન્હડદેવના ઝાલોર અને સોનગીરમા પણ મુસલમાન સત્તાની સ્થાપના થઈ અને રજપુતાના જેવા વીર રજપૂતોના મુલકની મધ્યમા જ એક મુસલમાન સંસ્થાન સ્વસ્થતાથી જામ્યું ઝાલોરમા એ સમયે ચોહાણ રાજ્ય હતુ એ વખતે બિહારથી મલેક ખુર્રમખાન નામે લોહાણી અફ઼ઘાનોનો સરદાર મક્કા હજ કરવા માટે આવ્યો હતો એણે ચોહાણોના રાજ્યમા નોકરી લીધી રાજ્યોમા બને છે તેમ ઝાલોરના ચોહાણ રાજાને મારવાડના રાઠોડ રાજા સાથે બનાવ નહોતો રાઠોડ રાજાએ કપટથી વિસલદેવ ચોહાણને પોતાને ત્યા બોલાવીને મારી નાખ્યો અને ઝાલોર લઈ લીધુ[૭૬] થોડો વખત વિસલદેવની વિધવા રાણીએ મલેક ખુર્રમ જે અફઘાનોનો સરદાર હતો એની સહાય લીધી[૭૭] અને રાજ્ય ચલાવ્યું પરતુ આખરે મલેક ખુર્રમ ઝાલોર પચાવી બેઠો અને રજપુતાનામાં મુસલમાન રાજ્યની સ્થાપના કરી મલેકે પાટણ ઝફરખાન પાસે મદદ માગી અને દિલ્હી લાગવગ વાપરીને પોતાનુ સ્થાન નિશ્ચિત કરી લીધુ ઈ સ ૧૩૯૪ મા આ રીતે મલેક ખુર્રમ ગૂજરાત સલ્તનતના સ્થાપકની મદદથી સત્તાધીશ થયો અને ઈ સ ૧૩૯૯ મા તૈમૂર લગની ચડાઈ પછી અર્ધ સ્વતંત્ર જેવો થઈ પડયો આ વંશે પાછળથી ઉત્તર ગૂજરાતમા પાલણપુર રાજ્યની સ્થાપના કરી ઈ સ ૧૯ ૭ ના ભારતમાં રાજ્યોના વિલીનીકરણ સુધી એ રાજ્ય હતુ એટલે પાચ શતાબ્દીઓ સુધીનું આ મુસલમાન રાજ્ય ભારતના

---

૭૬ પાલનપુરના નવાબ તાલેમહમદખાને પાલનપુર રાજ્યનો ઇતિહાસ લખ્યો છે એમાથી પ્રો કોમિસેરિયેટે પોતાના અંગ્રેજી ઇતિહાસમા પૃ ૫૦-૫૨ મા વિગતો લીધી છે

૭૭ રાણીનુ નામ પોપાબાઇ લખ્યુ છે ઉપર મુજબ પૃ ૫૧ નબળી વ્યવસ્થા અને ઘેરાનુ ચલણ જેવુ હોય તેને આપણામા 'પોપાબાઈનું રાજ્ય" છે એવી કહેવત છે 'મારવા'ની આ વાત ગૂજરાતમા કેમ ચાલી એ સાસ્કૃતિક દૃષ્ટિએ વિચારવા જેવુ છે

બીજાં ઇસ્લામી રાજ્યોમાં સર્વથી પ્રાચીન કહી શકાય એવું છે. મોગ-લાઈમાં ઔરંગઝેબના સમયમાં ઝાલોરને જ્યારે મારવાડમાં ભેળવી દીધુ ત્યારે આ પ્રાચીન વંશના નવાબોએ પાલણપુરમાં ગાદી સ્થાપી. ઝાલોર-માં જ્યારે મલેક ઉસમાન અને એના ભાઈ વચ્ચે ઝઘડો થયો ત્યારે સુલતાન મહમૂદ બેગડાએ મલેક ઉસમાનને મદદ કરી અને ઝાલોર ગૂજરાતની સત્તા નીચે આવ્યું. મહમૂદે ઝાલોરની સત્તા નીચે, સાચોર–સત્યપુર, અને ગૂજરાતની એક સમયની રાજધાની જેવું ભિન્નમાલ શ્રીમાલ–એ બે વિભાગો મૂક્યા અને ઉસમાનને ઝુબ્દત ઉલ્મુલ્કનો ઇલ્કાબ આપ્યો. આ ઇલ્કાબ પાલણપુરના નવાબોના કુટુંબમાં આજ સુધી ચાલુ છે. પાલણપુરના નવાબો મેહદવી છે.[૭૮]

પ્રાચીન પાલણપુર

પાલણપુર ગુજરાતનું એક સમૃદ્ધ અને પ્રાચીન નગર છે, પ્રહ્લા-દનદેવ–પાલ્હણદેવ પરમારે એ વસાવ્યું છે. પાલણપુરમાં ખૂબ સમૃદ્ધિવાળા જૈન શેઠિયાઓ વસતા હતા અને સારાં જૈન મંદિરો હતાં. જૈન આચાર્યોમાં પ્રભાવક શ્રીસોમસુંદરસૂરિનું અને સમ્રાટ અકબરને પ્રતિ-બોધનારા જગદ્ગુરુ બિરુદ ધારણ કરનારા શ્રીહીરવિજયસૂરિનુ પાલણપુર જન્મસ્થાન છે.[૭૯] જૈન સાહિત્યમા એની સમૃદ્ધિનું ખૂબ વર્ણન કરેલું છે. ત્યાનો વેપાર એવડો મોટો હતો કે એને સ્થલવેલાકૂલ–ભૂમિનું બંદર કહેતા ત્યા શ્રીપાર્શ્વનાથ ભગવાનનું ભવ્ય અને સુંદર મંદિર હતું, અને જૈન તથા બ્રાહ્મણ મતના અનુયાયીઓ સંપથી રહેતા[૮૦]

---

૭૮. પાલનપુર રાજ્યનો ઇતિહાસ, પૃ. ૫૧–૫૨. પૃ. ૧૭૮–૭૯. તાલેમહમદખાનના ઈતિહાસ ઉપરથી પ્રો. કોમિસેરિયેટ લખે છે કે આ ઇલ્કાબ મારવાડમાં રૂઢ શબ્દ થયો અને કોઇ ઉસ્માનખાન જેવું કામ કરી બતાવે તેને "બીજો જબ્દલ" કહે છે.

૭૯. જૈન તીર્થોનો ઇતિહાસ, પાલનપુર તીર્થ

૮૦. નાભિનંદનોદ્ધાર–પ્રહ્લાદનપુરવર્ણન. હીરસૌભાગ્ય મહાકાવ્યમાં પણ પાલનપુરનું વર્ણન છે, પણ એ ખૂબ આલંકારિક ભાષામાં છે.

પ્રહ્લાદનદેવે જે મંદિર બંધાવેલું એને આજે પલ્લવિયા પાર્શ્વનાથ કહે છે બીજાં જૈન મંદિરો પણ ત્યાં છે પાલણપુરના ઝવેરીઓ ગૂજરાતની બહાર દૂર દેશાવરોમાં વિખ્યાત છે

સોનગીર

ઝાલોર શહેરની પાસે કાન્હડદેવનો પ્રસિદ્ધ સોનગીરનો કિલ્લો આજે પણ ઊભો છે અને એક સમયે એ રજપુતાનાના મજબૂત કિલ્લાઓમાં ગણાતો હતો એ કિલ્લો ઘણો પ્રાચીન ગણાય છે એને ત્રણ રક્ષણ-દીવાલોની હરોળ છે અને અંદર તળાવ તથા મંદિરો છે અલાઉદ્દીને જીત્યા પછી એમાં મસ્જિદ બંધાવેલી તે પણ આજે ઊભી છે[૮૧]

રાણપુરના ગોહેલ સાથે લડાઈ

સુલતાન મહમૂદના સમયમાં ગૂજરાત સૌરાષ્ટ્રની સરહદ ઉપર આવેલો રાણપુરનો કિલ્લો રાણજી ગોહેલના હાથમાં હતો અને એ ઠાકોર અમદાવાદના સુલતાનને તાબે હતો ચારણ કથા કહે છે કે સુલતાન મહમૂદ અને રાણજી સાઢુ થતા હતા એમ કહેવાય છે કે એક વખત રજપૂત બેગમ પિયેર ગઈ ત્યારે બંને બહેનો મળી અને ઠાકોરાણીએ પોતાની મુસલમાનને પરણેલી બહેન સાથે જમવાની ના પાડી એણે વિવેકથી એવું બહાનું કાઢ્યું કે પોતાનો સ્વામી સુલતાનનો ખંડિયો છે, એટલે બહેન મોટા સુલતાનની રાણી હોવાથી નોકરની સ્ત્રીથી એની સાથે બેસાય નહિ પરંતુ આ બહાનું ઉઘાડું પડી ગયું અને અપમાનિત થયેલી બહેને સુલતાનને આ વાત કહી, બહેન બનેવીને ભોનાવીને સાથે જમાડવા દુરાગ્રહ કર્યો રાણાજીએ પહેલાં તો ના પાડી, પણ એનું ચાલ્યું નહિ છેવટે યુક્તિથી એ સુલતાનના રખારમાંથી પોતાની સ્ત્રીને લઈ આવ્યો લોકકથા બીજી વાત એવી

---

૮૧ પ્રો કોમિસેરિયેટનો ઇતિહાસ પૃ ૫૩ માં સોનગીરના કિલ્લાનું સુંદર ચિત્ર આપ્યું છે

કહે છે કે મક્કા હજ કરવા જતી એક મુસલમાન સ્ત્રી પોતાના બાળકને લઈ રાણપુરમાં રાતવાસો રહી હતી. પ્રભાત થતાં છોકરાએ ઊઠીને બાંગ પોકારી. આ સાંભળી રાણપુરના બ્રાહ્મણોએ રાણજીને કહ્યું કે મુસલમાન રાજ્ય થવાની આ આગાહી છે. આ સાંભળી ઠાકોરે છોકરાને મારી નંખાવ્યો અને આ બનાવની ફરિયાદ એની માએ અમદાવાદ જઈને સુલતાનને કહી સુલતાનનો ક્રોધ પ્રજ્વલિત કર્યો.[૮૨]

હવે મહમૂદને બદલે ભંડારીખાન મુસલમાન લશ્કર લઈને રાણપુર ઉપર ચડયો અને રાણજી એની સામે લશ્કર લઈ ધંધુકા આગળ મળ્યો અને ત્યાં ખૂનખાર લડાઈ થઈ એમા ઠાકોર પાછો હઠી રાણપુર સુધી ગયો રાણજીએ પોતાના અંતઃપુરમાં એવું કહી મૂકેલુ કે કિલ્લા ઉપરથી જો ધ્વજ નીચે પડેલો દેખો તો હાર થઈ સમજીને આપઘાત કરજો. લડાઈ જોરમાં ચાલતી હતી ત્યાં બન્યું કે ધ્વજ રાખનારો તૃષાને લીધે ધ્વજ નીચે મૂકી પાણી પીવા બેઠો. આ દેખાવ જોઈ રાણીઓએ કૂવામાં પડીને આપઘાત કર્યો. લડાઈમાં છેવટે રાણજી પણ પડયો. એ પછી મહમૂદે ગોહેલના ભાણેજ હાલુજી પરમારને રાણપુરની ગાદી આપી, અને હાલુજીએ મુસલમાન ધર્મ સ્વીકાર્યો. આ હાલુજી પરમાર આજના રાણપુરના મોલેસલામ ઠાકોરોનો મૂળપુરુષ હતો.[૮૩] મોલેસલામ ગરાસિયાઓનુ વર્ણન આગળ સામાજિક પ્રકરણમા કરીશું.

---

૮૨. રાસમાળામા આ વર્ણન આપેલું છે, અને પ્રો. કૉમિસેરિયેટે એની સારી નોંધ લીધી છે. આ બધા વર્ણનમાં કઈ અને કેટલી વાત માનવી એ પ્રશ્ન છે. મુસલમાન છોકરાને મારી નાખવાની વાત માનવા જેવી લાગતી નથી અને એ વાત જો ખરી હોય તો ગોહેલ ઠાકોરની બુદ્ધિને માટે માન રહે નહિ. પરંતુ હિંદુને પરણેલી બહેને મુસલમાનને પરણેલી બહેન સાથે જમવાની ના પાડી હોય અને એથી લડાઈનું બીજ રોપાયું હોય એ વાત એ સમયનું વાતાવરણ જોતાં સયુક્તિક લાગે છે.

૮૩. મોલેસલામ ગરાસિયાની ઉત્પતિ આવી રીતે થઈ છે. રાણાજી ગોહેલ ભાવનગરના રાજાઓના વડીલના કુટુંબનો હતો. હાલુજી પરમારનો બીજો ભાઈ ધોળકાના કસ્બાતીઓના વંશનો સ્થાપક હતો.

રાણપુરનો આજનો કિલ્લો મોગલાઈમાં શાહજહાં બાદશાહના સમયમાં ઈ સ ૧૬૩૫ મા અમદાવાદના સૂબા આઝમખાન ઉધાઈએ બંધાવ્યો છે ૮૪ ગૂજરાતના સુલતાનોએ અહમદશાહના સમયથી ગૂજરાતના હિંદુ રાજાઓ અને જમીનદારો સાથે સબંધ બાંધ્યા હતા અને એમાં એમને સહકાર પણ મળેલો અને સામનો પણ થયેલો

મહમૂદે દક્ષિણના મુસલમાન સુલતાનને મદદ કરવા એ દિશામા સવારી કરેલી ત્યારે રસ્તામા એક દરિયાકિનારાના સ્થળની લડાઈનો સામાન્ય ઉલ્લેખ ઉપર કર્યો છે આ લડાઈની તારીખ માટે શંકા હોવાથી અહી એની જરા વિગત જોવી જરૂરની છે એ લડાઈ ગુજરાતના સુલતાનને મન નાનું છમકલુ હશે તેથી તવારીખકારોએ એનુ લાબુ વર્ણન કર્યું નથી અને સિકંદરી તો એને બહુ ટૂકામા પતાવી દે છે, પરંતુ એ લડાઈમા ગૂજરાતના ભૂષણરૂપ પારસી કોમે અગત્યનો ભાગ ભજવેલો એટલે સાસ્કૃતિક ઇતિહાસની દૃષ્ટિએ એનો ઉલ્લેખ મહત્ત્વનો ગણી શકાય ઈ સ ૧૪૬૫ મા આ બનાવ બન્યો એમ તવારીખના વર્ણન ઉપરથી સમજાય છે, પરંતુ પંદરમી સદીના છેલ્લા પાદમા બન્યો હોય એમ પણ કેટલાક મત ધરાવે છે ૮૫ મહમૂદે

૮૪ અમદાવાદમા ભદ્રમા સુપ્રસિદ્ધ સરાઈ આ આજમખાને બંધાવેલી એ જ્યા જતો ત્યા મકાન બંધાવતો એટલે એને ' ઉધાઇ કહેતા હતા

૮૫ પ્રો હોડિવાલાએ પોતાના અંગ્રેજી ઇતિહાસમા પૃ ૧૮૦ ૮૫ મા આ બધી હકીકત કિસ્સે સંજાણ ઉપરથી અને પ્રો હોડીવાળાના પારસીઓના ઇતિહાસ નામના ગ્રંથ ઉપરથી ખૂબ વિગત સાથે આપી છે એમનું માનવુ એવુ છે કે તવારીખો ઉપરથી ૧૪૬૫નું વર્ષ મળે છે છતા આ બનાવ કદાચ ૧૪૯૧ મા બન્યો હોય આપણે આ પ્રકરણની શરૂઆતમા ટૂકી નોંધ કરી છે તે ઉપરથી સિકંદરી અને તબકાત આ લડાઈને ૧૪૬૫ મા મૂકે છે પ્રો કોમિસેરિયેટ લખે છે કે આ બનાવને મુસલમાન તવારીખો ટૂકામા પતાવે છે સિકંદરીને જોતા એ વાત ખરી હશે પરંતુ તબકાતે અકબરી, ફિરિશ્તા અને તારીખે અલ્ફીમા આ લડાઈનું જરા લંબાણથી વર્ણન કર્યું છે કિસ્સે સંજાણ માટે મતભેદ પ્રવર્તે છે પણ અહી ચાલુ મતની નોંધ લીધી છે

કોંકણમાં બહરોટનો, અને ગૂજરાતમાં પારનેરાનો એ કિલ્લા જીતી લેવા લશ્કર મોકલ્યું અને એ વખતે દરિયાકિનારે દમણ ઉપર પણ લશ્કર મોકલ્યું. આ બધાં સ્થળો હિંદુ રાજાઓના હાથમાં હતાં અને સંજાણમાં પારસીઓનું અગત્યનું થાણું હતું. પારસીઓ મુસલમાનોના ત્રાસથી ઈરાન છોડીને સૌરાષ્ટ્રમાં આવ્યા હતા અને ત્યા થોડો સમય રહીને દક્ષિણ ગૂજરાતને કિનારે વસ્યા હતા. સંજાણમાં એ સમયે જાદી રાણા નામના રાજાનુ રાજ્ય હતું.[૮૬] એ લોકો જાદવ-યાદવ વંશના હતા તેથી એવું નામ કહેવાતુ એમ મનાય છે. આ રાણાએ પારસી લોકોને સારો આશ્રય આપ્યો. મહમૂદે પંદરમી સદીના અંતભાગમાં જ્યારે સજાણ ઉપર ચડાઈ કરી ત્યારે જાદી રાણો ખૂબ વીરતાથી એની સામે લડ્યો મહમૂદનો લશ્કરી અમલદાર અલપખાન નામનો હતો. રાણાની મદદે ૧૪૦૦ પારસી ઘોડેસવારનું લશ્કર હતું એનો સરદાર અરદેસર નામે વીર પુરુષ હતો.[૮૭] આ લડાઈમાં રાણાની હાર થઈ અને પારસીઓ કપાઈ ગયા. [૮૮] પરતુ રાણાએ પોતાની કોમને આપેલા આશ્રયનો આવો સુંદર બદલો આપી આ કોમે ખરેખરી ખાનદાની બતાવી આ લડાઈનું વર્ણન નવસારીના બહમન કૈકોબાદ સંજાણાએ ઈ. સ ૧૫૯૯ માં લખેલા 'કિસ્સે સંજાણ' નામના પુસ્તકમાં કર્યું છે

અલપખાને જીત મેળવ્યા પછી ક્રૂરતાથી વેર લીધું અને સંજાણને ઉજ્જડ કરી નાંખ્યુ. પારસીઓના યુવાનો મરણ પામ્યા

---

૮૬. પારસી હેવાલ ઉપરથી પ્રો. કોમિસેરિયેટ Jadi Rana લખે છે, પરંતુ એ જાદવ વંશના હતા એટલે જાદી કહેવાતા હતા.

૮૭ પ્રો. કોમિસેરિયેટનો ઇતિહાસ, પૃ. ૧૮૨.

૮૮. એમ કહેવાય છે કે સરદાર અરદેશરની બહાદુર ધણિયાણી જરબાનુએ પુરુષનો વેશ પહેરી બૈરાંનુ એક નાનું સૈન્ય લઈ મુસલમાનોનો સામનો કર્યો હતો. પ્રો. કોમિસેરિયેટે આ હકીકત નોંધેલી નથી.

હતા જે લોકો જીવતા રહ્યા હતા તેઓ એમણે ઈરાનથી સભાળપૂર્વક લાવેલા ઈરાનશાહ નામે મશહૂર એવા પવિત્ર આતશબહેરામ સાહેબને સંજાણથી બહરોટના કિલ્લામા લઈ ગયા અને ત્યાં કેટલાંક વર્ષ ખૂબ મુશ્કેલીઓમાં ગાળી વાસંદા આવ્યા અને વાંસદાથી નવસારી અને વલસાડમા આવ્યા તે પછી એ પવિત્ર આતશ બહેરામ સાહેબની પધરામણી ઉદવાડામા કરી અને એ સ્થળ આજે પારસીઓનુ સર્વથી પવિત્ર સ્થળ ગણાય છે પારસીઓ ઉદવાડાને, હિંદુઓ કાશી તથા મુસલમાનો મક્કાને પવિત્ર ગણે છે એટલુ જ, મહત્ત્વનુ ગણે છે[૮૯]

ગૂજરાત સલ્તનતની શરૂઆતના સમયમા નવસારીમાં આશા રાણા નામે એક પારસી ગૃહસ્થની લાગવગ ખૂબ હતી અને સુલતાન અહમદ શાહના સમયમા એમની રાજકાજમા જરા સત્તા પણ હતી સુલતાન મહમૂદના સમયમા આશા રાણાના પુત્ર ચગા આશા પણ એટલા જ પ્રસિદ્ધ હતા અને ગૂજરાતની પારસી કોમના અગ્રગણ્ય પુરુષ ગણાતા હતા એમ કહેવાય છે કે સંજાણના નાશ પછી પવિત્ર અગ્નિને બહરોટની ગુફાઓમાં સાચવી રાખી પછી નવસારી લાવવામા

૮૯ આ વર્ણનમા તવારીખો જુદા જુદા નામો લખે છે સિકંદરી બાહરનો પહાડી કિલ્લો કહે છે તબ૦ અ૦ પૃ ૭૪૬ મા બાહરનો કિલ્લો કહે છે આમા તવારીખો દરિયાકિનારાની જગ્યાને 'દૂનુ' કહે છે એક તવારીખ 'દૂનુ' લખે છે કેમ્બ્રિજ હિસ્ટ્રી અને પ્રો કમિસેરિયેટ એને દમણ જ કહે છે પરંતુ 'દૂનુ' પાઠ ખરો હોય તો એ દહાણુ હોઈ શકે બંને સ્થળો સંજાણથી સરખા છેટા છે સિકંદરી આગળ એક બીજા ઉલ્લેખમા દૂન અને દાહણુ એમ સ્પષ્ટ લખે છે એટલે દમણ ધારવુ એ ખોટુ છે બાહર એ બહરોટનું ભ્રષ્ટ રૂપ છે ત્યા કિલ્લો છે એમ કહે છે, પણ ગુફાઓ છે અને ત્યા જવાનો રસ્તો મુશ્કેલ છે એ પણ સંજાણ અને દહાણુની પાસે કહેવાય છે તબકાતનો તરજુમો કરનારની પૃ ૨૬૪ મા નોધ ૧ જુઓ કેમ્બ્રિજ હિસ્ટ્રીની ટીકા કરતા પણ ગુજરાતની ભૂગોળની એમને બરોબર ખબર નથી

એમણે સહાય કરી હતી ઈ સ. ૧૮૭૮ માં ચંગા આશાની પ્રસિદ્ધિ ખૂબ હતી અને ઈ. સ. ૧૫૧૨ માં એટલે સુલતાન મહમૂદના અવસાન પછી પણ એઓ હયાત હતા. ઈ સ. ૧૪૭૮ માં આ ચગા આશાએ પારસીઓના મૂળ સ્થાન ઈરાનમાથી પોતાના ધર્મને લગતી ખરી અને શાસ્ત્રીય હકીકત ગૂજરાતથી ખાસ માણસ મોકલીને મંગાવી. અને એ કાર્ય માટે ભરૂચથી નરીમાન હોશંગ નામના માણસને ઈરાન મોકલ્યા હતા આ માટે પહેલવી ભાષાના પંડિતો અને દસ્તૂરો સાથે જે પત્રવ્યવહાર થયેલો તેને રેવાયન-શાસ્ત્રીય પરંપરા કહે છે અને એ રીતે પહેલી રેવાયત ઈ. સ ૧૪૭૮ માં થયેલી છે[૯૦]

૯૦. પ્રો. કોમિસેરિયેટનો ઇતિહાસ, પૃ. ૧૮૨-૧૮૪.

પ્રકરણ ૧૭ મુ

સુલતાનના વિજયો

પાવાગઢ–ચાપાનેર–(ગૂજરાતનુ કામચલાઉ પાટનગર)

સુલતાને કરેલી કાવતરાની તપાસ

ચાપાનેર ઉપર ચઢાઈ કરવા શોધાયેલા કારણો

સૌરાષ્ટ્રમા લાબો સમય લડાઈઓ કરી ખુદાવદખાને પોતાની સામે કરેલા કાવતરાની તપાસ કરવા સુલતાન અમદાવાદ આવ્યો અને અમીરોના મનનુ પારખુ જોવા વાત ચલાવી કે પોતે મક્કા શરીફની યાત્રા કરવા ધારે છે અને રાજ્યવહીવટ અમીરોને સોપી દેવા માગે છે સુલતાને આ વિચાર માટે અમીરોની સલાહ માગી અને કોઈએ ડરથી પોતાનો મત કહ્યો નહિ ત્યારે અનશનવ્રત લીધુ એમ કહેવાય છે કે અમીરોએ છેવટે ગભરાઈને સુલતાનને ખુશ કરવા માટે એમ કહ્યુ કે પહેલા ચાંપાનેરના હિદુ રાજ્યનો વિજય કરી પછી હજ કરવા જવુ આ સાભળી સુલતાન ખુશ થયો અને અનશનવ્રત છોડી પારણા કર્યા [1]

આમ સૌરાષ્ટ્રમા લડાઈઓ કરી એ ભાગ ઉપર પોતાની સત્તા જમાવી પૂર્વ તરફ ચાપાનેરનુ બળવાન હિદુ રાજ્ય રહી ગયુ હતું તેને જીતવાનો સુલતાનનો ઈરાદો લાબા સમયથી હતો, અને લડાઈ કરવા માટે જૂનાગઢની પેઠે જ એ બહાના શોધી રહ્યો હતો ચાપાનેર જીતી લેવાનુ એક મોટુ કારણ એવુ પણ હતુ કે માળવા સાથે ગૂજરાતની સત્તાને હમેશા કજિયા ચાલ્યા કરતા હતા અને ગૂજરાત માળવાની સરહદ ઉપર આ એક મજબૂત લશ્કરી મથક

---

૧ તબકાતે અકબરી પૃ ૨૬૯–૨૭૦

જેવું હતું એનો કિલ્લો પણ ખૂબ જ મજબૂત હતો. સુલતાન અહમદશાહના સમયથી ઈડર ચાંપાનેર વગેરેના રાજાઓ કેટલીક વાર સાથે મળીને અમદાવાદના સુલતાનને ચિંતાઓ ઉત્પન્ન કરતા અને માળવાનો સુલતાન ઘણીવાર એ લોકને મદદ કરતો.[2] આમ જૂનાગઢનો વિજય જેમ સૌરાષ્ટ્રમા સતા જમાવી દરિયાઈ વેપારને સરળ બનાવવાના ઉદ્દેશથી થયો હતો તેમ ચાંપાનેર જીતીને સરહદ ઉપરના એક મજબૂત લશ્કરી મથકને હિંદુ સત્તાના હાથમાંથી લઈ લેવાનો ઉદ્દેશ હતો, એટલે એ માટે નાનાં મોટાં બહાના શોધ્યા કરતો હતો એમ કહેવાય છે કે સુલતાન જૂનાગઢ હતો ત્યારે ચાંપાનેરનો રાજા ગૂજરાની હદમાં વડોદરા અને ડભોઈમાં આવી લૂંટ કરનારાઓને આવવાજવાની સગવડ કરી આપતો હતો એવુ એક બહાનુ મળ્યુ હતુ[3] બીજુ તવારીખકાર લખે છે કે ઈ. સ. ૧૪૮૨ (હિ. ૮૮૭) મા ગૂજરાતમાં વરસાદ બહુ ઓછો પડયો હતો અને ચાંપાનેર સુધી દુકાળની અસર હતી. એ સમયે રસૂલાબાદના થાણામાં મલીક સધા સુલતાની નામનો અમલદાર ચાંપાનેર તાબાનાં કેટલાંક ગામ લૂટી આવ્યો આ બનાવથી ચાંપાનેરના રાજાએ પોતાના લશ્કરથી એના ઉપર હુમલો કરી મલીકને હાર આપી, એમાં કેટલીક ખુવારી થઈ અને મલીક મરણ પામ્યો.

---

૨. અહમદશાહ અને કુત્બુદ્દીનના સમયમાં આવા દાખલા પાછળ જોઈ ગયા છીએ. સોલકીઓના સમયમાં અને સલ્તનતના સમયમાં પાવાપતિ રાવળોએ ગુજરાત માળવા વચ્ચેની લડાઈઓમા લશ્કરી થાણા તરીકે ભાગ લીધો છે અને ગૂજરાતના હાથમાં એ મહત્ત્વનું લશ્કરી મથક આવ્યા પછી માળવાનો વિજય કરવો સરળ થઈ પડયો છે.

૩. કેમ્બ્રિજ હિસ્ટ્રી લખે છે કે આ લૂંટારુઓને પતાઈ રાવળ સક્રિય મદદ કરતો હતો એટલે મુહાફિઝખાનને એ ભાગ ઉપર વ્યવસ્થા કરવા નીમ્યો હતો. આ હકીકત બરાબર નથી. મુહાફિઝખાન અમદાવાદનો જ સૂબો નિમાયો હતો. પતાઈ રાવળ એના મુલકમાંથી લૂટારુઓને જવાઆવવા દેતો. ખુલ્લી મદદ કરે એવી એની શક્તિ હોય એમ મનાતુ નથી.

રજપૂતોએ મલીકના લશ્કરનો સરજામ અને હાથીઓ લૂટમાં મેળવ્યા[૪] આ સમાચાર મળવાથી સુલતાને ચાંપાનેર જીતી લેવાનો દૃઢ નિશ્ચય કર્યો

આ સમયે ચાંપાનેરમા ગગાદાસનો પુત્ર જયસિંહ રાવળ રાજ્ય કરતો હતો અને ગૂજરાતના ઇતિહાસમા એ 'પતાઈ રાવળના' નામથી પ્રસિદ્ધ છે 'પતાઈ' એ 'પાવાપતિ'નુ ટૂકુ ગૂજરાતી રૂપ મનાય છે વળી એક મત એવો પણ છે કે પૃથુરાજ ચોહાણના વંશના હોઈ આ રાજાઓ 'પથાઈ' અને પછીથી 'પતાઈ' કહેવાયા હોય ચાંપાનેર–પાવાગઢ ગૂજરાતમા અગત્યનુ સ્થળ છે અને એનુ અનેક દૃષ્ટિએ મહત્ત્વ છે એટલે એ સ્થળનો ઇતિહાસ ટૂકામા આલેખવાની અહી જરૂર છે[૫]

પાવાગઢના સ્થળની કાવ્યમય મનોહરતા

એકદરે સપાટ કહી શકાય એવા ગૂજરાતમાં ડુગરનો દેખાવ નાનો હોય તોપણ રમણીય લાગે છે વડોદરાથી ઇશાનમા વિસ્તૃત મેદાનોની વચ્ચે દૃષ્ટિમર્યાદામા એક નાના વાદળા જેવો પાવાગઢનો ડુગર દેખાય છે અને પચમહાલના હાલોલ કસબાની નજીક જતા એનો દેખાવ ખૂબ જ મનોહર લાગે છે મોટા વિસ્તારમા આ પર્વત

૪ મિરાતે સિકદરી, ગૂ ભા મા આ નામ મલીક અસદ આપેલું છે જ્યારે બેલીના અગ્રેજી તરજુમાનો ઉતારો તબકાતની નોધમા આપ્યો છે (પૃ ૨૭૧)મા મલીક સીદા ખાસિયા ખેલ સુલતાની એવુ નામ છે તબકાત પોતે મલીક સધા લખે છે ઉપરનું વર્ણન સિકદરી કરતા તબકાતમા બરાબર કરેલું છે કેમ્બ્રિજ હિસ્ટ્રી રાવળે રસૂલાબાદ તારાજ કર્યું એમ લખે છે એ વાતને આધાર નથી

૫ જયસિંહના પિતાનુ નામ બધા ગ્રથોમા ગગાદાસ આપેલું છે માત્ર તબકાતે અકબરી એને ઉદયસિંહ કહે છે અને એ નામ ક્યાથી આ શું તેનો ખુલાસો મળતો નથી કોઈ પ્રતમા બતાઈરાય બસાઈરાય છે અને ફિરિસ્તાનો તરજુમો કરનાર બ્રિગ્સ 'બેનીરાય' લખે છે

આમ આ બન્ને સ્થળોના સ્થાપનાર તથા તેમનાં નામ પાડનાર માટે સબળ આધાર મળતા નથી એટલે ગમે તેવી દંતકથાઓ ચાલે છે.

શિવ અને શક્તિનું સ્થાન અને પ્રાચીન ભૂગોળ

પાવકાચલ માહાત્મ્યમાં આ પર્વતનું 'પંચવક્ત્ર' નામ જરા ધ્યાનમાં લેવા જેવું છે. ખાડો પૂરનાર હિમાલયના પુત્રનુ નામ પંચવક્ત્ર હતુ ગૂજરાતનો આખોય ભાગ શૈવ હતો અને પંચવક્ત્ર એ શિવનુ નામ છે એ જોતાં આ સ્થળ કોઈ શૈવમતનું ધામ હોય એવો સંભવ કહી શકાય તે સાથે આ ડુંગરને પાંચ બાજૂઓ છે એટલે શક્તિના પંચકોણ યંત્રની આવૃત્તિ અને એના શિખર ઉપર શક્તિનું ધામ છે એટલે આ કોઈ શક્તિનું પ્રાચીન સ્થળ હશે એમ પણ મનાય છે પાવકાચલ નામ માટે કોઈ કારણ મળતું નથી, અને ટોલેમીના ગ્રંથમાં એવા અવાજવાળા એક સ્થળને મેકગ્રીન્ડલ પાવાગઢ સાથે મેળવવા માગે છે એ વાતને કાંઈજ આધાર નથી.[૮] કવિ રાજશેખરે કાવ્યમીમાંસા નામનો ગ્રંથ લખ્યો છે એમા આપણા ભૂમિવિભાગની ભૂગોળ દસમી સદી પહેલાં મનાતી હતી તેવી કાંઈક ચોક્કસ રીતે આપી છે એમાં ગોવર્ધન ગિરિનગર આદિ પર્વતોમાં એક માલ્યશિખર નામ છે, પણ એ પાવાગઢનું નામ હોય એમ આધાર વગર કહી શકાય નહિ નદીઓના નામ પર્વતો કરતાં પણ વધારે ચોક્કસ છે, પણ એમાં વિશ્વામિત્રીનું નામ નથી અને સાબરમતી તથા વાત્રકની પછી મહી નદી નામ લખીને પછી હિડિંબા નામની નદીનું નામ કહે છે તે કઈ નદી એ સમજાય તેવું નથી. નર્મદાથી

૭. એ લેખમા આ બધી ચર્ચા કરી છે. શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈનું મતવ્ય છે કે ચાપો ભીલ ઠાકોર હશે એ સયુક્તિક લાગે છે. મધ્ય અને પૂર્વ ગૂજરાતમાં ભીલોની સત્તા હતી એ ભૂલવા જેવું નથી.

૮ Mecgrindle's Ptolemy : મજમૂદારની આવૃત્તિ, પૃ. ૧૫૪. એમાં Bammogoura-બેમોગૌરા—એવા નામને યુલ (yule) નકશામાં નર્મદાની ઉત્તરે મૂકે છે તે ઉપરથી એને પાવાગઢ ધારે છે. આ આધાર વગરની વાત છે.

દક્ષિણાપથ કહે છે એટલે મહી પછીની આ નદી તે ઢાઢર ગણવી કે સૌરાષ્ટ્રની કોઈ નદી ગણવી તે પ્રશ્ન થાય છે પૂર્વગૂજરાતને હિડિમ્બવન કહે છે એવી એક દંતકથા છે એટલે મહી પછી મોટી નદી ઢાઢર છે એનુ નામ હોઈ શકે આમ આ સ્થળને માટે દસમી સદીમા પણ કાઈ માહિતી મળતી નથી પુરાણો ભારતના કુલપર્વતો ગણાવે છે તેમા પારિયાત્ર પર્વત એ હાલના અરવલ્લીની જગ્યાએ મધ્ય ભારત માથી શરૂ થઈ દક્ષિણ પૂર્વ તરફ વળી ગૂજરાતને માળવાથી છૂટો પાડી વિધ્યની પશ્ચિમના ભાગોને મળી જાય છે આ નામમા પ્રથમ અક્ષર પા છે એ સૂચક હોવા છતા આધાર વિના કાઈ કહી શકાય નહિ[૯] આખી પર્વતમાળામાંથી છૂટી પડી ગયેલી આ ટેકરીને જ પૌરાણિક નામ રહ્યુ એમ કહેવા માટે આધાર તો જોઈએ એટલે આ નામ માટે કાઈ પ્રકાશ પડી શકતો નથી[૧૦]

આચાર્ય આનદશકરભાઈનું સૂચન

ગૂજરાતની સાસ્કારિતાના પ્રતીક જેવા આપણા મહાવિદ્વાન આચાર્ય આનદશકરભાઈ એક વખતે કહેતા હતા કે હિન્દના નકશાને ઊભો ખેવડો વાળો તો ચાપાનેર પાવાગઢ જ્યા બગાળમાં અડકે તેની સમીપમાં જૈનોમાં મોટા સ્થળો ચપાપુરી અને પાવાપુરી આવેલા છે, એટલે જૈનોએ આ સ્થળને પોતાનુ યાત્રાધામ બનાવ્યું હોય અને પોતાના પવિત્ર મહાસ્થાનોના નામ આપ્યા હોય એવો સભવ પણ છે ચાપાનેર અને પાવાગઢમાં જૈનોનાં ઘણાં મદિરો હતા અને પાવાગઢ ઉપર હજી પણ એના અવશેષો છે એ આ સભવને ટેકો આપે

૯ ઉપર્યુક્ત લેખમા આ ચર્ચા કરી છે તે ઉપરાત ગૂજરાતની ભૂગોળ માટે મારા સાસ્કૃતિક ઇતિહાસ ભા ૧ લાના પહેલા પ્રકરણમા રાજશેખરે કરેલા ઉલ્લેખોની વિસ્તૃત ચર્ચા કરી છે અને હિડિંબા નદી માટે પણ ચર્ચા કરી છે

૧૦ 'પાવાગઢ' નામમા પહેલો અક્ષર 'પા' આવવાથી અનેક તર્કો થયા છે ચારણોની રીત પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાને પવો-વાસળી વગાડયો તેથી પાવાગઢ નામ પડયુ એટલુ ઉમેરવુ રહી ગયુ હતો એ આશ્ચર્ય છે

છે. આપણા ધાર્મિક સંપ્રદાયો કોઈ પણ અગત્યના સ્થળમાં એક સાથે જ વિકાસ પામ્યા હોય એવાં ઉદાહરણો મળે છે.[૧૧] એટલે જૈન, શૈવ, અને શક્તિના સ્થળો અહીં એક સાથે વિકસ્યાં હોય એમ માનવામાં બહુ વાધો નથી.

ચંદકવિનો ઉલ્લેખ

ચંદ કવિના રચેલા કહેવાતા 'પૃથુરાજ રાસા'માં ભીમદેવ સોલંકી-નુ વર્ણન કરતાં રામગૌર તુંવારને પાવાપતિ કહેલો છે. તે ઉપરથી કોઈ વખતે ત્યાં તુવાર રજપુતોનું રાજ્ય હશે એમ પણ મનાય છે. પરંતુ પૃથુરાજ ચૌહાણના સમકાલીન ચંદ કવિએ એ રાસો રચેલો નથી એમ આપણા પ્રખર ઇતિહાસકાર મહામહોપાધ્યાય ગૌરીશંકર ઓઝાજીનું માનવું છે, એટલે એ ગ્રંથનો આધાર કામનો નથી કદાચ તુંવારકુલના કોઈ રજપૂત ઠાકોરે થોડો સમય ત્યાં સત્તા જમાવી હોય.[૧૨]

કોઈ એમ પણ માને છે કે જ્વાળામુખી પર્વતોના રસથી કોઈ પર્વતમાળામોથી પાવાગઢનો પહાડ છૂટો પડી ગયો હોય, અને પાવક એટલે અગ્નિ એ કારણથી 'પાવકાચલ' નામ પ્રસિદ્ધ થયું હોય. પરંતુ આમ કહેનારા કંઈ જ આધાર આપી શક્યા નથી.[૧૩]

---

૧૧. ઇગ્લૅન્ડના લોકોએ અમેરિકા જઈ પોતાનાં શહેરોનાં નામ ત્યાં આપ્યાં. એવા દાખલા આપણે ત્યા મથુરા, મદૂરા આદિમાં મળે છે. ગૂજરાતમાં એવા દાખલા બનેલા છે તે મે વહાણવટાના નિબંધમાં બતાવ્યા છે.

૧૨. તુંવાર કે બીજા કોઈની સત્તા ચાંપાનેરમાં સોલકી સમયમાં હોવી જોઈએ એટલું તો જૈન વસ્તી ત્યાં હતી તે ઉપરથી સમજાય છે.

૧૩. આપણામાં વણાં દેશી સ્થાનોને પાછળથી માહાત્મ્ય વવ્યાથી સસ્કૃત રૂપ અપાયાના દાખલા મળે છે, મને તો લાગે છે કે પાવાગઢ નામનું 'પાવકાચલ:' સસ્કૃત રૂપ બ્રાહ્મણોએ માહાત્મ્યમાં દાખલ કર્યું હોય પાવક અગ્નિને અદલે પાવન કરનારો માટે 'પાવકાચલ' નામ યોજાયુ હોય.

ઐતિહાસિક દૃષ્ટિમા સ્થાન બહુ પ્રાચીન નથી

એટલે ઐતિહાસિક આધારની દૃષ્ટિએ ચાંપાનેર પાવાગઢનુ સ્થાન બહુ પ્રાચીન લાગતું નથી અને પાવાગઢના અર્થ માટે તો એની આરભમા રહેલા પા અક્ષરમાથી અર્થ ઉપજાવવાનો જ પ્રયત્ન માત્ર થયો છે સોલકીઓના પહેલાના સમયમાં ગૂજરાત માળવાની સરહદ ઉપર જોતો આ પહાડ ગૂજરાત કરતા માળવાની હદમા રહ્યો હોય એમ માનવાને કારણ છે અને સોલકીઓને માળવા સાથે વારવાર યુદ્ધમાં ઊતરવુ પડતું એટલે સરહદના આ સ્થાનનુ મહત્ત્વ એમના સમયથી વધ્યુ એમ માની શકાય સોલકીઓના પહેલા પૂર્વ ગૂજરાતનો કેટલોક ભાગ અપરમાલવ કહેવાતો હતો એટલે પાવાગઢની પાસે તે પહેલાં વસ્તી હોય તો પણ એ ગૂજરાત બાજૂ બહુ જાણીતો થયો હોય એમ લાગતું નથી એ કારણથી સોલકી સમય પહેલા આ સ્થાનના ઉલ્લેખો આપણને મળી શકતા નથી એમ લાગે છે

જૈન સાહિત્યના ઉલ્લેખો

આમ છતા જૈન સાહિત્યમાંથી પાવાગઢ ચાંપાનેરના જે ઉલ્લેખો મળે છે તે ઉપરથી સોલકી સમય પહેલા ત્યા જૈનોના મદિરો હશે અને તીર્થોમાં એની ગણના પણ હશે પાલીતાણા કે ગિરનાર જેવા પ્રથમ પક્તિના જૈન તીર્થોની સાથે ઊતરતી પક્તિમા પાવાગઢની ગણતરી થતી હશે તપગચ્છની બૃહત્પટ્ટાવલિમા અચલ ગચ્છની ઉત્પત્તિમા લખે છે કે એ ગચ્છના સ્થાપક વિજયચદ્ર ઉપાધ્યાય વિ સ ૧૧૬૯માં વિહાર કરતા પાવાગઢ ઉપર આવ્યા હતા અને ત્યાં સભવનાથ ભગવાનને નમસ્કાર કર્યો આ વર્ણનમા એવો ઉલ્લેખ છે કે ભગવાન સભવનાથનો પ્રસાદ અહીં સપ્રતિ રાજાએ કરાવેલો આ કથા એટલુ તો સૂચન કરે છે કે એ સમય—આગમી સદી પહેલા—ઘણા પ્રાચીન કાળથી ત્યાં જૈન મદિરો, થયાં હશે અને પાવાગઢ જૈન તીર્થ ગણાતું હશે આ વર્ણનમા બીજો એક સૂચક ઉલ્લેખ મહાકાલી દેવીનો છે એમ કહે છે કે શ્રીવિજયચદ્રે

મહાકાલીનું આરાધન કર્યું.[14] ચોથા તીર્થંકર શ્રીઅભિનંદન પ્રભુની શાસનઅધિષ્ઠાયિકા કાલિકાદેવી હતી. શ્રીવિજયચંદ્રે અંચલગચ્છની સ્થાપના કરી તેથી એ ગચ્છના આચાર્યો મહાકાલીને સ્વગચ્છરક્ષિકા ગણે છે. ચાંપાનેરમાં બાવન જિનાલયનું ભવ્ય મંદિર જૈનસંઘે બંધાવ્યું હતું અને એમાં શ્રીઅભિનંદન પ્રભુજીની અને શ્રીજીરાવલા પાર્શ્વનાથજીની મુખ્ય પ્રતિમાઓ હતી.[15] એ બન્ને મૂર્તિઓની અંજનશલાકા અને પ્રતિષ્ઠા, વિ. સં. ૧૧૧૨ માં વૈશાખ સુદ ૫ ગુરુવારે શ્રીગુણસાગરસૂરીશ્વરને હાથે થઈ હતી ત્યારે ચાંપાનેરના જૈન સંઘમાં મોટો ઉત્સવ થયો હતો. વિ. સં. ૧૨૯૮ (ઈ. સ. ૧૨૪૨) માં શ્રીદેવેન્દ્રસૂરિ પાવાગઢમાં શ્રીસંભવનાથના દર્શને આવ્યા હતા અને ત્યાંથી કર્પટવાણિજ્ય (કપડવંજ) ગયા હતા એ સૂરિ તપગચ્છના ૪૪ મા પટ્ટધર હતા. તેરમી સદીમાં ગુર્જરેશ્વરના મહામંત્રી વસ્તુપાલ તેજપાલે ગોધરાના ઘુઘુલને જીતીને પાવાગઢમાં સર્વતોભદ્ર નામનું ભગવાન મહાવીર પ્રભુજીનું મંદિર બંધાવ્યું હતું[16] પંદરમી સદીમાં ચાંપાનેર પાવાગઢમાં જૈન મંદિરો સારી સ્થિતિમાં હોય એમ જણાય છે. શ્રીભુવનસુંદરસૂરિએ પાવાગઢના શ્રીસંભવનાથની સ્તુતિ કરી છે એમાં એ પર્વતને શત્રુંજય પર્વતના અવતાર

---

૧૪ મુનિશ્રી જિનવિજયજી સંપાદિત તપગચ્છ બૃહત્પટ્ટાવલી. જૈન સાહિત્ય સંશોધક પુ. ૧. શ્રી કલ્યાણવિજયજી સંપાદિત તપગચ્છની પટ્ટાવલીમાં ચક્રેશ્વરી અને પદ્માવતી એ બે દેવીઓ મહાવિદેહમાં ગઈ હતી. તે વિજયચંદ્રનું નામ સાંભળી પાવાગઢ આવી. આ ઉલ્લેખ જરા વિચિત્ર લાગે છે. શ્રી જિનવિજયજીનો કાલિકાનો ઉલ્લેખ યોગ્ય લાગવાથી અહીં એ લીધો છે. "...पावई पर्वति आव्या"..."महाकाली देव्यावादी..."

૧૫. જુઓ મુનિ શ્રીન્યાયવિજયજીકૃત જૈન તીર્થોનો ઈતિહાસ, પૃ. ૨૫૯ થી ૨૬૩.

૧૬. ઉપર મુજબ, પૃ. ૨૬૦-૨૬૧. વસ્તુપાલચરિતનો એમાં આધાર આપ્યો છે.

રૂપે વર્ણવ્યો છે[૧૭] પાવાપતિ ચોહાણો અને ચાંપાનેરના જૈનો મહાકાલીને રાજ્યની અને ગચ્છની રક્ષક દેવી માનતા હતા પંદરમી સદીમાં ખંભાતના શેઠ મેવાશાહે શ્રીસંભવનાથના મંદિરમાં આઠ દેવકુલિકાઓ કરાવી હતી અને એની પ્રતિષ્ઠા શ્રીભુવનસુંદરના ગુરુ મહાપ્રભાવક શ્રી સોમસુંદરસૂરિજીએ કરાવી હતી[૧૮] માંડવગઢના સંઘપતિ વેલાકે પણ શ્રીસંભવનાથજીની વંદના કરી છે એવા પાવાપતિ જયસિંહને શ્રીસોમદેવસૂરિએ ઉપદેશ આપ્યો હતો રાણા કુંભાને તથા માંડલિકને પણ એ જ સૂરિએ વિદ્વત્તાથી રંજિત કર્યા હતા અને પાવાગઢને જૈનતીર્થ તરીકે ઉપદેશતરંગિણીમાં વર્ણવ્યું છે[૧૯] વિ સં ૧૫૨૭ માં પાટણના ખીમસિંહે પાવાગઢમાં જૈન મંદિર બંધાવ્યાનો પણ ઉલ્લેખ છે મહમૂદ બેગડાની ચડાઈ વખતે કદાચ આ છેલ્લું જૈન બાંધકામ હોય એ પછી અકબરના સમયથી કોઈક જૈન ઉલ્લેખો મળે છે

પાવાગઢના જૈન અને હિંદુ અવશેષો

વડોદરા મ્યુઝિયમના શ્રી ગર્ટ્સ આપણા સ્થાપત્યના ઉત્તમ અભ્યાસી, એમણે પાવાગઢના અવશેષો ઉપર મનનીય લેખ લખ્યો છે[૨૦] એમના મંતવ્ય પ્રમાણે પાવાગઢના છેક ઉપરના મોલિયાના કિલ્લાના મેદાનમાં અને દૂધિયા તળાવ પાસે જૈન મંદિરોના અવશેષો મળે છે એના

---

૧૭ જૈન તીર્થોનો ઇતિહાસ પૃ ૨૬૨. 'स्थित पुण्डरीकाचलस्यावतारेऽखिलत्नापरम्रेणिगाराहारे । तृतीयजन पुण्यदत्त महत्त स्तुवे पावक भूधरे गर्भावर्तम् ॥ चांपानेर पुरावनगविशदे धीपवक्षाओ स्थित—' એવી સ્તુતિ કરી છે

૧૮ ઉપર મુજબ પૃ ૨૬૦

૧૯ ઉપર મુજબ પૃ ૨૬૩

૨૦ જુઓ Journal of the Gujarat Research Society Vol XI, No 2 Pavagadh-Champaner By Dr Goetz શ્રી ગર્ટ્સનો લેખ વિદ્વત્તાપૂર્ણ છે અને સ્થાપત્યની ચર્ચા માટે આધારભૂત ગણાય તેવો છે

જીર્ણોદ્ધાર થયેલા છે. આ અવશેષો ઉપરથી એ બંધાયાની તારીખ મળતી નથી. પરંતુ સ્થાપત્ય અને મૂર્તિવિધાન ઉપરથી એ ચૌદમી અને પંદરમી સદીના બાંધકામ હોય એમ માને છે. બધા જીર્ણોદ્ધારમાં થાય છે તેમ આ મંદિરો પણ મરામતમાં બગડ્યાં છે. આ મંદિરો-ના સમૂહમાં નવલખી મંદિરોમાં ગણાતાં ત્રણ મંદિરો હાલ છે તે કોઈ મોટા નાશ થયેલા મંદિરના નાના ભાગ હોય એમ એમનું માનવું છે. એ વિશાળ મંદિરની તો આજ માત્ર ઓટલાની ઊભણી જ ઊભી છે અને શ્રી ગટ્ટ્ઝના મંતવ્ય પ્રમાણે એ ચોમુખજીનું મંદિર છે. શ્રી ગટ્ટ્ઝ લખે છે કે દેલવાડા અને કુંભારિયાનાં મંદિર કરતા અહીં જુદી રીત દેખાય છે અને એ મંદિરો બહારથી સાદા છે જ્યારે આ પાવાગઢવાળું મંદિર બહાર પણ કોતરણીવાળું હશે એમ જણાય છે. કદાચ વસ્તુપાલ તેજપાલના સર્વતોભદ્ર મંદિરનુ એ અવશેષ હોઈ શકે [21] શ્રી ગટ્ટ્ઝ આ બધા અવશેષોને એની કોતરણી, મૂર્તિવિધાન વગેરે ઉપરથી ચૌદ કે પંદરમી સદીના માને છે. પરંતુ બારમી સદીથી જૈન મંદિરો અહીં બંધાયાં હતાં એ આપણે જોઈ ગયા. એટલે મુસલ-માનોની જીત પહેલા પણ હિંદુ પાવાપતિઓના સમયમા આ મંદિરોના જીર્ણોદ્ધાર થયા હોય એમ માનવું પડે જૈન સાહિત્યમાં આ મંદિરો-મા ઉમેરા થયા હોય એવા ઉલ્લેખો છે પણ જીર્ણોદ્ધારના ઉલ્લેખ નથી, અને જીર્ણોદ્ધાર કરવા જેવો નાશ થાય એવું કાંઈ એ સમયમાં પાવાગઢ ઉપર તો બન્યુ હોય એવુ જણાતું નથી [22]

---

૨૧. શ્રી ગટ્ટ્ઝે જૈન સાહિત્યના આધારે જોયા હોય એમ લેખ ઉપરથી લાગતું નથી. વસ્તુપાલનુ ચોમુખજીનું મંદિર એ સમયે તો ભદ્ર મંદિર જ હોઈ શકે. "સર્વતોભદ્ર" જાતના મંદિર માટે માનસાગર સિરીઝના "એન્સાઇકલોપીડિયા ઑફ આર્કિટેક્ચર" અંગ્રેજીમાં સર્વતોભદ્ર શબ્દ જુઓ

૨૨. જૈન સાહિત્યમા જીર્ણોદ્ધાર થયા હોય તો એના સ્પષ્ટ ઉલ્લેખો મળે છે. બારમી સદીનાં મંદિરોની મૂર્તિઓ ચૌદ કે પંદરમી સદી જેવી લાગતી હોય તો જીર્ણોદ્ધાર થયા હોય એમ માનવું જ પડે. પણ એવું થયુ હોય એમ લાગતુ નથી, એટલે શ્રી ગટ્ટ્ઝની માન્યતાને વધારે આધારની જરૂર ખરી.

શ્રી ગદ્રે છાશિયા તળાવ ઉપર એક શૈવ સંપ્રદાયના મંદિરના અવશેષોનું વર્ણન કરે છે અને ત્યાંની મૂર્તિઓ નંદિ તથા મંડળના દ્વાર ઉપર લકુલીશ પાશુપતાચાર્યની મૂર્તિ ઉપરથી શૈવ સંપ્રદાયનું મંદિર હશે એમ કહે છે[૨૩] પાવાગઢ–ચાંપાનેર જૈન સાથે શૈવ તીર્થ

---

૨૩ જુઓ શ્રી ગદ્રેનો ઉપર્યુક્ત લેખ એમાં શિવમંદિરના અવશેષોની સરસ ચર્ચા કરી છે જેમાં રજપુતાનાની અસરનો ઉલ્લેખ કર્યો છે અહીં એક વાત કહેવી ખાસ જરૂરની છે સ્થાપત્યના વિજ્ઞાનમાં બાંધણી અને મૂર્તિ-વિધાનનો ક્રમવાર ઇતિહાસ તેમજ પ્રગતિ ધ્યાનમાં લેવાની ખાસ અગત્ય છે એ ખરું છે, પરંતુ એ વિધાનનો સમય નક્કી કરવામાં એ એક જ પદ્ધતિ કોઈ વાર બરાબર કામ ન પણ આપે મોઢેરાના મંદિરની અગિયારમી સદીની બાંધણી અને રાણકપુરના મંદિરની પંદરમી સદીની બાંધણી જોતાં આ ચારે સદીઓમાં ગુજરાતની સ્થાપત્યકલા સંપૂર્ણ ટોચ પર હતી એમ માન્યા વગર છૂટકો નથી એટલે જૈન હિંદુ મંદિરોની બાબતમાં એકલી બાંધણી અને મૂર્તિઓ ને ધ્યાનમાં લઈ સમય નક્કી કરવામાં જોખમ છે એમ મને લાગે છે મુસલમાન સ્થાપત્ય નવું ઊભું થયું હતું અને ગુજરાતી કારીગરો નિષ્ણાત છતાં નવી રીતો અજમાવવાની હતી એટલે મુસલમાન સ્થાપત્યમાં બાંધણીની પ્રગતિ સમય નક્કી કરવામાં ખાસ ઉપયોગી થઈ પડે એમાં શંકા નથી બીજી વાત એ ધ્યાનમાં લેવાની કે ૬ પાવાગઢ–ચાંપાનેરમાં ચૌહાણ રાજ્ય થયું એટલે રજપુતાના કે ઉત્તર હિંદના સ્થાપત્યની અસર–ચાંપાનેરમાં આવવી જ જોઈએ એમ પણ કહી શકાય નહીં મને તો લાગે છે કે ગુજરાત–રજપુતાનામાં જૈન હિંદુ સ્થાપત્યમાં મૂળ સિદ્ધાંતો એક જ હતા જે સ્થાનિક ફેર દેખાતો તે બનાવનારના શક્તિ અને શોખ ઉપર આધાર રાખતો. કેટલાક યુરોપીય કલાવિવેચકો ‘જૈન સ્થાપત્ય’ એવું નામ આપવાની ભૂલ કરે છે એવા વિભાગ આપણા સ્થાપત્યને માટે પાડવા ઉચિત નથી ચૌહાણો પૂર્વે ગુજરાતમાં લાંબો સમય વસ્યા ઉત્તર હિંદથી એમની કોઈ વિશેષતા હોય તો પણ ચાંપાનેર જેટલે એ લાવી શક્યા હોય એવો બહુ સંભવ જણાતો નથી વસ્તુતઃ આપણા સ્થાપત્ય કે શિલ્પમાં ખાસ કરીને આ ચાર સદીઓમાં નાગપણું કે ભિન્નતા બનાવનારના શક્તિ અને શોખ ઉપર આધાર રાખે છે પણ એ ઉપરથી સમયનિર્ણય કરવો તે ઠીક નથી આ મારી અંગત માન્યતા છે

પણ હશે અને એમાં શિવની પૂજા કરતાં વધારે મહત્ત્વનું સ્થાન મહાકાળીનું હશે એમ પણ સમજાય છે વિષ્ણુના મંદિરનો ઉલ્લેખ મળતો નથી એ ઉપરથી આ સ્થળ શિવ, શક્તિ, અને જૈનોના ધર્મનુ સ્થળ હશે એટલુ કહી શકાય આ બધાનો સાથે વિચાર કરતા અને જૈન મદિરોના ઉલ્લેખોની પ્રાચીનતાનો વિચાર કરતાં પાવાગઢ–ચાપાનેર નામ માટે પા અક્ષરને બંધ બેસાડવાના પ્રયત્ન કરતાં આચાર્યશ્રી આનંદશંકરભાઈનો તર્ક વધારે સયુક્તિક લાગે છે અને સૃષ્ટિસૌંદર્યથી ભરેલા પર્વતના સ્થળોએ જેમ જૈનોએ તીર્થસ્થાન સ્થાપ્યા છે તેમ આ સ્થળે પણ એમણે સ્થાપી પોતાના મહાતીર્થ ચપાપુરી–પાવાપુરીના નામ આ આ સ્થળને આપ્યાં હોય એ સંભવિત છે. ગૂજરાત દેશ પાશુપત શૈવોનુ આદિસ્થાન હતું તેથી શિવ અને શક્તિની પૂજા પણ અહીં શરૂ થઈ હોય.

પાવાગઢનો કિલ્લો

પાવાગઢનો કિલ્લો મુસલમાનોએ જીત્યો તે પહેલા કેવો હશે એનો કાંઈક ખ્યાલ શ્રી ગટ્રઝે આપ્યો છે. પાવાગઢના કિલ્લાને ત્રણ ભારે કોટવાળી સરક્ષણ હરોળો છે. આમા છેક નીચલી સરક્ષણ હરોળની દીવાલના પથ્થરો ઉપરથી ચૌહાણોના પહેલાં એનું બાંધકામ થયું હશે એમ શ્રી ગટ્રઝ માને છે. અટકના દરવાજાથી કિલ્લો શરૂ થાય છે. અહી મેદી તળાવ નામે પાણીથી હમેશ ભરેલું સુંદર તળાવ છે અને એને કાંઠે પતાઈ રાવળનો મહેલ હશે એમ અવશેષો ઉપરથી મનાય છે. આ બધી સંરક્ષણ હરોળોની દીવાલોને મુસલમાનોએ જીત્યા પછી સમરાવીને સુધારા વધારા કર્યા છે એટલે ચડતાં જે દરવાજાઓ આવે છે એમાં કેટલાક હિંદુ સ્થાપત્યના દરવાજાઓ આવે તે જોતા અસલ હિંદુ કિલ્લાની હરોળનો કાંઈક ખ્યાલ આવે છે. મુસલમાન કમાનોવાળા દરવાજા ભવ્ય છે.

કિલ્લાના મધ્યભાગમાં પહોંચતાં પહેલા બીજી સંરક્ષણ હરોળ શરૂ થાય છે અને એના દીવાલો, બુરજો તથા દરવાજાની રચના તથા

realpatidar.com

અને દૂધિયુ એ બે તળાવો છે અને એની પાસે થઈને અઢીસો ફીટ ઊંચી પર્વતના સૌથી ઊંચા શિખરની ટેકરી ઉપર જવાય છે. આ ટેકરી ઉપર મહાકાળીનુ આસપાસ કોટવાળું મંદિર છે અને એ મરાઠા સમયમા બંધાયેલું છે. મહાકાળીની મૂર્તિ પહેલાં જૈન શિલ્પના વિધાન પ્રમાણે હતી એમ જૈનો માને છે[૨૫] હાલનુ મંદિર છેક સાદું છે અને મહાકાળીનુ મુખ પૂજાય છે. મંદિરની ઉપર સદનશાહ પીરનું મુસલમાનોનું સ્થાન છે મુસલમાનોના સમયમા એ મંદિરની જગ્યાએ કબર હશે અને એ પછી કબરની નિશાની મંદિરની ઉપર રાખી ફરી દેવીની પ્રતિષ્ઠા થઈ હશે એમ લાગે છે[૨૬]

હિંદુ ચાંપાનેર

હિંદુ સમયનુ ચાંપાનેર પાવાગઢના ડુંગરની ઉત્તરે હતું એમ વિદ્વાનોનું માનવુ છે આજનુ ચાપાનેર મહમૂદ બેગડાએ જીત્યા પછી પર્વતની પૂર્વ તરફ નવું બંધાવ્યુ શ્રી ગટ્ટ્ઝ માને છે કે પહેલી રક્ષણ હરોળ પાસે મેદી તળાવ અને રાજાના મહેલની પાસે જ રજપૂત ચાંપાનેર હતુ[૨૭] પરંતુ એ જગ્યાએ રાજા અને એના મોટા સરદારો-

---

જેવો છે. એમના સ્થાપત્ય સંબંધી લેખમાં જૈન હિંદુ અવશેષોનાં ચિત્રો તથા પાવાગઢના નકશાઓ મળે છે તે પણ જોવા જેવા છે. શ્રી ગટ્ટ્ઝે વીસ વખત પાવાગઢ જઈ સ્થાપત્યના અવશેષોનો અભ્યાસ ઝીણવટથી કર્યો છે. લેખને છેડે જે આધાર-ગ્રંથો નોંધ્યા છે એમા અંગ્રેજીમા લખાયેલા બર્જેસના ગ્રંથ અને બીજા અંગ્રેજી આધારો લીધા છે. એમાં પ્રાચીન સાહિત્યના કોઈ આધાર જણાતા નથી. પંચમહાલ ગેઝેટિયરમા પણ કેટલુંક વર્ણન કરેલું છે.

૨૫. મહાકાળીની મૂર્તિ અસલ જૈન શિલ્પવિધાન પ્રમાણે હતી એમ જૈન તીર્થોના ઇતિહાસલેખક લખે છે, પણ એનો આધાર આપ્યો નથી.

૨૬ જુઓ શ્રી ગટ્ટ્ઝનો લેખ. સદનશાહ માટે એમની માન્યતા ખરી જણાય છે.

૨૭ મેદી તળાવ પાસે મહેલ અને અમીરોનાં મકાનો હોઈ શકે. વસ્તીનાં ઘરો ત્યાં હોય તો રજપૂત ચાંપાનેર ખૂબ નાનું હોય એમ માનવું પડે,

ના મહેલો અને ખાસ લશ્કરી અમલદારો માટે ઘેરા વખતે રહેવાની જગ્યા સિવાય વધારે કાંઈ હોય એમ માનવાને કારણુ નથી સામાન્ય લોકો અને વેપારીઓનુ ચાંપાનેર ઉત્તર તરફ તળેટીમાં હોય એ ખરુ લાગે છે અને હાલ જગલને લીધે એના અવશેષો દુર્લભ છે મુસલમાનોએ પૂર્વ તરફ શહેર ફરી વસાવ્યા પછી હિંદુ શહેરના અવશેષો નવા શહેરમા વાપર્યા હશે અને એ કારણુથી આજે જૂના શહેરના અવશેષો દેખાતા નથી અમદાવાદમા આશાવલનુ થયું તેમ રજપૂત ચાંપાનેરના કોઈ મોઈ ભાગ મુસલમાન ચાંપાનેરમા ભળી પણ ગયા હોય મીરાતે સિકંદરી લખે છે કે બુધિયા દરવાજા આગળ નીચેની હરોળ માથી એક છૂપો રસ્તો આવતો હતો અને મેદી તળાવ આગળથી એ રસ્તો જગલમા થઈ પર્વતની નીચે ઊતરતો હતો એ રસ્તામાથી ઘેરા વખતે સાધનસામગ્રી છૂપી રીતે લાવવામા આવતી આ રસ્તો મુસલમાનોને જડયો તેથી ઘેરાયેલુ લશ્કર હાર્યું એમ એ માને છે[૨૮] સુલતાન અટક દરવાજા આગળ તોપમારો ચલાવતો હતો એમ પણુ કહે છે પરંતુ સુલતાનના ઘેરાનું વર્ણન તવારીખોએ આપેલુ છે તે આગળ જોઈશુ મકાનોનુ વર્ણન પણ આગળ કરીશુ

જયસિંહ પતાઈ રાવળ અને એના બાપદાદાઓ

પાવાગઢના કિલ્લાનુ સામાન્ય વર્ણન કર્યું હવે ઇતિહાસ આગળ જોઈએ સુલતાન મહમૂદ બેગડાએ ચાંપાનેર ઉપર ચડાઈ કરી ત્યારે ત્યા જયસિંહદેવ ચૌહાણનુ રાજ્ય હતું એના મૂળ પુરુષ પૃથ્વીરાજ ચૌહાણની પડતી પછી નાસીને દક્ષિણમા આવ્યા અને ચાંપાનેરમાં ગાદી સ્થાપી એ પહેલા કોની સત્તા હતી તેની વિગત મળતી નથી પણ પાછળ જૈન ઉલ્લેખો જોયા તે ઉપરથી ત્યા પાવાગઢને તાબે રહેનારા કોઈ નાના ઠાકોરની સત્તા હશે એ સમયે

૨૮ બી મહત્વની માહિતી મળી હશે તે કે તવારીખો તો એક નહિ પણ "સુરંગ ખોદાવી એવો ઉલ્લેખ કરે છે

રાજદ્વારી બાબતોમાં ચાંપાનેર કરતાં ગોધ્રક-ગોધરાનું મહત્ત્વ વધારે હોય એમ સમજાય છે. ચાંપાનેરમાં સત્તા જમાવનારા ચૌહાણુના મૂળ પુરુષનું નામ ખીચી તેથી એ લોકો ખીચી ચૌહાણો કહેવાય છે. પાલનદેવ ખીચીએ ચાંપાનેરમાં આવીને પાવાપતિ ચૌહાણોનુ રાજ્ય સ્થાપ્યુ એની વંશાવળી હાલોલ પાસેના એક લેખમાં મળી આવી એમાં જયસિંહ પાવાપતિને શક્તિભક્ત કહ્યો છે અને પાવાગઢને પાવકદુર્ગ કહ્યો છે[૨૯] પાવાપતિનુ ટૂંકું રૂપ થયુ હોય પતાઈ. ગૂજરાત સલ્તનતની શરૂઆતથી મહમૂદે ચાંપાનેર લીધું ત્યાગુધી પતાઈ રાવળોને મુસલમાનો સાથે અવારનવાર લડાઈઓમાં ઊતરવું પડતું હતું. સુલતાન અહમદશાહ પાવાગઢ જીતવામાં ફાવ્યો નહોતો અને જયસિંહના દાદા ત્ર્યંબક ભૂપ સાથે એને સુલેહ કરવી પડી હતી. જયસિંહના પિતા ગગાદાસ-ગંગરાજ-સાથે પણ મહમૂદની પહેલાંના સુલતાનોને લડાઈઓ થઈ હતી. ઇડર જેવા હિંદુ રાજ્ય સાથે પાવાપતિને સંપ નહોતો એ પણ આપણા રાજકારણના ઇતિહાસની એક કમનસીબ ઘટના છે માળવા અને ગૂજરાતની વચ્ચે આવેલા પાવાગઢનો રાજા બન્ને દેશના રાજાઓને સમય પ્રમાણે સહાય કરી પોતાની સ્વતંત્રતા જાળવી રાખતો માળવાના હિંદુ રાજાઓની પેઠે મુસલમાન સુલતાનોએ પણ ગૂજરાત સાથે વારંવાર લડાઈઓ કરી છે, અને એમા પાવાગઢના રાજાઓએ કોઈ પણ રીતે ભાગ લીધો છે[૩૦]

સુલતાન મહમૂદની ચડાઈ અને ઘેરો

પોતાના વડીલો પાવાગઢ જીતવામા નિષ્ફળ નિવડેલા અને

---

૨૯. જુઓ વડોદરા બાળ ગ્રથમાળામા શ્રી રમણલાલ વસતલાલ દેસાઇની "પાવાગઢ" નામે પુસ્તિકા.

૩૦. કુમાર માસિકમાં મારો લેખ જુઓ. ગગાદાસ રાવળે સુલતાન મુહમદ (અહમદશાહના પુત્ર) ને હગવેલો એ વિજયનુ વર્ણન એક સસ્કૃત નાટકમાં કર્યું છે, પરંતુ આ વખતે એની વિગત મળી શકી નથી.

માળવા સાથે ઘર્ષણ ચાલુ જ હતુ એટલે મહમૂદ બેગડાનો ચાંપાનેર જીતવાનો નિશ્ચય તો પહેલેથી જ હતો એ આગળ જોઈ ગયા, અને સુલતાન બહાના શોધ્યા કરતો હતો એવામા એને બહાનુ મળી રહ્યુ એ પણ જોયુ હવે મહમૂદે મોટુ લશ્કર લઈ વડોદરા પ્રયાણ કર્યું જયસિંહે આ સમાચાર સાભળીને વકીલોને સમાધાન માટે મોકલ્યા અને પોતે પકડેલા સુલતાનના બે હાથીઓ ઘવાઈ ગયા હતા એટલે તેના બદલામા બીજા બે હાથી અને લૂટનો માલ તથા સોનુ સુલતાનને પાછા આપવા જણાવ્યું[31] પરતુ સુલતાનને આ વખતે સમાધાનની ઇચ્છા નહોતી એટલે એણે ઉત્તર પાઠવ્યો કે "આ સદેશાનો જવાબ કાલે તલવારથી આપીશુ"[32] આ સમાચાર સાભળી જયસિહ રાવળે પણ કિલ્લો મજબૂત કરી લડાઈની તૈયારી કરવા માડી સુલતાને વડોદરેથી ઊપડીને ચાંપાનેર વગેરે માળવાના રસ્તા ઉપર આવેલા કરનાઈ ગામ આગળ પડાવ નાખ્યો અને બહેરામખાન અમૂલક, તાજખાન અને ઇખ્તિયારખાનને આગળ મોકલ્યા[33] સુલતાને સૈયદ બદી અલગ ારને[34] ખોરાક અને સરજામ લાવવાના રસ્તાનુ રક્ષણ કરવા નીમ્યો સૈયદ પોતાની ટુકડી લઈ સરજામ વગેરેનુ રક્ષણ કરતો આવતો હતો ત્યારે એના ઉપર રજપૂતોની ટુકડીએ હુમલો કર્યો અને એના બધા ખોરાક અને સામગ્રી પડાવી લીધા આ સાભળીને સુલતાનને ખૂબ નિરાશા થઈ અને એ વર્ષના હિ સ ૮૮૭ સફર માસના અત સુધી ત્યાં ઘેરો ઘાલીને પડી રહ્યો હવે સુલતાને અમદાવાદના પ્રસિદ્ધ મુહાફિજખાનને ઘેરાનો બદોબસ્ત કરવા

31 પાવાગઢના મહમૂદના ઘેરાનુ વર્ણન મિરાતે સિકદરી કરતા તબકાતે અકબરીમા ખૂબ વિગતથી આપ્યું છે જુઓ તબકાતે અકબરી પૃ ૨૭૨

32 સિકદરી ગૂ ભા પૃ ૧૧૩ તબકાતે અકબરી પૃ ૨૭૨

33 સિકદરી આ નામો આપતી નથી તબકાતમા છે

34 સિકદરીમા આ નામ નથી તબકાતની પ્રતોમા પણ ફેર છે ફિરિસ્તા સૈયદ મદનલગ નામ લખે છે

નીમ્યો અને એ રોજ સવારથી બપોર સુધી બધી તોપો વગેરે તપાસી સુલતાનનને ખબર આપતો. તવારીખકાર લખે છે કે મુસલમાનોએ કિલ્લામાં જવા માટે સુરંગો[૩૫] ખોદવાનો નિશ્ચય કર્યો અને એ માટેના નિષ્ણાત ઇજનેરો પણ સાથે આવેલા હતા.[૩૬] સુરંગો માટે લાકડાના પાટિયાં જોઈએ તે માટે એક એક ઝૂડીની એક એક અશરફી જેટલી કીમત આપવી પડી અને એ રીતે સુલતાનને એક લાખ ટંકાનું ખર્ચ થયું.[૩૭] આ વખતે જયસિંહે ફરીથી સમાધાન માટે કહેવડાવ્યું અને ઘેરો ઉઠાવી લેવાય તો નવ મણ સોનું અને એ વર્ષ ચાલે એટલુ અનાજ આપવા માટે કહ્યું. પરંતુ સુલતાને કાંઈ પણ સ્વીકારવા ના પાડી અને કિલ્લો કબજે લેવાનો જ નિશ્ચય જાહેર કર્યો [૩૮]

પતાઈ રાવળે માગેલી માળવાની મદદ

આ સાંભળીને હિ. સ ૮૮૮ મા જયસિંહે સહાય માટે માળવાના સુલતાન ગ્યાસુદ્દીન પાસે પોતાના સુર[૩૯] નામના વકીલને મોકલ્યો અને પ્રત્યેક મજલે એક લાખ તનખા આપવાનુ વચન પણ કહેવડાવ્યું. આથી લલચાઈને માળવાનો સુલતાન લશ્કર લઈને નીકળ્યો અને માંડુગઢની બહાર પડાવ નાંખ્યો. આ સમાચાર મળતાંજ

૩૫ તબકાતે અકબરી, પૃ. ૨૭૩-૭૮. સિકંદરી, પૃ. ૧૧૪.

૩૬. મિરાતે સિકંદરી, પૃ. ૧૧૮.

૩૭ અશરફીની કીમત સિકંદરીએ લખી છે, જ્યારે તબકાતે માત્ર કુલ ખર્ચ લાખ ટંકા થયો એમ લખ્યુ છે. આ ટંકા સોનાના કે ચાંદીના તે સ્પષ્ટ નથી, પણ અશરફી સોનાની છે.

૩૮: તબકાતે અકબરી, પૃ. ૨૭૩.

૩૯. સિકંદરી સૂર નામ લખે છે. તબકાત સુગ લખે છે. સિકંદરીના અંગ્રેજી તરજુમામાં સહુરા નામ લખ્યુ છે, કેમ્બ્રિજ હિસ્ટ્રી સુરી લખે છે. કોઈ સૂર્યરામ નામ હોવાનો સંભવ છે.

ઘેરો સંભાળવા માટે અમીરોને મૂકી સુલતાન મહમૂદ બાજુ લશ્કર લઈને દાહોદ તરફ ગયો અને ગ્યાસુદ્દીન સાથે લડવા તૈયાર થયો આ ખબર મળતાં માળવી સુલતાને વિદ્વાનોનો મત લઈ હિંદુ સાથે લડતા મુસલમાન રાજા સામે પોતે મુસલમાન હોવાથી ન લડી શકાય એમ નક્કી કર્યું, અને પોતે માંડુ પાછો ગયો આ સમાચાર સાંભળી મહમૂદ ખુશ થઈ ચાંપાનેર પાછો આવ્યો અને ચાંપાનેરમાં જુમા મસ્જિદનો પાયો નાખ્યો ૪૦ આથી અમીરોને પણ ખાતરી થઈ કે સુલતાન કિલ્લો જીત્યા વિના પાછો ફરનાર નથી આ યુદ્ધમાં મુહાફિઝખાન ઉપરાંત ગુજરાતના બે સુપ્રસિદ્ધ અમીરો હતા—એક અમદાવાદનો હાકેમ ઉત્મુલ્ક મલીક સારંગ અને બીજો ગુજરાતનો નૌકાસેનાપતિ—મિરે બહર—મલીક અયાઝ સુલતાની આ મલિક અયાઝ પરદેશની તોપો દીવ બંદરથી ગુજરાતમાં લાવ્યો હતો અને એ પાવાગઢના ઘેરામાં પહેલવહેલી વપરાઈ એમ જણાય છે ૪૧

દેવટની લડાઈ અને જયસિંહની હાર

તવારીખકાર કહે છે કે સુરંગોનું કામ પૂરું થઈ ગયું હતું અને એક દિવસ સુલતાનની પોતાની ટુકડીના સિપાઈઓએ એક સુરંગમાંથી છૂપી રીતે જોયું તો સવારમાં રજપૂતો દાતણ પાણી સ્નાન આદિ માટે જતા હતા અને સંધ્યાદિ કરતા હતા આ વખતે કિલ્લાના રક્ષણમાં બહુ ઓછા માણસો હતા આ સાંભળીને સુલતાને પોતાની ટુકડી લઈ મલીક સારંગને એ સમયે એ માર્ગમાંથી જવા હુકમ કર્યો મલીક સારંગ સુરંગમાંથી કિલ્લામાં પેઠો અને હાથોહાથની લડાઈ

૪૦ સિકંદરી ગૂ ભા પૃ ૧૧૪-૧૧૫ તબકાતે અકબરી, પૃ ૨૭૮

૪૧ હિંદુસ્તાનમાં તોપ પહેલવહેલી ગુજરાતમાં આવી અને તે આ સમયમાં આવી એવી નવીન લડાઈઓની રીતોમાં મોટો ફેર પડ્યો ગુજરાતની લડાઈઓ આ સમયમાં પરદેશી ... હતા ... નહતી માટે મનો ગુજરાતમાં તોપ એ લેખ જુઓ

શરૂ થઈ તેમાં રજપૂતોની ખુવારી થઈ અને એ લોકો દરવાજા તરફ પાછા હઠ્યા. એ વખતે દરવાજાની બાજુની દીવાલ ઉપર મલીક અયાઝના તોપમારાએ મોટા ચીરા પાડ્યા હતા તે જોઈ અયાઝ એક ટુકડી લઈને કિલ્લામાં પેઠો અને એક બારીમાંથી દરવાજાના બુરજ ઉપર ચડી ગયો. બીજી બાજૂથી સુરંગને રસ્તે સુલતાન મહમૂદ પોતે સિપાઈઓ સાથે કિલ્લામાં આવ્યો અને ઉપર ચડ્યો. આ વખતે ખૂબ વીરતાથી લડતા રજપૂતોએ દારૂગોળાના બોમ્બ દરવાજા ઉપર ચડેલા મુસલમાનો પર હાથથી ઉપાડીને ફેંક્યા, પરંતુ સુલતાનના લશ્કરીઓએ એ બોમ્બગોળા ફૂટે તે પહેલાં ઉપાડી પાછા ફેંક્યા તે પતાઈ રાવળના મહેલના આંગણામાં પડ્યા.[૪૨] આ દેખી રજપૂતો નિરાશામાં આવી ગયા અને જોહરની તૈયારી કરી. સ્ત્રીઓ છોકરાને અગ્નિમાં નાખી બચ્ચા મરણિયા થઈ લડવા નીકળ્યા. આ બનાવ હિ સ. ૮૮૯ ઝિલકાદ માસની ૧લી તારીખે બન્યો. આખો દિવસ અને રાત ખૂનખાર લડાઈ ચાલી.[૪૩] હૈનહર પછીની આ લડાઈ પહેલાં તોડેલા દરવાજાની ઉપરના ખૂદિયા દરવાજાની પાછળ થઈ હોય એમ સમજાય છે. આ લડાઈ ચાલતી હતી તે વખતે મહમૂદ પોતે લશ્કર લઈ દરવાજાનાં દ્વાર ઉઘાડી નાખી અંદર પેઠો. આ વખતે રજપૂતો તળાવમા સ્નાન કરી કેસરિયા કરવા તૈયાર થયા અને સાતસો રજપૂતોની એક ટુકડી મુસલમાનો ઉપર તૂટી પડી.[૪૪] બન્ને બાજૂએ બહુ મોટી ખુવારી થઈ અને આ લડાઈમા જયસિંહ પતાઈ રાવળ અને એનો

---

૪૨. તબકાતે અકબરી, પૃ. ૨૭૪-૭૫. આ બૉમ્બ પતાઈના મહેલના આંગણામાં પડ્યા. એ ઉલ્લેખ ઉપરથી શ્રી. ગટ્ઝ માને છે કે એ મહેલ અટકના દરવાજાની છેક પાસે હોવો જોઈએ. શ્રી. ગટ્ઝ એમ પણ માને છે કે રજપૂતોનો દરવાજા નજીક એક છૂપો રસ્તો હતો તેમાંથી કીવામ ઉલ્મુલ્ક અંદર પેઠો.

૪૩. તબકાતે અકબરી, પૃ. ૨૭૫-૭૬.

૪૪. તબકાતે અકબરી, પૃ. ૨૭૬.

મની ડુંગરસી પકડાઈ ગયા.[૪૫] ઘણાખરા રજપૂતો કેસરિયાંમાં ખપી ગયા, અને કેટલાક નાસીને નીચે સંરક્ષણ હેઠળ તરફ ઉપરના કિલ્લામાં ભરાયા, પણ છેવટે મુસલમાનોએ એમને હરાવ્યા.[૪૬] પતાઈ રાવળ અને ડુંગરસીને સુલતાન પાસે લાવ્યા અને સુલતાને એ બન્નેને મુહાફિઝખાનને સોંપી એમના ઘાની સારવાર કરવા કહ્યું. આ પ્રમાણે પાંચ મહિના કેદમાં રહ્યા પછી સાજા થયા પછી મુહાફિઝખાને એમને સુલતાન પાસે હાજર કર્યા અને સુલતાને જો એ બંને મુસલમાન ધર્મનો સ્વીકાર કરે તો જીવતા રાખવાનું જાહેર કર્યું, પણ એ બંને વીરપુરુષોએ સ્વધર્મનો ત્યાગ કરવાને બદલે મરવાનું પસંદ કર્યું. સુલતાને મુસલમાન પંડિતોની સલાહ લઈ જયસિંહ પતાઈ રાવળનું માથું ઉડાવી દીધું ને એક લાકડા ઉપર ટાંગ્યું.[૪૭] ડુંગરસીને જ્યારે એ લાકડા પાસે લાવવામાં આવ્યો ત્યારે એણે એકાએક એક લશ્કરીના હાથમાંથી તલવાર ઝૂંટવી લઈને સુલતાનના એક હજૂરિયા કમીરના પુત્ર રોષનને મારી નાખ્યો.[૪૮] એ પછી ડુંગરસીને પણ મારી નાખવામાં આવ્યો. આ બનાવ હિ. સ. ૮૯૦માં બન્યો. સિકંદરી લખે છે કે જયસિંહની બે દીકરીઓને સુલતાને પોતાના જનાનામાં મોકલી અને એક દીકરાને શિક્ષણ આપીને મોટો કર્યો.

---

૪૫ તબકાતે અકબરી પૃ. ૨૬૬; સિકંદરી, પૃ. ૧૧૧.

૪૬ ત્રીજા કિલ્લામાં રજપૂતો ગયાની વાત માત્ર તબકાત જ લખે છે, પૃ. ૨૭૬.

૪૭ સિકંદરી પૃ. ૧૧૫; તબકાતે અકબરી પૃ. ૨૭૬. તબકાત લખે છે કે પાંચ મહિના કેદમાં એની સારવાર કરી, જ્યારે ફિરિસ્તા લખે છે કે એને બધા પહેરા હેઠળ રાખેલા અને રોજ મુસલમાન થવાનું કહેવામાં આવતું અને મારી નાખવાની ધમકી અપાતી.

૪૮ ડુંગરસીની આ વાત માત્ર સિકંદરી જ લખે છે. ફિરિસ્તા હિરદી કાળવા મોકલ્યા શૂર અથવા સુર્દાને મારી નાખવામાં આવ્યા એમ લખે છે, પણ એ ઉલ્લેખ ઉપયુક્ત તવારીખોમાં નથી.

એનું નામ હુસેન રાખ્યું. એ મોટો થયો ત્યારે સુલતાન મુઝફ્ફરના સમયમાં મોટો અમીર બન્યો અને એને નિઝામ-ઉલ્મુલ્કનો ખિતાબ આપવામાં આવ્યો[૪૯]

પાવાગઢનું પતન અને ખુવારી

પાવાગઢનુ પતન હિ. સ. ૮૮૯ના ઝિલકાદની બીજી તારીખે થયુ (ઈ. સ. ૧૪૮૪). આ લડાઈમાં પાવાપતિની સાથે રહી લડનારા હિંદુ રાજવીઓનાં નામ ચારણોની વહીઓમાંથી રાસમાળામાં આપ્યાં છે. એમા વિ. સં. ૧૫૪૧ ના પોષ માસની ત્રીજ ને રવિવારે પતન થયાનુ લખે છે (તા ૨૧ ડિસેંબર ૧૪૮૪). આ તારીખ મુસલમાન તવારીખની તારીખ સાથે એક મહિનાનો ફેર બતાવે છે. હિંદુ રાજાઓમાં વેગ્રો, સારગ જાડેજા, ડરણ, જેઠમલ, સુરવૈયો અને ચંદ્રભાણ એટલાએ પતાઈ રાવળને માટે પોતાનો જીવ આપ્યો એમ લખે છે. ઘેરો કુલ વીસ માસ સુધી ચાલ્યો. એમ કહેવાય છે કે રજપૂત લશ્કર સાઠ હજાર માણસોનુ હતું અને સુલતાનનુ એથી મોટું હતું. ઘેરા દરમ્યાન સુલતાને આસપાસનો મુલક લૂંટયો અને એકે ઘર એવું નહોતુ રહ્યું કે જેમા અનાજ, પૈસો, ઢોર, કપડાં વગેરે રહ્યુ હોય. આમ લાંબા ઘેરાઓમાં બને છે તેમ શત્રુને હાથે છેવટે રાજ્યની સામાન્ય પ્રજાને જ વેઠવુ પડે છે અને મુલક ઉજ્જડ થઈ જાય છે[૫૦]

---

૪૯ આ ઉલ્લેખ સિકંદરીમાં પૃ. ૧૨૫ મા આપેલો છે, તબકાતમાં નથી. પ્રો. કોમિસેરિયેટે આ હકીકતો આપેલી છે (પૃ. ૧૯૫) અને આ બધી હકીકતોના આધારમાં ફિરસ્તા, બેલીનો ગૂજરાતનો ઇતિહાસ, હાજી દબીરનાં અરબી ઇતિહાસનાં નામો લખ્યાં છે. ભાટચારણોની નોંધમાં પતાઈનાં આ ત્રણ સતાનો માટે નોંધ નથી. એમાં માત્ર ત્રણ પુત્રો જ હતા એમ કહે છે. અરબી ઇતિહાસમાં આ નામના ઇલ્કાબોમાં ગોટાળો છે તે આગળ જોઈશું.

૫૦. પ્રો કોમિ.નો ઇતિહાસ, પૃ ૧૯૪, નોં. ૨. કેમ્બ્રિજ હિસ્ટ્રીમાથી ઉતારો

દેવગઢબારિયા અને છોટાઉદેપુર રાજ્યોના સ્થાપકો

પતાઈ રાવળ જયસિંહદેવના મરણ પછી એના બે પુત્રો જીવતા રહ્યા તે નાસી ગયા ભાટ લોકો કહે છે કે જયસિંહનો મોટો પુત્ર રામસિંહ પિતાની હયાતીમા મરણ પામ્યો હતો બીજા બે પુત્રોમા મોટો પૃથ્વીરાજ નર્મદા કિનારાના એક ગામડામા જઈને પાછળથી મોહન નામના સ્થળે ગયો અને ગૂજરાત સલ્તનતની અવ્યવસ્થાના સમયમા ત્યા નાનુ રાજ્ય સ્થાપ્યુ એ આજે છોટાઉદેપુરનુ રાજ્ય કહેવાય છે છોટાઉદેપુરને મોહન પણ કહેવામાં આવે છે બીજા પુત્ર ડુગરસીએ દેવગઢબારિયાનુ રાજ્ય સ્થાપ્યુ આ બન્ને રાજ્યો આજે પણ જયસિંહ પાવાપતિના વંશનુ નામ રાખી રહ્યાં છે

મુહમ્મદાબાદની સ્થાપના અને ચાપાનેર ગૂજરાતનુ કામચલાઉ પાટનગર

હવે સુલતાન મહમૂદે જૂના ચાપાનેરની બાજુમાં પર્વતની પૂર્વ તરફની તળેટીમા જુમામસ્જિદ બધાવવી શરૂ કરી હતી તેની પશ્ચિમે અમદાવાદના ભદ્રના કિલ્લાના જેવો કિલ્લો—રાજગઢ બાધ્યો એ ચાપાનેરનુ ભદ્ર કહેવાય છે એ રાજગઢના કિલ્લાનુ નામ 'જહાપનાહ' રાખ્યુ,[૫૧] અને એમાં અમદાવાદના ભદ્રમા રાજકુટુબને માટે જેવી મસ્જિદ છે તેવી બાધી, અને મહેલ પણ બધાવ્યો એ પછી મોટા અમીરો, વેપારીઓ વાણિયાઓ, મોટા અમલદારોએ પણ મકાનો બધાવ્યા આ શહેરનુ નામ 'મુહમ્મદાબાદ' પાડ્યુ અમદાવાદમા શહેરને ફરતો કોટ આ સુલતાને જ બધાવ્યો છે તેમ જહાપનાહ-રાજગઢની આસપાસ ચાપાનેર શહેરને ફરતો કોટ પણ બધાવ્યો આ કોટનો દરવાજો હાલોલ તરફથી આવતા રસ્તામાં આજે જોવામા આવે છે મહમૂદને ચાંપાનેર એટલુ તો પસદ પડ્યુ કે અમદાવાદને બદલે મોટો ભાગ અહી જ ગાળવા માડ્યો અને કામચલાઉ રાજધાની કરીને

૫૧ મિરાતે સિકદરી ગુ, ભા ૫ ૧૧૬

ટંકશાળ પણ સ્થાપી. ચાંપાનેરનુ ટંકશાળમાં નામ 'શહેરે મુકર્રમ' અને ત્યા પાડેલા સિક્કામાં એ નામ ઉપરાંત 'મુહમ્મદાબાદ ઉર્ફે ચાંપાનેર' એવું નામ પણ છે.[૫૨] આ પછી બીજી અરધી સદી સુધી સુલતાન બહાદુરશાહના રાજ્ય સુધી ચાંપાનેર ગૂજરાતનું પાટનગર રહ્યું. પાવાગઢના કિલ્લાને પણ મહમૂદે સમરાવી સુધારા વધારા કરીને મજબૂત બનાવ્યો અને છેક ઉપર ત્રીજી રક્ષ ગુહરોળનો કિલ્લો સુધરાવી એનુ નામ 'મૌલિયા' રાખ્યું.

સિકંદરીમાં આવેલું ચાંપાનેરની ચડતી અને પડતીનું વર્ણન

મિરાતે સિકંદરીનો લેખક ચાંપાનેર-મુહમ્મદાબાદના ખૂબ કવિત્વ ભરેલાં વખાણ કરે છે. એનાં મકાનો અને બગીચાના ઝાડના વર્ણનો મોટી મોટી ઉપમાઓ આપીને કરે છે. છેવટે કહે છે કે ચાંપાનેર જેવુ સુદર શહેર ગૂજરાતમા તો નથી, પણ પૃથ્વીની સપાટી ઉપર પણ નથી. મોટાં મકાનો અને બગીચાઓથી શહેર એવું તો સુશોભિત બન્યું કે લોકો અમદાવાદને ભૂલી ગયા. ફળફૂલના ઝાડની લાંબી નામાવલિ આપીને લખે છે કે અહીની નારિયેળીનુ ટોપરુ હલવા જેવું મીઠું થાય છે, ફળો સ્વર્ગના બાગ જેવા થાય છે, ત્યાની કેરી બધા ફળ કરતા ઉત્તમ છે ફૂલોની નામાવળી લખીને છેવટે ત્યા ચંદનના ઝાડ થતા હતા એવો ઉલ્લેખ કરે છે. કહે છે કે સુખડના ઝાડનુ વન એવુ મોટું હતુ કે તેનુ લાકડું લોક ઇમારતમા વાપરતા. આમ ખૂબ લાણુ અને કવિત્વભરેલું વર્ણન કરીને છેવટે પોતાના સમયમા (૧૬૧૧) એ શહેરની એવી તો પડતીનુ વર્ણન કરે છે કે વાચીને આશ્ચર્ય થાય. "સુબહાન અલ્લા! ભવ્ય ચાંપાનેરની શું આ સ્થિતિ કે અત્યારે તે વાઘ તથા વરુનું રહેઠાણ થઈ પડ્યુ છે ત્યાની ઇમારતો અત્યારે ખંડિયેર થઈ પડી ગઈ છે. ત્યાના રહેવાસીઓ નાબૂદ થઈ ગયા છે ત્યાંનુ પાણી ઝેર જેવુ થઈ ગયુ છે, અને ત્યાની આબોહવા

૫૨. પ્રો. કોમિ નો ઇતિહાસ પૃ. ૧૯૭.

આદમીઓના ખ નમાંથી શક્તિનો નાશ કરે છે! દરેક સુશોભિત વાડીઓમા કાટા ઊગી નીકળ્યા છે, અને જે બાગો હતા ત્યાં જગલ દેખાય છે! સુખડના વૃક્ષોનુ તો નામ કે નિશાન જોવામા આવતું નથી! ખરે કુરાનમા લખેનુ ફળીભૂત થયું છે ખુદાના કીર્તિમત તથા કૃપાવત મુખડા સિવાય દુનિયાની દરેક ચીજ આખરે ફના થશે"[૫૩] ચાપાનેરના આવા પતનનાં કારણો ખાસ જોવા જેવા છે અડધી સદી પછી સુલતાન બહાદુર શહેનશાહ હુમાયૂને હાથે હાર્યો અને તે પછી રાજધાની પાછી અમદાવાદ ગઈ, એટલે રાજ્યના મુખ્ય શહેર તરીકેની બધી પ્રવૃત્તિઓ ચાપાનેરમા બધ થઈ અમલદારો વગેરેનો વસવાટ પણ બધ થયો માળવા અને ગૂજરાત વચ્ચેના મોટા લશ્કરી સ્થાન તરીકેનુ પાવાગઢનું મહત્ત્વ પણ મોગલાઈમા ઓછુ થયુ અને વેપારી તથા બાદશાહી મહામાર્ગ પણ બદલાયા એટલે વેપારીવર્ગ પણ ત્યાથી ખસવા મડ્યો[૫૪]

મોગલાઈના જૈન ઉલ્લેખો

આમ છતા પણ જહાંગીરના સમયમાં સિકદરીનો લેખક કહે છે એવી છેક વેરાન દશા ચાંપાનેરની થઈ હોય એ ગળાવતુ નથી જૈનોની સારી વસ્તી ચાંપાનેરમાં સત્તરમી સદીમા રહી હોય એમ જણાય છે અકબર ઉપર પ્રભાવ પાડનાર જગદ્ગુરુનુ બિરુદ પામેલા શ્રીહીરવિજયસૂરિના શિષ્ય શ્રીવિજયસેનસૂરિ વિ સ ૧૬૩૨ (ઈ સ ૧૫૭૬) મા ચાંપાનેરમા આવ્યા હતા અને જયવત શેઠે એમને હાથે મોટો પ્રતિષ્ઠામહોત્સવ ઊજવ્યો હતો સવત ૧૭૪૬ (ઈ સ ૧૬૯૦) શ્રીશીલવિજયગણિએ ચાપાનેરનો ઉલ્લેખ આ પ્રમાણે કર્યો છે

---

૫૩ મિરાતે સિકદરી ગૂ ભા પૃ ૧૧૬-૧૭ ભાષાતર કરનારે આ વર્ણન લબાણથી આપ્યુ છે છતા પણ એ લખે છે કે મૂળ ગ્રથમા એથી પણ ઘણુ લખ્યુ છે અને કવિતથી એટલુ તો ભરેલું છે કે તે ઇતિહાસ જેવા ગ્રથમા ન શોભે તેથી છોડી દીધુ છે

૫૪ કુમાર માસિક 'રજતાક મા મારો લેખ

“ચાંપાનેરી નેમિજિણુંદ મહાકાલી દેવી સુખકંદ.” વિ સં. ૧૭૯૭ (ઈ. સ. ૧૭૪૧) માં અંચલગચ્છીય શ્રી ઉદયસાગરસૂરિજીએ પાવાગઢની મહાકાલિકાની તથા સાચા દેવની યાત્રા કરી હતી. તપગચ્છના ૬૦ મા પટ્ટધર શ્રીવિજયતિલકસૂરિએ વિ સં. ૧૬૬૨ (ઈ. સ. ૧૬૦૬)મા પાવાગઢમાં આવી વ્રત લઈ પહેલુ ‘રામવિજય’ નામ ધારણ કર્યું, અને ત્યાંથી ખંભાત થઈ ગચ્છનાયક થયા. એ જ ગચ્છના ૬૨ મા પટ્ટધર શ્રીવિજયરાજસૂરિએ ચાંપાનેરમાં વિ. સં. ૧૭૦૧મા (ઈ. સ. ૧૬૪૫)મા પંડિત પદ મેળવ્યુ હતું[૫૫] આ ઉપરથી જણાશે કે મિરાતે સિકંદરીના લેખકનાં માન્યતા અને વર્ણન કાંઈક અતિશયોક્તિ ભરેલાં છે અને ઈ. સ. ૧૬૧૧માં ચાંપાનેર છેક વેરાન નહોતુ એટલુ તો આથી સિદ્ધ થાય છે. રાજધાની બદલાયા પછી ગૂજરાત સલ્તનતની પડતી પછી ધીમે ધીમે શહેરને ઘસારો પડતો ગયો અને મોગલાઈમા ચાંપાનેરના લોકો ધીમે ધીમે અમદાવાદ તથા વડોદરા તરફ આવતા ગયા. ચાંપાનેરની ખરી પડની મરાઠા સમયમાં થઈ અને યાત્રાના સ્થળ સિવાય ત્યાં જવાનો રસ કોઈને ન રહ્યો જૈનોના તીર્થ તરીકે ગણાવા છતાં એનુ બહુ મહત્ત્વ ન ન રહ્યું. બ્રિટિશ સમયમા શહેરને ફરી આબાદ કરવાના પ્રયત્નો થયા તે નિષ્ફળ ગયા[૫૬]

૫૫ જુઓ જૈન તીર્થોનો ઇતિહાસ “પાવાગઢ”. અને જિનવિજયજી સંપાદિત તપગચ્છ બૃહત્પટ્ટાવલી : જૈન સાહિત્ય સંશોધક, પુ ૧.

૫૬ પંચમહાલ ગેઝેટિયરમાં આ વિગતો આપેલી છે. પ્રો. કોમિસેરિયેટે મરાઠા સમય અને તે પછીની સ્થિતિનું વર્ણન અને અંગ્રેજ અમલદારોના— માઈલ્સ, મેલેટ, વગેરેના ઉલ્લેખો આપ્યા છે. સર ચાર્લ્સ મૅલેટની ડાયરીનો લાંબો ઉતારો પણ આપ્યો છે, જે મહત્ત્વનો નથી, અને સલ્તનત પછીનું વર્ણન આપણા વર્ણનમાં પણ અગત્યનું નથી. હુમાયૂના સમયનું સિકંદરીનું વર્ણન અતિશયોક્તિભરેલું આપ્યુ છે જે બતાવવા મોગલાઈની સ્થિતિનો ઉલ્લેખ કર્યો છે. બાદશાહે પાવાગઢને ઘેરો ઘાલેલો તેનું વર્ણન સુલતાન બહાદુરશાહના વર્ણન વખતે કરીશું.

ચાંપાનેર–પાવાગઢના નાશના ઐતિહાસિક કારણો જોયા, પરંતુ ગૂજરાતના લોકો શું ગાને છે તે તરફ જરા જોવું જોઈએ ગૂજરાતી સમાજની એક ખાસિયત છે કે કોઈની મોટી ચડતીપડતીના કારણમાં ન્યાય અને નીતિથી ભ્રષ્ટ થવાનું કારણ મુખ્ય માનવું અને એમાં કોઈ દૈવી સત્તાનો હાથ માનવો ઇતિહાસમાં કોઈ એવો મોટો બનાવ બન્યો હોય તો એનાં આ જાતના કારણો યોજીને એના રસિક લોકગીતો જોડી સમાજને કંઠે રખાતા જૂનાગઢના પતનમાં એવો એક દાખનો જોયો પરંતુ પાવાગઢના પતનમાં એવો દાખનો જરા વધારે લોકપ્રિય અને રસિક છે, અને ગૂજરાતી સમાજમાં એ સર્વથી વિશેષ લોકપ્રિય થઈ ગૂજરાતણોને કંઠે એના લહકાર આજ સુધી ચિરંજીવ છે, એટને સમાજની સંસ્કારિતાનાના વર્ણનમાં એનું સ્થાન છે

ગૂજરાતનો સમાજ પતાઈ રાવળ અને પાવાગઢના પતનમાં એવું માને છે કે જયસિંહ પતાઈ નવરાત્રમહોત્સવ ઊજવતો હતો ત્યારે માતા કાલિકા માનવીરૂપ ધારણ કરી ગરમો રમવા આવ્યા એમના રૂપ ઉપર મોહિત થયેલા રાજાએ એમનો હાથ ઝાલ્યો માતાએ કહ્યું કે તું માગે તે તે આપુ જનતાની પ્રિય એવી પ્રસિદ્ધ લીટીઓ આ પ્રમાણે છે –

મા પાવા તે ગઢથી ઊતર્યાં મહાકાલી રે
વસાવ્યું ચાંપાનેર પાવાવાળી રે

× × ×

ચાંપા તે નેરના ચાર ચૌટા મહાકાલી રે

× × ×

માંગ માગ ગૂજરાત કેરી ગાદી કે ભદર બેસણાં રે લોલ

× × ×

માંગુ માંગુ એટનુ વરદાન કે મહેલે પધારજો રે લોલ

× × ×

ફટ ફટ પાવાના ગજન કે એ શું માગિયું રે લોલ
આજથી છઠ્ઠે ને છ માસે કે મૂળ તારું જશે રે લોલ

. આમ માતાજીનો પતાઈને શાપ થયો. કિલ્લામાં ખોરાકની પોઠો જતી હતી તેમાંથી મુસલમાન લડવૈયા નીકળ્યા–વગેરે વર્ણન છે. પરંતુ આ ગરબો ગૂજરાતના લોકપ્રિય દેવીભક્ત શ્રીવલ્લભ ધોળાનો બનાવેલો છે અને છેક આધુનિક છે, છતાં એટલો લોકપ્રિય છે કે સામાન્ય જનસમુદાય ઇતિહાસને ભૂલીને એ જ કારણ માને છે. ઉપર જોયું તેમ જયસિંહ શક્તિભક્ત હતો, અને એ જાણે કે માતાજી છે તો એવી માંગણી કરે એવો મૂર્ખ નહોતો.[૫૭]

મેના ગુજરીનો ગરબો . એનાં રસિક તત્ત્વો

ઉપરનો ગરબો ઉચ્ચ વર્ણોમાં ગૂજરાતમા ગવાય છે, પરંતુ ઉતરના વર્ણોમાં એક બીજો ગરબો ગવાય છે તે વધારે રસિક છે, જો કે એને પાવાગઢના પતન સાથે કાંઈ જ સંબંધ નથી. એ ગરબો 'મેના ગુજરીના ગરબા' તરીકે પ્રસિદ્ધ છે કોઈ ગુજર ગોવાળવધૂને મુસલમાન બાદશાહને જોવાનુ મન થાય છે. એની સાસુ એને ના પાડે છે છતાં ગોવાલણીને વેશે દહીં વેચવા જાય છે ને બાદશાહના લશ્કરની છાવણીમાં દાખલ થાય છે. બાદશાહને અને ગુજરીને ખૂબ વાદવિવાદ થાય છે. બાદશાહ એના ઉપર મોહ પામીને એને પટરાણી બનાવવાનું કહે છે બાદશાહની બધી લાલચોના એ જડબાતોડ જવાબો આપે છે. એથી ગુસ્સે થઈને બાદશાહ ગુજરીને કેદ કરે છે. ગુજરી એના દિયરને પત્ર મોકલે છે અને દિયર ગુજરોનુ લશ્કર લઈ બાદશાહને હરાવી ગુજરીને છોડાવે છે. ગુજરી ઘેર જાય છે, પણ સાસુ અને

૫૭. આ ગરબો નવરાત્રમાં અને બીજે વખતે પણ ગૂજરાતમા ગામેગામ ગવાય છે અને ખૂબ લોકપ્રિય છે, છતાં છેક ગઈ સદીમાં લખાયો છે એટલે આધુનિક છે. આ ગરબાએ લોકહૃદયમાં ઇતિહાસનું સ્થાન લીધું છે. લોકમાં ચાંપાનેરની આબાદી એટલી તો અતિશયોક્તિથી બોલાય છે કે હાલોલને એ શહેરનો હલાલવાડો, કાલોલને કલાલવાડો અને ગોધરાને ગોચર–ગૌચરા એવું મનાય છે. આ તદ્દન અર્થહીન અને અતિશયોક્તિને અલંકાર ગણો તોપણ એ લજવાય એવી માન્યતા છે.

નણદ મહેણાં મારે છે કે " બાદશાહને ત્યા રહી આવી એટલે ઘરમાં ન આવવુ " આવુ સાભળી ગુજરીને સત ચડે છે અને ગુજરી પાવાગઢમાં આવીને અનોપ થાય છે ને 'મહાકાલી' કહેવાય છે આ લોકગીત વળી એક જુદો જ પ્રશ્ન ઊભો કરે છે મુસલમાની રાજ્યમા જ રાજ્યના કે રાજાના અત્યાચારથી કોઈ ગુજર સ્ત્રીને સત ચડે છે, ને એ સત પોતાની પવિત્રતાની અવગણના કરતાં સાસરિયાંના વર્તનથી વધે છે, અને ગુજરી દેવીસ્વરૂપ થઈ જાય છે ગૂજરાતની દેવીઓના સ્થાનકો ના ઇતિહાસમા આવા કેટલાક દાખલા પણ બનેલા છે, અને સામાજિક ઇતિહાસ ઉપર આ વાત રસિક પ્રકાશ નાખે છે ગરબાની કેટલીક લીટીઓ આ પ્રમાણે છે[૫૮]

" કાળુનસે બા શાહ ચડે ને સારી દિલ્હીમા દીવાન રે,
બાદશાહ ઊતરે બાગમે મે ક્યા મસ દેખન જાઉ રે

× × ×

ચની ગુજરિયા કહી બેચનકુ બાદશાહકે દરબાર રે,
અઈયર લ્યો કોઈ મહિયર લ્યો કોઈ લ્યોને મીઠડા દૂધ રે
સાસુ કહે તુમ સુણો ગુજરિયાં બઝ્ઝરમે મત જાઓ રે,
સાસુની વારી ના રહે વહુ મહી વેચન'। જાય રે
હાટે મોહ્યા હાટ વાણિયા ને ચોરે મોહ્યા ચોપદાર રે
જે દેરો તે મોહી રહ્યા ને બાદશાહ સરખા મોહ્યા રે

એ પછી બાદશાહ લાલચો આપે છે તેનુ લાગુ વર્ણન છે એમા બાદશાહની મૂછને બકરાની પૂછ કહે છે અને એના જડબાતોડ જવાબથી ગુસ્સે થતો બાદશાહ એને કહે છે કે 'હિંદવાણી તું હરામજાદી બાદશાહકુ દેવે જવાબ ?" છેવટે બાદશાહ એ ગુજરી

---

૫૮ આ ગરબો ગુજરાતમા ઉતરતા વર્ગોમા પ્રચલિત છે આ ગરબા ઉપરથી એક નાની નાટિકા પણ બનાવેલી ગરબો ગુજરાતીહિન્દીનું વિચિત્ર મિશ્રણ છે

કોણ છે એમ પૂછે છે તેના જવાબમાં ગુજરી આ પ્રમાણે કહે છે—

"ગોકુળગઢ મારું સાસરું ને ચંપા પુરુષ ઘેર નાર રે,
માંડવગઢની ગોવાલણી મેના ગુજરી મારું નામ રે."

ગુજરીના દિયરનુ નામ હીરો છે એને કાગળ મળતાં એ પોતાના ભાઈ ચંપાને બતાવે છે અને ચંપો કહે છે કે "કાંઈ નહિં, એવી બેચાર બીજી પરણીશું" પણ દિયર શૂરવીર છે અને લડાઈ કરે છે. છેવટે સાસુના મહેણા માટે અને તે પછી આ પ્રમાણે લીટીઓ છે:

"સાસુ મહેણાં બોલિયાં વહુ જાઓ બાદશાહને ઘેર રે."
એ વહુએરને જવા દો, હું બીજી પરણાવું કાલ રે
નણદલ મહેણા બોલિયાં, ભાભી જાઓ બાદશાહને ત્યાંય રે,
ત્યાંથી ગુજરી ચાલિયાં ને ગયા પાવાગઢ માય રે,
પાવા તે ગઢમે અલોપ થઈ ગઈ મહાકાલી કહેવાય રે."

આ પ્રમાણે પાવાગઢની લોકકથાઓએ ગૂજરાતી સમાજના અંતઃકરણમાં સ્થાન લીધું છે. આ લોકગીતમાં કોઈ ઐતિહાસિક સત્ય સમાયું છે તેનુ સંશોધન થવાની જરૂર છે. પાવાગઢ ચાંપાનેરનાં મકાનોના વર્ણન જુદા પ્રકરણમાં આગળ કરીશું.

શિરોહીના રાજાએ કરેલી લૂંટ

સુલતાન મહમૂદનાં પાછલાં વર્ષો સાધારણ નાની લડાઈઓમાં ગયાં છે; અને એમા પણ દક્ષિણની લડાઈઓનુ ખાસ મહત્ત્વ નથી. એટલે ટૂંકામાં એના ઉલ્લેખ કરીશું. ઈ. સ. ૧૪૮૬–૮૭માં કેટલાક ખુરાસાની અને ઈરાકી સોદાગરો ચારસો ઈરાની અને તુરકી ઘોડા તથા હિંદમાંથી કપડાં લઈ ગૂજરાતમા વેચવા આવતા હતા ત્યારે ગૂજરાતની સરહદ ઉપર શિરોહીના રાજાએ એમને લૂંટી લીધા. સોદાગરોએ અમદાવાદ આવી સુલતાનને આ ફરિયાદ કરી ત્યારે એણે લૂંટાયેલી રકમ રાજ્યની તિજોરીમાંથી અપાવી દીધી અને શિરોહીના

રાજા ઉપર ધમકીનો પત્ર લખ્યો એટલે એણે લૂટેલી રકમ સુલતાનને આપી દીધી[૫૯]

દક્ષિણના બહાદૂર ગિલાનીનો બળવો

૫ન્દરમી સદીના છેલ્લા દસકામા ગૂજરાતના બદરોએ ચાંચિયાનો ત્રાસ વધી ગયો હતો એ વખતે દક્ષિણમા સુલતાન મુહમ્મદ લશ્કરી–બહ્મની રાજ્ય કરતો હતો એનો વયોવૃદ્ધ વઝીર મહમૂદ ગવાન ગિલાની દક્ષિણ હિંદમા પોતાના ડહાપણ, દયા, ન્યાય તથા સારા વહીવટથી જાણીતો હતો[૬૦] એનુ ખૂન થવાથી દક્ષિણી સુલતાનની મહત્તાનો અત આવ્યો હતો આ ખૂન થવાથી મહમૂદ ગવાનની પાસે ઊછરીને મોટો થયેલો બહાદુર ગિલાની રીસે ભરાયો અને એણે ડાભોલ બદરેથી ચાંચિયાગીરી શરૂ કરી, અને બળવો કરી તેણે આખા કોકણમા પોતાની સત્તા જમાવી બહાદુર ગિલાનીના એક યાકૂત નામના હબસી સરદારે ગુજરાતની હદમા આવેલા માહીમ ઉપર બાર વહાણોનો કાફલો લઈ હુમલો કર્યો અને એ બદરને બાળ્યું[૬૧] આ વખતે બહ્મની

---

૫૯ મિરાતે સિકદરી, ગૂ ભા પૃ ૧૨૨–૨૩ તબકાતે અકબરી પૃ ૨૭૭–૭૮ તબકાત આમુનો રાજા લખે છે અને કહે છે કે સુલતાનનુ ફરમાન મળતા જ ચારસોમાથી ૩૯૦ ઘા પાછા આપી દીધા અને બાકીનાની કીમત આપી આ ઉલ્લેખમા ખાસ કાઈ નથી, પરતુ આ વેપારીઓ દિલ્હીથી આવતા હતા અને ત્યાનુ કાપડ ગૂજરાતમા લાવતા હતા એટલે કાપડ માટે પ્રસિદ્ધ એવા ગૂજરાતમા ઉત્તર તરફથી કાપડ આવતુ હતુ એ નોધપાત્ર છે કદાચ બદરથી દેશાતર મોકલવા માટે હોય

૬૦ સિકદરી પૃ ૧૨૩ ૨૫ તબકાતે અકબરી પૃ ૨૭૮ ૭ આ મહમૂદ ગવાન દક્ષિણ હિંદમા ખૂબ પ્રસિદ્ધ હતો અને એનો ઈલ્કાબ 'ખાજે જહાન' હતો

૬૧ પ્રો કૉમિસેરિયેટ આ હકીકતની નોધ લેતા સિકદરી અને તબકાત કરતા કેટલીક વધારે વિગત આપે છે, પરતુ એ કયા આધારે એની નોધ અમને લીધી નથી. કદાચ અરબી ઇતિહાસમાથી વિગત મળી હોય એમ યાકૂત હબસીના નામ ઉપરથી લાગે છે મિરાતે સિકદરી આમા કેટલીક બીજી

સુલતાનના અમીરોએ પણ બળવો કર્યો અને એના રાજ્યમાં અવ્યવસ્થા થઈ રહી. બહાદુર ગિલાનીએ ચાંચિયાગીરી એટલી વધારી મૂકી કે ગૂજરાતનાં ઘણાંખરાં બંદરો ભયમાં આવી ગયાં અને દક્ષિણથી સોપારી આવતી બંધ થવાથી ગૂજરાતના લોકોને પાનમાં ધાણા ખાવા પડ્યા.[૬૨]

ચાંચિયાનો ત્રાસ

આ ત્રાસ હવે એટલો વધી ગયો હતો કે ગૂજરાતના સુલતાનને સખત પગલાં લીધા વગર છૂટકો જ નહોતો. સફદરખાનની સરદારી નીચે એક લશ્કર મોકલેલુ એને નિષ્ફળતા સાંપડી હતી, એટલે હવે તરી અને ખુશ્કી બન્ને રસ્તેથી ગૂજરાતનાં સૈન્યોએ કૂચ કરી. જમીન માર્ગે કિવામ ઉલ્મુલ્ક મલીક સારંગ લશ્કર લઈને વસાઈ અને અગાસી બંદર સુધી પહોંચ્યો ત્યારે એણે સુલતાનને કહેવડાવ્યું કે

વધારાની હકીકત આપે છે તે બીજી તવારીખોમાં નથી અને પ્રો. કોમિ એ પણ નોંધી નથી, પણ એક દૃષ્ટિએ તે રસમય છે. સિકંદરી લખે છે કે બહાદુર ગિલાનીએ ગૂજરાતનાં બંદરો લૂટવા માંડેલાં તેનું કારણ એવું છે કે મહમૂદ ગવાનની કતલ પછી મલીક ઉત્તુજાર દક્ષિણી ત્યાંથી નાસીને ખંભાત આવી રહ્યો હતો, અને બહાદુર ગિલાનીએ એની પુત્રીના હાથની માગણી કરી હતી અને મલીકે એ સ્વીકારી નહોતી. દરમ્યાન મલીક ઉત્તુજાર ખંભાતમાં મરણ પામ્યો ત્યારે મલીકના વકીલ મહંમદ હયાતે બહાદુરને અપમાન ભરેલા શબ્દથી ઉત્તર દીધો. આથી ગુસ્સે થઈ બહાદુરે મહંમદ હયાતને મારી નખાવ્યો અને મલીકની છોકરીને ઉડાવી જવાની કોશિશ કરી, પણ ખંભાતના લોકોએ એને બચાવી. આથી ગુસ્સે થઈ બહાદુરે ગૂજરાતનાં બંદરોએ ચાંચિયાગીરી શરૂ કરી અને કેટલોક વખત ગૂજરાતનાં બંદરોનો વેપાર બંધ જેવો થઈ ગયો (સિકંદરી પૃ. ૧૨૪)

૬૨. સિકંદરી, પૃ. ૧૨૪. આ ઉલ્લેખ બતાવી આપે છે કે એ સમયે પણ સોપારી મલબારથી આવતી હતી આ ઉલ્લેખ માત્ર સિકંદરીમાં જ છે. સાંસ્કૃતિક ઇતિહાસની દૃષ્ટિએ બીજી તવારીખો કરતાં સિકંદરીમાં આવા ઉલ્લેખો વધારે મળે છે, કારણ કે એનો કર્તા સિકંદરી ગૂજરાતનો—અમદાવાદનો જ છે.

બજારી સુલતાનની સરહદમાં પ્રવેશ કર્યા વગર કાર્ય સિદ્ધ થઈ શકશે નહિ. બીજી બાજુથી લડાયક માણસોથી સજ્જ થયેલાં અને તોપો ગોઠવેલાં નવ્વો વહાણોનો કાફલો પણ ડાભોલ તરફ આવી પહોંચ્યો. આ સમાચાર બીજાપુરના સુલતાનને પહોંચ્યા ત્યારે એને સમજાયું કે ગુજરાતના બાદશાહે અગાઉ એના રાજ્યને ઘણીવાર મદદ કરી છે અને ગુજરાતનો સુલતાન એનો મુરબ્બી જેવો છે. સુલતાન મહમૂદે પણ સમાચાર મોકલ્યા કે બહાદુર ગિલાનીનો બળવો તમારે જ દબાવી દેવો જોઈએ.[63] આ ઉપરથી મોટું દક્ષિણી લશ્કર ગિલાનીની પાછળ મોકલવામાં આવ્યું અને લડાઈ થઈ એમાં બહાદુર ગિલાની માર્યો ગયો. એનું માથું બીજાપુરથી સુલતાને ગુજરાતના સુલતાનને મોકલી આપ્યું. બહાદુરે પકડેલાં ગુજરાતનાં વહાણો અને સફદરખાનને છૂટાં કરી ગુજરાતના સુલતાનની કીમતી ભેટ સાથે પાછાં મોકલવામાં આવ્યાં. મહીમથી આ બધો કાફલો ઉપડીને સુલતાનને બંદરે આવી પહોંચ્યો.[64]

ફિરંગીઓ સાથે નૌકાયુદ્ધ

આ વખતે ફિરંગીઓનું જોર અરબી સમુદ્રમાં વધતું જતું હતું અને ગુજરાતનાં બંદરો ભયમાં હતાં. આની સામે ગુજરાતના [illegible] મલિક અયાઝ સુલતાનીએ દીવથી નૌકાસૈન્ય લઈ ફિરંગીઓના [illegible] મદદ [illegible] કરી. આ દરિયાઈ લડાઈમાં ગુજરાતની મદદે તુર્કી વહાણો પણ હતાં. આ લડાઈમાં પણ ફિરંગીઓ અને

૬૩ ફિરિશ્તો લખે છે કે ગુજરાતનું લશ્કર ચઢી આવતું જોઈ દક્ષિણી સુલતાને જ સમાચાર મોકલ્યા, જ્યારે પ્રો. કૉમિસેરિયેટ ગુજરાતના સુલતાને [illegible] મોકલ્યા [illegible] ફિરિશ્તાની [illegible] પ્રો. કૉમિસેરિયેટની [illegible]

૬૪ ફિરિશ્તો, પૃ. ૧૨૫; તબકાતે [illegible], પૃ. ૨૩૯. [illegible] બહાદુર ગિલાની [illegible] ગુજરાતને [illegible]

આસો તુર્કો માર્યા ગયા, અને ગૂજરાતના નૌકાસૈન્યે ફિરંગીઓનું એક મોટું વહાણ પકડ્યું એમા એમને એક કરોડ રૂપિયાની કીમતનો માલ હાથ લાગ્યો. આ નૌકાલડાઈમાં તોપો વપરાઈ હતી અને ઉપર્યુક્ત મોટા વહાણનો કૂપદંડ તોપથી તોડી નંખાયો હતો. આમાં મલીક અયાઝ સાથે એક છત્રસાલ નામના મોટા હિંદુ નૌકાઅધિકારીનુ નામ પણ આવે છે.[૬૫]

ખાનદેશ ગૂજરાતનો ભાગ

ગૂજરાત સલ્તનતના વખતમાં ખાનદેશનો ભાગ ગૂજરાતની હદમાં જ ગણાયો છે. આસીર અને નંદરબારનો વેપાર ગૂજરાતીઓના હાથમાં પ્રાચીન સમયથી છે, અને પ્રદેશની ભાષા ઉપર પણ મોટે ભાગે ગૂજરાતી ભાષાની અસર છે.[૬૬] સુલતાન મહમૂદના સમયમાં એ પ્રદેશની રાજધાની થાલનેરમાં હતી અને પાછળથી બુરહાનપુરમાં સ્થપાઈ હતી. ખાનદેશના સુલતાનો ગૂજરાત સલ્તનતના મિત્રો હતા અને ખંડણી પણ આપતા હતા અને લગ્નસંબંધથી પણ જોડાયેલા હતા. ઈ. સ. ૧૫૦૧ માં ખાનદેશનો સુલતાન આદીલખાન બીજો,

૬૫. આ લડાઈ ગૂજરાતના નૌકાસૈન્યના ઇતિહાસમાં અગત્યની ગણાય. ગૂજરાત અને તુર્કોએ ફિરંગીઓ સાથે આમા ભાગ લીધો એ નોધપાત્ર વાત છે. તબકાતે અકબરીએ પૃ. ૨૮૨ માં આ નોધ લીધેલી છે અને એમાં સુલતાન માહિમ ગયો એમ લખ્યુ છે અને મલીક અયાઝ દીવથી દરિયાઈ રસ્તે ચૈવલ ગયો. આ ઉલ્લેખમા માહીમ જતા પહેલા દૂન (Dun) આવ્યો એમ લખે છે એ પાછળ ચર્ચ્યું તે દમન નહિ પણ દહાણુ હોય એમ માહીમના સાન્નિધ્યથી સમન્વય છે. મલીક અયાઝની સાથે હિંદુ અધિકારી છત્રસાલ (Satarsal) નું નામ ફિરિસ્તા આપે છે તે નોધપાત્ર છે. સિકંદરી પૃ. ૧૨૭ મા આ નોધ લે છે તેમા દેહણુ સ્પષ્ટ લખે છે એટલે કેમ્બ્રિજ વગેરેના લેખકો દમણ વારે છે તે ભૂલ છે.

૬૬ નંદરબાર, બુરહાનપુરમાં ગૂજરાતની વસ્તી સારી છે તે પ્રસિદ્ધ છે. આસીરી ભાષા માટે ખાનદેશ ગેઝેટિયર જુઓ.

મોટો સત્તાવાળો હતો એણે ગૂજરાતના સુલતાનને ખંડણી આપવી બંધ કરી હતી આથી ઈ સ ૧૫૦૦ ના અરસામા મહમૂદ બેગડાએ એને બળથી તાબે આણ્યો હતો ઈ સ ૧૫૦૧ મા આદીલખાન બીજો મરણ પામ્યો અને એનો ભાઈ દાઉદખાન ગાદીએ આવ્યો, પરન્તુ ફારૂકી વંશના જ પોતાના દૌહિત્ર આલમખાનને ખાનદેશની ગાદી મળે તે માટે મહમૂદે પ્રયત્ન કર્યો ઈ સ ૧૫૦૮ મા દાઉદખાન મરણ પામ્યો, અને રાજ્યમા બે પક્ષ પડ્યા હતા, એવા એકને અહમદનગરના નિઝામશાહનો ટેકો હતો સુલતાન મહમૂદે ખાનદેશ ઉપર ચડાઈ કરી સામા પક્ષને હરાવી પોતાના દૌહિત્રને ગાદીએ બેસાડ્યો અને થાલનેરમાં દરબાર ભરીને એને 'આદીલખાન ત્રીજો' નામ આપ્યું અને પોતાના શાહજાદા ખલીલખાનની પુત્રી એને પરણાવી આમ ગૂજરાત અને ખાનદેશની મૈત્રી રીતી દૃઢ થઈ આસીરગઢ બુરહાનપુર, અને ખાનદેશનો મોટો ભાગ અકબરના સમય સુધી ગૂજરાતને તાબે રહ્યો [૬૭]

સુલતાન મહમૂદના છેલ્લા વર્ષમા દિલ્હીના બાદશાહ સિકંદર લોદીએ ગુજરાતના સુલતાનની મૈત્રી દૃઢ કરવા માટે ભેટમાં કીમતી વસ્તુઓ મોકલી આ પહેલા દિલ્હીના બાદશાહે કોઈ સુલતાનને ભેટો મોકલી નહોતી [૬૮]

આ ૫૦ વર્ષ રાજ્ય કરી ગયેલા સુલતાન મહમૂદ બેગડાનો અને એની પછી એના પુત્ર મુજફ્ફરશાહ બીજાનો ટૂંકો રાજ્યઅમલ એ ગૂજરાતની સ્વતંત્ર મુસલમાન સલ્તનતનો સુવર્ણયુગ હતો

▪

---

૬૭ સિકંદરી અને તબકાતે અકબરી આ હકીકતો ખૂબ લંબાણથી આપે છે પરંતુ અલી એ લખાણમા ઊતરવાની જરૂર દેખાતી નથી તબકાતે અકબરી ૨૮૩-૮૮ મિરાતે સિકંદરી પૃ ૧૨૬ ૨૯

૬૮ તબકાતે અકબરી પૃ ૨૯૯

પ્રકરણ ૨૮મું

મહમૂદ બેગડાના સમયના નામાંકિત પુરુષો

સુલતાન મહમૂદ બેગડાના અરધી સદી જેટલા લાંબા રાજ્યકાળમાં જેમ ગુજરાતની દરેક રીતે આબાદી વધી તેમ આજ સુધી જેમનાં નામ પ્રસિદ્ધ છે એવા નામાંકિત મહાપુરષો પણ થઈ ગયા.

શાહઆલમ સાહેબ

એ સમયના નામાંકિત મહાપુરષોમાં સર્વથી પહેલુ નામ શાહઆલમ સાહેબનુ છે એમનું આખું નામ 'સિરાજુદ્દીન અબુલ બરકાત સૈયદ મુહમ્મદ હજરત શાહઆલમ સાહેબ બુખારી' છે. વટવાના સુપ્રસિદ્ધ સંત કુતુબેઆલમ સાહેબના અગિયારમા પુત્ર થાય, અને ઈ. સ ૧૪૫૩ મા પિતાના અવસાન પછી એમણે બુખારી સૈયદોની આગેવાની લીધી. એમની માતાનુ નામ બીબી અમીના સુલતાન ખાતૂન હતુ. અમદાવાદના મુસલમાન સંતોમાં શાહઆલમ સાહેબનુ નામ ખૂબ મશહૂર છે અને આજ સુધી મુસલમાન સમાજમા એમનું ઘણુ જ માન છે. હિ સ ૮૧૭ ના જિલકાદ માસની ૧૭મી તારીખ–સોમવારે એમનો જન્મ થયો હતો. એ તારીખ "વારીસે અલી" શબ્દો ઉપરથી અબ્જદ પદ્ધતિથી નીકળે છે. સત્તર વર્ષ જેવડી નાની વયે સરખેજમા પ્રસિદ્ધ સંત અહમદ ખટ્ટુ પાસેથી મગ્રરબી પંથનુ જ્ઞાન એમણે લીધેલું અને પોતાના પિતા કુતુબેઆલમ સાહેબ પાસેથી પણ જ્ઞાન સંપાદન કરેલું. એમણે સિંધના જામની બન્ને પુત્રીઓ સાથે લગ્ન કરેલું તે પાછળ જોઈ ગયા છીએ એ સગાઈથી અહમદશાહનો પુત્ર સુલતાન મુહમ્મદ એમનો સાઢુ થતો હતો. સુલતાન મહમૂદ બેગડો એમની છાયામાં ઊછર્યો હતો અને પોતે એ

સુલતાનના મામા થતા હતા સુલતાન મહમૂદની મા સાથે પાછળથી શાહઆલમ સાહેબે પુનર્લગ્ન પણ કર્યું હતું આમ ગૂજરાત સલ્તનતના રાજકુટુંબ સાથે એમને નજીકનો સબંધ હતો સુલતાન કુતુબુદ્દીન એમને પહેલા તો ખૂબ માન આપતો, પણ મહમૂદને આશ્રય આપ્યા પછી એ બન્ને વચ્ચે સ્નેહ નહોતો[1] એમનુ વહાલનુ નામ મિયા મંજલા હતું

એમને માટે કહેવાતા ચમત્કારો

મિરાતે સિકંદરીનો લેખક સિકંદર બુખારી સૈયદોનો ખૂબ પ્રશંસક છે, એટલે એણે હજરત શાહના ઘણા ચમત્કારોનુ વર્ણન કર્યું છે એમના ચમત્કારોનુ અને વાતોનુ એક ખાસ પુસ્તક પણ છે એને 'હિમાયતે શાહી' કહે છે માળવાના સુલતાનનો પક્ષ લઈને પોતાની સાધુતાને માળવાના હિતમાં વાપરતા શેખ કમાલ માળવી અને એમની સામે ગૂજરાતના સુલતાનોના પક્ષના શાહઆલમ સાહેબની વાતો સિકંદરીમાં આપેલી છે તે પાછળ જોઈ ગયા છીએ એમા પણ ચમત્કારની વાતો લખેલી છે પરંતુ રાજ્યમા લાગવગ ધરાવતા સાધુ પુરુષો રાજખટપટમા પણ ભાગ લેતા એવા દાખલા બધા ધર્મના સાધુઓમા બને તેમ અહીં પણ બન્યા હોય એમ માનવુ પડે સંતોના શિષ્યો એમા દૈવી શક્તિનુ આરોપણ કરી ચમત્કારોનુ વર્ણન કરે તે સ્વાભાવિક છે આમ છતા વીતરાગ સંતપુરુષો સામાન્ય લોકને ન સમજાય તેવુ પોતે સમજી શકે છે અને ભવિષ્યમા જે બનવાનુ નિર્માણ થયુ હોય એ તરફ અંગુલિનિર્દેશ કરે છે એવા

---

1 શાહઆલમ માટે મિરાતે સિકંદરીમા છૂટા ખૂબ ઉલ્લેખો છે અહમદીમા ટૂંકુ ચરિત્ર છે એ બધા ઉપરથી મે 'શાહેઆલમ' નામે લેખ તૈયાર કરેલો તે ગુ સાહિત્ય સભાએ છપાવેલો અને વસંત માસિકમા પણ છાપેલો અમદાવાદના ઇતિહાસમા સંતોના પ્રકરણમા એમનું ચરિત્ર પણ મે લખેલુ છે એ બધામાથી સુધારા સાથે અહીં સાર લીધો છે

દાખલા આજે પણ બને છે, એટલે પવિત્ર સંતોની ચમત્કારોની વાતોને એક જુદા તાત્ત્વિક દૃષ્ટિબિંદુથી જોવાની જરૂર છે. શાહઆલમ સાહેબના ચમત્કારોમાં એક રમૂજી વાતની નોંધ લીધા વિના અહીં ચાલે એવું નથી. શેખ કમાલ અને શાહઆલમ સાહેબ વચ્ચે જ્યારે વૈમનસ્ય ચાલતું હતું ત્યારે એ બન્નેનો ધોબી એક હતો. અને એ બન્ને સંતો પાસે રોજ જઈને સંતાનની યાચના કરતો. છેવટે એને પુત્ર તો થયો, પરંતુ એ છોકરાને લઈને જ્યારે શાહઆલમ પાસે જાય ત્યારે એ છોકરો રહે અને શેખ કમાલની પાસે જાય ત્યારે એ છોકરી થઈ જતી. એનુ કારણ એમ કહેવાતું કે એ શાહઆલમ પાસે પુત્રની અને શેખ કમાલ પાસે પુત્રીની માગણી કરતો. આ કારણથી આજે પણ મુસલમાનોમાં એમ મનાય છે કે એક દિવસે આ બે સંતોની કબર પાસે જવુ નહિ. અગર તો શાહઆલમની દરગાહે ગયા પછી શેખ કમાલની કબર પાસે કદી જવું નહિ.[2]

દરેક ધાર્મિક પંથમા સાધુપુરુષોના પ્રકારો હોય છે કેટલાક દુનિયાની બધી વસ્તુઓનો ત્યાગ કરી અવધૂતની પેઠે રહે છે, જ્યારે કેટલાક દુનિયામાં રહી બધા ભોગો ભોગવતા છતા પણ જલકમલવત્ વીતરાગ અને નિઃસ્પૃહ રહે છે. હજરત શાહઆલમ સાહેબ આવી જાતના સતપુરુષ હતા. એમ કહેવાય છે કે શાહઆલમ ધર્મવિરુદ્ધ રેશમી વસ્ત્રો પહેરતા અને સંગીતના શોખીન હતા. એક વખત એક કાજી આ બાબતનાં વિરુદ્ધ ધર્મવચનો ભેગાં કરી એક પત્રમાં લખી પત્ર પાઘડીમાં ઘાલી હજરત સાહેબ પાસે ગયો, પણ એમની હાજરીમાં નરમ થઈ કાંઈ બોલી શક્યો નહિ. શાહઆલમને કાજીના આવવાનું કારણ પ્રથમથી સમજાઈ ગયુ હતુ તવારીખકાર લખે છે કે કાજીએ પાઘડીમાંથી પત્ર કાઢ્યો તો કોરો દેખાયો. પછી એ સાહેબે એક સૂતરની દોરી કેડે વીંટી એમાં એક નાની લાકડી ખોસી. કાજી સાથે

---

૨ નોંધ ૧ના ગ્રંથો. આ વહેમ આજ સુધી ચાલુ છે તે નોંધપાત્ર છે.

પોતે બહાર નીકળતા જ લાકડી રત્નજડિત ખંજર જેવી, દોરી સુવર્ણના કમરબંધ જેવી અને જમ્ભો રેશમી દેખાયો કાજી સમજી ગયો અને વીતરાગ પુરુષો આસક્તિરહિત ભોગ ભોગવે છે તેનુ રહસ્ય સમજીને શાહનો શિષ્ય બન્યો મહાપુરુષોના કાર્યો લોકસંગ્રહ માટે હોય છે અને શ્રદ્ધાવાળા માણસોને એમા ચમત્કાર પણ દેખાય છે એવા દાખલા દરેક પંથના સાધુઓમા બન્યા છે અને બને પણ છે [૩]

આમ શાહઆલમ સાહેબ એક સત્પુરુષ હતા અને શુક્રવાર સિવાય કોઈને મળતા નહિ અને ઈશ્વરસ્તવનમા સમય ગાળતા રાજકારણમા માથુ પણ મારતા એ માંગરોળના સૈયદ રુકનુદ્દીનના પત્ર અને તેના જવાબ ઉપરથી પાછળ જોઈ ગયા શેખ કમાલ સાથેના એમના કલહની સિકંદરીમા આપેલી વાતો ઉપરથી એમ સમજાય છે કે એમણે એમના પિતા કુતુબેઆલમ સાહેબ જેટલી સંતને સુલભ એવી માનસિક શાંતિ અને સમતુલા મેળવી નહોતી સૈયદ રુકનુદ્દીનને લખેલા ઉત્તરોમાથી સમજાય છે કે એમનામાં ધાર્મિક અસહિષ્ણુતા પણ કંઈક અંશે હશે દુનિયામા સત્પુરુષો પણ પોતાના પંથ તરફ મમતા ધરાવતા હોય છે અને પરપંથ તરફ અણગમો બતાવતા હોય એવા દાખલા પણ પુષ્કળ મળે છે દુનિયાના રાગદ્વેષથી રંગાયા

૩ આજના વિજ્ઞાનના જમાનામા ઇતિહાસ જેવા ગ્રંથમા ચમત્કારની વાતો લખવી એ કોઈને હસવા જેવુ લાગે પરંતુ ઇતિહાસમા તે જમાનાનું ચિત્ર આવવુ જોઈએ આમ છતા પણ અહી નમ્રતાપૂર્વક કહુ છુ કે ચમત્કારોનો જમાનો તદ્દન ગયો નથી અતિશયોક્તિ અને ભક્તોનું ગાંડપણ બાદ કરતા એવા મહાત્માઓ આજે પણ મળે છે એ જમાનામા કદાચ વધારે મળતા હશે સંત માનવી છે પણ સામાન્ય માનવી કરતા પરમેશ્વરની વધારે નજીક છે એટલે નિર્ગુણ વસ્તુને આપણા કરતા સહેલાઈથી સમજી શકે છે શ્રદ્ધા પણ આમા અગત્યનો ભાગ ભજવે છે કેટલાક પ્રત્યક્ષ અનુભવોથી આટલુ લખવાની રજા લઉ છુ અહી એટલું પણ કહેવુ જોઈએ કે આવા મહાત્માઓ છેક વિતરાગ નથી હોતા પોતાના ભક્તો પ્રત્યે એમને મમત્વ તો હોય છે જ

વગરના ત્રિગુણ વિપર્યોથી પર એવા પંથમાં વિચરનારા કોઈક જ સંત હોય છે. પરંતુ સામાન્ય પુરુષો કરતાં તો ઉપર કહ્યા એવા સંત ઊંચી પંક્તિમાં જ છે. સૈયદ રુકનુદ્દીન ઉપરના પત્રમાં શાહઆલમ સાહેબના હસ્તાક્ષર છે.[૪]

આ શાહઆલમ સાહેબનો સુપ્રસિદ્ધ રોજો આજે અમદાવાદની દક્ષિણે ઊભો છે. સલ્તનતના સમયમાં એમના નિવાસનું નામ રસૂલાબાદ હતુ આજે અમદાવાદમા મુસલમાન સમયનાં જે મકાનોના સમૂહો પ્રસિદ્ધ છે તેમાં શાહઆલમના રોજાનુ સ્થાન ખાસ પ્રસિદ્ધ છે એ સમૂહનાં મકાનો ૧૫૦ વર્ષના ગાળામાં બંધાયાં છે એટલે એનું વર્ણન યથાસ્થાને કરીશું હિ. સ. ૮૮૦ જમાદીઉલ આખર માસની ૨૦ મીએ એ જન્નતનશીન થયા એ તારીખ "આખર ઉલ ઓલિયા" એ શબ્દોમાથી અબ્જદ પદ્ધતિથી નીકળે છે. એમના ઉર્સમાં ગૂજરાત અને સૌરાષ્ટ્રમાંથી દર વર્ષે ૫૦૦૦૦ માણસો ભાગ લે છે એમના વંશના સૈયદો 'શાહી સૈયદો' કહેવાય છે, જ્યારે એમના પિતા કુતુબેઆલમ સાહેબના વંશના સૈયદો 'કુતુબિયા સૈયદો' કહેવાય છે

એમનો પરિવાર

શાહઆલમ સાહેબને પાચ પુત્ર અને ચાર પુત્રીઓ હતાં. એમાં શાહ ભીખન સિંધના જામની પુત્રી બીબી મુરકીના પુત્ર હતા. રસૂલાબાદ બધાયા પહેલા એ પોતાના પિતા સાથે આશાવલમા રહેતા હતા. એ નાની ઉમરમા જ અવસાન પામ્યા હતા. એમની માની

૪ સર બેલી એમના સિકંદરીમાં પૃ. ૧૪૦, નોંધમા લખે છે કે માળવા ગૂજરાતની રાજખટમાં બે પંથોના સંતોએ ભાગ લીધેલો એવો જ અર્થ કરવાનો.

૫. આ રીતે મિરાતે અહમદી પ્રમાણે એમનું મરણ ૬૩ વર્ષની ઉમરે થયુ. કોમિસેરિયેટ ૬૦ વર્ષ લખે છે અને આઈને અકબરીના આધારે જન્મ ઈ. સ. ૧૪૧૫ મા અને મરણ ૧૪૭૬, ૨૧ ઓક્ટોબરે લખે છે. આખીર ઉલ ઓલિયાની પેઠે 'ફખ્ર' શબ્દ ઉપરથી પણ વર્ષ નીકળે છે.

અને માતામહ સિધના જામની કબર ત્યા જ હતી આ શાહ ભીખનનો રોજો જમાલપુર દરવાજા બહાર નદીકિનારે ગઈ સદી સુધી હતો તે ઈ સ ૧૮૬૮ ની નદીની રેલમા પડી ગયો

શાહઆલમ સાહેબના વશના સૈયદોનુ વિસ્તૃત વર્ણન મિરાતે અહમદીમા આપેલુ છે ગૂજરાત સલ્તનત તથા મોગલાઈમા પણ કેટલાક અમીરોએ રસૂલાબાદની મકાનોમા ઉમેરા કર્યાં છે તથા પોતાની કબર આ સતપુરુષના સાન્નિધ્યમા કરવાનુ ભાગ્ય માન્યુ છે એ બધા વિસ્તારમા ઊતરવાની અહી જરૂર નથી મોગલાઈમા ઔરગઝેબ બાદશાહના સમય સુધી એ વશમાં જાગીરોના ગામો હતા અને એમા વખતોવખત વહીવટ કરનારાઓએ ધગડો પણ કર્યો છે એ વિગતોની પણ અહી જરૂર નથી [૬] આ સમયના બીજા કેટલાક સતો અને સાધુચરિત અમીરોના લખાણુથી વર્ણનો મિરાતે સિકદરીમાં કરેલાં છે એમા મલિક મુહમ્મ અપ્ત્યારનુ વર્ણન ખૂબ લાગુ કરેનુ છે સુલતાન મહમૂદ બેગડાનો એ મિત્ર હતો અને દુનિયા ઉપરથી વિરાગ આવતા એક અવધૂતની પેઠે એણે સસાર અને સપત્તિનો ત્યાગ કર્યો હતો એની સ્ત્રીને બધુ આપીને બીજુ લગ્ન કરવા પણ એમણે પરવાનગી આપી, પરતુ સ્ત્રીએ પણ પતિની પેઠે દુનિયાના ભોગનો ત્યાગ કર્યો સુલતાન અને એના બીજા મિત્રોએ ખૂબ સમજાવ્યા છતા એણે માન્યુ નહિ અને સુલતાને આપેલો ઇનકાબ પણ લીધો નહિ મલીક એક મુલ્લા કમીરની મારફતે પ્રસિદ્ધ શેખ હમીદુદ્દીનનો શિષ્ય થયો અને એણે મોજશોખનો ને ધનનો ત્યાગ કેવી રીતે કર્યો તેનુ રસમય વર્ણન મિરાતે સિકદરીમાં આપેલુ છે [૭]

---

૬ પ્રો કોમિસેરિયેટે વકફનો ઇતિહાસ પોતાના ગ્રથમા પૃ ૨૧૨ મા આપ્યો છે

૭ મિરાતે સિકદરી ૬ ભા પૃ ૧૩૧-૩૭ સિકદરીમા આ વર્ણન રસમય છે

મહમૂદના બાળમિત્રો દરિયાખાન અને આલફખાન

સુલતાન મહમૂદના બાળપણના ત્રણ મિત્રો હતા એમાં એક મલીક અખ્ત્યારનુ વર્ણન ઉપર કર્યુ. બીજો મિત્ર અને અમીર દરિયાખાન હતો એણે અમદાવાદની ઉત્તર તરફનું દરિયાપુર વસાવેલું અને આજે એના નામથી દરિયાપુર દરવાજો તથા શાહીબાગમાં અમદાવાદના સ્થાપત્યમાં જુદી જ ભાત પાડતો ઇંટોનો મોટો ઘૂમટ બંધાવ્યો તે પ્રસિદ્ધ વાત છે એની કબર દરિયાખાનના ઘૂમટના નામથી પ્રસિદ્ધ છે. આ અમીરના ચારિત્ર્ય માટે ખાસ વિગતો નથી, પરંતુ આજે પણ એની કબર આગળ ભૂત ઉતરાવવા લોકો જાય છે અને ગઈ સદીમા ત્યા વસ્તી નહોતી ત્યારે એની પાસે થઈને જતાં લોકો ડરતા હતાં.[૮] સુલતાનનો ત્રીજો મિત્ર અલફખાન ભોકાઈ હતો. એ ઉદાર દિલનો હતો એમ કહેવાય છે એની બીજી હકીકત મળતી નથી પણ એની બંધાવેલી મસ્જિદ ધોળકામાં ઊભી છે. મસ્જિદ ભવ્ય છે અને ખૂબ પ્રચંડ છે. એ મસ્જિદ પણ દરિયાખાનના ઘૂમટની પેઠે ઇંટોની બાંધેલી છે અને ઇંટોની બાંધેલી મસ્જિદ તરીકે ગૂજરાતમા સર્વથી મોટી છે આમ સુલતાન મહમૂદના આ બે મિત્રોએ પોતાની કબરના મકાનમાં અને મસ્જિદમાં બાંધણીની એક રીતે સમાનતા જાળવી છે તે નોંધપાત્ર છે.[૯] એ જ સમયમા આજમખાન અને મુઆઝમખાન નામે બે ખુરાસાની ભાઈઓ સારા તીરંદાજ હતા. અહીં

---

૮. દરિયાખાનના ઘૂમટનું સ્થાપત્યની દૃષ્ટિએ મહત્ત્વ ખૂબ છે. એની ચર્ચા આગળ કરીશુ. આ અમીરની વધુ વિગતો મળતી નથી, પરંતુ અમદાવાદના દરિયાપુર ઉપરથી એનું સ્થાન મહત્ત્વનુ હોવું જોઈએ.

૯. દરિયાખાનની પેઠે આ અમીરની વિગત પણ મળતી નથી. પરંતુ મહમૂદના આ મિત્રોએ બંધાવેલા મકાનો જોતાં અને સ્થાપત્યનો રસ માણસનું ચારિત્ર્ય વ્યક્ત કરે છે એમ માનીએ તો એ ત્રણે મિત્રો સ્વભાવમાં જાડા, કોમળતા અને સૌંદર્યના વિરોધી, ક્રૂર, અને શરણાઈ કરતા ટોલના અવાજને પસંદ કરનારા હોવા જોઈએ.

એમનો ઉલ્લેખ એટલા માટે કરવાનો છે કે ઉપર દરિયાખાન અને અલફખાન બેમાઈના ઈંટોથી બાંધેલા મકાનો આજ સુધી જેમ ગુજરાતના સ્થાપત્યમાં જુદો રંગ પૂરે છે તેવી જ બાંધણીનો આ બે ભાઈઓનો રોજો સરખેજના રસ્તા ઉપર આજે ઊભો છે એની ભીંતો તથા બાંધણી પણ જુદી પડી જાય છે અને પંદરમી સદીના પૂર્વાર્ધમાં બંધાયેલા ઈંટોના આ ત્રણ મકાનો સ્થાપત્યની દૃષ્ટિએ વિલક્ષણ છે એવા બીજા મકાનો એ સમયના આજે મળતા નથી ૧૦

મલીક દાવર ઉલ્મુલ્ક-મશહૂર દાવલશાહ

આ સમયના બીજા મોટા રાજદ્વારી પુરુષોનું વર્ણન કરતાં પહેલાં સંત અને શૂરવીર લડવૈયા તરીકે પ્રસિદ્ધ પામેલા અમીર અબ્દુલ લતીફ બીન મલીક મુહમ્મદનું વર્ણન કરવું જરૂરી છે એ ઇતિહાસમાં મલીક દાવર ઉલ્મુલ્ક નામથી પ્રસિદ્ધ છે અને સોરાષ્ટ્રમાં હાલારમાં દાવલશાહના નામથી આજ સુધી પ્રસિદ્ધ છે આ મલીક હજરત મુહમ્મદ પેગંબર સાહેબના કુરેશી ઓલાદના છે એમને સુલતાને જ્યારે અમીરનું પદ આપ્યું ત્યારે અમદાવાદમાં પોતાના મકાન આગળ હાથી ઘોડા વગેરેથી સામાન્ય પાડોશીઓને હરાનગતી ન થાય માટે શહેર બહાર પોતાનું મકાન કર્યું હતું, અને મહોલ્લાનું ઘર પાડોશીઓને વેચી દેવાની ઇચ્છા જણાવી હતી મલીક પોતાની જાગીરના ખેડૂતો સાથે ન્યાયથી વર્તતા, અને ખેડૂતો એમની જાગીરને ભાવથી શ્રમ લઈને આબાદ કરતા બીજા અમીરોની જાગીરોના ખેડૂતો

---

૧૦ આ અને ઉપરના મકાનો મહમૂદ બેગડાના સમયની વિચિત્રતા છે આ રોજો એના બાંધકામ માટે જોવા જેવો છે કહે છે કે સરખેજના મકાનો બંધાતાં ત્યારે આ થોડી ઈંટો પડી રહી હતી અને એમાંથી પોતાનો રોજો બાંધ્યો છે એની પાસે હોજ છે એમાં અસલથી પાણી રહેતું નથી એમ કહેવાય છે

પણ મલીકની નોકરી કરવાની ઇચ્છા બતાવતા. આ મલીક હજરત શાહઆલમ સાહેબના સેવક હતા અને નિમાઝ પઢતાં અગાઉ વજુ માટે પાણી લાવી હજરતના હાથ ઉપર રેડવાનુ એમનું કાર્ય હતું. એમ કહેવાય છે કે શાહઆલમ સાહેબે આ મલીકની સેવાથી પ્રસન્ન થઈ ખુદા મલીકને પણ પોતાના જેવી પદવીએ ચડાવશે એવો આશીર્વાદ દીધો હતો મિરાતે સિકંદરી અને મિરાતે અહમદીના લેખકોએ આ મલીકનાં લાંબાં વર્ણન કર્યા છે.[૧૧]

સુલતાન મહમૂદ બેગડાએ મલીક દાવર ઉલ્મુલ્કને સૌરાષ્ટ્રમાં હાલારમાં જોડિયા પાસે આમરણના[૧૨] ફોજદાર નીમ્યા અને ત્યાંના રજપૂતો ઉપર લડાઈઓ કરી વશ કરવાનુ કામ સોંપ્યું એમ કહેવાય છે કે મલીક કચ્છમાં લશ્કર લઈ ગયેલા ત્યારે લશ્કરીઓના ઘોડાને જુવારનાં ખેતરોમાં ચરતા જોયા, મલીકે આ લશ્કરીઓને બોલાવી ઠપકો આપ્યો અને 'પારકો માલ મફત લઈ લેવા માટે ખુદાની બીક નથી' એમ પૂછ્યું સૈનિકોએ ઘોડા ત્રણ દિવસથી ભૂખ્યા છે એવો ઉત્તર દીધો ત્યારે મલીકે પોતાનો ઘોડો એક લીલા ખેતરમાં છોડ્યો અને એ ઘોડો હાલ્યા ચાલ્યા વિના ઊભો જ રહ્યો મલિકના ચારિત્ર્યના આવા દાખલાઓ ઉપરથી મલીકની સાધુતામાં લોકોની શ્રદ્ધા વધતી ગઈ. આ મલીકને એક રજપૂતે મજલિસમાં દગાથી મારી નાખ્યા.[૧૩]

૧૧. મિરાતે સિકંદરી, ગૂ ભા પૃ. ૧૩૭ મિરાતે અહમદી, ગૂ. ભા. અને નવાબઅલીની અંગ્રેજી આવૃત્તિ, અમદાવાદના ઇતિહાસમાં મે એનું વર્ણન નોંધ્યુ છે. કા. ગેઝેટમાં આમરણના વર્ણનમા અહેવાલ મળે છે.

૧૨ આ આમરણને તવારીખો અમરૂન લખે છે.

૧૩. સિકંદરીમાં લખે છે કે એક ખટપટીએ મલિકને એક રજપૂતની તલવાર જોવા કહેલું અને રજપૂતને એવું ભરાવેલું કે મલીક તલવાર જોઈને એને મારી નાંખવાનો છે. એ ઉપરથી મજલિસમાં રજપૂતે પહેલો મલીકને મારી નાંખ્યો. મલીકને સુલતાને હાલારના મૂર્તિપૂજકોને ઠેકાણે લાવવા નીમ્યો હતો એમ તવારીખકાર લખે છે એટલે ખટપટ કરતાં એને મારી નાંખવાનું રાજદ્વારી કારણ હોવું જોઈએ.

હાલારમાં આમરણ ગામમા આજે એમની દરગાહ ખૂબ પ્રસિદ્ધ છે તવારીખો એમની દરગાહના ચમત્કારોનુ લાંબુ વર્ણન કરે છે અને એમની કબરની ઝિયારત કરનારની મનકામના પૂર્ણ થાય છે એમ લખે છે કહે છે કે લૂતાંઓ પગે ચાલીને જાય છે અરે આંધળા દેખતા થાય છે અપુત્રને પુત્રપ્રાપ્તિ થાય છે અને નિર્ધનને ધન મળે છે, પગે બેડી પહેરી તેને તાળાં વાસીને બાંધ્યા રાખે છે તેમનાં તાળાં ત્યાં ખૂલી જાય છે મિરાતે સિકન્દરીનો લેખક કહે છે કે એના સમય (ઈ સ ૧૬૧૧)મા એટલે મલીકના મરણ પછી ૧૩૫ વર્ષ પછી પણ લોકોની શ્રદ્ધા મલીકની દરગાહ માટે એવી ને એવી જ છે[૧૪] ઈ સ ૧૭૬૧મા મિરાતે અહમદીનો કર્તા લખે છે કે એના સમયમાં દેશમા અવ્યવસ્થા થઈ તે પહેલાં એણે મલીકની કબરની ઝિયારત કરવા જનારા જોયેલા હતા, અને આમરણમા એમના ઉરસ વખતે મોટો મેળો ભરાતો એમા એક લાખ રૂપિયાનો માલ વેચાતો અમદાવાદથી ઘણો માલ જતો અને સૌરાષ્ટ્રથી ઘોડા ઊંટ અને બળદ આવતા અમદાવાદથી માલ લઈને જનારા સરખેજ થઈને ગોરડ જતા અને સરખેજમાં મોટી મેદની ભરાતી ઘણા લોકો સરખેજ સુધી મેળામાં જનારાઓને વળાવી પાછા આવતા મલીકનો ઉરસ જિલકાદ માસની ૧૩ મી તારીખે થાય છે, અને તા ૧૨ મીએ મલીકની પત્ની બીબી કુત્તબશાહની દરગાહે અમદાવાદમાં શાહપુર દરવાજા બહાર મેળો ભરાતો હતો[૧૫] આમ આ અમીર મલીક

---

૧૪ સિકંદરી ગૂ ભા પૃ ૧૪૧

૧૫ મિરાતે અહમદી ગૂ ભા એમા લાંબુ વર્ણન આપેલું છે અહમદીની નવાબઅલી અને સીડનની અંગ્રેજી આવૃત્તિમા આ મેળાને ગુજરાતીઓ મેદની કહે છે એમ લખ્યુ છે તે ઉતારો પ્રો કૅમિસેરિયેટ પણ કર્યો છે પણ નિઝામુદીન સાહેબના ગુજરાતી તરજુમામા એ વાક્ય નથી અને મેદની એ એ જનસમૂહના સામાન્ય શબ્દ છે એટલે નવાબઅલીની આવૃત્તિનું વિધાન ખરુ નથી

દાવર ઉલ્મુલ્ક, દાવલશાહના નામથી આજે પણ સૌરાષ્ટ્રમાં પ્રસિદ્ધ છે.

ગૂજરાતનો નૌકાસેનાધિપતિ મલીક અયાઝ

મહમૂદ બેગડાના રાજ્યકાલના રાજદ્વારી પુરુષોમાં પહેલું નામ મલીક અયાઝ સુલતાનીનુ ગણવુ જોઈએ, કારણ કે એ સમયમાં એના જેટલો સત્તા તથા સંપત્તિવાળો બીજો કોઈ અમીર નહોતો. જન્મથી એ રશિયન હતો અને તુર્ક લોકોને હાથે કેદ પકડાયો હતો તેથી તેને ઇસ્તંબુલ લઈ ગયા હતા, અને દમાસ્કસના બસગ તથા પૂર્વના દેશો સાથે વેપાર કરનાર સોદાગરને વેચી દેવામાં આવ્યો હતો. એ વેપારી ગૂજરાતમાં વેપાર અર્થે આવ્યો હતો ત્યારે અયાઝની હોંશિયારી જોઈ એક મહામૂલ્યવાન રત્ન તરીકે એને સુલતાન મહમૂદને આપી દીધો. એણે સુલતાનની સાથે કેટલીક લડાઈઓમાં ભાગ લીધો હતો. એક વખત એવું બન્યુ કે સુલતાન મહમૂદે માળવા ઉપર ચડાઈ કરેલી ત્યારે ખેતરમા તંબુની બહાર સુલતાન ઊભો હતો તે વખતે એક બાજ પક્ષી શિકાર પકડીને ઊડતુ હતુ એમાથી કાઈક પડયું તે સુલતાન ઉપર પડયું અને મહમૂદને એ અપશુકન જેવુ લાગ્યું; તે જ ક્ષણે અયાઝ પાસે ઊભો હતો તેણે તીરથી એ બાજને નીચે પાડયું. આ બનાવથી સુલતાન એના ઉપર એવો તો ખુશ થયો કે એને ગુલામીમાથી મુક્ત કર્યો, અને મલીક બનાવ્યો. એ પછી અયાઝની ચડતી ઝડપથી થઈ અને રાજ્યના મુખ્ય અમીરોમાં એની ગણતરી થવા માડી [૧૬]

મલીક અયાઝની બહાદુરી જોઈ છેવટે એને સૌરાષ્ટ્રના દીવ બંદરનો સૂબો બનાવવામા આવ્યો. ત્યાં એણે કિલ્લો બાંધ્યો અને વહીવટ એવી કુશળતાથી ચલાવ્યો કે ત્યાંનો વેપાર ઘણો વધ્યો. અરબી સમુદ્રમાં એ સમયે ફિરંગીઓનો ત્રાસ વધતો જતો હતો, એના ઉલ્લેખ પાછળ આવી ગયા છે દીવ બંદરનું વર્ણન પણ આગળ

૧૬ આ વાત તવારીખમાં નથી. પોર્ચુગીઝ અહેવાલ ઉપરથી પ્રો. કોમિસેરિયેટ આપી છે.

બંદરોની સાથે કરીશું અને મલીક ગૂજરાતના નૌકાસૈન્યનો મીરેબહર–નૌકાસેનાપતિ હતો એની નોંધ પણ આગળ કરીશું એના સમયમાં ફિરંગીઓ પરવાના વગર ગૂજરાતને બંદરે આવી શકતા નહિ સિકંદરીનો લેખક લખે છે કે એના પોતાના સમય (ઈ સ ૧૬૧૧)માં એટલે કે મોગલાઈમાં જહાંગીરના સમયમાં સમય એવો તો પલટાઈ ગયો હતો કે ફિરંગીઓની પરવાનગી વિના કોઈ વહાણ ગૂજરાતના બંદરથી ઊપડી શકતું નહિ અને માત્ર સુરત બંદરમાં એવું નહોતું છતાં પણ ત્યાંથી ઊપડેલું વહાણ એના ખારવાઓની જ હોશિયારીથી સમુદ્રમાં જઈ શકતું[૧૭]

મલીક અયાઝ રાજવી ઠાઠથી રહેતો અને એનો ખર્ચ મોટો હતો એના નોકરોને એ જરીની કિનારવાળા મખમલનો પોશાક પહેરાવતો, અને જમવાનો સમય થતાં ભૂગળ વગડાવતો કે જેથી કોઈ પણ ભૂખ્યો માણસ આવીને જમી શકે જેટલા જમવા બેસે એમને એકસરખું ખાણું પીરસવામાં આવતું અને મલીક જાતે બેસીને એમાં ભાણાં અંતર ન થાય એવી કાળજી રાખતો મહેમાનો અને મહેમાનોના નોકરોને પણ ખૂબ કાળજી રાખીને જમાડતો મલીક ખાણાનો એવો તો શોખીન હતો કે દુનિયાના બધા દેશોની વખણાતી ચીજો તૈયાર કરાવતો ખોરાક પણ ઉત્તમ પ્રકારનો થતો હતો[૧૮] એમ કહેવાય છે કે મેવાડનો રાણો સંગ એક વાર ગૂજરાત ઉપર ચડી આવ્યો ત્યારે ગૂજરાતના સુલતાન મુઝફ્ફર બીજાએ દીવ સંદેશો મોકલી મલીક અયાઝને મોટું લશ્કર લઈ બોલાવ્યો હતો આ લડાઈની છાવણીમાં

---

૧૭ સિકંદરી ગૂ ભા પૃ ૧૦૨ સિ દર બેદથી આ વાત લખતા છતા સુરત બંદરથી ખારવાની હિંમતથી વહાણ જઈ શકતું એને મોગલોની બહાદુરી અને મર્દાઈ કહે છે તે વિચિત્ર વાત છે મોગલો સમુદ્ર ઉપર પ્રભુત્વ જમાવી શક્યા નથી

૧૮ મલી એક દેશના મહેમાનોને બીજા દેશની વાનીઓ ચખાડતો અને ખુશ કરતો એમ કહેવાય છે

મલીક અયાઝ બીજા અમીરોને ખાણું લેવા બોલાવતો અને જે ન આવી શકે તેમને ત્યાં ચીનાઈ રકાબીઓમાં ભરી તે ખાણું મોકલી આપતો. કેટલાક અમીરોને આથી અયાઝની મોટાઈની અદેખાઈ આવવા લાગી અને ખાણાની ના ન પાડી શકાયાથી એમણે એવી યુક્તિ કરી કે ચીની રકાબીઓ મલીકને ત્યાં પછી ન મોકલવી એટલે રકાબીઓ ખૂટશે ત્યારે ખાણું બંધ કરશે મલીકના નોકરોએ આ વાત પોતાના માલિકને કહી ત્યારે એણે ખાણું ચાલુ રાખવા હુકમ કર્યો અને એમ એક મહિના સુધી ચાલ્યું છેવટે અમીરોએ શરમાઈ ને રકાબીઓ પાછી મોકલી. મલીક અયાઝને નોકરો પણ ઘણા જ હતા અને એમા માત્ર પાણી ભરનારા જ એક હજાર હતા અયાઝે ચામડાનો એક મોટો હોજ કરાવ્યો હતો લશ્કરી હિલચાલ વખતે માણસો તથા હાથીઘોડા માટે એમાં પાણી ભરવામાં આવતું સિપાઈઓને તલવાર ખંજરો સોના ચાંદીની મૂઠવાળાં આપવામાં આવ્યા હતા, અને મલીકના હલાલખોરોને પણ સારો રોજીનો પોશાક પહેરવા અપાતો હતો એમ કહેવાય છે કે ગૂજરાતમાં એવો ઉદાર અમીર કોઈ થયો નથી મલીક અયાઝને ત્રણ પુત્રો હતા. એમાં એક ચંગીસખાન ઇસહાક નામનો છોકરો એટલો બધો જાડો હતો કે એનુ વજન કોઈ ઘોડો ઉઠાવી શકતો નહિ ! એ તીરંદાજ હતો અને કુસ્તી પણ સારી કરતો હતો. એ સમયે એની સાથે કુસ્તીમાં ઊતરી શકે એવો કોઈ મલ્લ હતો નહિ.[૧૯] ઈ સ. ૧૫૧૫ મા આવેલા ફિરંગી બારબોસાએ ગૂજરાતનુ વર્ણન કર્યું છે તેમા લખે છે કે ખભાતના રાજાનો મલીક અયાઝ નામે દીવમાં સૂબો હતો તે બહુ ન્યાયી, વિદ્યાવાળો, મહેનતુ અને ઉત્તમ સવાર હતો, તથા દૃઢ-નિશ્ચયી રાજદ્વારી પુરુષ હતો. એણે વ્યવસ્થિત તોપખાનુ ગોઠવ્યુ હતું, મહેમાનગીરીમા ઉત્તમ હતો. પોર્ચુગલના રાજાના બળથી એ ડરતો હતો.

---

૧૯. સિકંદરી, ગૂ. ભા. પૃ. ૧૪૧-૪૫.

મુહાફિઝખાન

સુલતાન મહમૂદનો બીજો રાજદ્વારી અમીર અમદાવાદનો પ્રસિદ્ધ જમાલુદ્દીન મુહમ્મદ મુહાફિઝખાન હતો. એના પિતાનું નામ શેખ મુઈનુદ્દીન કુરેશી હતું. આ મુહાફિઝખાન ઉપર સુલતાનને ખૂબ વિશ્વાસ હતો અને ખાસ કરીને એની વ્યવસ્થાશક્તિ ઉત્તમ પ્રકારની લેખાતી હતી. એણે અમદાવાદના કોટવાલ અને ફોજદાર તરીકે દેશમાં ચોર લૂટારાઓનો ઉપદ્રવ નાબુદ કર્યો હતો અને ગુજરાતના રસ્તા સહીસલામત કરી ખુલ્લે બાજારે મૂકી શકે એવી શાંતિ સ્થાપી હતી એ ઉલ્લેખ પાછળ કરી ગયા. જ્યાં શરૂઆતમાં વ્યવસ્થા કરવાની હોય ત્યાં સુલતાન એને મોકલતો અને પાવાગઢની લડાઈ વખતે પણ એને ખાસ કામ સોંપવામાં આવ્યું હતું. એની દક્ષતા અને હોશિયારીથી પ્રસન્ન થઈ એને ઇનામો આપવામાં આવ્યાં હતાં અને સુલતાનની ગેરહાજરીમાં અમદાવાદ એને સોંપી એક વાર વઝીર જેટલી ઊંચી પદવીએ પણ ચડાવ્યો હતો. એણે પાવાગઢ ઉપરનો કિલ્લો પણ સુધરાવી મજબૂત કર્યો હતો. આ મુહાફિઝખાનનું નામ આજે તો એની સુંદર મસ્જિદથી ચિરંજીવ છે. આ નાની પણ ખૂબ સુંદર મસ્જિદ અમદાવાદમાં ઘીકાંટામાં રસ્તા ઉપર આવેલી છે. એનું વર્ણન આગળ કરીશું. આ મસ્જિદ પોતાની ખાનગી ઉપયોગની છે એટલે ખાનનું ઘર પણ ઘીકાંટાના લત્તામાં હશે એમ માની શકાય. એનો રોજો મસ્જિદની બાજૂમાં જ છે.[૨૦]

હુસમખાન તારીખે બહાદુરશાહીના લેખક

આ મુહાફિઝખાન એ તારીખે બહાદુરશાહી નામના ઇતિહાસના લેખકનો દાદો થાય. એનું નામ હુસમખાન હતું. એટલે એના ઇતિહાસ ગ્રંથને તારીખે હુસમખાની પણ કહેવામાં આવે છે. એણે એના સમયનો

---

૨૦ મિરાતે સિકંદરી અને તબકાતે અકબરીમાં મુહાફિઝખાનના ઉલ્લેખો પાછળ આપ્યા છે.

નજરે જોયેલો ઇતિહાસ લખ્યો છે અને મિરાતે સિકંદરી તથા હાજીઅદ્દબીરના અરબી ઇતિહાસમાં એના ગ્રંથમાંથી ઉતારા લીધેલા છે. સુલતાન મુઝફ્ફર બીજાના સમયમાં રાજકારણમાં એણે ભાગ લીધેલો અને સુલતાન બહાદુરશાહના સમયમાં હુમાયૂં પાદશાહ સાથેની લડાઈઓમાં પણ ભાગ લીધો હતો. મિરાતે સિકંદરીના કર્તાના પિતા જે હુમાયૂંની સાથે હતા, એણે આ હુસમખાનને પોતાના તંબુમાં સંતાડીને મરતો બચાવ્યો હતો[21]

મલીક સારંગ

આ સમયનો બીજો એક રાજદ્વારી પુરુષ કિવામ ઉલ્મુલ્ક મલીક સારંગ છે. એનો બીજો ઇલ્કાબ મુખલિસ ઉલ્મુલ્ક છે અને અમદાવાદ શહેરના સારંગપુર લત્તા તથા દરવાજાથી આજે એનું નામ ચિરંજીવ છે. આ મલીક અને એનો ભાઈ મૂળ રજપૂત હતા અને લડાઈમા કેદી તરીકે પકડાયેલા અને ઇસ્લામનો અંગીકાર કરવાની એમને ફરજ પડેલી. સુલતાન મહમૂદ બેગડાના સમયમાં ઘણી લડાઈઓમાં એણે ભાગ લીધો છે પાવાગઢનો કિલ્લો એકાએક છાપો મારીને લીધો ત્યારે એમાં મુખ્ય ભાગ લીધો હતો મહમૂદે દક્ષિણમા બહાદુર ગિલાનીની સામે થતાં ડાભોલ બંદર ઉપર પગરસ્તે લશ્કર લઈ એને મોકલ્યો હતો. મલીક સારંગની સત્તા મહમૂદના પુત્ર મુઝફ્ફર બીજાના રાજ્યમાં ખૂબ વધી હતી એ વખતે માળવામા માંડુનો કિલ્લો લેવામાં એણે ખૂબ બહાદુરી બતાવી હતી. અને ચિતોડ ઉપર પણ એને મોકલવામાં

---

૨૧. જુઓ મારો અમદાવાદનો ઇતિહાસ-રાજદ્વારી પુરુષોના પ્રકરણમાં મુહાફિઝખાનનું વર્ણન. તારીખે બહાદુરશાહીના ઉતારા સિકંદરે લીધા છે તે ઇતિહાસને શોભે એવા છે પરંતુ એણે સાથેસાથે લોકોક્તિ પણ નોંધી છે અને બન્ને વાતો લખી પછી "ખરુ ખોટુ પરવરદીગાર જાણે" એમ ઉમેર્યું છે એ રીત નોંધપાત્ર છે. સર ડેનિસન રોસે આ હુસમખાનની વિગત એમના અરબી ઇતિહાસના ગ્રંથ બીજાની પ્રસ્તાવનામાં આપેલી છે.

આવ્યો હતો એને મલીક અયાઝ સાથે સારો બનાવ નહોતો એને થોડો વખત દીવનો સૂબો બનાવેલો ત્યારે એણે ફિરંગીઓને પકડેલા એમ તવારીખકાર કહે છે, પણ ફિરંગી લેખકો એ વાત કબૂલ કરતા નથી મુઝફ્ફર બીજાના સમયમા આમ તો દમા એ કુલ સત્તાધીશ હતો અને વૃદ્ધ તથા જૂનો અનુભવી હોવાથી એ સુલતાનની સામુ બોલતો તોપણ સુલતાન એને કાંઈ કહી શકતો નહિ એક વખતે મુઝફ્ફરશાહના આગર–પાણીખાતાના ઉપરીનું કામ પણ એણે કરેલુ સુપ્રસિદ્ધ નાગર અમીર મલીક ગોપી એનો ખાસ મિત્ર હતો એનું વર્ણન મુઝફ્ફરના સમયમાં કરીશું મલીક બહુ અક્કલવાળો, હાજરજવાબી, અને વાક્પટુ ગણાતો હતો સુલતાન બહાદુરના સમયમાં એક મલીક અમીર કમાલ નામે કવિ અને બોલવામા સર્વને હસાવી જાણનાર હોશિયાર લેખક મલીક સારંગના કુટુંબનો હતો, અને સુલતાન બહાદુરશાહનો એ મિત્ર હતો મલીક સારંગે સારંગપુરમાં પોતાનો રોજો અને મસ્જિદ બંધાવ્યા છે આ મસ્જિદને માટે મતભેદ પ્રવર્તે છે કેટલાક સારંગપુર ચકલામાં આવેલી રાણી બીબીના નામથી ઓળખાતી મસ્જિદ મલીક સારંગની કહે છે, પરંતુ એની બાંધણી જોતાં એ સારંગના સમયમા બંધાઈ હોય એમ લાગતુ નથી મસ્જિદમાં લેખ નથી એ દિલગીરીની વાત છે તવારીખકાર કહે છે કે મલીકની મસ્જિદ સારંગપુર દરવાજા બહાર હતી એટલે આજે સીદી બશીરના નામથી ઓળખાતી મસ્જિદ સારંગની હોય એવો સંભવ છે, અને સારંગપુર ચકલાની મસ્જિદની બાંધણી કરતા આ મસ્જિદની બાંધણી જરા પાછળની અને સારંગના સમયની લાગે છે એનુ વર્ણન આગળ કરીશું [૨૨]

---

૨૨ સિન્ધી ગૂ મા પૃ ૧૪૭–૪૮ આ અમીરની વધારે વિગત અમદાવાદના ઇતિહાસમા એના વર્ણનમા આપી છે અને એની મસ્જિદની ફોટો ગ્રાફ બર્જેસ અને પ્રો કોમિસેરિયેટના મતથી જુદા પડીને કરી છે

ખુદાવંદખાન મલીક અલીમ

એ સમયનો બીજો અમીર ખુદાવંદખાન મલીક અલીમ છે. ‘અલીમ’ શબ્દનો અર્થ જ્ઞાની થાય છે. મલીક અલીમ સુલતાન મુહમ્મદ બીજાનો જમાઈ થાય, એટલે મહમૂદ બેગડાનો બનેવી થાય. એ બોલવામાં ખૂબ ચતુર હતો અને સભારંજન પણ કરી શકતો હતો તેથી સુલતાન મહમૂદનો એના ઉપર ખાસ સ્નેહ હતો. મલીકે મહમૂદ જૂનાગઢ હતો ત્યારે શાહજાદા અહમદને ગાદીએ બેસાડી દેવાનું કાવતરુ કર્યું હતું એ વર્ણન પાછળ કરી ગયા છીએ. કાવતરું જ્યારે ખુલ્લુ પડી ગયું ત્યારે સુલતાને મલીકને કાંઈ સજા ન કરી અને કહ્યું કે “મલીક અલીમ વગર તે શી રીતે રહી શકાય?” એણે એ રીતે મલીકના ઘણા ગુના માફ કર્યા હતા એમ તવારીખકાર લખે છે. મલીકને ઘણી ભાષાઓ આવડતી હતી. એમ કહેવાય છે કે ગૂજરાતમાં તડબૂચ, અંજીર અને વાસ પહેલવહેલા દક્ષિણથી લાવીને આ અમીરે રોપાવ્યાં તીર મારવામાં તથા દડાની રમતમાં એ હોશિયાર હતો અને કેટલાક દડા એકીસાથે હવામા અધ્ધર રહે એવી રીતે ઉછાળી શકતો. પાછલી જિંદગી મલીકે ભક્તિ અને એકાંતવાસમાં ગાળી હતી. અમદાવાદની દક્ષિણે શાહઆલમના રસૂલાબાદની પાસે મલીક અલીમે અલીમપુર વસાવ્યું હતુ અને ત્યાં પથ્થરની મસ્જિદ બંધાવી હતી તે મલીક અલીમની મસ્જિદ તરીકે પ્રસિદ્ધ છે અલીમપુર મરાઠાઓના સમય સુધી આબાદ હતું અને લોકો એને ઇલમપુર કહેતા હતા. મસ્જિદની પાછળ શેખ કમાલ માળવીની કબર છે. જૈન કાવ્યોમાં આ અલીમપુરના ઉલ્લેખ આશાવલની સાથે ઇલમપુર નામથી આવે છે એની મસ્જિદ આજે સારી હાલતમાં છે અને અમદાવાદના સ્થાપત્યમા ત્રીજી કે ચોથી ગણાય છે.[૨૩]

૨૩ સિકંદરી, ગૂ. ભા પૃ. ૧૪૫-૪૬. સિકંદરી બોલ ઉછાળવાનો અર્થ ચોગાન-પોલોની રમત એવો કરે છે. આ મલીકનુ વિસ્તૃત વર્ણન અમદાવાદના ઇતિહાસમાં કરેલું છે.

મલીક બહાઉદ્દીન વજીર

સુલતાન મહમૂદના સમયમાં વજીર જેવી ઊંચી પદવીએ ચડેલા મલીક બહાઉદ્દીનનો ઉલ્લેખ અહીં ખાસ કરવો જોઈએ ઈ સ ૧૪૬૬ માં એ વજીર હતો, અને એને ઈમાદુલ્મુલ્ક અને ઇખ્તિયાર ઉલ્મુલ્કના ખિતાબો હતા ઈ સ ૧૪૮૧ માં એના અવસાન પછી મુહાફિઝખાન વજીર થયો હતો શાહીબાગમાં મિયાખાન ચિસ્તીની મસ્જિદ બાંધનાર મલીક મક્સૂદ વજીર આ બહાઉદ્દીનનો ભાઈ થતો હતો ખુદાવંદખાને સુલતાન મહમૂદની સામે કાવતરું કરેલું ત્યારે આ મલીક બહાઉદ્દીન સુલતાનને વફાદાર રહ્યો હતો આ અમીરે અમદાવાદમાં નદીના કિનારા પાસે, શાહપુર અને દિલ્હી દરવાજા બહાર હાજીપુર નામનું પરું વસાવેલું એમ કહેવાય છે અને દૂધેશ્વરને રસ્તે જતાં બીબી અચુતકુકીની મસ્જિદના નામથી આજે ઊભેલી સુંદર અને પ્રસિદ્ધ મસ્જિદ એણે બંધાવેલી બીબી અચુતકુકી મલીકની સ્ત્રી હતી એમ અહમદીના વર્ણન ઉપરથી સમજાય છે આ મસ્જિદ અમદાવાદની એક સર્વાંગસુંદર મસ્જિદ પૈકી એક ગણાય એવી છે મિરાતે અહમદીનો લેખક લખે છે કે એના સમયમાં મસ્જિદ ખૂબ વખણાતી (ઈ સ ૧૭૬૧) અને એના બંને મિનારા હલાવતાં એકમાંથી બીજામાં ગતિ પસાર થતી[૨૪]

હિંદુ અમીર રાયરાયા

મહમૂદ બેગડાના એક હિંદુ અમીરનો ઉલ્લેખ તબકાતે અકબરીનો લેખક કરે છે એનું નામ તવારીખકારે લખ્યું નથી પરંતુ એને રાયરાયાનો ઇલ્કાબ હતો એ ઉપરથી બીજા અમીરોના જેટલી ઊંચી પદવીએ એનું સ્થાન કહી શકાય રાયરાયા મલીક અલામ ખુદાવંદખાન

૨૪ સિકંદરી અને તબકાતમાં એના ઉલ્લેખો જોઈ શકાય મિરાતે અહમદીમાં બીબી અચુતકુકી કી મસ્જિદના વર્ણનમાં એનો ઉલ્લેખ છે અને અંગ્રેજી આવૃત્તિમાં બીબી અચુતકુકીને મલીકની સ્ત્રી કહી છે

ગુ ૨૨

અને મલીક બહાઉદ્દીન વજીરનો ખાસ અંગત મિત્ર થતો હતો. ખુદાવદખાનના મહમૂદ બેગડા સામેના કાવતરામાં એણે કુશળતાથી ભાગ લીધો હતો અને મલીક બહાઉદ્દીનને કાવતરાની ખબર આપી હતી. સિકંદરી કે અહમદીમાં આ અમીરનું નામ નથી, પરંતુ મહમૂદના સમયમાં આ નામ ખૂબ સૂચક છે અને હિંદુઓને મોટી અમીરી મળતી હતી એમ આ રાયરાયાં અને મલીક ગોપીનાં નામોથી સિદ્ધ થાય છે[૨૫]

મલીક કાલુ

સુલતાન મહમૂદ બેગડાનો એક ગુલામ અમીરની પદવીએ પહોંચ્યો હતો તે મલીક કાલુ અઝદઉલ્મુક હતો. એની ખાસ કારકીર્દિ મળતી નથી, પરંતુ એણે અમદાવાદમાં કાલુપુર નામથી પ્રસિદ્ધ પરું વસાવ્યુ હતુ અને આજે એ નામ તથા કાલુપુર દરવાજાના નામથી એનુ નામ ચિરંજીવ છે. પાછળ મહમૂદની ન્યાયવૃત્તિની વાતમાં જોઈ ગયા તે પ્રમાણે બહાઉલ્મુલ્કે ખૂન કરાવેલા બે નિર્દોષ માણસોના ખૂનીઓને આશ્રય આપવા માટે મોટા અમીરો છતા પણ આ મલીક કાલુ અને મલીક હાજી ઇમાદુલ્મુલ્કને દેહાતની સજા કરી હતી.[૨૬]

ઈસનપુર : મલીક અસસ

અમદાવાદની પાસે શાહઆલમના રસૂલાબાદ અને વટવાની વચ્ચે ઇસનપુર નામે પરું છે એમાં મલીક અસસ અથવા અસન કે ઇસન નામના અમીરે એક સુંદર મસ્જિદ બંધાવી છે. આ મસ્જિદ અમદાવાદની બીજી મસ્જિદોની બાંધણીથી ભિન્ન છે અને રચના ખૂબ

૨૫. આ નામ માત્ર તબકાતે અકબરીમાં મળે છે. એનો ઉલ્લેખ પાછળ કરી ગયા છીએ. અમદાવાદના દરવાજા મહમૂદના અમીરોના નામ ઉપરથી થયા છે, તો રાયપુર અને રાયખડ દરવાજાનાં નામ આ રાયરાયાં સાથે સંબંધવાળાં હશે ?

૨૬. સિકંદરી, ગૂ. ભા. પૃ. ૧૪૮.

સુન્દર છે એનુ વર્ણન આગળ કરીશું આ ઇસનપુર એક વખત મનોહર વાડીઓવાળુ આકર્ષક પરુ હતુ અને એની આસપાસ કોટ પણ હતો મિરાતે સિકંદરીમા આ પરાની સુંદરતાનુ અને એની મોગરાની વાડીઓનુ સુંદર વર્ણન કરેલુ છે ઇસનપુર એક બાજૂએ વટવાવાળા કુતુબે આલમ સાહેબ અને બીજી બાજૂ રસૂલાબાદના શાહઆલમ સાહેબના પવિત્ર સ્થળોની વચ્ચે આવેલુ હોવાથી 'કરીમ ઉલ તરફૈન—બન્ને તરફથી પવિત્ર' એમ એ સમયમાં કહેતા હતા મલિક અસદ અથવા ઇસનને ઇમાદઉલ મુલ્કનો ખિતાબ હતો ૨૭

તાજખાન સાલાર

અમદાવાદમા તાજપુર વસાવનાર મલીક તાજખાન સાલાર પણ આ સમયનો મોટો અમીર હતો અને એ બહાદુર તથા ખૂબ ઉદાર તથા સખાવતો કરનાર હતો આ કારણથી એની પછી એનો ખિતાબ લેવાની કોઈ અમીરની હિંમત નહોતી થઈ પાછળથી મુઝફ્ફરના સમયમા તાજખાન નરપાલીએ એનાથી વધારે સખાવતો કરી એ ખિતાબ લીધો હતો ૨૮ એનુ વર્ણન આગળ કરીશું

મેહદવી પંથની સ્થાપના

આ તાજખાનના નામ સાથે સુલતાન મહમૂદ બેગડાના સમયની ધાર્મિક પ્રવૃત્તિની ઐતિહાસિક મહત્ત્વની એક ખાસ બિનાની નોંધ લીધા વગર ચાલે તેમ નથી, અને ગૂજરાતના મુસલમાન સમયના સાંસ્કૃતિક ઇતિહાસમા આ બાબત ખાસ અગત્યની છે આ મહત્ત્વની બિના તે મીર સૈયદ મુહમ્મદ નૂરબક્ષ જોનપુરીએ અમદાવાદમા મેહદવી પંથની કરેલી સ્થાપના આ પંથની હિંદુસ્તાનની ભૂમિ ઉપર પહેલી જાહેરાત અમદાવાદમા તાજખાન સાલારની મસ્જિદમાં ઈ સ ૧૪૯૭ મા થઈ

૨૭ સિકંદરી ગૂ ભા પૃ ૧૪૬-૪૭ અમદાવાદના ઇતિહાસમા પણ એનું વર્ણન કરેલુ છે

૨૮ ઉપર મુજબ પૃ ૧૪૭

ઇસ્લામમાં એક પરંપરા ચાલે છે કે કયામતના દિવસ પહેલાં, એટલે કે સૃષ્ટિના અંત વખતે ન્યાયના દિવસ પહેલાં ઇમામ મેહદીનો અવતાર થશે અને સાત વર્ષ સુધી દુનિયા ઉપર અમલ કરી અસ્ત પામતા ધર્મનો પુનરુદ્ધાર કરશે, અને વિશ્વમાં ન્યાય તથા સમાનતાની પુનઃ સ્થાપના કરશે. આ માન્યતા ઉપર હિજરી નવમી સદીથી મહેદી આવી ગયા કે નહિ એ બાબત મુસલમાનોમાં ચર્ચાવા લાગી. કેટલાક માનવા લાગ્યા કે ઇમામ મેહદી આવી ગયા છે અને બીજા માને છે કે હજી હવે આવવાના છે. એ બે ભિન્ન માન્યતાઓને લીધે હિંદુસ્તાનના મુસલમાનોમાં કેટલાક ઝઘડા થયા છે. ઇસ્લામમાં એવું મનાય છે કે મેહદીના પ્રકટ થયા પછી, નિમાઝ વખતે "તોબા" (પશ્ચાત્તાપ) પોકારાય તે કબૂલ થતી નથી. આ કારણથી મેહદી પંથના લોકો જે 'મેહદવી' કહેવાય છે એ નિમાઝ પઢ્યા પછી દુવા માગતા નથી જે લોકો આ વાત માનતા નથી એ મેહદવીઓને ધર્મ વિરુદ્ધના અને ગેરમેહદી કહે છે [૨૯]

હિંદમા મેહદવી પંથના સ્થાપક સૈયદ મુહમ્મદ નૂરબક્ષ ઈ સ. ૧૪૪૩ માં જોનપુરમાં જન્મ્યા હતા અને પાચ વર્ષની નાની ઉમરે એમણે શાળામા પોતાના જ્ઞાનથી વિદ્વાન શિક્ષકોને આશ્ચર્યમા નાંખ્યા હતા યુવાનીમા એમણે લશ્કરમાં નોકરી લીધેલી. ચાળીસ વર્ષની ઉમરે ઈ સ ૧૪૮૨ માં એમણે જોનપુરમા સાધુતાનો પંથ શરૂ કર્યો, અને મક્કા હજ કરવા ગયા ત્યાં પહેલવહેલી પોતાની જાતને ઇમામ મેહદી તરીકે જાહેર કરી. હિંદમાં આવ્યા પછી સૌથી પહેલા અમદાવાદ આવીને તાજખાન સાલારની મસ્જિદમા મુકામ નાંખ્યો

---

૨૯. મિરાતે અહમદીની પુરવણીમાં ઓલિયાઓના વર્ણનમાં નૂરબક્ષી સૈયદના વર્ણનમા આ મેહદી પંથનુ વર્ણન કરેલું છે. નવાબઅલી અને સીડનની અંગ્રેજી આવૃત્તિમાં પણ એ જ વર્ણન છે. પ્રો. કોમિસેરિયેટે એમના ઇતિહાસમાં પૃ. ૨૨૭ ૨૯ મા બ્લોકમૅનની આઇને અકબરી, ગૂ ના અરબી ઇતિહાસ અને કેપ્ટન માર્ટિસના લેખ ઉપરથી મેહદવી લોકોની હકીકત લખેલી છે.

અને પોતાને ઇમામ મહેદી તરીકે જાહેર કર્યા એ મસ્જિદમાં સૈયદ રોજ છટાદાર ભાષણો આપતા અને એથી એમની કીર્તિ સાંભળી ઘણા લોકો એમના તરફ આકર્ષાયા શાહઆલમ સાહેબના સગા સૈયદ શાહશેખજી એમને મળ્યા અને એમણે એવો અભિપ્રાય આપ્યો કે સૈયદ મુહમ્મદ આધ્યાત્મિક ઉન્માદની દશામાં છે સુલતાન મહમૂદ બેગડાને પણ સૈયદ તરફ આકર્ષણ થયું હતું, પણ એના અમીરોને લાગ્યું કે સુલતાનમાં બુદ્ધિભેદ પેદા થશે તો રાજ્યમા અવ્યવસ્થા થશે છેવટે અમદાવાદના ઉલેમાઓએ સૈયદની વિરુદ્ધ ફતવો બહાર પાડ્યો અને સૈયદ પાટણ તરફ ચાલ્યા ગયા એમની સાથે એમના બે સાથીઓ, મીર ખુંદમીર[30] અને સૈયદ મહમૂદ પણ ગયા પાટણમાં પણ એમણે મેહદી હોવાનો પ્રચાર કરવા માંડ્યો અને એ જિલ્લાના તથા આસપાસના ઘણા લોકો એમના પંથમાં ભળ્યા આ ઉપરથી પાટણના ઉલેમાઓએ સૈયદને મારી નાખવાનું જાહેર કર્યું એટલે સૈયદ ત્યાંથી ઉત્તર હિંદ તરફ ગયા, અને ત્યાંથી ખુરાસાન તરફ ગયા ખુરાસાનમાં ફરાહ (Farrah) શહેરમા તાવથી એમનું ૧૯ ઝુલકાદ હિ સ ૯૧૦ માં અવસાન થયું (ઈ સ ૧૫૦૫ એપ્રિલ ૨૩)[31]

એમના સાથીઓમાંથી સૈયદ ખુન્દમીર ગૂજરાતમાં પાછા આવ્યા અને સૈયદ મુહમ્મદ જૂનપુરીને ઇમામ મેહદી તરીકે કબૂલ રાખી પંથનો પ્રચાર કરવા માંડ્યો ઈ સ ૧૫૨૩ મા એ પંથની સંખ્યામાં સારો વધારો થયો હતો અને ધર્મ વિરુદ્ધ હોવાના કારણે સુલતાન મુઝફ્ફર બીજાના હુકમથી અમદાવાદમાં એમના અનુયાયીઓને મારી નાખવામા આવ્યા હતા પાટણ તરફ પણ એ પંથના લોકોની સામે લશ્કર મોકલવામાં

30 આ મીર અમર સૈયદ ખુ મીર હતા તે નક્કી થઈ શકતુ નથી આ સૈયદ ખુંદમીર પાટણ પાસે માર્યા ગયાનું કહેવાય છે જ્યારે રાજપુરવાળા અમદાવાદમા મરણ પામ્યા છે

31 કેપ્ટન માઇલ્સના લેખ ઉપરથી પ્રો મેજિમેવિયર લીધેલો ઉતારો કોઈ કહે છે કે સૈયદને ખુરાસાનમા મારી નાખવામા આવ્યા હતા

આવ્યું હતું અને ત્યાં પાટણ પાસેના ગામમાં પોતાના સો સાથીઓ સાથે સૈયદ ખુન્દમીર માર્યા ગયા. આ મહેદવી પંથમાં અમદાવાદના સુલતાનોમાં સુલતાન મહમૂદ ત્રીજો અને છેલ્લો ગૂજરાતી સુલતાન મુઝફ્ફર ત્રીજો, વજીર એતમાદખાન, શેરખાન, મુસાખાન ફાલુદી વગેરે અમીરો પણ હતા. પાલણપુરના સત્તાધીશો પણ આ પંથના હતા અને આજ સુધી છે. બાદશાહ શાહજહાંના સમયમા શાહજાદો ઔરંગઝેબ અમદાવાદનો સૂબો હતો ત્યારે પાલણપુરના સૈયદ રાજુ અમદાવાદમાં રહેતા હતા. એમને શહેરના ધાર્મિક પુરુષો સાથે મતભેદ થતાં ઔરંગઝેબના હુકમથી મારી નાંખવામાં આવેલા. એમની કબર આજે શાહીબાગમા છે, તેની દેખરેખ પાલણપુર દરબાર તરફથી રખાય છે, એની નોંધ આગળ લઈશું. આ મેહદી પંથમાં અમદાવાદમાં પીંજારા, ખરાદીઓ, દૂધ વેચનારાઓ, અને કેટલાક કારીગરો છે. પાલણપુર એમનું મોટું મથક છે. એ ઉપરાંત ધોળકા, દસાડા, માંડલ અને વિરમગામમા પણ એ પંથના માણસો છે[૩૨] આ પ્રમાણે સુલતાન મહમૂદ બેગડાના સમયમાં અમદાવાદમાંથી આ મહેદી પંથ શરૂ થયો અને મેહદવીઓ આજ સુધી ગૂજરાતમાં છે

સુલતાન મહમૂદ બેગડાની અરધી સદીના રાજઅમલમાં ગૂજરાતમાં નામાંકિત મહાપુરુષો થઈ ગયા અને તેમના નામ આજ સુધી ચિરંજીવ રહે એવી સુંદર યાદગીરીઓ એમણે ગૂજરાતના પાટનગરમાં મૂકી છે. આ બધા મુસલમાન છે, પણ કોઈ કોઈ હિંદુ પણ ઊંચી પદવીએ પહોંચેલા છે એ પણ જણાઈ આવે છે.

---

૩૨. મિરાતે અહમદી. પુરવણી, ગૂ ભા પૃ. ૭૫–૭૮

પ્રકરણ ૨૯મુ

મહમૂદ બેગડાના સમયના બાંધકામ

અરધી સદીમા સ્થાપત્યની પ્રગતિ

"શાહઆલમ સરખેજની શોભા શી રીતે વર્ણાય રે,
અસલી ઈમા ત હુન્નર આગળ ઈજિનેરી લજવાય
રમિયે ગૂજરાતે"
—નવલરામ

સુલતાન મહમૂ બેગડાનો સમય જેમ ગૂજરાતની સપત્તિ અને સમૃદ્ધિ માટે ઉત્તમ ગણાય છે, ગૂજરાતમાં થયેલા નામાકિત પુરુષો માટે ઉત્તમ ગણાય છે તેમ બાંધકામની પ્રવૃત્તિ માટે પણ ઉત્તમ ગણાય છે નામાકિત પુરુષોના નામની પેઠે બાધકામ પણ આજ સુધી મૂર્તિમાન ઊભાં છે આ અરધી સદીના લાંગા સમયમા સ્થાપત્યને પુષ્કળ વેગ મળ્યો છે, અને હિદ તેમ જ હિદની બહારના સ્થાપત્ય અને કલામા રસ ધરાવતા માણસોને આકર્ષણ થાય એવુ સ્થાપત્ય ગૂજરાતના પાટનગરમા અને ચાપાનેરમાં આજે પણ શોભી રહ્યુ છે સુલતાન મહમૂદ બેગડા પછી એના પુત્ર મુજફ્ફરશાહ અને એના પુત્ર બહાદુરશાહના સમયમાં પણ કેટલાક ઉત્તમ નમનો થયાં છે ગૂજરાત સલ્તનતનો અત પણ બહાદુરશાહ પછી થોડા વર્ષોમા જ આવ્યો છે એટલે પાછલા ભાગનાં મકાનોને પણ આ પ્રકરણમા વર્ણવી શકાય પરતુ એથી લબાણ ખૂબ થઈ જાય એટલે એ બધાનુ વર્ણન સલ્તનતના અતભાગમા કરીશું

મકાનોના સમૂહો

ગૂજરાતના મુસલમાન સ્થાપત્યમાં મકાનોના કેટલાક સમૂહો છે. આ સમૂહોના મકાનો એક જ સમયમાં બંધાયાં નથી. કેટલીક વાર સોથી દોઢસો વર્ષના ગાળામા બધાં મકાનો બંધાયાં કે સમરાવાયાં છે. સમારકામ પાછળથી થયુ હોય તો એમાં તત્કાલીન સમયના સ્થાપત્યની ભાત સ્પષ્ટ જણાઈ આવે છે એ રીતે અમદાવાદમાં સરખેજના, વટવાનાં અને શાહઆલમ સાહેબના મકાનોના સમૂહ ખાસ નોંધને પાત્ર છે.

સરખેજમા શેખ અાહમદ ખટ્ટુ ગંજબક્ષનો રોજો

આ ત્રણ સમૂહોમાં સર્વથી વધારે અગત્યનો અને આકર્ષક સમૂહ સરખેજનો છે અમદાવાદની સ્થાપનામા મુખ્ય ભાગ લેનાર અને હિંદના મુસલમાન સંતોમાં અગ્ર પંક્તિઓમાં સ્થાન લેનાર સુપ્રસિદ્ધ સંતશિરોમણિ શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષ સાહેબની દરગાહ અહીં છે અને એથી સરખેજ મુસલમાનોમા યાત્રાના સ્થાન જેવું ગણાતું હતું શેખ અહમદ ખટ્ટુના ચારિત્ર્યનુ વર્ણન પાછળ અહમદશાહના પ્રકરણમાં કરી ગયા. શેખ ૧૧૧ વર્ષની ઉમરે ઈ સ. ૧૪૪૬ માં જિન્નતનશીન થયા. એમનો રોજો સુલતાન મુહમ્મદશાહે એ જ સાલમાં બંધાવવા માંડ્યો તે ૧૪૫૧ મા સુલતાન કુતુબુદ્દીને પૂરો કર્યો. મહમૂદ બેગડો આ સંતનો ભક્ત હતો અને શેખના પવિત્ર સાન્નિધ્યમાં પોતાની હમેશની આરામગાહ કરવાનુ સુલતાનને ઠીક લાગવાથી પોતાના જીવતા જ શેખસાહેબના રોજાની સામે પોતાનો રોજો બંધાવ્યો, અને એની પાછળ મોટુ ૮૩૦ × ૭૦૦ ફૂટના વિસ્તારનુ તળાવ ખોદાવી એ તળાવને કિનારે પોતાને શાંતિ અને ભક્તિમાં સમય પસાર કરવાનું મન થાય ત્યારે આવીને રહેવા માટે એક મહેલ બંધાવ્યો આ તળાવની ચારે બાજૂ એક સમયે મકાનો હતાં.

સરખેજનાં મકાનોમાં મોટા ચોકમાં સંત અહમદ ખટ્ટુનો રોજો મુખ્ય છે એ ગૂજરાતના રોજાઓમાં સર્વથી મોટો છે ૧૦૪ ફૂટ ચોરસ ઉપર એ બાંધેલો છે વચલા ઘૂમટનું જે ચોરસ પડે છે તેની હારમાં ચારે બાજૂએ છેક ભીંત સુધી થાંભલાની બેવડી હાર કરેલી છે ગજાની બહારની અને અંદરની ભીંતોમાં સુંદર ભૌમિતિક આકૃતિઓ દોરેલી છે એમાં પૂર્વ તરફની બે જાળીઓ લાલ દરવાજાની સુપ્રસિદ્ધ સીદી સય્યદની જાળી જેવી જ છે કલાવિવેચક ફર્ગ્યુસને આ જાળીઓની ખૂબ તારીફ કરેલી છે રોજાની સામે સોળ થાંભલાનો હિંદુ મંદિરોમાં હોય એવો જુદો, સાદો મંડપ કરેલો છે[2]

સુલતાન મહમૂદ બેગડાની કબર

મુખ્ય રોજાની સામે ચોક ને એક ખૂણે સુલતાન મહમૂદ બેગડાની દરગાહ છે એનો રોજો પણ સામાન્ય રીતે મોટો છે અને આસપાસ ભૌમિતિક જાળીઓ કરેલી છે એનું માપ ૭૫x૭૧ ફૂટનું છે મહમૂદની આરસની કબર ખૂબ સુંદર નકશીથી શણગારેલી છે અને એની બાજૂમાં એના પુત્ર સુલતાન મુઝફ્ફરની અને મહમૂદ ત્રીજાની કબરો છે એની બાજૂમાં જ બીજા રોજામાં ગયતાનની બેગમોની કબરો છે, એમાં મુખ્ય રાણી રાજબાઈની છે રાણીઓના રોજાની જાળીઓમાં પક્ષીઓની અને શિરોઈની આકૃતિ નોંધપાત્ર છે રોજાની પશ્ચિમની ભીંતમાં

---

૧ હિંમાં સરખેજ મોટા છ મુસલમાન મકાનોમાં અહમદ ખટ્ટુ ગંજબક્ષનું સ્થાન કહેવાય છે

૨ આ વર્ણન મારા અમદાવાદના ઇતિહાસમાં આપેલું વિસ્તૃત વર્ણન તથા બ્રિગ્ઝ, બેજિયર, ગિરાને અહમદીની પુરવણી તથા અમદાવાદના આર્કિયોલોજિકલ સર્વેનો ને બર્જેસનો ગ્રંથ એ બધા ઉપરથી સાર રૂપે લીધું છે લાલ દરવાજા પાસે ભૌમિતિક જાળી આપેલ જ આ સરખામણી છે

સુંદર નકશીવાળા નાના મહેરાબ કરી મસ્જિદનો[3] દેખાવ કરેલો છે. મહમૂદે આ કબર પોતાની હયાતીમાં કરાવેલી અને પોતે સરખેજ આવે ત્યારે એની પાસે બેસી કહેતો કે "આ મહમૂદની છેલ્લી છાવણી છે."

સરખેજની મસ્જિદ

મોટા ચોકની પશ્ચિમે સરખેજના સમૂહની મોટી મસ્જિદ છે, અને એનું કદ જુમામસ્જિદથી જ માત્ર ઊતરતું કહી શકાય એવું મોટું છે. ચોક સાથે મસ્જિદનો વિસ્તાર ૪૩૦૦ ચોરસ વાર છે અને આસપાસ પડાળીઓ છે. મસ્જિદ છેક સાદી છે. એનો મહેરો એક-સરખો છે અને બાંધણી થાંભલા તથા પાટડાની સાદી છે. આ મસ્જિદમાં કમાન કે મિનારા નથી. લિવાનનું માપ ૧૫૦×૬૬ ફૂટ છે, અને બાદશાહી મસ્જિદોની પેઠે એમાં સ્ત્રીઓને માટે મુલુકખાનું પણ છે. ડૉ. બર્જેસ આ મસ્જિદને સુંદર માને છે અને એને માત્ર આગ્રાની મોતી મસ્જિદથી જ ઊતરતી ગણે છે. ડૉ બર્જેસ સ્થાપત્યના મોટા વિવેચક છે. બાકી પ્રાકૃત માણસને આ મસ્જિદમાં કાંઈ આકર્ષણ દેખાતું નથી[4]

આમ છતાં મુખ્ય રોજો અને એનો ચોક એક બાજૂ મસ્જિદ અને બીજી બાજૂ મહમૂદશાનો રોજો, અને એ બન્નેની વચ્ચેથી તળાવમાં ખૂણો પાડીને કરેલાં સુંદર ઘાટના પગથિયા, અને ત્યાંથી

---

૩. રોજો અને કબર હોય ત્યાં મસ્જિદ હોવી જોઈએ એ માન્યતાની વિચિત્રતા અહીં દેખાય છે બાજૂમાં મોટી મસ્જિદ છે છતાં એ મુખ્ય રોજાની છે, એટલે બાદશાહની કબરોના રોજાની અંદર મસ્જિદનો દેખાવ કર્યો છે.

૪. વિશાળતાની દૃષ્ટિએ અને સાદાઈની દૃષ્ટિએ મસ્જિદ સારી છે. બધું રોજાઓ સાથે સમગ્રતાથી જોતાં પણ સારુ છે, પરંતુ ડૉ. બર્જેસ વગેરે મસ્જિદની બાંધણીનાં જે વખાણ કરે છે એવું કાંઈ લાગતું નથી. થાંભલાની રચના પણ જુમા મસ્જિદના થાંભલાની પેઠે વૈવિધ્યવાળી નથી.

દેખાતો તળાવનો તથા એને કિનારે આવેના મહેલના ખંડેર તથા દરવાજાનો ભવ્ય દેખાવ ખૂબ જ મનોહર લાગે છે ધાર્મિક મકાનો સિવાયનો બાદશાહી સમયનો આ એક નાનો ખંડેર થયેનો ટુકડો પણ રમ્ય લાગે છે, અને તળાવ જ્યારે પાણીથી ભરેલુ હોય ત્યારે અમદાવાદની નજીકના એક સર્વાંગ સુદર સ્થાન તરીકે આ સમૂહને કહી શકાય એવુ એ આકર્ષક છે તળાવના ગરનાળુ અને ગરણી કાંકરિયાની પેઠે સુદર નકશીથી ભરેલા છે

બીજા રોજાઓ

આ ગજાની બહાર એક મોટો રોજો છે તે કોનો છે તે જણાયુ નથી એની પશ્ચિમે એક નાની સુદર મહેરાબની કોતરણીવાળી મસ્જિદ છે એ જાતની એ નાનામા નાની મસ્જિદ ગણાય છે અને એને કલદરની મસ્જિદ કહે છે એ માટે આધાર મળતો નથી ગૂજરાત સત્તનતના અત ભાગમાં હબસી અમીરો અને મોગલાઈમા મીરઝાં અઝીઝ કોકા સરખેજમાં દટાયા છે એવા ઉલ્લેખો મળે છે બીજા પણ ઘણા અમીરાએ સરખેજમા દટાવુ પસંદ કરેલુ છે રોજાની આસપાસ ખડેરો નજરે પડે છે, અહમદ ખટ્ટુના રોજાથી થોડે દૂર અમદાવાદની સ્થાપનામા ભાગ લેનાર બાર બાવાઓમાના એક બાવા અલીશેરનો રોજો છે મુસલમાનોમાં એવી માન્યતા છે કે સરખેજની ઝિયારત કરવા જતાં પહેલાં જ બાબા અલીશેરના રોજામાં જવુ આ ગજામાં રાત્રિના ભાગમા કોઈ જતું નથી પહેલા સાબરમતીનો પ્રવાહ સરખેજની નજીક વહેતો હતો તે હવે થોડો દૂર ગયો છે સરખેજ પ્રાચીન સ્થળ છે અને સાબરમતી પુરાણમા એનુ નામ શ્રીક્ષેત્ર છે [૫] સરખેજ અને એનાં મકાનોનો સમૂહ એ એક એવુ સુદર

---

૫ જુઓ મારા અમદાવાદના ઇતિહાસમા સરખેજનું વર્ણન મુસલમાનોમા એવી માન્યતા હતી કે એ સતપુરુષ રાત્રે વાઘ થઈને રહેતા, એ ઉપરથી એમનું નામ પડ્યુ છે અને રાત્રે રોજામા કોઈ રહેતું નથી

જીવતા બાંધવાનુ પસદ કરે છે, જ્યારે સત લોકોના રોજા પાછળથી એમના શિષ્યો બાંધે છે આમ શાહઆલમ સાહેબનુ અવસાન ઈ સ ૧૪૭૫ મા થયું અને એમનો રોજો પાછળથી ઈ સ ૧૫૩૧ મા તાજખાન નરપાલીએ બંધાવ્યો એટલે સતના મરણ પછી અરધી સદી સુધી એમની કબર ઉપર કેવુ મકાન હશે તે જાણવાનુ સાધન નથી તાજખાને બધાવેલો રોજો અમદાવાદના રોજાઓમા સુદર ગણાય એવો ૬ એની આસપાસની ભૌમિતિક આકૃતિઓની જાળીઓ ખૂબ સુદર છે અને દરવાજાના બારણાની નકશી પણ ઉત્તમ છે ૨૮, ૨૦ અને ૧૨ થાભલાના સમાતર ચતુષ્કોણ એક બીજાની અદર આવેલા છે અદરના ૧૨ થાભલાના ચોરસ ઉપર વચનો ઘૂમટ છે અને એની બહાર પડાળી છે એમા સુદર જાળીઓ કરેલી છે શાહ આલમના રોજાની આ જાળીઓ એટલી જાણીતી હતી કે શહેરની અનેકમા કાપડ ઉપર જો શાહઆલમની જાળીઓની ભાત છાપેલી હોય તો એક સમયે એના દામ વધારે ઉપજતા હતા ૭ કબરની ઉપર સરખેજ જેવી છીપના સુદર જડિત કામવાળી લાકડાની છત્રી છે ઘૂમટમા પણ છીપનુ સુદર જડિત કામ આસુદ્દીન અને અસફખાને કરાવેલુ છે પિત્તળના નકશીવાળા કમાડ પાછળથી મૂકેલા છે અને અમદાવાદમા પિત્તળનુ ઉત્તમ કામ થતુ હતુ એ સિદ્ધ કરે છે પશ્ચિમે પૂર્વ છેડે સાત કબરો છે તે શાહના કુટુંબીઓની છે અને એક નાની કબર એમના પોપટની છે ૭ તાજખાન નરપાલીએ આ નાનો બાંધ્યો તેનો લેખ દરવાજા ઉપર આરસની તખ્તીમા છે તેનો સાર આ પ્રમાણે છે —

---

૬ અમદાવાદના ઇતિહાસમા શાહઆલમના રોજાનુ વર્ણન

૭ અમદાવાદનો ઇતિહાસ છીપનું કામ કરાવનાર અસફખાન તે ગુજરાતના બા[illegible] અસફખાનનો સસરો [illegible] અસફખાન એમ કે બન્ને સરખે છે

રોજાનો તાજખાનનો લેખ

“રસૂલાબાદ સ્વર્ગ જેવી આહ્લાદજનક જગ્યા છે. જેને સ્વર્ગનો બાગ જોવાની ઇચ્છા હોય તે દુનિયાના ચંદ્ર જેવા શાહઆલમ સાહેબના તેજસ્વી રોજાનુ દર્શન કરો. આ સ્થળ 'દારઉલ અમન' (મક્કા) જેવું સ્વચ્છ અને સુરભિવાળું છે. આસપાસ જુદી જુદી જાતનાં ગુલાબ વાવેલાં છે તેથી પવન દરેક ક્ષણે સુવાસ ફેલાવે છે. વૃક્ષોની ઘટા આસપાસ એવી છે કે તેના જોનારથી “આ કેવું મનોહર છે” એમ બોલાઈ જવાય છે ઘૂમટ જોનારને વીંધેલાં મોતી પરોવીને કરેલો હોય એવો લાગે છે. બાજુમાં મુસ્તફાસર છે તે સ્વર્ગના હોજ “કૌસર” જેવું છે. આ ઘૂમટનો બાધનાર સંતના ઉમરાનો સેવક બુરહાનનો પુત્ર અબ્દુલ લતીફ છે અને એનો ખિતાબ મજલિસે સમી ખાને આઝમ તાજખાન છે. બાંધ્યાની તારીખ “હમ ચુ જન્નત ઉલ ફિરદૌસ”–સ્વર્ગના બાગ જેવો–એ શબ્દો ઉપરથી નીકળે છે, એટલે હિ. સ ૯૩૮, ઈ. સ ૧૫૩૧–૩૨ થાય છે.[૮]

શાહઆલમના મુખ્ય રોજાની સામે એવી જ બાંધણીનો બીજો રોજો છે અને એમા મુખ્ય કબર એમનાથી છઠ્ઠા પીર સૈયદ મકબૂલે આલમ સાહેબની છે. આ રોજો અંદરથી શાહઆલમ જેટલો સુંદર નથી[૯] અંદર બીજી કબરો છે તે એમના વંશજો, સૈયદ મકસૂદ આલમ, બદરે આલમ, જલાલુદ્દીન, અને મહેબૂબે આલમની છે. રોજાની દક્ષિણે ઘણી કબરો છે એમાં એક છત્રીવાળી મોટી કબર સૈફખાનની છે એ સૈફખાન મોગલ સમયમાં ઈ. સ. ૧૬૩૫ મા ગૂજરાતનો

૮. પ્રો. કોમિસેરિયેટનો અંગ્રેજી ઇતિહાસ એમાં લેખનો તરજુમો આપેલો છે. 'દારઉલ અમન'નો અર્થ શાંતિનું સ્થળ એવો થાય છે.

૯. આર્કિયોલોજિકલ સર્વેના ગ્રંથમાં વિગત આપેલી છે. અમદાવાદના ઇતિહાસમાં એમના વંશજોનાં નામ આપ્યાં છે. મિરાતે અહમદીના સંતોના પ્રકરણમાં એ બધાનું વિસ્તૃત વર્ણન મળે છે.

સૂબો હતો અને આઝમખાન સમો થયા પછી એ અમદાવાદમાં ૧૬૪૦ માં મરણ પામ્યો હતો.[૧૦] મુખ્ય રોજાઓની વચ્ચે જાળીવાળી નાની છત્રીમાં વડોદરાના નવાબ નાસીરુદ્દીનની કબર છે.

મસ્જિદ અને બીજાં મકાનો

બીજા ગજાની બાજૂમાં મેદાનની વાયવ્યમાં મોટી મસ્જિદ છે. એ પાછળથી મુહમ્મદ સાલેહ બદક્ષીએ બંધાવી છે અને એના મિનારા નજાબતખાને બનાવ્યા તે જહાંગીરના સૂબા સૈફખાને ઈ. સ. ૧૬૨૦ માં પૂરા કર્યા. મસ્જિદને બંને છેડે મોટા ૯૦ ફૂટ ઊંચા મિનારા છે. એ ૧૮૧૯ના ભૂકંપમાં હાલી ગયેલા તે પાછળથી સમરાવેલા છે. મસ્જિદનું ઘણું કમાનો ઉપર કરેલું છે, એથી એની બાંધણી બીજી મસ્જિદોથી જુદી પડે છે. એક થાંભલા ઉપર ચાર કમાનો ઉતારેલી છે અને આ બાંધણી હિંદુસ્તાનમાં સામાન્ય છે. મસ્જિદની સામે મોટું ટાંકું છે. એનો વિસ્તાર ૭૨ ફૂટ ચોરસ છે. મેદાનની ઈશાને મોટું જમાતખાનું અથવા દીવાનખાનું છે. જૂના દીવાનખાનાની જગ્યાએ સુલતાન મુઝફ્ફરે એ બંધાવેલું. તે ઈ. સ. ૧૭૮૦ માં જનરલ ગૉડાર્ડના ઘેરા વખતે એના છાપરાનો ઉપયોગ થયો હતો. હાલ એના ઉપર ઘાસ છે. પશ્ચિમના દરવાજાની બહાર મુસ્તફાસર તળાવ છે તે તાજખાનની સ્ત્રીએ બંધાવ્યું હતું.[૧૧]

આમ શાહઆલમનાં મકાનોનો સમૂહ અમદાવાદનું આકર્ષણ છે. અહીં એનું ટૂંકું વર્ણન માત્ર કર્યું છે. સ્વતંત્ર બાદશાહીના સમયમાં શાહઆલમ સાહેબની ગાદી આગળ મહારાજ્યની લક્ષ્મી ઊભરાતી

---

૧૦. આ સૈફખાનને મુજફ્ફર બીજાના સરદાર તરીકે ડૉ. બર્જેસ લખે છે તે ભૂલ છે. મિરાતે અહમદીથી આ બાબત સ્પષ્ટ થાય છે. પ્રો. કો. નો. ઇતિહાસ, પૃ. ૨૧૨ નોંધ ૨.

૧૧. અમદાવાદનો ઇતિહાસ, પૃ. ૬૧૨-૧૫.

હતી. ઔરંગઝેબનો સમય આવતા સુધીમાં રોજાના ખર્ચ માટેનાં ગામો પૈકી થોડાં રહ્યાં હતાં. બ્રિટિશ અમલમાં ઇસનપુર, વાસણા, ફતેહપુર અને સારસા ગામ રહ્યા

ઇસનપુરની મસ્જિદ

શાહઆલમથી આગળ વટવામાં મકાનોના બીજા સમૂહનું વર્ણન કરતા પહેલાં, રસૂલાબાદ અને વટવાનાં પવિત્ર સ્થળોની વચ્ચે આવેલા ઇસનપુરની મસ્જિદનું ટૂંકું વર્ણન કરવા જેવું છે. એ મલીક અસસ અથવા ઇસનનું વર્ણન પાછળ કર્યું એણે બંધાવેલી છે. એની બાંધણી અમદાવાદની બીજી બધી મસ્જિદોથી જુદી પડે છે. એનો મ્હોરો તદ્દન જુદી જાતનો છે અને એની વચ્ચેની ત્રણ કમાનો જયપુરી કમાનોના ઘાટની છે. ચોક અને પડાળીઓની વચ્ચેના ભાગમાં રોજો છે એ પણ જુદી ભાત પાડે છે અને એમાં મલીક ઇસનની કબર છે. મસ્જિદને મિનારા નથી અને નકશી પણ કરેલી નથી, પણ બાંધણી એકંદરે ખૂબ મનોહર છે[12] શાહઆલમથી ચંડોળા તળાવનો કિનારો સુષ્ટિસૌંદર્યથી ભરેલો છે અને એને કિનારે થઈને આંબાની સુંદર વાડીઓની વચ્ચે ઇસનપુર આવેલું છે. એની આગળ ઘટાદાર બગીચા જેવી વાડીઓ વટાવી વટવાનો રોજો દૂરથી દેખાય છે વટવા પાસે આવતા વિસ્તૃત ખંડેરો નજરે પડે છે

વટવામાં કુતુબે આલમ સાહેબની દરગાહ

વટવાના રોજામાં બુખારી સૈયદોની ગૂજરાતમાં સ્થાપના કરનાર સંતશિરોમણિ સૈયદ બુરહાનુદ્દીન કુતુબે આલમ સાહેબની દરગાહ છે. એ અમદાવાદ વસ્યુ ત્યારે આશાવલમાં આવીને રહેલા અને પાછળથી વટવામાં સ્થાયી મુકામ કરેલો. એમનુ વર્ણન પાછળ અહમદશાહના સમયમાં કર્યું છે. એઓ ઈ. સ. ૧૪૫૩ ના ડિસેમ્બરની ૧૦ મીએ અવસાન પામ્યા હતા. એમનો રોજો એમના મરણ પછી બંધાયેલો

૧૨. અમદાવાદનો ઇતિહાસ, પૃ. ૬૧૬.

છે શરૂઆતમાં એક નાનો રોજો બંધાયો હોય એમ લાગે છે, પરંતુ પાછળથી કમાનોની ભુતદ બાંધણીવાળો મોટો રોજો બંધાયો અને એ પડતી હાલતમાં આજે પણ ઊભો છે આ રોજો ગુજરાત સલ્તનતના અંતભાગમાં બંધાયેલા સુલતાન સિકંદર અને સૈયદ મુબારકના રોજા જેવી બાંધણીનો છે, એટલે આ રોજો અવ્યવસ્થાના સમયમાં બંધાયો હોય અને તેથી અધૂરો રહ્યો હોય એમ સમજાય છે એને કેટલાક મહમૂદ બેગડાના સમયમાં બંધાયો છે એમ માને છે તે બરાબર લાગતું નથી જો રોજો પૂરો બાંધી શકાયો હોત તો વટવાના ગાદીપતિ સંપદા એની પડતી શા આજે દેખાય છે એવી થવા દેત નહિ[13] વટવાનો રોજો ૧૦૩ ફૂટના ઓરસ ઉપર બાંધેલો છે અને અંદરના થાંભલાઓ વચ્ચે જાળીઓ કરેલી છે આ રોજાને લગતી મસ્જિદ છે, એની બાંધણી છેક સાદી છે, અને રોજાની બાંધણીથી ખાસ જુદી પડે છે એટલે હાલ જે મુબારક રોજો દેખાય છે એની પહેલાં જે સાદો રોજો હશે તે સમયમાં મસ્જિદ પણ બંધાઈ હશે એને મિનારા નથી મસ્જિદમાં હિ સ ૮૭૪ (ઈ સ ૧૪૫૯) નો લેખ છે એમાં ખાસઉ મુલ્ક બચીર સુલતાનીએ મસ્જિદ બંધાવી

---

૧૩ જુઓ અમદાવાદનો ઇતિહાસ પૃ ૬૨૫-૨૬ એમાં રોજાની બાંધણીની ચર્ચા કરી છે ડૉ બર્જેસ આ રોજાને મહમૂદ બેગડાના સમયનો માને છે તે ભૂલ છે સૈયદ મુબારકના રોજાની બાંધણી સાથે સરખાવે છે, પણ એ રોજો સલ્તનતના અંતમાં મહમૂદ ત્રીજા પછી બંધાયેલો મહમૂદના નામથી ભૂલ થઈ લાગે છે બેગડાના સમયનો માનવાથી એ રોજો પડી ગયો છે એમ માને છે પરંતુ એ બરોબર નથી રોજો સલ્તનતના અંતભાગનો હોઈ અધૂરો રહેલો છે વટવામાં એક દંતકથા છે કે મોટો રોજો કરવો નહિ એવી કુતુબેઆલમ સાહેબની ઇચ્છા હતી એ વિરુદ્ધ એમના વારસે બંધાવવો માંડ્યો એટલે અધૂરો રહ્યો આ દંતકથા સિદ્ધ કરે છે કે રોજો અધૂરો છે અને તે સમયના સંજોગોને લીધે પ્રો કોમિસેરિયેટ પણ બર્જેસને આધારે આ ભૂલ કરેલી જણાય છે (જુઓ એમનો ઇતિ પૃ ૧૫૬) પર્સી બ્રાઉને પણ (પૃ ૫૪) આ ભૂલ કરેલી છે

એમ લખેલું છે. બીજા એક લેખમાં વિ. સં. ૧૦૬૩ (ઈ. સ. ૧૬૫૨) માં મોગલ સૂબા શૈયસ્તખાનના સમયમાં મસ્જિદ સમરાવી એમ લખેલું છે. મુખ્ય રોજામાં કુતુબે આલમ સાહેબની તારીકનો એક લેખ છે. રોજાની આસપાસ બીજી કબરો પણ દેખાય છે અને રોજાથી કેટલેક દૂર પણ ઘૂમટો દેખાય છે, એટલે બાદશાહી સમયમાં વટવાનો વિસ્તાર સારો હશે એમ સમજાય છે. રોજાની આગળ દરબારગઢને શોભે એવો ભવ્ય દરવાજો છે.[૧૪]

સૂકા અમદાવાદનાં સૌંદર્યધામો

રોજાની પાસે જ વટવા ગામ છે અને ગામની બહાર—ગામ અને રોજાની વચ્ચે—એક સુંદર નાનુ અષ્ટકોણ તળાવ છે. તળાવમાં ગરમીની મોસમમાં પાણી રહેતુ નથી. પરંતુ એનો કિનારો સુંદર વૃક્ષોથી ઘેરાયેલો છે. આ તળાવમાં પાણી રહે તો આસપાસના સૌંદર્યમાં ખૂબ વધારો થાય એવુ છે તળાવ પથ્થરથી બાંધેલુ છે, અને વટવાની જાહોજલાલીના સમયમાં એ જગ્યા મનોહર હશે એમ લાગે છે.[૧૫] અમદાવાદના ઇતિહાસપ્રેમી સજ્જનોએ આ તળાવ અને આસપાસની જગ્યાને સહેલગાહ માટે યોગ્ય રીતે સુધારીને લોકનો ઇતિહાસ અને સૃષ્ટિસૌંદર્યનો પ્રેમ ખીલવવો જોઈએ ચારે બાજૂએ સુંદર અને વિશાળ બગીચાઓથી ઘેરાયેલું અમદાવાદ—આજના ગૂજરાતનું પણ પાટનગર—આજે વસતી વધવા છતા સૂકું છે અને લોકને આરામ મળે એવું એકાદ અપવાદ સિવાય એકે સ્થળ નથી એટલે અમદાવાદની આસપાસના આ ત્રણ વિસ્તારોમા આવેલાં મકાનોના સમૂહને સૌંદર્યધામ બનાવી શકાય શહેરની દક્ષિણે સાત માઇલ ઉપર જેતલપુર ગામ પાસે

---

૧૪. અમદાવાદનો ઇતિહાસ, પૃ. ૧૨૬.

૧૫. જુઓ 'નવચેતન'ના ૨૦૦૭ ના દિવાળીના અંકમાં વટવા ઉપર મારો લેખ.

પણ ઐતિહાસિક મહત્ત્વનુ સુદર સ્થાન છે[૧૬] એ સાથે આ શહેરને ચાર સૌંદર્યધામ મળી શકે આજે સૂઝ અને ધનના ધનેડા થયેલા અમદાવાદીઓને આ પ્રેરણા થવી જોઈએ મુબઈ સરકારમા ઉદ્યાનો ના ખિલવણીની યોજનાનુ આદોલન અમદાવાદના સૌંદર્યપૂજક અને ઇતિહાસપ્રેમી ડૉ હરિપ્રસાદ દેસાઈએ શરૂ કર્યું હતું અમદાવાદના લોકોમા રસવૃત્તિ જાગે તો આ ચાર સ્થળો, ચડોળા તળાવ અને મલીક શાબાનના સ્થળને મનોહર આરામસ્થાનો બનાવી શકાય આટનુ સૂચન ગૂજરાતના પાટનગરને માટે સાસ્કૃતિક ઇતિહાસમાં અસ્થાને નહિ ગણાય

અમદાવાદની પાસેના મકાનોના આ સમૂહોનુ આટનુ વર્ણન કરી હવે મહમૂદ બેગડાની અરધી સદીમા બધાયેલાં બીજા છૂટાં પણ સુદર સ્થાનોનુ વર્ણન કરીએ

મલીક આલમની મસ્જિદ

પાછળ ખુદાવદખાન મલીક અલીમનુ વર્ણન કરી ગયા આ અમીરને ગૂજરાતના સુલતાનો સાથે નજીકનુ સગપણ હતું અને મહમૂદ બેગડાનો એ માનીતો અમીર હતો એ પણ જોયુ એણે અમદાવાદની દક્ષિણે શાહઆલમ જવાને રસ્તે અલીમપુર વસાવેલુ એ પણ પાછળ જોયુ એ પરામા પોતાને માટે એક ખાસ મસ્જિદ બધાવી તે આજે પણ ઊભી છે અને એમાં માળ પણ ફરેછે, પણ એકદરે બાંધણી સાદી છે મિરાતે અહમદીમા એક ખુદાવદખાનની મસ્જિદના ખૂબ વખાણ કરેલા છે તે આ મસ્જિદ હોય એમ લાગતું નથી આ મસ્જિદને માટે અગ્રેજ કલાવિવેચકોએ અને મગનલાલ વખતચદે કેટલુક ગૂચવાડુ ઉત્પન્ન થાય એવુ વર્ણન કર્યું છે, અને એ કારણથી મસ્જિદ બધાયાના વરસમા ગોટાળો થયો છે લેખ ન હોવાથી વર્ષ

૧૬ જુઓ ગૂ. સાહિત્ય સભાએ પ્રસિદ્ધ કરેલી 'અલદપુર'ની મારી પુસ્તિકા

નક્કી થતું નથી, પરંતુ ખુદાવંદખાનનો ઇતિહાસ જોતાં ઈ. સ. ૧૪૬૦ ની લગભગમાં મસ્જિદ બંધાઈ હોય એમ લાગે છે. અલીમપુરમાં જૈનોની સારી વસ્તી હોય એમ લાગે છે.[૧૭]

રાણી રૂપવતીની મસ્જિદ

અમદાવાદની મસ્જિદોમાં પ્રથમ પંક્તિની સુંદર ગણાતી મસ્જિદો-માં મૂકી શકાય એવી રૂપમતી અગર રૂપમંજરીની મસ્જિદ આજે મિરજાપુર લત્તામા આવેલી છે. આ રાણી રૂપમંજરી પ્રથમ સુલતાન કુતુબુદ્દીનની અને પછી મહમૂદ બેગડાની બેગમ હતી એ પાછળ જોઈ ગયા છીએ. આ મસ્જિદની બાબતમાં પણ અંગ્રેજી કલાવિવે-ચકોએ કેટલાક આધાર વગરના તર્ક કરેલા છે. મસ્જિદ નામ પ્રમાણે ખરેખર સુંદર છે. એમા બાંધણીની સમતોલતા અને મેળ એવી રીતે સધાયા છે કે કુશળ પરીક્ષક પણ ભૂલ કાઢી શકે તેમ નથી. હિંદુ થાંભલાની ચોરસ બાંધણી અને મુસલમાન કમાનોનો આવો સંપૂર્ણ મેળ બીજી એકે મસ્જિદમાં આટલો સુંદર દેખાતો નથી. મિનારા પડી ગયેલા છે, પણ જે ભાગ ઊભો છે તે મનોહર છે. મિનારાની કોતરણી, અને મહેરામા મૂકેલા ઝરૂખાનું મિશ્રણ મસ્જિદના આખા દેખાવને ખૂબ સુંદર બનાવે છે. બાજૂમા બંધાવનારની કબરનો રોજો છે, પરંતુ લેખ ન હોવાથી કાઈ નિશ્ચિતપણે કહી શકાતુ નથી. ઈ. સ ૧૮૩૨માં કલેક્ટર મિ. વાઈબર્ટે આ મસ્જિદમાં વાઘ માર્યો હતો. એ સમયે આસપાસ વેરાન હતું. કલેક્ટર મિ. જેક્સને એક ફૂટના અરધા ઈંચના માપથી આ મસ્જિદનો લાકડાનો નમૂનો રૂ. ૮૦૦ ખર્ચીને કરાવ્યો હતો તે આજે કેપ ઑફ ગુડ હોપના મ્યુઝિયમમાં છે.[૧૮]

---

૧૭. મારો અમદાવાદનો ઇતિહાસ, પૃ. ૫૯૯–૬૦૦; એમાં આર્કિ. સર્વે અને બીજા જૈન ઉલ્લેખો આપી વિસ્તૃત ચર્ચા કરી છે.

૧૮. ઉપર મુજબ, પૃ. ૬૦૩–૪. હોપ અને ફર્ગ્યુસન પણ એમના "અમદાવાદ"ના ગ્રંથમાં આ મસ્જિદનાં વખાણ કરે છે.

સૈયદ ઉસ્માનની મસ્જિદ

અમદાવાદમાં નદીની સામે પાર વાડજ જવાને રસ્તે ગૂજરાત વિદ્યાપીઠની બાજુમાં સૈયદ ઉસમાન શમ્મે બુરહાનીની મોટી મસ્જિદ આવેલી છે. આ ઉસ્માનપુરાનું વર્ણન પાછળ કરી ગયા છીએ. મસ્જિદ સૈયદના અવસાન પછી સુલતાન મહમુદ બેગડાએ બંધાવી છે. મસ્જિદની બાજુમાં સૈયદનો રોજો મસ્જિદના પ્રમાણમાં ખૂબ મોટો છે અને એની બાંધણી ખાસ ધ્યાન ખેંચાય તેવી છે. એમાં થાંભલાને બબ્બે અને ચારચારની હારમાં ગોઠવેલા છે, એટલે એના ઘૂમટને આઠને બદલે બાર થાંભલા થયા છે એ નવીનતા છે. રોજાની પાછળ એક નાના ઘૂમટમાં મસ્જિદ બાંધનાર સ્થપતિની કબર છે. મસ્જિદની બાંધણી પણ જરા જુદી પડે એવી છે. અમદાવાદની મસ્જિદોમાં મિનારા છેડા ઉપર બાંધવાની શરૂઆત આ મસ્જિદથી થઈ એમ મનાય છે. એના ગોખમાં કોતરણી સારી છે અને હિંદુ ઘાટનો દેખાવ આપે છે. મસ્જિદની અગાશી સુધી મિનારામાં સીડી છે. એ પછી મિનારાના ઉપરના ભાગ નક્કર છે. એ વિશેષતા છે. મસ્જિદનો મોખરો થાંભલાનો બનાવેલો અને ખુલ્લો છે, એમાં કમાન વાપરેલી નથી.[૧૮]

બીબી અચુત કુકીની મસ્જિદ

એક બીજી સુંદર મસ્જિદ દિલ્હી દરવાજાથી દૂધેશ્વરને રસ્તે બીબી અચુત કુકીની છે. બીબી અચુત મલિક બહાઉદ્દીન વઝીરની બેગમ થાય. એનો ઉલ્લેખ પાછળ કરી ગયા છીએ. આ મસ્જિદ અમદાવાદની મસ્જિદોમાં ઉત્તમ ગણાયેલી છે, પણ એના તરફ કલા વિવેચકોનું બરાબર ધ્યાન દોરાયું હોય એમ લાગતું નથી. આ મસ્જિદને બે મોટાં આંગણાં છે, અને આ બન્ને આંગણાને પથ્થરનો સુંદર નકશીદાર કોટ છે અને

૧૮ અમદાવાદનો ઇતિહાસ, પૃ. ૧૦૬-૭. ઉસમાનપુરાનું વર્ણન મિરાતે અહમદીમાં આપ્યું છે. એ મોટું પરું હતું. ત્યાં હિંદુઓ અને જૈનોની મોટી વસ્તી હતી.

તેને હિંદુ ઘાટનો સુંદર દરવાજો પણ છે. આ મસ્જિદને પહેલાં સાત મિનારા હતા, ત્રણ આગલા કોટના, બે પાછળ અને બે મસ્જિદના મિનારા. મિરાતે અહમદીમાં પણ સર્વથી સુંદર મસ્જિદોમાં આ મસ્જિદનું વર્ણન કરેલું છે .અને એના બન્ને મિનારા હાલતા હતા અને એકમાંથી ગતિ બીજામાં જતી એવુ વર્ણન કરેલુ છે. મસ્જિદમાં લેખ છે, પણ તે બરાબર વંચાતો નથી. એમાં બહાઉદ્દીનના ખિતાબોમાં એક દસ્તૂરુલ્મુલ્કનો ખિતાબ પણ આપેલો છે જે તવારીખમાં નથી મસ્જિદની બાજૂના રોજામાં કેટલીક કબરો છે, પરંતુ બીબી અચુત કુકીની કબર મસ્જિદની દક્ષિણ પાંખની સામે છૂટા મેદાનમાં છે એમ આર્કિયોલોજિકલ સર્વેના લેખકનું માનવુ છે બીબીજીનુ માન આસપાસની મુસલમાન સ્ત્રીઓમાં ઘણુ હોય એમ લાગે છે, અને સુવાવડ પછી ચાળીસમા દિવસે છોકરાને લઈ એ લોકો અહીં બાધા મૂકવા આવે છે [૨૦]

આ સમયની બીજી કેટલીક મસ્જિદો

આ સમયમાં બંધાયેલી કેટલીક મસ્જિદોમાં ખાસ નોંધપાત્ર લક્ષણો ન હોવાથી એના વર્ણનની જરૂર નથી માત્ર નામ લખીશું શાહીબાગમાં નદીકિનારે મિયાખાન ચિશ્તીની મસ્જિદ, કાલુપુરમા સકરખાનની મસ્જિદ, આસ્ટોડિયા ચકલામાં દસ્તૂરખાનની મસ્જિદ, ગાયકવાડની હવેલીમાં શાહ ફઝલની મસ્જિદ, દાદાહરિની વાવ પાસે બાઈ હરિરની મસ્જિદ, અને સારગપુર દરવાજા બહાર સીદી બશીરના નામથી ઓળખાતી મસ્જિદ એ આ સમયમાં બંધાયેલી છે શાહ ફઝલની મસ્જિદમા લેખ છે તેમા ઈ. સ ૧૪૮૭નુ વર્ષ જણાય છે, પણ નામ આપેલું નથી મિયાખાન ચિશ્તીની મસ્જિદ અચુત કુકીની મસ્જિદવાળા મલીક બહાઉદ્દીનના ભાઈ મલીક મકસૂદ વજીરે મકસૂદ-

---

૨૦. અમદાવાદનો ઇતિહાસ પૃ. ૬૦૫–૬. મિરાતે અહમદીની પુરવણીમાં પણ એનો ઉલ્લેખ છે.

પુરામાં મિયાખાન ચિસ્તીને માટે ઈ સ ૧૪૬૫ મા બંધાવી એ મસ્જિદમા રેલ્વેના એન્જિનેરનુ રહેઠાણુ થવાથી એને બારણા કરી લેવામા આવ્યા હતાં સકરખાનની મસ્જિદ કાલુપુર સ્થાપનાર હાજી કાનુની હોય એમ આર્કિયોલોજિકલ સર્વેના લેખકનુ માનવુ છે મસ્જિદ સાદી પણ મોટા કદની છે આસ્તોડિયે દસ્તૂરખાનની મસ્જિદ જરા જુની બાંધણીની છે અને ૧૦૦×૯૩½ ફૂટ લંબચોરસમા ચારે બાજૂ પડાળીઓ કરી પશ્ચિમની પડાળીને માત્ર બેવડી કરેલી છે એને ઊંચો ઓટલો કરી નીચે મોટુ ટાંકુ કરેલુ છે મસ્જિદને સુંદર જાળીઓ કરેલી છે અને દક્ષિણે એક કબ્રસ્તાનમા દસ્તૂરખાનની કબર છે, અને લેખ છે એમાં મહમૂદ બેગડાના સમયમાં હિ સ ૮૬૭ (ઈ સ ૧૪૬૩, ૩૦ એપ્રિલ) મલિક ગણી ખાસઝાદ દસ્તૂરુલ્મુલ્કે બાંધી એમ લખેલુ છે સારંગપુર દરવાજા બહાર સીદી બશીરના નામથી ઓળખાતી મસ્જિદ મલીક સારંગની હોય એમ સંભવ છે એની ચર્ચા મલીક સારંગના વર્ણનમા કરી છે આજે એનો દરવાજો અને મિનારા માત્ર ઊભા છે અને મિનારા હાલે છે બાઈ હરિરની મસ્જિદ પણ અસારવામાં છે તે સુંદર છે પાનકોર નાકેથી ઉત્તરમા જતા પીર મુહમ્મદશાહના રોજાની સામે એક નાની સુંદર કારીગરી વાળી મસ્જિદ છે એને દરવેશ અલીની મસ્જિદ કહે છે એમા ઈ સ ૧૫૦૪ નો લેખ છે એની પૂર્વમા બેઠકવાળુ મોટુ ટાંકુ છે[૨૧]

મુહાફિઝખાનની મસ્જિદ

હવે અમદાવાદમાં સારી અને નાની છતાં સુંદર કહી શકાય એવી પ્રસિદ્ધ મુહાફિઝખાનની મસ્જિદનુ વર્ણન કરીએ મુહાફિઝખાનનુ વર્ણન પાછળ કરી ગયા છીએ અમદાવાદમા દિલ્હી દરવાજા તરફ જતાં ઘીકાંટાને રસ્તે આ મસ્જિદ આવેલી અને જે થોડી મસ્જિદો

૨૧ અમદાવાદના ઇતિહાસમા આ બધી મસ્જિદોનું વિગતવાર વર્ણન આપેલું છે, આર્કિ સર્વેમા પણ આના વર્ણનો છે

આખી આજ સુધી ઊભી છે એમાં આ મસ્જિદ પણ ગણાવી શકાય અને અમદાવાદની સૌથી સુંદર જે થોડી મસ્જિદો ગણાય છે તેમાં પણ આ મસ્જિદને મૂકી શકાય. મસ્જિદમા લેખ છે કે "આ મસ્જિદ સુલતાનના સુલતાન, શમ્સઉસ્સુલ્ક વલ હક નસીર ઉદ્દુનિયા વ ઉદ્દીન, અબુલ ફતહ મહમૂદશાહ બિન મુહમ્મદશાહના સમયમાં જમાલુદ્દીન બિન શેખમુઈઝુદ્દીન અલ કુરેશી, જેને મુહાફિઝખાનનો ઈલ્કાબ હતો, તેને માટે રજબ માસની ૧૪ મી તારીખે હિ. સ. ૮૯૭ (૧૨ મે ૧૪૯૨) માં બંધાઈ." આ મસ્જિદનો સાગના લાકડાનો નમૂનો કિન્લોક ફાર્બસ સાહેબ માટે રૂા. ૫૦૦ ના ખર્ચે કરાવેલો તે આબેહૂબ હતો એમ ઈ. સ. ૧૮૪૮ માં એચ. જી બ્રીગ્ઝ લખે છે.[22]

આ મસ્જિદ ખૂબ નાની છે, પરંતુ એમાં નકશી ખૂબ છૂટે હાથે કરી છે. મહેરો પાંખો વગરનો છે અને એને ત્રણ સાંકડી-કમાનોમાં વહેંચેલો છે એ ત્રણે કમાનો ઉપર માત્ર દેખાવ માટે ત્રણ નાના સુદર ઝરૂખા કરેલા છે. ગોખ, ઝરૂખા, જાળીઓ બધુયે ઉત્તમ અલંકારોવાળુ છે. રસ્તા ઉપર મસ્જિદની પછીત પડે છે તેના ટેકા તથા કંદોરા પણ સુંદર છે. મિનારા મસ્જિદના કદના પ્રમાણમાં જાડા કહેવાય એવા છે. અને રાણી સિપ્રીના મિનારા સાથે સરખાવતાં કલાપ્રિય આંખને કદાચ ન ગમે, પરંતુ એને છેડા ઉપર રાખ્યા છે એટલે કાંઈક ઠીક લાગે છે અને મસ્જિદની ઊંચાઈના પ્રનાણમાં ઠીક લાગે તેવા છે. મિનારા બન્ને હાલે છે અને ગતિ એકમાથી બીજામા જાય છે. હાલતા મિનારા સંપૂર્ણ રીતે ઊભા હોય એવી આજે અમદાવાદમાં આ એક જ મસ્જિદ છે. ફર્ગ્યુસનને આ મસ્જિદની બાંધણી ગમતી નથી. બર્જેસને લાગે છે કે એમાં મસ્જિદને અન્યાય થાય છે. પર્સી બ્રાઉન

---

૨૨. અમદાવાદનો ઇતિહાસ, પૃ. ૬૦૯-૧૦. આ મસ્જિદના મિનારામાં ગતિ એકમાથી બીજામાં આવે છે એવો અનુભવ મે જાતે પણ કરેલો છે.

આગલી નાની જગ્યામા બાંધણીની કુશળતા અને અલંકારોની વિપુલતા ની ખાસ પ્રશંસા કરે છે [૨૩]

દરિયાખાનનો ઘૂમટ

હવે ગૂજરાતના મુસલમાન સ્થાપત્યમા જુદી જ ભાત પાડતા દરિયાખાનના ઘૂમટ માટે જોઈએ ધોળકાની અલફખાનની મસ્જિદની સમકાલીન આ ઘૂમટની બાંધણી છે અને એ ઈંટોથી બાંધેલો છે ગૂજરાતમાં આવડો મોટો બીજો ઘૂમટ નથી ૧૨૧½ × ૧૧૯½ ફૂટના વિસ્તારમાં આ રોજો બાંધેલો છે, અને ઘૂમટ ઊચો હોવાથી દૂરથી દેખાય છે બીજાપુરના પ્રખ્યાત ઘૂમટની પ્રેરણા આ ઘૂમટમાથી મળી છે એમ કહેવાય છે અમદાવાદના બીજા રોજાઓમા જે સુંદર કોમળતા દેખાય છે તે આ રોજામાં નથી આની બાંધણી બુલંદ અને જોનારને ભય ઉપજાવે એવી છે એનો ભૂતો સાથે સબંધ શા કારણથી જોડાયો તે સમજાય એવુ નથી પરંતુ દરેક રોજા સાથે મસ્જિદ હોય એવો સામાન્ય રિવાજ છે જ્યારે આ રોજાને મસ્જિદ નથી, આ કારણથી આ રોજો જોઈ એમા ભૂતોનો વાસ થશે એમ શાહઆલમ સાહેબે કહેલુ એવી એક દંતકથા છે રાજાઓ મોટા માણસો પોતાના માનસિક વલણ પ્રમાણે રોજા જ બંધાવતા એ ઉપરથી સુંદર રોજાની બાંધણી જોઈ એના બંધાવનારને મૃત્યુની કલ્પના ભયંકર નહિ હોય એમ સમજી શકાય દરિયાખાનના ઘૂમટનુ સ્થાપત્ય જોઈને મરણની ભયાનકતાની કલ્પના સહજ આવે છે એ કારણથી પણ એને માટે ભય ઉપજાવે એવી વાતો યોજાઈ હશે અમદાવાદના સુંદર રોજાઓમા આ એક જાડો ને બુલંદ રોજો મોર અને હંસના ટોળામા ઘૂવડ હોય એવો વિચિત્ર દેખાય છે છતા

---

૨૩ Percy Brown : Indian Architecture Islamic Period P 54

બાંધણીની દૃષ્ટિએ એનુ મહત્ત્વ ખાસ છે[૨૪]

સ્ટેશનના મિનારા

અહીં અમદાવાદ રેલ્વે સ્ટેશને ઊભેલા બે ઊંચા મિનારાનો ઉલ્લેખ કરવો જોઈએ ધોળકાની મસ્જિદ અને દરિયાખાનના ઘૂમટની પેઠે આ મિનારા પણ ઈંટોના બનાવેલા છે અને એમાં પથ્થરના મિનારાનો ઘાટ આપવામાં કારીગરોને સફળતા મળેલી છે. મિનારા શહેરમાં સર્વથી ઊંચા છે અને એનુ કદ તથા બાંધણી જોતાં જે મસ્જિદના એ મિનારા હશે એ કોઈ મોટા કદની મસ્જિદ હશે અને મહમૂદ બેગડાના સમયના શરૂઆતના ભાગમાં એ બધાઈ હશે એમ લાગે છે. એને વહોરાની મસ્જિદ પણ કહે છે આ મિનારાની વચ્ચે ઉપલા વર્ગના ઉતારુઓનો મુખ્ય દરવાજો કરી મસ્જિદના ઘાટનું આખુયે સ્ટેશન બાધવું એવો વિચાર અમદાવાદના એક કલારસિક યુરોપિયન અમલદારને આવેલો અને એણે રેલ્વે કંપનીને એ માટે લખેલું, પણ એવુ કાંઈ થયું નહિ એ દિલગીરીની વાત છે.[૨૫] આજે તો અમદાવાદનુ સ્ટેશન શહેર અને વસ્તીના પ્રમાણમા એક મોટા તબેલા જેવુ દેખાય છે.

---

૨૪. અમદાવાદનો ઇતિહાસ પૃ. ૬૦૩–૪. Marshall, Cambridge, His. of India III, P. 612. Fergusson : એમના Ahmedabad નામના ગ્રંથમાં પૃ. ૯૩-૯૪ માં આ પ્રમાણે લખે છે : "If gloom is to be associated with the grave, this is the more appropriate style of the two; but this was not the manner in which death presented itself to the sovereigns of Ahmedabad in that great age, and the cheerful elegance with which they surrounded their burying places shadowed forth a happier philosophy." હિંદભરમાં આવા મૃત્યુની ભયાનકતા બતાવતા સેંકડો રોજાઓ છે એમ લખી અમદાવાદના રોજાઓ ઉપર આ પ્રમાણે લખે છે.

૨૫. અમદાવાદનો ઇતિહાસ, પૃ. ૬૧૧

અમદાવાદની વાવો

સુલતાન મહમૂદની અરધી સદીની સત્તાના સમયમાં જેમ ગૂજરાત અને અમદાવાદમાં ઉત્તમ સ્થાપત્યના મકાનો ઊભાં થયાં તેમ ગૂજરાતના ભૂષણરૂપ સુંદર વાવો પણ એ સમયમાં બંધાઈ છે અમદાવાદમાં અસારવામાં આજે બે મોટી વાવો છે એમાં માતા ભવાનીની વાવને નામે ઓળખાતી વાવ ખૂબ પ્રાચીન છે એમ ઘણા લેખકોનું માનવું છે વાવમાં માતાનું સ્થાપન તો પાછળથી થયેલું છે વાવની બાંધણી સાદી છે અને એમાં નકશી નથી આ વાવ ક્યારે અને કોણે બંધાવી એ નક્કી થઈ શકતું નથી પરંતુ અમદાવાદની સ્થાપના પહેલાં કદાચ આશાવલથી પાટણના રસ્તા ઉપરની એ વાવ હોઈ શકે[૨૬]

ગૂજરાતની વાવનું સામાન્ય વર્ણન પાછળ કર્યું છે, એટલે અહીં માત્ર જે ઉત્તમ નમૂના આજે ઊભા છે તેનું સ્થૂલ વર્ણન ટૂંકામાં કરવાનું છે આજે ગૂજરાતમાં જે વાવો ઊભી રહેલી છે એમાં સર્વથી ઉત્તમ નમૂના અમદાવાદ પામે છે એક દાદા હરિની વાવ અસારવામાં ઉપર કહી તે માતા ભવાનીની વાવની નજીક આવેલી છે અને બીજી અમદાવાદથી બાર માઈલ દૂર આવેલા અડાલજ ગામમાં આવેલી છે

દાદા હરિની વાવ

દાદા હરિની વાવ સુલતાન મહમૂદ બેગડાના અંતઃપુરની બાઈ હરિર નામની ધાવે બંધાવી છે એમાં લેખ છે એ ઉપરથી રનવાસમાં અંતઃપુરમાં અને અમીરોમાં એની લાગવગ ઘણી હશે એમ સમજાય છે એને માટે લેખમાં 'અંતઃપુરે સર્વાધિકારિણી બાઈ શ્રીહરિર' એવા શબ્દો લખેલા છે આ બાઈએ અમદાવાદની ઈશાને વિ સં ૧૫૫૬ ના પોષ સુદિ ૧૩ ને સોમવારે (૧૫ ડિસેમ્બર ૧૪૯૯) મા

૨૬ અમદાવાદનો ઇતિહાસ પૃ ૬૨૭ ૨૮ મિરાતે અહમદીની પુરવણીમાં પણ વાવનો ઉલ્લેખ છે

વાવ બંધાવી. ત્યાં હરિરપુર નામે પરું પણ વસાવ્યું અને પોતાને માટે વાવની પાછળ એક સુંદર મસ્જિદ પણ બંધાવી એનું વર્ણન ઉપર કર્યું. વાવની નજીક એક ફળનો બગીચો પણ બંધાવ્યો હતો. વાવ મુસલમાન અમલદારની દેખરેખ નીચે હિંદુ સ્થપતિએ બાંધી છે, અને એમાં ૩,૨૯,૦૦૦ મહમૂદીનું ખર્ચ થયેલું છે. એટલે આશરે ૧,૫૪,૦૦૦ આપણા રૂપિયા થાય. મુસલમાન અમલદાર અને હિંદુ બાંધનારાનાં નામ લેખમાં આપેલાં છે તે મલીક બિહામિદ અને ગજધર (ગજ્જર) વંશ્ય સૂ૦ વીરા, દેવા, શ્રીગિરાગા, મહં. સાત્રાઆ તથા મહંવીરા—એટલાં વંચાય છે. સંસ્કૃત લેખની સામે અરબીમાં લેખ છે એમાં હિ. સં. ૯૦૬ તા. ૮ જમાદી ઉલ અવલ એટલે તા ૩૦ નવેંબર ૧૫૦૦ નુ વર્ષ છે. આમ એ લેખ વચ્ચે એક વર્ષનું અંતર પડે છે. તે કદાચ બાંધકામ પૂરું થયાનું અને વાસ્તુનું વર્ષ હોય.

વાવની કુલ લંબાઈ ૨૪૧$\frac{1}{2}$ ફૂટ છે. અંદરના મંડપ ૧૬ ફૂટના છે. છેવટના અષ્ટકોણ કૂવાનો ચોરસ ભાગ ૨૪ ફૂટનો છે. થાંભલા સાદા છે, અને મંડપોમાં મસ્જિદના મિનારાની પેઠે ગોખ મૂકી તેમાં આકૃતિઓ કોતરેલી છે એક ગોખમાં મોરની આકૃતિ છે તે મુસલમાન અમલદારની દેખરેખ નીચે થાય એ જરા નવાઈ જેવું છે. અષ્ટકોણ કૂવાને હિંદુ કોતરણીનો સુંદર કઠેરો છે, પણ તે અડાલજ જેટલો સુંદર નથી બાઈ હરિરે બનાવેલો બગીચો જ્યારે હશે ત્યારે વાવ અને મસ્જિદની સાથે વાવની આસપાસનો ભાગ આકર્ષક લાગતો હશે અને એ સમૂહ પણ અમદાવાદનું રમ્ય સ્થળ હશે [૨૭]

અડાલજની વાવ

અડાલજની વાવ દાદા હરિની વાવ કરતાં કદમાં કાંઈ ખાસ મોટી નથી, પણ બાંધણી અને અલંકારોમાં એનાથી બહુ ચડિયાતી

૨૭. અમદાવાદનો ઇતિહાસ, પૃ. ૬૧૮-૧૯. આર્કિ. સર્વેના અમદાવાદના ગ્રંથમાં ડો. બર્જેસે પણ વિગતો આપેલી છે.

છે ૨૮ ગૂજરાતની આજે રહેલી વાવોમાં આ વાવ સર્વથી સુંદર છે અને આ જાત ॥ સ્થાપત્યના પ્રકારને માટે, વાવના આ એક જ નમૂનાથી દુનિયામા ગૌરવ લઈ શકાય એવુ છે સ્થાપત્યશાસ્ત્ર પ્રમાણે દાદા હરિની વાવ ભદ્ર જાતની, માતા ભવાનીની નંદા જાતની જ્યારે અડાલજની વાવ જયા જાતની વાવ કહેવાય વાવમા પેસતા ૨૨ફૂ ફૂટનો ચોરસ મડપ છે, એના ઉપર ઘૂમટ કર્યો હશે, પણ તે હાલ નથી નથી વાવમા ઉતરતા જે થાંભતા આવે છે તે ઘણી જ ઉત્તમ કારીગરીના છે મડપની ચારે બાજૂ પાણિયારીઓ માટે ઓરડીઓ કરેલી છે એના ઝરૂખા મડપની શોભામા સારો વધારો કરે છે ઝરૂખાની નીચે કંદોરા છે એમા હાથી વગેરેની આકૃતિઓ કોતરની છે ગોખ પણ નક્શીવાળા છે અને એમા મુસલમાની ચિરાગ પણ દેખાય છે મુસલમાન યુગમા થયેલી આ વાવમા કેટલીક નવીન વસ્તુઓ પણ છે એક ગોખમા એક હિંદુ દેવની મૂર્તિ છે બીજામા સાધારણ ગૂજરાતી આકારની નવ ગાગરો ત્રણ ત્રણની હરોળમા કોતરી છે બીજા માળના અષ્ટકોણ કૂવાની ભીતમા નવગ્રહોની મૂર્તિઓ છે ૨૯ પાણી ઉપરના માળના એક પાટડામાં જુદી જુદી ઘરગથ્થુ વસ્તુઓ કોતરેલી છે, એમા એક પલગ, પાણીની શિરોઈ વગેરે શયનખડની સામગ્રી કોતરેલી છે તે ગૂજરાતના તે સમયના રાચરચીલાનો સારો ખ્યાલ આપે છે વાવ અધૂરી રહી હશે એમ ધારવામા આવે છે એમાં બીજા ખડ હતા તે પૂરી નાંખવામા આવ્યા છે એમ દંતકથા છે તે માનવા જેવી નથી વાવની કુલ લબાઈ ૨૫૧ ફૂટની છે, અને દાદા હરિની વાવની પેઠે કૂવામા ઉતરવાની બે બાજુ ગોળ સીડીઓ પણ છે

---

૨૮ અમદાવાદનો ઇતિહાસ, પૃ ૬૧૯-૨૦ આર્કિ સર્વેમા વિગતે આપેલી છે

૨૯ આ નવ ગ્રહોની મૂર્તિઓમા બુધ ગ્રહને ભગવાન બુદ્ધની પેઠે પલાંઠી વાળી બેસાડેલા છે। આપણામા અજ્ઞાન લોકો બુધ અને બુદ્ધની ભૂલ ભેળવામા કરતા જોયા છે, પણ સ્થપતિએ આ ભૂલ કરી હોય તો જરા વિચિત્ર કહેવાય

એનો લેખ

વાવમાં સંસ્કૃત લેખ છે એમાં લખેલું છે કે વિ. સં. ૧૫૫૫ ના ઉત્તરાયણના સૂર્યમાં માઘ શુક્લ પંચમી (વસંતપંચમી) ને દિવસે ઉત્તરા નક્ષત્રમાં બવ કરણ તથા સિદ્ધિયોગમાં વાવ બંધાવી (૧૬ જાન્યુઆરી ૧૪૯૯) એ સમયે શિશિર ઋતુ હતી અને ચંદ્ર મીનમા હતો. બાદશાહ મહમૂદનું વિજય રાજ્ય હતું. દંડાહી જિલ્લાના રાજા વાઘેલા મોકલસિંહના પુત્ર, કર્ણના પુત્ર, મૂળરાજના પુત્ર મહીપને વીરસિંહ અને જેત્ર નામે બે પુત્રો હતા એમાં વીરસિંહને વેણેશની પુત્રી રૂડાંદેવી નામે ધર્મપત્ની હતી. રૂડાં દેવીએ પોતાના પતિના પુણ્યાર્થે ગંગાજલ સરખી આ વાવ કરાવી વાવ બંધાયાનું ખર્ચ લેખમા ૫,૦૦,૧૧૧ ટકા લખ્યું છે એની કીમત સમજવી મુશ્કેલ છે પણ ડૉ. બર્જેસ આશરે રૂ. ૧,૧૬,૭૮૦ની રકમ મૂકે છે. લેખના અંતમાં જૂની ગૂજરાતીમાં બે લીટી છે તેમાં લખ્યું છે કે રૂડાંબાઈએ ભર્થારના પરલોકાર્થે અડાલજમાં વાવ કરાવી શ્રીમાળી નાતિના મહં બીમા સુત મરણુ નામ બાંધનાર તરીકે આપ્યું છે અને વાવ "આચંદ્રાર્કં સ્થિરસ્થાવરમસ્તુ" એમ નાગરી લિપિમાં લખ્યું છે[૩૦]

રૂડાંદે અને વીરસિંહ વાઘેલો

વીરસિંહ વાઘેલાની પત્ની રૂડાંદેએ વાવ બંધાવી એ માટે એક બીજી દંતકથા ચાલે છે. એમ કહેવાય છે કે બાદશાહ કે એનો કોઈ અમીર રૂડાંદેના રૂપ ઉપર મોહિત થયો અને એની માંગણી કરી. રૂડાંદેએ પોતાનુ નામ રહે એવું બંધાવવા કહ્યુ અને વાવ પૂરી થયા પછી એમા પડીને આત્મભોગ આપ્યો વાવનો લેખ જોતાં આ દંતકથા ખરી લાગતી નથી. વીરસિંહ વાઘેલાના વંશ માટે મતભેદ ચાલે છે, પણ લેખથી એ ખુલાસો થઈ જાય છે. આ વાઘેલાઓ કલોલના રાજાઓ હતા અને કલોલ મહેસાણા જિલ્લાને દંડાહી

૩૦. અમદાવાદનો ઇતિહાસ, પૃ. ૬૨૦-૨૧.

કહેતા હતા રાસમાળામાં વીરસિંહ અને એનો ભાઈ જેત્ર અથવા અજિતસિંહ આવે છે અને એમને અહમદશાહના સમયના લાલા રાણીના ભાઈઓ તરીકે વર્ણવેલા છે મહમૂદ બેગડાના સમયના આ બે ભાઈઓને ભાટ લોકોએ વરહો અને જેતો બનાવી અહમદશાહના સાળા બનાવી દીધા હોય એમ સમજાય છે આ વાતો ઉપરથી આ વાઘેલા રાજાઓને અમદાવાદના સુલતાનો સાથે સંબંધ હશે અને ઝઘડા પણ થતા હશે એથી વધારે કાંઈ સમજવાનું નથી એ વંશના ભગતસિંહે ઈ સ ૧૭૨૮ મા કલોલનું રાજ્ય ખોયું અને લિંબોદરાના આંજણા કણબીઓ પાસેથી લિંબોદરા છીનવી લઈ ત્યાં રાજ્ય કર્યું લિંબોદરાના ઠાકોર આજે પણ વાઘેલાની મોટી શાખાના કહેવાય છે નાની શાખાએ સાણંદમાં રાજ્ય કર્યું [૩૧] આમ અડાલજની વાવ પણ ગુજરાતનું એક સૌંદર્યધામ છે અને અમદાવાદના લોકોને સહેલગાહ માટે ત્યાં કાંઈ સારી વ્યવસ્થા થવાની જરૂર છે

બીજી વાવો

અમદાવાદમાં અને ગુજરાતમાં બીજી કેટલીક વાવો છે એમાં રાનીસીબડા ગામમાં જેઠાભાઈ જીવણવાલે વાવ બંધાવી છે, અને એ માટે મલીક અલીમની મસ્જિદની પાસેના રોજાના અને નૈનપુરવાડાની મસ્જિદના પથ્થર વેચાતા લીધેના જૂની સામગ્રીથી આજે વાવ કેવી બંધાય તેનો એ નમૂનો છે [૩૨] મલીક શાબાન પાસે, ઇસનપુર પાસે અને મીઠાખળીની પાસે પણ નાની વાવ છે પાલણપુરમાં મીઠી વાવ નામે એક જૂની વાવ છે તે કોણે ને ક્યારે બંધાવી તે નક્કી થતું નથી બાંધણી ઉપરથી વાવ આ સમયની લાગે છે [૩૩] એમાં હિંદુ

૩૧ અમદાવાદનો ઇતિહાસ પૃ ૬૨૧

૩૨ ઉપર મુજબ પૃ ૬૨૨

૩૩ પ્રો કોમિસેરિયેટે એમના અંગ્રેજી ઇતિહાસમાં અડાલજની વાવ પછી આ વાવની નોંધ લીધી છે પૃ ૨૪૩

દેવોની સુંદર મૂર્તિઓ દરેક ખંડની બાજુઓમાં કરેલી છે. ગૂજરાતમાં પાટણ જિલ્લામાં અને સૌરાષ્ટ્રમા પણ વાવો મળી આવે છે.

ધોળકાની મસ્જિદો

અહીં અમદાવાદ પાસે આવેલા પ્રસિદ્ધ ધોળકા ગામમાં આવેલી બે મસ્જિદોની નોંધ લેવી જોઈએ. એ બન્ને સુલતાન મહમૂદના સમયમાં બંધાયેલી છે. ધોળકાની જુમા મસ્જિદની બાંધણી ત્યાંની હિલાલખાન કાઝીની મસ્જિદને કાંઈક મળતી છે છતાં એ મસ્જિદ ઈ. સ. ૧૪૮૫ માં બંધાઈ હોય એમ આર્કિયાલૉજિકલ સર્વેના લેખકનુ માનવું છે. મિનારા અમદાવાદની એ સમયની મસ્જિદોની પેઠે મુખ્ય દ્વારની આસપાસ કરેલા છે અને ઉપરથી પડી ગયેલા છે. મસ્જિદનું અંદરનુ માપ ૧૦૧×૩૩ ફૂટ છે[૩૪] ધોળકામાં એક નાની વિચિત્ર મસ્જિદ કોઈ મંદિરને ફેરવીને બાંધેલી હોય એવી પણ છે.

અલફખાનની મસ્જિદ

પરંતુ ધોળકામાં સૌથી આકર્ષક મકાન ગણાય એવી તો અલફખાન ભોકાઈ અથવા ભક્કાઈની પ્રચંડ મસ્જિદ છે. એ અમીર મહમૂદ બેગડાનો મિત્ર અને પાંચ હજારી મનસબનો અમીર હતો એ પાછળ જોઈ ગયા. દરિયાખાનના ઘૂમટની પેઠે જાડી ને બુલંદ બાંધણીની ઈંટોની બનાવેલી આ મસ્જિદ છે. મસ્જિદનો મૂળ મહોરો પડી ગયેલો છે. એની લંબાઈ ૨૦૪$\frac{1}{2}$ ફૂટ છે, અને અંદરથી ૧૫૦ × ૪૨ ફૂટ છે. આ મસ્જિદની દિવાલો ૧૨ ફૂટ ૩ ઈંચ જાડી છે, અને આગળ પાછળ ૬$\frac{3}{4}$ ફૂટ જાડી છે. આસપાસ બે મોટા ચોરસ મિનારા છે જેની ઊંચાઈ ૭૯ ફૂટ છે. એના ઉપર બાર ચોરસ ફૂટના ઘૂમટ-વાળા આકાર ચણેલા છે. ૩૦૩ ફૂટ છેટે મસ્જિદની પ્રવેશની છત્રી છે.

---

૩૪. આર્કિ. સર્વે વેસ્ટ ઈંડિયા, મુસલમાન આર્કિ. બર્જેસ, એ ગ્રંથમાં ધોળકાનું વર્ણન જુઓ.

અમદાવાદના દરિયાખાનના ઘૂમટની અને આ મસ્જિદની બાંધણી એક જ સમયની છે અને બન્નેના બાંધનારાઓ મિત્રો હતા એ મૈત્રી એમના મકાનોની બાંધણીમાં પણ દેખાઈ આવે છે સર જૉન માર્શલ રાજાઓના બીજા મકાનો કરતાં આ ઘૂમટ અને ધોળકાની મસ્જિદની બાંધણીના ખાસ વખાણ કરે છે પાટડા અને ચાભલા કરતાં મકાનોથી મજબૂતાઈ સાથે ઘાટમાં પ્રચંડતા લાવી શકાય છે અને પથ્થર કરતાં પણ ઈંટોના મકાનોમાં કમાન બહુ ઉપયોગી સાબિત થઈ છે એમ એમનું માનવું છે આ બંને બાંધણીને સર જૉન ઈરાની બાંધણી કહે છે[૩૫]

ચાંપાનેરના મકાનો

હવે સુલતાન મહમૂદ બેગડાના સમયના બીજા સુંદર મકાનો માટે આપણે ચાંપાનેર જવું પડશે ચાંપાનેર મહમૂદે નવેસરથી વસાવી એનું નામ મુહમ્મદાબાદ પાડ્યું અને ત્યાં મહેલો તથા મસ્જિદો બાંધી સુંદર શહેર થયું એ પાછળ જોઈ ગયા અમીરોએ પણ ત્યાં સુંદર મસ્જિદો અને મહેલો બાંધ્યા હતા

ચાંપાનેરની જુમા મસ્જિદ

ચાંપાનેરની મસ્જિદોમાં સર્વથી સુંદર એની ભવ્ય જુમામસ્જિદ કહી શકાય, અને એ મસ્જિદ હિંદુસ્તાનના મુસલમાન સ્થાપત્યમાં સર્વાંગ સુંદર ગણાતાં કેટલાક મકાનોમાં ગણાય એવી છે આ મસ્જિદ અમદાવાદની જુમા મસ્જિદ કરતાં નાની પોણા કદની છે અને એનો ચોક પણ અમદાવાદની મસ્જિદ કરતાં નાનો છે મસ્જિદનું લિવાન ૨૭૦×૧૩૦ ફૂટનું છે, અને એમાં ૧૭૨ થાંભલા છે મહેરાબને પાંચ કમાનો છે એમાં વચલી કમાન મોટી છે મસ્જિદના મહેરાબનો વચલો ભાગ

૩૫ આર્કિ સર્વે વેસ્ટ ઇ બર્જેસ એન્ડ કઝિન્સ વૉલ્યુમ III મા સર જૉન માર્શલ પૃ ૬૧૨

ઊંચો લીધેલો છે, અને એ વચલા ભાગમા ત્રણ માળ કરેલા છે.[૩૬] મિનારાની અંદરની સીડીમાં થઈને એ માળ ઉપર ચડી શકાય છે. દરેક માળમાંથી નીચે લિવાનના ભોંયતળિયા ઉપર નજર થઈ શકે છે. અને ત્યાં કઠેરાવાળી બેઠકો બનાવેલી છે. ત્રીજે માળ ચડીને આગલા દરવાજાની ઉપરથી પશ્ચિમ તરફ અંદર નજર નાખતાં એક વાવ જોતા હોઈએ એવો દેખાવ લાગે છે. આથી આખી મસ્જિદનો દેખાવ ભવ્ય લાગે છે પાછળ સ્થાપત્યના પ્રકરણમાં ચર્ચા કરી છે તે પ્રમાણે આ રીત અમદાવાદમાં જુમા મસ્જિદમાં દાખલ થઈ. એને યુરોપીય વિવેચકો પ્રકાશ લાવવાની રીત કહે છે. અમદાવાદમાં એ મેવાડના સાદડીના મંદિરમાંથી આવી છે. ચાંપાનેરની મસ્જિદ એ પછી બંધાઈ છે એટલે એમાં ગૂજરાતી સ્થપતિઓએ આ કલા સંપૂર્ણપણે બતાવી. આ સમયે મેવાડનુ રાણકપુરનું સુપ્રસિદ્ધ મંદિર પણ બંધાઈ ગયુ હતું. એટલે આ પ્રકાશ લાવવાની કહેવાતી રીત એ આપણા સ્થાપત્યમાં પરંપરાથી પ્રચારમાં આવેલી મેઘનાદ મંડપની બાંધણી જ છે. રાણક-પુરમા એવા મંડપો છે. મસ્જિદમા હિંદુ મેઘનાદ મંડપને યોગ્ય સ્થાને ગોઠવીને આખીયે મસ્જિદનો દેખાવ ભવ્ય અને રમ્ય બતાવવો એ ગૂજરાતી સ્થપતિ–કારીગરની બુદ્ધિ અને શક્તિનો ઉત્તમ ખ્યાલ આપે છે. અને વિરુદ્ધ સ્થાપત્યને મિશ્ર કરવાની અનન્ય સિદ્ધિ વ્યક્ત કરે છે.[૩૭]

ચાંપાનેરની મસ્જિદના મિનારા ૧૦૦ ફૂટ ઊંચા છે, અને બરાબર કમાનની બન્ને બાજૂએ બનાવેલા છે. નીચેના ભાગમાં અમદાવાદની બીજી મસ્જિદોની પેઠે દેખાવ અને નકશી કરેલાં છે. વચલી કમાનની આસપાસ તથા તેની ઉપર સુંદર ઝરૂખા કાઢેલા છે. કમાનની ઉપરનો ઝરૂખો વચલા ભાગની ભીંત ઊંચી લેવાથી એની

૩૬. બર્જેસ, ઉપર્યુક્ત ગ્રંથ.

૩૭. રાણકપુરના મેઘનાદ મંડપ સાથે આ મસ્જિદના ત્રીજા માળથી જોઈ વિચાર કરતા મને આ સરખાપણુ લાગ્યુ છે.

સુંદરતામાં ઉમેરો કરે છે અને નીરસતા ઓછી કરે છે મસ્જિદના ચોકની બાજૂઓમાં પડાળીઓ છે આ મસ્જિદની ખાસ મનોહરતા એનો બહારનો સુંદર કોતરણીવાળો કોટ વધારે છે એમાં પ્રવેશ કરવા માટે ઉત્તર દક્ષિણ અને પૂર્વ તરફ સુંદર છત્રીઓવાળા પ્રવેશદ્વાર છે એમાં પૂર્વ તરફનું મુખ્ય પ્રવેશદ્વાર તો એટલું સુંદર છે કે એને સ્થાપત્યના એક ખાસ શણગાર તરીકે જુદું પણ ગણાવી શકાય મસ્જિદમાં આજે લેખ નથી, પણ ફિરિસ્તાએ એની નોંધ લીધી છે એમાં લખે છે કે "ખુત્મા વ મિમ્બર" એ શબ્દો ઉપરથી બંધાયાનું વર્ષ હિ સ ૯૧૪ એટલે ઈ સ ૧૫૦૮-૯ આવે છે આ ઉપરથી મહમૂદ બેગડાના અમલના છેલ્લાં વર્ષોમાં આ મસ્જિદ બંધાઈ રહી હતી એમ સમજાય છે એક મિનારાનો ઉપરની ટોચનો ભાગ તૂટેલો છે એ ઈ સ ૧૮૧૨ સિંધિયા સરકારના જુમ્મી કહેવાતા સૂબા પાટણકરે રમતમાં એના તરફ તોપનો ગોળો છોડેલો તેથી તૂટી ગયેલો છે મસ્જિદની પાછલી દીવાલમાં ૧૬ જાળીઓ છે અને ઉત્તરદક્ષિણમાં બબ્બે ઝરૂખા છે અંદર મુલુકખાનું પણ છે લિવાનને ચારે ખૂણે નાના મિનારા છે[૩૮]

એને માટે યુરોપીય વિવેચકોની ટીકા

આ મસ્જિદને માટે યુરોપીય કલાવિવેચકોમાં મતભેદ પ્રવર્તે છે સર જોન માર્શલ આ મસ્જિદના મિનારાની ગોઠવણીની ખાસ ટીકા કરે છે અને મિનારા ગોઠવવામાં સ્થપતિ સફળ થઈ શક્યો જ નથી એવી સામાન્ય ટીકા પણ કરે છે મિનારાને લીધે મસ્જિદનો દેખાવ સમગ્રતાની દૃષ્ટિએ જોતાં બગડી ગયો છે એમ કહે છે જો કે બીજી વિગતો જોતાં આ મસ્જિદની પૂર્વ તરફનાં મુસ્લિમ મકાનોમાં

---

૩૮ આર્કિ સર્વેનો ઉપર્યુક્ત ગ્રંથ પંચમહાલ ગેઝેટિયરમાં ચાંપાનેરનું વર્ણન, વગેરે ઉપરથી સાર લીધો છે

શ્રેષ્ઠ ગણી શકાય એવી છે એટલું કબૂલ કરે છે.[૩૯] પર્સી બ્રાઉન આ મસ્જિદની તારીફ કરે છે અને આગણાનો કોટ તથા એનાં પ્રવેશદ્વારો જોતાં જ અંદરની ભવ્યતા અને સુંદરતાનો સમગ્ર ખ્યાલ જોનારને આવી જાય એમ કહે છે. હિંદુ મંદિરની અસર અમદાવાદની મસ્જિદ કરતા પણ માળની રચનામા વધારે દેખાય છે એમ લખે છે અને ઉમેરે છે કે આ બાંધનાર કલાકારો માત્ર મકાનો બાંધનારા ઉસ્તાદો હતા, એટલું જ નહિ, પણ મનુષ્યસ્વભાવના પણ ઊંડા અભ્યાસી હોવા જોઈએ. પર્સી બ્રાઉન માળના મંડપોના થાભલાની ખાસ ટીકા કરે છે અને એમા ભિન્ન સ્થાપત્યની મેળવણી ખોટા દેખાવ પૂરતી અને વધારા પડતી છે એમ મત દર્શાવે છે.[૪૦]

યુરોપીય કલાકારોનો આ મત વિચારપ્રેરક છે, છતા એમ કહેવુ પડે કે આપણા સ્થાપત્યની કેટલીક ભાવના એ લોકો સમજ્યા નથી. એની ચર્ચા પાછળ સ્થાપત્યના પ્રકરણમાં કરી છે. ચાપાનેરની મસ્જિદ સર જોનને આગળથી જોતાં સમગ્રદર્શનમા ખામીવાળી લાગતી હશે પરંતુ એને જરા દૂરથી આંગણાના કોટ અને પ્રવેશદ્વારોની સાથે સમગ્રતામા જોવાની જરૂર છે માત્ર મહોરો જોઈને અભિપ્રાય વ્યક્ત કરવો એથી આવા સુંદર મકાનને અન્યાય થાય છે મિનારા જરા ઊંચા અને પ્રમાણમા પાતળા છે ખરા, પરંતુ ઉપર જોયું તેમ

---

૩૯. માર્શલ, કેમ્બ્રિજ હિસ્ટ્રી ઑફ ઇંડિયા III, પૃ. ૬૧૩.

૪૦. Percy Brown : Indian Architecture : Islamic Period, P. 55–56. એ લેખક અમદાવાદ અને ચાંપાનેરની જુમા મસ્જિદોની સરખામણી કરતા Classic parallel તરીકે એકને Doric style કહે છે અને બીજીને Corinthian style કહે છે, અને થાંભલા માટે અસંતોષ વ્યક્ત કરતાં લખે છે કે "those in the Champaner sanctuary beiug more sophisticated..." એવા શબ્દો વાપરે છે. પર્સી બ્રાઉન ઝરૂખાની રચના અને ગોઠવણીને ખાસ વખાણે છે, હિંદુ મંડપના થાંભલાને ભિન્ન સ્થાપત્ય તરીકે વર્ણવે છે.

ત્રણ માળના મેઘનાદ મંડપની સાથે જોડાવી એનો દેખાવ ખરાબ લાગતો નથી થાંભલાઓમાં પણ હિંદુ મેઘનાદ મંડપના થાંભલાનું અનુકરણ છે ગુજરાતી સ્થપતિઓએ પોતાને બાંધકામની જેટલી કળાઓ આવડી એટલી (મૂર્તિઓ સિવાય) આ મસ્જિદમાં બતાવી છે એમ કહ્યા વગર ચાલે તેમ નથી

બીજી મસ્જિદો

ચાંપાનેરના કિલ્લામાં બીજી મસ્જિદો પણ છે દરવાજાની બાજૂમાં શહેરની મસ્જિદ કહે છે તે આખી ઊભી છે એની કમાનો કદમાં નાની છે તેથી દેખાવ સારો લાગતો નથી આ મસ્જિદ અમદાવાદમાં ભદ્રની મસ્જિદની પેઠે રાજગઢની મસ્જિદ હશે એની બાજૂમાં રાજમહેલના પાયા જણાય છે

કિલ્લાની ઉત્તરે અઢી ફર્લાંગ છેટે નગીના મસ્જિદ નામની એક નાની પણ ધોળા પથ્થરની બાંધેલી સુંદર મસ્જિદ છે એની પશ્ચિમે બાવામાનની મસ્જિદના મિનારા ઝાડની વચ્ચેથી દેખાય છે એ બાવામાન એ પાવાગઢ ઉપર જેમની કબર છે એ સદનશાહના શિષ્ય છે અને વડોદરામાં એમના અનુયાયીઓ છે ચાંપાનેરમાં કેવડા અને ખજૂરી નામની મસ્જિદો અને લીલો ગુંબજ નામે મસ્જિદો પણ છે, પરંતુ આ બધાના બાંધનાર અને એમનો સમય નક્કી કરવાનું સાધન નથી બહાદુરશાહ પછી ચાંપાનેરમાં મુસલમાન સત્તાની પડતી આવી એટલે આ બધાં બાંધકામ મહમૂદ બેગડાની અને બહાદુરશાહની વચ્ચેના સમયના ગણી શકાય કિલ્લાથી દોઢ માઈલ દૂર બડા તળાવને કાંઠે એક મહેલનાં ખંડેર નજરે પડે છે, એ કદાચ હિલખુશ મહેલના હોય હાલોલની ચાંપાનેર આગળના કેટલાંક સ્થળો આજે દેખાય છે હાલોલ ગામ ચાંપાનેરના બાગ હાલૂલ ઉપરથી ચડેલું છે એ પાળો જોયું મુસલમાન તાઈ વણકરોના પીર ખુન પીરની દરગાહ પણ નજરમાં છે એની ઈશાને થોડે છેટે એક

મિનારની મસ્જિદના નામથી ઓળખાતી મસ્જિદ ઊભી છે, અને ત્યાં પાવાગઢ તરફ આવતાં પાંચ મહુડાની મસ્જિદ નામે એક મસ્જિદ આવે છે. હાલોલથી ચાંપાનેર આવતાં આશરે દોઢેક માઈલ છેટે એક મોટા દરવાજાની એકલી ઊભેલી કમાન આવે છે. ચાંપાનેરના બહારના કોટનો પશ્ચિમ તરફનો આ દરવાજો છે. ત્યાંથી ખરું ચાંપાનેર શહેર શરૂ થાય છે. આજે તો એમાંથી પસાર થતાં જંગલ જ છે, પરંતુ એક બગીચામાં ચાલતા હોઈએ એવું લાગે છે. કમાનની જમણી બાજૂ પગથિયાંવાળું એક તળાવ છે એને કસમણ તળાવ કહે છે; પરંતુ એ શકરખાન નામના એક ચાંપાનેરના પઠાણે બાંધેલું છે, અને એની દરગાહ પણ ત્યાં જ છે. ચાંપાનેરનો બહારકોટ પાવાગઢના કિલ્લાની દીવાલને મળે છે. ચાંપાનેરનાં ખંડેરોમાં એક પડી ગયેલા ઘૂમટનો સુંદર રોજો ગણાવ્યા વિના આ વર્ણન અધૂરું કહેવાય આ રોજો ગૂજરાતના રોજાઓમાં ઉત્તમ કહી શકાય એવી સુંદર કારીગરીનો છે. એના થાંભલા ઉપર ખાસ કરીને અદ્ભુત અને મનોહર કારીગરી કરેલી છે અને અમદાવાદની સીદી સૈયદની અને શાહપુરની મસ્જિદોની કોતરણીનો ખ્યાલ આપે એવા આ રોજાના થાંભલા છે. આવો સુંદર રોજો કોનો છે તે જાણી શકાયું નથી ૪૧

ચાંપાનેરનો કિલ્લો—જહાંપનાહ

ચાંપાનેરનો “જહાપનાહ” અથવા રાજગઢ આજે પણ એની ભવ્યતાનો ખ્યાલ આપી રહ્યો છે એના પૂર્વ અને પશ્ચિમ તરફના દરવાજા સવ્ય અપસવ્ય રીતે બાંધેલા છે, અને ચોકીદારોને માટે ઓરડા પણ બાંધેલા છે દરવાજાનો આખોય દેખાવ ૧૫૦ × ૧૨૦

૪૧. પંચમહાલ ગેઝેટિયર, શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈકૃત પાવાગઢની પુસ્તિકા, ઉપરથી સાર લીધો છે. ખુનપીરનું ખરું નામ ખુંદમીર છે એમ કહે છે.

ફૂટનાં ચોબદારોના મકાન સાથે ઘણો સારો લાગે છે આ રાજગઢ અથવા જહાંપનાહ કિલ્લો પોણો માઈલ લાંબો છે અને ૨૦૦ વાર પહોળો છે એની વચ્ચે એક મંડપ છે એને માંડવી કહે છે કિલ્લાના રસ્તાને ગોધરા દરવાજો અને હાલોલ દરવાજો કહે છે બન્ને દરવાજાની ઉપર મોટા અરબી અક્ષરોથી લેખ છે, મહમૂદ બેગડાનુ નામ છે બંધાયાની તારીખ રવિવાર ૨ જી જિલકાદ ૮૮૯ (૨૧ નવેમ્બર ૧૪૮૪) છે[૪૨] આજનું થોડા ઝૂંપડાં અને થોડી ધર્મશાળાઓનું ચાંપાનેર આ કિલ્લાની અંદર વસેલું છે મરાઠા અને બ્રિટિશ સમયમાં એને વસ્તી વધારી આબાદ કરવા પ્રયત્ન થયેલો, પણ એમાં સફળતા મળી નહિ ચાંપાનેરનો નાશ માતાજીના શાપથી નથી થયો એ ઐતિહાસિક રીતે પાછળ ચર્ચ્યું છે, અને લોકમાં મનાતી એ દંતકથા પણ આધુનિક કહી શકાય એવી જ છે પરંતુ આજે ચાંપાનેરની કરુણ દશા જોઈ, એનાં જંગલ અને ખંડેરો ઉપર નજર નાખતાં મુખમાંથી નિઃશ્વાસ નીકળી જાય છે અને એકવારની આ સુંદર અને ભવ્ય નગરી કોઈ શાપિત ભૂમિ હોય એવું લાગી આવે છે

પાવાગઢના કિલ્લાના મુસલમાન મકાનો

રાજગઢના પશ્ચિમ તરફના ખૂણામાં આવેલા દરવાજામાંથી બહાર નીકળી પાવાગઢ ઉપર જવાનું ચડાણ શરૂ થાય છે પાવાગઢની ઊંચાઈ આશરે ૨૭૦૦ ફૂટ છે અને એના ઉપર એક પછી એક મજબૂત રક્ષણહરોળની દીવાલો આવે છે એ બધી વટાવીને પર્વતના મધ્ય ભાગમાં પહોંચાય છે ઈ સ ૧૮૦૩માં કેપ્ટન માર્ક્સ લખે છે

૪૨. આ દરવાજાઓનાં આજે કહેવાતાં નામ ચાંપાનેર ખંડેર થયા પછી પડ્યાં હોય એમ સમજાય છે સમૃદ્ધ ચાંપાનેરનો હાલોલ તો માત્ર બાગ હતો એટલે દરવાજાનું નામ એ ઉપરથી પડે નહિ કિલ્લો બંધાયાની તારીખ પાવાગઢનો કિલ્લો જીતાયાની તારીખ તવારીખોમાં આપેલી છે તેને મળી રહે છે

કે પર્વતની તળેટીને અડીને વિસ્તૃત ખંડેરો, ઘરો, તળાવો, મંદિરો, મસ્જિદો વગેરે જંગલથી ઢંકાયેલાં છે. આજે એ વાતને પણ સેંકડો વર્ષ થઈ ગયાં છે અને એમાંથી ઘણુંખરું નાશ પામ્યું છે. પાવાગઢ ઉપર ચડતાં અડધો માઇલ ઉદ્યાન જેવાં દેખાતાં દશ્યોમાંથી પસાર થતાં અટકના દરવાજાથી એક પછી એક રક્ષણશ્રેણીની દીવાલો અને દરવાજા શરૂ થાય છે રજપૂત સમયની આ દીવાલો અને દરવાજાની બાંધણીને મુસલમાનોએ વધારી સુધારીને મજબૂત બનાવી છે, અને બૂઢિયા દરવાજાની રચનાથી આ વાત સિદ્ધ થાય છે. ત્રીજી રક્ષણશ્રેણિ મૂકયા પછી સદનશાહના દરવાજા પછી જમણે હાથે સાત મહાલ કહેવાતા મકાનનાં પગથિયાં આવે છે. આખા પાવાગઢ ઉપરનાં મકાનો મજબૂતાઈની દૃષ્ટિએ બાંધેલા હોવાથી એમાં બુલંદ ભવ્યતા સિવાય બીજું આકર્ષણ નથી. પરંતુ આ સાત મંઝીલ કે મહાલમા કાંઈક આકર્ષણ છે એને ચંપારાણીનો મહેલ અથવા ખાપરા ઝવેરીનો મહેલ કહે છે, અને એમાંથી નીચે ઊતરવાનું હતું એમ કહેવાય છે પરંતુ આ વાતને આધાર મળતો નથી આ મહેલ વિશ્વામિત્રીના મૂળની ખીણની ઉપર ટેકરીને છેડે ઝૂકીને ઊભેલો છે, એટલે નીચે ખેલાતા શિકારને ઉપરથી રાણીઓ જોઈ શકે એ માટે બાંધેલો હશે એમ મનાય છે પરંતુ આ મકાન મુસલમાન સમયનુ બંધાયેલુ છે પગથિયા ઊતરી રહેતાં છેડા પર સુંદર મંડપ છે. ત્યાંથી અંધારી ને ઊંડી ખીણનો દેખાવ ભયકારક છતાં સુંદર લાગે એ એની વિચિત્રત છે આ ખીણમાં મૂળ વિશ્વામિત્ર ઋષિનો આશ્રમ અને નદીનુ મૂળ મનાય છે; એક મહાદેવનુ નાનુ દેવાલય પણ નજરે પડે છે. આ સાત મંઝીલની ટેકરીની સામે બીજી મોટી ટેકરીની શાખા દેખાય છે એના ઉપરથી કોટની એક દીવાલ નીચે ઊતરતી જાય છે જે કસબણ તળાવને જઈ મળે છે આ ટેકરી ઉપર ઝુલન બદન દરવાજાના અને નાગર હવેલી કહેવાતાં મકાનના ખંડેરો દેખાય છે

મૌલિયા અને પાવાગઢની ઉપરનો ભાગ

માચી હવેલીથી ઉપર ચડતા મકાઈ કોઠારના દરવાજા પાસે આવેલું નવું ઘુમટવાળું મકાઈ કોઠારનું મકાન પણ મુસલમાન સમયનું છે અને ઘેરા વખતે અનાજ ભરવાના કામમાં આવતું હતું એમાં ટાંકાં પણ છે ત્યાંથી ઉપર ચડતા ડાબી બાજૂ ભદ્રકાલીના મંદિરે જતી પાવાગઢની ટેકરીની શાખા છે આ ટેકરી અને પર્વતની મુખ્ય ટેકરીની વચ્ચે હાથીકૂવા નામની ખીણ છે એ ખીણ વિશ્વામિત્રીની ખીણ કરતાં વધારે ઊંડી છતાં એટલી અંધારી કે ભયંકર દેખાતી નથી આ ખીણ ઉપર ઝૂકીને ઊભેલા એક મહેલનું તૂટેલું ખંડેર છે એને પતાઈનો મહેલ કહે છે પરંતુ મકાન મુસલમાન સમયનું જણાય છે ભદ્રકાલી જતા રસ્તામાં ખોપરાં આવે છે ત્યાં પણ મહેલો હતો ભદ્રકાલીના મંદિરનું મુખ મહાકાલીના મંદિરથી ઊલટી દિશામાં છે તેથી એમ કહેવાય છે કે પતાઈના નવરાત્ર મહોત્સવમાં કાલિકા ગયા તેથી એમના બહેન ભદ્રકાલી રિસાયાં તેથી અવળાં ફરીને બેઠાં આ પણ દંતકથા છે દંતકથા જોડવાની આપણા લોકોની રીત અદ્ભુત છે। પતન ઉપર ચડતાં પાટિયાપુલ અને તે પછીના દરવાજાઓ વટાવ્યા પછી એક માઈલ લાંબું અને પા માઈલ પહોળું એવું મેદાન આવે છે અને એમાં મુસાફરખાને આવેલા મૌલિયા નામનો એક ઉપરનો કિલ્લો હતો એના હિંદુ અવશેષોનું વર્ણન પાછળ કર્યું છે અને તળાવો તથા ટાંકાં ઉપરાંત મહાકાલીના મંદિરનું વર્ણન પણ પાછળ કરી ગયા આ મૌલિયામાં મુસલમાન સમયનો અને મહત્વનો [illegible] છે, પણ ખાસ કંઈ રહ્યું સાબૂત નથી, માત્ર મેદાનને છેડે મકાઈ કોઠારને મળતું પણ એનાથી મોટું નવલખા કોઠાર નામનું મોટું ઘુમટવાળું મકાન છે પાવાગઢની ઉપર જેમ જેમ ચડતા જઈએ તેમ તેમ નાના નાના દેખાવ બદલાતા દેખાય છે ઉપર દુધિયા તળાવ આગળથી તથા મહાકાલીના મંદિર ઉપરથી પણ મ[illegible]ના દેખાવ નજરે પડે છે ચાંપાનેરનો કિલ્લો અને મકાનો નાના રમકડાં

જેવાં દેખાય છે. મહાકાલીના મંદિરમાથી ચારે બાજૂ જોતાં લાક્ષણિક રીતે પણ અનેક સ્વરૂપમાં રહેલા મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી-નાં સ્વરૂપો આદ્યશક્તિ કે પ્રકૃતિનાં ત્રિગુણાત્મક સ્વરૂપો–જાણે આ સ્થળમાં હોય એવું મનમાં ભાસે છે અને મન અનેક લાગણીઓથી ઊભરાઈ ઉન્નત બને છે. આ સ્થળના ઇતિહાસમાં અને એની ચારે બાજૂએ શૃંગાર, વીર, કરુણ, અદ્ભુત આદિ રસો ભરેલા છે મહા-ગૂજરાતનુ આ ખંડેરોનું મહાન સ્થળ મહાકાલની રમણીય ભયંકરતા દર્શાવતું આજે ઊભું છે. ગૂજરાતીઓની રસવૃત્તિ એને સૌંદર્યધામ આજના જમાના પ્રમાણે બનાવશે ?[૪૩]

■

૪૩. પાવાગઢના ઉપરના ભાગનું આ બધું વર્ણન, 'કુમાર'ના રજતાંકમાં આપેલો મારો લેખ, ગુજરાત સંશોધન મંડળના ત્રિમાસિકમાં ડૉ. ગટ્ટેનો લેખ અને શ્રી. રમણલાલ દેસાઈનું 'પાવાગઢ' ઉપરથી સાર લીધો છે.

પરિશિષ્ટ—અ

ગૂજરાતના ઇતિહાસના સાધનોમા મુસલમાન તવારીખોનુ સ્થાન અને એનુ મૂલ્યાંકન

ભારતના ભૂમિવિભાગોની સસ્કારિતાના ઇતિહાસ માટે જે સાધનો ઉપલબ્ધ તથા ઉપલભ્ય છે, તેમા ગૂજરાતને લગતા સાધનો પ્રમાણમા વધારે વિપુલ અને વિસ્તૃત છે એ વાત હવે વિદ્વાનો સ્વીકારે છે મુસલમાનોના આગમન પહેલાંના સમય માટે જે સામગ્રી મળે છે તેને પશ્ચિમનુ ઇતિહાસવિજ્ઞાનનુ શાસ્ત્ર—જેને આપણા ઘણા વિદ્વાનોએ પણ માન્ય રાખ્યુ છે—ખરા ઐતિહાસિક સાધનો તરીકે સ્વીકારતું નથી એ પણ સાચી વાત છે પરતુ આપણી પ્રાચીન સાધનસામગ્રીને માત્ર પશ્ચિમની પારાશીશીથી માપી જોવાની રીત પણ બરોબર નથી એમ હવે વિદ્વાનોને લાગવા માડ્યુ છે આપણી સામગ્રી આપણા દેશના ઐતિહાસિક વાતાવરણને અનુસરીને જ જોવાથી એનો ખરો ખ્યાલ આવે છે એ દૃષ્ટિએ જોતા માણસજાતની ઉન્નતિના ઇતિહાસમા ભારતનો ફાળો કોઈ રીતે ઊતરતો નથી, પછી ભલે એમાં કોઈ બનાવની તારીખ ન મળતી હોય [1]

પ્રો૦ બ૦ક૦ ઠાકોરનું મુસલમાન ઇતિહાસ માટેનું મત૦૪

મુસલમાનોના આગમન પછી દરેક બનાવોની તારીખોવાળો ઇતિહાસ વધારે પ્રમાણમાં લખાવા માડ્યો એ ખરુ છે પરતુ આજના

1 તારીખો વગરનું વર્ણન ઇતિહાસ નથી એવી માન્યતા છે પરતુ ઇતિહાસમા વૈજ્ઞાનિક ચોકસતા શક્ય નથી એવો પણ મત છે કારણ ભૂતકાળમા બનેલી કોઈ પણ વાત માટે શકા તો રહ્યા જ કરે એટલે નૈતિક ચોકસના વધારે મહત્ત્વની મનાય છે આપણુ પ્રાચીન સાહિત્ય એ જાતનું છે આપણા ઇતિહાસનું વાતાવરણ નૈતિક ચોકસતાને ટેકો આપનારુ છે પ્રો જદુનાથ સરકાર માને છે કે મુસ્લિમો પહેલા ખરો ઇતિહાસ હતો નહિ

ઇતિહાસવિજ્ઞાનની દૃષ્ટિએ એમાં પણ ખામીઓ છે તે ભૂલવા જેવું નથી. આ માટે આપણા ઇતિહાસના એક સમર્થ વિચારક સ્વ. પ્રો. બળવંતરાય ક. ઠાકોરના વિચારો જોવા જેવા છે.[2] જરા વિસ્તારનો ભય છતાં એમનુ પ્રેરક દૃષ્ટિબિંદુ વિચારી એમાં જે કાંઈ મતભેદ જેવું જણાય તેની ચર્ચા મુસ્લિમ સમયના ઇતિહાસના અભ્યાસ માટે ઉપયોગી થઈ પડે પ્રો. ઠાકોર આ પ્રમાણે લખે છેઃ—

"મુસલમાન લેખકોએ આપવડાઈમાં ઘણી વિગતો ખોટી લખી છે. દરેક લડાઈમાં પોતે જીત્યાનુ જ લખ્યુ છે, દુશ્મનોને ભાંડ્યા જ છે, અને આખા અહેવાલને દીનના વિજયના વાવટામાં લપેટી લીધો છે, અને કાફરો ઉપરના દ્વેષની લાળે તરબોળ કર્યો છે" અહીં પ્રો. ઠાકોર પોતે જ કબૂલ કરે છે કે "એ સર્વ માનવપ્રકૃતિની એક સાધારણ ખાસિયતના પરિણામ છે."[3] નીચે નોંધમાં એ લખે છે કે: "આ વર્ણન મુસલમાન અહેવાલો અને ઇતિહાસોના ઘણા મોટા ભાગને લાગુ પડે છે. અકબરના સમયના અહેવાલો મુકાબલે બહુ સારા છે." મુસલમાન તવારીખોનુ સ્વરૂપ વર્ણવતા એઓ આ પ્રમાણે લખે છે —

'રાજતરંગિણી, હર્ષચરિત, વિક્રમાંકદેવચરિત, કહાનડદેપ્રબંધ આદિ હિંદુ ઇતિહાસોની ખામીઓ ચારે બાજૂએ સ્વીકારાય છે, બલ્કે એ ખામીઓ છે તે કરતાં પણ વધારે મોટી અને વધારે પ્રમાણમાં ગણવાની પ્રથા પડી ગઈ છે એથી ઉલટુ મુસલમાની સાધનોની ખામીઓ ધ્યાનમાં લેવી જોઈએ એટલી લેતાં હજી પણ આપણે શીખ્યા નથી. હિંદુ સાધનો નથી જ, ઐતિહાસિક ગણાય એવાં સાધનોની ફક્ત આ

૨ શ્રી. ઠાકોરે ઈ. સ. ૧૯૨૦ ની અમદાવાદની ગુજરાત સાહિત્ય પરિષદના ઇતિહાસ વિભાગના પ્રમુખપદેથી આપેલા ભાષણમાથી.

૩. મુસલમાન તવારીખોના મૂલ્યાંકનમાં આ વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે. તેની ચર્ચા આગળ કરીશું. ઈ. સ. ૧૯૨૦ પછી આ બાબતોમાં વધારે અભ્યાસ થયો છે અને સશોધન પણ થયુ છે, બધી પ્રજામાં એવું જ છે.

મુસનમાની છે, એ ઇતિહાસશોધકોની પહેલી પેઢીનો મત હતો પણ એમા સુધારો થતો આવ્યો છે ખરો, તથાપિ હજી મુસનમાની સાધનોને આપણે હદ થી વધારે વજન ૧૨ ગણીએ છીએ હિંદુ સાધનો મળતા ગયા તેમ તેમ પહેલો મત ઘેરો ખરો, પરંતુ જે મળ્યા તે હિંદુ સાધનોને મુકાબલે મુસનમાની સાધનો ઐતિહાસિક દૃષ્ટિએ પ્રથમદર્શને વધારે માની શકાય એવા જણાયા એ વાઙ્મયમા તારીખો, બનાવો, વંશાવલિઓ, અમનદારો અને સ્થળોના નામ વગેરે વિગત ઘણી વધારે અને ચોક્કસ હોય છે, અને વળી તે એક ક્રમબદ્ધ ઇતિહાસ પે અને ગદ્યના ધોરણો ઉપર લખેલી છે એ ઉઘાડુ છે પરંતુ બીજી બાજૂ પણ જરા વિચારો જે લેખકોને હાથે એ લખાયા છે તેમની ખાસિયતોથી, જે વાચનાગ માટે એ લખાયા છે તે પ્રજાના લોકમતના ગ? વનણોથી, અને જે ફારસી અરબી સાહિત્યનુ અનુકરણ એ કર્તાઓએ પોનાના સ્વતંત્ર ગ્રંથ રચતા જાણે અજાણ્યે કર્યુ છે, એ સાહિત્યમાની ભાવનાઓથી એ સર્વ અહેવાલો રંગાયા હોય એ સ્વાભાવિક છે, અને આથી ફરીને હું જે અહી ભાર દઈને કહેવા માગુ છુ તે એ છે કે આ સર્વ એ સામાન્ય વ્યાપક ચેતવણી તરીકે સ્વીકારે છે તે અભ્યાસમાં પણ એ ચેતવણીમાથી ?નિત થતી શાસ્ત્રીય અશ્રદ્ધા (scientific incredulity or inde)pendence) ખરી રીતે જેટલી તો વિશાળ અને ઊંડી હોવી જોઈએ, તે સામાન્ય રીતે ભૂલી જાય છે હવે ફારસી અરબી સાહિત્યમાની ભાવનાઓ વિશે અહી થોડો વિચાર કરીએ દરેક સંસ્કૃતિસંપન્ન પ્રજાના સાહિત્યમા અમુક ભાવનાઓ ઓતપ્રોત હોય છે જ ઇતિહાસમા પણ એ ભાવનાઓની છાપ ઊંડી અને આરપાર પડે છે મુસનમાની સાહિત્યની એક ભાવના ભક્તજનની-દીનપરસ્તીની આપણા સુનતાનોમાથી જેનાજે ?ામા આ વનણ દર્ઈયે આગળ પડનુ હતી, તે તે દરેકને આપણા ઇતિહાસકોએ નમૂને ?? ભક્તજન જેવો ચિતરી દીધો છે એ સાહિત્યની બીજી ભાવના અજિત વિજેતાની, એ વીરનર લોહીના

નદીઓ વહેવડાવે, સ્વરનાં માથાના પિરામિડો રચે, ચડાઈઓ કરે, ચોતરફ દુશ્મનો એનાથી ત્રાસે જ, અને રાજ્યનો વિસ્તાર એ વધાર્યે જ જાય.[૪] ત્રીજી ભાવના વહીવટકુશળ શાસકર્તાની. આપણા સુલતાનોમાં કેટકેટલામાં આ નમૂનાઓ અને એમનાં વિવિધ મિશ્રણ જોવામાં આવે છે? એ સાહિત્યની બીજી એક ભાવના મદોન્મત્ત ઉચ્છૃંખલ યોદ્ધાની. જેની સામે આંખ કરે તે ચપટીમાં ચોળાઈ જાય—એવા સુલતાનો પણ આપણા ઇતિહાસમાં ક્યાં ઓછા છે? આ વિચારતાં એ ઇતિહાસોને સ્પષ્ટ ખોટા ન ઠરાવી શકાય ત્યાં તેને ખરા માનવાનું વલણ પ્રવર્તે છે તે કેવું અશાસ્ત્રીય છે!

“મુસલમાની ઇતિહાસોમાં જે આપેલું છે તેમાં આ પ્રમાણની ખામીઓ છે, જે મહત્ત્વની છે, ત્યારે એમાં જે નથી, જે હોય જ નહિ, તે તેની સાથે તુલના પણ ન થઈ શકે એટલા વધારે મહત્ત્વનું છે કુતુબુદ્દીને દેહલીની ગાદી સ્થાપી ત્યાથી ઈ. સ. ૧૫૫૬ સુધીના સાડાત્રણ સૈકામાં દેહલી અને લાહોરથી તે દ્વારસમુદ્ર અને વરંગળ સુધી જે નાની મોટી સલ્તનતો લાંબો ટૂંકો સમય ચાલી તે સર્વને એકસામટી જોતાં આપણા મગજ ઉપર કેવી છાપ પડે છે વારુ? જાણે, અમુક સ્થળે એક વિદેશીઓની છાવણી પડે. એમાં એ છાવણીના માણસોને રુચે એવા જ દેશી માણસો છાવણીના દાસાનુદાસ તરીકે જ વસી શકે તેની મર્યાદાની આસપાસ એક મોટું વર્તુલ જાણીને જ ખેદાનમેદાન કરવામાં આવે, તે છાવણીના પોતાના અભેદ્ય રક્ષણ તરીકે. આ ખેદાનમેદાન વર્તુલમાંથી લશ્કર મરજી પડે ત્યારે બહાર ધસે, ફાવે એટલી લાંબી મજલ કરે, લૂંટથી તથા ગુલામ કરેલાં “બાનો”નાં ટોળાંઓથી લાદેલું પાછું છાવણીમાં પેસે. ખેતી, ધંધોરોજગાર, આબાદી, સમૃદ્ધિ, જાહોજલાલી આ છાવણીનાં ક્ષેત્રફળની અંદર જ. “મહેનત, મજૂરી, કસબ, અક્કલ, મુખ્યત્વે

૪. 'આપણી લોકમાન્યતા' શત્રુનું નગર જીતી ત્યા 'ગધેડે હળ ફેરવાવ્યું' તથા પ્રશસ્તિનાં વિશેષણો 'રિપુવનદહનદાવાનલ' વગેરે વગેરે શું સૂચન કરે છે?

ગુલામોની એટલે કે દેશીઓની ×××" "મુસ્લિમ ઇતિહાસોમાં જે છે તે આ સર્વ જેરના લાંબાટૂંકા અહેવાલો છે હિંદનો સાડાત્રણ સૈકાનો ઇતિહાસ તે આ? મુસ્લિમો કદાચ કહેશે કે 'હા, એ જ હિંદનો એ સમયનો ઇતિહાસ "

મુસલમાન તવારીખોના મૂલ્યાંકનનું આ અવતરણ લાંબું અને કડક લાગશે પ્રો બ ક ઠાકોર આગળ એમ પણ લખે છે કે કેટલીક મુસલમાન સલ્તનતોને જેમાં એ ગુજરાત, માળવા અને ગુલબર્ગાને ગણાવે છે—સમજ્યે કે અણસમજ્યે જે પ્રજા ઉપર અમલ કરવાનો હતો તેમનું કેટલુંક સ્વીકાર્યું, અપનાવ્યું અને કૃતિમાં મૂક્યું એવી સલ્તનતો છાવણીશાહીને બદલે કાંઈક મિશ્ર રૂપની થઈ એઓ એમ માને છે કે એવી મિશ્ર સલ્તનતોએ મિશ્ર મધ્યકાલીન સંસ્કૃતિ પણ ઊભી કરી અને એની અસર કલાઓ, સંગીત ઉર્દૂ આદિ ભાષાઓ, રિવાજો પહેરવેશ નાતોજાતો ઉપર પણ થઈ તવારીખો આવી સલ્તનતોને ટૂંકામાં પતાવે છે અને એમના ઇતિહાસ ત્રુટિત આપે છે એમ પણ માને છે એઓ એક બીજો અભિપ્રાય એવો વ્યક્ત કરે છે કે જેઓ પોતાને પહેલા ઇસ્લામી અને પછી હિંદી માને છે એવા લોકો છાવણીશાહીના ઇતિહાસને શુદ્ધ ગણે છે, જ્યારે પહેલા હિંદી અને પછી ધર્મને સ્થાન આપનાર બરોબર તુલના કરે છે એમ કહી એવા દાખલા પણ ટાંકે છે હિંદુઓની સંસ્કૃતિમાંથી ઘણું જાણવાનું છે એમ માનનારા સરકારી મુસલમાનો પણ છે

પ્રો ઠાકોરના મતની ચર્ચા

પ્રો ઠાકોરની આ બધી માન્યતા અવશ્ય ખૂબ જ વિચારપ્રેરક છે અને તવારીખોનું સામાન્ય મૂલ્યાંકન કરવા માટે ધ્યાનમાં લેવા

૫ ગુજરાતમાં તો આ ચિત્રની બીજી બાજૂ છે તે યથાસ્થાને જોઈશું

૬ ઉર્દૂ શબ્દ પ્રાચીન નથી બાદશાહી સમયમાં એને 'ઝબાને હિંદવી' કહેતા હતા

ઘણું મળશે ધાર્મિક સહિષ્ણુતા એ જમાનામાં યુરોપમાં પણ કેવી અને કેટલી હતી? એ લોકોએ હિંદમાં થાણું નાખ્યા પછી હિંદની પ્રજાઓ સાથે કેવો વર્તાવ રાખ્યો અને કેવા જુલમો ગુજાર્યા હતા એ તરફ પ્રો. કોમિસેરિયતનું ધ્યાન ગયું હોય એમ લાગતું નથી.[૯] યથાસ્થાને સાંસ્કૃતિક ઇતિહાસમાં આ ચર્ચાને સ્થાન મળશે. તેમજ અહીં કોઈ પક્ષની વકીલાત કરવાનો પણ આશય નથી પરંતુ કોઈ વસ્તુનું મૂલ્યાંકન કરતાં એ જમાનાના વાતાવરણને પહેલું ધ્યાનમાં લેવાની જરૂર છે હિંદુ દૃષ્ટિએ આમાં એક જ વાત મહત્ત્વની છે કે સેંકડો વર્ષથી એ સંસ્કૃતિમાં જે કોમળતા અને સુકુમારતા સંસ્કારના અનેક જ્યોતિર્ધરોએ આણી હતી તે પ્રમાણમાં અન્ય પ્રજાઓ અને ધર્મોમાં ઓછી હતી. એ જમાનાની તવારીખો એ વાતાવરણ અને રંગથી રંગાયેલી હોય એમાં નવાઈ નથી અપવાદ બધે હોય છે તેમ એમાં પણ છે

ગુજરાતના ઇતિહાસની દૃષ્ટિએ મુસલમાન તવારીખોના બે ભાગ છે: એક ભાગ આખા હિંદની મુસ્લિમ સત્તાઓને લગતો અને બીજો–પ્રાંતોની સત્તાને લગતો. આ ઉપરાંત મુસ્લિમ લેખકોના એવા ઘણા ગ્રંથો છે કે જેમાં હિંદને લગતા અને એના પ્રાંતોને લગતા ઉલ્લેખો આવે ગુજરાત મૂળથી જ દરિયાઈ વેપાર અને વાણિજ્યમાં આગળ પડતો હોવાથી ગુજરાતને લગતા ઉલ્લેખો એવા ગ્રંથોમાં સર્વથી વધારે મળે છે. અહીં આપણે ગુજરાતની મુસલમાન સત્તાનો સળંગ ઇતિહાસ જે ગ્રંથોમાં મળે છે તેનું મૂલ્યાંકન કરવાનું છે. પહેલા ગુજરાતના ખાસ ઇતિહાસ ગ્રંથો જોઈએ

અહીં એક ખાસ અગત્યની વાત એ ' નોંધવાની છે કે ગુજરાત પ્રાંતના આ સમયના જેટલા ઇતિહાસ આજે મળી આવે છે તેટલા

---

૯. હિંદના પશ્ચિમ કિનારે પંદરમી અને સોળમી સદીમાં પોર્ચુગીઝોએ કરેલા જુલમો યથાસ્થાને નોંધીશું. કોંકણને કિનારે સૌથી વધારે જુલમો થયા છે.

હિંદના કોઈપણ પ્રાતના મળતા નથી ઈ સ ૧૩૯૧, જ્યારથી ઝફરખાન–મુઝફ્ફરશાહે ગૂજરાતની સ્વતંત્ર બાદશાહીની સ્થાપના કરી ત્યારથી ઈ સ ૧૫૭૩ મા અકબરે ગુજરાતને મુઘલ સામ્રાજ્યનો ભાગ બનાવી દીધુ ત્યા સુધીમાં જે મુખ્ય નોધપાત્ર સુલતાનો થયા છે તે બધાના ઇતિહાસ લખાયેલા, અને મહમૂદ બેગડાના સર્વથી લાબા રાજ્યકાળના એક કરતાં વધારે ઇતિહાસના ઉલ્લેખો મળે છે આ ઉપરાંત સલ્તનતના અંત પછી અકબરના રાજ્યમા ગૂજરાત સલ્તનતના અલગ ઇતિહાસ પણ મળે છે, અને એના લેખકોએ ઉપર કહેલા ગ્રથોના આધાર લીધાની નોધ પણ મળે છે એમના નામ આ પ્રમાણે છે

(૧) તારીખે મુઝફ્ફરશાહી–પહેલા સુલતાન મુઝફ્ફરશાહનો ઈ સ ૧૩૯૧ થી ૧૪૧૧ સુધીનો ઇતિહાસ (૨) કવિ હુલ્વી શિરાઝીની તારીખે અહમદશાહી–આ ઇતિહાસ કાવ્યોમા લખાયેલો છે આ બન્ને ઇતિહાસોનો આજે પત્તો નથી પણ અહમદશાહીની આશરે એક સો બેતો સિકંદરીના કર્તાએ નોધી છે અને અહમદીના લેખકે પણ અમદાવાદના વર્ણન માટે નોધી છે આ ગ્રથમા અહમદશાહ પહેલા સુધીનો ઇતિહાસ હોય એમ સમજાય છે એ પછી (૩) (૪) અને (૫) તારીખે મહમૂદશાહી, તબકાતે મહમૂદશાહી અને માથીરે મહમૂદશાહી નામે ત્રણ ગ્રથોના નામ સુલતાન મહમૂદ બેગડાના ઇતિહાસ માટે મળે છે એમાં તારીખે મહમૂદશાહી સિકંદરીના લેખકે જોઈ હતી એવુ લાગે છે મહમૂદ બેગડાના આ ત્રણ ઇતિહાસગ્રથોના લેખકો માટે પણ ફારસી વિદ્વાનોમાં મતભેદ છે (૬) તારીખે મુઝફ્ફરશાહી (બીજી) એ બેગડાના પુત્ર મુઝફ્ફરશાહ બીજાએ માળવાના સુલતાનને છોડાવવા મેદિનીરાય સાથે લડાઈ કરી તેનુ વર્ણન છે (૭) તારીખે બહાદુરશાહી–આ ગ્રથ સુલતાન બહાદુરશાહના સમયના ઇતિહાસ સુધી બહુ ઉપયોગી હશે એમ લાગે છે મિરાતે સિકંદરીએ એનો સારો ઉપયોગ કર્યો છે, પણ એના

[illegible] (૮) તુહફત ઉસ્સાદાત—એનો લેખક આરામ કાશ્મીરી છે. એનો ઉલ્લેખ પણ

૧૦. મિરઆતે સિકંદરીએ બહાદુરશાહીના કર્તાના નામ સાથે ક્યાંય એના કર્તાનું નામ જણાવ્યું નથી. એ લેખની નામ સાથે વધારે માહિતી ઉપરાંત બહાર પાડનાર ખાન સાહેબ ડેનિસન રોસને છે. સિકંદરીના લેખક તો એમ જણાવે એવો ઉલ્લેખ કરે છે કે બહાદુરશાહીનો લેખક એની રીતનું લખાણ કરે છે કે એ સમજવું ભારે થઈ પડે છે. પણ સર ડેનિસને એવી કોઈ નોંધ કરી નથી. ડૉ. ફકીરે આની સૌથી વધારે નોંધ લઈને એને પોતાની ભાષામાં લખ્યું છે.

સિકંદરીએ કરેલો છે એ મહમૂદ બેગડાના અમનથી છે

ખાસ ગૂજરાતને લગતા ત્રણ મહત્ત્વના ઇતિહાસગ્રંથો

આટના ગૂજરાતને લગતા ખાસ ઇતિહાસો જે બાદશાહોના નામના છે તે તેમના સમયમા લખાયા હોય એમ લાગે છે એ પછી શરૂથી અલ્તનતના અંત સુધીના ઇતિહાસો છે તે મુઘનાઈમાં જહાંગીરના સમયમાં લખાયેલા છે એટલે સલ્તનતના સળંગ ઇતિહાસ તરીકે વધારે કામના છે આ ગ્રંથોના લેખકોને ગૂજરાતના મુલતાનોની શરમ અડે એવું હતું નહિ છતા પોતાના આશ્રયદાતાઓને માટે પક્ષપાત થઈ જાય એ સ્વાભાવિક છે એમાં અકબરના સમયના અમીર અબુતુરાબ વલીનો (૯) તારીખે ગુજરાત નામનો નાનો ગ્રંથ છે એ સલ્તનતના અંત સમયની કેટલીક હકીકત આપે છે અને એ બહુ મહત્ત્વનો નથી જહાંગીરના સમયમાં લખાયેલા બે ઇતિહાસ (૧૦) મિરાતે સિકંદરી અને (૧૧) હાજી મીરનો ઝફરુલવાલીહ બ મુજફ્ફર વ આલીહ નામનો અરબીમા લખાયેલો ઇતિહાસ ખાસ મહત્ત્વના છે અને ઇતિહાસ તરીકે એ ગ્રંથોનુ મૂલ્યાંકન નોંધપાત્ર છે, એટલે એમનુ વર્ણન કરવાની અહી જરૂર છે એ પછી મુઘનાઈના અંત પછી મિરાતે અહમદી એ હિંદના બધા મુસલમાન સમયના ઇતિહાસોમા અનોખી ભાત પાડતો ગૂજરાતનો ઇતિહાસ છે એનુ પણ આ પ્રસંગે એગાએગી વર્ણન કરીશું, અને સમસ્ત હિંદના ઇતિહાસોમા બીજા પ્રાંતો સાથે જેમા ગૂજરાત સલ્તનતનુ વર્ણન કર્યું હોય એવા ઇતિહાસો પણ સિકંદરી અને અરબી ઇતિહાસની પેઠે જહાંગીરના સમયમા જ લખાયેલા છે તે ટૂંકામા જોઈશું જહાંગીરનો સમય ઇતિહાસલેખન માટે કાંઈક વધારે વેગવાળો હતો એમ સમજાય છે

મિરાતે સિકંદરી અને મિરાતે અહમદી એ બંનેની ખાસ વિશેષતા એ છે કે એમના લેખકો ગૂજરાતી મુસલમાન છે અને દેશની ખાસિયતો તથા પરિસ્થિતિથી વાકેફ હતા છે ગૂજરાતની સામાન્ય પ્રજાના

મોટા ભાગથી ધર્મે ભિન્ન હોવા છતાં એ બન્નેમાં ગૂજરાતી તરીકેનું અભિમાન વ્યક્ત થઈ આવે છે અને એમના જમાનાના સાહિત્યના રંગે રંગાયેલા છતા પ્રો. હોડીવાલા કહે છે એવા મુસ્લિમ તવારીખોના સામાન્ય દોષો એમનામા પ્રમાણમા ઘણા ઓછા છે. એમાં મુખ્ય કારણ રાજ્યકર્તાની શેહમાં તણાઈને લખવાનુ એમને માટે શક્ય નહોતું એ પણ હોય.

મિરાતે સિકંદરી

મિરાતે સિકંદરીનો કર્તા તો પોતે જ સ્પષ્ટ લખે છે[૧૧] કે એના સમયમાં જે જે બાદશાહોના નામની તવારીખો મળે છે, "તે દરેક લખનારને ઈનામની આશાએ પોતાના વખતના સુલતાનની ખાતર કરવી પડી છે આ કારણને લીધે ઉપર લખેલા ઇતિહાસોમા તમામ હકીકતોનો સમાવેશ થયેલો નથી એટલે કે તેમા તેઓનાં વખાણ કાર્ય સિવાય બીજુ કાંઈ દર્શાવેલુ નથી. દુનિયામા આદમીમાં નેકી અને બદી સમાયેલી છે. વિદ્વાનો કહે છે તેમ ગુલાબની ડાળીમાં કાંટા ને ફૂલ બન્ને રહેલાં છે તેમ મનુષ્યમાં પણ થોડા સારા અને થોડા ખરાબ ગુણ હોય છે જ. આ રીતે જ્યારે પયગંબર અને ઓલિયા પુરુષો કે જે નિર્દોષ હોય છે તે સિવાય કોઈ દૂષણ વિનાનું હોતું નથી, ત્યારે ગૂજરાતના સુલતાનોના ઇતિહાસમાં તેના સારા કૃત્યોનુ જ વર્ણન કરવું અને તેમને દૂષણ લાગે તેવાં કૃત્યો ગુપ્ત રાખવા એ

---

૧૧. સિકંદરીની લગભગ છ કે તેથી વધારે નકલો મળેલી છે. દરેકમાં કાંઇ કાંઈ ફેર જણાઈ આવે છે. લેખકે જે પ્રસ્તાવનામાં ઇતિહાસકારની આ જોખમદારીનો ઉલ્લેખ કર્યો છે તે ફઝલ લતફુલ્લાના તરજૂમામા નોંધ્યો નથી. સર બ્લાઈ બેલી એનો ઉલ્લેખ કરે છે, પણ વિગત આપી નથી. આ વિગત ગુ વ. સો. એ પ્રસિદ્ધ કરેલા ગૂજરાતી ભાષાંતરમાં આપેલી છે, એટલે આત્મારામ દીવાનજીએ જોયેલી નકલમાં એ મળે છે. સર બ્લાઈ બેલી પોતે છ નકલોનો ઉલ્લેખ કરે છે. નકલનવીસોએ પણ ફેરફાર કર્યાનું દેખાય છે. સિકંદરીના લેખકનું આ કથન સારા ઇતિહાસલેખકને શોભે એવું છે.

ઠીક નથી " આમ કહી લખક એ સુલતાનોનો થોડો બચાવ કરતા કહે છે કે એમના કૃત્યોની બારીક તપાસ કરતા સારા કૃત્યો વધારે અને ખરાબ કૃત્યો ઓછા માલૂમ પડ્યા છે આમા ઇતિહાસ (જૂના) માંથી જે મળી આવ્યુ તે ઉપરાત વિશ્વાસલાયક માણસો પાસેથી પણ એમના સારા નરસા કામો માટે જે સાભળ્યુ તે બધુ ભેગુ કરીને પોતાનો આ ઇતિહાસ લખ્યો છે એમ લેખક કહે છે છેવટે 'મિરાત' એટલે 'દર્પણ નામ' રાખવા માટે લેખક કહે કે "જેમ આરસીની અદર બરોબર પ્રતિમા જોવામા આવે છે તેમ આશા રાખવામાં આવે છે કે સિકદરના બનાવોના આ આરસામા સુલતાનોની પ્રતિમા જોઈએ તેવી માલમ પડશે, સાફ દિલનો ઊંચા કુળનો માણસ સામાના મો પર સાચુ કહે છે આપનો દૂષણ દેખાડવામા એમ નથી જોતો કે સામો સિકદર (એલેક્ઝાંડર) છે" આટલુ લખી પોતાને આ ઇતિહાસલેખનમાં પડેલી મુશ્કેલીઓ ગણાવતા પોતાના ગ્રથને નાનામોટા, હલકાભારે, મોતી તેમજ છીપના મણકાવાળી માળા ગણીને ભૂલ દરગુજર કરવા વિદ્વાનોને સબોધે છે

મિકદરીનો લેખક ઇતિહાસકારના જોખમદારી સમજે છે

આ અવતરણ ઉપરથી સમજાશે કે મિરાતે સિકદરીનો લેખક પોતાના કાર્યની જોખમદારી સમજે છે અને ઇતિહાસલેખનના કાર્ય માટે જાગતો છે સિકદરીમા સુલતાનો અને એના અમીરોના અને લડાઈઓનાં વર્ણનો અવશ્ય છે, છતાં પણ સાંસ્કૃતિક ઇતિહાસ માટે એમાથી સામગ્રી મળી રહે છે રાજાઓનુ વર્ણન કરવુ એ તો એ જમાનાની દૃઢ રીતે રૂઢ થઈ ગયેલી ટેવ હતી એ ટેવ એકના મુસલમાન લેખકોની હતી એમ માની લેવુ તે યોગ્ય નથી, બીજી કોમોના એ જાતના લખાણો પણ મળી આવે છે મિરાતનો લેખક કુરાનેશરીફનુ વાક્ય ટાંકીને કહે છે કે "ખુદાની, પયગબરની, અને તમારામાથી જ હુકમ કરનાર જે રાજા હોય તેની તાબેદારી કરો" રાજાનુ મહત્ત્વ

કેટલું હોય તે સમજાય એવું છે એવું બીજા ધર્મ પાળનારાઓમાં પણ એ જમાનામા હતું જ. હિંદુ પ્રશસ્તિઓ અને કાવ્યોમાં રાજાઓનાં વખાણથી એ સમજાશે યુરોપમાં મધ્યયુગમાં "રાજાના ઈશ્વરી હક" "Divine Rights of Kings"ની રૂઢ ભાવના ક્યાં અજાણી હતી? રાજા ઈશ્વરનો અંશ છે એ આપણી ભાવના પણ ક્યાં અજાણી છે? એટલે આજના ઇતિહાસલેખનના સિદ્ધાંતો પ્રચારમાં આવ્યા પહેલા રાજાઓનાં વર્ણનોને ઇતિહાસમાં ગણવામાં આવતાં હતાં; લોકસ્થિતિનું વર્ણન એ જ ખરો સાંસ્કૃતિક ઇતિહાસ એ ભાવના ખાસ હતી નહિ. એ ભાવના આધુનિક છે, એટલે જૂના ઇતિહાસોને એ પારાશીશીથી તપાસવા એ ખરું છે, પણ એમનુ મૂલ્યાંકન કરવામાં એ જમાનો પણ જોવો જોઈએ.

સાંસ્કૃતિક દૃષ્ટિએ સિકંદરીનું મહત્ત્વ

આ દૃષ્ટિએ મિરાતે સિકંદરી અને અહમદી તથા ઝફરૂલવાલીહના ઇતિહાસગ્રંથોમાં બીજાના પ્રમાણમાં વધારે શુદ્ધ ઇતિહાસ મળી આવશે. એ ગ્રંથોમા લોકસ્થિતિ અને ખાસ કરીને હિંદુઓની સ્થિતિનુ સ્પષ્ટ શબ્દોમાં વર્ણન નથી મળતું એ ખરું છે છતાં પણ એકંદર ખ્યાલ આવે એવુ મળી રહે છે મિરાતે સિકંદરીમાં સાંસ્કૃતિક દૃષ્ટિએ લોકસ્થિતિ અને રિવાજોની સારી વિગતો પણ મળી રહે છે. લેખકે ગૂજરાતના વિશ્વાસપાત્ર લોકો પાસેથી સાભળ્યુ છે એમ કહી કેટલીક વિગતો લખી છે કેટલાક બનાવોની જૂના ઇતિહાસોની નોંધ ઉપરાત એ પ્રમાણે લખી "ખરુ ખોટું પરવરદિગાર જાણે" એમ કહી તુલના વાંચનારા ઉપર છોડી દીધી છે. સાંસ્કૃતિક દૃષ્ટિએ ગૂજરાતની એ સમયની પરિસ્થિતિનો નિર્દેશ યથાસ્થાને લખાણ તેમજ નોધમા કરેલો હોવાથી મિરાતના ગુણદોષની વિગતમા અહીં નહિ ઊતરીએ લેખક બુખારી સૈયદોનો શ્રદ્ધાળુ ભક્ત હોવાથી એમનાં ખૂબ વખાણ કરે છે એ ખરું છે, પણ સુલતાનોના દુર્ગુણો એમની

દેવો અને નશાના વર્ણન એવી સ્પષ્ટ ભાષામાં કર્યાં છે કે લેખક ઉપર ખુશામતનો આક્ષેપ થઈ શકે તેમ નથી અને પ્રો. ઠાકોરે મુસલમાન તવારીખ લેખનનું જે વર્ણન કર્યું છે તેમાં મિરાતે સિકંદરીનો મોટો ભાગ નથી આવતો એમ અહીં નોંધવાની જરૂર છે. લેખકે જે વિચારો ઇતિહાસલેખન માટે જણાવ્યા છે તે ઉપર નોંધ્યા છે. એવી ભાવનાવાળો લેખક ખુશામત કરે એમ કહેતા પહેલાં વિચાર કરવો પડે. લેખક ચુસ્ત મુસલમાન છે એવું કોઈ કોઈ જગ્યાએ દેખાય છે[12] પરંતુ શ્રી ઠાકોર કહે છે એવો આરોપ આ લેખક ઉપર કરતાં પહેલાં નીચેની વાત ધ્યાનમાં લેવા જેવી છે.

મિરાતે સિકંદરીના લેખકે મુસલમાન ઓલિયાઓના વર્ણનો તથા સારાં બોધવાક્યો વગેરેનો 'નિમ્હુલ આરીફ' નામે એક ગ્રંથ લખ્યો છે. એમાં હિંદી ભાષાઓમાં પણ એમણે બંધ બેસે અને ઉત્તમ જણાય એવાં વચનના તરજુમા પણ કર્યાં છે. હિંદુઓની ભાવનાનો એક નોંધપાત્ર ઉલ્લેખ પણ એમાં જોવામાં આવ્યો છે. હિંદુઓના ઇતિહાસમાં રામ માટે લખ્યું છે એમ કહી ભગવાન રામચંદ્ર માટે રાવણ અને કુંભકર્ણનો સંવાદ લેખકે નોંધ્યો છે. સીતાજી અશોકવાડીમાં નજરકેદમાં છે. કુંભકર્ણ રાવણને કહે છે કે 'તમે બળવાન છો તો સીતાને બળથી કેમ વશ કરતા નથી?' એના જવાબમાં રાવણ કહે છે કે 'સીતાજીના પતિવ્રતની જ્વાળાનો મને ડર લાગે છે એટલે એ [illegible] પાડે નહિ.' આના જવાબમાં કુંભકર્ણ કહે છે કે 'તમે માયાવી છો. તમે રામનું સ્વરૂપ લઈને સીતાની સંમતિ મેળવી શકો છો.' આના ઉત્તરમાં રાવણ કહે છે કે "એમ કરવામાં મોટી મુશ્કેલી એ છે કે જ્યારે હું રામનું સ્વરૂપ ધારણ કરું છું ત્યારે મારામાંથી પાપબુદ્ધિ જતી રહે છે." આનાથી સાડા ત્રણસો વર્ષ પહેલાંના

---

૧૨ [illegible] કૉલેજના ફારસીના પ્રોફેસર શ્રી ઝેડ. એ. દેસાઈએ મિરાતે સિકંદરી ઉપર એક અભ્યાસપૂર્ણ લેખ લખ્યો છે તે નોંધપાત્ર છે.

મુસલમાન લેખકમા ભગવાન રામચંદ્ર માટેની હિંદુઓની ભાવનાની કેવી અસર છે? મુસ્લિમ ધાર્મિક સાહિત્યમાંથી પવિત્ર વાતો લખવામાં લેખક હિંદુઓની પવિત્ર વાતની નોંધ લેતા ભૂલ્યો નથી! પ્રો. ઠાકોર કહે છે કે આજના એક સમજુ વિદ્વાન અને રાષ્ટ્રવાદી મુસલમાન ભાઈએ અલીગઢ યુનિવર્સિટીમા વિદ્યાર્થીઓને ચારિત્ર્ય વૃદ્ધિ માટે રામાયણ મહાભારત જેવા પવિત્ર ગ્રંથો વાચવાની ભલામણ કરી હતી. એવુ ઘણા મુસલમાન લેખકોનુ દૃષ્ટિબિંદુ નથી, પરંતુ મધ્યયુગના આ મુસ્લિમ લેખકની ભાવનાને પ્રો. ઠાકોર કહે છે તેવો દોષ લગાડી શકાશે? ગૂજરાતને લગતા મુસલમાન ઇતિહાસોના મૂલ્યાંકનમા આ દૃષ્ટિથી જોવાની ખાસ જરૂર છે[૧૩]

હાજી દબીરનો અરબી ઇતિહાસ

હાજી દબીરનો ગૂજરાતનો અરબી ઇતિહાસ ઝફરૂલવાલીહ બ મુઝફ્ફર વ આલીહ લગભગ સિકંદરીનો સમકાલીન ઇતિહાસ છે અને એમાં પણ ગૂજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમા કામ આવે એવી ઘણી હકીકતો મળી આવે છે. એનો લેખક પણ પ્રો ઠાકોર ગણાવે છે એવા દોષોથી ઘણે અંશે મુક્ત છે. એમા સુલતાન બહાદુરશાહના અવસાન સુધીનું વર્ણન બીજા ગ્રંથો ઉપરાત હુસમખાનની તારીખે બહાદૂરશાહી ઉપરથી લખ્યાનુ લેખક કબૂલ કરે છે એ પોતાનો ઇતિહાસ, એ પછીનુ વર્ણન પૂરું કરે છે એમ લખીને, ગૂજરાત સલ્તનત ઉપરાત હિંદનો ઇતિહાસ, બીજા ભાગમા આપવાનો પ્રયત્ન કરે છે. આ લેખક

૧૩. પ્રો. ઠાકોરના ઉપર્યુક્ત ભાષણ ઉપરની નોંધ ન. ૧૧ તે લખે છે કે સુરતના સિવિલિયન અબ્દુલ્લાભાઈ યુસુફઅલીએ અલીગઢ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને બોધરૂપે કહેલું કે 'ઇસ્લામ વિશે તો તમે બધું ભણશો જ, પણ રામાયણ મહાભારત એટલી જ નિષ્ઠાથી ભણવાની મારી ભલામણ છે. એમાં રામચંદ્ર, સીતા, યુધિષ્ઠિર અને દ્રૌપદી, ભીષ્મ અને કુંતીનાં જે ઉમદા ચારિત્ર્ય નિરૂપેલાં છે તેનો જોટો આખી દુનિયાના સાહિત્યમાં પણ ભાગ્યેજ મળી આવે.'

ગૂજરાતના સુલતાનોની પડતીના સમયમા અમીરોનુ જોર વધતુ જાય છે ત્યારે હબસી ઉમરાવોની નોકરીમા રહીને ચડેલો હોવાથી સલ્તનત ના પાછલા ભાગનુ વર્ણન બહુ ઝીણવટથી આપે છે, અને ગૂજરાતના મુસલમાન અમીરોની વિગતો એના જેવી બીજા કોઈએ આપી નથી ગૂજરાતના સ્થળોના એ સમયના નામ અને બીજી ઘણી ઉપયોગી વિગતો પણ એ ગ્રથમા આપેલી છે પરતુ કમનસીબે આવા ઉપયોગી ગ્રથનુ ભાષાતર હજી થયુ નથી એટલે એને માટે લખવાનો લાભ અહી લઈ શકાતો નથી ૧૪

અલી મુહમ્મદખાનની મિરાતે અહમદી

મિરાતે અહમદી મુઘલાઈના અત પછી મરાઠા સમયમા લખાયેલી છે, પણ ઉપર જણાવ્યા એ ગ્રથોમાથી ટૂકામા ગૂજરાતનો સળગ ઇતિહાસ એના લેખકે આપ્યો છે આ ગ્રથનુ મૂલ્યાકન કરવા માટે એક સ્વતત્ર પ્રકરણની જરૂર પડે, એટલે અહી માત્ર એની અગત્યની ટૂકી નોધ જ લઈશું હિદુસ્તાનના મુસ્લિમ સમયના, મુસલમાન તથા હિદુઓને હાથે લખાયેલા ઇતિહાસોમાં અહમદી એક અગત્યનો અને અનોખો ગ્રથ છે કોઈ પણ પ્રાત માટે તો એવો ગ્રથ જોવામા આવ્યો નથી લેખક પોતે બાદશાહી દીવાન હતો રાજ્યનાં દફતરો અને ચોપડા એના હાથમા હતા બાહોશ કાયસ્થ લેખક-કારભારીનો એને સાથ હતો મરાઠા સમયમા લખાયેલો હોવાથી એને કોઈ સત્તાની શરમ અડે તેમ નહોતું એટલે મુઘલાઈના સૂબાઓના વર્ણન તો એણે ઝીણવટથી આપ્યાં છે, પણ એ સમયની દેશની આવકજાવક અને આર્થિક સ્થિતિનો ખ્યાલ આવે એવી બધી વિગત દફતરોમાથી ભેગી કરીને આપી છે પોતે મોટા હોદ્દા ઉપર હોવાથી બાદશાહી ફરમાનો એના હાથમા આવેલા હોઈ એમાંથી પણ ઉપયોગી

૧૪ સર ડેનિસન રૉસે ત્રણ વિભાગમા મૂળ ગ્રથ સપાદન કરી એમા અભ્યાસપૂર્ણ ભૂમિકા ઉપોદ્ઘાત અને ખૂબ વિગતવાર અનુક્રમણિકા આપેલા છે

and supplement the Dastur from a later work, which is unique of its kind in Indo–Persian literature. I mean the Mirat-.-Ahmadi, the History of Gujarat written in 1748 by Ali Muhammd Khan the Diwan of the Province." એ પછી ફરમાનોની નકલો વગેરે ઉપરથી સત્ય હકીકત એમાં આપી છે તે આધારભૂત છે એમ કહીને છેવટે લખે છે કે: A comparison with the versions of a few of these farmans given in other works proves the honesty and industry of Ali-Muhammed Khan.[૧૬]

આ પ્રમાણે ગૂજરાતનાં ઇતિહાસ–સાધનો માત્ર રાજાઓની ખુશામત નથી પણ ઉપરના ત્રણ ગ્રંથો સાંસ્કૃતિક ઇતિહાસ પણ આપે છે. મિરાતે અહમદી તો, સર જદુનાથ કહે છે તેમ, હિંદના ફારસી ઇતિહાસગ્રંથો અને સાહિત્યમાં ઊંચુ અને અનોખું સ્થાન લઈ શકે તેમ છે પ્રો. કોમિસારીયેટની કડક ટીકા સિકંદરી, ઝફરૂલવાલીહ, અને અહમદીને તો ઘણે અંશે લગાડી શકાય એમ નથી. એ ત્રણમાં જે ગ્રંથ વધારે જૂનો છે તેમાં એ જમાનાની શૈલીની અને વાતાવરણની અસર જણાય એ સ્વાભાવિક છે. પોર્ચુગીઝ લોકોએ એ સમયમાં જે ઇતિહાસ સામગ્રી આપી છે તેની સાથે સરખામણી કરવાથી સત્ય સમજાય તેવું છે.

ગૂજરાતને લગતા સામાન્ય ઉલ્લેખો તો ઘણા ફારસી–અરબી ગ્રંથોમા છે એની વિગતની અહીં જરૂર નથી ઇલિયટ અને ડાઉસને જે જે ફારસી ગ્રંથોના સાર આપ્યા છે એમાંથી એવા ઉલ્લેખો મળે તેમ છે. સંશોધન થાય તો બીજું પણ ઘણું જડે તેમ છે.

૧૬. જદુનાથ સરકારે Mughal Administration ગ્રંથમાં પ્રકરણ ૧૪ મા આનું વર્ણન કરેલુ છે. એમાં પૃ. ૨૬૧ માં અહમદી માટે લખ્યું છે. ૨૫૭–૫૮ માં હબલ્યુ કુકનો આંકડા બાબતનો મત સર જદુનાથ કરતાં આપણા અહીં લખેલા મતનું સમર્થન કરે છે.

દીવાન રણછોડજીની 'તારીખે સોરઠ' આધુનિક ગણાય, એના વર્ણનમાં અહીં ઊતરવાની જરૂર નથી

હિંદના સળંગ ઇતિહાસો અને તબકાતે અકબરી

હવે હિંદના બધા પ્રાંતોના જે ઇતિહાસો ફારસી ભાષામાં લખાય છે તેમાં કેટલાકમાં ગૂજરાત સલ્તનતનો સળંગ ઇતિહાસ મળે છે એમાં મુખ્ય (૧) તબકાતે અકબરી, (૨) તારીખે ફિરિશ્તા (૩) અને તારીખે અલ્ફી છે એમાં ફિરિશ્તામાં વિગત લંબાણથી આપેલી છે, અને આપણા આ સમયના ઇતિહાસ માટે ઘણા લેખકો એનો છૂટથી ઉપયોગ કરે છે પરંતુ એ ગ્રંથ પણ સિકંદરી અને હાજી દબીરના અરબી ઇતિહાસનો સમકાલીન છે સામગ્રી ભેગી કરી વિવેકથી મૂકવામાં પહેલા ગ્રંથ જેટલી સિદ્ધિ એનો લેખક મેળવી શક્યો નથી અને માત્ર વિગત ભરીને લંબાણ કર્યું છે લેખક ગૂજરાતનો અજાણ્યો છે એ બીજી મુશ્કેલી એને નડી છે એટલે માત્ર એના સમયના મુસલમાન આધારગ્રંથો ઉપર જ એને આધાર રાખવો પડ્યો છે સિકંદરીનો લેખક પોતે ગૂજરાતી છે અને હાજી દબીર મક્કામાં જન્મેલો છતાં એનો બાપ પાટણનો હતો તથા એણે જિંદગીનાં ઘણાં વર્ષ ગૂજરાતમાં કાઢ્યાં હતાં એટલે એ બે ગ્રંથોની મહત્તા સૌથી વધારે છે હિંદના સળંગ ઇતિહાસમાં સૌથી મહત્ત્વનું સ્થાન તબકાતે અકબરીનું છે એનો કર્તા ખ્વાજા નિઝામુદ્દીન અહમદ અકબરના સમયમાં ગૂજરાત પ્રાંતના સૂબાનો બક્ષી હતો મુઘલ અમલમાં બક્ષીની જગ્યાનું મહત્ત્વ ઘણું હતું બક્ષીગીરી કરવાને લીધે એનામાં બનાવોની નોંધ કરવાની પદ્ધતિ ઇતિહાસકારને શોભે એવી હતી ઘણા બનાવોની નોંધ એણે રાગદ્વેષ વગર લીધેલી છે એણે પોતે છેલ્લા સુલતાન મુઝફ્ફરશાહ ત્રીજાની અકબર સામેની લાંબી લડાઈઓમાં ભાગ લીધેલો છે ગૂજરાતમાં એ ખૂબ ફરેલો છે અને સૌરાષ્ટ્રથી પણ અજાણ્યો નથી એમને હિંદના બધા પ્રાંતોના ઇતિહાસ સાથે મુઘલાઈનો ઇતિહાસ આપતા ગ્રંથોમાં મને તબકાતે

અકબરીનું મહત્ત્વ વધારે લાગે છે. એ વિદ્વાન પણ હતો અકબરના સમયના બદૌની જેવા ઇતિહાસલેખકે તબકાતના લેખકનું મહત્ત્વ પિછાણેલું છે આમ છતાં પણ બદૌનીનો હિંદુઓ તરફનો તિરસ્કાર એની મનતુખબુત્તવારીખમાં જેમ પાનેપાને દેખાય છે એવું કાંઈ તબકાતમા દેખાતું નથી. તબકાતના અકબર બાદશાહને લગતા ભાગનો તરજૂમો ઇલિયટના ગ્રંથમા થયેલો છે પરંતુ એ આખાયે ગ્રંથનો ઉત્તમ તરજૂમો શ્રી બ્રિજેન્દ્રનાથ દેએ વિસ્તૃત નોંધ સાથે કર્યો છે અને પ્રો. બેનીપ્રસાદ જેવા વિદ્વાને એમા સહાય કરી છે એટલે ઉત્તમ ગણી શકાય. નોંધમાં શ્રી. દેએ ગૂજરાતનાં સ્થળો વગેરેને લગતી કેટલીક ભૂલો કરી છે તે તો પરપ્રાતીને માટે સ્વાભાવિક ગણાય એવી છે.

ઉપર જોયું તેમ ગૂજરાતને લગતા ઉલ્લેખો ઘણા ફારસી અરબી ગ્રંથમાં છે. અહીં જે મુખ્ય ગ્રથો છે તેની જ નોંધ લીધી છે અને ગૂજરાત સલ્તનતના તથા મુઘલાઈના સાંસ્કૃતિક ઇતિહાસ માટે મહત્ત્વના ગણી શકાય એવા ગ્રંથોની જ ચર્ચા કરી છે. એ ઉપરથી એટલું સમજાશે કે ગમે તે સત્તા કે સમયનો ઇતિહાસ એ સમયના વાતાવરણથી રંગાયેલો તો હોવાનો જ; પરંતુ મુસલમાન સમયના ગૂજરાતને લગતા ઇતિહાસ પ્રમાણમાં ઇતિહાસ નામને લાયક કહી શકાય એવા છે, અને હિંદભરના એ જાનના સાહિત્યમાં વધારે મહત્ત્વના અને અજોડ કહેવાય એવા છે એના કારણોની બીજી ચર્ચા સામાજિક પ્રકરણોમાં થશે. પ્રો. ઠાકોર કહે છે તેમ મુસલમાન સત્તા એક મોટી લશ્કરી છાવણી જેવી હતી. થોડે ઘણે અંશે શરૂઆતથી મુઘલાઈના અંત સુધી એમાં મોટો ફેર પડ્યો નથી, છતા પ્રાંતે પ્રાંતે કાંઈક ફેર દેખાય છે. ગૂજરાતમા રાજસત્તાની સાથે બીજા એવાં બળો હતાં કે જેની સામે રાજસત્તાને નરમ થવું જ પડે એ ચર્ચા પણ યથાસ્થાને કરીશું

■

પરિશિષ્ટ આ

અમદાવાદની સ્થાપનાની કુંડળી

અમદાવાદની સ્થાપના સમયે આકાશના ગ્રહોની સ્થિતિ કેવી હતી અને ફલજ્યોતિષ પ્રમાણે એનો ફલાદેશ કેવો હોય એ માટે કેટલાક જોશીઓએ લખેલું છે અમદાવાદના ઇતિહાસગ્રંથમાં મે પણ એ બાબત એક પરિશિષ્ટમાં ચર્ચા કરી છે એ પછી એમાં વધારે સંશોધન થયું છે અને ચાલુ કુંડળીઓમાં પણ ફેર દેખાયો છે એની વિગતવાર ચર્ચા કરી ફલજ્યોતિષ પ્રમાણે અમદાવાદના ઇતિહાસમાં બનેલા બનાવો સરખાવીને લખતા ઘણું જ લખાણ થાય તેમ છે, અને આ ઇતિહાસને લગતા ગ્રંથમાં એની વિસ્તૃત ચર્ચાને સ્થાન ન જ હોય તવારીખમાં ખાસ કરીને મિરાતે અહમદીમાં આ વિષયને સ્થાન આપ્યું છે, એટલે આજથી બસો વર્ષ પહેલાં આ શહેરની કુંડળી પ્રચારમાં હતી એટલું માનવું પડે આ કારણથી અહીં એની ટૂંકમાં ચર્ચા કરવાની જરૂર છે

સ્થાપનાના વર્ષ અને સમયના મતભેદ

અમદાવાદની સ્થાપનાના વર્ષ માટે જ તવારીખગ્રંથોમાં મતભેદ છે સર્વથી પ્રાચીન ગણી શકાય એવી નોંધ તારીખે અહમદશાહીના 'ઇતિહાસકાર હુલ્વી શીરાઝી–એ લીધી છે એ ઉપરથી બીજા તવારીખકારોએ લીધી છે આજે જે તવારીખો ઉપલબ્ધ છે એ બધી ગૂજરાત સલ્તનતના અંત ભાગમાં અને મુઘલાઈની શરૂઆતમાં લખાયેલી છે, એટલે અમદાવાદની સ્થાપના પછી આશરે બસો વર્ષે લખાયેલી છે એમાં અબ્જદ પદ્ધતિ પ્રમાણે જુદા જુદા શબ્દો ઉપરથી સ્થાપનાનું વર્ષ ઉપજાવતા ખૂબ ગોટાળો થયો છે અને તવારીખો એકમત થઈ શકી નથી તારીખે અહમદશાહીએ તો હિજરી સન ૮૧૩ નો જિલકાદ

ગૂ ૨૬

મહિનો સ્પષ્ટ રીતે આપેલો છે એટલે બીજી તવારીખોએ આ ઉપરાંત જે વર્ષો લખ્યાં છે તે ઉપરથી એમના સમયમાં પણ વર્ષ માટે મતભેદ હશે, અગર તો ખાતમુહૂર્ત, વાસ્તુમુહૂર્ત વગેરેના અંતરને લીધે વર્ષ જુદા આવતા હશે તે કહેવું આજે મુશ્કેલ છે. અહમદશાહે પાટણથી આવી અમદાવાદ વસાવ્યું એ સમયનુ વર્ણન અને અહમદશાહીએ આપેલી હિ સ. ૮૧૩ નું વર્ષ વગેરે વિગતોનો વિચાર કરતા હિજરી ૮૧૩ ના જિલકાદ માસની ત્રીજી તારીખે અમદાવાદની સ્થાપના થઈ એમાં હવે શંકા કરવા જેવું નથી હિંદુ આધાર તરીકે શત્રુંજયતીર્થોદ્ધારપ્રબંધ એ સ્થાપના પછી ૧૨૦ વર્ષે લખાયો છે એનો કર્તા અમદાવાદી હતો, એટલે એનો ઉલ્લેખ સિકંદરી વગેરે બસો વર્ષ પછી લખાયેલા ઇતિહાસો કરતાં વધારે નજીક ગણી શકાય. એમાં વિ. સ. ૧૪૬૮ નુ વર્ષ આપેલું છે. એ રીતે પણ હુસ્ની શીરાઝીના વર્ષને ટેકો મળે છે [1]

શ્રી હરિહરભાઈએ કાઢેલી ખરી કુંડળી

આમ છતાં સ્થાપનાના મુહૂર્તની કુંડળી માટે તો ખૂબ જ મતભેદ પ્રવર્તે છે. મિરાતે અહમદીએ જે કુંડળી આપી છે તેનો સ્વીકાર આજ સુધી બધાએ કરેલો છે. એ કુંડળી ખરી છે કે ખોટી તે જોવાનો પ્રયત્ન થયો નથી હમણા ભારતીય જ્યોતિષના અગ્રગણ્ય વિદ્વાન અને ગણિતશાસ્ત્રી શ્રી. હરિહર ભટ્ટે સ્થાપનાનાં વર્ષ અને તારીખ, જે ઉપર નક્કી થયાં તે મુજબ અમદાવાદની સાયન કુંડળી

૧. અમદાવાદના ઇતિહાસના ગ્રંથના પરિશિષ્ટમાં તથા સ્થાપનાના ખાસ પ્રકરણમાં આ ચર્ચા કરી છે. મિરાતે અહમદીમાં હિ. સ. ૮૧૩ આપવા છતાં વિ. સં. ૧૪૪૯ આપે છે તે નવાઈ જેવું છે 'સિકંદરીની જુદી જુદી પ્રતોમાં પણ વર્ષમાં ફેર છે. એના નવાબઅલી અને સીડાનના અંગ્રેજી ભાષાંતરમાં વડોદરાના શ્રી. આપ્ટેએ પણ આ સવત કાંઈ પણ વિચાર કર્યા વિના લીધો લાગે છે. અહમદીની ખોટી કુંડળીને સુધારવા આજ સુધી પ્રયત્ન થયો હોય એમ લાગતુ નથી.

ઉપજાવી છે,[૨] અને એ પ્રમાણે ગણવી જ પડે એ આયર્ન-કુંડળી ઉપરથી નિરયન ગ્રહો મૂકતાં આજ સુધી મનાતી કુંડળીઓમાં મોટો ફેર આવે છે. ફલજ્યોતિષની સામાન્ય માન્યતા પ્રમાણે તો મીનના સૂર્યમાં થયેલી સ્થાપના કોઈ કબૂલ ન કરે. મીનાર્ક છે માટે નહિ, પરંતુ રાજધાનીની સ્થાપનામાં સૂર્ય રાજગ્રહ હોવાથી મુખ્ય છે અને એ બળવાન હોય એવો જ સમય સામાન્ય રીતે પસંદ થાય. માણસનો જન્મ એ માણસના હાથની વાત નથી, પરંતુ નવી સ્થાપના કરવી એ તો માણસના હાથની વાત છે, એટલે ફલજ્યોતિષના સિદ્ધાન્તો પ્રમાણે ઉત્તમ ગ્રહોની સ્થિતિ શોધી કાઢીને જ મુહૂર્ત કઢાવવામાં આવે. એ રીતે જોતાં અમદાવાદની સ્થાપનાની આ નવી કુંડળી ભારતના પ્રાચીન ફલજ્યોતિષની માન્યતાઓ પ્રમાણે ઉત્તમ સમયની હોય એમ જણાતું નથી. આમ છતાં તારીખે અહમદશાહીનો કર્તા હુલ્વી શીરાઝી સ્પષ્ટ લખે છે કે આકાશનું ગણિત જાણનારા અને અગમગતિના જાણનારાઓને બોલાવી શહેરસ્થાપનાનો સમય બાદશાહે કઢાવ્યો હતો. આમ હોય તો, અને હિ. સ. ૮૧૩ના જિલકાદની ૩જી—૨૬ ફેબ્રુઆરી ૧૪૧૧—ગુરુવાર ફાગણ સુદ ૩ની પસંદગી કયા સિદ્ધાંત પ્રમાણે થઈ? એમાં હિંદુ મતના જ્યોતિષીઓએ, કે મુસલમાન નજૂમીઓએ, કે પછી અગમનિગમ જાણનાર સત્પુરુષોએ ભાગ ભજવેલો એ નક્કી કરવું મુશ્કેલ છે.[૩] શ્રી હરિહરભાઈએ કાઢેલી

૨ શ્રી હરિહરભાઈ પ્રમાણે ૨૬ ફેબ્રુઆરી ૧૪૧૧ હિ. સન ૮૧૩ જિલકાદ ૨ ગુરુવાર ગ. ૧૪૬૭–શક ૧૩૩૨ ઇષ્ટ ઘડી ૧૫-૩૫ના સમયની સાયન કુંડળી કર્કલગ્ન-૨૦, સૂર્ય મીન ૧૭–૧૩ ચંદ્ર મેષ ૨૪ મંગળ મીન ૯ બુધ મીન ૭ ગુરુ કન્યા ૭ શુક્ર વૃષભ ૧, શનિ વૃષભ ૭, રાહુ મીન ૨૩ હર્ષલ કુંભ ૭, નેપ્ચ્યુન મિથુન-૨૯ પ્લૂટો મિથુન ૧૬, સાયન રામભાવ મીન ૨૧°–એ સમયે અયનાંશ ૧૫–૪૦–(જ્યોતિર્દર્શન–૧૯૫૦ દિવાળીના અંકમાં શ્રી દિનકર વિ. ફણસે બી. કોમ.નો અમદાવાદ માટેનો લેખ)

૩ શ્રી ફણસે એમના લેખમાં ગણિતની ચર્ચા કરતાં લખે છે કે અહમદી વગેરેમાં આપેલી કુંડળીઓમાં જે ગ્રહોની સ્થિતિ છે તે આસપાસના એકસો

કુંડળી ઉપરથી આ ગૂંચવણ વધે છે. પરંતુ શુદ્ધ જ્યોતિશાસ્ત્ર પ્રમાણે એ કુંડળી ખરી હોવાથી, આજ સુધીની કુંડળાઓને બાજૂએ રાખીને એ પ્રમાણે ફલાદેશ કેટલો બંધ બેસે છે, અમદાવાદના ઇતિહાસમાં બનેલા અગત્યના બનાવો સાથે જ્યોતિષના સિદ્ધાંતોનો મેળ બેસે છે કે નહિ એ જોવાનુ રહે છે. પરંતુ એની ચર્ચા ખૂબ લાંબી થઈ જવાના ભયથી અહીં માત્ર બહુ જ ટૂંકામાં ખાસ મુદ્દા જોઈશું.

ફલજ્યોતિષ શું છે?

આ વિષય ઉપર લખતાં પહેલાં ફલજ્યોતિષ માટે થોડુક કહેવાની જરૂર છે. ફલજ્યોતિષમા આપણામાં પણ અનેક પદ્ધતિ પ્રચારમાં છે અને એક જ પદ્ધતિ પ્રમાણે બધુ ખરું ભવિષ્ય કદી જોવામાં આવતુ નથી. પશ્ચિમની પદ્ધતિથી જોવાનો પ્રચાર પણ હાલમાં વધતો ગયો છે. એમાં પણ એ જ સ્થિતિ છે. દરેક પદ્ધતિના પક્ષકારો પોતાની રીતે ભૂતકાળમાં બનેલા પ્રસંગો બંધ બેસાડી પછી ભવિષ્ય કહેવા પ્રયત્ન કરે છે. એમાં ભવિષ્યકથન કોઈવાર ખરું ને કોઈવાર ખોટું પણ પડે છે. મનુષ્યસ્વભાવ એવો છે કે બધ બેસાડીને કહેલા ભૂતકાલથી અંજાઈને ભવિષ્યમા શ્રદ્ધા સેવે છે, અને ભવિષ્યકથનમાં કાંઈ ખરું પડ્યું હોય તે ધ્યાનમાં લઈ જાહેરાત કરે છે જયારે ખોટું પડેલું ભાગ્યે જ ધ્યાનમાં લે છે. અમદાવાદની કુંડળાઓ ઉપરથી બંધ બેસાડેલા ભૂતકાલના બનાવો અને ભવિષ્યકથનોની[૪] પણ એ જ દશા થઈ છે. ફલજ્યોતિષશાસ્ત્રનો જે ઇતિહાસ મળે છે તે જોતાં એની મૂળ રચના અબાધિત અનુભવ uncontradicted experience ઉપરથી થઈ હોય એમ જણાય છે, એટલે એ અનુભવ જ્યાં અને જ્યારે બાધિત થાય ત્યાં કથન ખોટું પડવાનો સંભવ છે. આપણા પ્રાચીન

વર્ષનું ગણિત તપાસતાં મળતી નથી. એટલે એ કુડળીઓ ખોટી છે એ તો સિદ્ધ થાય છે. અહમદીના લખાણ ઉપરથી મુસલમાન નજુમીઓ અને અગમ-નિગમ જાણનાર સત પુરુષોએ મુહૂર્ત કાઢ્યું હોય એમ મને તો જણાય છે.

૪. ઉપર્યુક્ત શ્રી. કૃણસેનો લેખ વાંચતાં એ સત્ય સમજી શકાશે.

મતના મહાન જ્યોતિષાચાર્ય વરાહમિહિર[૫] એ માટે જન્મ સમયના ગ્રહોની સ્થિતિ (કુંડળી)ને પૂર્વજન્મના કર્મનો નકશો કહી એ કુંડળી ઉપરથી જોવાતા ભવિષ્યને વ્યંજના–Indication કહે છે તે તદ્દન ખરું લાગે છે અને જેટને અંશે ફલજ્યોતિષ ખરું દેખાતું હોય તેટલે અંશે એ વ્યંજના–indication માત્ર જ છે એમ માનવાને વાંધો નથી આ વિષય ખૂબ ચર્ચાવાળો હોવાથી અહીં વધારે વિસ્તારને સ્થાન નથી પરંતુ માણસના જન્મને માટે જો આ મત હોય તો સ્થળ કે શહેરના જન્મને માટે શું માનવું ? એમાં સ્થળનો જન્મ કુદરતને ખ ને માણસના પોતાના હાથની વાત છે એ મહત્ત્વની બિના છે

ફલજ્યોતિષમાં ભવિષ્યકથન

ભવિષ્યકથન માટે ફલજ્યોતિષમાં આપણામાં દશાઓની ભિન્ન ભિન્ન રીતો છે તેમજ ગોચરની રીત પણ છે પશ્ચિમના જ્યોતિષમાં નવા જડેલા હર્ષલ આદિ ગ્રહોને મેળવીને દૃષ્ટિના યોગથી ગોચર પ્રમાણે જોવાય છે એમાં કેટલાક સાયન ગણતરી ગ્રહણ કર છે આપણા પ્રાચીન મતમાં ઘણા નવા ગ્રહોને લેતા નથી ઘણા ભિન્ન મતોમાં પારાશરનો મત ઘણે ભાગે ભારતના મોટા ભાગમાં માન્ય છે માત્ર ગૂજરાતમાં એનો પ્રચાર નહિ જેવો છે એથી દશાઓ પણ બધે વિંશોત્તરી દશા લેવાય છે જ્યારે ગૂજરાતી જોશીઓ અષ્ટોત્તરીને અનુસરે છે અનુભવથી જણાયું છે કે અષ્ટોત્તરી દશા નકામી છે વિંશોત્તરી ઘણીવાર ઠીક પડે છે[૬] દ્રાવિડ

---

૫ વરાહમિહિર જ જન્મસમયના ગ્રહોને વ્યંજયતિ પૂર્વકર્માણિ એમ કહે છે યવનાચાર્યે ફલજ્યોતિષનો ઇતિહાસ આપવા પ્રયત્ન કર્યો છે એ જોતા એ અબાધિત અનુભવ–uncontradicted experience હોય એમ સમજાય છે

૬ ગૂજરાતી જોશીઓ પારાશર મત અને વિંશોત્તરી દશાને કેમ નથી સ્વીકારતા એ નવાઇ જેવું છે અષ્ટોત્તરીના સમર્થનમાં એ જે દલીલો કરે છે તે અર્થહીન છે આ માટે લઘુ પારાશરીનો ગ્રંથ વિવેચન સાથે લખનાર સ્વ. ઉત્તમરામ ઠાકોર–ઓડનોર્ટે યોગ્ય ધ્યાન ખેંચ્યું છે પણ હજી આપણા જોશી ઓનો મોટો ભાગ એ તરફ ધ્યાન આપતો નથી

દેશમાં એક કાલચક્ર નામની દશા છે ને સારી છે છતાં આપણી બાજૂ ભાગ્યેજ કોઈ એને જાણે છે. વળી દ્રાવિડ દેશમાં નક્ષત્રજ્યોતિષ –જેને નાડીજ્યોતિષ કહે છે—તેનો પ્રચાર સૂક્ષ્મ બળાબળ જાણવામાં સારો થાય છે,[૭] બીજાં બળાબળ સ્થૂળ છે. આ નક્ષત્રજ્યોતિષની પદ્ધતિ બીજી પદ્ધતિઓ કરતાં કાંઈક વધારે ચોક્કસાઈવાળી છે એવો અનુભવ છે. એના વિસ્તારની પણ અહીં જરૂર નથી. આટલું લખવાનો અર્થ એ છે કે અમદાવાદની આ નવી કુંડળીને નિરયનમા ફેરવીને નક્ષત્ર જ્યોતિષથી જોતા ભૂતકાળના બનાવો સૌથી વધારે બંધબેસતા આવે છે. પરંતુ ૫૪૦ વર્ષના જ્યોતિષના યોગો સમજાવી ઘટાવતા ખૂબ જ લંબાણ થાય તેમ હોવાથી આ ઇતિહાસના ગ્રંથમા એને સ્થાન આપવું ઉચિત નથી અહીં કુંડળી અને નક્ષત્રો આપ્યાં છે તે ઉપરથી જેને રસ હોય તે જોઈ શકે, એક જુદા લેખમાં થોડા મુખ્ય બનાવો, નક્ષત્રયોગો સમજાવીને બતાવવા મેં પ્રયત્ન કર્યો છે.

નવી કુંડળી અને નક્ષત્રજ્યોતિષ પ્રમાણે અમદાવાદ

આ નવી નિરયન કુંડળીમાં મિથુન લગ્ન આવે છે[૮] મિથુન લગ્ન જો વર્ગોત્તમી ન હોય તો એ ઉત્તમ ગણાતું નથી એવો મારો અંગત અનુભવ છે. નક્ષત્રજ્યોતિષ પ્રમાણે લગ્ન સામાન્ય બળવાળું છે, પણ લગ્નાધિપતિ બળવાળો નથી. કુંડળીમાં શનિ રાહુ અને શુક્ર ખાસ મહત્ત્વના ગ્રહો છે. દેહભુવન (લગ્ન)ના નક્ષત્રજ્યોતિષ પ્રમાણે જીવ અને શરીર ઉપજાવતાં એ બન્ને વચ્ચે સારો મેળ નથી. દેહ ઠીક છે. પણ જીવ બળ વિનાનો છે. આયુષ્યભુવનનાં જીવ-શરીરનો યોગ વધારે સારો છે, એટલે ચડતીપડતી જોયા છતાં ૫૪૦

---

૭. નક્ષત્રજ્યોતિષમાં ગ્રહો ને રાશિઓ ઉપરાંત નક્ષત્રોનું આધિપત્ય પણ આપેલું છે. ભાવનાં જીવ અને શરીર કાઢીને બળ તપાસાય છે. ગ્રહોને ત્રણ ગુણોમાં વહેંચ્યા છે. બીજી ઘણી સૂક્ષ્મ બાબતો પણ એમાં છે.

૮. કુંડળી અને તેને લગતી બીજી વિગતો છેડે આપી છે.

વર્ષથી શહેર આમાં રહ્યું છે અને વિજયનગર, ચાંપાનેર, ફતેહપુર સિક્રી જેવાં શહેરો આબાદ થઈ પછી વેરાન થઈ ગયાં એવું અમદાવાદનું થવાનું નથી, દરેક જાતની મુશ્કેલીમાંથી પાછું ઊભું થઈ પગભર થવાનો યોગ છે આઠ લાખની વસ્તીની એક વાર એંશી હજાર જેટલી ઘટી પાછી આઠ લાખથી પણ વધુ થઈ છે દશાની પદ્ધતિ સ્થળને લગાડતાં ૧૨૦ વર્ષના અને દશાચક્રો ભોગવવાનાં આવે છે[૯] પશ્ચિમની ગોચરપદ્ધતિ પ્રમાણે એથી ટૂંકા સમયમાં એક જ ગ્રહ અનેક વાર ભ્રમણ કરી જાય છે દરેક ગ્રહોના સર્વસામાન્ય ગુણ પ્રમાણે ફળ મળ્યું હોય એવું જોવામાં આવતું નથી, એટલે સ્થળો માટે એક પણ પદ્ધતિ સારી કહી શકાય એવું નથી એ રીતે સ્થળોના ભવિષ્યમાં જ્યોતિષશાસ્ત્રની ન્યૂનતા જ કહેવી પડે

અમદાવાદના જીવનમાં એની સ્થાપના (૧૪૧૧) પછી સુલતાન બહાદુરશાહના અમલ સુધી (૧૫૩૭) એણે સારી જાહોજલાલી જોઈ છે, એના દરવાજા સુધી કદી શત્રુ આવ્યો નથી બહાદુરશાહના અમલના અંત સમયે હુમાયુએ અમદાવાદ જીત્યું, પણ શહેરને નુકસાન ન થાય એની કાળજી એ સહૃદયી બાદશાહે રાખી હતી એ પછી સુલતાનો રહ્યા, પણ અમીરોની સત્તા વધતાં અવ્યવસ્થા વધતી ગઈ અને ૧૫૭૩ માં અકબરે અમદાવાદ જીતી સ્વતંત્ર ગુજરાતના પાટનગરને બદલે મુઘલ પ્રાંતનું વહીવટી પાટનગર બનાવ્યું આ બનાવની પહેલાં અમદાવાદે અરધી સદી સુધી પાટનગરનું નામ ગુમાવ્યું હતું પણ મા શાહી કચેરીના ફેરફાર સિવાય એને બીજી કોઈ હાનિ થઈ નહોતી એ સમય તે સુલતાન મહમૂદ બેગડાએ (૧૪૮૬) ચાંપાનેર જીત્યા પછી રાજધાની ત્યાં ખસેડી હતી એ એ સ્થિતિ બહાદુરશાહના અંત (૧૫૩૭) સુધી રહી વચ્ચે થોડાં વર્ષ મહમૂદ ત્રીજાએ

૯ વિંશોત્તરી દશા પ્રમાણે અમદાવાદ હાલ પાંચમા દશાચક્રમાંથી પસાર થાય છે ગોચરથી જોવાની રીતનો સંબંધ ગ્રહોના અંશ ઉપર આધાર રાખે છે

(૧૫૩૭–૫૪) મહમૂદાબાદ-આજનું મહેમદાવાદ–પોતાનું મુખ્ય રહેઠાણ ફેરવ્યું હતું, પરંતુ અમદાવાદને એથી કાંઇ હાનિ થઈ નહોતી. આ બનાવો દશાચક્ર પ્રમાણે બંધબેસતા આવે છે, આમ જૂનાં પણ આજ સુધીનાં પાંચ દશાચક્રોમાં બીજા ચક્રનો પાછલો અર્ધ ભાગ (૧૭૦૭ થી ૧૭૬૬) અને ત્રીજા ચક્રનો પહેલો અર્ધ ભાગ (૧૭૬૭ થી ૧૮૨૬)-એટલે કે ઔરંગઝેબના મરણ પછીનો બાદશાહી સમયની છેલ્લી અવ્યવસ્થાનો ભાગ અને મરાઠાઓના અમલનો ભાગ—એટલો સમય બીજાં દશાચક્રોમા પ્રમાણમાં સૌથી વધારે ખરાબ કેમ ગયો અને અમદાવાદનાં શરીર અને જીવનને સૌથી વધારે ઘસારો શાથી પહોંચ્યો તેનો ખુલાસો થતો નથી[૧૦] ઇ. સ. ૧૮૮૬ માં ચોથું દશાચક્ર પૂરું થઈ પાંચમું શરૂ થયું. અમદાવાદ મ્યુનિસિપાલિટીની રીતસરની સ્થાપના ૧૮૮૫ માં થઈ. મિલઉદ્યોગ ૧૮૫૯ માં સ્થપાયેલો તે વધતો ગયો. અમદાવાદની વસ્તી આજે આઠ લાખ ઉપરની થઈ અને સમૃદ્ધિ વધી. ગુજરાતી ભાષા બોલનારાઓના પ્રાંતના મોટામાં મોટા શહેર તરીકે આજે આપણે એને ગૂજરાતનું પાટનગર માનીએ છીએ, પરંતુ મુઘલાઈ પછી પાટનગરની ટંકશાળ અને એના ગૌરવની છાપ જતી રહી. મુઘલાઈ પછી ગૂજરાત ભારતનો અણમાનીતો પ્રાંત રહ્યો. બ્રિટિશ અમલમાં કોઈ જાતના સિદ્ધાંત વિનાની વહીવટી પ્રાંતરચના થવાથી ગૂજરાત અને એના મુખ્ય શહેર તરીકે અમદાવાદ અણમાનીતાં જ રહ્યાં, તે આજ સુધી એમ જ છે જે સમૃદ્ધિ વધી છે તે માત્ર લોકોના બુદ્ધિ અને પરિશ્રમથી વધી છે. પાંચમુ દશાચક્ર હજી અરધી સદી સુધી ચાલવાનુ છે એમા શું થાય છે તે જોવાનુ છે

---

૧૦. દશાઓમાં ઘણાખરા બનાવો બંધબેસતા છતાં સ્થળના ભવિષ્યમાં અમુક દશા–અંતરદશા અમુક ચક્રમાં જે જોરદાર ફળ આપે છે તેવું બીજા ચક્રમાં નથી આપતી એ ખામીનું કારણ જડતું નથી. એટલે અંશે એ પદ્ધતિ અપૂર્ણ કહેવાય.

નવી સાયન કુંડળી પ્રમાણે શ્રી ફ્રણુસેના મતની ચર્ચા

ફલજ્યોતિષની એક રીત સ્થળોને લાગુ પાડવા માટે સંપૂર્ણ નથી કે બરોબર બેસતી નથી તેનો એક વિચિત્ર દાખલો નોંધવા જેવો છે ૧૯૫૦ના "જ્યોતિષ રંજન" માસિકના દિવાળીના અંકમાં શ્રી ફ્રણુસેએ શ્રી હરિહરભાઈની સાયન કુંડળી લઈ પોતાને સાયનમાં શ્રદ્ધા હોવાથી તે મુજબ કેટલુંક ફળ લખ્યું છે શ્રી ફ્રણુએ નેપચ્યુનને અમદાવાદ માટે મુખ્ય ગ્રહ ગણીને જે લખે છે તે અસંગત લાગતું નથી તેની વિસ્તૃત ચર્ચા અહીં અસ્થાને છે એ નેપચ્યુનને દયાવાન અને પરોપકારી કહી વળી મુસલમાન વર્ગનો કારક ગણે છે એ એમની માન્યતા હશે, પરંતુ એમણે એના જે ગુણધર્મ અમદાવાદને લાગુ પાડ્યા છે તે અસંગત છે કન્યાનો શનિ પણ આ શહેર માટે મહત્ત્વનો ગણે છે અને તેના બે ત્રણ દાખલા આપ્યા છે શનિ કન્યામાંથી તુલામાં આવ્યો છે, એટલે આ શહેરમાં ગયા બે ત્રણ વર્ષમાં શું મહત્ત્વનું બન્યું છે તે જાણીતું હોવાથી ચર્ચવાની જરૂર નથી ૧૯૫૦માં એમણે ૧૯૫૩નું વર્ષ કપરું જશે એમ લખ્યું છે, તે હમણાં જ પૂરું થયું છે અને કોઈ કપરો બનાવ બન્યો નથી સરકારની દૃષ્ટિએ ટાંકેલા પંચશતાબ્દી મહોત્સવ અને પ્રાચ્ય વિદ્યાપરિષદના આ વર્ષના બનાવો ઊલટા અમદાવાદની ખ્યાતિ વધારનારા બન્યા છે, મિનોએ પણ કમાણી કરી છે

કોઈપણ પદ્ધતિ પૂરેપૂરી લાગુ પડી શકતી નથી

આ ઉપરાંત શ્રી ફ્રણુસે લખે છે કે શહેરની કુંડળીમાં રાશિઓના આધારે મીન મેષ અને વૃષભ આવે છે તેથી શહેરનો પૂર્વ તરફનો ભાગ મિનોને લીધે ધુમાડાવાળો છે અને રોગચાળો એ તરફ આવે વળી આગળ લખે છે કે કન્યારાશિ એલિસબ્રિજ તરફ હોઈ તેમાં ગુરુ છે તેથી એ વિભાગ એશઆરામવાળો અને કોલેજો તથા યુનિવર્સિટીવાળો થયો છે એક ૫૪૦ વર્ષની જિંદગીવાળા શહેરને માટે

જ્યોતિષના આવા ગુણ લાગુ પાડવા એ અર્થ વિનાનું છે મિરો તો છેક ગઈ સદીના પાછલા ભાગમાં થઈ અને આ સદીની શરૂઆતમાં વધી તે પહેલાં અમદાવાદના જીવનમાં એ રાશિઓએ પૂર્વ ભાગમાં અસર ન કરી ? તેથી ઊલટું બાદશાહી સમયમાં છેક ૧૭૫૦ પછી મરાઠાઓના આક્રમણો શરૂ થયાં ત્યા સુધી અમદાવાદનો આ પૂર્વ તરફનો ભાગ જ સમૃદ્ધ પરાંઓવાળો અને બગીચાઓવાળો હતો. તેમાં બાગે શાબાન અને એનુ તળાવ તો પરદેશી મુસાફરોએ વખાણેલુ છે. બીજું એલિસબ્રિજ તરફનો ભાગ એ સમયે ઉજ્જડ અને ખેતરોવાળો જ હતો નદીકાંઠાને અડીને કેટલાંક પરાં હતાં એમા સૌથી સમૃદ્ધ ઉસમાનપુર હતું મીઠાખળી અને માદલપુરને સમાતર લીટી દોરિયે તો એની પાછળ—આજે જ્યા ગૂજરાત કૉલેજ, અને એ પછી બીજી કૉલેજો છે ત્યા કેવળ ખેતરો જ હતાં. તો કન્યા રાશિ અને ગુરુની અસર આ છેલ્લાં પચીસ ત્રીસ વર્ષમાં જ થઈ અને શહેરના જીવનનાં પાચસો વર્ષમા એ ક્યા ગઈ હતી ? આ ઉપરથી જણાશે કે સ્થળોને માટે ફલજ્યોતિષના નિયમો બરોબર લાગુ પડતા નથી અને એકે પદ્ધતિ એ માટે તદ્દન ખરી મનાય તેવી નથી.

અમદાવાદની નિરયન કુંડળી*

અમદાવાદ શહેરના ભદ્રના કિલ્લાનુ મુહૂર્ત હિ. સન ૮૧૩ ના


---


* મિરાતે અહમદીએ આપેલી કુંડળી એનો ફરક જોવા માટે અહીં આપી છે, તે આ પ્રમાણે છે. કુડળી મૂકી લેવી.

લગ્ન કર્ક; સૂર્ય મેષમા. ચદ્ર, લગ્નમાં કર્કમા; મંગળ, સાતમે મકરમાં; બુધ, નવમે–મીનમા; ગુરુ, પાચમે વૃશ્ચિકમાં, શુક્ર, લાભે, વૃષભમા; શનિ, છઠ્ઠે, ધનમા; રાહુ, નવમે, મીનમા; કેતુ ત્રીજે; કન્યામાં, આમા કુડળીની વિચિત્રતા જણાઈ આવશે. શીઘ્ર ગ્રહોમા કોઈ વાર ફેર આવે, પરતુ શનિ અને ગુરુ જેવા મદ ગ્રહોમાં પણ ફેર આવે એ વિચિત્ર ગણાય. આ કુડળીમાં ગુરુ વૃશ્ચિકમાં અને શનિ ધનુષમાં છે, જ્યારે ઉપરની કુડળીમાં સિંહમા અને મેષમાં છે. એક વર્ષે અને અઢી વર્ષે રાશિ બદલતા મદ ગ્રહોમા આટલો બધો ફેર આવે તે કેવુ ? આ કુડળી આજ સુધી મનાઈ અને જોયા વિના બધાએ નોંધી એ પણ આશ્ચર્ય જ છે.

જિલમાં આસની ૩ ૭ (૨ ૭ ?) તારીખે ગુરુવારે વિ સ ૧૪૬૭ (૧૮ ?) ના માગ્ગ સુદિ ૭ શકે ૧૩૩૨, સૂર્યોદય પછી ૪૮ ઘડી ૧૬-પળે ૩૫ સમયે થયું

જન્મ કુંડળી નવમાંશ કુંડળી





નક્ષત્ર ચરણો

ગ્રહ	નક્ષત્ર	ચરણ
સૂર્ય	પૂર્વાષાઢા ૫૦	૮
ચંદ્ર	અશ્વિની	૩
મંગળ	પૂર્વાભાદ્રપદ	૧
બુધ	પૂર્વાષાઢા	૧
ગુરુ	પૂર્વાફાલ્ગુની	૩
શુક્ર	અનુરાધા	૨
શનિ	ભરણી	૧
રાહુ	ઉત્તરાભાદ્રપદ	૪
કેતુ	ઉત્તરાફાલ્ગુની	૪

વિંશોત્તરી મહાદશા

કેતુ મહાદશા વર્ષ-માસ

ભાગ્ય ૨ - ૮

(દશા ભાગમાં દિવસ વગેરે સૂક્ષ્મ ગણિતથી નથી દર્શાવ્યું, કારણ કે એમાં ફળ પણ વાર સરેજ વર્ષ મો.. મોટે છે એનો આચાર્યોને મત છે)

તા ૨૬-૭-૧૪૧૧ થી કેતુની મહાદશા શરૂ થઈ

એટલે શુક્ર નામના પહેલા ૨૦ માંની ૧૧૧ વર્ષ ૮ માસ બેઠતા ।

દશાચક્રો

તા. ૨૬–૨–૧૪૧૧ થી ૨૬–૧૧–૧૫૨૬ સુધી પહેલું દશાચક્ર
તા. ૨૬–૧૧–૧૫૨૬ થી ૨૬–૧૧–૧૬૪૬ સુધી બીજું દશાચક્ર
તા. ૨૬–૧૧–૧૬૪૬ થી ૨૬–૧૧–૧૭૬૬ સુધી ત્રીજું દશાચક્ર
તા. ૨૬–૧૧–૧૭૬૬ થી ૨૬–૧૧–૧૮૮૬ સુધી ચોથું દશાચક્ર
તા. ૨૬–૧૧–૧૮૮૬ થી ૨૬–૧૧–૨૦૦૬ સુધી પાંચમુ દશાચક્ર

દરેક ચક્રની મહાદશા અંતરદશાઓ, બનાવો, સરખાવવાનો જેમને રસ હોય તેમણે ગણી લેવી.

સ્પષ્ટ ગ્રહો–(સાયનમાંથી અયનાંશ બાદ કરતાં–નિરયન)

સૂર્ય.	ચંદ્ર	મંગળ.	બુધ.	ગુરુ.	શુક્ર.	શનિ.	રાહુ	કેતુ.	લગ્ન
૧૧	૦	૧૦	૧૦	૪	૦	૦	૧૧	૫	૨
૧	૮	૨૩	૨૧	૨૧	૧૫	૨૧	૭	૭	૧૬
૩૩	૨૦	૨૦	૨૦	૨૦	૨૦	૨૦	૨૦	૨૦	૨૦